Saurashtra University
Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Jam, Mumtaz S., 2004, "ઓમ્ - એક વૈશ્વિક પ્રતીક : તાત્વિક અભ્યાસ", thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/eprint/306

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

ॐ

# શોધ નિબંધ

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટની વિનયન વિદ્યાશાખાની
પીએચ. ડી. (સંસ્કૃત) ની પદવી માટે પ્રસ્તુત શોધ નિબંધ

# ઓમ્ - એક વૈશ્વિક પ્રતીક : તાત્ત્વિક અભ્યાસ

(A Philosophical Study of 'OM' as a Universal Symbol.)


—: પ્રસ્તુતકર્ત્રી :—

**પ્રા. શ્રીમતિ મુમતાઝ એસ. જામ**

(બી.એ. વીથ ડીસ્ટીંગ્શન,
એમ.એ. વીથ ડીસ્ટીંગ્શન, યુનિ. ફર્સ્ટ)

સંસ્કૃત વિભાગ
શ્રી યોગીજી મહારાજ મહાવિદ્યાલય,
મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ,
ધારી (જિ. અમરેલી)



ઈ. સ. : ૨૦૦૪ / ૦૫



—: માર્ગદર્શક :—

**ડૉ. સી. વી. બાલધા**

પ્રિન્સીપાલ,
શ્રી કે. ઓ. શાહ મ્યૂનિસિપલ આર્ટ્સ – કોમર્સ કોલેજ,
ધોરાજી

# કાનુની ચેતવણી


પ્રસ્તુત શોધ નિબંધમાં છપાયેલાં લખાણનો
કોઈપણ પ્રકારે ઉપયોગ કરતા પહેલાં સંશોધકની
લેખિતમાં પૂર્વ–મંજૂરી મેળવવી આવશ્યક છે.

ન્યાયક્ષેત્ર ધારી રહેશે.



# પ્રખ્યાપન

આથી હું સ્વીકૃત અને પ્રમાણિત કરું છું કે, પ્રસ્તુત શોધ નિબંધરૂપે રજૂ થનારું સંશોધનકાર્ય મેં સંલગ્ન ગ્રંથ–સૂચિમાં નિર્દિષ્ટ સંદર્ભ–ગ્રંથોના આધારે મૌલિક નિષ્કર્ષ તારવીને તૈયાર કર્યું છે. પ્રસ્તુત સંશોધન એ મારો સર્વપ્રથમ અને એકમાત્ર મૌલિક પ્રયાસ છે. આ શોધકાર્યમાં રજૂ થયેલાં મંતવ્યો અને નિષ્કર્ષો માટેની સંપૂર્ણ જવાબદારી મારી પોતાની જ છે.

તા. – –૨૦૦૫

સ્થળ : ધારી

(મુમતાઝ એસ. જામ)

# પ્રમાણપત્ર

આથી હું પ્રમાણિત કરું છું કે,
**પ્રા. મુમતાઝ એસ. જામ**
દ્વારા પ્રસ્તુત થનાર શોધ–નિબંધ
**''ઓમ્ – એક વૈશ્વિક પ્રતીક : તાત્ત્વિક અભ્યાસ''** એ તેમનું મૌલિક અને સ્વતંત્ર સંશોધનકાર્ય છે. તેમણે પ્રામાણિકપણે અને નિષ્ઠાપૂર્વક મારા માર્ગદર્શન હેઠળ આ અભ્યાસ પૂર્ણ કર્યો છે.

તા. – –૨૦૦૫
સ્થળ : ધોરાજી

(ડૉ. સી. વી. બાલધા)

## હાર્દિક આભાર...

પ્રસ્તુત શોધ નિબંધ તૈયાર કરવામાં મેં અનેક વિદ્વાનો, સંતો, સાધકો, લેખકો, સંપાદકો તેમજ તેમની કૃતિઓ, સંસ્થાઓ તથા મહાનુભાવોની પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહાયતા લીધી છે તે બધા પ્રત્યે આભાર વ્યકત કરું છું.

સૌપ્રથમ તો હું મારા માર્ગદર્શક પ.પૂ. ગુરુવર્ય પ્રિ. ડૉ. સી.વી. બાલધા સાહેબનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. જેમણે બહુમૂલ્ય માર્ગદર્શન આપ્યું છે. સતત પ્રેરણા અને પ્રોત્સાહન આપ્યા છે. શ્રીમતિ ભાનુબહેન સી. બાલધાનો પણ અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

પ.પૂ. ગુરુવર્ય પ્રા. ડૉ. વસંતભાઈ પરીખ સાહેબે પણ બહુમૂલ્ય માર્ગદર્શન આપ્યું છે તે બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

આ ઉપરાંત પ્રસ્તુત શોધ નિબંધ તૈયાર કરવામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહાયક થનારા...

✧ શામળદાસ આર્ટ્સ કોલેજ, ભાવનગર :
– પ્રિ. ડૉ. શેખ સાહેબ.
– પ્રા. ડૉ. નિરંજનભાઈ પાઠક સાહેબ.
– પ્રા. અરુણભાઈ જોષી સાહેબ.
– પ્રા. શ્રીમતિ મીતાબહેન ભટ્ટ.
– પ્રા. ડૉ. મધુમાલતીબહેન.
– લાયબ્રેરીયન શ્રી ભાર્ગવભાઈ ભટ્ટ.
– શ્રી દૂષ્યંતભાઈ શુકલ.
– પ્રા. ડૉ. એ.એ. ખાન સાહેબ.

✧ શ્રીમતિ ન.ચ. ગાંધી મહિલા કોલેજ, ભાવનગર :
– પ્રિ. ડૉ. ધંધુકીયા સાહેબ.
– પ્રા. ડૉ. રંજનબહેન અંધારીયા.
– પ્રા. ડૉ. જનાર્દનભાઈ દવે સાહેબ.

✧ શ્રી ગુલાબરાય સંઘવી બી.એડ્. કોલેજ, ભાવનગર :
– શ્રી કમલેશભાઈ ત્રિવેદી.

✧ કે. કે. પારેખ કોલેજ, મહુવા :
– પ્રિ. ડૉ. વ્યાસ સાહેબ.
– પ્રા. હિતાબહેન રાજ્યગુરુ.

✧ જોષીપુરા કોલેજ, જુનાગઢ :
– પ્રા. ડૉ. જયાબહેન ડાંગર.

✧ યોગીજી મહારાજ મહાવિદ્યાલય આર્ટ્સ એન્ડ કોમર્સ મહિલા કોલેજ, ધારી :
– ઈન્ચાર્જ પ્રિન્સીપાલ, પ્રા. રાજુભાઈ દવે સાહેબ.
– પ્રા. ડૉ. હર્ષાબહેન ચોવટીયા.
– લાયબ્રેરીયન શ્રીમતિ ફાલ્ગુની બહેન ભટ્ટ.

✧ એકેડમિક સ્ટાફ કોલેજ, રાજકોટ :
– ડાયરેકટર ડૉ. ભદ્રાયુભાઈ વચ્છરાજાની સાહેબ.

✧ સૌરાષ્ટ્ર યુનિ. સંસ્કૃત ભવન :
– અધ્યક્ષા, પ્રા. ડૉ. હંસાબેન હિંડોચા.

✧ પ્રા. ડૉ. રજનીભાઈ જોષી સાહેબ.
✧ પ્રા. ડૉ. એમ. આઈ. પ્રજાપતિ સાહેબ.
✧ પ્રા. ડૉ. કે. વી. પાઠક સાહેબ (ચલાલા).
✧ પ્રા. ડૉ. તરલાબહેન પી. દવે (ધાંગ્રધ્રા).
✧ શ્રી હરિભાઈ ગૌર (કુંભારીયા).
✧ અશોકકુમાર એમ. મહતા (અમરેલી)

વગેરેનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

આ ઉપરાંત જે સંસ્થામાં ફરજ બજાવું છું તે સંસ્થા સંત યોગીજી મહારાજના નામ સાથે જોડાયેલી છે તે સંત યોગીજી મહારાજના આશીર્વાદ સતત મળતા રહે છે. આ કોલેજના પ્રણેતા પ.પૂ. ગુરુવર્ય જશભાઈ સાહેબને આ તકે નમસ્કાર કરું છું તેમજ પ.પૂ. અશ્વિનભાઈ, પ.પૂ. શાંતિભાઈ, પ.પૂ. અરુણભાઈ પટેલ, પ.પૂ. વ્યાસબાપા વગેરેનો આ તકે અંતઃકરણપૂર્વક આભાર વ્યકત કરું છું.

મારા પતિદેવ શ્રી પ્રા. ડૉ. બાબુ બાઉદીનભાઈ ગાહા. જેમણે સતત સામગ્રી સંકલનની ચિંતા કરી, રાત–દિવસ એક કરીને અથાક્ પરિશ્રમ કરીને, દોડા–દોડી કરીને મદદરૂપ થયા છે. તેમને પણ આ તકે કેમ ભૂલી શકાય. જેમનો આભાર માનવા માટે શબ્દો જ નથી. જેમણે પણ સતત પ્રોત્સાહન આપ્યું છે.

પ્રસ્તુત શોધ નિબંધ તૈયાર કરવાનું કાર્ય મારા માટે ખૂબ જ મુશ્કેલ હતું. કારણ કે શાયેમ (હાલ ચાર વર્ષ છે.) ની જવાબદારીઓ હોવા છતાં આ કાર્ય પુરું કરી શકી છું. જેમાં મારા પરિવારનાં પ્રત્યેક સભ્યો સતત મદદરૂપ બન્યા છે.

મારા ભાઈ એડવોકેટ શ્રી શેરમામદભાઈ એસ. જામ તથા ભાભીનો પણ ખૂબ જ સહકાર મળ્યો છે. પ્રોત્સાહન મળ્યું છે. મારા ભાઈ એડવોકેટ શ્રી સલીમભાઈ એસ. જામ જેમણે પોતાનો અમૂલ્ય સમય

ફાળવીને સતત મારી સાથે દોડાદોડી કરી છે. તેમજ ભાભીએ પણ સતત સહકાર અને પ્રોપ્સાહન આપ્યું છે. બન્ને ભાઈ–ભાભીનો પણ અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

પ્રસ્તુત શોધ નિબંધના કાર્યમાં જ્યારે મુશ્કેલીઓ આવતી અને અટકી જતી ત્યારે હંમેશા મને પ્રોત્સાહન મારા પ.પૂ. માતુશ્રીએ આપ્યું છે. જેના સ્નેહ અને પ્રેરણાના કારણે જ આ કાર્ય પુરું કરી શકી છું.

મારા પ.પૂ. પિતાશ્રી સીદિકભાઈ નુરમહંમદભાઈ જામ (આર.એફ.ઓ.) તથા પ.પૂ. જુલેખાબહેનના સ્નેહ અને પ્રોત્સાહનથી જ સંસ્કૃત વિષયમાં પ્રગતિ કરી શકી છું. ઉચ્ચ અભ્યાસમાં ઉજ્જવળ કારકીર્દિ પ્રાપ્ત કરી શકી છું.

– ધો. ૧૨ માં ફર્સ્ટકલાસ વીથ ડીસ્ટીંગ્શન (કેન્દ્રમાં પ્રથમ.)
– બી.એ. માં ફર્સ્ટકલાસ વીથ ડીસ્ટીંગ્શન, સમગ્ર વિષયોમાં પ્રથમ આવવાથી
  શ્રી કે. ઓ. શાહ ફેલોશીપ પ્રાપ્ત થયેલ.
– એમ.એ. ફર્સ્ટકલાસ વીથ ડીસ્ટીંગ્શન,
  એસ.એન.ડી.ટી. યુનિ. બોમ્બે – સંસ્કૃતમાં પ્રથમ.
– વેદાંતમાં યુનિ. માં વધુમાં વધુ માર્કસ મેળવવા બદલ...
  શેઠ રૂપશી માધવજી મેમોરીયલ શુદ્ધાદ્વૈત અણુભાષ્ય પ્રાઈઝ મેળવેલ.
– સમગ્ર સંસ્કૃત વિષયમાં યુનિ. માં વધુમાં વધુ માર્કસ મેળવવા બદલ...
  શ્રીમતિ શાન્તાદેવી ભાર્ગવ મેમોરીયલ ફોર સંસ્કૃત પ્રાઈઝ મેળવેલ.

અત્યાર સુધીની મારી કારકીર્દિ તેમજ સંસ્કૃત વિષયની આટલી ઉજ્જવળ કારકીર્દિમાં મારા માતા–પિતાનું સતત પ્રોત્સાહન, સ્નેહ અને પ્રેરણા મળતાં જ રહ્યાં છે. તેમના ઋણમાંથી તો આજીવન મુકત ન થઈ શકાય. પ્રસ્તુત શોધ નિબંધ તૈયાર કરવામાં પણ ખૂબ મદદરૂપ થયા છે. જેમનો આભાર માનવા માટે કોઈ જ શબ્દો નથી.

પ્રસ્તુત શોધ નિબંધનો વિષય ખૂબ ગહન – તત્ત્વજ્ઞાનનો વિષય છે. ઈશ્વર એક જ છે, તે મહાન છે. બધા જ ધર્મો તેના તરફ લઈ જાય છે. કોઈ ધર્મ નાનો નથી, કોઈ ધર્મ મોટો નથી તે ભાવના વ્યકત કરવાનો પ્રયત્ન કર્યો છે.

પ્રસ્તુત શોધનિબંધ તે મારો સૌપ્રથમ પ્રયત્ન છે તો કોઈ ક્ષતિ જણાય તો ઉદાર હૃદયે ક્ષમા કરશો.

પ્રસ્તુત શોધનિબંધ તૈયાર કરવામાં જે કોઈ મદદરૂપ થયા છે તે બધાનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

**– મુમતાઝ એસ. જામ**

# ભૂમિકા :

પ્રાચીન સમયથી સમગ્ર વિશ્વમાં પ્રતીકોનું મહત્ત્વ ખૂબ જ રહ્યું છે. પ્રતીકના માધ્યમથી મહાન સાંસ્કૃતિક વિચારધારા સહજ અને સરળ રીતે સંક્ષેપમાં વ્યકત થઈ જાય છે. પરમતત્ત્વ, પવિત્રજ્ઞાન, અખંડઆનંદ તેમજ વિરાટસત્તાને વ્યકત કરવા માટે સમગ્ર વિશ્વમાં પ્રતીકનો ઉપયોગ પ્રાચીનકાળથી થતો રહ્યો છે. આ પરમતત્ત્વ અથવા તો ઈશ્વર એક જ છે અને તે પ્રાચીનકાળથી સમગ્ર વિશ્વમાં, જુદા–જુદા દેશોમાં, જુદા–જુદા ધર્મો અને સંપ્રદાયોમાં જુદા–જુદા સ્વરૂપે વ્યકત થાય છે. આ પરમતત્ત્વ અથવા ઈશ્વર તો પારમાર્થિક દષ્ટિએ એક જ છે. પણ વ્યકત સ્વરૂપો જ જુદા–જુદા છે. પ્રાચીનકાળ થી સમગ્ર વિશ્વમાં જે પ્રતીકોએ પ્રથમકક્ષાનું, પરમતત્ત્વની હરોળનું સ્થાન પ્રાપ્ત કર્યું છે, તે બધા જ પ્રતીકોમાં કોઈને કોઈ પ્રકારનું સામ્ય પણ જોવા મળે છે. તત્ત્વતઃ બધા જ પ્રતીકોમાં એકતા અને સમગ્રતાના દર્શન થાય છે.

વિશ્વના તત્ત્વજ્ઞાન સાહિત્યમાં પ્રતીક તરીકે **''ઓમ્''** મૂર્ધન્ય સ્થાન ધરાવે છે. ઓમ્ માત્ર ભારતનું જ પ્રતીક નથી, પરંતુ સમગ્ર વિશ્વનું પ્રતીક હોય તેમ જણાય છે. વ્યાપક દષ્ટિએ વિચારીએ તો વેદ, ઉપનિષદ્, પુરાણો, શાકત સંપ્રદાય, દર્શનશાસ્ત્રો, સ્મૃતિઓ, બૌધ્ધ, જૈન આદિમાં ન્યૂનાધિકતઃ ઓમ્ પ્રતીકનો જ પ્રભાવ રહ્યો છે. ઉપરાંત ઈસાઈ તેમજ ઈસ્લામ વગેરે ધર્મોમાં ઓમ્‌ના જેવું રૂપ જોવા મળે છે. આમ, તો મૂળ ઈસ્લામ ધર્મ કોઈ પ્રતીક સ્વીકારતું નથી. શિલાલેખો, સિક્કાઓ વગેરેમાં પણ ઓમ્‌નો વિશેષ પ્રભાવ રહ્યો છે. ઉપનિષદોમાં ઓમ્‌નું પૂર્ણતઃ સૈધ્ધાન્તિક, સુવ્યવસ્થિત અને સામંજસ્યપૂર્ણ પ્રતિપાદન થયું છે.

ભારતમાં ઓમ્‌નું વિશેષ મહત્ત્વ રહ્યું છે. ઓમ્ ઉપર ઘણાં બધાં ગ્રંથો રચાયા છે. વેદથી આજ સુધી અનેક આધુનિક વિદ્વાનો, સંત, સાધકો, લેખકોએ પણ ઓમ્ પર ગ્રંથો લખ્યાં છે. સામાન્ય રીતે ઓમ્ સમગ્ર વિશ્વમાં કોઈને કોઈ રૂપે સ્થાન ધરાવે છે. **''ઓમ્ એક વૈશ્વિક પ્રતીક છે.''** એવી માન્યતા સર્વત્ર પ્રવર્તે છે. આધુનિક વિદ્વાનો, સંતો, સાધકો, લેખકો, શિવાનંદ સ્વામી, દયાનંદ સરસ્વતી, સંત શાન્તવનજી, પૂજ્યશ્રીમોટા, સંત આશારામબાપુ આદિ પણ આ બાબતને દોહરાવતાં આવ્યા છે. પરંતુ આ દિશામાં તુલનાત્મક અને સમીક્ષાત્મક દષ્ટિએ નોંધપાત્ર સંશોધન થયું નથી, તેથી આ દિશામાં વ્યવસ્થિત કાર્ય કરવાનો મારો સંકલ્પ દઢ થયો. તેથી ઉકત – ''ઓમ્ – એક વૈશ્વિક પ્રતીક : તાત્ત્વિક અભ્યાસ'' ને કેન્દ્રમાં રાખીને સર્વપ્રથમ પ્રસ્તુત શોધ નિબંધ તૈયાર કરવાનો મારો એકમાત્ર નમ્ર પ્રયત્ન છે.

પ્રસ્તુત શોધ–વિષયના અભ્યાસ માટે ઈતિહાસ, પુરાતત્ત્વના ગ્રંથો, કૃતિઓના આંતર–બાહ્ય પ્રમાણો અને વિદ્વાનોએ, સંત, સાધકો, લેખકોએ કરેલાં ઉલ્લેખોનો આધાર લીધો છે. તદુપરાંત કેટલીક

વિગતોને તુલનાત્મક દષ્ટિએ નિરૂપવા માટે મૂળ ગ્રંથોનો પણ આધાર લીધો છે.

શોધપ્રબંધના પ્રથમ વિભાગમાં ઓમ્ – એક પ્રતીક, ઓમ્‌ના વિભિન્ન અર્થો ઓમ્‌ના તાત્ત્વિક અભ્યાસને સંકલિત અને સળંગ રીતે રજૂ કરવાનો એકમાત્ર સર્વાંગીણ પ્રયત્ન છે. વેદ, ઉપનિષદો, પુરાણો, શ્રીમદ્ ભગવદ્‌ગીતા, મનુસ્મૃતિ, યોગદર્શન, વેદાંતદર્શન તેમજ અન્ય સાહિત્યના દાર્શનિક ગ્રંથોના આધારે ઓમ્‌નું સવિસ્તર વિવરણાત્મક અને તુલનાત્મક અધ્યયન કરવામાં આવ્યું છે.

શોધ–પ્રબંધના દ્વિતીય વિભાગમાં વિભિન્ન ધર્મ–સંપ્રદાયોમાં રહેલું સામ્ય, વિભિન્ન પ્રતીકો સાથે રહેલું સામ્ય તેમજ ઓમ્‌નું સામ્ય સર્વત્ર જોવા મળે છે એ બાબતને વિદ્વાનોના મત દ્વારા પુષ્ટ કરી છે. જરૂર જણાય ત્યાં મારું મૌલિક મંતવ્ય રજૂ કરવાનો નમ્ર પ્રયત્ન કરેલ છે. ઓમ્‌નું સવિસ્તર વિવરણાત્મક અને તુલનાત્મક અધ્યયન આ પૂર્વે થયું નથી, અથવા મારા ધ્યાનમાં આવ્યું નથી.

અતિ સમૃદ્ધ એવા વેદાંતના ક્ષેત્રમાં કંઈક નવું જ પ્રસ્થાન કરવાની જિજ્ઞાસામાંથી જન્મેલાં શોધ–પ્રબંધરૂપી વિચારો ભારતીય દાર્શનિક ક્ષેત્રના જ્ઞાનની ક્ષિતિજોને વિસ્તારવામાં ઉપકારક સહાયક બની રહેશે. આજના યુગમાં ધર્મ–સંપ્રદાયોના ભેદભાવને લીધે અનેક ઝઘડાંઓ, વિવાદો અસ્તિત્ત્વમાં આવ્યાં છે, ત્યારે ઈશ્વર એક જ છે અને તેના સ્વરૂપો જ જુદા–જુદા છે તે બાબતને પણ સમર્થન મળી રહેશે. કબીરે કહ્યું છે કે :

> ''કબીર, કૂવા એક હૈ – પનિહારી અનેક;
> ન્યારે ન્યારે બરતન ભયે, પાની સબ મેં એક.''

મારા આ શોધપ્રબંધને એક વણખેડાયેલાં વિષયમાં નોંધપાત્ર પ્રદાન કરવાની નમ્ર આકાંક્ષાના પરિપાકરૂપે ગણું છું.

– મુમતાઝ એસ. જામ

ओमिति ब्रह्म ।

ओमितीद्ँ सर्वम् ।

तैत्तिरीयोपनिषद् - अनु. ८ - १ ॥

✧

सर्वे वेदा यत्पदमामनन्ति तपाँसि सर्वाणि च यद्वदन्ति ।

यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति तत्ते पदं संग्रहेण ब्रवीम्योमित्येतत् ॥

कठो. - १ - १ - १५ ॥

# ※ વિષયાનુક્રમ ※

## મુખ્ય વિભાગ – ૧ : ઓમ્ એક પ્રતીક : તાત્ત્વિક અભ્યાસ


✧ **પ્રકરણ – ૧–૧ : ઓમ્ એક પ્રતીક :**

– પ્રસ્તાવના. પૃ. ૧૨.
– પ્રતીકની વ્યાખ્યાઓ. પૃ. ૧૩.
– ઓમ્ એક પ્રતીક. પૃ. ૧૫.
– ઓમ્‌ના વિભિન્ન અર્થો. પૃ. ૧૫.
– વિવિધ અર્થો. પૃ. ૨૭.
– અન્ય અર્થો. પૃ. ૨૮.

✧ **પ્રકરણ – ૧–૨ : વેદ અને ઉપનિષદોની દૃષ્ટિએ ઓમ્.**

પ્રકરણ – ૧–૨–૧ : વેદ :

(૧) ઋગ્વેદ. પૃ. ૩૭.
(૨) યજુર્વેદ. પૃ. ૩૯.
(૩) સામવેદ. પૃ. ૩૯.
(૪) અથર્વવેદ. પૃ. ૪૨.

પ્રકરણ – ૧–૨–૨ : બ્રાહ્મણગ્રંથો :

(૧) ઐતરેયબ્રાહ્મણ. પૃ. ૪૮.
(૨) શતપથબ્રાહ્મણ. પૃ. ૪૯.
(૩) તૈત્તિરીયબ્રાહ્મણ. પૃ. ૫૦.
(૪) તાંડયબ્રાહ્મણ. પૃ. ૫૦.
(૫) ષડ્‌વિંશબ્રાહ્મણ. પૃ. ૫૧.
(૬) સામવિધાનબ્રાહ્મણ. પૃ. ૫૨.
(૭) આર્ષેયબ્રાહ્મણ. પૃ. ૫૨.
(૮) દેવતાધ્યાયબ્રાહ્મણ. પૃ. ૫૩.

| | | |
|---|---|---|
| (૯) | જૈમિનીયોપનિષદ્‌બ્રાહ્મણ. | પૃ. ૫૪. |
| (૧૦) | સંહિતોપનિષદ્‌બ્રાહ્મણ. | પૃ. ૬૬. |
| (૧૧) | વંશબ્રાહ્મણ. | પૃ. ૬૭. |
| (૧૨) | જૈમિનીયાર્ષેયબ્રાહ્મણ. | પૃ. ૬૯. |
| (૧૩) | ગોપથબ્રાહ્મણ. | પૃ. ૬૯. |

પ્રકરણ – ૧–૨–૩ : આરણ્યકો :

| | | |
|---|---|---|
| (૧) | ઐતરેય આરણ્યક. | પૃ. ૧૦૦. |
| (૨) | શાંખાયન આરણ્યક. | પૃ. ૧૦૬. |
| (૩) | બૃહદારણ્યક | પૃ. ૧૦૭. |
| (૪) | તૈત્તિરીય આરણ્યક. | પૃ. ૧૦૭. |
| (૫) | તલવકાર આરણ્યક. | પૃ. ૧૧૩. |

પ્રકરણ – ૧–૨–૪ : મુખ્ય ઉપનિષદો :

| | | |
|---|---|---|
| (૧) | ઐતરેયોપનિષદ્. | પૃ. ૧૧૮. |
| (૨) | ઈશાવાસ્યોપનિષદ્. | પૃ. ૧૨૦. |
| (૩) | બૃહદારણ્યકોપનિષદ્. | પૃ. ૧૨૩. |
| (૪) | કઠોપનિષદ્. | પૃ. ૧૨૬. |
| (૫) | તૈત્તિરીયોપનિષદ્. | પૃ. ૧૩૬. |
| (૬) | શ્વેતાશ્વેત્તરોપનિષદ્. | પૃ. ૧૩૭. |
| (૭) | કૈવલ્યોપનિષદ્. | પૃ. ૧૩૭. |
| (૮) | કેનોપનિષદ્. | પૃ. ૧૩૮. |
| (૯) | છાંદોગ્યોપનિષદ્. | પૃ. ૧૪૦. |
| (૧૦) | પ્રશ્નોપનિષદ્. | પૃ. ૧૫૨. |
| (૧૧) | મુંડકોપનિષદ્. | પૃ. ૧૫૪. |
| (૧૨) | માંડૂક્યોપનિષદ્. | પૃ. ૧૫૮. |

प्रकरण — १–२–५ : અન્ય ગૌણ ઉપનિષદો :


| | | |
|---|---|---|
| (૧) | અક્ષમાલિકોપનિષદ્. | પૃ. ૨૦૫. |
| (૨) | ત્રિપુરોપનિષદ્. | પૃ. ૨૦૫. |
| (૩) | બહવૃચોપનિષદ્. | પૃ. ૨૦૬. |
| (૪) | આત્બોધોપનિષદ્. | પૃ. ૨૦૬. |
| (૫) | નાદબિંદૂપનિષદ્. | પૃ. ૨૦૬. |
| (૬) | અદ્વયતારકોપનિષદ્. | પૃ. ૨૦૮. |
| (૭) | તુરીયાતીતોપનિષદ્. | પૃ. ૨૦૮. |
| (૮) | પૈંગલોપનિષદ્. | પૃ. ૨૦૯. |
| (૯) | યાજ્ઞવલ્કયોપનિષદ્. | પૃ. ૨૦૯. |
| (૧૦) | શાટયાયનીયોપનિષદ્. | પૃ. ૨૦૯. |
| (૧૧) | મંડલબ્રાહ્મણોપનિષદ્. | પૃ. ૨૦૯. |
| (૧૨) | હંસોપનિષદ્. | પૃ. ૨૧૦. |
| (૧૩) | અક્ષ્યુપનિષદ્. | પૃ. ૨૧૧. |
| (૧૪) | કાલાગ્નિરુદ્રોપનિષદ્. | પૃ. ૨૧૧. |
| (૧૫) | ચાક્ષુસોપનિષદ્. | પૃ. ૨૧૨. |
| (૧૬) | દક્ષિણામૂર્ત્યુપનિષદ્. | પૃ. ૨૧૨. |
| (૧૭) | ધ્યાનબિંદૂપનિષદ્. | પૃ. ૨૧૩. |
| (૧૮) | નારાયણોપનિષદ્. | પૃ. ૨૧૪. |
| (૧૯) | પ્રાણાગ્નિહોત્રોપનિષદ્. | પૃ. ૨૧૪. |
| (૨૦) | રુદ્રહ્યદયોપનિષદ્. | પૃ. ૨૧૫. |
| (૨૧) | સરસ્વતીરહસ્યોપનિષદ્. | પૃ. ૨૧૫. |
| (૨૨) | ક્ષુરિકોપનિષદ્. | પૃ. ૨૧૬. |
| (૨૩) | બ્રહ્મબિંદૂપનિષદ્. | પૃ. ૨૧૬. |
| (૨૪) | બ્રહ્મવિદ્યોપનિષદ્. | પૃ. ૨૧૬. |

(૨૫) યોગતત્ત્વોપનિષદ્. પૃ. ૨૧૮.
(૨૬) અમૃતનાદોપનિષદ્. પૃ. ૨૧૮.
(૨૭) એકાક્ષરોપનિષદ્. પૃ. ૨૧૯.
(૨૮) મહોપનિષદ્. પૃ. ૨૨૦.
(૨૯) યોગચૂડામણિપનિષદ્. પૃ. ૨૨૦.
(૩૦) રુદ્રજાબાલોપનિષદ્. પૃ. ૨૨૦.
(૩૧) આરણ્યુપનિષદ્. પૃ. ૨૨૧.
(૩૨) જાબાદર્શનોપનિષદ્. પૃ. ૨૨૧.
(૩૩) જાબાલ્યુપનિષદ્. પૃ. ૨૨૧.
(૩૪) મૈત્રેય્યુપનિષદ્. પૃ. ૨૨૨.
(૩૫) સંન્યાસોપનિષદ્. પૃ. ૨૨૨.
(૩૬) મૈત્રાયણ્યુપનિષદ્. પૃ. ૨૨૨.
(૩૭) ગણપત્યુપનિષદ્. પૃ. ૨૨૪.
(૩૮) ગરુડોપનિષદ્. પૃ. ૨૨૫.
(૩૯) ગોપાલપૂર્વતાપિન્યુપનિષદ્. પૃ. ૨૨૫.
(૪૦) દેવ્યૂપનિષદ્. પૃ. ૨૨૬.
(૪૧) નૃસિંહપૂર્વતાપિન્યુપનિષદ્. પૃ. ૨૨૬.
(૪૨) પાશુપતબ્રહ્મોપનિષદ્. પૃ. ૨૨૭.
(૪૩) રામપૂર્વતાપિન્યુપનિષદ્. પૃ. ૨૨૭.
(૪૪) સીતોપનિષદ્. પૃ. ૨૨૭.
(૪૫) સૂર્યોપનિષદ્. પૃ. ૨૨૮.
(૪૬) અથર્વશિરોપનિષદ્. પૃ. ૨૨૮.
(૪૭) નારદપરિવ્રાજકોપનિષદ્. પૃ. ૨૨૯.
(૪૮) પરબ્રહ્મોપનિષદ્. પૃ. ૨૨૯.
(૪૯) પરમહંસપરિવ્રાજકોપનિષદ્. પૃ. ૨૩૦.

(૫૦) શાંડિલ્યોપનિષદ્. પૃ. ૨૩૧.
(૫૧) ગાયત્રી રહસ્યોપનિષદ્. પૃ. ૨૩૨.
(૫૨) દ્વયોપનિષદ્. પૃ. ૨૩૨.
(૫૩) પ્રણવોપનિષદ્. પૃ. ૨૩૨.
(૫૪) અન્ય ઉપનિષદ્. પૃ. ૨૩૪.

પ્રકરણ – ૧–૨–૬ : શ્રોતસૂત્રો :

(૧) આશ્વાલયન શ્રૌતસૂત્ર. પૃ. ૨૬૭.
(૨) પંચવિધસૂત્રમ્. પૃ. ૨૬૮.

પ્રકરણ – ૧–૨–૭ : પ્રાતિશાખ્યો :

(૧) ઋક્પ્રાતિશાખ્ય. પૃ. ૨૭૧.
(૨) શુકલયજુર્વેદ પ્રાતિશાખ્ય. પૃ. ૨૭૧.
(૩) તૈત્તિરીય પ્રાતિશાખ્ય. પૃ. ૨૭૪.

**✧ પ્રકરણ – ૧–૩ : ઈતિહાસ ગ્રંથોની દષ્ટિએ ઓમ્.**

પ્રકરણ – ૧–૩–૧ : રામાયણ. પૃ. ૨૮૧.
પ્રકરણ – ૧–૩–૨ : મહાભારત. પૃ. ૨૮૫.
– શ્રીમદ્ ભગવદ્ગીતા. પૃ. ૩૦૧.

પ્રકરણ – ૧–૩–૩ : પુરાણો :

– મહાપુરાણો :
(૧) અગ્નિપુરાણ. પૃ. ૩૦૭.
(૨) કૂર્મપુરાણ. પૃ. ૩૦૮.
(૩) ગરુડપુરાણ. પૃ. ૩૧૦.
(૪) નારદપુરાણ. પૃ. ૩૧૧.
(૫) પદ્મપુરાણ. પૃ. ૩૧૨.
(૬) બ્રહ્મપુરાણ. પૃ. ૩૧૬.

(૭) બ્રહ્મવૈવર્તપુરાણ. પૃ. ૩૨૧.
(૮) બ્રહ્માણ્ડપુરાણ. પૃ. ૩૨૩.
(૯) ભવિષ્યપુરાણ. પૃ. ૩૨૪.
(૧૦) ભાગવતપુરાણ. પૃ. ૩૨૬.
(૧૧) મત્સ્યપુરાણ. પૃ. ૩૨૭.
(૧૨) માર્કણ્ડેયપુરાણ. પૃ. ૩૨૭.
(૧૩) લિંગપુરાણ. પૃ. ૩૨૯.
(૧૪) વારાહપુરાણ. પૃ. ૩૩૧.
(૧૫) વામનપુરાણ. પૃ. ૩૩૩.
(૧૬) વાયુપુરાણ. પૃ. ૩૩૪.
(૧૭) વિષ્ણુપુરાણ. પૃ. ૩૩૬.
(૧૮) સ્કન્દપુરાણ. પૃ. ૩૩૭.
(૧૯) શિવપુરાણ. પૃ. ૩૩૮.

પ્રકરણ – ૧–૩–૪ કેટલાક અન્ય પુરાણો :

(૧) આત્મપુરાણ. પૃ. ૩૭૦.
(૨) ગણેશપુરાણ. પૃ. ૩૭૧.
(૩) દેવી ભાગવત. પૃ. ૩૭૨.
(૪) નર્મદાપુરાણ. પૃ. ૩૮૧.
(૫) વિશ્વકર્માપુરાણ. પૃ. ૩૮૨.

✧ **પ્રકરણ – ૧–૪ : મનુસ્મૃતિની દૃષ્ટિએ ઓમ્.** પૃ. ૩૮૫.

✧ **પ્રકરણ – ૧–૫ : યોગદર્શનની દૃષ્ટિએ ઓમ્.** પૃ. ૩૮૮.

✧ **પ્રકરણ – ૧–૬ : બ્રહ્મસૂત્ર શાંકરભાષ્યની દૃષ્ટિએ ઓમ્.** પૃ. ૩૯૦.

✧ **પ્રકરણ – ૧–૭ : સામાજિક, ધાર્મિક અને આધુનિક દૃષ્ટિએ ઓમ્.**

(૧) સામાજિક, ધાર્મિક, પૃ. ૩૯૪.
(૨) આધુનિક પૃ. ૩૯૫.

✧ પ્રકરણ – ૧–૮ : વૈજ્ઞાનિક દૃષ્ટિએ ઓમ્. પૃ. ૪૦૦.

✧ પ્રકરણ – ૧–૯ : માનસિક, શારીરિક સ્વાસ્થ્યની દૃષ્ટિએ ઓમ્. પૃ. ૪૦૯.

## ગૌણ વિભાગ – ૨ : ઓમ્ એક વૈશ્વિક પ્રતીક :

✧ પ્રકરણ – ૨–૧૦ : ભારતીય પ્રતીકો અને ઓમ્ :

(૧) કમળ. પૃ. ૪૨૮.
(૨) સ્વસ્તિક. પૃ. ૪૨૮.
(૩) ડમરૂ. પૃ. ૪૩૨.
(૪) ત્રિશૂળ. પૃ. ૪૩૩.
(૫) બિંદુ. પૃ. ૪૩૩.
(૬) શંખ. પૃ. ૪૩૪.
(૭) ઘંટાનાદ. પૃ. ૪૩૫.
(૮) દીપક. પૃ. ૪૩૬.
(૯) માળા. પૃ. ૪૩૬.
(૧૦) બંસી. પૃ. ૪૩૭.
(૧૧) કળશ (કુંભ). પૃ. ૪૩૮.
(૧૨) નાદ. પૃ. ૪૩૮.

✧ પ્રકરણ – ૨–૧૧ : વિશ્વના પ્રમુખ ધર્મ–સંપ્રદાયો અને ઓમ્ :

(૧) ભારતનો વૈદિક ધર્મ. પૃ. ૪૫૧.
– શાક્ત સંપ્રદાય. પૃ. ૪૫૫.
(૨) બૌદ્ધધર્મ. પૃ. ૪૫૮.
(૩) જૈનધર્મ. પૃ. ૪૬૦.
(૪) શીખધર્મ. પૃ. ૪૬૩.
(૫) પારસીધર્મ. પૃ. ૪૬૪.

(૬) યહૂદીધર્મ. પૃ. ૪૬૫.
(૭) શિન્તોધર્મ. પૃ. ૪૬૬.
(૮) તાઓધર્મ. પૃ. ૪૬૬.
(૯) ઈસાઈધર્મ. પૃ. ૪૬૭.
(૧૦) કનફયુસીયસધર્મ. પૃ. ૪૬૮.
(૧૧) ઈસ્લામધર્મ. પૃ. ૪૬૯.

✧ **પ્રકરણ – ૨–૧૨ : વિશ્વના દેશો અને ઓમ્ :**

(૧) મલાયાપ્રાયદ્વીપ. પૃ. ૪૮૩.
(૨) ફિલિપાઈન. પૃ. ૪૮૩.
(૩) કમ્બોડીયા. પૃ. ૪૮૪.
(૪) થાઈલૈંડ પૃ. ૪૮૪.
(૫) મલ્લકા. પૃ. ૪૮૪.
(૬) ચીન. પૃ. ૪૮૪.
(૭) જાપાન. પૃ. ૪૮૫.
(૮) અમેરિકા. પૃ. ૪૮૫.
(૯) બાલિદ્વીપ. પૃ. ૪૮૬.
(૧૦) શ્યામ. પૃ. ૪૮૭.
(૧૧) ચમ્પા. પૃ. ૪૮૮.
(૧૨) અન્ય દેશો. પૃ. ૪૮૯.

✧ **પ્રકરણ – ૨–૧૩ : અભિલેખો અને સિક્કાઓમાં ઓમ્.** પૃ. ૪૯૨.

✧ **પ્રકરણ – ૨–૧૪ : આધુનિક વિદ્વાનો, સંતો, સાધકો અને લેખકોની દષ્ટિએ ઓમ્ :**

(૧) શિવાનંદ સ્વામી પૃ. ૫૦૦.
(૨) પૂજયશ્રી મોટા પૃ. ૫૦૨.

| | | |
|---|---|---|
| (૩) | સંત આશારામબાપુ | પૃ. ૫૦૩. |
| (૪) | સંતશ્રી શાન્તવનજી | પૃ. ૫૦૪. |
| (૫) | સંત મિખાઈલ મીરદાદ | પૃ. ૫૦૫. |
| (૬) | સ્વામી વિવેકાનંદ | પૃ. ૫૦૬. |
| (૭) | માતાજી | પૃ. ૫૦૭. |
| (૮) | વિનોબા | પૃ. ૫૦૭. |
| (૯) | સ્વામી નિત્યાંનદ અને સ્વામી પ્રકાશાનંદ | પૃ. ૫૦૮. |
| (૧૦) | દયાનંદ સરસ્વતી | પૃ. ૫૦૯. |
| (૧૧) | અવધૂત | પૃ. ૫૦૯. |
| (૧૨) | રામકૃષ્ણ પરમહંસ | પૃ. ૫૧૧. |
| (૧૩) | પ્રવીણ | પૃ. ૫૧૧. |
| (૧૪) | અનવર આગેવાન | પૃ. ૫૧૧. |
| (૧૫) | ભાણદેવ | પૃ. ૫૧૨. |
| (૧૬) | સ્વામી સુદર્શનાનંદ | પૃ. ૫૧૩. |
| (૧૭) | બ્રહ્મચારી શીતલપ્રસાદજી | પૃ. ૫૧૪. |
| (૧૮) | ડાહ્યાભાઈ મોતીભાઈ પટેલ | પૃ. ૫૧૫. |
| (૧૯) | શ્રીમન્નથુરામશર્મા | પૃ. ૫૧૫. |
| (૨૦) | બ્રહ્મલીન સ્વામી શ્રી આત્માનંદગિરિ | પૃ. ૫૧૬. |
| (૨૧) | અન્ય | પૃ. ૫૨૩. |

✧ **પ્રકરણ – ૨–૧૫ : ઓમ્ – એક વૈશ્વિક પ્રતીક.** પૃ. ૫૨૭.

## વિભાગ : ૧

# ઓમ્
# એક
# પ્રતીક

# તાત્વિક
# અભ્યાસ

# પ્રકરણ : ૧–૧ : ઓમ્ એક પ્રતીક

– પ્રસ્તાવના.
– પ્રતીકની વ્યાખ્યાઓ.
– ઓમ્ એક પ્રતીક.
– ઓમ્‌ના વિભિન્ન અર્થો.
– વિવિધ અર્થો.
– અન્ય અર્થો.

# પ્રકરણ : ૧–૧ : ઓમ્ એક પ્રતીક

ॐ

### ✧ પ્રસ્તાવના :

પ્રાચીનકાળથી મનુષ્ય પ્રતીકોનો ઉપયોગ કરતો આવ્યો છે. ધર્મમાં, કાળમાં અને અનેક સામાજિક શાસ્ત્રોમાં આપણને પ્રતીકોનો ઉપયોગ ખૂબ જ થયેલો જોવા મળે છે. આ ઉપયોગ એટલા બધા પ્રમાણમાં એટલી વૈવિધ્યપૂર્ણ રીતે થયેલો જોવા મળે છે કે તેનો અભ્યાસ કરીએ તો તે ખૂબ જ ગહન વિષય બની જાય. પ્રતીકનો ઉપયોગ તર્કશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, સાહિત્ય, કળા તેમજ દાર્શનિક સાહિત્યમાં જુદા–જુદા સંદર્ભ અને જુદા–જુદા હેતુ માટે થાય છે.

માનવીની ચેતનામાં એવું ઘણું બધું પડેલું હોય છે, કે જે શબ્દોમાં પૂરેપુરું અભિવ્યકત થઈ શકતું નથી. એવી અસ્પષ્ટ, અચોક્કસ લાગણીઓનો અનુભવ એક સામાન્ય બાબત છે. આવા સૂક્ષ્મ અનુભવો પ્રતીકો દ્વારા વ્યકત કરી શકાય છે. ગૂઢ અને રહસ્યમય અનુભવો શબ્દો દ્વારા વ્યકત થઈ શકતાં નથી. માટે જ તેને શબ્દો દ્વારા રચાતાં પ્રતીકોની મદદથી સૂચવવામાં આવે છે. શબ્દોના સામાન્ય અર્થોથી સૂચવાતી દુનિયાની પારની દુનિયાનો આપણને જાણે અનુભવ થાય છે.

દાર્શનિક સાહિત્યમાં પ્રતીકો દ્વારા આધ્યાત્મિક અનુભૂતિને વાસ્તવિકતાની સપાટી ઉપર લાવવા માટે પ્રતીકોનો ઉપયોગ કરવામાં આવે છે. કારણ કે, ભાવ જેટલાં સૂક્ષ્મ થઈ જાય છે, તેટલાં આધ્યાત્મિક થઈ જાય છે, તેટલી વધુ પ્રતીકોની મદદ લેવી પડે છે.

પરમતત્ત્વ, પવિત્રજ્ઞાન, અખંડ–આનંદ અથવા વિરાટસત્તાને મનુષ્ય જાતિના સમસ્ત સમાજોમાં વિચિત્ર ધારામાં પ્રકાશિત કરવાની ચેષ્ટા નિર્બાધપણે થતી આવી છે. તેઓની જ્ઞાન, કર્મ અથવા ઉપાસનાની ક્રમિક પરંપરાને લીધે તે ચિરાનુસંધેય, આકાંક્ષણીય અને પરમ સુન્દરનું ઉન્નત અને ભવ્ય રુપવિલાસ આવિષ્કૃત થયું છે.

મનુષ્યોએ પોત–પોતાના ઢંગથી અથવા ચિહ્નો દ્વારા પરમ અનન્ત અને અસીમતત્ત્વને સીમામાં પ્રકાશિત કરવાનો પ્રયત્ન કર્યો છે. અસીમ અનિર્વચનીય અને અવ્યકતને સ–સીમ વર્ણનીય અને અભિવ્યકત કરવાને માટે નાનાવિધ સંકેતોની સૃષ્ટિ કરી છે. આવા વિશિષ્ટ સંકેતો, ચિહ્નો અથવા પ્રતીકો માનવ–મનમાં રહેલાં અનભિવ્યકત ભાવને વ્યંજિત કરે છે. વિરાટ સમાજના બધા સ્તરના માનવ–મનમાં સુપવિત્ર સુનિર્દિષ્ટ ભાવપ્રેરણા જગાડવા માટે સર્વકાળ અને સ્થળમાં આવો સાંકેતિક વ્યવહાર સદા ચાલતો આવ્યો છે. કેટલાંક પ્રતીકોએ તો પરમ ચેતનાની હરોળમાં સ્થાન અને ગૌરવ પ્રાપ્ત કરી લીધું છે. પ્રતીકમાં બે વસ્તુ વચ્ચે જુદાપણું રહેતું નથી. પ્રતીકના વિશિષ્ટ વિનિયોગને પ્રતીકવાદ કહેવામાં આવે છે.

ઓમ્ પણ ભારતીય ધર્મ અને સંસ્કૃતિનું સર્વશ્રેષ્ઠ પ્રતીક છે. ઓમ્ જેવું સ્વરૂપ સમગ્ર વિશ્વમાં સર્વત્ર જોવાં મળે છે. પરમ ચેતનાની હરોળમાં ઓમ્નું પ્રથમ સ્થાન રહ્યું છે. વિભિન્ન ધર્મો, વિભિન્ન સંપ્રદાયો, વિભિન્ન દેશોમાં ઓમ્ની સાથે સામ્ય જોવાં મળે છે. અહીં પ્રતીકનો અભ્યાસ દાર્શનિક સાહિત્યના સંદર્ભે જ કરવામાં આવ્યો છે.

**✧ પ્રતીકની વ્યાખ્યાઓ :**

પ્રતીકની વ્યાખ્યા જુદા–જુદા સંદર્ભે જુદી–જુદી થાય છે. અહીં કેટલીક વ્યાખ્યાઓ પ્રસ્તુત છે.

## (૧) શ્રીમન્નથુરામશર્મા :

''ધ્યેયવસ્તુની ભાવનાથી શાસ્ત્રોકત રીતે જે અન્ય વસ્તુનું ધ્યાન કરવામાં આવે તે વસ્તુ 'પ્રતીક' કહેવાય છે.''[૧]

## (૨) શ્રી આદિ શંકરાચાર્ય :

બ્રહ્મસૂત્રોના ભાષ્યમાં કહે છે કે...

**''**इदृशंचात्र ब्रह्मण उपास्यत्वं यतः प्रतीकेषु तद्दृष्ट्याऽरोपणं प्रतिमादिषु इव विष्णवादीनाम् ।**''**[૨]

''આ પ્રકારે બ્રહ્મ ઉપાસ્ય બની જાય છે, કેમ કે જે પ્રમાણે પ્રતિમા ઉપર વિષ્ણુ વગેરેનું આરોપણ થાય છે, તે જ પ્રમાણે પ્રતીકો ઉપર બ્રહ્મનું આરોપણ થાય છે.''

## (૩) શ્રી રામાનુજાચાર્ય :

''अब्रह्माणि ब्रह्मदृष्ट्याऽनुसंधानम् ।'' અર્થાત્,

''જે બ્રહ્મ તરીકે સ્વીકારી તેમાં ભકિતભાવપૂર્વક મનને જોડવું તે.''

## (૫) સ્વામી વિવેકાનંદ :

''પ્રતીક શબ્દનો અર્થ 'પ્રતિ' એટલે તરફ; અને 'ઈક' એટલે જવું એવો થાય છે. કોઈપણ પ્રતીકની ઉપાસનાનો અર્થ એમ છે કે, બ્રહ્મને સ્થાને કોઈ એવી વસ્તુની ઉપાસના કરવી, કે જે એક અથવા અધિક રીતે બ્રહ્મની સમાન છે પરંતુ બ્રહ્મ સ્વયં નથી.''[૩]

## (૬) લોકમાન્ય તિલક :

''નામરૂપાત્મક વસ્તુને જ વેદાંત શાસ્ત્રમાં 'પ્રતીક' એવું નામ આપ્યું છે. પ્રતીક (પ્રતિ + ઈક) એટલે આપણી તરફ વળેલું એવો એનો ધાત્વર્થ છે. અને કોઈ વસ્તુની જે બાજુ અથવા જે ભાગ પ્રથમ આપણી દષ્ટિએ પડે છે અને તે દ્વારા પછી તે વસ્તુનું આપણને જ્ઞાન થાય છે, તે બાજુને અથવા તે ભાગને 'પ્રતીક' એમ કહે છે.''[૪]

## (૭) સંત શ્રીશાન્તવનજી :

"ઈષ્ટની પ્રથમ "સ્મૃતિ", જીવંતદર્શન કે ઝાંખી એ જ પ્રતીક."[૫]

## (૮) પરમ પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રી :

"પ્રતીક એ મૌનની ભાષા છે; શાંતિનું સંગીત છે, સંસ્કૃતિના મહિમાનું મૂંગું ગીત છે."

"પ્રતીક એટલે ભાષાના અભાવમાં ભાવને અભિવ્યકત કરવાની કલા."

"પ્રતીક એટલે સંકેતમાં શાસ્ત્રરહસ્યને સમજાવતું અનોખું વિજ્ઞાન."

"પ્રતીક એટલે શબ્દોની ગેરહાજરીમાં વિચારને વ્યકત કરવાની વ્યવસ્થા."

"પ્રતીક એટલે ગાગરમાં સાગર સમાવવાની શકિત, કાંતો બિંદુમાં સિંધુને જોવાની હિંમત."

"પ્રતીકોએ આપણા સાંસ્કૃતિક સૂત્રો છે. સૂત્રો અલ્પાક્ષર હોય છે, અસંદિગ્ધ હોય છે, સારગર્ભિત અને વ્યાપક અર્થને પ્રગટ કરનાર હોય છે; તેમ પ્રતીકો જેમ એક નાનકડા સૂત્રની અંદર અનંત અર્થ સમાયેલો હોય છે, એક નાનકડા બીની અંદર વિશાળ વૃક્ષનો વિસ્તાર સંતાયેલો હોય છે, તેમ પ્રત્યેક પ્રતીકની પાછળ ભવ્ય ભાવનાની સુંગંધ છુપાયેલી હોય છે. આ ભાવના જ પ્રતીકને અર્થવાન, સામર્થ્યશીલ તેમજ જીવંત બનાવે છે."[૬]

## (૯) હરિભાઈ કોઠારી :

"શબ્દની શકિતને સૂત્રમાં સાચવે,
શાંતિ સંગીત વિશ્વે વહાવે;
સારસર્વસ્વ સંકેતમાં દાખવે,
પ્રતીક તો મૌન મહિમા પિછાણે."[૭]

## (૧૦) પરશુરામ ચતુર્વેદી :

"પ્રતીકોની મદદ વધુમાં વધુ એવા સમયે લેવામાં આવે છે જ્યારે અમારી ભાષા પંગુ અને અશકત જેવી થઈને મૌન ધારણ કરવા માંડે છે અને જ્યારે અનુભવકર્તાના વિવિધભાવ શિલાથી ચારેય દિશાઓમાં અથડાયને સ્ત્રોતોની જેમ વહેવા માટે ઉછળવા લાગે છે."[૮]

પ્રતીક દ્વારા એક વસ્તુ દ્વારા બીજી વસ્તુનું સૂચન વ્યકત થાય છે. પ્રતીકથી રજૂ થતી બાબત એવા સંદર્ભ કે સંબંધમાં વ્યકત કરવામાં આવે છે કે પરિણામે તે સાચા અને વિસ્તૃતરૂપમાં સૂચવાય છે. તેથી તો પાશ્ચાત્ય દાર્શનિકો **હીગેલ, શાપેનહાવર** વગેરેએ પણ અલૌકિક અને શાશ્વતની અભિવ્યકિતમાં પ્રતીકોના મહત્ત્વપૂર્ણ યોગદાનને સ્વીકાર્યું છે.[૯]

### ✧ ઓમ્ એક પ્રતીક :

ૐ શબ્દ પરમેશ્વરનું સર્વોત્તમ નામવાચક છે. તેમાં પરમાત્માના અનેક–અસંખ્ય નામોનો સમાવેશ થઈ જાય છે. આથી તે ઈશ્વરનાં અનેક–અસંખ્ય નામોનો એક અક્ષરમાં થતો સમાસ છે. ઈશના મહાનતત્ત્વનાં ગંભીર અર્થનું સૂચન કરનાર છે. ભારતીય ધર્મ અને સંસ્કૃતિમાં ઓમ્નો મહિમા ખૂબ જ જોવાં મળે છે. ઓમ્ એક પ્રતીક છે, ઓમ્ ઈશ્વરનું વાચક છે, ઈશ્વરનું પ્રતીક છે, રૂપક નથી. કારણ કે રૂપકમાં બે વસ્તુઓ જુદી રહે છે, જ્યારે પ્રતીકમાં બે વસ્તુઓ વચ્ચે આવું કાંઈ જુદાપણું રહેતું નથી. પ્રતીકથી રજૂ થતી બાબત એવા સંદર્ભ કે સંબંધમાં વ્યકત કરવામાં આવે છે કે પરિણામે તે સાચા અને વિસ્તૃતરૂપમાં સૂચવાય છે. પ્રતીક અને રૂપક વચ્ચે માત્ર દેખીતી સમાનતા છે. પરંતુ બન્ને જુદા–જુદા છે. આમ, ઓમ્ પણ ભારતીય સંસ્કૃતિનું આવું જ એક શ્રેષ્ઠ પ્રતીક છે એમ કહી શકાય. ઓમ્ પરમચેતનાની હરોળમાં પ્રથમસ્થાન ધરાવતું પ્રતીક છે.

સમગ્ર વિશ્વમાં પરમતત્ત્વ વિષેની માન્યતાઓ જુદા–જુદા ધર્મ–સંપ્રદાયોમાં જુદી–જુદી છે. પરમતત્ત્વ તો એક જ છે. તેના સ્વરૂપો જ જુદા–જુદા જોવાં મળે છે. સાચે જ ફરક માત્ર નામનો જ છે. વાત એક જ છે. જે ઈશ્વર છે તે જ અલ્લાહ છે. 'અલ્લાહો–અકબર' નો અર્થ પરમેશ્વર અથવા મહાદેવ. 'રહીમ'નો અર્થ 'શિવ' નો છે. શંકરનો છે તે જ છે.. પારસી નામ 'અહુરમજદ' અને સંસ્કૃત 'અસુરમેધા' બન્નેનો અર્થ એક જ છે. વિશ્વના ધર્મો કાયમ કરનાર પોત–પોતાના દેશ અને કાળની જરૂરિયાત મુજબ તે એક સનાતનધર્મ પર ભાર આપે છે. વસ્તુ એક જ છે પરંતુ રૂપ જુદા–જુદા છે. તાત્ત્વિકદષ્ટિએ એક જ છે.

તેથી ઓમ્ના જેવું સ્વરૂપ સમગ્ર વિશ્વમાં જણાય આવે છે. કારણ કે પરબ્રહ્મ અસીમ છે. બધા પ્રતીકો સાથે ઓમ્નું સામ્ય પણ સર્વત્ર જોવાં મળે છે. ઓમ્ ભારતીય ધર્મ અને સંસ્કૃતિનું એક સર્વશ્રેષ્ઠ પ્રતીક છે એમ કહી શકાય. વેદ, ઉપનિષદો, દાર્શનિક સાહિત્યમાં ઓમ્ એક પ્રતીકરૂપે રજૂ થયેલ છે. તેથી ઓમ્ એક પરમતત્ત્વનું શ્રેષ્ઠ પ્રતીક છે.

### ✧ ઓમના વિભિન્ન અર્થો :

ઓમ્ ભારતીય ધર્મ અને સંસ્કૃતિનું સર્વશ્રેષ્ઠ પ્રતીક છે. ઓમ્ પરબ્રહ્મનું સર્વોત્તમ નામ છે. પરમતત્ત્વ અસીમ છે. પરમતત્ત્વના અનેક નામો છે. ઓમ્ પણ પરબ્રહ્મ એટલે કે પરમતત્ત્વનું વાચક છે. તેથી ઓમ્ના પણ અનેક અર્થો પ્રાપ્ત થાય છે. ઓમ્ની અનેક વ્યાખ્યાઓ જોવાં મળે છે. અહીં ઓમ્ના કેટલાંક અર્થો પ્રસ્તુત છે.

### ✧ ૐકાર :

શ્રીમન્નથુરામશર્મા કહે છે કે :

પવિત્ર રહસ્યમય શબ્દ છે. ૐકારથી અદ્વિતીય, અવિનાશી પરબ્રહ્મનું સૂચન થાય છે. ૐ સર્વવ્યાપી, સર્વબોધક, ત્રિકાલાતીત છે.

"सर्वेषां मङ्गलानां च बीजं प्रणव एव हि ।"

સર્વ મંગલોનું કારણ પ્રસિદ્ધ ૐકાર જ છે.[૧૦]

ઓમકારમાં કુલ ચાર માત્રાઓ છે. ત્રણ પૂર્ણ માત્રાઓ છે, જ્યારે ચોથી અર્ધમાત્રા – અમાત્રારૂપ છે.

### ✧ ૐકારની વિવિધ સંજ્ઞાઓ :

જૈનાચાર્ય વિરચિત મંત્રવ્યાકરણમાં એક સ્તોત્રમાં કહ્યું છે કે,

ૐકારમંત્ર તેજસ, ભકિત, વિનય, પ્રણવ, બ્રહ્મ, પ્રદીપ, વામ, વેદ, કમલ, અગ્નિ, ધ્રુવ, આદિ અને ધ્રુઃ સંજ્ઞાથી પ્રસિદ્ધ છે.[૧૧]

### ✧ વામ :

કૃષ્ણ યજુર્વેદના તૈત્તિરીય આરણ્યકના દસમા પ્રપાઠકના અઢારમા અનુવાકમાં વામદેવનું વર્ણન છે, જેમ કે...,

वामदेवाय नमो ज्येष्ठाय नमः श्रेष्ठाय नमो रुद्राय
नमः कालाय नमः कलविकरणाय नमो बलवि-
करणाय नमो बलाय नमो बल प्रमथनाय नमः
सर्वभूतदमनाय नमो मनोन्मनाय नमः, इति ॥

તેનું ભાષ્ય આપતા કહ્યું છે કે :

उत्तरवक्त्राय नमोऽस्तु । कथं भूताय । वामं सुन्दरं च तद्देवं दीप्यमानं चेति वामदेवं तस्मै । सर्वजगदुत्पत्तेः पूर्वभावित्वाज्ज्येष्ठाय । प्रशस्ततमत्वाच्छ्रेष्ठाय । प्रलयेरोदनहेतुत्वा-द्रुद्राय । अत एव सर्वप्राण्यायुःक्षयहेतुत्वात्कालाय । कं सुखं लाति स्वीकरोतीति कलं विविधं जगक्रियते येनेति विकरणं कलं च तद्विकरणं चेति कलविकरणं तस्मै । रक्षसां बलं विकीर्यते हिंस्यते येन तद्बलविकरणं तस्मै । सर्वाणि भूतानि दमयति शिक्षयातीति सर्व भूतदमनं तस्मै । मन्यते सर्वं जानातीति मनं सर्वज्ञमुत्कृष्टं मनमुन्मनं सर्वज्ञतमं मनं च तदुन्मनं च मनोन्मनं तस्मै ।

તાત્પર્ય એ છે કે, વામદેવ અર્થાત્ વામ પરમતત્ત્વનું સૂચન કરે છે. વામ એ તેથી જ ૐકારની એક સંજ્ઞા છે.

### ✧ ઉદ્ગીથ :

બૃહદારણ્યકોપનિષદ્‌માં કહ્યું છે કે,

"एष उ वा उद्गीथः प्राणो वा उत्प्राणेन हीद सर्वमुत्तब्धं वागेव गीथोच्च गीथा चेति स उद्गीथः ॥"[१२]

અર્થાત્, "આ પ્રાણ જ ઉદ્ગીથ છે. જેથી આ પ્રાણે સર્વ જગત્ ઉંચે ધારણ કર્યું છે. તેથી પ્રાણ જ ઉત્ છે, ને વાણી ગાય છે તેથી વાણી જ ગીથા છે. ઉત્ ને ગીથા એમ બન્ને મળીને ઉદ્ગીથ છે."

### ✧ એકાક્ષર બ્રહ્મ :

ધ્યાનબિંદૂપનિષદ્‌માં કહ્યું છે કે,

"ओमित्येकाक्षरं ब्रह्म ध्येयं सर्वमुमुक्षुभिः ।
पृथिव्यग्निश्च ऋग्वेदो भूरित्येव पितामहः ॥[१३]

અર્થાત્, "ૐકારરૂપી એકાક્ષર બ્રહ્મ જ બધા મુમુક્ષુઓનું લક્ષ્ય રહ્યું છે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં પણ "એકાક્ષર બ્રહ્મનું ઉચ્ચારણ કરવા જણાવ્યું છે."[૧૪]

### ✧ તારક :

નારદ પરિવ્રાજકોપનિષદ્‌માં કહ્યું છે કે,

"अथ हैनं भगवन्तं परमेष्ठिनं नारदः पप्रच्छ संसारत्तारं प्रसन्नो ब्रूहीति । तथेति परमेष्ठी वक्तुमुपचक्रमे ओमिति ब्रह्मेति व्यष्टिसमष्टिप्रकारेण । का व्यष्टिः का समष्टिः संहारप्रणवः सृष्टिप्रणवश्चान्तर्बहिश्चोभयात्मकत्वात्त्रिविधो ब्रह्मप्रणवः । अन्तः प्रणवोव्यावहारिकप्रणवः । बाह्य प्रणवः आर्षप्रणवः । उभयात्मको विराट्प्रणवः । संहारप्रणवो ब्रह्मप्रणवोऽर्धमात्राप्रणवः ॥"[१५]

આ ઉપનિષદ્‌ના આઠમા ઉપદેશમાં ભગવાન બ્રહ્માજીને દેવર્ષિ નારદે ફરીથી પ્રશ્ન કર્યો : 'હે ભગવન્ ! જન્મ–મરણના ચક્રમાંથી પાર કરનારો (તારનારો) મંત્ર કયો છે ? હું તમારા શરણે આવેલો છું, કૃપા કરીને મને જણાવવાનો અનુગ્રહ કરો.' ભગવાન બ્રહ્માજીએ 'તથાસ્તુ' કહીને ઉપદેશ આપવાનું શરૂ કર્યું. 'હે વત્સ નારદ ! 'ૐકાર' જે તારકમંત્ર છે, એ જ બ્રહ્મનું સ્વરૂપ છે. વ્યષ્ટિ અને સમષ્ટિ એમ બંને રીતે ૐકારનું ધ્યાન કરવું જોઈએ. દેવર્ષિ નારદે ફરીથી પ્રશ્ન કર્યો : 'પિતામહ ! વ્યષ્ટિ અને સમષ્ટિનો અર્થ–અભિપ્રાય શું છે ? કૃપા કરીને જણાવવાનો અનુગ્રહ કરો.' ત્યારપછી પ્રજાપતિ બ્રહ્માજીએ

કહ્યું : 'વ્યષ્ટિ અને સમષ્ટિ બ્રહ્મ – પ્રણવનાં અંગ – અવયવ છે. એક જ બ્રહ્મ – પ્રણવના ત્રણ ભેદ માનવામાં આવે છે. – પ્રથમ સંહાર – પ્રણવ, બે રૂપ અંતઃ અને બાહ્ય છે. એને કારણે એને પ્રણવનો એક ભેદ વ્યાવહારિક પ્રણવ છે. વ્યષ્ટિ પ્રણવનું બીજું નામ બાહ્ય–પ્રણવ છે. એ ચારેયના સિવાય એક આર્ષ – પ્રણવ પણ છે. એ જ વિરાટ્ પ્રણવનું બીજું નામ બાહ્ય પ્રણવ છે. બ્રહ્મા વગેરેથી પ્રતિષ્ઠિત હોવાના કારણે જ બ્રહ્મ – પ્રણવ કહેવામાં આવેલો છે. સ્થૂળ વગેરે ભેદથી પરિપૂર્ણ અકારાદિ ચાર માત્રાઓ જે ૐકારનું સ્વરૂપ છે, એ માત્રા ચતુષ્ટયાત્મક પ્રણવને અર્ધમાત્રા પ્રણવ પણ કહેવામાં આવે છે.'

તાત્પર્ય એ જ છે કે, તારકમંત્ર ઓમ્‌નો જ અર્થ આપે છે. ઉપનિષદ્‌ોમાં પણ તેનો વારંવાર ઉલ્લેખ થયેલો જોવાં મળે છે. જેમ કે...,

ઉપનિષદોમાં તારકબ્રહ્મ અને તારકમંત્રની મહત્તા પ્રતિપાદિત છે. અથર્વશિરોપનિષદ્‌માં (૨.૧) તારકને આ શબ્દોમાં પરિભાષિત કર્યું છે. सर्वेभ्यो दुःखभयेभ्यः संतारयतीति तारणात्तारः । અર્થાત્ જે સમસ્ત દુઃખો અને ભયને દૂર કરી દે તે તારક છે. अथ कस्मादुच्यते तारं यस्मादुच्चार्यमाण एव गर्भजन्मजरामरणसंसारमहाभयात् संतारयति तस्मादुच्यते तारम् । (અથર્વશિરોપનિષદ્ – ૪૯) અર્થાત્, જેના ઉચ્ચારણ કરવાથી જ ગર્ભ, જન્મ, જરામરણ અને સંસારના મોટા ભયોથી મુકિત મળી જાય છે તે તારકબ્રહ્મ અથવા તારકમંત્ર છે. અદ્વયતારકોપનિષદ્‌માં તારકનો અર્થ વિસ્તારપૂર્વક આપવામાં આવ્યો છે. તેમાં પણ તારકબ્રહ્મનું સ્વરૂપ આ પ્રમાણે છે : गर्भजन्मजरामरणसंसारमद्भयात् संतारयति तस्मात्तारकमिति (અદ્વયતારકોપનિષદ્ – ૩) તારકયોગના સ્વરૂપનું વર્ણન આ પ્રકારે કર્યું છે કે, નેત્રબંધ અથવા અડધા ખૂલેલા રાખીને ભ્રૂ મધ્યની ઉપરવાળા સ્થાનમાં અંતરદષ્ટિએ આ પ્રકારની ભાવના કરે કે, હું ચૈતન્યસ્વરૂપ છું. આ પ્રકારનું ધ્યાન કરતાં સચ્ચિદાનંદ બ્રહ્મનો સાક્ષાત્કાર કરી લેનારા તદ્‌રૂપ – તારકરૂપ થઈ જાય છે – योगी स्वान्तः.... ....ब्रह्माह्मस्मीत्यालोकयन् तद्रूपः तारकरूपो भवति । (અદ્વયતારકોપનિષદ્ – ૨) તારકબ્રહ્મ પ્રત્યગાત્મા કહેવામાં આવ્યું છે : संसारत्तारकत्वात् तारकं प्रत्यगात्मेत्यर्थः (અદ્વયતારકોપનિષદ્ – ૩) અથર્વશિરોપનિષદ્ – ૪૪ માં ૐકારને જ તારકબ્રહ્મ – તારકમંત્ર કહ્યો છે.

આમ, તારક ૐકારનો વાચક છે.

### ✧ પ્રણવ :

હિન્દુ વિશ્વકોષમાં કહ્યું છે કે,

(પવિત્ર ઘોષ અથવા શબ્દ (प्र + णु स्तवने + अप्) આનું પ્રતીક રહસ્યવાદી પવિત્ર અક્ષર "ૐ" છે અને આનો પૂર્ણવિસ્તાર "ओउम्" રૂપમાં થાય છે. આ શબ્દ બ્રહ્મનો બોધક છે; જેનાથી આ વિશ્વ ઉત્પન્ન થાય છે, જેમાં સ્થિત રહે છે, અને જેમાં આનો લય થાય છે. આ વિશ્વ નામરૂપાત્મક

છે, એમાં જેટલા પદાર્થ છે એની અભિવ્યકિત વર્ણો અથવા અક્ષરોથી થાય છે જેટલા પણ વર્ણ છે તે अ (કંઠયસ્વર) અને म् (ઓષ્ઠ્ય વ્યંજન) ની વચ્ચે ઉચ્ચારિત થાય છે. આ રીતે 'ओम्' સંપૂર્ણ વિશ્વની અભિવ્યકિત, સ્થિતિ અને પ્રણયનો દ્યોતક છે. આ પવિત્ર અને માંગલિક મનાય છે. એટલા માટે કાર્યના આરંભ અને કાર્યના અંતમાં આ ઉચ્ચારિત અથવા અંકિત થાય છે.[૧૬])

શ્રીમન્નથુરામશર્મા કહે છે કે,

સૃષ્ટિનો સર્વ વ્યવહાર શાસ્ત્રાધારે ચાલે છે. એ શાસ્ત્રોની સ્થૂલ ઉત્પત્તિ વૈખરીવાણીથી થઈ છે; એ વૈખરી મધ્યમાથી, મધ્યમા પશ્યંતીથી ને પશ્યંતી પરાથી ઉત્પન્ન થયેલી છે. એ ચારવાણીનું તેમજ મનુષ્યની તથા સૃષ્ટિની ચાર અવસ્થાનું પ્રણવ એ સાંકેતિક ચિહ્ન છે. માટે જ તે સૃષ્ટિમાં અતિશ્રેષ્ઠ બીજમંત્રરૂપે ગણાય છે.[૧૭] શિવમહાપુરાણમાં કહ્યું છે કે, પ્રણવ એટલે 'પ્ર' પ્રકૃતિથી ઉત્પન્ન થયેલો સંસારરૂપ સાગર અને 'નવ' એટલે સંસાર સાગરને પાર કરનારી નાવ. બીજા શબ્દોમાં કહીએ તો... "प्रकर्षेण वः नयते इति प्रणवः ।" અર્થાત્ જે ઉત્કૃષ્ટ રીતે મોક્ષ પ્રતિ લઈ જાય તે 'પ્રણવ'. પરમ–કૃપાળુ પરમાત્મા પ્રગટરૂપી શુદ્ધ સ્વરૂપ છે એટલે તે પ્રણવ કહેવાય છે. પ્રણવના બે ભેદ છે. સ્થૂળ અને સૂક્ષ્મ. 'નમઃ શિવાય' એ મંત્રને સ્થૂળ જાણવો અને 'ॐ' ને સૂક્ષ્મ જાણવો. અકાર, ઉકાર, મકાર, બિંદુ અને નાદના સમન્વયથી પ્રણવ બને છે.[૧૮] પ્રાચીન ભૃગુસંહિતામાં કહ્યું છે કે, ઓમ્ સૂક્ષ્મ પ્રણવ છે અને નમઃ શિવાય એ સ્થૂલ પ્રણવ છે.[૧૯] શિવમહાપુરાણમાં કહ્યું છે કે, ૐકારનું જે લિંગ છે તે બે પ્રકારે બની ગયું. એક પ્રણવ ૐકારમાં રહ્યું અને બીજું ૐકાર નામના સદાશિવરૂપ થયું. એક ઓમકારેશ્વર નદી વચ્ચે માંધાતા ઉપર છે અને બીજું અમલેશ્વર નદીના દક્ષિણ કિનારા ઉપર છે. ૐકારમાં ત્રણ માત્રા છે. તેમ આ પવિત્ર સ્થળે ત્રણેય દેવ સાથે રહ્યા છે. (૧) શિવપુરી (૨) બ્રહ્મપુરી (૩) વિષ્ણુપુરી.[૨૦] પ્રણવ એટલે ૐકાર. તેથી તો કહ્યું છે કે,

"ॐकारः प्रणवो ब्रह्म सर्वमन्त्रेषु नायकः ।"

અર્થાત્ બ્રહ્મનો વાચક જે પ્રણવ એટલે ૐકાર તે સર્વમંત્રોમાં નાયક છે.[૨૧] શ્રીકૃષ્ણ કહે છે કે, "प्रणव सर्ववेदेषु ।"[૨૨] અર્થાત્, સર્વ વેદોમાં હું પ્રણવ છું. આમ, પ્રણવ ઓમ્નું જ વાચક છે.

## ✧ સ્વસ્તિક :

સ્વસ્તિક ચિહ્ન વિશ્વના એક છેડાથી બીજા છેડા સુધી અનેક જાતિઓ દ્વારા અભિનંદિત થયેલ છે. સ્વસ્તિક વસ્તુતઃ ભારતીય છે. સ્વસ્તિક ચિરન્તન સત્ય, શાશ્વત શાન્તિ અને અનન્ત દિવ્ય ઐશ્વર્ય–સમ્પન્ન સૌન્દર્યનું માંગલિક ચિહ્ન છે. સત્ય શિવ અને સુંદરના રંગમંચ પર ઉપસ્થિત થઈને સોમના ઉન્માદ નયનોમાં ભરીને વિવેકી આર્ય જ સભ્યતાના આદિકાળમાં કહેવાનું સાહસ કરી શકયા હતા.

स्वस्ति मात्र उत पित्रे नो अस्तु
स्वस्ति गोभ्यो जगते पुरुषेभ्यः ।
विश्वं सुभूतं सुविदत्रं
नो अस्तु ज्योगेव दृशेम सूर्यम् ॥

(अथर्व. १-३१-४)

લે. શ્રીરામલાલજી શ્રીવાસ્તવ કહે છે કે, નિઃસંદેહ સ્વસ્તિક જ ૐરૂપમાં પરમાત્માનો પ્રતીકગત બોધ છે. પરમસત્ય શાન્તિ અને સ્વસ્તિકનો આશ્રય છે. સ્વસ્તિક સનાતન શાસ્ત્રીય દૃષ્ટિથી પ્રણવનું સ્વરૂપ છે.[૨૩]

## ✧ શૂન્ય :

'કૃષ્ણનું જીવન સંગીત'માં ગુણવંત શાહ કહે છે કે, જે અવિનાશી બ્રહ્મ છે, તેનો સ્વભાવ આધ્યાત્મ એટલે આત્મવિદ્યા; સાંખ્યયોગનો આત્મભાવ જે સૂક્ષ્મ છે, શૂન્ય છે જેની ગાણિતિક સંજ્ઞા '0' છે. આમ અનંતતાનો સ્વભાવ શૂન્ય છે.

The real nature of infinity is Zeroness. બ્રહ્માંડ અનંત ખરૂં પરંતુ તે શૂન્યાવકાશ એટલે કે શૂન્યતાથી ભરેલું છે. આપણે બીજા અધ્યાયમાં અનંતતા અને શૂન્યતા મળી ૐ બને એવું સમીકરણ જોઈ ગયા છીએ. આ ૐ એ જ અક્ષરતત્ત્વ, પરમતત્ત્વ, સૂક્ષ્મતત્ત્વ (અક્ષરબ્રહ્મ) પરમં નો સંકેત છે. શૂન્યતાથી ભર્યું ભર્યું અનંત જે તત્ત્વને આધારે ટકી રહ્યું છે તે અક્ષર (અવિનાશી) પરમબ્રહ્મનો સંકેત તે ૐ છે.[૨૪] આમ, શૂન્ય પણ ઓમ્‌નું વાચક જણાય છે. તેથી ઈશાવાસ્યોપનિષદ્‌ના શાંતિપાઠમાં કહ્યું છે કે,

ॐ पूर्णमदः पूर्णमिदं
पूर्णात् पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय
पूर्णमेवावशिष्यते ॥ ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

તાત્પર્ય એ છે કે, ૐ પૂર્ણતાનો વાચક છે. અને શૂન્ય પણ પૂર્ણતા દર્શાવે છે.

## ✧ બિંદુ :

ભારતીય સંસ્કૃતિમાં બિંદુનું ખૂબ જ મહત્ત્વનું સ્થાન રહેલું છે. સંત યોગભિક્ષુ કહે છે કે, બિંદુ છે તેનો અંદરનો ભાગ ભરેલો છે તેથી બ્રહ્મનો વાચક છે. બ્રહ્મ ખાલી નથી, સર્વત્ર ભરેલું છે. ઓમ્

પર બિંદુ મૂકવામાં આવે ત્યારે જ તેને ઓમ્ કહેવામાં આવે છે, ત્યારે જ તે ઈશ્વરનો વાચક થઈ શકે છે.[૨૫] સંત યોગભિક્ષુ કહે છે કે, બિંદુ ઓમ્‌ની આકૃતિનું સંક્ષિપ્ત સ્વરૂપ છે.[૨૬]

## ✧ સોઽહમ્ :

આચાર્ય મહાપ્રજ્ઞ કહે છે કે,

સોઽહમ્‌માં થોડુંક પરિવર્તન થયું. 'સકાર' ને દૂર કર્યો, 'હકાર' ને દૂર કર્યો અને ઓમ્ બની ગયો. 'સોઽહમ્' નું પરિવર્તન પામેલું રૂપ છે. ઓમ્ જે ભાષા શાસ્ત્રીય દષ્ટિ અને ધ્વનિવિશ્લેષણ અનુસાર 'સોહઽમ્' ની ઘણું નજીક છે. 'સ' અને 'હ' ચાલ્યા જાય છે અને "ओम्" શેષ રહી જાય છે. ઓમ્ આપણો પ્રાણગત ધ્વનિ છે. પ્રાણની સાથે તેનું કુદરતી રીતે ઉચ્ચારણ થાય છે. તેથી તેનું બહું જ મૂલ્ય છે. 'ઓમ્' નો પર્યાય શબ્દ છે 'પ્રણવ.'[૨૭] સોઽહમ્ ઉપનિષદોમાં પણ છે.

## ✧ ત્રિપૂંડ્ર :

જાબાલ્યુપનિષદ્‌માં કહ્યું છે કે,

ત્રિપુંડ્ર પ્રથમરેખા છે, એ 'અ'કાર, બીજી રેખા છે, એ 'ઉ'કારરૂપ અને ત્રીજી 'મ'કારરૂપ છે. અને તેના દેવતા સ્વયં મહાદેવ શિવ છે. ત્રિપુંડ્રને ધારણ કરનાર મહાપાતકો અને ઉપપાતકોથી મુકત થઈ જાય છે.[૨૮] ત્રિપુંડ્ર જાણે કે ૐકારનું જ સ્વરૂપ હોય તેમ જણાય છે.

## ✧ હસ્તાક્ષર :

અરવિંદ આશ્રમના ઉપાસક માતાજી કહે છે કે, ૐ એ ભગવાનના હસ્તાક્ષર છે.[૨૯]

## ✧ શ્રી :

શ્રીમાતાનું નિકેતનમાં કહ્યું છે કે,

શ્રી જ બધાને ઉત્પન્ન કરે છે. તેને શોભા અને સંપન્નતા અર્પે છે, એનું જીવન ક્રિયાશીલ કરે છે. આથી દરેક વિભૂતિયુકત 'શ્રીમત્' વસ્તુને શ્રી લગાડાય છે. શ્રી યંત્રમાં મધ્યમાં રહેલાં બિંદુમાં પરાશકિત કે શ્રીનું સ્થાન છે.[૩૦] શ્રી પણ પરમતત્ત્વના જેવો જ અર્થ આપે છે.

## ✧ ત્રિશૂળ :

સંત યોગભિક્ષુ કહે છે કે, ત્રિશૂળ પણ ઓમ્‌ની આકૃતિનું થોડું પરિવર્તિત સ્વરૂપ છે. ઓમ્‌ના વચ્ચેના વળેલાં પાંખડાને સીધું કરી નાખીએ તો ત્રિશૂળની આકૃતિ થઈ જાય છે.[૩૧]

## ✧ હું :

શબ્દ અને સાહિત્યમાં ચંદ્રકાન્ત બક્ષી કહે છે કે,

''હું'' શબ્દ જરા જુદી રીતે આવ્યો હશે. હું શબ્દના પર્યાયવાચી શબ્દો અહં, હમ, મી, આમિ, આઈ વગેરે પુરુષની છાતીમાંથી, પેટમાંથી, નાભિમાંથી પ્રકટયા હશે. ઓઉમ્ અને અહમ્ વચ્ચે હંમેશા મને કંઈક સગોત્ર સંબંધ લાગ્યા કર્યો છે.[૩૨] આ જ વાતને સમર્થન આપતા સંત મિખાઈલ મીરદાદ કહે છે કે, ''જ્યારે જ્યારે હું શબ્દ ઉપયોગમાં લ્યો ત્યારે વિચાર કરજો કે ઈશ્વર તમને અહંમાંથી બચાવી, ૐના પરમાનંદમાં લઈ જાય છે. આ નાના દેખાતા શબ્દમાં બીજા બધા શબ્દોનું મૂળ છે.''[૩૩] સંત આશારામબાપુ કહે છે કે, પરમાત્માનું સ્મરણ અદ્ભૂત છે. જેમ કે... शिवोऽहम्... सच्चिदानन्दोऽहम्... अजरोऽहम्... साधकोऽहम्... शिष्योऽहम्... धनी अहं.... निर्धनोऽहम्... मूर्खोऽहम्.... विद्वानोऽहम्....। આમ બધે જ હું રહેલો છે.[૩૪] આત્માના વિચાર કરવાના અનેક પ્રકાર છે. શબ્દના આધારે આત્માનો જો વિચાર કરવામાં આવે તો ૐ, सोऽहं, अ, अंर्ह, सिध्ध, परमात्मन्, निरंजन વગેરે આત્મવાચક શબ્દોથી ધીરે–ધીરે સ્મરણ કરવું જોઈએ. જેમ કે... ''હું એક જ છું, નિર્મળ છું, શુદ્ધ છું, જ્ઞાનદર્શનના લક્ષણો રાખવાવાળો છું. અને બધા ભાવ કે કર્મના સંયોગથી ઉત્પન્ન થાય છે. તે બધા મારા સ્વભાવથી બહાર છે.''[૩૫] જેમ માટીમાંથી થયેલો ઘડો માટીમાં, પાણીમાંથી ઉપજેલો તરંગ પાણીમાં અને સોનામાંથી બનેલું કડું સોનામાં લય પામે છે, તેમ મારા અર્થાત્ 'અહં' માંથી ઉદ્ભવ પામેલું વિશ્વ મારામાં અર્થાત્ 'અહં' માં જ લય પામશે.[૩૬]

## ✧ સત્, ચિત્ અને આનંદનું ત્રિવેણીતીર્થ :

ગુણવંત શાહ કહે છે કે, ૐ જે અક્ષર છે, પરમ છે અને બ્રહ્મ છે તેનો સ્વભાવ અધ્યાત્મ છે અને અધ્યાત્મનું રહેઠાણ ૐ ચેતનામાં છે. આત્મભાવ એ ૐ – ચેતનામાં ભ્રમણ છે. સત્, ચિત્ અને આનંદનું ત્રિવેણીતીર્થ છે.[૩૭]

## ✧ નમસ્કાર મહામંત્ર :

આચાર્ય મહાપ્રજ્ઞ કહે છે કે,

જૈન પરંપરામાં 'ओम्' પંચપરમેષ્ઠીના પાંચ વર્ણથી નિષ્પન્ન થાય છે. अर्हन्त, अशरीर, आचार्य, उपाध्याय અને मुनि આ પાંચ પરમેષ્ઠીઓના અક્ષરોનો પ્રયોગ કરવામાં આવતા 'ओम्' બને છે. अ+अ+आ+उ+म्=ओम् આખો નમસ્કાર મહામંત્ર ઓંકારમાં ગર્ભિત છે.

જૈન આચાર્યોએ ઓમ્‌ની નિષ્પત્તિનું બીજું એક સ્વરૂપ પણ પ્રસ્તુત કર્યું છે. अ – જ્ઞાન, उ – દર્શન અને म् – ચરિત્રનું પ્રતીક છે. આ ત્રણ વર્ણોથી સિદ્ધ થયેલ (अ+उ+म्) ઓંકાર ત્રણ રત્નોનું પ્રતીક છે. જ્ઞાન, દર્શન, ચરિત્ર ત્રણેયની ઉપાસના કરે છે.[૩૮]

## ✧ બધા અવાજોનું મૂળ :

સંત શિવાનંદ સ્વામી કહે છે કે, ભગવાન વિષ્ણુના ચાર હાથ છે તેમાંથી એક હાથમાં શંખ છે તેમાંથી અવાજ નીકળે છે. ૐ બધા અવાજોનું મૂળ છે. ૐના નાદમાંથી જ વિશ્વ ઉત્પન્ન થયું છે.[૩૯]

## ✧ સર્વમંત્રોમાં નાયક :

ॐकारः प्रणवो ब्रह्म सर्वमन्त्रेषु नायकः । અર્થાત્, બ્રહ્મનો વાચક જે પ્રણવ એટલે ૐકાર તે સર્વમંત્રોમાં નાયક છે.[૪૦]

## ✧ શબ્દબ્રહ્મ અથવા સર્જનાત્મક શબ્દ :

સંત મિખાઈલ મીરદાદ કહે છે કે, અજ્ઞાનરૂપી પાટા અને જકડાયેલા તાળા તોડવાની ચાવી એક 'શબ્દ' છે. આ શબ્દને 'સર્જનાત્મક શબ્દ' અથવા 'શબ્દબ્રહ્મ' કહે છે.[૪૧]

## ✧ અજપાસ્મરણ :

શ્રીમન્નથુરામશર્મા કહે છે કે,

અપ્રયત્ન સાધ્ય સ્વાભાવિક રીતે જે જપ જપાયા કરે તે અજપા–સ્મરણ કહેવાય છે. અંતરનો પવન નાક તથા મુખ વાટે બહર નીકળતાં ''હં'' નો ને બહારના વાયુનું અંતર આવવું થતાં ''સઃ'' નો સ્વાભાવિક રીતે ધ્વનિ થયા કરે છે, તેથી જ પ્રાણને હંસનું નામ આપવામાં આવ્યું છે. હંસઃ ને ઉલ્ટાવવાથી તે સોહંમાંના સ પછીનો ઓ અને હ પછીનો અનુસ્વાર મળીને ઓમ્ થાય છે, અથવા ઓમ્ એ આત્માનું સંકેતરૂપ નામ છે, ને સોહં એ પ્રાણનું સંકેતરૂપ નામ છે.[૪૨]

## ✧ સર્વભાવસૂચક :

સ્વામી વિવેકાનંદ કહે છે કે, ૐ અનાદિ સ્ફોટ અવિભાજ્ય છે. બધા પવિત્ર શબ્દોમાં તે સૌથી વધુ પવિત્ર છે, બધાં નામ અને રૂપોનો તે જનક છે. આ અનાદિ ૐમાંથી જ સમસ્ત બ્રહ્માંડ ઉત્પન્ન થયું છે. માત્ર ૐકાર જ સર્વભાવસૂચક પ્રતીક છે.[૪૩]

## ✧ હાજી, અનુકૂળ થવું :

વિનોબા ૐ નો અર્થ મરાઠી અને ગુજરાતીમાં 'હાજી' કરે છે. ૐ અર્થાત્ અનુકૂળ થવું એવો પણ કરે છે.[૪૪]

## ✧ સંસ્કૃતિનો મૂળ શબ્દ :

પૂજ્યશ્રી મોટા કહે છે કે, સૌથી પહેલો શબ્દ ૐ છે. ૐ આપણી સંસ્કૃતિનો મૂળ શબ્દ છે.[૪૫]

## ✧ વિવિધ દેવો :

જૈનાચાર્ય વિરચિત મંત્રવ્યાકરણમાં એક સ્તોત્રમાં કહ્યું છે કે,

હે ૐકાર ! તું જ બ્રહ્મા, તું જ વિષ્ણુ છે, તું જ શિવ છે, તું જ દેવ છે, તું જ ગણેશ છે, તું જ ઈન્દ્ર છે, તું જ સૂર્ય છે, તું જ ચન્દ્ર છે એવા મારા પુનઃ પુનઃ નમસ્કાર હો[૪૬] આ બાબત પણ ૐમાં જ વિવિધ દેવો વર્ણવે છે.

## ✧ શિવ :

શૈવ આગમોમાં પ્રણવ (ૐકાર) ની વિશિષ્ટ ઉપાસના છે. તેમાં પ્રણવ એ શિવ છે, જેથી પ્રણવને મૂર્ધસ્થાને રહેલું અર્ધચન્દ્રબિન્દુ શિવમસ્તકે પણ શોભે છે. યોગીને આજ્ઞાચક્રમાં પ્રણવ પ્રત્યક્ષ છે; ત્યાં ચંદ્રાકાર જ્યોતિના દર્શન થાય છે. અને ચંદ્રકિરણોમાંથી ટપકતાં અમૃતના આસ્વાદનો આનંદ મળે છે.[૪૭]

મહર્ષિ ભૃગુએ પણ ૐ એ સૂક્ષ્મ પ્રણવ છે અને 'નમઃ શિવાય' એ પંચાક્ષર સ્થૂલ પ્રણવ છે એમ જણાવ્યું છે.[૪૮]

શિવ–પાર્વતી સંવાદમાં શિવજી કહે છે કે, હે દેવી ! પ્રણવના અર્થનું જ્ઞાન એ જ મારા સ્વરૂપનું જ્ઞાન છે. જેનું શ્રવણ કરી જીવાત્મા સાક્ષાત્ શિવ બને છે. પ્રણવમંત્ર સર્વ વિદ્યાઓનું બીજ છે. પ્રણવ શિવ છે. એ જ અને શિવ જ પ્રણવ કહેવાય છે. શિવનું એકાક્ષર ૐકારસ્વરૂપ દેવ છે. શિવજી ૐ એવા એકાક્ષર પ્રણવમંત્રમાં વિદ્યમાન છે. આ એક જ અક્ષરબ્રહ્મ છે માટે તો કહ્યું છે કે....

"साधु पुष्टिमिदं विप्रा भवद्भिर्भाग्यवत्तमैः ।
दुर्लभं हि शिवज्ञानं प्रणवार्थ प्रकाशम् ॥"

અર્થાત્... હે ભૂદેવો ! તમે ભાગ્યવાનોએ યોગ્ય પ્રશ્ન કર્યો છે. કારણ કે પ્રણવ ૐકારના અર્થને પ્રકટ કરનારું શિવસંબંધી જ્ઞાન અતિ દુર્લભ છે. પ્રણવનો પ્રકાશ શિવતત્ત્વને સમજવાથી જ થાય છે. શિવની પ્રસંશા સિવાય આ ઉત્તમજ્ઞાન પ્રાપ્ત થતું નથી.[૪૯]

ઓમ્ પદ વડે જ શિવની સ્તુતિ થાય છે તેથી તો શિવમહિમ્ન સ્તોત્રમાં કહ્યું છે કે...,

"त्रयी तिस्त्रो वृत्तीस्त्रिभुवनमथो त्रीनपि सुरा-
नकाराद्यैर्वर्णैस्त्रिभिरभिदद्यतीर्णाविकृति ।
तुरीयं ते धाम ध्वनिभिरवरुंधानमणुभिः
समस्तं व्यस्तं त्वां शरणद गुणोत्योमिति पदम ॥

मम सर्वा रुद्र पशुपतिरथोग्र सहमहोस्तथा
भीमेशानाविति यद्दमिताष्टकमिद्दम् ।

अभुष्मिन्मप्रत्येकं प्रविचरति देव श्रुतिरपि
प्रियायास्मै द्याम्ने प्रविहितनमस्योस्मि भवते ।।[૫૦]

'ભો શરણમ્ ! ॐ એ પદ વડે આપની સ્તુતિ થાય છે. ૐકાર સર્વરૂપથી સમસ્ત તથા અક્ષરરૂપે વ્યસ્તિભિન્ન છે, અકાર તથા મકાર એ ત્રણ–ત્રણ વર્ણ વડે ઋક્, યજુસ્ તથા સામ એ ત્રણ વેદોને કરે છે તથા ઉદાત્ત, અનુદાત્ત તથા સ્વરિત ભેદ કરીને સ્વર તથા વ્યંજનોને ધારણ કરે છે. ત્રણ લોક તથા બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર એ ત્રણે દેવોને પણ ૐકાર ધારણ કરે છે.

એ ૐકાર આપના સૂક્ષ્મ તેજ તુરીયા નામના ધામમાં વ્યાપક છે, તુરીયાનું સ્વરૂપ એવું છે, કે જાગ્રતાવસ્થામાં હૃદયથી કંઠ સુધી, સ્વપ્નમાં કંઠથી તાળુ સુધી, સુષુપ્તિમાં તાળુથી લલાટ સુધી તથા શિવતત્ત્વ તુરીયામાં લલાટથી કુંડળી સુધી વ્યાપક છે. તુરીયા સ્વરૂપ ષટ્વિકારથી પૃથક છે.

હે ભૂદેવ ! આપના અભિધ્યાનાષ્ટકનાં આઠ નામ છે, તે વિશ્રુતિએ નામને ભિન્ન–ભિન્ન કરીને કહે છે. પહેલુ ભવ, બીજુ સર્વ, ત્રીજુ રુદ્ર, ચોથુ પશુપતિ, પાંચમુ ઉગ્ર, છટ્ઠુ મહાનપણાને લીધે મહાદેવ, સાતમુ ભીમ તથા આઠમુ ઈશાન નામ છે. અગ્નિપુરાણમાં કહ્યું છે કે, પ્રણવ જ શિવ છે.[૫૧]

પ્રણવોપનિષદ્માં કહ્યું છે કે,

तत्र देवास्त्रयः प्रोक्ता लोका वेदास्त्रयोऽग्नयः ।
तिस्त्रो मात्रार्धमात्रा च प्रत्यक्षस्य शिवस्य तत् ।।[૫૨]

અર્થાત્, એ ૐકાર બ્રહ્મમાં ત્રણ દેવતા (બ્રહ્મા, વિષ્ણુ, મહેશ), ત્રણ લોક, (ભૂઃ, ભુવઃ સ્વઃ) ત્રણ વેદ, (ઋક્, યજુસ્, સામ્) ત્રણ અગ્નિ, (ગાર્હપત્ય, દક્ષિણાગ્નિ, આહ્વનીય) ત્રણ પૂર્ણમાત્રા અને એક અર્ધમાત્રા (અ, ઉ, મ્ અને અનુસ્વાર) સમાયેલ છે. એ જ એનું સાક્ષાત્ કલ્યાણકારી શિવ સ્વરૂપ છે. તાત્પર્ય એ જ છે કે, શિવ ઓમ્નું સ્વરૂપ જણાય છે.

## ✧ ગણેશ :

'ॐ શ્રી ગણેશાય નમઃ' માં જયા મહેતા કહે છે કે,

ગણેશ શબ્દ બ્રહ્મ ઓમ્કારનું વ્યકત સ્વરૂપ મનાય છે. ॐ શ્રીગણેશનું વિશેષ નામ છે. વેદોમાં ગણેશનું જ વર્ણન છે. દેવથી માંડીને મનુષ્ય સુધીના બધા ગણેશના ઉપાસક છે. ૐકારબીજના જપથી ગણેશ પ્રસન્ન થાય છે. અગ્નિપુરાણમાં એકાક્ષરી મંત્રને મૂળમંત્ર કહ્યો છે. તે આ પ્રમાણે છે.

ॐ गं स्वाहा અથવા गणपतये नमः । આમ ઓમ્ને ગણેશનું વ્યકત સ્વરૂપ કહેવાયું છે.[૫૩] પ્રાચીન સમયમાં એક વિશિષ્ટ સમાજ મુખ્યત્વે આ પ્રસિદ્ધ વૈદિક દેવતા ગણપતિની જ ઉપાસના કરતા હતા. ગણાધિપતિ ગણનાથ અથવા ગણેશને વેદનો અનુગામી બધા જ સમ્પ્રદાયોની ઉપર તેનો પ્રભાવ

છે. તેનું જુદું અસ્તિત્ત્વ આ સમયે વિશેષ રૂપે ન હોવાથી હિંદુમાત્ર દ્વારા કોઈ દેવદેવીની પૂજા થવાથી પૂર્વે ગણદેવતાની પૂજા કરવી જરૂરી છે. આના દ્વારા જ એ અનુમાન કરી શકાય કે ગણપતિનો પ્રભાવ કેટલો હશે.[૫૪] આ બાબત ગણેશનું મહત્ત્વ દર્શાવે છે. તેથી જ સંત શિવાનંદ સ્વામી કહે છે કે, ભગવાન શ્રીગણેશની પ્રાર્થના કરવાનું કહ્યું છે કારણ કે ગણેશ હિંદુઓના મુખ્ય મંત્ર ૐ નું આલેખન છે. કોઈપણ પ્રાર્થનાની શરૂઆત માટે જ ૐ થી થાય છે. હાથીના મસ્તકનો આકાર ૐ ના પ્રતીક જેવો છે.[૫૫] પંડિત રઘુનંદન શર્મા કહે છે કે, બધા જ જાણે છે કે, ગણેશ આરંભના દેવતા છે. તેની ઉત્પત્તિ ઓમ્થી થઈ છે. કારણ કે આ આરંભમાં મંગલાચરણ માટે લખવામાં આવે છે. આમ લખતા–લખતા જ ગજાનન બની ગયેલ છે.[૫૬] (જુઓ પરિશિષ્ટ – ૨ : ચિત્રો) તાત્પર્ય એ છે કે, ગણેશ પણ ઓમ્નું જ વાચક છે તેમ જણાય છે.

### ✧ નારાયણ :

આત્મબોધોપનિષદ્માં કહ્યું છે કે,

ભગવાન નારાયણને ૐકાર સ્વરૂપ કહેતા કહ્યું છે કે, સમસ્ત ભૂત પ્રાણીઓમાં વાસ કરનારા એકમાત્ર ભગવાન નારાયણ જ કારણરૂપ વિરાટપુરુષ છે, એ જાતે જ કારણરહિત છે, પરબ્રહ્મ છે, એ પ્રણવરૂપ ૐકાર સ્વરૂપ છે.[૫૭]

### ✧ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ :

પુરાણોના સમયમાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ એ ત્રણ દેવો માટે ૐ શબ્દ પ્રયોજાયો છે.[૫૮] જયા મહેતા પણ કહે છે કે, ઓમ્ : અ – વિષ્ણુ, ઉ – શિવ, મ – બ્રહ્મદેવ એવો અર્થ કરવામાં આવે છે.[૫૯]

### ✧ ઉમા :

શકિત સ્તોત્રમાં કહ્યું છે કે,

उमेति परमाशक्तिः पूर्वभावमुपेयेषी ।
अध्युष्टलयाकारा प्रणवतत्त्वमुपागता ।
अकाररूपिण्य जरा शिवानन्ता मदद्रवा ॥[६०]

ઉમા નામની શકિતને પણ ૐથી અભિન્ન કહેવામાં આવી છે. વસ્તુતઃ ઉમા, ૐકાર અને કુંડલિની પણ એક જ તત્ત્વ છે. આ બાબતને સમર્થન આપતા યોગભિક્ષુ કહે છે કે, 'ઉમા' શબ્દમાં પણ ઓમ્ના 'અ', 'ઉ' અને 'મ્' એ ત્રણે અક્ષરો રહેલા છે. 'ઉમા' શબ્દમાંના ત્રણે અક્ષરોને જુદા કરીએ તો 'ઉ', 'મ' અને 'અ' થાય છે. 'મા' માં બે અક્ષરો રહેલા છે 'મ' અને 'અ' ઉમાનો પહેલો અક્ષર 'ઉ' પછી બીજો 'મ' અને ત્રીજો 'અ' આ રીતે ત્રણ અક્ષરો થયા, માતાજીના નામમાં. માતાજીનું જે નામ ઉમા

છે તે ઉમા શબ્દ 'ઉ', 'મ' અને 'અ' છે. અને ઓમ્‌માં 'અ', 'ઉ', 'મ્' છે. માત્ર ક્રમમાં જ ફેરફાર છે. જાણ્યે–અજાણ્યે સૌ ઓમ્‌માં જ માને છે.[૬૧]

## ✧ ગાયત્રી :

ગોપથ બ્રાહ્મણમાં કહ્યું છે કે,

આ ગાયત્રી નામની બ્રહ્મશકિત ત્રિલોકીને ઘડે છે, અને ત્રિલોકીથી પર પણ છે વળી તે વેદત્રયીના સારરૂપ છે, માટે વેદત્રયીના રહસ્યને જણાવનારી છે. આ ચોવીસ અક્ષર વડે ઘડાયેલી, ત્રણ પાદમાં રચાયેલી, ત્રણ વ્યાહૃતિમાં બીજભાવે રહેલી અને પ્રણવની ત્રણમાત્રામાંથી પ્રસૂતિબળ મેળવનારી શકિત દ્વિજોનું પરમ દૈવત છે.[૬૨] રત્નત્રયીમાં કહ્યું છે કે, भुर्, भुवः, स्वः આ ત્રણ વ્યાહૃતિઓનો સાર એટલે ૐકાર.[૬૩] ગાયત્રીમંત્ર ૐકારની જ વ્યાખ્યા છે.[૬૪]

## ✧ સીતા :

પરમાત્માની ક્રિયાશકિતરૂપ સીતાજીનું સ્વરૂપ શ્રીહરિના મુખથી નાદરૂપે પ્રગટ થયું. એ નાદથી બિન્દુ અને બિન્દુથી ઓંકાર થયો.[૬૫] તેથી સીતા પણ ઓમ્‌નું સ્વરૂપ જણાય છે.

## ✧ ગાયત્રી, સરસ્વતી, સાવિત્રી :

બ્રહ્મ ચૈતન્યની શુદ્ધ શકિતને ગાયત્રી, સરસ્વતી, સાવિત્રી નામથી ઓળખવામાં આવે છે.[૬૬]

## ✧ વિવિધ અર્થો :

ઉણાદિસૂત્ર (अवेष्टिलोपश्च - ૧૩૯) થી ૐ શબ્દની નિષ્પતિ કરી છે. अवति यः स्

ૐકારના ૨૧ અર્થો अव ધાતુના આધારે પાણિનિએ આપ્યા છે. જેમ કે...,

(૧) રક્ષણ – સંસાર સાગરમાંથી રક્ષણ.
(૨) ગતિ – તમામ વસ્તુઓને યોગ્ય રીતે જાણનાર.
(૩) કાન્તિ – જગતના પ્રકાશ – પ્રદાતા.
(૪) પ્રીતિ – આનંદ સ્વરૂપોનું ભકતોને દાન આપનાર.
(૫) તૃપ્તિ – શાંતિ સ્વરૂપે ભકતોને તૃપ્ત કરનાર.
(૬) અપગમ – તમામના વિચારોને જાણનાર.
(૭) પ્રવેશ – સૂક્ષ્મ સ્વરૂપે પ્રત્યેક પ્રાણીઓમાં નિવાસ.
(૮) શ્રવણ – ગુપ્ત શબ્દના શ્રોતા.
(૯) સ્વામ્યર્થ – સચરાચર જગતના શાસનકર્તા.

(૧૦) વાચન – દરેકની યાચનાઓનું સ્થાન.
(૧૧) ક્રિયા – સાંસારિક ક્રિયાઓમાં સંચાલક.
(૧૨) ઈચ્છા – જીવોની શુભકામનાઓના પ્રદાતા.
(૧૩) દીપ્તિ – અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરનાર.
(૧૪) વ્યાપ્તિ – અણુથી પરમાણુમાં વ્યાપ્ત – અંતઃકરણના પ્રદર્શક.
(૧૫) આલિંગન – સર્વવ્યાપક હોઈ સર્વના સંબંધી.
(૧૬) હિંસા – અજ્ઞાનરૂપી હિંસાનો નાશ કરનાર.
(૧૭) દાન – સુખદાતા પદાર્થો આપનાર, સુબુદ્ધિના દાતા.
(૧૮) ભોગ – સ્થૂળ જગતને પોતાનામાં લીન કરનાર.
(૧૯) વૃદ્ધિ – સૂક્ષ્મને સ્થૂળ સ્વરૂપમાં વૃદ્ધિ કરનાર.
(૨૦) આનંદ – આનંદિત કરવું.
(૨૧) દેદીપ્યમાન – દેદીપ્યમાન થવું.[૬૭]

ઓમ કોઈપણ મંત્રની શરૂઆતમાં જોડી દેવામાં આવે છે.

"ओमभ्यादाने"[૬૮] નિયમ અનુસાર જોડવામાં આવે છે.

## ✧ અન્ય અર્થો :

નાદબ્રહ્મ, શબ્દબ્રહ્મ, આદિ અને અંત, અગ્નિ, અવાજ, સ્પંદન, અમરતા, બ્રહ્મનું ચિહ્ન, અમર અક્ષર, ગૂઢ અક્ષર, પરમોચ્ચતત્ત્વ, મહામંત્ર, ઉદ્‌ગમસ્થાન, સંગીત, વાણી, સર્વેસર્વા, આધ્યાત્મિક ઔષધ, અક્ષરબ્રહ્મ, અનન્ય ચૈતન્ય આનંદ વગેરે... અર્થો જોવાં મળે છે. આ સિવાય દયાનંદ સરસ્વતીએ અનેક અર્થો આપ્યા છે.[૬૯]

આમ ઓમ્‌ના અનેક અર્થો પ્રાપ્ત થાય છે. તેમાંથી અહીં ઉપર્યુકત કેટલાક અર્થો રજૂ કર્યા છે.

વેદ, ઉપનિષદ્ અને સાહિત્યમાં ઓમ્‌ના અનેક અર્થો રજૂ થયા છે, જેની વિગતે ચર્ચા પ્રસ્તુત નિબંધમાં કરવામાં આવી છે.

## સંદર્ભ પ્રકરણ : ૧ – ૧ : ઓમ્ એક પ્રતીક :


૧. શ્રી ઉપનિષદ્દો, તાત્પર્યદીપિકા, પૃ. ૪૯.

૨. ब्रह्मसूत्रशांकरभाष्य - ४ / १ / ४ / ५ ॥

૩. ભકિતયોગ, પ્રતીકો તથા પ્રતીકોની ઉપાસના; પૃ. ૩૩–૩૭.

૪. ગીતારહસ્ય, પૃ. ૧૩, વમિતમ્ મધુરમ્, રક્ષા દવે; પૃ. ૧૩૨–૧૩૬.

૫. ચિદાનંદ્મયી મા ગાયત્રી, મૂર્તિ કે પ્રતીક પૂજનની આવશ્યકતા; પૃ. ૧૧.

૬. સંસ્કૃતિ પૂજન, પ્રતીકદર્શન; પૃ. ૧૮૧–૧૮૩.

૭. જનકલ્યાણ, પ્રતીકોપાસના; પૃ. ૪ (વર્ષ – ૨૦૦૨, નવે. અંક : ૮).

૮. कबीरवाणीसंग्रह; पृ. १३२ ।

૯. कबीरवाणीसंग्रह; पृ. १३२ ।

૧૦. सर्वेषां मङ्गलानां च बीजं प्रणव एव हि ।
શ્રીપાતંજલયોગદર્શન, ટિપ્પણી; પૃ. ૧૨૩

૧૧. નમસ્કાર મંત્ર સિદ્ધિ, ૐકાર અથવા પ્રણવ મંત્ર; પૃ. ૨૮૧–૨૮૯.

૧૨ बृहदारण्यकोपिनिषद्; १ - ३ - २३ ।

૧૩. ध्यानबिन्दूपनिषद् - ९ ।

૧૪. भगवद्गीता; ८ / १३ ।

૧૫. नारदपरिव्राजकोपनिषद् - ८ / ९ ।

૧૬. હિન્દુધર્મકોશ, ડૉ. રાજવલી પાણ્ડેય, પૃ. ૪૧૮ થી ૪૧૯.

૧૭. શ્રીયોગકૌસ્તુભ, શ્રીમન્નથુરામશર્મા; પૃ. ૨૩૫.

૧૮. શિવમહાપુરાણ – ૧, ૨, શિવલિંગનો મહિમા; પૃ. ૩૮.

૧૯. પ્રાચીનભૃગુસંહિતા; પૃ. ૫૮.

૨૦. શિવમહાપુરાણ – ૧, ૨, શ્રી ઓમકારેશ્વર – મમલેશ્વર જ્યોર્તિલિંગ; પૃ. ૧૯.

૨૧. શ્રી પાતંજલયોગદર્શન, શ્રીમન્નથુરામશર્મા, ટિપ્પણી; પૃ. ૧૨૩.

૨૨. श्रीमद्भगवद्गीताः अ. ७ / ८ ।

૨૩. कल्याण - १९५०, वर्ष - २४, फरवरी, पृ. १४४ ।

૨૪. કૃષ્ણનું જીવન સંગીત, અક્ષરબ્રહ્મયોગ; પૃ. ૧૬૭.

૨૫. ઈશ્વરની ઓળખ; પૃ. ૨૨.

૨૬. ઈશ્વરની ઓળખ; પૃ. ૨૩.

૨૭. એસો પંચણમોકકારો, આચાર્ય મહાપ્રજ્ઞ; પૃ. ૧૦૯–૧૨૯.

૨૮. जाबाल्युपनिषद् - २१ / २२ ।

૨૯. भारतीय सांस्कृतिक मूतलत्त्व, डॉ. शिवदास, मांडूक्योपनिषद्, टिप्पणीः पृ. १०२ ।

૩૦. શ્રીમાતાનું નિકેતન, ડૉ. હર્ષદાજાની, શ્રીયંત્ર; પૃ. ૫–૬

૩૧. ઈશ્વરની ઓળખ; પૃ. ૨૩.

૩૨. શબ્દ અને સાહિત્ય; પૃ. ૧૨૮

૩૩. એક ઉપનિષદ્ લેબનોનનું; પૃ. ૧૪.

૩૪. साधना में सफलता, पृ. ९४ ।

૩૫. एकोऽहं निर्मलः शुद्धो ज्ञानदर्शनलक्षणः ।
शेषा मे बाहिरा भावा सर्वे संयोग लक्षणाः ॥
आत्मधर्म, ब्रह्मचारीशीतलप्रसादजी, पृ. ४९ ।

૩૬. मत्तो विनिर्गतं विश्वं मय्येव लयमेष्यति ।
मृदि कुंभो जले वीचिः कनके कटकं यथा ॥ २ / १० ।
યોગના પાઠ – ૨૪; પૃ. ૬૩.

૩૭. કૃષ્ણનું જીવન સંગીત, અક્ષર બ્રહ્મયોગ; પૃ. ૧૬૭.

૩૮. એસો પંચણમોકકારો, આચાર્ય મહાપ્રજ્ઞ; પૃ. ૧૦૯–૧૨૯.

૩૯. યોગના પાઠ (૩); પૃ. ૨૯

૪૦. શ્રીપાંતજલયોગદર્શન, ટિપ્પણી; પૃ. ૧૨૩.

૪૧. એક ઉપનિષદ્ લેબનોનનું; પૃ. ૧૪.

૪૨. શ્રીયોગકૌસ્તુભ, શ્રીમન્નથુરામશર્મા, જપ; પૃ. ૧૫૮ – ૧૫૯.

૪૩. ભકિતયોગ; પૃ. ૩૦–૩૩.

૪૪. નામમાળા; પૃ. ૧૦.

૪૫. મૌનમંદિરનો મર્મ; પૃ. ૧૦૪ – ૧૧૩.

૪૬. નમસ્કાર મંત્ર સિદ્ધિ; પૃ. ૨૮૧–૨૮૯.

૪૭. શિવતત્ત્વ, પ્રા. ઈન્દ્રવદન રાવલ; પૃ. ૨૫.

૪૮. પ્રાચીનભૃગુસંહિતા, અધ્યાય – ૨, દ્વિતીય ખંડ; પૃ. ૫૮.

૪૯. શિવમહાપુરાણ, મહર્ષિ વેદવ્યાસ, કૈલાસ સંહિતા, શિવ–પાર્વતી સંવાદ; પૃ. ૬૨૮.

૫૦. शिवमहिम्नस्तोत्रं, पुष्पदन्तविरचित - २७ / २८ ।

૫૧. अग्निपुराण, अध्याय - १२४ / १ / २३ ।

૫૨. प्रणवोपनिषद् - ३ ।

૫૩. શ્રી ગણેશાય નમઃ; પૃ. ૧૧–૧૪.

૫૪. कल्याण - १९५०, वर्ष - २४, फरवरी, पृ. ५२६ ।

૫૫. યોગના પાઠ (૩); પૃ. ૧૬–૧૯.

૫૬. વૈદિક સમ્પત્તિ; પૃ. ૪૩૧ – ૪૩૨.

૫૭. सर्वभूतस्थमेकं नारायणं कारणपुरुषमकारणं परं ब्रह्मोम् ।
आत्मबोधोपनिषद् - १ / ४ ।

૫૮. શ્રીમદ્ ભગવદ્ગીતા, સી.એલ.શાસ્ત્રી, અધ્યાય – ૮, ૧૨ – ૧૩ (ટિપ્પણી).

૫૯. ૐ શ્રીગણેશાય નમઃ; પૃ. ૧૧ – ૧૪.

૬૦. (શકિતસ્તોત્રની ટીકામાંથી ઉદ્ધૃત; પૃ. ૧૭)
मन्त्र और मातृकाओंका रहस्य ।

૬૧. ઈશ્વરની ઓળખ; પૃ. ૨૪.

૬૨. गोपथब्राह्मण - १ / ३० / ३८ ।

૬૩. રત્નત્રયી ગાયત્રી; પૃ. ૧૭.

૬૪. कल्याण - १९६४, वर्ष - ३८, अगस्त, पृ. १०८४ ।

૬૫. सीतोपनिषद् - २० ।

૬૬. શાકત સંપ્રદાય, પ્રકરણ – ૨; પૃ. ૧૧.

૬૭. अष्टाध्यायी, पाणिनि, अवेतिष्टलोपश्च - १३९ ।

૬૮. अष्टाध्यायी, पाणिनि, - ८ / २ / ८७ ।

૬૯. સત્યાર્થપ્રકાશ; પૃ. ૧–૧૮.

# પ્રકરણ : ૧–૨ : વેદ અને ઉપનિષદ્દોની દૃષ્ટિએ ઓમ્

પ્રકરણ : ૧–૨–૧ : વેદ.

પ્રકરણ : ૧–૨–૨ : બ્રાહ્મણગ્રંથો.

પ્રકરણ : ૧–૨–૩ : આરણ્યકો.

પ્રકરણ : ૧–૨–૪ : મુખ્ય ઉપનિષદ્દો.

પ્રકરણ : ૧–૨–૫ : અન્ય ગૌણ ઉપનિષદ્દો.

પ્રકરણ : ૧–૨–૬ : શ્રૌતસૂત્રો.

પ્રકરણ : ૧–૨–૭ : પ્રાતિશાખ્યો.

# પ્રકરણ : ૧–૨ : વેદ અને ઉપનિષદ્દોની દૃષ્ટિએ ઓમ્

## પ્રકરણ : ૧–૨–૧ : વેદ

(૧) ઋગ્વેદ.

(૨) યજુર્વેદ.

(૩) સામવેદ.

(૪) અથર્વવેદ.

# પ્રકરણ : ૧–૨–૧ : વેદ

વેદ, ઉપનિષદ્ અને સાહિત્યમાં ઓમ્‌ના અનેક અર્થો રજૂ થયા છે, જેની વિગતે વિશેષ ચર્ચા પ્રસ્તુત નિબંધમાં કરવામાં આવી છે.

✧ વેદ :

વેદ શબ્દનો ઉલ્લેખ પ્રાચીનકાળથી ભારતીય સાહિત્યમાં થતો આવ્યો છે. આદિ શંકરાચાર્ય તો કહે છે કે...

"वेदो नित्यम् अधीयताम् ।"

અર્થાત્, 'વેદનું અધ્યયન નિત્ય કરવું જોઈએ.'

✧ દયાનંદ સરસ્વતી :

વેદ શબ્દ નીચેની ચાર મુખ્ય ધાતુઓ પરથી નિષ્પન્ન કરવામા આવે છે.

(૧) विद् ज्ञाने – (૨ જો ગણ પરસ્મૈપદ) જાણવું.
(૨) विद् विचारणे – (૭ મો ગણ) વિચારવું.
(૩) विद् लाभे – (૬ ઠો ગણ ઉભયપદી) મેળવવું – પ્રાપ્ત કરવું.
(૪) विद् सत्तायाम् – (૪ થો ગણ પરસ્મૈપદ) હોવું – અસ્તિત્ત્વ હોવું.

विदन्ति जानन्ति, विद्यन्ते भवन्ति, विन्दन्ति अथवा विन्दन्ते लभन्ते, विन्दति विचारयन्ति सर्वे मनुष्याः सर्वाः सत्यविद्या यैर्येषु वा तथा विद्वांसश्च भवन्ति ते वेदाः ।

"જેનાથી સર્વે મનુષ્યો સત્યવિદ્યા જાણે છે, જેમાં બધી સત્યવિદ્યાઓ રહેલી છે, જેનાથી સઘળી સત્યવિદ્યાઓ પ્રાપ્ત થાય છે અને જેના દ્વારા સત્યવિદ્યા વિચારીને મનુષ્યો વિદ્વાન થાય છે તે 'વેદ' કહેવાય."

ભારતીય પરંપરા અનુસાર વેદો અનાદિ છે. તેના રચનારા કોઈ નથી. એ અપૌરુષેય છે. ઈશ્વરીય પ્રેરણાથી તપ કરતા ઋષિઓના હૃદયમાં સૃષ્ટિના આરંભે આ વેદો સ્વયં સ્ફુર્યા છે. એ પણ બ્રહ્માએ પૂર્વેના યુગમાં વેદો જેવા હતા તેવા જ ઋષિઓને આપ્યા છે. આથી આ વેદો કયારે રચાયા, કયા સમયે તેની રચના થઈ એવા પ્રશ્નોને ભારતીય પરંપરામાં અવકાશ નથી.

બ્રહ્માએ સૌપ્રથમ ૐકારાત્મક વેદનું ધ્યાન કર્યું. આથી શાસ્ત્રોમાં ૐ ને જ્ઞાનનું – વેદોનું બીજ અને બ્રહ્મનું સ્વરૂપ માનવામાં આવ્યું છે. સમગ્ર વૈદિક સાહિત્ય આ ઓમ્‌નું વ્યાખ્યાન છે. ભૂત, ભવિષ્ય, વર્તમાન તેમજ સમસ્ત પ્રપંચ આમાં જ અન્તર્હિત છે. જેવી રીતે એક વિશાળ વૃક્ષના મોટા–મોટા ફળ, અનેક ડાળીઓ અને અગણિત પાંદડાઓ એક સૂક્ષ્મ બીજમાં છુપાયેલા રહે છે, લાખો ચેષ્ટાઓ કરવા છતાં પણ ચર્મચક્ષુ દ્વારા તેનું દર્શન થતું નથી; પરંતુ પૃથ્વી, જળ, ઉષ્મા, વાયુ, અને આકાશનો સુયોગ મળી જવાથી તે અંકુરિત થઈ વિકસે છે. તેમ વાચનિક ઉહાપોહ દ્વારા તે ૐકારની વાસ્તવિકતા જાણવી કઠિન છે; પરંતુ ઈશ્વરીય નિયંત્રણથી વેદના રૂપમાં અંકુરિત થવાથી સમાધિસ્થ યોગીઓને તેનો સાક્ષાત્કાર થવા લાગે છે. બ્રહ્માએ સૌપ્રથમ ૐકારને જ પ્રાપ્ત કર્યો હતો. એટલા માટે તેને વેદનો આવિષ્કાર કહેવામાં આવ્યો છે.

### ✧ ઋગ્વેદ :

ૐકાર રૂપી વાણીનું વર્ણન કરાયું છે. જેમ કે, હું સાધક યજ્ઞકર્તારૂપ શરીરના પાંચ પદો, પાંચ કોષો ઉપર સ્થિર થાઉં, કર્મ અને નિયમપાલનથી ચારપદોવાળીનું અનુસરણ કરું. વાણીના ચાર પદ પરા, પશ્યન્તી, મધ્યમા અને વૈખરી છે. ओ३म् રૂપી અક્ષરની સાથે આ વાણીને યોજી અને સૃષ્ટિ નિયમ અને જ્ઞાનના નાભિકેન્દ્રમાં પોતાના આત્માને સ્થિર કરી પવિત્ર કરું.[૧] ૐકાર રૂપી વાણીનું મહત્ત્વ રજૂ થયું છે. પરમાત્મા શબ્દબ્રહ્મનું એકમાત્ર કારણ છે એટલા માટે મુખ્ય માનીને બૃહસ્પતિ અથવા વાચસ્પતિ કહેવામાં આવે છે. આ અભિપ્રાયથી પરમાત્માને માટે બહુધા કવિ શબ્દ આવ્યો છે. આ તાત્પર્યથી જ અહીંયા પરમાત્માને દીર્ઘજિહ્‌વાય કહેવામાં આવે છે.[૨]

### ✧ કવિ :

કવિ શબ્દનો અર્થ કોષગ્રંથોમાં સર્વજ્ઞ, વિચારવાન્, પ્રતિભાશાળી, પ્રશંસનીય, દૂરદર્શી, વિદ્વાન્, ત્રિકાલજ્ઞ પુરુષ, મનીષી વગેરે આપેલા છે. મનીષી શબ્દનો અર્થ પંડિત, વિદ્વાન્, બુદ્ધિમાન્, મેધાવી, સ્તોતા વગેરે મળે છે. ઉપનિષદ્દોમાં તે પરબ્રહ્મ – પરમાત્માને જ કવિ – મનીષી કહીને પ્રતિપાદન કરવામાં આવ્યું છે. कविर्मनीषी परिभूः स्वयंभूर्याथातथ्यतो (ઈશોપનષિદ્ – ૮) શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં પણ કહ્યું છે કે – શું કર્મ છે અને શું અકર્મ. એમાં કવિગણ પણ મોહિત થઈ જાય છે. किं कर्म किमकर्मेति कवयोऽप्यत्र मोहिताः । (શ્રીમદ્ ભગવદ્‌ગીતા – ૪.૧૬) શ્રીમદ્ ભગવદ્‌ગીતા ૮–૯ માં પરમેશ્વરને કવિ કહ્યા છે. કવિ ત્રિકાળદર્શી અને સર્વજ્ઞ હોય છે. પરમેશ્વર કવિ છે, તો સૃષ્ટિ તેની કવિતા, નિર્માતા હોવાના કારણે પણ તેને કવિ કહેવામાં આવે છે. તે પુરાણપુરુષ, સર્વેશ્વર, બધા દેવોના

ઉપાસ્ય દેવને કવિ કહીને નિરૂપિત કરવામાં આવ્યું છે. कविं पुराणं पुरुषं सनातनं सर्वेश्वरं सर्वेदैवरूपास्यम् । (મહોપનિષદ્ ૪.૭૧)

ૠષિએ અક્ષરબ્રહ્મની અનંત શકિતની સ્તુતિ કરતાં કહ્યું છે કે, "ૠચાઓ, યજુસ્, સામ અને તે સૌથી મહાન વ્યાપક અક્ષરમાં પ્રતિષ્ઠિત છે, જેમાં બધા દેવતા રહેલા છે, જે તેને જાણતો નથી તે ૠચાથી શું કરશે ? જે નિર્ભ્રાન્તરૂપથી તેને જાણે છે, તે આવાગમનના બંધનથી મુકત થઈ જાય છે."[૩] ગંગાધર મિશ્ર કહે છે કે, સૃષ્ટિના અનંત વૈચિત્ર્યની પ્રતીતિ અક્ષર બ્રહ્મથી જ થાય છે. સંસારમાં જે કંઈપણ અમને અપૂર્વ દશ્યોની આનંદમયી અનુભૂતિ થાય છે, તે શબ્દબ્રહ્મની ચમત્કૃતિ છે, અક્ષરબ્રહ્મની ચમત્કૃતિ છે. શબ્દબ્રહ્મની લીલા પણ અક્ષરબ્રહ્મના અદ્ભૂત વ્યાપારની જ પરિણતિ છે. આ સૃષ્ટિની સમસ્ત નવીનતાઓનું પ્રત્યક્ષ કરાવતાં અભ્યુદય અને નિઃશ્રેયસ્‌ની પૂર્ણતાનું અમૃત સુલભ કરાવે છે. આ અક્ષરબ્રહ્મની અવિચળ નિષ્ઠાને જ વૈદિક શ્રુતિની સનાતન એકરૂપતાને હંમેશ માટે વિશ્વસનીય બનાવે છે.[૪]

## ✧ અક્ષરબ્રહ્મ :

વેદમાં બ્રહ્મની અવધારણા એ પરમસત્તાના રૂપમાં છે, જે સર્વાતિશાયી, સર્વસમર્થ, સર્વત્ર વિદ્યમાન રહેનારી સર્વોચ્ચ શકિત છે. એ 'પરબ્રહ્મ' ને અનેક નામોથી અભિહિત કરવામાં આવેલ છે. – પરમાત્મા, પરમેશ્વર, બ્રહ્મ, ભૂમા, પરમચૈતન્ય, અક્ષરબ્રહ્મ ઓંકાર વગેરે પરબ્રહ્મનું અક્ષરાત્મક સ્વરૂપ 'ઓંકાર', 'પ્રણવ' રૂપમાં ઉપનિષદ્ વગેરે આર્ષગ્રંથોમાં સર્વત્ર પ્રાપ્ત થાય છે. તાત્ત્વિક દૃષ્ટિએ જોઈએ તો 'બ્રહ્મ' અક્ષર જ છે, न क्षरति इति अक्षरः - જેનું ક્ષરણ – વિનાશ નથી થતું, એ 'અક્ષર' કહેવાય છે. આ દૃષ્ટિએ 'અક્ષર' શબ્દબ્રહ્મની વિશિષ્ટતાનું બોધક થયું. એમ તો અક્ષરાત્મક – વર્ણાત્મક બ્રહ્મના રૂપમાં 'ૐ' પ્રણવને સ્વીકારવામાં આવેલ છે, જેમ अक्षरं परमं पदम् – (મહાનારાયણોપનિષદ્ – ૧૧.૧), अक्षरं परमं ब्रह्म निर्विशेषं निरंजनम् (૧) (યોગશિખોપનિષદ્ – ૩.૧૬) अक्षर ब्रह्मपरमं (શ્રીમદ્ ભગવદ્ગીતા – ૮.૩), अक्षरोऽहमोङ्कारोऽभयोऽअमृतो ब्रह्माभयं हि वै (ગોપાલો–ત્તરતાપિન્યુપનિષદ્ – ૪૦) આ ઉદાહરણો જોવાથી લાગે છે કે અક્ષરબ્રહ્મ – ઓંકાર – પ્રણવ – આત્મા વગેરે બધા એક જ તત્ત્વના પ્રતિપાદક છે.

તાત્પર્ય એ છે કે, અક્ષરબ્રહ્મના અદ્ભૂત વ્યાપારથી જ સૃષ્ટિની ઉત્પત્તિ થઈ છે અને અક્ષરબ્રહ્મ ઓમ્‌ને જાણનાર જ મોક્ષ પ્રાપ્ત કરી શકે છે.

તૈત્તિરીયબ્રાહ્મણમાં કહ્યું છે કે...

"જે વાણીને મન્ત્રદષ્ટા બુદ્ધિમાન ઋષિઓએ સાધનાત્મક સ્વાનુભૂતિના વિશ્વાસથી પ્રાપ્ત કરી છે. વિદ્વાનોએ બ્રહ્મચર્યરૂપી તપ અને બુદ્ધિના અશિથિલ કર્મયોગથી જેનો સાક્ષાત્કાર કર્યો છે, તે દેવી સ્વરૂપા વાણીનું શ્રદ્ધા–ભકિતરૂપી હવિથી અમે યજન કરીએ છીએ. તે હંમેશા અમને શુભકર્મના લોકમાં ક્રિયાશીલ બનાવે.[૫]

વૈદિક ભાષાનું આ દિવ્યસ્વરૂપ છે. કોઈપણ સાહિત્યને જીવનવ્યાપી દિવ્ય સંકલ્પની આવી અભયામૃત કલ્પના જ અક્ષય પૂજયત્વ પ્રદાન કરે છે. વાણીની આ પૂજનીય પ્રકૃતિની સાથે તેના અનંત આકર્ષણના સૌંદર્યની અપ્સરા પ્રકૃતિના રૂપમાં મહર્ષિએ સાક્ષાત્કાર કરાવ્યો છે.[૬]

નિષ્કર્ષ એ છે કે, ઋગ્વેદમાં અક્ષરબ્રહ્મ ઓમ્નો મહિમા સ્પષ્ટ થાય છે. તેમાં જ બધું રહેલું છે. તેને જાણનાર જ મોક્ષ પ્રાપ્ત કરી શકે છે.

## ✧ યજુર્વેદ :

ओ३म् આ નામવાચ્ય ઈશ્વરનું સ્મરણ કરવા કહ્યું છે. બધા જ મનુષ્યોને ઉપદેશ આપતાં ઈશ્વર કહે છે કે, હે મનુષ્યો ! જે હું અહીં છું તે બીજે સુર્યાદિલોક માં જે અન્ય સ્થાન સુર્યાદિલોકમાં છે તે અહીંયા છે. સર્વત્ર પરિપૂર્ણ આકાશની સમાન વ્યાપક મારાથી મોટું કોઈ નથી.[૭] ઓમ્ સર્વવ્યાપક છે. હું જ સૌથી મોટો છું. મારા સુલક્ષણોથી યુકત પુત્રની સમાન પ્રાણોથી વ્હાલું મારું નિજ નામ "ओ३म्" જે છે, તે મારા પ્રેમ અને સત્ય આચરણનું શરણ લેતો અન્તર્યામીરૂપથી હું તેની અવિદ્યાનો નાશ કરીને તેના આત્માનો પ્રકાશ કરીને શુભ ગુણકર્મ સ્વભાવવાળો કરી સત્યસ્વરૂપનું આવરણ સ્થિર કરી યોગથી થયેલ વિજ્ઞાનને આપે અને બધા દુ:ખોથી અલગ કરીને મોક્ષસુખને પ્રાપ્ત કરાવું છું.[૮]

તાત્પર્ય એ છે કે "ओ३म्" ઈશ્વરનું પુત્રની સમાન વ્હાલું નામ છે . સત્યનું આચરણ કરનાર જ મોક્ષને પ્રાપ્ત કરી શકે છે. "ओ३म्" જ મોક્ષને પ્રાપ્ત કરાવનાર બની રહે છે.

## ✧ સામવેદ :

સામાન્ય રીતે 'સામ' એટલે 'સુન્દર, સુખદ વાકય, સમજૂતી આપનારું વાકય.' 'સામ' શબ્દનો અર્થ 'સંગીત' અથવા 'ગાન' પણ થાય છે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં પણ શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે કે,

वेदानाम् सामवेदोऽस्मि (१० / २२)

'ચારેય વેદોમાંથી હું સામવેદ છું.'

સામવેદમાં પણ ઓમ્‌નું ખૂબ જ મહત્ત્વ છે.

ઉદ્‌ગાતા નામનો બ્રાહ્મણ સામવેદના મન્ત્રોનું યજ્ઞક્રિયામાં ગાન કરતો હોય છે. આ ગાન દ્વારા ઈન્દ્ર, અગ્નિ, સોમ, સૂર્ય, વરુણાદિ દેવતાઓની સ્તુતિ કરવામાં આવે છે. આવા સામગાનની પદ્ધતિ વિષે સામવેદના ઉત્તરાર્ચિકમાં, છાન્દોગ્યોપનિષદ્‌માં અને નારદીય શિક્ષામાં કેટલાક નિયમો બતાવ્યા છે.

"સામનું ગાન કરનારા પ્રથમ, દ્વિતીય, તૃતીય, ચતુર્થ, મન્દ્ર, ક્રુષ્ટ અને અતિસ્વર એવા સાત સ્વરો ગાય છે.[૯]

ભારતીય સંગીતમાં અન્યથા સાત સ્વરો આ પ્રમાણે ગણાવ્યા છે : (૧) ષડ્જ, (૨) ઋષભ, (૩) ગાન્ધાર, (૪) મધ્યમ, (૫) પંચમ, (૬) ધૈવત, (૭) નિષાદ.[૧૦]

આ બન્ને રીતના સાત સ્વરોનું સમીકરણ દર્શાવતાં નારદીયશિક્ષામાં લખ્યું છે કે :

| સામગાન | સૂરસપ્તક |
|---|---|
| પ્રથમ (વેણુનો) | મધ્યમ (મ) છે. |
| દ્વિતીય | ગાન્ધાર (ગ) |
| તૃતીય | ઋષભ (રે) |
| ચતુર્થ | ષડ્જ (ધ) |
| છટ્ઠો 'ક્રુષ્ટ' | નિષાદ (નિ) |
| સાતમો 'અતિસ્વાર' | પંચમ (પ)[૧૧] |

વળી, નારદીયશિક્ષા મુજબ 'સ્વર–સમૂહ' માં ૭ સ્વર, ૩ ગ્રામ, ૩૧ મૂર્ચ્છનાઓ અને ૪૯ તાનનો સમાવેશ થાય છે.

સામગાનમાં પાંચ ભાગ છે.

(૧) હિંકાર – માં ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત – એવા ત્રણ સ્વર છે.
(૨) પ્રસ્તાવ – તે સ્થાયીભાવ છે.
(૩) ઉદ્‌ગીથ – તે અન્તરા છે.
(૪) પ્રતિહાર – તે આભોગ છે.
(૫) નિધાન – તે તાન છે.

'ઉદ્ગીથ' એ સામવેદમાં આવતું એક પ્રકારનું ગાન છે. તેની શરૂઆત 'ૐ' થી થાય છે. તે સોમયાગમાં ગવાતું. તે ગાનારને ઉદ્ગાતા કહેતા.[૧૨]

બૃહદારણ્યક ઉપનિષદ્માં કહ્યું છે કે : ''આ પ્રાણ જ ઉદ્ગીથ છે, પ્રાણ જ ઉત્ છે, પ્રાણ વડે જ આ સર્વ ધારણ કરાયેલ છે. વાક્ જ ગીથા છે; ઉત્ છે અને ગીથા પણ છે, તેથી તે ઉદ્ગીથ છે.''[૧૩]

આ બાબતને સ્પષ્ટ કરતાં શંકરાચાર્ય કહે છે કે... ''આ જ ઉદ્ગીથ છે. 'ઉદ્ગીથ' શબ્દથી સામના અવયવભૂત ભકિતવિશેષ અભિપ્રેત છે, ઉદ્ગાન નહીં; કારણ કે અહીં સામનું જ અધિકરણ છે. પ્રાણ ઉદ્ગીથ કંઈ રીતે છે ? પ્રાણ જ 'ઉત્' છે; કારણ કે પ્રાણથી જ આ સર્વ જગત ઉત્તબ્ધ – ઉપરની બાજુએ રહેલું અર્થાત્ ધારણ કરાયેલું છે. 'ઉત્તબ્ધ' અર્થાત્ દ્યોતન કરનારું. આ 'ઉત્ત' શબ્દ પ્રાણનો ગુણ બતાવનારો છે આથી પ્રાણ ઉત્ છે. વાક્ જ ગીથા છે; કારણ કે ઉદ્ગીથ ભકિત શબ્દ વિશેષ જ છે.[૧૪]

આ ઉદ્ગીથ શબ્દ માટે છાંદોગ્યઉપનિષદ્માં કહ્યું છે કે :

उमित्यतदक्षरमुद्गीथमुपासीत ।
उमिति ह्युद्गायति तस्योपव्याख्यानम् ॥

(छांदोग्योपनिषद - १-१-१)

'ઉદ્ગીથરૂપ ૐ એવા આ અક્ષરને ઉપાસે. ૐ એમ પ્રસિદ્ધ ઉદ્ગાન કરે છે તેનું ઉપવ્યાખ્યાન છે. તાત્પર્ય એ છે કે, ૐકાર એ પરમાત્માનું નામ અને મૂર્તિ આદિની જેમ પરમાત્માનું પ્રતીક હોવાથી પરમાત્માની ઉપાસનાનું શ્રેષ્ઠ સાધન છે. ઉદ્ગીથના અવયવભૂત ૐકારરૂપ આ અક્ષર જે પરમાત્માનું નામ તથા પ્રતીક છે. તેમાં બુદ્ધિને એકાગ્ર કરવી. જેથી ઓમ્ એમ આરંભ કરીને ઉદ્ગાતા યજ્ઞાદિમાં ઉચ્ચ સ્વરથી ગાય છે, તેવી ઉદ્ગીથ શબ્દ વડે વાચ્ય ૐકાર છે.

સામવેદમાં ઉદ્ગીથનો પ્રયોગ થયેલો જોવાં મળે છે.

સામવેદમાં "स्वस्ति" નું મહત્ત્વ દર્શાવવામાં આવ્યું છે. કહ્યું છે કે...

''ખૂબ યશસ્વી દેવરાજ ઈન્દ્ર અમારા માટે સુખ કલ્યાણને ધારણ કરે. સર્વને જાણનાર પૂષાદેવ અમારું કલ્યાણ કરે. જેની નીતિ રોગરહિત છે તે વિદ્યુત્વિશેષ દેવ અમારું કલ્યાણ કરે. મહાન સૂર્યાદિને ધારણ કરનાર બૃહસ્પતિ અમારું કલ્યાણ કરે.[૧૫]

લેખક શ્રી રામલાલજી શ્રીવાસ્તવ કહે છે કે, નિઃસંદેહ સ્વસ્તિક જ ૐરૂપમાં પરમાત્માનો પ્રતીકગત બોધ છે. પરમસત્ય શાન્તિ અને સ્વસ્તિકનો આશ્રય છે. સ્વસ્તિક સનાતન શાસ્ત્રીય દષ્ટિથી પ્રણવનું સ્વરૂપ છે.[૧૬]

'સ્વસ્તિ' નો અર્થ છે. ક્ષેમ, શુભ, મંગલ અને કલ્યાણ વગેરે. શાસ્ત્રોમાં તેને શુભ માનવામાં આવે છે.

પંડિત શ્રી ઘનશ્યામજી અગ્નિહોત્રી કહે છે કે, જ્યોતિષ અને વાસ્તુશાસ્ત્રમાં – જાતકની જન્મકુંડલીમાં પણ સ્વસ્તિક બનાવવામાં આવે છે. નામાઙ્ક જ્યોતિષમાં આ પ્રતીકને પ્રતિષ્ઠા, માન–સન્માન, વૃદ્ધિ, જીવનમાં સફળતા અને ઉન્નતિનું પ્રતીક માનવામાં આવે છે. વાસ્તુશાસ્ત્ર પણ દોષનિવારણ માટે 'સ્વસ્તિક' નો ઉપયોગ કરે છે. જ્યાં વાસ્તુદોષ હોય, ત્યાં ભવનના પ્રવેશદ્વાર ઉપર નવ આંગળીનો બનાવવાથી ઘરના સમસ્ત વાસ્તુદોષ સ્વતઃ દૂર થઈ જાય છે. એવી માન્યતા છે.[૧૭]

નિષ્કર્ષ એ છે કે, સામ એ સંગીતનો વેદ છે. સામગાનમાં ઉદ્દ્ગીથનું મહત્ત્વ છે. જે ૐકાર જ છે. સ્વસ્તિક પણ ૐનું જ પરિવર્તિતરૂપ છે. જેથી સ્પષ્ટ થાય છે કે, સામવેદમાં પણ ઓંકારનું સ્વરૂપ પ્રાપ્ત થાય છે.

## ✧ અથર્વવેદ :

આ વેદમાં કહ્યું છે કે, બ્રહ્માએ સૌપ્રથમ ૐકારાત્મક વેદનું ધ્યાન કર્યું.[૧૮] વાણીના પરા, પશ્યન્તી, મધ્યમા અને વૈખરી એમ ચાર પદ જાણવા યોગ્ય છે, તેને તે બ્રહ્મજ્ઞાની જાણે છે. ત્રણ પદ યોગીઓ સમજે છે. ચોથા પદને સામાન્ય મનુષ્યો સમજે છે.[૧૯] આ જ બાબતને સમજાવતા શ્રીમન્નથુરામ શર્મા કહે છે કે, ''સૃષ્ટિનો સર્વ વ્યવહાર શાસ્ત્રાધારે ચાલે છે, એ શાસ્ત્રોની સ્થૂલ ઉત્પત્તિ વૈખરીવાણીથી થઈ છે; એ વૈખરી મધ્યમાથી, મધ્યમા પશ્યન્તીથી અને પશ્યન્તી પરાથી ઉત્પન્ન થયેલી છે. એ ચાર વાણીનું તેમજ મનુષ્યની તથા સૃષ્ટિની ચાર અવસ્થાનું પ્રણવ એ સાંકેતિક ચિહ્ન છે. માટે જ તે સૃષ્ટિમાં અતિશ્રેષ્ઠ બીજમંત્રરૂપે ગણાય છે.[૨૦]

અથર્વવેદમાં स्वस्ति મળી આવે છે. સ્વસ્તિક ચિહ્ન વિશ્વના એક છેડાથી બીજા છેડા સુધી અનેક જાતિઓ દ્વારા અભિનંદિત થયેલ છે. સ્વસ્તિક વસ્તુતઃ ભારતીય છે. સ્વસ્તિક ચિરન્તન સત્ય, શાશ્વત શાન્તિ અને અનન્ત દિવ્ય ઐશ્વર્ય – સમ્પન્ન સૌન્દર્યનું માંગલિક ચિહ્ન છે. સત્ય, શિવ અને સુંદરના રંગમંચ પર ઉપસ્થિત થઈને સોમના ઉન્માદ નયનોમાં ભરીને વિવેકી આર્ય જ સભ્યતાના આદિકાળ માં કહેવાનું સાહસ કરી શકયા હતા. જેમ કે...

स्वस्ति मात्र उत पित्रे नो अस्तु
स्वस्ति गोभ्यो जगते पुरुषेभ्यः ।
विश्वं सुभूतं सुविदत्रं
नो अस्तु ज्योगेव दृशेम सूर्यम् ॥

अथर्ववेद : १ / ३१ / ४ ॥

પં. શ્રી ઘનશ્યામજી અગ્નિહોત્રી સ્વસ્તિકનું સ્વરૂપ સામાન્યરૂપથી સમજાવે છે. દિશાઓ મુખ્યત્વે ચાર છે. આડી તથા ઉભી રેખા દોરીને ધનચિહ્ન (+) જેવો આકાર બને છે, તે આકાર ચારેય દિશાઓનો દ્યોતક (પ્રાચીન તથા અર્વાચીન સમયમાં અને પૂર્વી તથા પશ્ચિમી દેશોમાં) સર્વત્ર તથા હંમેશ આ જ માનવામાં આવે છે. તેજોલહરી ચારેય દિશાઓમાં અર્થાત્ બધી દિશાઓમાં જમણી તરફથી ગતિમાન છે, એ દર્શાવવા માટે તેનું રેખાચિત્ર કેવી રીતે બનાવાય છે, તેનો સીધો સરળ ઉત્તર છે કે, ધનચિહ્નના આકારની ચારેય ભુજાઓના ખૂણેથી ૯૦ અંશનો કોણ બનાવી એક રેખા જમણી બાજુ ખેંચવાથી આ પૂરું કાર્ય થઈ જાય છે. તેનો પ્રારંભ ઉપરવાળી ભુજાથી કરવો સ્વાભાવિક છે. પ્રથમતઃ આકારની જે ઉપરની ભુજા છે, તે જમણી દિશામાં એક રેખા ખેંચી જાય છે. તેના પછી તે પૂરા આકારને તે રેખાની દિશામાં અર્થાત્ જમણી તરફ ફેરવવાથી પૂર્વી દિશાને ડાબી તરફની ભુજા ચક્રગતિથી ઉપરની તરફ આવી જાય છે. હવે જમણી તરફ રેખા દોરવાથી અને આવી રીતે બધી રીતે ચાર વાર કરવાથી ચિહ્ન બને છે, તે જમણી તરફની ગતિ અર્થાત્ દક્ષિણવર્તી ગતિનું પ્રતીક છે. તેજોવલયને જમણી તરફથી ગતિમાન્ થવાને કારણે આ રેખાચિત્ર દેવતાના તેજનું જ પ્રતીક છે.[૨૧]

તાત્પર્ય એ છે કે, સૌપ્રથમ ૐકાર ઉત્પન્ન થયો છે. વાણી પણ ૐકારરૂપ જ છે તેમ જણાય છે.

નિષ્કર્ષ એ છે કે, અક્ષરબ્રહ્મની ચમત્કૃતિ છે. જેનાથી સૃષ્ટિની ઉત્પત્તિ થઈ છે, ઈશ્વર જ સૌથી મોટો છે અને તેનું નિજીનામ ઓમ્ છે. ઓમ્‌નો ખૂબ મહિમા છે. તેને જાણનાર જ મોક્ષને પામે છે. બ્રહ્માએ સૌપ્રથમ ૐકારાત્મક વેદનું ધ્યાન કર્યું છે. વાણી પણ પ્રણવરૂપ જ છે.

આમ, વેદમાં સ્વસ્તિ, અક્ષરબ્રહ્મ, વાણી વગેરે દ્વારા ઓમ્‌નો મહિમા સ્પષ્ટ થાય છે.

## સંદર્ભ પ્રકરણ : ૧ – ૨ – ૧ : વેદ :

૧. पञ्च पदानिं रुपो अन्तरोहं चतुष्पदीभन्तोभि व्रतेन ।
अक्षरेण प्रति मिम एतामृतस्य नामावधि सं पूनामि ॥
ऋग्वेद - १० / १३ / ३ ॥

२. पुरोजिती वो अन्धसः सुताय मादयिन्वे ।
अपः श्वानं स्नविष्टनं सखायो दीर्घजिह्वयेम् ॥
ऋग्वेद - ९ / १०१ / १ ॥

૩. ऋचो अक्षरे परमेव्योमन्, यस्मिन् देवाः अधिविश्वे निषेदुः ।
यः तत् न वेद किम् ऋचा करिष्यति, ये इत् तद् विदुः
ते इमे समासते ॥
ऋग्वेद - १ / १६४ / ३९ ॥

४. वैदिक एवं वेदोत्तरं भारतीय संस्कृति, गंगाधर मिश्र, पृ. ४४ - ५१ ।

५. याम् ऋषयो मन्त्रकृतो मनीषिणः अन्वेच्छन् देवाः तपसा श्रमेण ।
ताम् देवीं वाचम् हविषा यजामहे, सानो दधातु सुकृतस्य लोके ॥
तैत्तिरीयब्राह्मण ॥ २.८ ॥

६. उत त्वः पश्यन् ददर्शवाचम्, उत त्वः श्रृण्वन् न श्रृणोति एनाम् ।
उत उ त्वस्मै तन्वं विसस्रे, जाया इव पत्ये उशती सुवासाः ॥
ऋग्वेद १०/७१/४ ॥

७. ओ३म् क्रतो स्मर क्लिबे स्मर कृतदळं स्मर ।
यजु. ४० / १५ ॥

८. हिरण्यमयेन पात्रेण सत्यस्यापिहितं मुखम् ।
योऽसावादित्ये पुरुषः सोऽसावहम् ॥
ओ३म् खं ब्रह्म ॥
यजुः ४० / १७ ॥

૯. प्रथमश्च द्वितीयश्च तृतीयोऽथ चतुर्थकः ।
मन्द्रः कुष्टो ह्यतिस्वार एतान्कुर्वन्ति सामगाः ॥
नारदीयशिक्षा - १ - १२ ॥

૧૦. षड्जश्च ऋषभश्चैव गान्धारो पध्यमस्तथा ।
पन्चमो धैवतश्चैव निषादः सप्तमः स्वरः ॥
नारदीयशिक्षा - २ - ५ ॥

૧૧. यः सामगानां प्रथमः सवेणोर्मध्यमः स्वरः ।
यो द्वितीयस्य गान्धर स्तृतीयस्त्वृषभः स्मृतः ॥६॥
चतुर्थः षड्ज इत्याहुः पञ्चमो धैवतो भवेत् ।
षष्ठो निषादो विज्ञेयः सप्तमः पञ्चमः स्मृतः ॥७॥
नारदीयशिक्षा - २ / ६ - ७ ॥

૧૨. બૃહદારણ્યક ઉપનિષદ્, પૂર્વાદ્ધ અધ્યાય – ૧ – ૧ શ્લોકની ટિપ્પણી.

૧૩. एष उ वा उद्गीथः प्राणो वा उत्प्राणेन हीदँ,
सर्वमुत्तब्धं वागेव गीथोच्च गीथा चेति स उद्गीथः ॥ १/३/२३ ॥

૧૪. બૃહદારણ્યક ઉપનિષદ્, પૂર્વાદ્ધ શાંકરભાષ્ય સહિત, વાસુદેવ મહાશંકર જોષી,
અધ્યાય – ૧ / ૩ - ૨૩ ટિપ્પણી.

૧૫. स्वस्ति न इन्द्रो वृद्धश्रवाः ।
स्वस्ति नः पूषा विश्ववेदाः ॥
स्वस्ति नस्ताक्ष्र्यो अरिष्टनेमिः ।
स्वस्ति नो बृहस्पतिर्दधातु ॥
सामवेद २२ - ३ ॥

૧૬. कल्याण - १९५०, वर्ष - २४, फरवरी, पृ. ९४४ ।

૧૭. कल्याण - २००५, वर्ष - ७९, जून, पृ. ७१९-७२० ।

૧૮. भूतानां ब्रह्मा प्रथमोम जज्ञे ।

अथर्व. १५ - २२ / ३१ ॥

૧૯. चत्वारि वाक् परिमिता पदानि तानि विर्दुब्राह्मणा ये मनीषिणः ।
गुहा त्रीणि निहिता नेङ्गयन्ति तुरीयं वाचो मनुष्या वदन्ति ।

अथर्व. ९ - १० - २७ ॥

૨૦. શ્રી યોગકૌસ્તુભ, ટિપ્પણી, પૃ. ૨૩૫.

૨૧. कल्याण - २००५, वर्ष : ७९, जून, पृ. ७१९ - ७२० ।

# પ્રકરણ : ૧–૨ : વેદ અને ઉપનિષદ્દોની દૃષ્ટિએ ઓમ્

## પ્રકરણ : ૧–૨–૨ : બ્રાહ્મણગ્રંથો

(૧) ઐતરેયબ્રાહ્મણ.

(૨) શતપથબ્રાહ્મણ.

(૩) તૈત્તિરીયબ્રાહ્મણ.

(૪) તાંડયબ્રાહ્મણ.

(૫) ષડ્વિંશબ્રાહ્મણ.

(૬) સામવિધાનબ્રાહ્મણ.

(૭) આર્ષેયબ્રાહ્મણ.

(૮) દેવતાધ્યાયબ્રાહ્મણ.

(૯) જૈમિનીયોપનિષદ્બ્રાહ્મણ.

(૧૦) સંહિતોપનિષદબ્રાહ્મણ.

(૧૧) વંશબ્રાહ્મણ.

(૧૨) જૈમિનીયાર્ષેયબ્રાહ્મણ.

(૧૩) ગોપથબ્રાહ્મણ.

# પ્રકરણ : ૧–૨–૨ : બ્રાહ્મણગ્રંથો

## ✧ બ્રાહ્મણગ્રંથો :–

વેદની સંહિતાઓની રચના થયા પછી બ્રાહ્મણ ગ્રંથો રચાયા. આ ગ્રંથોનું ખાસ લક્ષણ એ છે કે તે ગદ્યમાં રચાયેલા છે. આ ગ્રંથોમાં, યજ્ઞના વિધિ સંબંધી ચર્ચા કરવામાં આવી છે. આ બ્રાહ્મણગ્રંથોનો મુખ્ય ઉદ્દેશ યજ્ઞવિધિઓના જિજ્ઞાસુઓને તે વિધિના પરમ પવિત્ર રહસ્યનું જ્ઞાન આપવાનો છે. બ્રાહ્મણગ્રંથો એ પ્રાચીનત્તમ વૈદિક પ્રજાના જીવનને અભિવ્યકત કરનાર ચરિત્રકોશ છે. બ્રાહ્મણગ્રથોએ યજ્ઞના વિધિ–વિધાન બાબત જ નહિ પણ ધર્મ, સમાજ, ઈતિહાસ, તત્ત્વજ્ઞાન અને ભાષાશાસ્ત્રની દષ્ટિએ પણ મહત્ત્વના છે.

## (૧) ઐતરૈયબ્રાહ્મણ :–

ઐતરેયબ્રાહ્મણ એ ઋગ્વેદની શાકલસંહિતાનું અત્યંત પ્રસિદ્ધ બ્રાહ્મણ છે. આ બ્રાહ્મણના રચયિતા મહીદાસ ઐતરેય છે. ઐતરેય બ્રાહ્મણમાં ચાલીસ અધ્યાય છે. દરેક પાંચ અધ્યાયની એક પંચિકા છે. આવી કુલ આઠ પંચિકામાં ચાલીસ અધ્યાય વહેંચવામાં આવ્યા છે. દરેક અધ્યાયની મળીને કુલ ૨૮૫ કંડિકાઓ છે. આ બ્રાહ્મણમાં અનેક આખ્યાનો છે.

સાતમી પંચિકામાં આવતી શુનઃશેપની કથા ઘણી રોચક છે. નિઃસંતાન હરિશ્ચંદ્રે બાધા રાખી કે, પોતાને ત્યાં પુત્ર થશે તો તેના બલિદાનથી તે વરુણની પૂજા કરશે. તેની બાધા ફળી પણ તે વરુણનું પૂજન કરવામાં બહાનાં કાઢવા લાગ્યો. છેવટે ના–છૂટકે યજ્ઞ કરવો પડયો ત્યારે પુત્ર રોહિત વનમાં નાસી ગયો. હરિશ્ચંદ્રને વરુણની અવકૃપાથી જલોદર નામનો રોગ થાય છે. અંતે ૧૦૦ ગાયોના બદલામાં તેણે શુનઃશેપ નામનો બ્રાહ્મણપુત્ર પૂજન માટે ખરીદી લીધો. વરુણે આ બાબત માટે સંમતિ આપી. યજ્ઞસ્તંભે બાંધેલા શુનઃશેપે જુદા–જુદા દેવતાઓની સ્તુતિ કરી. તેથી તેના બંધન છૂટી ગયા તે મુકત થયો. હરિશ્ચંદ્ર સાજો થયો. આ આખ્યાનમાં ૐકારનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

શુનઃશેપ આખ્યાનમાં ઓમ્‌નું મહત્ત્વ વર્ણવાયું છે. જેમ કે, તે આ સૌથી વધારે ઋચા અને ગાથાઓનું શુનઃશેપ આખ્યાન છે. રાજાનો અભિષેક થાય ત્યારે હોતા તે આખ્યાન કહે. સુવર્ણના બાજોઠ ઉપર બેઠાં બેઠાં હોતા કહે. અને રાજા સુવર્ણના બાજોઠ ઉપર બેઠાં–બેઠાં સાંભળે. ખરેખર યશ એ જ સુવર્ણ છે. યશથી જ તે તેને સમૃદ્ધ કરે છે. ૐ એ ઋચાનો ધ્વનિ છે અને એ ગાથાનો પ્રતિધ્વનિ છે. ૐ એ દૈવી છે, તથા એ માનવીય છે. દૈવથી અને માનુષથી તેને પાપમાંથી તે મુકત કરે છે. તેથી જે

રાજા વિજેતા હોય એ અયજમાન હોય તેને શુનઃશેપનું આખ્યાન કહેવું. તેનામાં સહેજ પણ પાપ અવશેષ રહેશે નહીં. કહેનારને હજારો ગાયો દાનમાં આપવી. હોંકારો ભણનારને સો ગાયો આપવી. આ બન્ને આસનો અને શ્વેતચામરધારી અશ્વવાળો રથ–હોતાને આપવા. પુત્રો મેળવવાની ઈચ્છાવાળાઓએ પણ આ આખ્યાન કહેવડાવવું. તેથી તેઓ પુત્રો મેળવે છે, પુત્રો મેળવે છે.[૧]

આ બ્રાહ્મણમાં ૐકારનું મહત્ત્વ પ્રણવરૂપે રજૂ થયું છે. જેમ કે, પ્રણવરૂપ અવિનાશી શબ્દતત્ત્વમાં બધા જ દેવતાઓ સ્થિત છે જે ૐકારને જાણે છે તેને અનેક રીતે દેવોની સાથે તાદાત્મ્યનો લાભ પ્રાપ્ત થાય છે. જે આ ઋચાઓ અથવા પ્રણવાક્ષરમંત્રોમાં ઉપર્યુકત તત્ત્વને જાણતો નથી તેને ઋચાઓથી શું સિદ્ધિ મળશે.[૨]

તાત્પર્ય એ છે કે, ઓમ્‌માં જ બધા દેવતાઓ રહેલાં છે તેથી ૐકારની ઉપાસના કરવી સર્વશ્રેષ્ઠ છે.

## (૨) શતપથબ્રાહ્મણ :–

શુકલ યજુર્વેદની માધ્યંદિની શાખાનો શતપથબ્રાહ્મણ એક વિશાળ ગ્રંથ છે. જેમાં ૧૪ કાંડ, ૧૦૦ અધ્યાય, ૬૮ પ્રપાઠક, ૪૩૮ બ્રાહ્મણ અને ૭,૬૨૪ કંડિકાઓ છે.

હે દેવ સોમ, તારા માટે સ્વસ્તિ થાઓ અને હું સોમ ભોગને ખાઉં.[૩]

વાણી એક ગ્રહ છે. વાણીથી આ બધું આધારિત છે. શું આશ્ચર્ય છે કે, જો વાણી ગ્રહ છે.[૪]

નામ ગ્રહ છે. વાણીથી આ બધું આધારિત છે. શું આશ્ચર્ય છે કે, જે નામ ગ્રહ છે. અમે ઘણાંના નામ જાણીએ છીએ શું તે આ રીતે અમારાથી બંધાયેલા નથી.[૫]

તાત્પર્ય એ છે કે, સ્વસ્તિ, વાણી અને નામ ઓમ્‌ના જ પર્યાય છે. જેનો ઊલ્લેખ અહીં પણ થયેલો છે.

ઓમ્‌નું મહત્ત્વ આ પ્રમાણે રજૂ થયું છે. જેમ કે, પશ્યન્તી વાણી પોતાની ગરિમાથી પૃથ્વી પર પહેલેથી જ વિદ્યમાન છે.[૬] શતપથબ્રાહ્મણમાં ઓમ્‌નું સ્પષ્ટ સ્વરૂપ પ્રાપ્ત થાય છે. જેમ કે, નિશ્ચય એ વેદસ્વરૂપ છે, જ્ઞાનમય છે જે વ્યકિત આ તત્ત્વને સમજે છે, તે જ વેદને સમજનારા છે. એને જ ૐકારની ઉપાસનાથી સર્વજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. ઓમ્‌થી અતિરિકત જાણવા યોગ્ય પૃથ્વી પર બીજું કાંઈ જ નથી. કૌરવ્યાણીનાં પુત્રને એ જ ઓમ્‌ની રેખા દર્શાવી છે. તે ઓમ્ સર્વવ્યાપક પરબ્રહ્મ છે.

એ જ આકાશસમાન રૂપવિહીન, દશ્યવિહીન અને સર્વસમાવિષ્ટ છે. સર્વવ્યાપક બધામાં સમાયેલાં એ જ પુરાણ પુરુષ છે. સૌથી વધુ પ્રાચીન છે. એ જ આકાશરૂપ બ્રહ્મ, વાયુ સમાન સર્વગત છે. નિત્ય સ્પન્દમાન છે. વાયુવત બધાનો પ્રાણ પ્રદાતા છે.[૭]

તાત્પર્ય એ છે કે, આ બ્રાહ્મણમાં ઓંકારની ઉપાસનાનું મહત્ત્વ રજૂ થયું છે. ૐકાર જ પરબ્રહ્મ છે તેથી તેની ઉપાસના કરવાથી બધું જ પ્રાપ્ત થાય છે.

## (૩) તૈત્તિરીયબ્રાહ્મણ :–

કૃષ્ણયજુર્વેદનું એકમાત્ર તૈત્તિરીય બ્રાહ્મણ છે. આ બ્રાહ્મણના ત્રણ અષ્ટક છે. પ્રથમ અષ્ટકને પારક્ષુદ્ર, બીજાને અગ્નિહોત્ર અને ત્રીજા અષ્ટકના જુદા–જુદા ભાગો જુદા–જુદા નામે ઓળખાય છે. તૈત્તિરીય બ્રાહ્મણમાં ૨૮ પ્રપાઠક છે. તેના પ્રથમ અષ્ટકમાં ૭૮, બીજામાં ૯૬ અને ત્રીજામાં ૧૭૯ અનુવાકો છે. આ બ્રાહ્મણમાં મુખ્યત્ત્વે યમ અને નચિકેતાની કથા છે, જે વિસ્તારથી કઠોપનિષદ્માં આવે છે.

આ બ્રાહ્મણમાં ઓમ્નું નિરૂપણ આ પ્રમાણે છે. જેમ કે, પરમવ્યોમરૂપ શબ્દ અથવા વાક્તત્ત્વને આધાર બનાવીને વસુ, રુદ્ર, આદિત્ય વગેરે દેવગણ અને કર્મદેવ, આજાનદેવ, અભિમાની દેવતા નિત્યદેવતા જીવન ધારણ કરે છે; સમસ્ત પશુ, મનુષ્ય અને ગન્ધર્વ વગેરે આના દ્વારા જ પ્રતિષ્ઠિત છે. સંપૂર્ણ ભુવન પણ એમાં જ સમર્પિત છે આ વાક્ ઈન્દ્રપત્નિ છે. અક્ષરસ્વરૂપ વાગ્દેવીનો સર્વપ્રથમ પ્રાદુર્ભાવ થયો. આ વેદોની માતા અને અમૃતની નાભિ છે.[૮]

सोमः स्वस्त्या (तै.ब्रा. ૧/૪/૮/૬) સોમદેવતાથી કલ્યાણની કામના કરી છે.

તાત્પર્ય એ છે કે, અક્ષરસ્વરૂપ વાગદેવીનું મહત્ત્વ રજૂ થયું છે. જે ઓંકાર જ છે. તેમજ स्वस्ति પણ ઓમ્નો જ પર્યાય છે.

## (૪) તાંડયબ્રાહ્મણ :–

સામવેદની તાંડય નામની પ્રાચીન શાખાનું આ તાંડય બ્રાહ્મણ છે. આ તાંડય બ્રાહ્મણ ૨૫ અધ્યાયોનું હોવાથી પંચવિંશ બ્રાહ્મણના નામથી જાણીતું બન્યું છે. આ બ્રાહ્મણ ગ્રંથ વિશાળકાય હોવાથી મહાબ્રાહ્મણના નામથી પણ ઓળખાય છે. વિષયની પ્રૌઢતાના કારણે પ્રૌઢબ્રાહ્મણ નામે પણ ઓળખાય છે. તાંડયબ્રાહ્મણના ૨૫ પ્રપાઠક અને ૩૪૭ ખંડ છે. અહીં સામવેદના ઉદ્ગાતાની ક્રિયાનું વર્ણન છે.

આ બ્રાહ્મણમાં ઓમ્‌નું નિરૂપણ કરતાં ૐકારના સાકાર અને નિરાકાર બન્ને રૂપો વર્ણવ્યાં છે. પૃથ્વીનો રસ એ જળ છે. જળ થકી ઔષધી–અન્ન વગેરે છે. ઔષધીઓનો રસ મનુષ્ય દેહ ગણાય અને મનુષ્યરસ વાણી છે; વાણીનો સાર ઋચા છે અને ઋચાનો સાર સામ છે અને સામનો સાર ઉદ્‌ગીથ અથવા ૐકાર છે. 'ૐ' ના ઉચ્ચાર ઉંચે રહે છે અને તે ગાવા યોગ્ય છે. ઓમ્ ઋષિમુનિઓએ ગાયો છે અને બધામાં ૐકાર શ્રેષ્ઠ છે કારણ કે તેમાં અગ્નિ છે, વરૂણ છે, પ્રજાપતિ છે એ જ વાયુ એ જ પ્રાણ ઓમ્‌કાર છે એમ વ્યાખ્યા આપી છે.[૯] આમ, વાણીનું મહત્ત્વ રજૂ થયું છે.

## (૫) ષડ્‌વિંશબ્રાહ્મણ :–

આ બ્રાહ્મણ સામવેદથી સંબંધિત છે. આ બ્રાહ્મણ પંચવિશ બ્રાહ્મણનો છવીસમો વિભાગ છે. તેમ છતાં સ્વતંત્ર ગ્રંથ છે. આ બ્રાહ્મણના છેલ્લા પાંચ પ્રકરણોને 'અદ્‌ભૂત બ્રાહ્મણ' નામથી ઓળખવામાં આવે છે. બહારના અદ્‌ભૂત બનાવોની અથવા ખરાબ શકુનોની ખરાબ અસર દૂર થાય એ આ બ્રાહ્મણનો ઉદ્દેશ છે.

આરુણિ અને મર્કટના સંવાદમાં વ્યાહૃતિ અને ઓમ્‌નું મહત્ત્વ રજૂ થયું છે, જેમ કે...,

पुनर्मर्कटः पृच्छति -
किं सर्वप्रायश्चित्तमिति ॥

आरुणिरूत्तरमाह -
महाव्याहृतीरेव मधवन्निति ॥

हे मधवन् ! महाव्याहृतीरेव प्रायश्चितार्थं होष्यामीति शेषः ॥

पुनः आरूणिं मर्कटः पृच्छति -

स होवाचोम् आरूणे यदाहुतिमनूचिषे कथं नु विदांचकर्थ मर्कटोंऽशूनादत्तेति ॥

सः मर्कटः ओमिति अङ्गीकृत्य एवमुवाच ह - हे आरूणे ! आहुतिमन् ! उद्यताहुतियुक्तंस्त्वं, मर्कटोंऽशून आदत्त आजहार अतः सर्व प्रायश्चितं होष्यामीति, यदूचिषे कथं नु कथमिव तत् विदांचकर्थ अस्येदं प्रायश्चितमिति कथमज्ञासीरित्यर्थः ॥

पुनरारूणेरूत्तरमाह -

स होवाच यच्चावगतं यच्चानवगतं सर्वस्यैषैव महाव्याहृतिरेव प्रायश्चित्तिरिति शास्त्रोऽवगच्छामीति ॥[१०]

આમ, તાત્પર્ય એ છે કે, આ બ્રાહ્મણમાં પણ ઓમ્‌નું મહત્ત્વ દર્શાવવામાં આવ્યું છે.

## (૬) સામવિધાનબ્રાહ્મણ :–

સામવેદનું આ ખૂબ જ નાનું બ્રાહ્મણ છે. આ બ્રાહ્મણમાં ત્રણ પ્રપાઠક છે. તેના પહેલા અને બીજા પ્રપાઠકમાં આઠ અને ત્રીજા પ્રપાઠકમાં નવ ખંડ છે.

આ બ્રાહ્મણના પ્રથમ પ્રપાઠકમાં ओम् નો ઉલ્લેખ થયેલો છે, જેમ કે...,

सुरां पीत्वा संवत्सरमष्टमे काले भुञ्जानो यत्पाण्योः संभवेदवाङ्नाभ्यूर्ध्वजानु बर्हितस्त्रिरह्न उपस्पृशँ्स्तथा रात्रौ, स्थानासनाभ्यां (तिष्ठेदहनि रात्रावासीत् ।) पवित्रं त इत्युत्तरेणाहोरात्राणि जपन् ग्रामद्वारे स्थानासनभोजनानि यत्र लभेत् तत्र वसेन्न प्रवसेत् । स्वकर्मणाभि भाषेत । चतुर्णां ब्राह्मणानामग्रतः प्राश्नीयात् । ग्रामद्वारस्येवाग्रत आवश्यकायाभिक्रामेत् । अतोऽन्यथा शङ्कयम् । पूर्णे संवत्सरे तैलं लवणं क्षुरमग्निं मां बीजानीत्यालब्धयन्तं ब्राह्मणा ब्रूयुश्चरितं तवेत्योम् भो इति ब्रूयात् सप्तावरान् सप्तपरान् हन्त्यनृतं चरितं तव सुचरितं तवेत्योम् भो इति ब्रूयात् । अत उर्ध्वं केशश्मश्रुलोमनखानि वापयित्वाऽहतं वसनं परिधाय ब्राह्मणान् स्वस्ति वाचयित्वा पूतो भवति ॥[११]

તાત્પર્ય એ છે કે, 'ઓમ્' અને 'સ્વસ્તિ' નું મહત્ત્વ દર્શાવવામાં આવ્યું છે.

## (૭) આર્ષેયબ્રાહ્મણ :–

આ બ્રાહ્મણ સામવેદનું છે. છટ્ઠા અધ્યાયના ચતુર્થખંડમાં કહ્યું છે કે...,

अग्नेवैश्वानरस्यत्रीणि ॥
आज्यदोहान्याचिदोहान्याच्यदोहानि वा । प्रजापतेर्वा विष्णोर्वा विश्वामित्रस्य वा ॥
रूद्रस्य त्रय ऋषभाः ॥
रैवतो वैराजः शाक्करः इतीन्द्रस्य त्रयोऽतीषङ्ग ॥
अथापरम् । रौद्रो वासवः पार्जन्यो वा वैश्वदेवो वा ॥
प्राजापत्याश्चत्वारः पदस्तोमाः ॥[१२]

સાયણાચાર્ય रूद्रस्यत्रय ऋषभाः સમજાવતાં ટિપ્પણીમાં ओम् (त्रिः) કહે છે.

તાત્પર્ય એ છે કે, ત્રય દ્વારા ઓમ્‌નો જ ઉલ્લેખ છે.

## (૮) દેવતાધ્યાયબ્રાહ્મણ :–

આ બ્રાહ્મણ સામવેદનું બ્રાહ્મણ છે. દેવતબ્રાહ્મણ કે દેવતાધ્યાયબ્રાહ્મણ તરીકે ઓળખાય છે. આ બ્રાહ્મણમાં ચાર ખંડ છે.

પ્રથમ ખંડમાં દેવતાઓનું વર્ણન છે.

यथा वामदेव्यम् ॥[१३]

ઉદ્‌ગીથનું પણ વર્ણન છે, જેમ કે...,

स वा एष उद्गीथो बन्धुमान्बन्धुमत्यः ॥
बन्धुमान् बन्धुमत्यो भवति ।
जानन्ति ह वा एनं पितृतश्च मातृतश्च ।
य एवं वेद ॥[१४]

તાત્પર્ય એ છે કે, વામદેવ, ઉદ્‌ગીથનું વર્ણન છે.

દ્વિતીય ખંડમાં છંદોના દેવતા અને વર્ણોનું વર્ણન છે.

शुक्ला गायत्र्यो रूपेण सारङ्ग रूपमुष्णिहारम् । पिशङ्ग ककुभां रूपं कृष्णमानुष्टुभं ततः । रोहितं बृहतीनां तु नीलं पाङ्क्तं ततः पुनः । सुवर्णं त्रिष्टुभां रूपं गौरं जागतमुच्यते ॥[१५]

તાત્યર્પ એ છે કે, ગાયત્રી છંદનું વર્ણન છે.

ત્રીજા ખંડમાં છંદોના નામની વ્યુત્પત્તિ આપી છે.

अथातो निर्वचनम् ॥
गायत्री गायतेः स्तुतिकर्मणः ॥
गायतो मुखादुदपतदिति हि ब्राह्मणम् ॥[१६]

તાત્પર્ય એ છે કે, ગાયત્રી છંદની વ્યુત્પત્તિ આપી છે.

છાંદોગ્ય ઉપનષિદ્‌માં કહ્યું છે કે,

गायति च त्रायते च या वै सा गयत्री ।
या वै खलु गायति च वृथा संसारे मा क्लिश्यत
तदुच्छित्तंये मामेव भजध्वम् ।। (છાં.ઉ; ૩/૧૨/૧)

બૃહદારણ્યક ઉપનિષદ્‌માં કહ્યું છે કે...,

तद्यद् गायंस्तत्रेस्तस्माद्गायत्री नाम । (बृ.आ; ૫/૧૪/૪)

વ્યાસે કહ્યું છે કે,

गायन्तं त्रायते यस्माद् गायत्री तेन सा स्मृता ।

તાત્પર્ય એ છે કે, ગાયત્રીની વ્યુત્પત્તિ આપી છે.

ચતુર્થખંડમાં કહ્યું છે કે,

य एवं वेद ।।
दुष्टतादुरूपयुक्ता न्न्यूनाधिकाच्च
सर्वस्मात् स्वस्ति ।।
स्वस्ति देव ऋषिभ्यश्च ।।
ब्रह्म सत्यं च पातु मामिति ।।
ब्रह्म सत्यं च पातु मामिति ।।[૧૭]

તાત્પર્ય એ છે કે, વેદ, સત્ય, સ્વસ્તિનો ઉલ્લેખ થયો છે.

નિષ્કર્ષ એ છે કે, વામદેવ, ઉદ્‌ગીથ, ગાયત્રી, વેદ, સ્વસ્તિ અને સત્યનો ઉલ્લેખ થયેલો છે.

## (૯) જૈમિનીયોપનિષદ્‌બ્રાહ્મણ :–

આ બ્રાહ્મણ સામવેદનું બ્રાહ્મણ છે. જેમાં ઓંકારનું વિસ્તૃત વર્ણન પ્રાપ્ત થાય છે.

પ્રથમ અધ્યાયના પ્રથમ અનુવાક્‌ના પ્રથમ ખંડમાં વ્યાહૃતિઓનું વર્ણન છે, જેમ કે...,

प्रजापतिर्वा ईदं त्रयेण वेदेनाजयत् । यदस्येदं जितं तत् स ऐक्षत । ईत्थं चेद् वा अन्ये देवा अनेन वेदेन यक्ष्यन्ते । ईमां वाव ते जितिं जेष्यन्ति येयं मम ॥

हन्तास्य त्रयस्य वेदस्य रसमाददा ईति भूर् ईत्येव ऋग्वेदस्य रसमादत्त सेयं पृथिव्यभवत् । तस्य यो रसः प्राणदत् सोऽग्नि रभवद् रसस्य रसः ॥

भुव ईत्येव यजुर्वेदस्य रसमादत्त । तदिदमन्तरिक्षमभवत् । तस्य यो रसः प्राणेदत् स वायुरभवद् रसस्य रसः ॥

स्वर (सुवर्) ईत्येव सामवेदस्य रसमादत्त । सासौ द्यौरभवत् । तस्य यो रसः प्राणदत् स आदित्योऽभवद् रसस्य रसः ॥

अथैकस्यैवाक्षरस्य रसं नाशक्नोद् आदातुम् । ओम् ईत्येतस्ययैव । सेयं वागभवत् । ओमेव नामैषा । तस्या उ प्राण एव रसः ॥

तान्येतान्यष्टौ । अष्टाक्षरा गायत्री । गायत्रं साम । ब्रह्म उ गायत्री । तद् उ ब्रह्माभिसंपद्यते । अष्टाशफाः पशवः । तेन उ पशव्यम् ॥[१८]

પ્રથમ અધ્યાયના પ્રથમ અનુવાક્‌ના દ્વિતીય ખંડમાં ઓમ્‌નું વર્ણન છે, જેમ કે...,

स यद् ओम् ईति सोऽग्नि., वाग् ईति पृथिवी । ओम् ईति वायुः, वाग् ईति अन्त-रिक्षम् । ओम् ईति आदित्यः, वाग् ईति द्यौः । ओम् ईति प्राणः, वाग् ईत्येव वाक् ॥

स य एवं विद्वान् उद्गायति ओम् ईत्येव अग्निमादाय पृथिव्यां प्रतिष्ठापयति । ओम् ईत्येव वायुमादाय अन्तरिक्षे प्रतिष्ठापयति । ओम् ईत्येव आदित्यमादाय दिवि प्रतिष्ठा-पयति । ओम् ईत्येव प्राणामादाय वाचि प्रतिष्ठापयति ॥

तदेतच्छैलना गायत्रं गायन्ति । ओवा ओवा ओवा हुम्भा ओवा इति ॥

तदु ह तत् पराङ् इवानायुष्यमिव । तद् वायोश्च अपां चानु वर्त्म गेयम् ॥

यद्ध वै वायुः पराडेव पवेत क्षीयते । स पुरस्ताद् वाति । स दक्षिणतः । स पश्चात् । स उत्तरतः । स उपरिष्टात् । स सर्वा दिशोऽनुसंवाति ॥

तदेतद् आहुरिदानीं वा अयमितोऽवासीत् । अथेत्थाद् वातीति । स यद्रेष्माणम् अजमानो निवेष्टमानो वाति । क्षयादेव बिभ्यत् ॥

यदु ह वा आपः पराचीरेव प्रसृताः स्यदेरन् क्षीयेरंस्ताः । यदङ्कासि कुर्वाणा निवेष्टमाना आर्वतान् सृजमाना यन्ति क्षयादेव बिभ्यतीः । तदेतद् वायोश्चैव अपां चानु वर्त्म गेयम् ॥[१९]

પ્રથમ અધ્યાયના પ્રથમ અનુવાક્‌ના તૃતીય ખંડમાં હિંકારનું વર્ણન છે, જેમ કે...,

ओवा ओवा ओवा हुंभा ओवा ईति करोत्येव । एताभ्यां सर्वमायुरेति ॥

स यथा वृक्षम् आक्रमणराक्रममाण ईयाद् एवमेव एते द्वे द्वे देवते संघाय ईमाँल्लोकान् रोहन्नेति ॥

एक उ एव मृत्युरन्वेत्यशनयेव ॥

अथ हिंकरोति । चन्द्रमा वै हिंकारः । अन्नमु वै चन्द्रमाः । अन्नेन अशनयां ध्नन्ति ॥

तां ताम् अशनयामन्नेन हत्वा ओम् ईत्येमेवादित्यं समयाति मुच्यते । एतदेव दिवश्छिद्रम् ॥

यथा खं वानसः स्याद्रथस्य वैवमेतद् दिवश्छिद्रम् । तद्रश्मिभिः संछन्नं दृश्यते ॥

यद् गायत्रस्योर्ध्वं हिंकारातंतदमृतम् । तदात्मानं दध्यात् । अथो यजमानम् । अथ यदितरत् सामोर्ध्वतरस्य प्रतिहारात् ॥

स यथाद्भिरापः संसृज्येरन्, यथा अग्निनाग्निः संसृज्येत यथा क्षीरे (ण) क्षीरमासिच्यात (च्येत?) एवमेवैतद् अक्षरमेताभिर्देवताभिः संसृज्यते ॥[२०]

પ્રથમ અધ્યાયના દ્વિતીય અનુવાક્‌ના પ્રથમ ખંડમાં ઓમ્‌નું વર્ણન છે, જેમ કે...,

प्रजापतिर्वा ईदं त्रयेण वेदेनाजयत् । यदस्येदं जितं तत् ॥

स एक्षेत । ईत्थं चेद्वा अन्ये देवा अनेन वेदेन यक्ष्यन्ते । ईमां वाव ते जितिं जेष्यन्ति येयं मम ॥

हन्तेमं त्रयं वेदं पीळयानीति स ईमं त्रयं वेदमपीळयत् । तस्य पीळयन्नेकमेवाक्षरं नाशक्नोत् पीलयितुम् ओम् ईति यदेतत् ॥

एष उ ह वाव सरसः । सरसा ह वा एवंविदस्त्रयी विद्या भवति ॥

स ईमं रसं पीळयित्वापनिधायोध्वीऽद्रवत् ॥

तं द्रवन्तं चत्वारो देवानाम् अन्वपश्यन् । ईन्द्रश्चन्द्रो रुद्रः समुद्रः । तस्मादेते श्रेष्ठा देवानाम् । ऐते ह्येनमन्वपश्यन् ॥

स योऽयं रस आसीत् तदेव तपोऽभवत् ॥

त ईमं रसं देवा अन्वैच्छन् । तेऽभ्यपश्यन् । तपो वा अभूदिति ॥

ईममु वै त्रयं वेदं मरीमृशित्वा तस्मिन् एतदेवाक्षरमपीळितम विन्दन् ओम् ईति यदेतत् ॥

एष उ ह वाव सरसः । तेनैनं प्रायुवन् । यथा मधुना लाजान् प्रयुयाद् एवम् ॥

तेऽभ्यतव्यन्त । तेषां तथ्यमानानामाप्यायत वेदः । तेऽनेन च तपसापीनेन च वेदेन तामु एव जितिमजयन् यां प्रजापतिरजयत् । त एते सर्वं एव प्रजापतिमात्रा अया३म् अया३म् ईति ॥

तस्मात् तप्यमानस्य भूयसी कीर्तिभवति भूयो यशः । स य एतदेवं वेद ॥

एवमेवापीनेन वेदेन यजते । यदो याजयति । एवमेवापीनेन वेदेन याजयति ॥

तस्य हैतस्य नैव काचनार्तिरस्ति । य एवं वेद । स य एवैनमुप वदति स आर्तिम् आर्च्छति ॥[२१]

પ્રથમ અધ્યાયના દ્વિતીય અનુવાક્ના દ્વિતીય ખંડમાં ઓમ્નું જ વર્ણન છે, જેમ કે...,

तदाहुर्यदोवा ओवा ईति गीयते । कवात्र ऋग्भवति । क्व सामेति ॥

ओमिति वै साम । वागिति ऋक् । ओमिति मनः । वागिति वाक् । ओमिति प्राणः । वागिति वाक् । ओमितीन्द्रः । वागिति सर्वे देवाः । तदेतदिन्द्रमेव सर्वे देवा अनुयन्ति ॥

ओमित्येतदेवाक्षरम् । एतेन वै संसवे परस्येन्द्रं वृञ्जीत । एतेन ह वै तद्बको दाल्भ्यः आजिकेशिनामिन्द्रं ववर्ज । ओमित्येतेनैव निनाय ॥

तान्येतान्यष्टौ । अष्टाक्षरा गायत्री । गायत्रं साम । ब्रह्म उ गायत्री । तदु ब्रह्माभि-संपद्यते । अष्टाशफाः पशवः । तेनो पशव्यम् ॥

तस्यैतानि नामानि । ईन्द्रः कर्माक्षिति अमृतं व्योमान्तो वाचः । बहिर्भूयः सर्वं सर्वस्मादुत्तर ज्योतिः । ऋतं सत्यं विज्ञानं विवाचनम प्रतिवाच्यम् । पूर्वं सर्वं सर्वा वाक् । सर्वमिदमपि धेनुः पिन्वते परागर्वाक् ॥[२२]

પ્રથમ અધ્યાયના દ્વિતીય અનુવાક્‌ના તૃતીય ખંડમાં પણ ઓમ્‌નું વિસ્તૃત વર્ણન છે, જેમ કે...,

सा पृथक्सलिलं कामादुधाक्षिति प्राणसंहितं चक्षुः श्रोत्रं वाक्प्रभूतं मनसा व्याप्तं हृदयोग्रं ब्राह्मणभक्तमन्नशुभं वर्षपवित्रं गोभगं पृथिव्युपरं तपस्तनु वरुणपरियितनम् ईन्द्रश्रेष्ठं सहस्त्राक्षरं अयुतधारम् अमृतं दुहाना सर्वान् ईमान् लोकानभिवक्षरतीति ॥

तदेतत् सत्यमक्षरं यदोम् ईति । तस्मिन्नापः प्रतिष्ठिताः । अप्सु पृथिवी । पृथिव्यामिमे लोकाः ॥

यथा सूच्या पलाशानि संतृण्णानि स्युः एवमेतेनाक्षरेणेमे लोकाः संतुण्णाः ॥

तदिदमिमानतिविध्य दशधा क्षरति शतधा सहस्त्रधा अयुतधा प्रयुतधा नियुतधा अर्बुदधा न्युर्बुदधा निखर्वधा पद्ममक्षितिव्योमान्तः ॥

यथौधो विष्यन्दमानः परस्परो वरीयान् भवति एवमेवैतदक्षरं परस्परं वरीयो भवति ॥

ते हैते लोका ऊर्ध्वा एव श्रिताः । ईम एवं त्रयोदश मासाः ॥

स य एवं विद्वाननुद्रायति स एवमेवैतांल्लोकानतिवहति । ओमित्येतेनाक्षरेण अमुमादित्यं मुखे आधत्ते । एष ह वा एतदक्षरम् ॥

तस्य सर्वमाप्तं भवति । सर्वं जितम् । न हास्य कश्चन कामोऽनाप्तो भवति । य एवं वेद ॥

तद्ध पृथुर्वैन्यो दिव्यमान् व्रात्यान् पप्रच्छ :-

"स्थूणां दिवस्तम्भनी सूर्यमाहुर्
अन्तरिक्षे सूर्यः पृथिवीप्रतिष्ठः ।
अप्सु भूमीः शिश्रियिरे भूरिभारः
किंस्विन्महीरधितिष्ठन्त्यापः ॥" इति ॥

ते ह प्रत्यूचु :-

"स्थूणामेव दिवस्तम्भनी सूर्यमाहुर्
अन्तरिक्षे सूर्यः पृथिवीप्रतिष्ठः ।
अप्सु भूमीः शिश्रियिरे भूरिभारः
सत्यं महीरधितिष्ठन्त्यापः ॥" इति ॥

ओमित्येदेवाक्षरं सत्यम् । तदेतदापोऽधितिष्ठन्ति ॥[२३]

**પ્રથમ અધ્યાયના ચતુર્થ અનુવાક્ના ચતુર્થ ખંડમાં પણ અક્ષરરૂપી ઓમ્નું વર્ણન છે, જેમ કે...,**

तानब्रवीत् । छन्दांसि संभरत । तानि यथायतनं प्रविशत । ततो मृत्युना पाप्मना व्यावर्त्स्यथ ईति ॥

वसवो गायत्रीं समभरन् । तां ते प्राविशन् । तान् सा आच्छादयत् ॥

रुद्रास्त्रिष्टुभं समभरन् । तां ते प्राविशन् । तान् सा आच्छादयत् ॥

आदित्या जगतीं समभरन् । तां ते प्राविशन् । तान् सा आच्छादयत् ॥

विश्वेदेवा अनुष्टुभं समभरन् । तां ते प्राविशन् । तान् सा आच्छादयत् ॥

तानस्यामृच्यस्वरायां मृत्युर्निरजानात् । यथा मणौ मणिसूत्रं परिपश्येदेवम् ॥

ते स्वरं प्राविशन् । तान् स्वरे सतो न निरजानात् । स्वरस्य तु घोषणान्वैत् ॥

त ओमित्येतदेवाक्षरं समारोहन् । एतदेवाक्षरं त्रयी विद्या । यददोऽमृतं तपति तत् प्रपद्य ततो मृत्युना पाप्मना व्यावर्तन्त ॥

एवमेवैवं विद्वान् ओमित्येतदेवाक्षरं समारुह्य यदद्योऽमृतं तपति तत्प्रपद्य ततो मृत्युना पाप्यमना व्यावर्तते । अथो यस्यैवं विद्वानुद्गायति ॥[२४]

પ્રથમ પ્રપાઠકના સાતમા અનુવાકના પ્રથમ ખંડમાં ઓમ્નું વર્ણન છે, જેમ કે...,

अयमेवेदमग्र आकाश आसीत् । स उ एवाप्येतर्हि ॥

स यः स आकाशोवागेव सा । तस्माद् आकाशाद् वाग् वदति ॥

तामेतां वाचं प्रजापतिरभ्यपीळयत् । तस्या अभिपीळितायै रसः प्राणेदत् । सा त्रयी विद्या (अभवत) ॥

(स त्रयीं विद्या) मभ्यपीळयत् । तस्या अभिपीळितायै रसः प्राणेदत् । त एवेमे लोका अभवन् ॥

स ईमाँल्लोकानभ्यपीळयत् । तेषामभिपीळितानां रसः प्रणेदत् । ता एवैता देवता अभवन् । अग्निर्वायुरसावादित्य इति ॥

स एता देवता अभ्यपीळयत् । तासामभिपीळितानां रसः प्राणेदत् । ता एता व्याहृतयोऽभवन् । भूर्भुवःसुवरिति ॥

स एता व्याहृतीरभ्यपीळयत् । तासामभिपीळितानां रसः प्राणेदत् । तदेतदक्षरम-भवद् । ओम् ईति यदेतद् ॥

स एतदक्षरमपीळयत् । तस्याभिपीळितस्य रसः प्राणेदत् ॥[२५]

પ્રથમ અધ્યાયના સાતમા અનુવાક્ના દ્વિતીય ખંડમાં અક્ષરનું વર્ણન છે, જેમ કે...,

तदक्षरदेव । यदक्षरदेव तस्मादक्षरम् ॥

यद्वेव क्षरन्नाक्षीयत तस्मादक्षयम् । अक्षयं ह वै नामैतत् । तदक्षरमिति परोक्षमाचक्षते ॥

तद्वैतदेक ओमिति गायन्ति । तत्तथा न गायेत् । ईश्वरो हैनदेतेन रसेनान्तर्धातोः ॥

अथो द्वे ईवैवं भवत ओमिति । ओ ईत्यु हैके गायन्ति । तदु ह तन्न गीतम् । नो एव तथा गायेत् । ॐ ईत्येव गायेत् । तदेनदेतेन रसेन संदधाति ॥

तदेतं रसं तर्पयति । रसस्तृप्तोऽक्षरं तर्पयति । अक्षरं तृप्तं व्याहृतीस्तर्पयति । व्याहृतयस्तृप्ता वेदाँस्तर्पयन्ति । वेदास्तृप्ता देवतास्तर्पयन्ति । देवतास्तृप्ता लोकाँस्तर्पयन्ति । लोकास्तृप्ता अक्षरं तर्पयन्ति । अक्षरं तृप्तं वाचं तर्पयति । वाक् तृप्ता आकाशं तर्पयति । आकाशस्तृप्तः प्रजास्तर्पयति । तृप्यति प्रजया पशुभिर्य एतदेवं वेद । अथो यस्यैवं विद्वानुद्गायति ॥[२६]

**પ્રથમ અધ્યાયના નવમા અનુવાક્‌ના તૃતીય ખંડમાં ઓમ્‌નું વર્ણન છે, જેમ કે...,**

तद्यथा गिरिं पन्थानः समुदियुः ईति ह स्माह शाट्यायनिः । एवमेत आदित्यस्य रश्मयः एतमादित्यं सर्वतो वियन्ति । स हैवं विद्वान् ओमित्याददान एतैरेतस्य रश्मिमभिमादित्यं सर्वतोऽप्येति ॥

तदेतत् सर्वतोद्वारमनिषेधं साम । अन्यतोद्वारं हैनदेक एवाभ्रङ्गमुपासते । य एतदन्यथा विदुः ॥

अथ य एतदेवं वेद स एवैतत् सर्वतोद्वारमनिषेधं साम वेद ॥

सा एषा विद्युत् । (यद) एतन्मण्डलं समन्तं परिपतति तत्साम । अथ यत् परमतिभाति स पुण्यकृत्यायै रसः तमभ्यतिमुच्यते ॥

तदेतदभ्रातृव्यं साम । न ह वा ईन्द्रः कंचन भ्रातृव्यं पश्यते । स यथेन्द्रो न कंचन भ्रातृव्यं पश्यते एवमेव न कंचन भ्रातृव्यं पश्यते । य एतदेवं वेद । अथो यस्यैवं विद्वानुद्गायति ॥[२७]

**તૃતીય અધ્યાયના દ્વિતીય અનુવાક્‌ના પ્રથમ ખંડમાં ઓમ્‌નું વર્ણન છે, જેમ કે...,**

योऽसौ साम्नः प्रत्तिं वेद प्र हास्मै दीयते ॥

ददा ईति ह वा अयमग्निर्दीप्यते । तथेति वायुः पवते । हन्तेति चन्द्रमाः । ओमित्यादित्यः ॥

एषा ह वै साम्नः प्रत्तिः । एतां ह वै साम्नः प्रत्तिं सुदक्षिणः क्षैमिर्विदांचकार ॥

तां हैतां होतुर्वाज्ये गायेत् । मैत्रावरुणस्य वा तां ददा३ तथा ३ हन्ता३ हिम्भा ओवा ईति । प्र ह वा अस्मै दीयते ॥

(सः) अप्यन्यान् बहूनपर्युपरि य एवमेतां साम्नः प्रत्तिं वेद ॥

य उ ह वा अबन्धुर्बन्धुमत्साम वेद यत्र हाप्येनं न विदुर्यत्र रोषन्ति यत्र परीव चक्षते तद्धापि श्रैष्ठ्यमाधिपत्यमन्नाद्यं पुरोधां पर्यैति ॥

अग्निर्ह वा अबन्धुर्बन्धुमत्साम । कस्माद्धि ह्येनं दार्वोः कस्माद्धि पर्याकृत्य मन्थन्ति । स श्रेष्ठयाय आधिपत्याय अन्नाधाय पुरोधायै जायते ॥

स यत्र ह वा अप्येवंविदं न विदुः यत्र रोषन्ति यत्र परीवचक्षते तद्धापि श्रैष्ठ्यमाधिपत्यमन्नाद्यं पुरोधां पर्यैति ॥[२८]

તૃતીય અધ્યાયના દ્વિતીય અનુવાક્‌ના તૃતીય ખંડમાં ઓમ્‌નું વર્ણન છે, જેમ કે...,

तस्य ह ज्ञातिका अश्रुमुखा ईवासुः । अन्यतरां वा अयमुपागादिति ॥

अथ ह स्म वैय्यः पुरा बह्मवाद्यं वदति । अन्यतराम् उपागत् ईति ह स्मैनं मन्यते । अथो ह स्मैनम मृतमिति वैवोपासते ॥

तं ह संग्रहीतोवाच । अथ यद् भगवस्ते ताभ्यां न कुशलं तथेत्थमात्थेति ॥

ओमिति होवाच । गन्तव्यं म आचार्यः सूयमानममन्यतेति ॥

स ह रथमास्थाय प्रधावयांचकार । तं ह स्म प्रतीक्षन्ते ॥

कं जानीतेति । सुदक्षिण ईति । न वै नूनं स ईदमभ्यवेयादिति । स एवेति ॥

स ह सोपानादेवान्तर्वेद्यवस्थायोवाच अङ्गन्वित्थं गृहपता३ईति । तं ह नानूदतिष्ठासत् । स होवाचानूत्थाता म एधि । कृष्णाजिनोऽसि (ईति) । तदिमे कुरुपाञ्चाला अविदुरनूत्थातैव त ईति होचुः ॥

तं ह कनीयान् भ्रातोवाच । अनूत्तिष्ठ । भगव उद्गातारमिति । तं हानूत्तस्थौ ॥[२९]

તૃતીય અધ્યાયના દ્વિતીય અનુવાક્ના પાંચમા ખંડમાં ઓમ્નું વર્ણન છે, જેમ કે...,

अथ य एनमेतदस्माल्लोकात् प्रेतं चित्यामादधति चन्द्रमा हैवैनं तद्योन्यां रेतोभूतं सिञ्चति । स उ हैवास्य तत्र मृत्योरीशे ॥

अथो यदेवैनमेतदस्माल्लोकात् प्रेतं चित्यामादधति, अथो या एवैता अवोक्षणीया आपस्ता एव ततोऽनुसंभवन्ति प्राणम्वेव । प्राणो ह्यापः ॥

तं ह वा एवंविदुद्गाता यजमानमोमित्येतेनाक्षरेण आदित्यं मृत्युमतिवहति । वागित्यग्निम् । हुमिति वायुम् । भा ईति चन्द्रमसम् ॥

तान् एतान् मृत्युन् साम्नोद्गाता आत्मानं च यजमानं च अति वहति ओमित्येतेनाक्षरेण प्राणनामुना आदित्येन ॥

तस्यैष श्लोक :-

उतैषां ज्येष्ठ उत वा कनिष्ठः
उतैषां पुत्र उत वा पितैषाम् ।
एको ह देवो मनसि प्रविष्टः
पूर्वो ह जज्ञे स उ गर्भोऽन्तः ॥

ईति ॥

तद्यदेषोऽभ्युक्त ईममेव पुरुषं योऽयमाच्छन्नोऽन्तरोमित्येतेनैवाक्षरेण प्राणेनैवामुनैवादित्येन ॥[30]

તૃતીય અધ્યાયના તૃતીય અનુવાક્ના તૃતીય ખંડમાં ઓમ્નું વર્ણન છે, જેમ કે...,

हुम्भा ओवा ईत्येतदेवोपगीतम् ॥

महादिवाभिपरिवर्तयन् गायेदिति ह स्माह नाको महाग्रामो महानिवेशो भवतीति । स यथा स्थाणुमर्पयित्वा ईतरेण वेतरेण वा परियायात् तादृक्तत् ॥

तदु होवाच शाटयायनिः । कस्मै कामाय स्थाणुमर्पयेत् । अथोपगीतमेवैतत् । नैवैतदाद्रियेतेति नु हिंकारणाम् ॥

अथ वा अतो निधनमेव । ओवा ईति द्वे अक्षरे । अन्तो वै साम्नो निधनम् । अन्तः स्वर्गो लोकानाम् । अन्तो ब्रध्नस्य विष्टपम् ॥

तमेतदुद्गाता यजमानमोमित्येतेनाक्षरेण अन्ते स्वर्गे लोके दधाति ॥

य उ ह वा अपक्षो वृक्षाग्रं गच्छति अव वै स ततः पद्यते । अथ यद्वै पक्षी वृक्षाग्रे यदसिधारायां यत् क्षुरधारायाम् आस्ते न वै स ततोऽवपद्यते । पक्षाभ्यां हि संयत आस्ते ॥

तमेतदुद्गाता यजमानमोमित्येतेनाक्षरेण स्वरपक्षं कृत्वा अन्ते स्वर्गे लोके दधाति । स यथा पक्ष्यबिभ्यदासीत एवमेव स्वर्गे लोके अबिभ्यदास्ते । अथाचरति ॥

ते ह वा ऐते अक्षरे देवलोकश्चैव मनुष्यलोकश्च । आदित्यश्च ह वा एते अक्षरे चन्द्रमाश्च ॥

आदित्य एव देवलोकः । चन्द्रमा मनुष्यलोकः । ओमित्यादित्यो वागिति चन्द्रमाः ॥

तमेतदुद्गाता यजमानमोमित्येतेनाक्षरेण आदित्यं देवलोकं गमयति ॥[३१]

તૃતીય અધ્યાયના ચતુર્થ અનુવાક્ના ચતુર્થ ખંડમાં ઓમ્નું વર્ણન છે, જેમ કે...,

अथ वा अतः स्तोमभागानामेवानुमन्त्राः ॥

तद्वैतदेके स्तोमभागैरेवानुमन्त्रयन्ते । तत्तथा न कुर्यात् ॥

देवेन सवित्रा प्रसूतः प्रस्तोतर्देवेभ्यो वाचमिष्येत्यु हैकेऽनुमन्त्रयन्ते सविता वै देवानां प्रसविता सवित्रा प्रसूता ईदमनु मन्त्रयामह ईति वदन्तः । तदु तथा न कुर्यात ॥

भूर्भुवः सुवरित्यु हैकेऽनुमन्त्रयन्त एषा वै त्रयी विद्या । त्रय्यैवेदं विद्ययानुमन्त्रयामह ईति वदन्तः । तदु तथा नो एव कुर्यात् ॥

ओमित्येवानुमन्त्रयेत ॥

अथैष वसिष्ठास्यैकस्तोमभागानुमन्त्रः । तेन हैतेन वसिष्ठः प्रजापतिकामोऽनुमन्त्रयांचक्रे देवेनं सवित्रा प्रसूतः प्रस्तोतर्देवेभ्यो वाचमिष्य भूर्भुवः सुवरोम् ईति । ततो वै स बहुप्रजया पशुभिः प्राजायत ॥

स एव तेन वसिष्ठस्यैकस्तोमभागानुमन्त्रेणानुमन्त्रयेत बहुरेव प्रजया पशुभिः प्रजायते । इयं त्वेव स्थितिः । ओमित्येवान्मन्त्रयेत ॥[३२]

તૃતીય અધ્યાયના ચતુર્થ અનુવાક્ના પાંચમા ખંડમાં ઓમ્નું વર્ણન છે, જેમ કે...,

अथैष वाचा वज्रमुद्गृह्णाति । यदाह सोमः पवत इति वोपावर्तध्वमिति वा वाचैव तद्वाचो वज्रं विगृह्यते वाचः सत्येनातिमुच्यते । तस्मात् ओमित्येवानुमन्त्रयेत ॥

देवा वा अनया त्रय्या सरसयोर्ध्वाः स्वर्गं लोकमुदक्रमात् । ते मनुष्याणामन्वागमा-द्बिभ्यतस्यत्रयं वेदमपीळयन् ॥

तस्य पीळयन्त एकमेवाक्षरं नाशक्नुवन् पीळयितुम् ओम् इति यदेतत् ॥

एष उ ह वाव सरसः । सरसा ह वा एवंविदस्त्रयी विद्या भवति ॥

स यां ह वै त्रय्या विद्यया सरसया जितिं जयति यामृद्धिमृद्ध्नोति तां जितिम्; ऋद्ध्नोति तामृद्धिम् । य एवं वेद ॥

एतद्ध वा अक्षरं त्रय्यै विद्यायै प्रतिष्ठा । ओमिति वै होता प्रतिष्ठितः । ओमित्य-ध्वर्युः । ओमित्युद्गाता ॥

एतद्ध वा अक्षरं वेदानां त्रिविष्टपम् । एतस्मिन् वा अक्षरे ऋत्विजो यजमानमाधाय स्वर्गे लोके समुदूहन्ति । तस्मादोमित्येवानुमन्त्रयेत ॥[३३]

ચતુર્થ અધ્યાયના છઠ્ઠા અનુવાક્ના તૃતીય ખંડમાં ઓમ્નું વર્ણન છે, જેમ કે...,

तस्य वै ते तथोद्गास्यामीति होवाच । यथैकराडेव भूत्वा स्वर्गं लोकमेष्यसीति ॥

तस्मा एतेन गायत्रेणोद्गीथेनोज्जगौ । स हैकराडेव भूत्वा स्वर्गं लोकमियाय । तेन हैतेन एकराडेव भूत्वा स्वर्गं लोकमेति ॥

ओं वा इति द्वे अक्षरे । ओं वा इति चतुर्थे । ओं वा इति षष्ठे । हुम् भा ओं वागित्यष्टमे ॥

तेन हैतेन प्रतीदर्शोऽस्य भयदस्यासमात्यस्योज्जगौ ॥

तं होवाच । किं त आगास्यामीति । स होवाच । हरीमे देवाश्वा वा गायेति । तथेति । तौ हास्मा आजगौ । तौ हैनमाजग्मतुः ॥

स वा एष उद्गीथः कामानां संवत् । ओंवा३च् ओंवा३च् ओंवा३च् हुम् भा ओं वागिति । साङ्गो हैव सतनुरमृतः संभवति । य एतदेवं वेद । अथो तस्यैवं विद्वानुद्गायति ॥[३४]

તાત્પર્ય એ છે કે, ઓમ્‌નું ખૂબ જ વિસ્તૃત વર્ણન પ્રાપ્ત થાય છે. ઓમ્‌નું વિશેષ મહત્ત્વ સ્પષ્ટ થાય છે.

## (૧૦) સંહિતોપનિષદ્બ્રાહ્મણ :–

આ બ્રાહ્મણ સામવેદથી સંબંધિત છે. આ બ્રાહ્મણ ખૂબ નાનું છે. જેમાં એક પ્રપાઠક અને પાંચ ખંડ છે. આ બ્રાહ્મણ સામવેદ સંહિતાના ગૂઢાર્થને સ્પષ્ટ કરે છે.

અહીં સામગાનના પ્રકારો અને તેનું વૈજ્ઞાનિક નિરૂપણ કરવામાં આવ્યું છે.

દ્વિતીય ખંડમાં ગાનવિદ્યાનું મહત્ત્વ રજૂ કરતાં કહ્યું છે કે,

इह पूर्वस्मिन् खण्डे आर्चिकसंहिताप्रयोगविधिः सम्यगुक्तः । तदुत्तरं गानसंहिता-विधिर्वक्तव्यः । तत्र गानविद्यावपि स एव उक्तप्रयोगविधिः सर्वो द्रष्टव्यः । आत्रत्तु यो विशेषविधिः तमुत्तरस्मिन् वक्ष्यति ॥

अथैषा समावर्तनीयते वेदितव्या संहिता भवति ॥

लोपातिहारपरोक्षसमापाद्याः ॥

सर्वत्र गताः स्तोमाः सर्वत्र निवृत्ताः सर्वत्र प्रवृत्ताः ॥

सर्वत्र सौष्टव्यम् ॥

लुप्तेषु रेकसंधयः सर्वत्र ॥

सर्वत्र ह रोहपूर्वेष्यरोहपूर्वाणि ॥
सर्वत्र उदात्तेष्वनुदात्तानि ॥
अभिगीतेष्वनभिगीतानि सर्वत्र ॥
विनामितप्रणामितेष्वविनामितान्यप्रणामितानि ॥
सर्वत्र विसर्गोपग्रहेष्वविसृष्टान्यनुपगृहीतानि ॥
सर्वत्र ह्रस्वकर्षणेषु दीर्घकर्षणानि दीर्घकर्षणेषु मन्द्रकर्षणानि
मन्द्रकर्षणेष्वात्तकर्षणानि ॥
सर्वत्र तीधेनावामर्तयोर्विप्रवाकः ॥
सर्वत्र चतुर्थस्वरा मन्द्रस्वराश्च प्रस्तावाः ॥
चतुर्थमन्द्रातिस्वार्यस्वराश्च भवन्ति ॥
प्रथमस्वराश्च द्वितीयस्वराश्च प्रथमद्वितीयतृतीयस्वराश्च भवन्ति ।
रथन्तरेऽन्वक्षरं मकाशन् ॥
स्वरवन्ति व्यञ्जनानि यथाक्षरं दर्शयेत् ॥
तद्यथा स्वरेण सर्वाणि व्यञ्जनानि व्याप्तान्येवं सर्वान्
कामानवाप्नोति । यश्चैवं वेद ॥
यस्यैते स्वरवन्तः प्रयुज्यन्ते यश्चैवं विद्वान् प्रयुङ्क्ते यथा चाग्निचन्द्रसूर्या
भास्वन्तोऽपहततमस्कारास्तद्वदुद्गातृयजमानौ भवतः ॥
एवं ह्याह भात्यग्निर्भाति चन्द्रमा भाति सूर्यो भान्ति ज्योतींषि भाति
रथन्तरमिति मकारणमेव दीप्तिं दर्शयति स्वरवताम् ॥
रथन्तरस्य स्तोमाः स्वरवन्तः प्रयोक्तव्याः ॥
यत्र तु व्यञ्जनवन्तः प्रयुज्येरन् क्षोधुकाववध्यायिनाव
प्रजसावुद्गातृयजमानौ स्यातां तस्मादन्वक्षरं प्रयुञ्जानः स्वरवन्ति
व्यञ्जनानि यथाक्षरं दर्शयेत् ॥[૩૫]

તાત્પર્ય એ છે કે, ગાનવિદ્યામાં ઉદ્ગીથ પણ સામગાનનો એક પ્રકાર છે. ગાનવિદ્યામાં ૐકારનું પણ મહત્ત્વ રહેલું જ છે.

## (૧૧) વંશબ્રાહ્મણ :–

આ સામવેદનું ખૂબ જ નાનું બ્રાહ્મણ છે. જેમાં ત્રણ ખંડ છે. તેના નામ પ્રમાણે એમાં વંશનું વર્ણન કરવામાં આવ્યું છે. અહીં સામવેદના આચાર્યોની વંશાવલી આપવામાં આવી છે.

ત્રીજા ખંડમાં કહ્યું છે કે,

अर्यभभूतिः कालबवः भद्रशर्मणः कौशिकात् ॥

सोऽपि कौशिकात् कुशिकस्यापत्यात् भद्रशर्मणः

कल्याणं शर्म स्थानं यस्य तन्नामकात् ॥[૩૬]

તાત્પર્ય એ છે કે, भद्र પણ કલ્યાણ એવો અર્થ આપે છે. જે સ્વસ્તિનો પર્યાય જણાય છે. સ્વસ્તિ ઓમ્નું જ રૂપાંતરણ છે.

વંશબ્રાહ્મણના અંતમાં સામતર્પણ રજૂ થયું છે જેમાં પણ સ્વસ્તિ, भद्र, ओङ्कार વગેરેનો ઉલ્લેખ છે. જેમ કે...,

देवान् यथापूर्वं तर्पयिष्यामः अग्निस्तृप्यतु ब्रह्मा सोमः शिवः प्रजापतिः सवितेन्द्रो बृहस्पतिस्त्वष्टा विष्णुर्यमो वायुरादित्यश्चन्द्रमा नक्षत्राणि सह देवताभिर्वसवो रूद्रा आदित्या भुगवोऽङ्गिरसः साध्या मरुतो विश्वेदेवाः सर्वे देवा वाक् च सांध्याश्चापश्चौषधयश्चेन्द्राग्नीधातार्यमा सार्धमासर्तवो दितिरदितिरिन्द्राण्युमा श्रीः सर्वाश्च देवपत्न्योः रूद्राः स्कन्दविशाखौ विशवकम्दर्शश्च पौर्णमासश्च चातुर्वेद्यं चातुर्होत्रं वैहारिकाः पाकयज्ञाः स्थावरजङ्गमे पर्वताशिषो भव्यो (पर्वता अशेषा भव्याः ?) नद्यः समुद्रोऽपांपतिः यजमाना ये देवास्त्वेकादशकास्त्रयश्च, त्रिंशश्चत्रयश्च, त्रीणि च शतात्रयश्च त्रीणि च सहस्राः ॥

द्विपवित्र्या देवास्तृय्यन्ताम् । एकपवित्र्या देवा मनुष्यप्रभृतयस्तृप्यन्ताम् । संकर्षण वासुदेवौ धन्वन्तरिः साधुकार उदरवैश्रवणपूर्णभद्रमाणिभद्रा यातुधाना रक्षांसीतरगणास्त्रैगुण्यं नामाख्यातोपसर्गनिपाता देवऋषयो महाव्याहृतयः सावित्री ऋचो यजूंषि सामानि काण्डान्येषां दैवतानि प्रायश्चित्तानि शुक्रियोयोः शौकी शुकः शाकल्यः पाञ्चाल ऋषिः ऋचाभिः व्यासः पाराशरयः तण्डी कुकी कौशिकी बडवा प्रातिथेयी मैत्रायणी दाक्षायणी सर्वाचार्याः कुलाचार्या गुरुकुलवासिनः कन्या ब्रह्मचारी आत्मार्थी याज्ञवल्कयः ।

पितृणां पितामहानां प्रपितामहानां मातृणां मातामहानां प्रमातामहानाम् आचार्याणां प्राचार्याणं संहिताकारपदकारसूत्रकारब्राह्मणकाराणां ब्राह्मणानामनपत्यानां ब्राह्मणीनामेकपत्नी नामनपत्यानां सर्वेषां च ब्रह्मचारिणं सर्वेषां च ब्रह्मचारिणाम् ॥

राणायन सात्यमुग्यि्व्यासा भागुरिशैलुण्डी गौल्गुलविर्भानुमानौपमन्यवो दारालो गार्ग्यः सावर्णिः वार्षगण्यश्च ते दश । कुथुमिश्च शालिहोत्रश्च जैमिनिश्च त्रयोदश । इत्येते सामगाचार्याः स्वस्ति कुर्वन्तु तर्पिताः । स्वस्ति कुर्वन्तु तर्पिताः ॥

शटि - बाल्ल बवि - कालबवि - ताण्डयाश्च वृषाणकश्च रुरुकिश्च शमबाहुरगस्त्यो बष्कशिराश्च हूहूश्च दश । इत्येते प्रवचनकर्तारः स्वस्ति कुर्वन्तु तर्पिताः । स्वस्ति कुर्वन्तु तर्पिताः ॥

अग्निरस्तृप्यतु । ब्रह्मा देवा वेदा ओंकारः सावित्री यज्ञा द्यावापृथिव्यहोरात्राणि संख्याः समुद्राः क्षेत्रौषधिवनस्पतयो गन्धर्वाप्सरसो नागा यक्षा रक्षांसि भूताश्चैवानुमन्यताम् । सुमन्तुजैमिनिविश्वामित्रवसिष्ठपराशरजालन्तुबाहवगौतम शाकल्यबाभ्रव्यमाण्डव्या बडवा प्रातिथेयी चान्ये आचार्यास्तेभ्यश्च स्वधेति । तेभ्यश्च स्वधेति ॥[૩૭]

તાત્પર્ય એ છે કે, સ્વસ્તિ, ઓંકાર વગેરેનો ઉલ્લેખ થયેલો છે.

## (૧૨) જૈમિનીયાર્ષેયબ્રાહ્મણ :–

આ બ્રાહ્મણ સામવેદ સાથે સંબંધિત છે.

આ બ્રાહ્મણના ત્રીજા અધ્યાયના અગ્યારમાં ખંડમાં 'ઓમ્' શબ્દનો ઉલ્લેખ થયેલો છે.[૩૮]

## (૧૩) ગોપથબ્રાહ્મણ :–

અથર્વવેદનું આ એક જ બ્રાહ્મણ પ્રાપ્ત થાય છે. ગોપથ બ્રાહ્મણના રચયિતા ગોપથઋષિ મનાય છે, જે અથર્વવેદીય ઋષિઓમાંના એક છે. ગોપથ બ્રાહ્મણના બે ભાગ છે : પૂર્વ ગોપથ અને ઉત્તર ગોપથ. પૂર્વગોપથમાં પાંચ પ્રપાઠક છે, જેમાં ૧૩૫ કંડિકાઓ છે. ઉત્તર ગોપથમાં ૬ પ્રપાઠક છે જેમાં ૧૨૩ કંડિકાઓ છે. પૂર્વગોપથના પ્રથમ પ્રપાઠકમાં અથર્વવેદની ઉત્પત્તિ અને પ્રસંશા, ઓંકાર અને ગાયત્રીનો મહિમા વર્ણવ્યો છે. ૐની માત્રાઓ અને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનું એક સાથે વર્ણન જોવાં મળે છે.

પૂર્વભાગ પ્રથમ પ્રપાઠકમાં ઓમ્નું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે, જેમ કે...,

ओ३म् ब्रह्म ह वा इदमग्र आसीत्, स्वयन्त्वेकमेव तदैक्षत, महद्वै यक्षं, तदेकमेवास्मि, हन्ताहं मदेव मन्मात्रं द्वितीयं देवं निर्मम इति, तदभ्यश्राम्यदभ्यतपत् समतपत्, तस्य श्रान्तस्य तप्तस्य सन्तप्तस्य ललाटे स्नेहो यदार्द्रमाजायत तेनानन्दत्तमब्रवीत् महद्वै यक्षं सुवेदमविदाहम इति तद्यदब्रवीत् महद्वै यक्षं सुवेदमविदामह इति, तस्मात् सुवेदोऽभवत्तं वा एतं सुवेदं सन्तं स्वेद इत्याचक्षते । परोक्षेण परोक्षप्रिया इव हि देवा भवन्ति प्रत्यक्षद्विषं ।।[૩૯]

તાત્પર્ય એ છે કે, ઓમ્ બ્રહ્મ પરમાત્મા જ નિશ્ચય સૌ પ્રથમ હતો. અને પોતાને એકલા જ તેમણે જોયા. હું મહાન પૂજનીય છું, તેથી હું એકલો જ છું. અરે હું પોતાનાથી જ પોતાના સમાન બીજા દેવ બનાવું. તેમણે બધી બાજુથી પરિશ્રમ કર્યો. તપેલાં, સારી રીતે તપેલાંના લલાટ પર ચીકણું દ્રવ્ય, જે ભીનાશ છે, બધી બાજુથી પ્રકટ થઈ. તેનાથી તે પ્રસન્ન થયો, અને તેમને કહ્યું. હું મહાન પૂજનીય છું. સારા પ્રકારે જાણવા યોગ્ય પદાર્થને મેં જાણ્યો છે. તે જ તેમણે કહ્યું – હું મહાન પૂજનીય છું. સુવેદને અમે જાણ્યો છે – એટલા માટે તે સુવેદ થયો. તેના જ સુવેદ થવાને જ સ્વેદ (પરસેવો) કહે છે. પરોક્ષની દ્વારા પરોક્ષપ્રિય લોકોની સમાન જ દેવતા પ્રત્યક્ષના દ્વેષી હોય છે.

स भूयोऽश्राम्यद् भूयोऽतप्यत् भूय आत्मानं समतपत्तस्य श्रान्तस्य तप्तस्य सन्तप्तस्य सर्वेभ्यो रोमगर्त्तेभ्यः पृथक् स्वेदधाराः प्रास्यन्दन्त । ताभिरनन्दत्, तदब्रवीदाभिर्वा अहमिदं सर्वं धारयिष्यामि यदिदं किञ्चाभिर्वा अहमिदं सर्वं जनयिष्यामि यदिदं किञ्चाभिर्वा अहमिदं सर्वमाप्स्यामि यदिदं किञ्चेति । तद्यदब्रवीदाभिर्वा अहमिदं सर्वं धारयिष्यामि यदिदं किञ्चेति, तस्मात् धारा अभवंस्तद् धाराणां धारात्वं यच्चासु ध्रियते । तद्यदब्रवीदाभिर्वा अहमिदं सर्वं जनयिष्यामि यदिदं किञ्चेति, तस्माज्जाया अभवंस्तज्जायानां जायात्वं यच्चासु पुरुषो जायते, यच्च पुत्रः पुन्नामनरकमनेकशततारं तस्मात् त्राति पुत्रस्तत् पुत्रस्य पुत्रत्वम् । तद्यदब्रवीदाभिर्वा अहमिदं सर्वमाप्स्यामि यदिदं किञ्चेति तस्मादाया अभवंस्तदयामप्त्वमाप्नोति वै स सर्वान् कामान् यान् कामयते ।।[૪૦]

તાત્પર્ય એ છે કે, તે પરમાત્માએ ફરી શ્રમ કર્યો, ફરી તપ કર્યું અને ફરી પોતાને સારી રીતે તપાવ્યા. તે શ્રમ કરેલાં, તપેલાં, સારી રીતે તપેલાં પરમાત્માના બધા બધા રોમ કૂપોથી અલગ–અલગ પસીનાની ધારાઓ વહેવા લાગી. તેનાથી તે પ્રસન્ન થયા. ત્યારે તે બોલ્યા– આ પસીનાની ધારાઓથી જ હું આ બધાને ધારણ કરીશ. આ જે કાંઈ પણ છે તેનાથી જ હું આ બધાને ઉત્પન્ન કરીશ, આ જે કાંઈ પણ થશે. તેનાથી જ હું આ બધામાં વ્યાપ્ત થઈશ. આ જે કાંઈપણ થશે તે જે તેમણે કહ્યું – આ

પરસેવાની ધારાઓથી જ હું આ બધાને ધારણ કરીશ આ જે કાંઈપણ થશે તેનાથી તે ધારાઓ થઈ. અને તે ધારાઓનું ધારણ સામર્થ્ય છે જે આ બધામાં ધરા છે તે જે તેમણે કહ્યું – આનાથી જ હું આ બધાને ઉત્પન્ન કરીશ આ જે કાંઈપણ થશે. તેનાથી માતાઓ સમાન ઉત્પન્ન કરનારી શક્તિઓ થઈ, અને તે પત્નીઓનું પત્નીપન છે જે એમાં પુરુષ ઉત્પન્ન થાય છે, અને જે પુત્ર થાય છે. પુત્ર નામવાળું નરક અનેક સેંકડો દબાવાવાળો છે, તેનાથી પુત્ર બચાવે છે, તે પુત્રનું પુત્રપન છે. તે જે તેમણે કહ્યું – આ પરસેવાની ધારાઓથી જ હું આ બધામાં વ્યાપીશ. આ જે કાંઈપણ થશે – તેનાથી તે વ્યાપક જળ થયું, તે જળોનું જળપન છે. તે અવશ્ય બધી કામનાઓ પામે છે જેને તે ચાહે છે.

આમ, જગત્‌ની ઉત્પત્તિ બ્રહ્મના પરસેવાની ત્રણ અવસ્થાઓ માનવામાં આવી છે. એક ધારણ સામર્થ્ય, બીજી ઉત્પાદન સામર્થ્ય અને ત્રીજી વ્યાપન સામર્થ્ય.

ता अपः सृष्ट्वाऽन्वैक्षत, तासु स्वां छायामपश्यत् तामस्येक्षमावस्य स्वयंरेतोऽस्कन्द-त्तदप्सु प्रत्यतिष्ठत् तास्तत्रैवाभ्यश्राम्यदभ्यतपत्, समतपत्, ताः श्रान्तास्तप्ताः सन्तप्ताः सार्द्धमेव रेतसा द्वैधमभवंस्तासामन्या अन्यतरा अतिलवणा अपेया अस्वाद्व्यस्ता अशान्ता रेतः समुद्रं वृत्वाऽतिष्ठन्नथेतराः पेयाः स्वाद्व्यः शान्तास्तास्तत्रैवाभ्य श्राम्यद्भ्यतपत्, समतपत्, ताभ्यः श्रान्ताभ्यस्तप्ताभ्यः सन्तप्ताभ्यो यद्रेत आसीत्तदभृज्यत, यदभृज्यत तस्माद् भृगुः समभवत्, तत् भृगोर्भृगुत्वं भृगृरिव वै स सर्वेषु लोकेषु भाति य एवं वेद ॥[૪૧]

તાત્પર્પ એ છે કે તે જળ ઉત્પન્ન કરીને તેણે ફરી જોયું, તેમાં પોતાની છાયા (તેજ) ને જોયું. તેને જોતાં તેનું બીજ પોતે જ ઉત્પન્ન થયું. અને તે જળમાં સ્થિર થઈ ગયું. તેને ત્યાં જ બધી બાજુથી શ્રમ આપ્યો. બધી બાજુથી તપાવ્યું, સારી રીતે તપાવ્યું, સારી રીતે તપાવેલાં જળ બીજની સાથે જ બે પ્રકારે થઈ ગયું. તેમાથી કોઈ, બન્નેમાંથી કોઈ અતિશય ખારી જળધારાઓ પી ન શકાય તેવી અને અરોચક હતી, તે અશાંત બીજ સમૂદ્રને સ્વીકારીને સ્થિર થઈ અને બીજી પીવાયોગ્ય, રોચક અને શાંત હતી. તેને ત્યાં જ બધી બાજુથી દબાવી, બધી બાજુથી તપાવી, સારી રીતે તપાવી, તે દબાવેલી, તપાવેલી, સારી રીતે તપાવેલીથી જે બીજ થયું, તે પાકી ગયું. જે તે પાકી ગયું તેનાથી તે ભૃગુ અર્થાત્ ચમકતું તત્ત્વ ઉત્પન્ન થયું. તે ભૃગુનં ભૃગુપન છે. ભૃગુની સમાન જ તે બધા લોકોમાં ચમકે છે, જે એવો વિદ્વાન્ છે.

આમ, બ્રહ્મને જળરૂપ તત્ત્વના બે રૂપ કર્યા એક અતિસૂક્ષ્મ પરમાણુરૂપ જેને અમે ગ્રહણ ન કરી શકીએ, અને બીજું સ્થળરૂપ પ્રકાશ વગેરે.

स भृगुं सृष्ट्वाऽन्तरधीयत, स भृगुः सृष्टः प्राङेजत तं वागन्ववदद्वायो वायो इति, स न्यवर्त्तत, स दक्षिणां दिशमेजत तं वागन्ववदत् मातरिश्वन् मातरिश्वन्निति, स न्यवर्त्तत स उदीचीन्दिशमेजत तं वागन्ववदद्वात वातेति तमब्रवीन्नन्वविदामह इति, नहीत्यथार्वाङेनमेता-स्वेवाप्स्वन्विच्छेति तद्यदब्रवीदथार्वाङेनमेतास्वेवाप्स्वन्विच्छेति तदथर्वाऽभवत् तदथर्वणोऽथर्व-त्वम् । तस्य ह वा एतस्य भगवतोऽ थर्वण ऋषेर्यथैव ब्रह्मणो लोमानि यथाऽङ्गानि यथा प्राण एवमेवास्य सर्व आत्मा समभवत्तमथर्वाणं ब्रह्माऽब्रवीत् प्रजापतेः प्रजाः सृष्ट्वा पालय-स्वेति । तद्यदब्रवीत् प्रजापतेः प्रजाः सृष्ट्वा पालयस्वेति, तस्मात् प्रजापतिरभवत्, तत प्रजापतेः प्रजापतित्वमथर्वा वै प्रजापतिः, प्रजापतिरिव वै स सर्वेषु लोकेषु भाति य एवं वेद ॥[૪૨]

તાત્પર્ય એ છે કે, તે પરમાત્મા ભૃગુને ઉત્પન્ન કરીને અંતર્ધ્યાન થઈ ગયા. તે ભૃગુ ઉત્પન્ન થઈને પૂર્વની તરફ ચાલ્યા. તેને વાણી કહેવા લાગી : 'હે વાયુ ! હે વાયુ !' તે ફર્યા. તે દક્ષિણ દિશા તરફ ચાલ્યા. તેને વાણી કહેવા લાગી : 'હે માતરિશ્વન્ ! હે માતરિશ્વન્ !' તે ફર્યા. તે પશ્ચિમ દિશા તરફ ચાલ્યા. તેને વાણી કહેવા લાગી : 'હે પવમાન ! હે પવમાન !' તે ફર્યા. તે ઉત્તરદિશા તરફ ચાલ્યા. તેને વાણી કહેવા લાગી : 'હે વાત ! હે વાત ! તેને તેણે કહ્યું શું તે પરમાત્મને અમે જાણ્યો છે ?' વાણીએ કહ્યું : 'નથી જાણ્યો.' હવે સામે તે પુરુષને આ જ જળમાં શોધ. તે જે તે વાણીને કહ્યું. તે જ વાણીએ કહ્યું : હવે સામે તેને તે જળમાં શોધ તે અથર્વા (નિશ્ચલ પરમાત્મા) થયા. તે અથર્વાનું અથર્વપન છે. જેવી રીતે બ્રહ્મના રોમ, જેવી રીતે અંગ હતા અને જેવી રીતે પ્રાણ હતો. તેવી રીતે જ આ ખૂબ પ્રસિદ્ધ ભગવાન અથર્વાઋષિએ પણ નિશ્ચય કરીને બધા શરીર ઉત્પન્ન કર્યા. તે અથર્વાને બ્રહ્મએ કહ્યું – પ્રજાપતિની પ્રજાઓ ઉત્પન્ન કરીને પાલન કર. તે જે તે બ્રહ્મએ કહ્યું – પ્ર. પ્રજાપતિની પ્રજાઓ ઉત્પન્ન કરીને પાલન કર. તેનાથી તે પ્રજાપતિ થયો. તે પ્રજાપતિનું પ્રજાપતિત્ત્વ છે. અથર્વા જ પ્રજાપતિ છે પ્રજાપતિ સમાન જ તે પુરુષ. બધા લોકોમાં ચમકે છે, જે એવો વિદ્વાન્ છે.

આમ, ઋષિ લોકો જ્ઞાનશકિતથી પવન દ્વારા બધી દિશાઓમાં બ્રહ્મને શોધવા લાગ્યા, અન્તમાં બ્રહ્મને બધા પરમાણુઓમાં સર્વરીતે વ્યાપક પ્રાપ્ત કર્યા. બ્રહ્મનું જ નામ અહીંયા ભૃગુ, અથર્વા અને પ્રજાપતિ છે.

तमथर्वाणमृषिमभ्यश्राम्यदभ्यतपत्, समतपत्तस्माच्छ्रान्तात्तप्तात् सन्तप्तात् ईशतयानथर्वण ऋषीन्निरमिमतैकर्चान् द्व्यर्चांस्तृचांश्चतुर्ऋचा पञ्चर्चान् षडर्चान् सप्तर्धानष्टर्चान्नवर्चान्दशर्चा-निति । तानथर्वण ऋषीनभ्यश्राम्यदभ्यतपत् समतपत्, तेभ्यः श्रान्तेभ्यस्तप्तेभ्यः सन्तप्तेभ्य

दशतयानाथर्वणानार्षेयाञ्चिरमिमतैकादशान् द्वादशांस्त्रयोदशांश्चतुर्दशान् पञ्चदशान् षोडशान् सप्तदशानष्टादशान्नवदशान् विंशानिति । तानथर्वा ऋषीनाथर्वणांश्चार्षेयानभ्यश्राम्यदभ्यतपत् समतपत् तेभ्यः श्रान्तेभ्यस्तप्तभ्यः सन्तप्तेभ्यो यान् मन्त्रानपश्यत् स आथर्वणो वेदोऽभवत् तमाथर्वणं वेदमभ्यश्राम्यदभ्यतपत्समतपत्तस्माच्छ्रान्तात् तप्तात् सन्तप्तादोमिति मन एवोर्द्ध्वमक्षर-मुद्क्रामत्, स यं ईच्छेत्सर्वैरेतैरथव मिश्राथर्वणैरथ कुर्वीयेत्येतयैव तं महाव्याहृत्या कुर्वीत । सर्वैर्ह वा अस्यैतैरथर्वभिश्चाथर्वणैश्च कृतं भवति य एवं वेद यश्चैवं विद्वानेवमेतय महाव्याहृत्या कुरुते ॥[૪૩]

તાત્પર્ય એ છે કે, તે અથર્વા ઋષિએ તેને બધી બાજુથી દબાવ્યુ, બધી તરફથી તપાવ્યું, સારી રીતે તપાવ્યું, તે દબાવેલા, તપાવેલા, સારી રીતે તપાવેલા (અથર્વાથી) દસ પ્રકારવાળા અથર્વા ઋષિને તેણે બનાવ્યા, એ ઓમ્ પરમાત્માની સ્તુતિ યોગ્ય વિદ્યાવાળાને, બેની સ્તુતિ યોગ્ય વિદ્યાવાળાને (સ્થાવર અને જંગમ સંસારની), ત્રણ (ભૂત, વર્તમાન, ભવિષ્ય) ની સ્તુતિયોગ્ય વિદ્યાવાળાને, ચાર (ધર્મ, અર્થ, કામ અને મોક્ષ)ની સ્તુતિ યોગ્ય વિદ્યાવાળાને, પાંચ (પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ – પાંચ તત્ત્વોની) સ્તુતિ યોગ્ય વિદ્યાવાળાને, છ (વસન્ત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમન્ત, શિશિર – ઋતુઓની) સ્તુતિ યોગ્ય વિદ્યાવાળાને, સાત (બે કાન, બે નાક, બે આંખ, એક મુખ)ની સ્તુતિ યોગ્ય વિદ્યાવાળાને, આઠ (યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ, યોગના આઠ અંગો)ની સ્તુતિ યોગ્ય વિદ્યાવાળાને, નવ (આચાર, વિનય, વિદ્યા, પ્રતિષ્ઠા, તીર્થદર્શન, નિષ્ઠાવૃત્તિ, તપ, દાન – એમ નવ લક્ષણો)ની સ્તુતિ યોગ્ય વિદ્યાવાળાને અને દસ (દાન, શીલ, ક્ષમા, વીરતા, ધ્યાન, બુદ્ધિ, સેના, ઉપાય, દૂત, જ્ઞાન આ દસ બળો)ની સ્તુતિ યોગ્ય વિદ્યાવાળાને, તે અથર્વા ઋષિએ દર્શનીય વેદજ્ઞાનને બધી બાજુથી દબાવ્યા, બધી તરફથી તપાવ્યા, સારી રીતે તપાવ્યા. તે દબાવેલા, તપાવેલા, સારી રીતે તપાવેલાથી દસ પ્રકારવાળા આથર્વણને તે બ્રહ્માએ બનાવ્યા – અગ્યારમા (પ્રાણ, અપાન, ઉદાન, વ્યાન, સમાન, નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત, ધનંજ્ય, દસ પ્રાણો સહિત અગ્યારમા જીવાત્મા) થી સંબંધવાળા, બારમાં (ચૈત્ર, વૈશાખ, જેઠ, અષાઢ, શ્રાવણ, ભાદરવો, આસો, કાર્તિક, અગ્રહાયણ, પોષ, માઘ, મહીનાની સહિત ફાલ્ગુન મહીના) થી સંબંધવાળા, તેરમા (ઉછાળવું, નીચે પાડવું, સંકોચાવું, ફેલાવવું, અને ચાલવું પાંચ કર્મ તથા ઠીંગણાપણું, હલ્કાપણું, પ્રાપ્તિ, સ્વતંત્રતા, મોટાઈ, ઈશ્વરાપન અને જીતેન્દ્રિયતા, આ બારની સાથે તેરમા સત્ય સંકલ્પ)થી સંબંધવાળા, ચૌદમા (કાન, આંખ, નાસિકા, જિહ્‌વા, ત્વચા, – પાંચ જ્ઞાનેન્દ્રિય અને વાક્ હાથ, પગ, પાયુ, ઉપસ્થ પાંચ કર્મેન્દ્રિય તથા મન, બુદ્ધિ, ચિત્તની સહિત ચૌદમુ અહંકાર)થી સંબંધવાળા, પંદરમા (શુકલ, નીલ, પીત, રકત, હરિત કપિશ અને મિત્ર – સાત રૂપ તથા મધુર, અમ્બ, લવણ, કટુ, કષાય અને તિકત – છ રસ અને ચૌદમા સુરભિગંધની સહિત પંદરમા

અસુરભિગંધ) થી સંબંધવાળા, સોળમા (પ્રાણ, શ્રદ્ધા, આકાશ, વાયુ, પ્રકાશ, જળ, પૃથ્વી, ઈન્દ્રિય, મન, અન્ન, વીર્ય, તપ, મંત્ર, કર્મ, લોક આ પંદર કળાઓ સહિત સોળમી કલાના નામ)થી સંબંધવાળા, સત્તરમા (ચાર દિશા, ચાર વિદિશા, એક ઉપરની, એક નીચેની, દશ દિશાઓ – સત્ત્વ, રજસ અને તમસ તથા ઈશ્વર, જીવ અને પ્રકૃતિ – આ સોળની સહિત સત્તરમા સંસાર)થી સંબંધવાળા, ઓગણીશમા (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર – ચાર વર્ણ, બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ, સન્યાસ – ચાર આશ્રમ, સત્સંગ સાંભળવો, વિચારવું, ધ્યાન કરવું – ચાર કર્મ, અપ્રાપ્તની ઈચ્છા, પ્રાપ્તની રક્ષા, રક્ષાયેલાની વૃદ્ધિ, વૃદ્ધિ પામેલાનું સન્માર્ગમાં વ્યય કરવો, ચાર પુરુષાર્થ – મન, બુદ્ધિ આ અઢારની સહિત ઓગણીસમા અહંકાર)થી સંબંધવાળા, અને વીસમા (પૃથિવી આદિ પાંચ સૂક્ષ્મભૂત, પૃથિવી આદિ પાંચ સ્થૂલં ભૂત, કાન, આંખ, નાસિકા, જિહ્વા, ત્વચા પાંચ જ્ઞાનેન્દ્રિય અને વાક્, હાથ, પગ, પાયુ અને ઓગણીશ સહિત વીસમા ઉપસ્થેન્દ્રિય)થી સંબંધવાળા સૂક્ષ્મ વિજ્ઞાનોને તે બ્રહ્મએ બનાવ્યા – તે અથર્વા ઋષિઓએ સન્માર્ગ દર્શક વેદજ્ઞાનો અને આથર્વણ આર્ષેયોને તે બ્રહ્મને બધી બાજુથી દબાવ્યા, બધી તરફથી તપાવ્યા, સારી રીતે તપાવ્યા. તે દબાવેલા, તપાવેલા, સારી રીતે તપાવેલાથી ઓમ્ (અતિ સૂક્ષ્મ વિચારોને) તે બ્રહ્મએ જોયા, તે આથર્વણ વેદ થયા. તે આથર્વણ વેદને ચારે બાજુથી દબાવ્યા, બધી બાજુથી તપાવ્યા, સારી રીતે તપાવ્યા, તે દબાવેલા, તપાવેલા, સારી રીતે તપાવેલાથી ઓમ્ (સર્વરક્ષક અર્થાત્) મન (મનનશીલ બ્રહ્મ) જ ઉત્કૃષ્ટ અક્ષર (અવિનાશી બ્રહ્મ શબ્દ) નીકળ્યો. તે પુરુષ જો ઈચ્છે – આ બધા અથર્વાઓથી અને પણ આથર્વણોથી હું પુરુષાર્થ કરું – તે આ જ મહાવ્યાહૃતિ (મહાવાકય ઓમ્) થી તે પુરુષાર્થ કરે. તે પુરુષનું આ બધા અથર્વાઓથી અને આથર્વણોથી જ અવશ્ય કર્મ થાય છે, જે આવો વિદ્વાન છે, અને આવો વિદ્વાન્ આ પ્રકારે આ મહાવ્યાહૃતિથી કર્મ કરે છે.

આમ, ઋષિ મહાત્માઓએ બ્રહ્મને તેના પ્રકટ કરેલા જ્ઞાનો અને વિજ્ઞાનો દ્વારા બધા જ્ઞાનો અને વિજ્ઞાનોના સાર એક ઓમ્‌ને સર્વરક્ષક સર્વવ્યાપક પરમાત્મા માન્યો છે.

स भूयोऽश्राम्यद् भूयोऽतप्यद् भूय आत्मानं समतपते स आत्मनं एवं त्रींल्लोकान्निरमिमत पृथिवीमन्तरिक्षन्दिवमिति । स खलु पादाभ्यामेव पृथिवीं निरमिमतोदशदन्तरिक्षम्, मूर्ध्नोदिवम् । स तांस्त्रींल्लोकानभ्यश्राम्यदभ्यतपत्समतपत्तेभ्यः श्रान्तेभ्यस्तप्तेभ्यः सन्तप्तेभ्यस्त्रीन् देवान् निरमिमताग्निं वायुमादित्यमिति । स खलु पृथिव्या एवाग्निं निरमिमतान्तरिक्षाद्वायुन्दिव आदित्यम् । स तांस्त्रीन् देवानभ्यश्राम्यदभ्यतपत् समतपत्तेभ्यः श्रान्तेभ्यस्तप्तेभ्यः सन्तप्तेभ्यसन् वेदान्निरमिमत ऋग्वेदं यजुर्वेदं सामवेदमिति, अग्ने ऋग्वेदं, वायोर्यजुर्वेद मादित्यात्साम-वेदम् । स तांस्त्रीन् वेदानभ्यश्राम्यदभ्यतपत् समतपत् तेभ्य; श्रान्तेभ्यस्तप्तेभ्यः सन्तप्तेभ्यस्तिस्त्रो

महाव्याहृतीर्निरमिमत भूर्भुवः स्वरिति सामवेदान् । स य ईच्छेत्सर्वैरेतैस्त्रिभिर्वेदैः कुर्वीयेत्येताभिरेव तं महाव्याहृतिभिः कुर्वीत सर्वैर्ह वा अस्यैतैस्त्रिभि वेदैः कृतं भवति य एवं वेद यश्चैवं विद्वानेवमेताभिर्महाव्याहृतिभिः कुरूते ॥[४४]

તાત્પર્ય એ છે કે, પરમાત્માએ ફરી પોતાને દબાવ્યો, ફરી તપાવ્યો, ફરી સારી રીતે તપાવ્યા. તેણે પોતાનામાંથી જ ત્રણ લોક બનાવ્યા. પૃથિવી, અન્તરિક્ષ અને પ્રકાશલોક. તેણે નિશ્ચય કરીને બન્ને ચરણોથી જ પૃથિવીને બનાવી. પેટથી અંતરિક્ષ અને મસ્તકથી પ્રકાશલોકને તેણે લોકોને બધી તરફથી દબાવ્યા, બધી તરફથી તપાવ્યા અને સારી રીતે તપાવ્યા. તે દબાવેલા, તપાવેલા, સારી રીતે તપાવેલાથી ત્રણ દેવતા બનાવ્યા. અગ્નિ, વાયુ અને આદિત્ય. તેણે નિશ્ચય કરીને પૃથિવીથી જ અગ્નિ બનાવ્યો. અંતરિક્ષથી વાયુ અને પ્રકાશલોકથી આદિત્ય. તેણે તે ત્રણે દેવતાઓને બધી બાજુથી દબાવ્યા, બધી તરફથી તપાવ્યા અને સારી રીતે તપાવેલા ત્રણ વેદોને ઉત્પન્ન કર્યા. – ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ વિદ્યા – અર્થાત્ અથર્વવેદસહિત ચારેય વેદોકત પરમેશ્વરના કર્મ, ઉપાસના, જ્ઞાનરૂપ ત્રયી વિદ્યાને ઉત્પન્ન કર્યા. અગ્નિથી ઋગ્વેદ, વાયુથી યજુર્વેદ, અને આદિત્યથી સામવેદને. તેણે તે ત્રણેય વેદોને બધી બાજુથી દબાવ્યા, બધી બાજુથી તપાવ્યા અને સારી રીતે તપાવ્યા. તે તપાવેલા, દબાવેલા અને સારી રીતે તપાવેલાથી ત્રણ મહાવ્યાહૃતિને તેણે ઉત્પન્ન કરી. ભૂઃ, ભુવઃ, સ્વઃ, ભૂઃ ને ઋગ્વેદથી, ભુવઃ ને યજુર્વેદથી અને સ્વઃ ને સામવેદથી. તે પુરુષ જો ઈચ્છે – આ બધા ત્રણેય વેદોથી હું કરું – આને આ જ મહાવ્યાહૃતિઓથી તે કરે. તેના આ બધા ત્રણેય વેદોથી જ અવશ્ય કર્મ થાય છે, જે એવું જાણે છે, અને જે એવા વિદ્વાન આ મહાવ્યાહૃતિઓથી જ કર્મ કરે છે.

આમ, પરમેશ્વરએ પોતાના સર્વશકિતમાન, સર્વજ્ઞતા અને સર્વવ્યાપકતાથી કર્મ, ઉપાસના, જ્ઞાનમયીવિદ્યા અને ભૂર્ભુવઃ સ્વઃ આ ત્રણ મહાવ્યાહૃતિઓને મનુષ્યોના સુખ માટે પ્રકાશિત કર્યા છે. પૃથિવી, અન્તરિક્ષ, દ્યૌ, અગ્નિ, વાયુ, આદિત્ય આદિ પરમેશ્વરના નામ છે અને ત્રણ વેદો અર્થાત્ ત્રયીવિદ્યા કહેવાથી અથર્વવેદ સહિત ચારેયવેદોનું ગ્રહણ છે. પૃથિવી આદિ ઘણા શબ્દ ઈશ્વર નામ વાચી મહર્ષિ દયાનંદકૃત સત્યાર્થપ્રકાશ પ્રથમ સમુલ્લાસમાં વ્યાખ્યાત છે. અગ્નિ વગેરે ઈશ્વરના નામ છે.

तायाअमू रेतः समुद्रं वृत्वाऽतिष्ठंस्ताः प्राच्यो दक्षिणाच्यः प्रतीच्य उदीच्यः समवद्रवन्त । तद्यत्समवद्रवन्त तस्मात्समुद्र उच्यते । ता भीता अब्रुवन् भगवन्तमेव वयं राजानं वृणीमह इति । यच्चं वृत्वाऽतिष्ठंस्तद्वरणोऽभवत् तं वा एतं वरणं सन्तं वरूण इत्याचक्षते परोक्षेण परोक्षप्रिया इव हि देवा भवन्ति प्रत्यक्षद्विषः । स समुद्रादमुच्यत स मुच्युरभवत्तं

वा एतं मुच्युं सन्तं मृत्युरित्याचक्षते । परोक्षेण परोक्षप्रिया इव हि देवा भवन्ति प्रत्यक्ष-द्विषः । तं वरुणं मृत्युमभ्यश्राम्यदभ्यतपत्समतपत्तस्य श्रान्तस्य तप्तस्य सन्तप्तस्य सर्वेभ्योऽङ्गेभ्यो रसोऽक्षरत् सोऽङ्गरसोऽभवत् तं वा एतमङ्गरसं सन्तमङ्गिरा इत्याचक्षते । परोक्षेण परोक्षप्रियां इव हि देवा भवन्ति प्रत्यक्षद्विषः ॥[૪૫]

તાત્પર્ય એ છે કે, તે જે કાંઈ વ્યાપક તન્માત્રાઓ જળની વરાળ સમાન બીજ થઈને સમુદ્રને લઈને સ્થિર થઈ, તે બધી સમોવાળી અથવા અથવા પૂર્વ, ડાબી અથવા જમણી, પાછળવાળી અથવા પશ્ચિમ અને ડાબી અથવા ઉત્તર દિશાથી વહીને આવી. તે જે વહીને આવી, એટલા માટે સમુદ્ર કહેવામાં આવે છે. તે ભયભીત થયેલી બોલી – ભગવાનને જ અમે રાજા ગ્રહણ કરીએ છીએ. અને જે ગ્રહણ કરીને તે સ્થિર થળ, તેનાથી તે ગ્રહણ યોગ્ય થયા. તેનાથી ગ્રહણ યોગ્ય થયેલા – આ વરુણ છે. એવું તે કહે છે. પરોક્ષની દ્વારા પરોક્ષપ્રિય લોકોની સમાન જ દેવતા પ્રત્યક્ષના દ્વેષી થાય છે. તે સમુદ્ર પરમેશ્વરથી છૂટો થયો. તે નિશ્ચય કરીને આ છૂટેલાને આ મૃત્યુ છે – એવું તે કહે છે. પરોક્ષની દ્વારા પરોક્ષપ્રિય લોકોની સમાન જ દેવતા પ્રત્યક્ષના દ્વેષી થાય છે – તે વરુણ મૃત્યુને બધી બાજુથી દબાવ્યા, બધી બાજુથી તપાવ્યા, સારી રીતે તપાવ્યા, તે દબાવેલા, તપાવેલા, સારી રીતે તપાવેલાના બધા અંગોથી રસ વહ્યો. તે અંગરસ થયો. તે અંગિરા (સર્વવ્યાપક) છે – એવું તે કહે છે. પરોક્ષની દ્વારા પરોક્ષપ્રિય લોકોની સમાન જ દેવતા પ્રત્યક્ષના દ્વેષી થાય છે.

આમ, બધા પરમાણુઓના સંયોગ વિયોગ પરમાત્માની શકિતથી થાય છે. અને પરમાત્માના અલગ – અલગ અંગોની કલ્પના કરવાથી પણ તે એટલો મહાન સર્વવ્યાપી છે કે બધા પદાર્થોને બહાર અંદર વર્તમાન રહેવાથી તે કાંઈ ઘટતો નથી, જેમ કે તેનું વેદમાં પણ વર્ણન છે.

तमङ्गिरसमृषिमभ्यश्राम्यदभ्यतपत्समतपत्तस्माच्छ्रान्तात्तप्तात्सन्तप्ताद्विंशिनोऽङ्गिरस ऋषीन्नि-रमिमत, तान् विंशिनोऽङ्गिरस ऋषीनभ्यश्राम्यदभ्यत यत्समतपत्, तेभ्यः श्रान्तेभ्यस्तप्तेभ्यः सन्तप्तेभ्यो दशतयानाङ्गिरसाना र्षेयान्निरमिमत, षोऽशिनोऽष्टादशिना द्वादशिन एकर्चांस्तृचांश्चतु-र्ऋचान् पञ्चार्चान् षडर्चान् दब्यृचान् सप्तर्चानिति । तानङ्गिरस ऋषीनाङ्गिरसां श्चार्षेयानभ्यश्राम्य-दभ्यतपत्समतपत्तेभ्यः श्रान्तेभ्यस्तप्तेभ्यः सन्तप्तेभ्योयान् । मन्त्रानपश्यत्स आङ्गिरसो वेदोऽभवत्तमाङ्गिरसं वेदमभ्यश्राम्यदभ्यतापत्समतपत्तस्माच्छ्रान्तात्तप्तात् सन्तप्ताज्जनदिति द्वैतमक्षरं व्यभवत् । स य ईच्छेत्सर्वैरेतैरङ्गिरोभिश्चाङ्गिरसैश्च कुर्वीयेत्येतयैवतं महाव्याहृत्या कुर्वीत सर्वैर्ह वा अस्यैतैरङ्गिरोभिशचाङ्गिरसैश्च कृतं भवति य एवं वेद यश्चैवं विद्वानेवमेतया महाव्याहृत्या कुरुते ॥[૪૬]

તાત્પર્ય એ છે કે, તે અંગિરા ઋષિને તે બ્રહ્મએ બધી તરફથી દબાવ્યા, બધી તરફથી તપાવ્યા, સારી રીતે તપાવ્યા, તે દબાવેલા, તપાવેલા, સારી રીતે તપાવેલાથી વીસમા (પૃથિવી આદિ પાંચ સૂક્ષ્મ ભૂત, પૃથિવી આદિ પાંચ સ્થૂળ ભૂત, કાન, આંખ, નાસિકા, જિહ્વા, ત્વચા, પાંચ જ્ઞાનેન્દ્રિય અને વાક્, હાથ, પગ, પાયુ, ઓગણીશની સહિત વીસમી ઉપસ્થેન્દ્રિય) થી સંબંધવાળા અંગિરા ઋષિયોને ઉત્પન્ન કર્યા. તે વીસમાથી સંબંધવાળા અંગિરા ઋષિઓને તે બ્રહ્મએ બધી બાજુથી દબાવ્યા, બધી બાજુથી તપાવ્યા, સારી રીતે તપાવ્યા. તે દબાવેલા, તપાવેલા, સારી રીતે તપાવેલાથી દસ પ્રકારવાળા અંગિરાથી આવેલા આર્ષેયોને તે બ્રહ્મએ ઉત્પન્ન કર્યા, સોળમા (પ્રાણ, શ્રદ્ધા, આકાશ, વાયુ, પ્રકાશ, જળ, પૃથિવી, ઈન્દ્રિય, મન, અન્ન, વીર્ય, તપ, મન્ત્ર, કર્મ, લોક આ પંદર કલાઓની સહિત સોળમી કલાના નામની સંબંધ– વાળા અઢારમા (ધૈર્ય, સહન, મનને રોકવું, ચોરી ન કરવી, શુદ્ધતા, જિતેન્દ્રિયતા, બુદ્ધિ, વિદ્યા, સત્ય, ક્રોધ ન કરવો, આ દસ ધર્મ, તથા બ્રાહ્મણ, ગૌ, અગ્નિ, સુવર્ણ, ઘૃત, સૂર્ય, જળ આ સાત મંગલોની સહિત અઢારમા રાજા) થી સંબંધવાળા, બારમા (ચૈત્ર, વૈશાખ, જેઠ, આષાઢ, શ્રાવણ, ભાદરવો, આસો, કારતક, અગ્રહાયણ, પોષ, મહા આ અગ્યાર મહીનાની સહિત ફાગણ મહિના) થી સંબંધવાળા, એક (ઓરૂમ પરમાત્મા) ની સ્તુતિ યોગ્ય, ત્રણ ભૂત, ભવિષ્ય, વર્તમાનની સ્તુતિ યોગ્ય વિદ્યાવાળા ચાર (ધર્મ, અર્થ, કામ, મોક્ષ) ની સ્તુતિ યોગ્ય વિદ્યાવાળા પાંચ (પૃથિવી, જળ, તેજ, વાયુ, આકાશ) તત્ત્વોની સ્તુતિયોગ્ય વિદ્યાવાળા છ (વસન્ત, ગ્રીષ્મ, વર્ષા, શરદ્દ, હેમન્ત, શિશિર ઋતુઓની સ્તુતિ યોગ્ય વિદ્યા– વાળા, સાત (બે કાન, બે નાક, બે આંખ, એક મુખ) ની સ્તુતિ યોગ્ય વિદ્યાવાળા આ સૂક્ષ્મ વિજ્ઞાનોને ઉત્પન્ન કર્યા. તે અંગિરા ઋષિઓને અને આંગિરસ અર્થાત્ અંગિરાથી આવેલા આર્ષેયોને તે બ્રહ્મને બધી બાજુથી દબાવ્યા, બધી બાજુથી તપાવ્યા, સારી રીતે તપાવ્યા, તે દબાવેલા, તપાવેલા, સારી રીતે તપાવેલાથી જે મંત્રો (અતિ સૂક્ષ્મ વિજ્ઞાનો) ને તે બ્રહ્મએ જોયા, તે આંગિરસ વેદ થયા. તે આંગિરસ વેદને બ્રહ્મએ બધી બાજુથી તપાવ્યા, સારી રીતે તપાવ્યા, તે દબાવેલા, તપાવેલા, સારી રીતે તપાવેલા વેદથી ઉત્પન્ન કરનાર બ્રહ્મ બન્નેમાં (સ્થાવર – જંગમ) માં પ્રાપ્ત થયા. અક્ષર (અવિનાશી) બહાર થયા. તે પુરુષ જો ઈચ્છે – આ બધા અંગિરાઓથી અને આંગિરસોથી હું પુરુષાર્થ કરું – તેને આ જ મહાવ્યાહૃતિથી કરો. તેનું આ બધા અંગિરાઓથી અને આંગિરસોથી જ અવશ્ય કર્મ થઈ જાય છે. જે આવા વ્યાપક બ્રહ્મને જાણે છે, અને જે વ્યાપક બ્રહ્મને જાણે છે. આ પ્રકારથી આ મહાવ્યાહૃતિથી કર્મ કરે છે.

આમ, મનુષ્ય બુદ્ધિને વારંવાર સૂક્ષ્મથી સૂક્ષ્મ જ્ઞાનો દ્વારા વૃદ્ધિ પામીને પરમાત્માના જ્ઞાનથી પુરુષાર્થની સાથે આત્મોન્નતિ કરો.

स उद्ध्र्वोऽतिष्ठत् स इमांल्लोकान् व्यष्टम्नात्, तस्मादङ्गिरसोऽधीयान ऊदर्ध्वस्तिष्ठति, तद् व्रतं स मनसा ध्यायेश्चद् वा अहं किंचन मनसा ध्यास्यामि तथैव तद् भविष्यति तद्ध स्म तथैव भवति ।

तदप्येतदृचोक्तम् । श्रेष्ठो ह वेदस्तपसोऽधिजातो ब्रह्मज्यानां क्षितयेसम्बभूव ऋज्यद् भूतं यदसृज्यतेदं निवेशनमनृणं दूरमस्येति । ता वा एता अङ्गिरसां यामयो यन्मेनयः करोति मेनिभिर्वीर्य्य य एवं वेद ॥[૪૭]

તાત્પર્ય એ છે કે, તે પરમાત્મા ઊંચા થઈને સ્થિર થયા, તેણે આ લોકોને વિવિધ રીતે સ્થિર કર્યા. આનાથી અંગિરાઓને અધ્યયન કરતો મનુષ્ય ઊંચો થઈને સ્થિર થયો છે. આ વ્રતને તે મનુષ્યે મનની સાથે વિચારવું. જે કાંઈપણ હું મનની સાથે વિચારીશ, તેવું જ તે થશે. તે જ અવશ્ય તેવો જ થાય છે.

તે ઋચા કરીને કહેવામાં આવી છે. – શ્રેષ્ઠ જ વેદ તપથી પ્રકટ થઈને બ્રહ્મજ્ઞાનીઓની નુકશાન કરનારાના નાશ માટે સમર્થ થયા. ચાલતો સતામાત્ર જગત જેણે ઉત્પન્ન કર્યો છે, આ તેના વગર ઉધારવાળા દૂર સુધી ઘર છે. તે નિશ્ચય કરીને આ જે વેદજ્ઞાનોની નિયમ શકિતઓ છે, તે વજ્ર તુલ્ય દઢ છે. વજ્રોથી વીરતા કરે છે. જે એવું જાણે છે.

આમ, સર્વોત્તમ સર્વવ્યાપક પરમાત્માના વેદોકત નિયમો ઉપર ચાલીને સત્યકલ્પી બ્રહ્મજ્ઞાની પુરુષ વિઘ્નોને દૂર કરી સંસારમાં વીર થાય છે.

स दिशोऽन्वैक्षत प्राचीं दक्षिणां प्रतीचीमुदीचीं ध्रुवामूद्र्ध्वामिति । तास्त त्रैवाभ्यश्राम्यं-दभ्यतपत्समतपत्ताभ्यः श्रान्ताभ्यस्तप्ताभ्यः सन्तप्ताभ्यः पञ्चवेदान्निरमिमत सर्पवेदं पिशाचवेद-मसुरवेदमितिहासवेदं पुराणवेदमिति । स खलु प्राच्या एव दिशः सर्पवेदं निरमितत, दक्षिणस्याः पिशाचवेदं, प्रतीच्चा असुरवेदमुदीच्या इतिहासवेदं ध्रुवायाश्चोद्र्वायाश्च पुराणवेदम् । स तान् पञ्च वेदानभ्यश्राम्यदभ्यतपत्समतपत्तेभ्यः श्रान्तेभ्यस्तप्तेभ्यः सन्तप्तेभ्यः पञ्च महाव्याहृती-र्निरमितत वृधत् करद् गुहत् महत् तदिति । वृवदिति सर्पवेदात् करदिति पिशाचवेदात्, स य इच्छेत्सर्वैरेतैः पञ्चभिर्वेदैः कुवीयेत्येताभिरेव तं महाव्याहृतिभिः कुर्वीत सर्वैर्ह वा अस्यैतैः पञ्चभिर्वेदैः कृतं भवति य एवं वेद यश्चैवं विद्वानेनमेताभिर्महाव्याहृतिभिः कुरुते ॥[૪૮]

તાત્પર્ય એ છે કે, તે પરમાત્મા દિશાઓને જોવા લાગ્યા. પૂર્વ અથવા સામેવાળી, પશ્ચિમ અથવા પાછળવાળી, ઉત્તર અથવા જમણી, દઢ અથવા નીચેવાળી અને ઉપરવાળી તેને ત્યાં જ તેણે બધી બાજુથી

દબાવ્યા, બધી બાજુથી તપાવ્યા, સારી રીતે તપાવ્યા, તે દબાવેલા, તપાવેલા, સારી રીતે તપાવેલાથી પાંચ વેદોને તેણે બનાવ્યા. સર્પવેદ, પિશાચવેદ, અસુરવેદ, ઈતિહાસવેદ અને પુરાણવેદ. તેણે નિશ્ચય કરીને પૂર્વ અથવા સામેવાળી દિશાથી સર્પવેદને ઉત્પન્ન કર્યા. દક્ષિણ અથવા ડાબાથી પિશાચવેદને, પશ્ચિમ અથવા પાછળવાળીથી અસુરવેદને, ઉત્તર અથવા જમણેથી ઈતિહાસ વેદને, નીચેવાળી અને ઉપરવાળીથી પુરાણ વેદને તે પરમાત્માએ તે પાંચવેદને બધી બાજુથી દબાવ્યા, બધી બાજુથી તપાવ્યા, સારી રીતે તપાવ્યા, તે દબાવેલા, તપાવેલા, સારી રીતે તપાવેલાથી પાંચ મહાવ્યાહૃતિઓને ઉત્પન્ન કરી. વૃદ્ધિવાળા પરિપૂર્ણ બ્રહ્મ છે, કર્તા બ્રહ્મ, બધામાં છૂપાયેલા અન્તર્યામી બ્રહ્મ; પૂજનીય બ્રહ્મ છે, ફેલાયેલા બ્રહ્મ છે, વૃધતને સર્પવેદથી, ક્રૃરત્ની પિશાચવેદથી, ગુહત્ને અસુરવેદથી, મહત્ને ઈતિહાસવેદથી અને તત્ને પુરાણવેદથી. તે પુરુષ જો ઈચ્છે – આ બધા પાંચ વેદોથી હું પુરુષાર્થ કરું. તેને આ જ મહાવ્યાહૃતિઓથી કરો. તેનું આ બધા પાંચ વેદોથી જ અવશ્ય કર્મ થાય છે. જે વ્યાપક બ્રહ્મને જાણે છે, અને જે વ્યાપક બ્રહ્મને જાણતો આ રીતે આ મહાવ્યાહૃતિઓથી કર્મ કરે છે.

આમ, પરબ્રહ્મ સર્વવ્યાપક, સર્વશકિતમાન છે, તેની સત્તાને બ્રહ્મજ્ઞાનીલોકો સર્વવ્યાપક દિશાઓમાં બધી જગ્યાએ જોવે અને પુરુષાર્થ કરીને ઉન્નતિ કરાવે છે. કરે છે.

स आवतश्च परावतश्चावैक्षतः, तास्तत्रैवाभ्यश्राम्यदभ्यतपत्समतपत्ताभ्यः श्रान्ताभ्यस्तप्ताभ्यः सन्तप्ताभ्यः शमित्यूदर्ध्वमक्षरमुदक्रामत् । स य इच्छेत्सर्वाभिरेताभिशवद्भिश्च परावद्भिश्च कुर्वीयेत्येतयैव तं महाव्याहृत्या कुर्वीत सर्वामिर्ह वा अस्यैताभिरावद्भिश्च परावद्भिश्च कृतं भवति य एवं वेद यश्चैवं विद्वानेवमेतया महाव्याहृत्या कुरुते ।।[૪૯]

તાત્પર્ય એ છે કે, તે પરમાત્મા નજીકવાળીને અને દૂરવાળીને જોવા લાગ્યા. તેને ત્યાં જ તેણે બધી બાજુથી દબાવ્યા, બધી બાજુથી તપાવ્યા, સારી રીતે તપાવ્યા, તે દબાવેલા, તપાવેલા, સારી રીતે તપાવેલા શાંતિકારક બ્રહ્મ આ ઉત્કૃષ્ટ અક્ષર નીકળી આવ્યો. તે પુરુષ જે ઈચ્છે આ બધા નજીક–વાળા અને અને દૂરવાળાથી હું પુરુષાર્થ કરું. તેને આ જ મહાવ્યાહૃતિઓથી કરો. તેના આ બધા નજીક–વાળા અને અને દૂરવાળાથી અવશ્ય જ કર્મ થાય છે. જે વ્યાપક બ્રહ્મને જાણે છે, અને જે વ્યાપક બ્રહ્મને જાણતો. આ રીતે આ મહાવ્યાહૃતિથી કર્મ કરે છે.

આમ, મનુષ્ય પરબ્રહ્મને નજીક અને દૂર વર્તમાન જાણીને તેના શાન્ત સ્વરૂપનું ધ્યાન કરીને પોતાના આત્માને શાંત રાખે.

स भूयोऽश्राम्यत्, भूयोऽतप्यत्, भूय आत्मानं समतपत्स मनस एव चन्द्रमसन्निरमिमत, नखेभ्यो नक्षत्राणि, लोमभ्य ओषधिवनस्पतीन्, क्षुद्रेभ्यः प्राणेभ्योऽन्यान् बहून् देवान् । स भूयोऽश्राम्यद् भूयोऽतप्यत्, भूय आत्मानं समतपत् स एतं त्रिवृतं सप्ततन्तुमेकविंशति संस्थं यज्ञमपश्यत् ।

तदप्येतदृवोक्तम् अग्निर्यज्ञं त्रिवृतं सप्ततन्तुमिति । अथाप्येष प्राक्रोडितः श्लोकः प्रत्यभिवदति सप्त स्तुत्याः सप्त च पाकयज्ञा इति ।।[૫૦]

તાત્પર્ય એ છે કે, તે પરમાત્માએ ફરી પોતાનાથી દબાવ્યાં, ફરી તપાવ્યા, સારી રીતે તપાવ્યા. તેણે મનન સામર્થ્યથી જ આનંદ આપનાર ચન્દ્રલોકને ઉત્પન્ન કર્યા. નખોના સામર્થ્યથી ચાલનારા તારાઓને, રોમ અથવા છેદના સામર્થ્યથી સોમલતા આદિ ઔષધીઓ અને વનસ્પતિઓને, સૂક્ષ્મ પ્રાણ અથવા જીવન સામર્થ્યથી બીજા ઘણા દિવ્યપદાર્થોને. તેણે ફરી પોતાને દબાવ્યાં, ફરી તપાવ્યા, સારી રીતે તપાવ્યા. તેને આ ત્રણગણા કરીને સાત તંતુવાળા આ એકવીશની સાથે જેમના તેમ સ્થિર થયેલા યજ્ઞને જોયો. તે પણ આ ઋચા દ્વારા બોલવામાં આવે છે.

આમ, પરમાત્માએ પોતાના સામર્થ્યથી બધા ચન્દ્ર આદિ લોક અને બધો સંસાર બનાવ્યો છે.

तमाहरन् योनायजत तस्याग्निर्होताऽऽसीत् वायुरध्वर्य्युः, सूर्य्य उद्गाता, चन्द्रमा ब्रह्मा, पर्जन्यः सदस्यः ओषधिवनस्पतयश्चमसाः, अध्वर्य्यवो विश्वेदेवा होत्रका, अथर्वाङ्गिरसो गोप्तारस्तं ह स्मैतमेवं विद्वांसः पूर्वे श्रोत्रिया यज्ञं ततं सावसाय ह स्माहेत्यभिव्रजन्ति, मानोऽयं धर्म उद्यतः प्रमत्तानाममृताः प्रजाः प्रसाक्षीदिति, तान् वा एतान् परिरक्षकान् सदः प्रसर्पकानित्याचक्षते दक्षिणासमृद्धांस्तदु ह स्माह प्रजापतिर्थद्वै यज्ञेऽकुशला ऋत्विजो भवन्त्यचरितिनो ब्रह्मचर्यमपराग्या वा तद्वै यज्ञस्य विरिष्टमित्याचक्षते । यज्ञस्य वरिष्टमनु यजमानो विरिष्यते यजमानस्य विरिष्टमन्वृत्विजो विरिष्यन्त, ऋत्विजां विरिष्टमनुदक्षिणा विरिष्यन्ते, दक्षिणानां विरिष्टमनु यजमानः पुत्रपशुभिर्विरिष्यते, पुत्रपशूनां, विरिष्टमनु यजमानं स्वर्गेण लोकेन विरिष्यते, स्वर्गस्य लोकस्य विरिष्टमनु तस्यार्द्धस्य योगक्षेमो विरिष्यते, यस्मिन्नर्द्धे यजन्त इति ब्राह्मणम् ।।[૫૧]

તાત્પર્ય એ છે કે, બ્રહ્મજ્ઞાનીઓનો વિચાર છે કે, બ્રહ્મયજ્ઞ અર્થાત્ સંસારની સૃષ્ટિ અવસ્થામાં અગ્નિ, વાયુ, સૂર્ય, ચન્દ્ર આદિ યાજક માન્યા છે. જો તે પોત પોતાનું કામ સારી રીતે ન કરે તો સારી સૃષ્ટિ નષ્ટ થઈ જાય અને યજમાન અર્થાત્ ઈશ્વર પણ કૃતકૃત્ય ન થાય.

तं हं स्मैतमेवं विद्वांसं ब्रह्माणं यज्ञविरिष्टी वा यज्ञविरिष्टिनो वेत्युपाधावरेन् नमस्ते अस्तु भगवन् यज्ञस्य नो विरिष्टं सन्धेहीति, तद्यत्रैव विरिष्टंस्यात्तत्राग्नीनुपसमाधाय शान्त्युदकं कृत्वा पृथिव्यै श्रोत्रायेति त्रिरेवाग्नीन् सम्प्रोक्षति, त्रिः पर्य्युक्षति, त्रिः कारयमाणमाचामयति च, सम्प्रोक्षति च, यज्ञवास्तु च सम्प्रोक्षत्यथापि वेदानां रसेन यज्ञस्य विरिष्टं सन्धीयते, तद्यथा लवणेन सुवर्णं सन्दध्यात् सुवर्णेन रजतं रजतेन, लोहं लोहेन, सीसं सीसेन, एष्वेवमेवास्य यज्ञस्य विरिष्टं सन्धीयते, यज्ञस्य सन्धितिमनु यजमानः सन्धीयते यजमानस्य सन्धितिमन्वृत्विजः सन्धीयन्ते, ऋत्विजां सन्धीतमनुदक्षिणा सन्धीयन्ते दक्षिणानां सन्धितिमनु यजमानः पुत्रपशुभिः सन्धीयते, पुत्रपशुनां सन्धितिमनु यजमानः स्वर्गेण लोकेन सन्धीयते, स्वर्गस्य लोकस्य सन्धीतिमनु तस्यार्द्धस्य योगक्षेमः सन्धीयते, यस्मिन्नर्द्धे यजन्त इति ब्राह्मणम् ॥[૫૨]

તાત્પર્ય એ છે કે, જ્યાં ઋત્વિજ્ લોકો વિદ્વાન્ ક્રિયાકુશળ હોય છે, ત્યાં યજ્ઞની સમાપ્તિ ઉત્તમતાથી થાય છે. અને બધા યજમાન તથા ઋત્વિજોના આનંદ અને સંપત્તિ વધે છે.

तदुह स्माहाथर्वा देवो विज्ञानन्यज्ञविरिष्टिानन्दानीत्युपशमयेरन् यज्ञे प्रायश्चित्तिः क्रियतेऽपि च यदु बह्विव यज्ञे विलोमः क्रियते न चेवास्य काचनार्त्तिर्भवति न च यज्ञविष्कन्धमुपयात्यपहन्ति पुनर्मृत्युमपात्येति पुनराजातिं कामचारोऽस्य सर्वेषु लोकेषु भाति य एवं वेद यश्चैवं विद्वान् ब्रह्मा भवति यस्य चैवं विद्वान् ब्रह्मा दक्षिणतः सदोऽध्यास्ते यस्य चैवं विद्वान् ब्रह्मा दक्षिणत उदङ्मुख आसीनो यज्ञ आज्याहुतीर्जुहोतीति ब्राह्मणम् ॥[૫૩]

તાત્પર્ય એ છે કે, જ્યારે બ્રહ્મા સર્વવેદવેત્ત અને કર્મકુશળ થાય છે ત્યારે યજમાનનો યજ્ઞ સફળ થાય છે.

ગોપથ બ્રાહ્મણના પૂર્વભાગમાં ૐકારનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે, જેમ કે...,

ब्रह्म ह वै ब्रह्माणं पुष्करे ससृजे, स खलु ब्रह्मा सृष्टिश्चिनत्मापेदे केनाहमेकेनाक्षरेण सर्वांश्च कामान् सर्वांश्च शब्दान् सर्वांश्च व्युष्टीः सर्वाणि च भूतानि स्थावरजङ्गमान्यनुभवेयमिति स ब्रह्मचर्य्यमचरत् । स ओमित्येतदक्षरमपश्यद् द्विवर्णञ्चतुर्मात्र सर्वव्यापि सर्वविभ्वयातयामब्रह्म ब्राह्मी व्याहृतिं ब्रह्मदैवतं तथा सर्वांश्च कामान् सर्वांश्च लोकान् सर्वांश्च देवान् सर्वांश्च वेदान् सर्वांश्च यज्ञान् सर्वांश्च शब्दान् सर्वांश्च व्युष्टीः सर्वाणि च भूतानि स्थावरजङ्गमान्यन्वभवत्तस्य प्रथमेन वर्णेनापस्नेहश्चान्वभवतस्य द्वितीयेन वर्णेन तेजो ज्योतीष्यन्भवत् ॥[૫૪]

બ્રહ્માનું બ્રહ્મચર્ય, ઓમ્ જગત્‌ની સૃષ્ટિનું વર્ણન કરવામાં આવ્યું છે. તાત્પર્ય એ છે કે, બ્રહ્મએ નિશ્ચય કરીને બ્રહ્માને પોતાના સામર્થ્યથી આકાશમાં ઉત્પન્ન કર્યા. તે બ્રહ્માએ પણ ઉત્પન્ન થઈને ચિંતાને પ્રાપ્ત કરી. કયાં એક અક્ષર અવિનાશી બ્રહ્મથી બધાની કામનાઓ, અને બધા લોકો, અને બધા દિવ્ય પદાર્થો, અને બધા વેદો, અને બધા યજ્ઞો અને બધા શબ્દો અને બધા વિવિધ વર્ણો, બધી સ્થાવર અને જંગમ સત્તાઓને ઉત્પન્ન કરું. તેમણે તપ કર્યું. તેમણે 'ઓમ્' આ અક્ષર બે વર્ણવાળા, ચારમાત્રા–વાળા, સર્વવ્યાપક, સર્વશકિતમાન, નિર્વિકાર બ્રહ્મવાળા, બ્રહ્મની વ્યાહૃતિ, બ્રહ્મદેવતાવાળાને જોયા. તે 'ઓમ્' વ્યાહૃતિથી બધી કામનાઓ, અને બધા લોકો, અને બધા દિવ્ય પદાર્થો, અને બધા વેદો, અને બધા યજ્ઞો અને બધા શબ્દો, અને બધા વિવિધ વર્ણો, અને બધા સ્થાવર અને જંગમ સત્તાઓને તેમણે ઉત્પન્ન કરી. તે 'ઓમ્' ના પ્રથમ વર્ણ 'ઓંકાર' થી વ્યાપક જળ અને ચીકણું ઉત્પન્ન કર્યું. તેના બીજા વર્ણ 'મકાર' થી તેજ અને જ્યોતિઓ ઉત્પન્ન કર્યાં.

ઓમ્‌ની પહેલી સ્વરમાત્રાથી પૃથ્વી વગેરેની ઉત્પત્તિ જેમ કે...,

तस्य प्रथमया स्वरमात्रया पृथिवीमग्निमोषधिवनस्पतीन् ऋग्वेदं भूरिति व्याहृतिर्गायत्रं छन्दस्त्रिवृतं स्तोमं प्राचीं दिशं वसन्तमृतुं वाचमध्यात्मं जिह्वां रसमितीन्द्रियाण्यन्वभवत् ।।[५५]

તાત્પર્ય એ છે કે, તે 'ઓમ્' ની પ્રથમ સ્વરમાત્રા 'અકાર' થી પૃથિવી, અગ્નિ, ઔષધીઓ, વનસ્પતિઓ, ઋગ્વેદ, ભૂઃ, વ્યાહૃતિ, ગાવાયોગ્ય આનંદદાયક અથવા પૂજનીય કર્મ, પરમેશ્વરના કર્મ ઉપાસના અને જ્ઞાન ત્રણેયની સાથે વર્તમાન સ્તુતિયોગ્ય વ્યવહાર, પૂર્વ અથવા સમ્મુખવાળી દિશા, વસન્ત ઋતુ, આત્માને દર્શાવનારું યંત્ર વાણી, જીભ અને રસ ચાખવાનું સામર્થ્ય ઈન્દ્રિયો જ્ઞાન અને કર્મના સાધનોને તે બ્રહ્માએ ઉત્પન્ન કર્યાં.

આમ, પરમેશ્વરે પોતાના સામર્થ્યથી પૃથિવી વગેરેને ઉત્પન્ન કર્યાં છે.

ઓમ્‌ની બીજી સ્વરમાત્રાથી વાયુ આદિની ઉત્પત્તિ જેમ કે...,

तस्य द्वितीयया स्वरमात्रयाऽन्तरिक्षं वायुं यजुर्वेदं भुव इति व्याहृतिं त्रैष्टुभं छन्दः । पञ्चदशं स्तोमं प्रतीचीं दिशं ग्रीष्ममृतुं प्राणमध्यात्मन्नामिके गन्धघ्राणमितीन्द्रियाण्यन्वभवत् ।[५६]

તાત્પર્ય એ છે કે, તે 'ઓમ્' ની બીજી સ્વરમાત્રાથી અન્તરિક્ષવાયુ, યજુર્વેદ, ભુવઃ, વ્યાહૃતિ, ત્રણ સત્ત્વ, રજસ્ અને તમસ્‌ના બંધનવાળો આનંદદાયક અથવા પૂજનીય કર્મ, પાંચ પ્રાણ અર્થાત્ પ્રાણ, અપાન, વ્યાન, સમાન અને ઉદાન, પાંચ ઈન્દ્રિય અર્થાત્ શ્રોત્ર, ત્વચા, નેત્ર, રસના અને ઘ્રાણ, પાંચ ભૂત અર્થાત્, પૃથિવી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ. આ પંદર પદાર્થવાળા સ્તુતિ યોગ્ય વ્યવહાર પશ્ચિમ અથવા પાછળવાળી દિશા, ગ્રીષ્મઋતુ, આત્માને દર્શાવનારું યંત્ર અર્થાત્ પ્રાણ અથવા શ્વાસ, નાસિકા, ગંધ સૂંઘવાનું સામર્થ્ય ઈન્દ્રિયો તેમણે ઉત્પન્ન કરી.

ઓમ્‌ની ત્રીજી સ્વરમાત્રાથી સૂર્ય આદિની રચના જેમ કે...,

तस्य तृतीया स्वरमात्रया दिवमादित्यं सामवेदं स्वरिति व्याहृतिजाग छन्दः सप्तदशं स्तोममुदीचीं दिशं वर्षा ऋतुं ज्योतिरध्यात्मं चक्षुषी दर्शनमितीन्द्रियाण्यन्वभवत् ॥[૫૭]

તાત્પર્ય એ છે કે, તે 'ઓમ્' ની ત્રીજી સ્વરમાત્રા ઓકારથી પ્રકાશલોક, સૂર્યમંડલ, સામવેદ, સ્વઃ વ્યાહૃતિ, જગતના હિતકરનાર આનંદદાયક કર્મ, સત્તર અર્થાત્ ચાર દિશા, ચાર વિદિશા, એક ઉપરને અને એક નીચેની – દસ દિશાઓ, સત્ત્વ, રજસ્ અને તમસ્, ઈશ્વર, જીવ અને પ્રકૃતિ આ સોળ સહિત સત્તરમાં સંસારથી સંબંધવાળા સ્તુતિ યોગ્ય વ્યવહાર, ઉત્તર અથવા ડાબી દિશા, વર્ષાઋતુ, આત્માને દર્શાવનારા મંત્ર – જ્યોતિ, બે આંખ, જોવાના સામર્થ્ય ઈન્દ્રિયોને તે બ્રહ્માએ ઉત્પન્ન કરી.

ઓમ્‌ની વકારમાત્રાથી જલ વગેરેને રચના જેમ કે...,

तस्य वकारमात्रयाऽपश्चन्द्रमसमथर्ववेदन्नक्षत्राण्योमिति स्वमात्मानं जनदित्यङ्गिरसामानुष्टुभं छन्दः एकविंशं स्तोमं दक्षिणां दिशं शरदमृतु मनोऽध्यात्मं ज्ञानं ज्ञेयामितीन्द्रियाण्यन्व-भवत् ॥[૫૮]

તાત્પર્ય એ છે કે, તે 'ઓમ્' ની વકાર માત્રાથી જળ, ચન્દ્રમા, નક્ષત્રો, અથર્વવેદ, ઓમ એમ પોતાનો આત્મા, જનત્, આ અનેક જ્ઞાનોની નિરંતર સ્તુતિવાળા આનંદદાયક કર્મ, પાંચ સૂક્ષ્મભૂત, પાંચ સ્થૂળભૂત, પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય અને અંતઃકરણ એમ એકવીશથી સંબંધવાળા સ્તુતિ યોગ્ય વ્યવહાર, દક્ષિણ દિશા, શરદઋતુ, આત્માને દર્શાવનારું યંત્ર, અર્થાત્ મન, જ્ઞાન, જ્ઞેય ઈન્દ્રિયોને તે બ્રહ્માએ ઉત્પન્ન કરી.

ઓમ્‌થી ઈતિહાસ પુરાણ વગેરેનું જ્ઞાન જેમ કે...,

तस्य मकारश्रुत्येतिहासपुराणं वाकोवाक्यं गाथानाराशंसीरूपनिषदोऽनुशासनानीति वृधत् करद् गुहन् महत्तच्छमोमिति व्याहृतीः स्वरशम्यनानातन्त्रीः स्वरनृत्यगीतवादित्राण्यन्वभवच्चैत्ररथं दैवतं वैद्युतं ज्योतिर्वार्हतं छन्दस्तृणत्रयस्त्रिंशौ स्तोमौ ध्रुवामूर्ध्वां दिशं हेमन्तशिशिरावृतू श्रोत्रमध्यात्मं शब्दश्रवणमितीन्द्रियाण्यन्वभवत् ॥[૫૯]

તાત્પર્ય એ છે કે, તે ‘ઓમ્’ ની મકારના શ્રવણથી ઈતિહાસ અને પુરાણ, વાક્, વાકય, ગાથા, નરોની ગુણ કથાઓ, ઉપનિષદ્દો, વૃધત્, કરત્, ગૃહત્, મહત્, ઓમ્‌ની વ્યાહૃતિઓ, સ્વરથી શાંત કરનારી અનેક સ્વરતંત્રીઓ, સ્વર સહિત નૃત્ય, ગીત, વાજિંત્રની વિદ્યાઓને તે બ્રહ્માએ ઉત્પન્ન કરી. વિચિત્ર રમણીય ગુણવાળા દિવ્ય પદાર્થોના સમૂહ, વિવિધ પ્રકાશવાળી જ્યોતિ, વેદવાણીથી દર્શાવેલા આનંદદાયક કર્મ, ત્રણકાળમાં સ્તુતિ કરવામાં આવેલા તેત્રીસ દેવતાવાળા, બે સ્તુતિ યોગ્ય વ્યવહાર, નીચે અને ઉપરની દિશા, હેમન્ત અને શિશિર બન્ને ઋતુઓ, આત્માને દર્શાવનારું યંત્ર કાન, શબ્દ અને સાંભળવાનું સામર્થ્ય ઈન્દ્રિયોને તે બ્રહ્માએ ઉત્પન્ન કરી.

તેત્રીસ દેવતા માટે દયાનંદ સરસ્વતી કહે છે કે, વસુ અર્થાત્, અગ્નિ, પૃથિવી, વાયુ, અન્તરિક્ષ, આદિત્ય, દ્યૌ અથવા પ્રકાશ, ચંદ્રમા અને નક્ષત્ર, ૧૧ રુદ્ર અર્થાત્, પ્રાણ, અપાન, ધ્યાન, સમાન, ઉદાન, નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત અને ધનંજય – આ દસ પ્રાણ અને અગ્યારમું જીવાત્મા ૧૨ આદિત્ય અર્થાત્ મહીના, ૧ ઈન્દ્ર અર્થાત્ વીજળી, ૧ પ્રજાપતિ અર્થાત્ યજ્ઞ.[૬૦]

ઓમ્‌ને હજારવાર જપવાનો મહિમા જેમ કે...,

सैषेकाक्षरऋग्ब्रह्मणस्तपसोऽग्रे प्रादुर्बभूव ब्रह्म वेदस्याथर्वणं शुक्रमत एव मन्त्राः प्रादुर्बभूवुः स तु खलु मन्त्राणामतपसाशुश्रूषाऽनध्यायाध्ययनेन यदूनञ्चविरिष्टञ्च यातयामञ्च करोति तदथर्वणां तेजसा प्रत्याप्याययेन् मन्त्राश्च मामभिमुखीभवेर्युगर्भा इव मातरमभिजिधांसुः पुरस्तादोङ्कारं प्रयुङ्क्त एतयैव तदृचा प्रत्याप्याययेदेषैव यज्ञस्य पुरस्ताद्युज्यत एषा पश्चात् सर्वत एतया यज्ञस्तायते ।

तदप्येतदृचोक्तम् । या युरस्ताद्युज्यत एषा ऋचोऽक्षरे परमे व्योमन्निति ।

तदेतदक्षरं ब्राह्मणो यं काममिच्छेत् त्रिरात्रोपोषितः प्राङ्मुख वाग्यतो बर्हिष्युपविश्य सहस्त्रकृत्व आवर्त्तयेत् सिध्यन्त्यस्यार्थाः सर्वकर्माणि चेति ब्राह्मणम् ॥[૬૧]

તાત્પર્ય એ છે કે, તે આ એક અક્ષરવાળી ઋચા બ્રહ્માના તપથી સૌપ્રથમ ઉત્પન્ન થઈ. બ્રહ્મ વેદનું અથર્વાથી પ્રાપ્ત શુકનું સામર્થ્ય છે. તેનાથી મંત્ર પ્રકટ થયા અને તે નિશ્ચય કરીને તપ વગર, સેવા વગર અને અધ્યાય તથા અધ્યયન વગર મંત્રોની જે ઘટતી અને દોષ અને સમયનું જતું કરે તેને નિશ્ચલ વેદોના તેજથી ભરપૂર કરે, અને મંત્ર પણ લક્ષ્મીની સમાન થાય. જેવી રીતે ગર્ભ માતાની સામે હોય છે. બધી બાજુ ગતિવાળા ઓંકારને બોલે. આ જ ઋચાથી તેને ભરપૂર કરે. આ યજ્ઞની પહેલા અને આજ પછી બોલવામાં આવે છે. આનાથી બધા પ્રકારના યજ્ઞ ફેલાય છે.

તે પણ આ ઋચા બનાવીને કહેવામાં આવ્યું છે, જે ઋચા જપથી પહેલાં બોલવામાં આવે છે. તો આ અક્ષરને બ્રાહ્મણ જે ઈષ્ટ પદાર્થને ઈચ્છે ત્રણ રાત્રિ ઉપવાસ કરતો, પૂર્વ તરફ મુખ કરીને, વાણીને રોકીને, કુશાસન પર બેસીને, હજારવાર જપ કરે તેના મનોરથ અને બધા કામ સિદ્ધ થાય છે. આ બ્રાહ્મણ (બ્રહ્મજ્ઞાન) છે.

આમ, મનુષ્ય હંમેશા અને સર્વત્ર ઓમ્‌ના જપથી બુદ્ધિને નિર્મળ કરીને વેદાર્થ પદને વિચારતો પુરુષાર્થની સાથે પોતાના મનોરથ પૂરા કરે. અથર્વવેદમાં પણ કહ્યું છે કે...,

ऋचो अक्षरे परमे व्योमन् यस्मिन् देवा अधि विश्वे निषेदुः । यस्तन्न वेद किमृचा करिष्यति य इत् तद् विदुस्ते अमी समासते ॥[૬૨]

ઋગ્વેદ[૬૩] માં પણ થોડાંક તફાવત સાથે તેમજ નિરુકત[૬૪] માં પણ આ જ બાબત કહેવામાં આવી છે.

ઓમ્‌નું મહત્ત્વ દર્શાવતી આખ્યાયિકા રજૂ કરવામાં આવી છે, જેમ કે...,

वसोर्धाराणामैन्द्रनगरन्तदसुराः पर्य्यवाच्यन्त, ते देवा भीता आसन् क इमानसुरानपहनिष्यतीति, त ओङ्कारं ब्राह्मणः पुत्रं ज्येष्ठं ददृशुस्ते तमब्रुवन् भवता मुखेनेमानसुरान् जयेमेति । स होवाच किं मे प्रतीवाहो भविष्यतीति वरं वृणीष्वेति वृणा इति स वरमवृणीत न मानीरयित्वा ब्राह्मणाः ब्रह्म वदेयुर्यदि वदेयुरब्रह्म तत् स्यादिति तथेति ते देवा देवयजनस्योत्तरार्द्धऽसुरैः संयता आसंस्तानोङ्कारेणाग्नीध्रीयादेवा असुरान् पराभावयन्त, तद्यत्पराभावयन्त तस्मादोङ्कारः पूर्व उच्यते । यो ह वा एतमोङ्कार न वेदावशः स्यादित्यथ य एवं वेद ब्रह्म वशः स्यादिति सूत्र तस्मादोङ्कार ऋच्युग् भवति यजुषि यजुः साम्नि साम सूत्रे सूत्रं ब्राह्मणे ब्राह्मण श्लोके श्लोकः प्रणवे प्रणव इति ब्राह्मणम् ॥[૬૫]

તાત્પર્પ એ છે કે, શ્રેષ્ઠ ગુણના પ્રવાહોનું ઈન્દ્રનું નગર (મનુષ્ય શરીર) છે. તેને અસુરોએ (કુવિચારોએ) ઘેરી લીધો. તે દેવતા (વિદ્વાન્) કરવા લાગ્યા. કોણ આ અસુરોને મારી શકશે. તેમણે ઓંકાર બ્રહ્માના જયેષ્ઠ પુત્ર (અર્થાત્ નરકથી બચાવનાર સંતાન મંત્ર) ને જોયા. તેણે તેમને કહ્યું : અમે આપ મુખિયા દ્વારા આ અસુરોને જીતીએ. તે બોલ્યા, મારા માટે શું પ્રતિકૂળ હશે. તે બોલ્યા, તું વર માંગ. તે બોલ્યો, હું માંગું ? તેણે વર માંગ્યું. મને ન બોલીને બ્રાહ્મણ વેદને ન બોલે, જો તે મને ન બોલીને બોલે, તે વેદ વિરુદ્ધ હશે. તે બોલ્યા, એમ જ થાઓ. તે દેવતા દેવયજ્ઞના પાછળના અડધા ભાગમાં અસુરોથી ઘેરાય ગયા. તે અસુરોને ઓંકાર દ્વારા અગ્નિનો પ્રકાશ કરનારા યાજકના સ્થાનથી દેવતાઓને હરાવી દીધા. તેથી જો તેમણે હરાવ્યા, તેનાથી જ ઓંકાર પહેલા વહેલા બોલવામાં આવે છે. જે મનુષ્ય નિશ્ચય કરીને આ ઓંકારને ન જાણે તે અપ્રિય થશે અને જે વ્યાપક બ્રહ્મને જાણે, તે પ્રિય થશે. એટલા માટે ઓંકાર ઋગ્વેદમાં ઋગ્વેદ, યજુર્વેદમાં યજુર્વેદ સામવેદમાં સામવેદ, સૂત્રમાં સૂત્ર, બ્રાહ્મણમાં બ્રાહ્મણ, શ્લોકમાં શ્લોક, પ્રણવમાં પ્રણવ થાય છે. આ બ્રાહ્મણ (બ્રહ્મજ્ઞાન) છે.

આમ, બ્રહ્મજ્ઞાની લોકો વેદમંત્રોમાં ઓમ્ના જપથી પાપોથી છૂટીને આત્મોન્નિત કરે છે.

ઓંકારના વિષયમાં ૩૬ પ્રશ્નો કરવામાં આવ્યા છે, જેમ કે...,

ओङ्कारं पृच्छामः को धातुः किं प्रतिपादकं किं नामाख्यातं किं लिङ्ग किं वचनं का विभक्तिः कः प्रत्ययः कः स्वर उपसर्गो निपातः किं वै व्याकरणं को विकारः को विकारी कतिमात्रः कतिवर्णः कत्यक्षरः कतिपदः कः संयोगः किं स्थानानुप्रदानकरणं शिक्षकाः किमुच्चारयन्ति किं छन्दः को वर्ण इति पूर्वे प्रश्ना अथोत्तरे मन्त्रः कल्पो ब्राह्मणमृग्यजुः साम कस्माद् ब्रह्मवादिन ओङ्कारमादितः कुर्वन्ति किं दैवतं किं ज्योतिषं किं निरूक्तं किं स्थानं का प्रकृतिः किमध्यात्ममिति षट्त्रिंशत् प्रश्नाः पूर्वोत्तराणां त्रयो वर्गा द्वादशका एतैरोङ्कारं व्याख्यास्यामः ॥[६६]

તાત્પર્ય એ છે કે, ઓંકારને અમે પૂછીએ છીએ. કોણ ધાતુ છે. કોણ પ્રાતિપાદિક છે. કોણ નામ અને આખ્યાત છે. કોણ વચન છે. કોણ વિભકિત છે. કોણ પ્રત્યય છે. કોણ સ્વર, ઉપસર્ગ અને નિપાત છે. કોણ નિશ્ચિત વ્યાકરણ છે. કોણ વિકારવાળું છે. કેટલી માત્રાવાળા છે. કેટલાં વર્ણવાળા છે. કેટલા અક્ષરવાળા છે. કેટલા પાદવાળા છે. કોનો સંયોગ છે. કોના સ્થાનનું અનુપ્રદાન અને કરણ છે. શિક્ષક લોકો શું બોલે છે. કયા છન્દ છે. કયો વર્ણ છે. આ પહેલા પ્રશ્ન છે. હવે પાછળના પ્રશ્ન છે. મન્ત્રમાં, કલ્પમાં, બ્રાહ્મણગ્રંથમાં, ઋગ્વેદમાં, યજુર્વેદમાં, સામવેદમાં, શા માટે બ્રહ્મવાદી લોકો ઓંકારથી આરંભ

કરે છે, શું દેવતા છે. શું જ્યોતિ છે. શું નિરુકત છે. શું સ્થાન છે. શું પ્રકૃત્તિ છે. શું અધ્યાત્મ છે. આ છત્રીસ પ્રશ્ન છે. પહેલા અને પાછળના પ્રશ્નોના ત્રણ વર્ગ આ છત્રીસ પ્રશ્ન છે. પહેલા અને પાછળ ના પ્રશ્નોના ત્રણ વર્ગ બાર–બારના સમૂહમાં છે. આ પ્રશ્નોથી ઓંકારની વ્યાખ્યા અમે કરીશું

આ છત્રીસ પ્રશ્નોનો જવાબ આગળ પ્રમાણે છે. જેમકે...,

इन्द्रः प्रजापतिमपृच्छद् भगवन्नभिसूय पृच्छामिति, पृच्छ वत्सेत्यब्रवीत् किमयमोङ्कारः कस्य पुत्रः किञ्चैतच्छन्दः किञ्चैतद्वर्णः किञ्चैतद् ब्रह्मा ब्रह्म सम्पद्यते तस्माद् वै तद्भद्रमोङ्कारं पूर्वमालेभे स्वरितोदात्त एकाक्षर ओङ्कार ऋग्वेदे, त्रैस्वर्य्योदात्त एकाक्षर ओङ्कारो यजुर्वेदे, दीर्घप्लुतोदात्त एकाक्षर ओङ्कारः सामवेदे, ह्रस्वोदात एकाक्षर ओङ्कारोऽथर्ववेद उदात्तोदात्तद्विपद अ उ इत्यर्द्धचतस्रो मात्रा मकारे व्यञ्जनमित्याहुर्या सा प्रथमा मात्रा ब्रह्मदेवत्या रक्ता वर्णेन यस्तां ध्यायते नित्यं स गच्छेद् ब्राहम्यं पदं, या सा द्वितीया मात्रा विष्णुदेवत्या कृष्ण वर्णेन यस्तां ध्यायते नित्यं स यच्छेद् वैष्णवं पदं, या सा तृतीया मात्रैशान देवत्या कपिला वर्णेन यस्तां ध्यायते नित्यं स गच्छेदैशानं पद, या सार्द्धचतुर्थीमात्रा सर्वदेवत्या व्यक्तीभूता खं विचरति शुद्धस्फटिकसन्निभा वर्णेनवस्तां ध्यायते नित्यं स गच्छेत्वदमनामकमोङ्कारस्य चोत्पत्तिर्विप्रो यो न जानाति तत्पुनरूपनयनं तस्माद् ब्राह्मणवचनमादर्त्तव्यं यथा लातव्यो गोत्रो ब्रह्मणः पुत्रो गायत्रं छन्दः शुक्लो वर्ण पुंसो वत्सो रुद्रो देवता ओङ्कारो वेदानाम् ॥[૬૭]

તાત્પર્ય એ છે કે, ઈન્દ્રએ (જીવાત્માએ) પ્રજાપતિને પૂછયું કે ભગવન્ ! બધી બાજુથી સ્નાન કરીને મેં પૂછયું છે. પ્રજાપતિએ કહ્યું બાળક ! પૂછ એવું કહ્યું. આ ઓંકાર શું છે ? આ કોનો પુત્ર છે. અને આ કયો છન્દ છે. અને કયો રંગ છે. અને કોનાથી આ બ્રહ્મા પ્રાપ્ત કરે છે, અને તેનાથી જ તે મંગલકારી ઓંકારને પહેલા પ્રાપ્ત કરે છે.

અહીં શંકા થાય છે. સ્વરિત અને ઉદાત્ત સ્વરવાળો, એક અક્ષરવાળો, ઓંકાર ઋગ્વેદમાં છે. ત્રણે સ્વરની સહિત ઉદાત્ત એક અક્ષરવાળો ઓંકાર યજુર્વેદમાં છે. દીર્ઘપ્લુતની સહિત ઉદાત્ત એક અક્ષરવાળો ઓંકારવાળો ઓંકાર સામવેદમાં છે. હ્રસ્વ સ્વરની સાથે ઉદાત્ત એક અક્ષરવાળો ઓંકાર અથર્વવેદમાં છે. ઉદાત્તસહિત ઉદાત્ત બે પદવાળો. अ उ આ સાડાચાર માત્રાઓ છે અને મકારમાં વ્યંજન છે, એવું કહે છે.

શંકાનું સમાધાન કરતાં કહ્યું છે કે, જે પહેલીમાત્રા છે તે બ્રહ્મ દેવતાવાળી રંગથી લાલ છે. જે પુરુષ નિત્ય તેનું ધ્યાન કરે, તે બ્રાહ્મ્ય પદને પ્રાપ્ત થાય છે. જે બીજી સ્વરમાત્રા છે તે વિષ્ણુ દેવતા–વાળી રંગથી કાળી છે. જે પુરુષ તેનું નિત્ય ધ્યાન કરે તે વૈષ્ણવ પદને પ્રાપ્ત કરે છે. જે ત્રીજી સ્વરમાત્રા છે તે ઐશાન દેવતાવાળી રંગથી પીળી છે, જે આ માત્રાનું નિત્ય ધ્યાન કરે, તે ઐશાન (ઈશાન) પદને પ્રાપ્ત કરે છે. જે અડધીની સાથે ચૌથી (દોઢ) સ્વરમાત્રા છે તે બધા દેવતાઓવાળી પ્રકાશમાન થઈને આકાશમાં વિહરતી છે, રંગથી ઉજ્જ્વળ વિલ્લૌરમણિની સમાન છે, જે પુરુષ તેનું નિત્ય ધ્યાન કરે, તે અનામક પદ (નામશૂન્ય પરમાત્માનું સ્થાન) ને પ્રાપ્ત કરે છે. અને ઓંકારની ઉત્પત્તિને જે બ્રાહ્મણ નથી જાણતો તેનો ફરી ઉપનયન સંસ્કાર થાય.

એટલા માટે બ્રાહ્મણ (બ્રહ્મજ્ઞાની) નું વચન આદર યોગ્ય છે. પાંચ પ્રશ્નોના જવાબ આ છે. જેવી રીતે આ વાત ગ્રહણ યોગ્ય છે. પૃથ્વીનો રક્ષક. બ્રહ્માનો પુત્ર, ગાયત્રી છંદ, શુકલવર્ણ, અને વૃદ્ધિ કરનાર, વસાવનાર, જ્ઞાન આપનાર, બધા વેદોના દેવતા ઓંકાર છે.

આમ, મનુષ્યએ જ્ઞાનપૂર્વક ઓંકારનું વિવિધપ્રકારે ધ્યાન કરીને આત્મશકિત વધારીને. સદા ઉન્નતિ કરવી જોઈએ.

ઓમ્ વિષયક પ્રશ્નોના જવાબ જેમ કે...,

को धातुरित्यापृर्धातुरवतिमप्येके रूपसामान्यादर्थसामान्यन्नेदीयस्तस्मादापेरोङ्कारः सर्वमाप्नोतीत्यर्थः कृदन्तमर्थवत् प्रातिपदिकमदर्शन प्रत्ययस्य नाम सम्पद्यते निपातेषु चैनं वैयाकरणा उदात्तं समामनन्ति तदव्ययीभूतमन्वर्थवाची शब्दो न व्येति कदाचनेति ।

सदृशं त्रिषु लिङ्गेषु सर्वासु च विभक्तिषु । वचनेषु च सर्वेषु यत्न व्येति तदव्ययम् ।

को विकारी च्यवते प्रसारणमाप्नोति यवावपकारौ विकार्य्यावादित ओङ्कारो विक्रियते द्वितीयो मकार एवं द्विवर्ण एकाक्षर ओमित्योङ्कारो निर्वृत्तः ॥[૬૮]

તાત્પર્ય એ છે કે, કોણ ધાતુ છે. આપૃ ધાતુ છે, अवति ને પણ કોઈ કોઈ રૂપની સમાનતાની અપેક્ષા અર્થની સમાનતા અધિક નિકટ થાય છે, એટલા માટે आप् ધાતુથી ઓંકાર બધામાં વ્યાપેલો છે. આ અર્થ છે. કૃદન્ત અર્થવાન્ શબ્દ પ્રાતિપાદિક બને છે. અર્થવાન્ શબ્દ ધાતુ અને પ્રત્યયને છોડીને પ્રાતિપદિક થાય છે. પ્રત્યયના લોપ થઈ જવાથી અદર્શન સંજ્ઞા થાય છે. પ્રત્યયના લોપ થવાથી પ્રત્યયથી

થનારું કાર્ય થાય છે. સ્વર કયો છે ? જવાબ ઉદાત્ત. નિપાત શું છે ? જવાબ અવ્યય થઈને નિપાત થાય છે. વિકારી શું છે ? જવાબ આપ્ ધાતુ અર્થાત् आप् અને अव् બન્ને ધાતુનું સંપ્રસારણ થાય છે, અર્થાત् आप ના પકાર ને બકાર થઈને બકારનો વકાર, અને વકારનો ઉકાર થયો, આ રીતે अव् ના વકારને, સમ્પ્રસારણ ઉકાર ફરી आप् ધાતુના आ અને उ ને, અને अव् ના अ उ ને ગુણ ओ, मकार પ્રત્યય થઈને 'ओम्' પદ સિદ્ધ થાય છે.

उणादिकोष માં તો ઓમ્ની સિદ્ધિ આ રીતે છે. अवतेष्टिलोपश्च (उ. १४२) अव रक्षणे - मन् अन् ભાગનો લોપ અને अव् નો ऊठ થઈને ઉઠ્નો ગુણ લઈને ओम् શબ્દ સિદ્ધ થયો. કેટલા વર્ણવાળો અને કેટલા અક્ષરવાળો છે. એના જવાબમાં ઓમ્ બે વર્ણવાળો અને એક અક્ષરવાળો છે.

ઓમ્ વિષયક પ્રશ્નોના જવાબ જેમ કે...,

कतिमात्र इत्यादेस्तिस्त्रो मात्रा अभ्यादाने हि प्लवते मकारश्चतुर्थी किं स्थानमित्युभावौष्ठो स्थानं नादानुप्रदानकरणौ च द्व्यस्थानं सन्ध्यक्षरमवर्णलेशः कण्ठयो यथोक्तशेषः पूर्वो विवृतकरणस्थितश्च द्वितीयस्पृष्टकरणस्थितश्च न संयोगो विद्यत आख्यातपसर्गानुदात्तस्वरितलिङ्ग-विभक्तिवचनानि च संस्थानाध्यायिन आचार्य्याः पूर्वे बभूवुः श्रवणादेव प्रतिपद्यन्ते न कारणं पृच्छन्त्यथापरपक्षीयाणां कविः पञ्चालचण्डः परिपृच्छणो बभूवां वु पृथगुद्गीथदोषान् भवन्तो बुवन्त्विति तद्वाप्युपलक्षयेद्वर्णाक्षरपदांकशो विभक्तयामृषिनिषेवितामिति वाचं स्तुवन्ति तस्मात् कारणं ब्रूमो वर्णनामयमिदं भविष्यतीति षडङ्गविदस्तत्तथाऽधीमहे । किञ्छन्द इति गायत्रं हि छन्दो गायत्री वै देवानामेकाक्षरा श्वेतवर्णा च व्याख्याता द्वौ द्वादशकौ वर्गावेतद् वै व्याकरणं धात्वर्थवचनं शैक्ष्यं छन्दोवचनं चाथोत्तरौ द्वौ द्वादशाको वर्गो वेदरहसिकी व्याख्याता मन्त्रः कल्पो ब्राह्मणमृग्यजुः सामाथर्वण्येषा व्याहृतिश्चर्णा वेदानामानुपूर्वेणोंभूर्भुवः स्वरिति व्याहृतयः ॥[૬૯]

તાત્પર્યએ છે કે, તે ओम् કેટલી માત્રાવાળો છે ? આરંભથી ત્રણ માત્રાઓના મન્ત્રના આરંભમાંથી જ તે પ્રાપ્ત થાય છે. અને મકાર ચોથી માત્રાને 'ओमभ्यादाने' (પા. ૮/૨/૭૮) ओम् શબ્દ મન્ત્રના આરંભમાં પ્લુત થાય છે. કયું સ્થાન છે ? ઉકાર અને મકારના બન્ને હોઠ સ્થાન છે. અને બન્ને નાદ વધારવાવાળા પ્રયત્ન છે. બે સ્થાનવાળા સન્ધ્યક્ષર હોય છે. અકાર વર્ણમાત્ર કંઠ સ્થાનવાળો છે. અને ઉપર કહેલાનો શેષ પહેલો વર્ણ અકાર વિવૃત્તિ પ્રયત્નમાં રહેલો છે. અને બીજો મકાર સ્પૃષ્ટ પ્રયત્નમાં રહેલો હોય છે. કોણ સંયોગ છે. તો સંયોગ નથી. કોણ આખ્યાત છે, કોણ ઉપસર્ગ છે, કોણ સ્વર છે,

કોણ લિંગ છે, કોણ વિભકત છે, કોણ વચન છે, આ છ પ્રશ્નોના જવાબ વ્યવસ્થા વિચારનારા પહેલા આચાર્ય થયા હતા, આખ્યાત, ઉપસર્ગ, અનુદાત્ત, લિંગ, સ્વરિત, વિભકિત અને વચનને સાંભળવવાથી જ જાણી લે છે. અને કારણ પૂછતા નથી.

ફરી બીજા પક્ષવાળાના કવિ પંચાલ દેશવાસીઓમાં તીવ્ર મનુષ્ય પૂછવાવાળા થયા. ઉદ્‌ગીથના દોષોને નિશ્ચય કરીને અલગ–અલગ બતાવે. અને તે પણ વર્ણ, અક્ષર અક્ષર, પદ પદ અને અંક અંક, કરીને વિભકિતમાં બતાવે. ૠષિઓની નિરંતર સેવાયેલી વાણીની લોકો પ્રશંસા કરે છે, એટલા માટે અમે કારણ બતાવીએ છીએ. વર્ણોમાં આ વર્ણ આ રૂપ થઈ જશે, આ ષડઙ્ગ શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુકત, છન્દ, જ્યોતિષ આ વેદના છ અંગ જાણનાર માને છે એની જેમ જ અમે વાંચીએ છીએ. છંદ કયો છે ? ગાયત્રી જ છંદ છે. દેવતાઓની ગાયત્રી એક અક્ષરવાળી અને શ્વેતવર્ણની કહેવામાં આવી છે, બાર–બાર વર્ગ છે, આ ધાતુ અને અર્થ દર્શાવનાર, છંદ બતાવનાર શિક્ષા યોગ્ય વ્યાકરણ છે. અને પાછળ ના બે બાર–બારના વર્ગ છે, વેદરહસિકી બતાવવામાં આવી છે. મંત્રમાં, કલ્પમાં બ્રાહ્મણગ્રંથમાં, ૠગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદમાં આ (ઓમ્) વ્યાહૃતિ છે. ચારેય વેદોના ક્રમથી ઓમ્ भूः, भुवः, स्वः વ્યાહૃતિઓ છે.

આમ, મનુષ્ય વ્યાકરણ આદિથી ઓમ્ શબ્દના અર્થોનો એકાન્તમાં વિચાર કરીને વિઘ્નોને દૂર કરીને આનંદ ભોગવે.

ઓમ્‌ને આદિમાં બોલવાનું વર્ણન જેમ કે...,

असमीक्षप्रवह्लितानि श्रूयन्ते द्वापरादावृषीणामेकदेशो दोषपतिरिह चिन्तामापेदे त्रिभिः सोमः पातव्यः समाप्तमिव भवति तस्मादृग्यजुः सामान्यप क्रन्ततेजांस्यासंस्तत्र महर्षयः परिदेवयाञ्चक्रिरे महच्छोकभयं प्राप्ताः स्मो न चैतत् सर्वैः समभिहितं ते वयं भगवन्तमेवोपधावाम सर्वेषामेव शर्म भवानीतिते तथेत्युक्त्वा तूष्णीमतिष्ठन्नानुपसन्नेभ्य इत्युपोपसीदामीति नीचैर्बभूवुः । स एभ्य उपनीय प्रोवाच मामिकामेव व्याहृतिमादितः आदितः कृणुध्वमित्येव मामका आधीयन्ते ।

नर्ते भृग्वङ्गि रोविद्भ्यः सोमः पातव्य ऋत्विजः पराभवन्ति यजमाना रजसापध्वस्यति श्रुतिश्चापध्वस्ता तिष्ठतीत्येवमेत्तरेत्तराद्योगातोकं तोकम्प्रशाध्वमित्येवं प्रतापो न पराभविष्यतीति तया ह तथा ह भगवन्निति प्रतिपेदिर आप्याययंस्ते तथा वीतशोकभया बभूवुः । तस्माद् ब्रह्मवादिन ओंकारमादितः कुर्वन्ति ॥[७०]

તાત્પર્યએ છે કે, વિચારશૂન્ય ઊડતી વાતો સાંભળવવામાં આવે છે. દ્વાપરના આરંભમાં ઋષિઓની વચ્ચે એક દેશના રહેનારા દોષપતિ (દોષોના સ્વામી) આ વાતમાં ચિન્તા કરવા લાગ્યા. ત્રણ વેદવિશેષોની સાથે સોમરસ પીવો જોઈએ. પુરું કરેલું તે કર્મ થાય છે. તેનાથી ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ વગર તેજવાળા થઈ ગયા. તેના ઉપર મહર્ષિ લોકો વિલાપ કરવા લાગ્યા. અમને મોટો શોક અને ભય પ્રાપ્ત થયો છે. અને એટલું જ નહીં પરંતુ બધાએ મળીને કહ્યું – તેથી અમે ઐશ્વર્યવાન્ (ઓમ્) ની જ પાસે દોડીને ચાલ્યા. તે ગયા અને ઓમ્ એ કહ્યું – બધા લોકોનું હું જ શરણ થઈ જાઉં. તેમ જ થાઓ. એવું કહીને તે ચુપચાપ બેસી ગયા. ફરી બોલ્યા. પાસે ન રહેનારા માટે શરણ ન હો. ઓમ્ બોલ્યો. તારી અતિ નજીક હું બેસું છું તે ઋષિ નીચેની તરફ થઈ ગયા તે ઓમ્ પાસે જઈને તેને કહેવા લાગ્યા – મારી જ વ્યાહૃતિને પ્રત્યેકમન્ત્રની આદિમાં કરો. આ રીતે મારા લોકો બધી તરફથી ધારણ કરવામાં આવે છે. ભૃગુ અંગિરાઓ (પ્રકાશમાન પરમાત્માના ચારે વેદોને) જાણનારા વગર સોમરસ પીવો ન જોઈએ. જો બીજા લોકો સોમરસ પીએ તો ઋત્વિજ્ લોકો હારી જાય છે, યજમાન રાગ (મોહ) થી પડી જાય છે. અને શ્રુતિ નષ્ટ થઈને રહે છે. આ રીતે પાછળ પાછળના સંયોગથી સંતાન સંતાનને શાસન કરે, આ રીતે પ્રતાપ ન હારી શકે. તેવી જ રીતે તેણે કહ્યું તેવું જ તેણે કહ્યું ઋષિ લોકો બોલ્યા હે ભગવન્ ! અમે એમ કરીશું. તે સમીપ ગયા અને વધવા લાગ્યા. તે આ રીતે શોકરહિત અને નિર્ભય થઈ ગયા. એટલા માટે બ્રહ્મવાદી લોકો ઓંકારને આદિમાં કરે છે.

આમ, બ્રહ્મવાદી લોકો ઓંકારને પ્રત્યેકમન્ત્રમાં આરંભમાં બોલીને નિર્ભય થઈને આનંદ પ્રાપ્ત કરે છે.

ચાર વેદ અને દેવતા વગેરે. જેમ કે...,

किं देवतमित्युचामग्निर्देवतन्तदेव ज्योतिर्गायत्रं छन्दः पृथिवी स्थानम् अग्निमीडे पुरोहितं यज्ञस्य देवमृत्विजम् । होतारं रत्नधातममित्येवमानि कृत्वा ऋग्वेदमधीयते ।

यजुषां वायुर्देवतं तदेव ज्योतिः त्रैष्टुभं छन्दोऽन्तरिक्षं स्थान इषे त्वोर्जेत्वा वायवस्थ देवो वः सविता प्रार्पयतु श्रेष्ठतमाय कर्मण इत्येवमादिं कृत्वा यजुर्वेदमधीयते ।

साम्नामादित्यो देवतं तदेव ज्योतिर्जागतं छन्दो द्यौः स्थानम् । अग्न आयाहि वीतये गृणानो हव्यदायेतनि होता सत्सि बर्हिषीत्येवमादिं कृत्वा सामवेदमधीयते ।

अथर्वणां चन्द्रमा देवतं तदेव ज्योतिः सर्वाणि छन्दांस्या स्थानम् । शन्नो देवीरभिष्टय इत्येयमादिं कृत्वा अथर्ववेदमधीयते । अद्भ्यः स्थावरजङ्गमो भूतग्रामः सम्भवति, तस्मात्

सर्वमापोमयं भूतं सर्वं भृग्वङ्गिरोमयम् । अन्तरैते त्रयो वेदा भृगूनाङ्गिरसः श्रिता इत्यबिति प्रकृतिरपामोङ्कारेण चैतस्माद् व्यासः पुरोवाच भृग्वङ्गिरोविदा संस्कृतोऽन्यान् वेदानधीयीत नान्यत्र संस्कृतो भृग्वङ्गिरसोऽधीयीत अथ सामवेदे खिलश्रुतिः ब्रह्मचर्य्येण चैतस्मादथर्वाङ्गिरसो ह्यो वेद स वेद सर्वमिति ब्राह्मणम् ॥[७१]

તાત્પર્યએ છે કે, શું દેવતા છે, અને શું જ્યોતિ, શું છન્દ અને શું સ્થાન છે. તેનો જવાબ ઋગ્વેદના મન્ત્રોમાં અગ્નિદેવતા, તે જ્યોતિ, ગાયત્રી છંદ, પૃથિવી સ્થાન છે. अग्निमीडे ઈત્યાદિ ઋગ્વેદના પહેલા મંત્રને આ રીતે શરૂઆત કરીને ઋગ્વેદ અધ્યયન કરે છે.

યજુર્વેદના મંત્રોમાં વાયુ દેવતા, તે જ્યોતિ, ત્રિષ્ટુપ્ છન્દ અને અંતરિક્ષ સ્થાન છે. इषे - ઈત્યાદિ યજુર્વેદના પહેલા મન્ત્રને આ રીતે શરૂ કરીને યજુર્વેદ અધ્યયન કરે છે.

સામવેદના મન્ત્રોમાં આદિત્ય દેવતા, તે જ્યોતિ, જગતીછન્દ અને પ્રકાશલોક સ્થાન છે. अग्न आयाहि ઈત્યાદિ સામવેદના પહેલા મન્ત્રનો આ રીતે શરૂઆત કરીને સામવેદનું અધ્યયન કરે છે.

અથર્વવેદના મન્ત્રોમાં ચન્દ્રમા દેવતા, તે જ્યોતિ, બધા છન્દ, આપ્ (વ્યાપક જળ) સ્થાન છે.शन्नो देवीः ઈત્યાદિ અથર્વવેદના મન્ત્રનો આ રીતે આરંભ કરીને અથર્વવેદનું અધ્યયન કરે છે. આપ્ થી સ્થાવર જંગમ પ્રાણીઓનો સમૂહ ઉત્પન્ન થાય છે. એટલા માટે બધુ જગત્ અપોમય છે. અને બધા પ્રાણીમાત્ર પ્રકાશમાન જ્ઞાનવાળા પરમાત્માથી પરિપૂર્ણ છે. અને આ ત્રણેય વેદ પ્રકાશમાન જ્ઞાનવાળીની અંદર આશ્રિત છે, આ અપ્ વ્યાપક જળરૂપ પરમાત્મા છે અને ઓંકાર દ્વારા જળની પ્રકૃત્તિ છે. એટલા માટે વેદોના અર્થનો પ્રકાશ કરનારા મુનિએ પહેલા કહ્યું હતું. પ્રકાશમાન જ્ઞાનવાળાથી સંસ્કાર કરેલા, બીજા વેદોનું અધ્યયન કરે, બીજામાં સંસ્કાર કરેલાં પુરુષ પ્રકાશમાન જ્ઞાનવાળાનું અધ્યયન ન કરે. અને સામવેદમાં પણ ખિલશ્રુતિ (સારભૂત મન્ત્ર) છે. અને એટલા માટે બ્રહ્મચર્યની સાથે નિશ્ચલબ્રહ્મના જ્ઞાનને નિશ્ચય કરીને જે જાણનારા છે. તે બધા જાણે છે, આ બ્રાહ્મણ છે, (બ્રહ્મજ્ઞાન) છે.

આમ, બ્રહ્મચ્ચર્યની સાથે વેદોમાં દેવતા, જ્યોતિ, અને સ્થાનનો વિચાર કરીને મનુષ્ય બધી વિદ્યાઓમાં નિપુણ થાય છે.

ઓંકારનું ચિન્તન અને તેનું ફળ વર્ણવાયું છે. જેમ કે...,

अध्यात्ममात्मभैषज्यमात्मकैवल्यमोंकारः, आत्मानं निरूद्ध्य सङ्गममात्री भूतार्थचिन्तां चिन्तयेदतिक्रम्य वेदेभ्य सर्वपरमध्यात्मफल प्राप्नोतीत्यर्थः, सवितर्कं ज्ञानमयमित्येतैः प्रश्नैः

प्रतिवचनैश्च यथार्थं पद्मनुविचिन्त्य प्रकरणज्ञो हि प्रबलो विषयी स्यात्, सर्विस्मन्वाकोवाक्य इति ब्राह्मणम् ॥[૭૨]

તાત્પર્ય એ છે કે, આત્મજ્ઞાનું અધિકરણ, આત્માનું ઔષધ અને આત્માનું મોક્ષ સુખ ઓંકાર છે. સંગતિને લેશ રાખીને પ્રાણીઓની ચિન્તાને રોકીને આત્માને વિચારે. ચિન્તાનું ઉલ્લંઘન કરીને વેદો દ્વારા અર્થાત્ સૌથી શ્રેષ્ઠ આત્મજ્ઞાનના ફળને પ્રાપ્ત કરે છે. આ અર્થ છે. અર્થાત્ વિચારો સહિત જ્ઞાનથી પરિપૂર્ણ પરમાત્માને પામે છે. આ પ્રશ્નો અને જવાબોથી યથાર્થપદને નિરન્તર વિચાર કરીને પ્રબળ પ્રકરણ જાણનાર, અને વિષય સમજનાર મનુષ્ય થાય. બધા પ્રશ્નોત્તરાત્મક સ્થાનોમાં આ બ્રાહ્મણ (બ્રહ્મજ્ઞાન) છે.

આમ, મનુષ્ય ઓમ્ ને સર્વાધાર જાણીને તેનું ચિંતન કરતો કરતો આત્મસામર્થ્ય વધારે અને વિષયને સારી રીતે સમજી અર્થને ગ્રહણ કરે.

નિષ્કર્ષ એ છે કે, ઓમ્ ની ચારમાત્રાઓ છે. તેમાંથી જ સર્વસૃષ્ટિ ઉત્પન્ન થઈ છે. ઓંકાર દ્વારા જ મોક્ષને પામી શકે છે. એ બાબત સ્પષ્ટ થાય છે.

નિષ્કર્ષએ છે કે, બ્રાહ્મણગ્રંથોમાં ઓમ્નું સ્પષ્ટ નિરૂપણ પ્રાપ્ત થાય છે. ઐતરેય બ્રાહ્મણમાં પ્રણવરૂપ ૐકારનું વર્ણન છે. શતપથબ્રાહ્મણમાં ૐકારની ઉપાસનાનું મહત્ત્વ રજૂ થયું છે. તૈત્તિરીય–બ્રાહ્મણમાં ૐકારનું વર્ણન છે. તાંડયબ્રાહ્મણમાં ૐકારના સાકાર અને નિરાકાર બન્ને રૂપો વર્ણવ્યા છે. ષડ્વિંશબ્રાહ્મણમાં ઓમ્નું મહત્ત્વ રજૂ થયું છે. સામવિધાન બ્રાહ્મણમાં ઓમ્ અને સ્વસ્તિનું મહત્ત્વ છે. આર્ષેય બ્રાહ્મણમાં ત્રય દ્વારા ઓમ્ નો જ ઉલ્લેખ છે. દેવતાધ્યાય બ્રાહ્મણમાં વામદેવ, ઉદ્ગીથ, ગાયત્રી, વેદ, સ્વસ્તિ અને સત્યનો ઉલ્લેખ થયો છે. જૈમિનીયોપનિષદ્ બ્રાહ્મણમાં ઓમ્નું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે. સંહિતોપનિષદ્ બ્રાહ્મણમાં ગાનવિદ્યામાં ઓમ્નું મહત્ત્વ રજૂ થયું છે. વંશ બ્રાહ્મણમાં સ્વસ્તિ, ઓંકાર વગેરેનો ઉલ્લેખ થયેલો છે. જૈમિનીયાર્ષેય બ્રાહ્મણમાં ઓમ્નો ઉલ્લેખ થયેલો છે. ગોપથ બ્રાહ્મણમાં ઓમ્નું વિસ્તૃત વર્ણન પ્રાપ્ત થાય છે.

આમ, બ્રાહ્મગ્રંથોમાં ઓમ્નો મહિમા જોવાં મળે છે.

## સંદર્ભ પ્રકરણ : ૧ – ૨ – ૨ : બ્રાહ્મણ ગ્રંથો :

૧. तदेतत्परऋक्शतगाथं शौनःशेपमाख्यानम् । तद्धोता यशोऽभिषिक्तायाचष्टे । हिरण्यकशिपावासीन आचष्टे हिरण्यकशिपावासीनः प्रतिगृणाति । यशौ वै हिरण्यं यशसैवैनं तत् समर्द्धयति । ओमित्यृचः प्रतिगरं एवं तथेति गाथायाः । ओमिति वै देवं तथेति मानुषम् । दैवेन चैवैनं तन् मानुषेण च पापादेनसः प्रमुञ्चति । तस्माद्यो राजा विजिती स्यादप्ययजमान आख्यापयेतैयैतच्छौनः शेपमाख्यानम् । न हास्मिन्नल्पं चनैनः परिशिष्यते । सहस्रमाख्यात्रे दधात् शतं प्रतिगरित्रे एते चैवासने । श्वेतश्चाश्वतरीरथो होतुः । पुत्रकामा हाप्याख्यापयेरल्ँलभन्ते ह पुत्रालँलभन्ते ह पुत्रान् ॥

शतपथब्राह्मण - ७ / ३ / १८ ॥

२. अपरे प्रकारान्तरेण प्रतिपादयन्ति - ऋचोक्षरे ऋगुपलक्षित सर्ववेदसबन्धिन्यक्षरे प्रणवरुप ओङ्कार अविनाशिनि सर्ववेदेषु व्याप्तं वा प्रणवस्य सर्ववेदसारत्वं ब्राह्मणे श्रूयते - “तान् वेदानभ्यतपत् तेभ्योऽभितप्यतेभ्यस्त्रयो वर्णा अजायन्ताकार उकारौ मकार इति तानेकधा समभरन् तदेतदोमिति ॥

ऐतरेयब्राह्मण - ५ / ३२ ॥

૩. स्वस्ति ते देव सोम सुत्याम् शीयेत्येका ।

माध्यन्दिनीये शतपथब्राह्मण, कां. ३ं ४ / ३ / १८ ॥

૪. वागेप ग्रहः । वाचा हीदॐ सर्वं गृहीतं किमु तद्यद्वाग्ग्रहः ।

माध्यन्दिनीये शतपथब्राह्मण, कां. ४ / ६ / ५ / २ ॥

૫. नामैव ग्रहः । नाम्ना हीदॐ सर्वं गृहीतं किमु तद्यन्नामग्रहो बहूनां वै नामानि विह्नाथनस्तेन ते न गृहीता भवन्ति ॥

माध्यन्दिनीय शतपथब्राह्मण, कां ४ / ६ / ५ / ३ ॥

૬. वाग्हैव तत्पश्यन्ती वदति ॥

शतपथब्राह्मण - १० / ५ / ४ ॥

૭. ॐ खं ब्रह्म धं पूराण
वायुरखमिति हस्याह
कौरव्याणो पुत्रोवेदोऽयं
ब्राह्मणा विदुर्वैदैनेत यदेदितव्येन ॥
शतपथब्राह्मण - १४ / ८ / १ / १ ॥

૮. वाचं देवा उपजीवन्ति विश्वे वाचं गन्धर्वा पशवो मनुष्याः ।
वाचीमा विश्वा भुवनान्यर्पिता सा नो हवं जुषतामिन्द्रपत्नी ।
वागक्षरं प्रथमजा ऋतस्य वेदानां माताऽमृतस्य नाभिः ॥
तैत्तिरीयब्राह्मण - २ / ८ / ८ / ५ ॥

૯. एकाक्षरा वै वाक् ॥
तांडयब्राह्मण - ४ / ४ / ३ ॥

૧૦. षड्विंशब्राह्मणम् - १५ - १५ / पृ. ५४ ॥

૧૧. सामविधानब्राह्मणम् - प्रथमप्रपाठक - ५ / ३ / पृ. ७० - ७१ ॥

૧૨. आर्षेयब्राह्मणम् - षष्ठोध्यायः - ४ / १ - ६ ॥

૧૩. देवताध्यायब्राह्मणम् - प्रथमखण्ड - १ ॥

૧૪. देवताध्यायब्राह्मणम् - प्रथमखण्ड - २५ - २६ ॥

૧૫. देवताध्यायब्राह्मणम् - द्वितीयखण्ड - २ ॥

૧૬. देवताध्यायब्राह्मणम् - तृतीयखण्ड - १ - ३ ॥

૧૭. देवताध्यायब्राह्मणम् - चतुर्थखण्ड - २ - ५ ॥

૧૮. जैमिनीयोपनिषद्ब्राह्मणम् - अ. १ / अ. १ / ख. १ / १ - ६ ॥

૧૯. जैमिनीयोपनिषद्ब्राह्मणम् - अ. १ / अ. १ / ख. २ / १ - ७ ॥

૨૦. जैमिनीयोपनिषद्ब्राह्मणम् - अ. १ / अ. १ / ख. ३ / १ - ८ ॥

૨૧. जैमिनीयोपनिषद्ब्राह्मणम् - अ. १ / अ. २ / ख. १ / १ - १४ ॥

૨૨. जैमिनीयोपनिषद्ब्राह्मणम् - अ. १ / अ. २ / ख. २ / १ - ५ ॥

૨૩. जैमिनीयोपनिषद्ब्राह्मणम् - अ. १ / अ. २ / ख. ३ / १ - ११ ॥

૨૪. जैमिनीयोपनिषद्ब्राह्मणम् - अ. १ / अ. ४ / ख. ४ / ३ - ११ ॥

૨૫. जैमिनीयोपनिषद्ब्राह्मणम् - अ. १ / अ. ७ / ख. १ / १ - ९ ॥

૨૬. जैमिनीयोपनिषद्ब्राह्मणम् - अ. १ / अ. ७ / ख. २ / १ - ५ ॥

૨૭. जैमिनीयोपनिषद्ब्राह्मणम् - अ. १ / अ. ९ / ख. ३ / १ - ५ ॥

૨૮. जैमिनीयोपनिषद्ब्राह्मणम् - अ. ३ / अ. २ / ख. १ / १ - ८ ॥

૨૯. जैमिनीयोपनिषद्ब्राह्मणम् - अ. ३ / अ. २ / ख. ३ / १ - ८ ॥

૩૦. जैमिनीयोपनिषद्ब्राह्मणम् - अ. ३ / अ. २ / ख. ५ / ८ - १३ ॥

૩૧. जैमिनीयोपनिषद्ब्राह्मणम् - अ. ३ / अ. ३ / ख. ३ / ४ - १३ ॥

૩૨. जैमिनीयोपनिषद्ब्राह्मणम् - अ. ३ / अ. ४ / ख. ४ / १ - ७ ॥

૩૩. जैमिनीयोपनिषद्ब्राह्मणम् - अ. ३ / अ. ४ / ख. ५ / १ - ७ ॥

૩૪. जैमिनीयोपनिषद्ब्राह्मणम् - अ. ४ / अ. ६ / ख. ३ / ४ - ९ ॥

૩૫. संहितोपनिषद्ब्राह्मणम् - द्वितीयखण्ड - १ - २४ ॥

૩૬. वंशब्राह्मणम् - तृतीयखण्ड - ३ ॥

૩૭. वंशब्राह्मणम् - सामतर्पणम् - प्रथमपटलः ॥

૩૮. जैमिनीयार्षेयब्राह्मणम् - ३ / ११ / १ - ६ ॥

૩૯. गोपथब्राह्मणम् - पूर्वभाग - प्र. १ / क. १ ॥

૪૦. गोपथब्राह्मणम् - पूर्वभाग - प्र. १ / क. २ ॥

૪૧. गोपथब्राह्मणम् - पूर्वभाग - प्र. १ / क. ३ ॥

૪૨. गोपथब्राह्मणम् - पूर्वभाग - प्र. १ / क. ४ ॥

૪૩. गोपथब्राह्मणम् - पूर्वभाग - प्र. १ / क. ५ ॥

૪૪. गोपथब्राह्मणम् - पूर्वभाग - प्र. १ / क. ६ ॥

૪૫. गोपथब्राह्मणम् - पूर्वभाग - प्र. १ / क. ७ ॥

૪૬. गोपथब्राह्मणम् - पूर्वभाग - प्र. १ / क. ८ ॥

૪૭. गोपथब्राह्मणम् - पूर्वभाग - प्र. १ / क. ९ ॥

૪૮. गोपथब्राह्मणम् - पूर्वभाग - प्र. १ / क. १० ॥

૪૯. गोपथब्राह्मणम् - पूर्वभाग - प्र. १ / क. ११ ॥

૫૦. गोपथब्राह्मणम् - पूर्वभाग - प्र. १ / क. १२ ॥

૫૧. गोपथब्राह्मणम् - पूर्वभाग - प्र. १ / क. १३ ॥

૫૨. गोपथब्राह्मणम् - पूर्वभाग - प्र. १ / क. १४ ॥

૫૩. गोपथब्राह्मणम् - पूर्वभाग - प्र. १ / क. १५ ॥

૫૪. गोपथब्राह्मणम् - पूर्वभाग - प्र. १ / क. १६ ॥

૫૫. गोपथब्राह्मणम् - पूर्वभाग - प्र. १ / क. १७ ॥

૫૬. गोपथब्राह्मणम् - पूर्वभाग - प्र. १ / क. १८ ॥

૫૭. गोपथब्राह्मणम् - पूर्वभाग - प्र. १ / क. १९ ॥

૫૮. गोपथब्राह्मणम् - पूर्वभाग - प्र. १ / क. २० ॥

૫૯. गोपथब्राह्मणम् - पूर्वभाग - प्र. १ / क. २१ ॥

૬૦. ऋग्वेदादिभाष्यभूमिका, वेदविषय - पृ. ६६ - ६८ ॥

૬૧. गोपथब्राह्मणम् - पूर्वभाग - प्र. १ / क. २१ ॥

૬૨. अथर्ववेद - का. १ - सू. १० - म. १८ ॥

૬૩. ऋग्वेद - १ / १६४ / ३९ ॥

૬૪. निरुक्त - १३ / १० ॥

૬૫. गोपथब्राह्मणम् - पूर्वभाग - प्र. १ / क. २३ ॥

૬૬. गोपथब्राह्मणम् - पूर्वभाग - प्र. १ / क. २४ ॥

૬૭. गोपथब्राह्मणम् - पूर्वभाग - प्र. १ / क. २५ ॥

૬૮. गोपथब्राह्मणम् - पूर्वभाग - प्र. १ / क. २६ ॥

૬૯. गोपथब्राह्मणम् - पूर्वभाग - प्र. १ / क. २७ ॥

૭૦. गोपथब्राह्मणम् - पूर्वभाग - प्र. १ / क. २८ ॥

૭૧. गोपथब्राह्मणम् - पूर्वभाग - प्र. १ / क. २९ ॥

૭૨. गोपथब्राह्मणम् - पूर्वभाग - प्र. १ / क. ३० ॥

# પ્રકરણ : ૧–૨ : વેદ અને ઉપનિષદ્દોની દૃષ્ટિએ ઓમ્

## પ્રકરણ : ૧–૨–૩ : આરણ્યકો

(૧) ઐતરેય આરણ્યક.

(૨) શાંખાયન આરણ્યક.

(૩) બૃહદારણ્યક

(૪) તૈત્તિરીય આરણ્યક.

(૫) તલવકાર આરણ્યક.

# પ્રકરણ : ૧–૨–૩ : આરણ્યકો

વૈદસાહિત્યમાં આરણ્યકોનું પણ મહત્ત્વ રહ્યું છે. આરણ્યક અર્થાત્ મનુષ્ય વગરના એકાન્ત અરણ્યમાં બ્રહ્મચર્યનું પાલન કરનાર જે ઋષિઓએ ગંભીર અને ચિંતનપૂર્ણ વિદ્યાની ઉપાસના કરી તેને 'આરણ્યક' કહેવાય છે.

આરણ્યક શબ્દની વ્યુત્પત્તિ अरण्ये पाठत्वात् आरण्यकम् અર્થાત્ ''જે ગ્રંથનો પાઠ અરણ્યમાં થતો તે અરણ્યક.''

મહાભારતમાં કહ્યું છે કે,

नवनीतं यथा यध्नः मलयाध्चन्दनं यथा ।
आरण्यकं च वेदेभ्य ओषधिभ्योऽमृतं यथा ॥[1]

અર્થાત્, ''જેમ દહીંમાંથી માખણ, મલય પર્વતમાંથી ચંદન અને ઔષધિમાંથી અમૃત તેમ વેદોમાંથી આરણ્યક ઉત્પન્ન થયા છે.''

આરણ્યકોનો વિષય યજ્ઞીય કર્મકાંડ છે. આરણ્યમાં રહેનાર વાનપ્રસ્થ જીવનગાળતાં ઋષિઓ અને મુનિઓ માટેના સરળ યજ્ઞોનું વિધાન આરણ્યકમાં કરવામાં આવ્યું છે.

## (૧) ઐતરેય આરણ્યક :

આ આરણ્યક ઋગ્વેદ સાથે સંબંધ ધરાવે છે. આ આરણ્યકને ઐતરેય બ્રાહ્મણનો જ પરિશિષ્ટ ભાગ માનવામાં આવે છે. આ આરણ્યકના પાંચ વિભાગ છે. પાંચ આરણ્યકમાં અઢાર અધ્યાય છે.

ઐતરેય આરણ્યકના પહેલાં ત્રણ આરણ્યકના રચયિતા મહિદાસ ઐતરેય છે. ચોથા આરણ્યકના રચયિતા આશ્વલાયન અને પાંચમા આરણ્યકના રચયિતા શૌનક માનવામાં આવે છે.

દ્વિતીય આરણ્યકના પહેલા ત્રણ અધ્યાયોમાં ઉક્થ, કૈવલ્ય પ્રાણવિદ્યા અને પુરુષની ચર્ચા છે. ચારથી છ અધ્યાયોને ઐતરેય ઉપનિષદ્ કહેવામાં આવે છે. ઐતરેય ઉપનિષદ્માં ઓમ્નું વર્ણન પ્રાપ્ત થાય છે. (જુઓ : પ્રકરણ : ૧–૨–૪ : ઐતરેયોપનિષદ્.)

ओम् ॥ अथ महाव्रतम् ॥

તાત્પર્ય એ છે કે, અને થી શરૂઆત કરવામાં આવી છે.

પ્રથમ આરણ્યકના ત્રીજા અધ્યાયમાં હિંકાર, વ્યાહૃતિઓનું વર્ણન કરવામાં આવ્યું છે, જેમ કે :

हिङ्कारेणैतदहः प्रतिपद्येतेत्याहुः । ब्रह्म वै हिङ्कारो ब्रह्मैतदहर्ब्रह्मणैव तद्ब्रह्म प्रतिपद्यते च एवं वेद । यदेव हिङ्कारेण प्रतिपद्यतारूह वृषा वै हिङ्कारो योर्षर्चन्मिथुनं मिथुनमेव तदुक्थमुखे करोति प्रजात्यै । प्रजायते प्रजया पशुभिर्य एवं वेद । यद्येव हिङ्कारेण प्रतिपद्यता३इ यथा वा अभ्रिरेवं ब्रह्मणो हिङ्कारो य द्वै किञ्चाभ्रियामितितृत्सत्यम्येवैतत्तृणत्त्येवम् । यं कामं कामयते हिङ्कारेणाभ्येवैनं तृणत्ति य एवं वेद । यद्येव हिङ्कारेण प्रतिपद्यता३इ वाचो वा एषा व्यावृत्तिर्दैव्यै च मानुष्यै च यद् हिङ्कारः । स यद्धिङ्कृत्य प्रतिपद्यते वाचमेव तद् आवर्तयति दैवीं च मानुषीं च ॥

तदाहुः कैतस्याहुः प्रतिपदिति । मनश्च वाक्चेति ब्रूयात् । सर्वेऽन्यस्मिन्कामाः श्रिताः सर्वानन्या कामान्दुहे । मनसि वै सर्वे कामाः श्रिता मनसा हि सर्वान्कामान्ध्यायति । सर्वे हास्मिन्कामाः श्रयन्ते य एवं वेदः । वाग्वै सर्वान्कामान्दुहे वाचा हि सर्वान्कामान्वदति । सर्वान्हास्मै कामान्वाग्दुहे य एवं वेद । तदाहुर्नैतदहर्ऋचा न यजुषा न साम्ना प्रत्यक्षात्प्रतिपद्येत नर्चो न यजुषो न साम्न इयादिति । तदेता एव व्याहृतीः पुरस्ताज्जयेत् भूर्भुवः स्वरित्येतो वाव व्याहृतय इमे त्रयो वेदा भूरित्येव ऋग्वेदो भुव इति यजुर्वेदः स्वरिति सामवेदः । तन्नर्चा न यजुषा न साम्ना प्रत्यक्षात्प्रतिपद्यते नर्चो न यजुषो न साम्न एति ॥

तदिति प्रतिपद्यते तत्तदिति वा अन्नमन्नमेव तदभिप्रतिपद्यते । एतां वाव प्रजापतिः प्रथमां वाचां व्याहरदेकाक्षरद्धक्षरां ततेति तातेति । तथैवैतत्कुमारः प्रथमवादी वाचं व्याहरत्येकाक्षरद्वयक्षरां ततेति तातेति । तयैव तत्ततवत्या वाचा प्रतिपद्यते । तदुक्तमृषिका । बृहस्पते प्रथमं वाचो अग्रमित्येतद्ध्येव प्रथमं वाचो अग्रम् । यत्प्रैरत नामधेयं दधाना इति वाचा हि नामधेयानि धीयन्ते । यदेषां श्रेष्ठं यदरिप्रमासीदित्येतद्ध्येव श्रेष्ठमेतदरिप्रम् । प्रेणा तदेषां निहितं गुहाविरित्तीदमु ह गुहाध्यात्मभिमा देवता अद उ आविरधिदैवतमित्येतत्तदुक्तं भवति ॥

तदिदास भुवनेषु ज्येष्ठमिति प्रतिपद्यत एतद्धाव भुवनेषुज्येष्ठम् । यतो जज्ञ उतरस्त्वेषनृम्ण इत्यतो ह्येष जात उग्रस्त्वेषनृम्णः । सद्यो जज्ञानो निरिणाति शत्रूनिति सद्यो ह्येष जातः

पाप्मानमपाहत । अनु यं विश्वे मदन्त्यूमा इति भूतानि वै विश्व ऊमास्त एनर्मनुमदभ्युदगार्दुदगा-दिति । वावृधानः शवसा भूर्योजा इति एष वै वावृधानः शवसा भूर्योजाः । शात्रुर्दोसाय भियसं दधातीति सर्वे 'ह्येतस्माद्बीभाय' । अव्यनच्चव्यनच्च सस्त्रीति यच्च प्राणि यच्चाप्राणक-मित्येव तदाह । सं ते नवन्त प्रभृता मदेष्विति तव सर्वं वश इत्येव तदाह । त्वेक्रतुमपि वृञ्जन्ति विश्व इति त्वयीमानि सर्वाणि भूतानि सर्वाणि मनांसि सर्वे क्रतवोऽपि वृञ्चन्तीत्येव तदाह । हिर्यदेते त्रिर्भवन्त्यूमा इति द्वौ वै सन्तौ मिथुनौ प्रजायेते । प्रजात्यै । प्रजायते प्रजया पशुभिर्य एवं वेद । स्वादोः स्वादीयः स्वादुना सृजा समिति मिथुनं वै स्वादु प्रजा स्वादु मिथुनेनैव तत्प्रजां संसृजतिः । अदः सु मधु मधुनाभि योधीरिति मिथुनं वै मधु प्रजा मधु मिथुनेनैव तत्प्रजामभियुध्यति । तदुक्तमृषिणा । स्वां यत्रनूं तन्वामैरयतेत्यस्यां शारीर्यामिमां छन्दोमयीमित्येव तदाह । अथो तनूरेव तन्वो अस्तु भेषजर्मित्यस्यै शारीर्या इयं छन्दोमयीत्येव तदाह । तस्यै यान्यष्टावक्षराणि सा गायत्री यान्येकादश सा त्रिष्टुव्यानि द्वादश सा जगत्यथ यानि दश सा विराड्शिन्येषुत्रिषु छन्दःसु प्रतिष्ठिता । पुरुष इति त्र्यक्षरं स उ विराजि । एतानि वाव सर्वाणि छन्दांसि यान्येतानि विराटतुर्थान्येवमुहैवैवं विदुष एतदहः सर्वैश्छन्दोभिः प्रतिपन्नं भवति ॥

ता नदेन विहरति । पुरुषो वै नट्स्तस्मात्पुरुषो वदन्सर्वः संनदतीव । नदं व ओदतीनामिती॑ँ३ आपो वा ओदत्यो या दिव्यास्ता हीदं सर्वमुन्दन्त्यांपो वा ओदत्यो या मुखास्ता हीदं सर्वमन्नाद्यमुन्दन्ति । नदं योयुवतीनामितीँ३ आपो वावयोयुवत्यो या अन्तरीक्ष्यास्ता हि पोप्लूयन्त इवापो वाव योयुवत्यो याः स्वदेते ता हि सरीसृप्यन्त इव । पतिं वो अध्यानामितीँ३ आपो वा अन्ध्या या अग्नेर्धूमाज्जायन्त आपो वा अध्न्या याः शिश्नात्प्रसृज्यन्ते । धेनूनामिषुध्यसीतीँ३ आपो वाव धेनवस्ता हीदं सर्वं धिन्वन्तीषुध्यसीति यदाह पतीयसीत्येव तदाह । त्रिष्टुभं चानुष्टुभं च विहरति वृषा वै त्रिष्टुव्योषानुष्टुप्तन्मिथुनं तस्मादपि पुरुषो जायां वित्त्वा कृत्स्नतरमिवात्मानं मन्यते । तास्त्रिः प्रथमया पञ्चविंशतिर्भवन्ति पञ्चविंश आत्मा पञ्चविंशः प्रजापतिर्दश हस्त्या अङ्गुलयो दश पाद्या द्वा ऊरू द्वौ बाहू आत्मैव पञ्चविंशस्तमिममात्मानं पञ्चविशं संस्कुरुते । अथो पञ्चविंश वा एतदहः पञ्चविंश एतस्याहू स्तोमस्तत्समेन समं प्रतिपद्यते तस्माद्वे एव पञ्चविंशतिर्भवन्ति ॥

तदिति प्रतिपद्यते तत्रदिति वा अन्नमन्नमेव तदभिप्रतिपद्यते । एतां वाव प्रजापतिः प्रथमां वाचं व्याहरद्देकाक्षरद्वाक्षरां ततेति तातेति । तथैवैतत्कुमारः प्रथमवादी वाचं व्याहरत्येकाक्षरद्वक्षरां

ततेति तातेति । तयैव तत्रतवत्या वाचा प्रतिपद्यते । तदुक्तमृषिणा । बृहस्पते प्रथमं वाचो अग्रभित्येतद्वेव प्रथमं वाचो अग्रम् । यत्प्रैरत नामधेयं दधाना इति वाचा हि नामदेयानि धीयन्ते । यदेषां श्रेष्ठं यदरिप्रमासीदित्येतद्वेव श्रेष्ठमेतदरिग्रम् । प्रेरणा तदेषां निहितं गुहाविरित्तीदमु ह गुहाध्यात्ममिमा देवता अद उ आविरधिदैवतमित्येतत्रदुक्तं भवति ॥

तदिदास भुवनेषु ज्येष्ठमिति प्रतिपद्यते यद्वै ज्येष्ठं तन्महन्महद्वद्रूपसमृघमेतस्याहो रूपम् । तां सु ते कीर्तिं मधवन्महित्वेति महद्वद्रूपसमृद्धमेतस्याह्नो रूपम् । भूय इद्वावृधे वीर्यायेति वीर्यवद्रूपसमृद्धमेतस्याह्नो रूपम् । नृणामु त्वा नृतमं गीर्भिरुक्थैरित्युक्थं वा एतदहरूक्थव- द्रूपसमृद्धमेतस्याह्नो रूपम् । न्यूनाक्षरे प्रथमे पदे विहरति न्यूने वै रेतः सिच्यते न्यूने प्राणा न्यूनेऽन्नाद्यं प्रतिष्ठितमेतेषां कामनामवरुद्धौ । एतान्कामानवरुन्धे य एवं वेद । द्वे दशाक्षरे भवत उभयोरन्नाद्ययोरुपात्थै यच्च पद्वद्यज्चापाद्कमिति । अष्टादशाष्टादशाक्षराणि भवन्ति यानि दश नव प्राणा आत्मैव दशमः सात्मनः संस्कृतिरष्टावष्टा उद्यन्ते । अश्नुते यद्यत्कामयते य एवं वेद ॥

ता नदेन विहरति । प्राणो वै नदस्तस्त्प्राणो नटन्सर्वः संनदतीव । नदं व ओदतीनामिती३ उष्णिगक्षरैर्भवत्यनुष्टुप्पादैरायुर्वा उष्णिग्वागनुष्टुप् । तदस्मिन्नायुश्च वाचं च दधाति । तास्त्रिः प्रथमया पञ्चविंशतिर्भवन्ति पञ्चविंश आत्मा पञ्चविंशः प्रजापतिर्दश हस्त्या अङ्गुलयो दश पाद्या द्वा ऊरू द्वौ वाहू त्रप्रात्मैव पञ्चविंशस्तमिममात्मानं पञ्चविंशं संस्कुरुते । आथो पञ्चविंशं वा एतदहः पञ्चविंश एतस्याहू स्तोमस्तत्समेन समं प्रतिपद्यते तस्माद्वे ऐव पञ्चविंशतिर्भवन्ति । इत्यध्यात्मं पञ्चविंशः । आथाधिदैवतम् । चक्षुः श्रोत्रं मनो वाक्प्राणः ता एताः पञ्च देवता इमं विष्टाः पुरुषं पञ्चो हैवैता देवता अयं विष्टः पुरुषः । सोऽवालोमभ्य आनखेभ्यः सर्वः साङ्ग आप्यते तस्मात्सर्वाणि भूतान्यापिपीलकाभ्य आप्तान्येव जायन्ते । तदुक्तमृषिणा । सहस्रधा पञ्चदशान्युक्थेति पञ्च हि दशती भवन्ति । यावद्यावापृथिवी तावदित्रदिति यावती वै द्यावापृथिवी तावानात्मा । सहस्रधा महिमानः सहस्रमित्युक्थान्येव तदनुमदति महयति । यावड्ब्रह्म विष्ठितं तावती वागिति यत्र ह क्व च ब्रह्म तद्वाग्यत्र वा वाकद्वा ब्रह्मेत्येतत्रदुक्तं भवति । एषां वा एषां सूक्तानां नवर्चं प्रथमं नव वै प्राणाः प्राणानां क्लृहयै । षळृचं भवति षड्वा ऋतव ऋतूनामाहयै । पञ्चर्चं भवति पञ्चपदा पङ्क्ति पङ्क्तिर्वा अन्नमन्नाद्यस्यावरूधै । तृचो भवति त्रयो वा इमे त्रिवृतो लोका एषामेव

लोकानामभिजित्यै । ता अभिसंपद्यन्ते बृहती छन्दोऽमृतं देवलोकमेष आत्मा । एवमुहैवैवं विदेतयैव संपदामृतमेवात्मानमभिसंभवति संभवति ॥[२]

અહીં ઓમ્નું વર્ણન છે, જેમ કે...,

अथ सूददोहाः । प्राणो वै सूददोहाः प्राणेन पर्वाणि संदधाति । अथातो ग्रीवाः । ता आचक्षतै यथाछन्दसमृष्णिह इति । अथ सूददोहाः । प्राणो वै सूददोहाः प्राणेन पर्वाणि संदधाति । अथातः शिरः । तद्गायत्रीषु भवत्यग्रं वै छन्दसां गायत्र्यग्रमङ्गानां शिरः तदर्कवतीषु भवत्यग्रिर्वा अर्कः ता नमुपयन्ति तत्स्तोभसहस्त्रं भवति । एवं ह्येताः पञ्च विद्या अनुशस्यन्ते यत्प्राक्तृचाशीतिभ्यः सैका विधा तिस्त्रस्तृचाशीतयो यदूर्ध्वं सा पञ्चमी । तदेतत्सहस्त्रं तत्सर्वं तानि दश दशेति वै सर्वमेतावती हि संख्या दश दशतस्तच्छतं दशशतानि तत्सहस्त्रं तत्सर्वम् । तानि त्रीणि छन्दांसि भवन्ति त्रेधा विहितं वा इदमन्नमशनं पानं खादस्तदे-तैराप्नोति ॥

तद्वा इदं बृहतीसहस्त्रं संपन्नम् । तद्वैतदेके नानाछन्दमां सहस्त्रं प्रतिजानते किमन्यत्सदन्य-द्ब्रूयामेति । त्रिष्टुप्सहस्त्रमेके जगतीसहस्त्रमेकेऽनुष्टुप्सहस्त्रमेके । तेदुक्तमृषिणा । त्रप्रनुष्टुभमनु चर्चूर्यमाणमिन्द्रं नि चिक्युः कवयो मनीषेति ॥ वाचि वै तदैन्द्रं प्राणं न्यचायन्नित्येतत्रदुक्तं भवति । स हेश्वरो यशस्वी कल्याणकीर्तिर्भवतोरीश्वरो ह तु पुरायुषः प्रैतोरिति ह स्माहाकृत्स्नो ह्येष आत्मा यद्वागभि हि प्राणेन मनसेऽस्यमानो वाचा नानुभवति । वृहतीमभिसंपादयेदेष वै कृत्स्न आत्मा यद्बृहती । सोऽयमात्मा सर्वतः शरीरैः परिवृतस्तद्यथायमात्मा सर्वतः शरीरैः परिवृत एवमेव बृहती सर्वतश्छन्दोभिः परिवृता । मध्यं ह्येषामङ्गानामात्मा मध्यं छन्दसां बृहती । स हेश्वरो यशस्वी कल्याणकीर्तिर्भवितोरीश्वरो ह तु पुरायुषः प्रैतोरिति ह स्माह कृत्स्नोह्येष आत्मा यद्बृहती तस्माद्बृहतीमेवाभिसंपादयेत् ॥

तद्वा इदं बृहतीसहस्त्रं संपन्नं तस्य वा एतस्य बृहतीसहस्त्रस्य संपन्नस्यैकादशानुष्टुभां शतानि भवन्ति पञ्चविंशतिश्चानुष्टुभ आत्रं वै भूयसा कनीयः । तदुक्तमृषिणा । वाचमष्टापदीमहमित्यष्टौ हि चतुरक्षराणि भवन्ति । नवस्त्रक्तिमिति बृहती संपद्यमाना नवस्त्रक्तिः । ऋतस्पृशमिति सत्यं वै वागृचा स्पृष्टा । इन्द्रात्परि तन्वं मम इति तद्यदेवैतद्बृ-हतीसहस्त्रमनुष्टुप्संपन्नं भवति तस्मात्रदैन्द्रात्प्राणाद्बृहत्यै वाचमनुष्टुभं तन्वं संनिर्मिमीते । स वा एष वाचः परमो विकारो यदेतन्महदुक्थं तदेतत्पञ्चविधं मितममितं स्वरः सत्यानृते

इति । ऋग्गाथा कुम्व्या तन्मितं यजुर्निगदो वृथावाक्कदमितिं सामाथी यः कश्च गेष्णः सः स्वर ओमिति सत्यं नेत्यनृतम् । तदेतत्पुष्पं फलं वाचो यत्सत्यं स हेश्वरो यशस्वी कल्याणकीर्तिर्भवितोः पुष्पं हि फलं वाचः सत्यं वदति । अथैतन्मूलं वाचो यदनृतं तद्यथा वृक्ष आविर्मूलः शुष्यति स उद्वर्तत एवमेवानृतं वदन्नाविर्मूलमात्मानं करोति स शुष्यति स उद्वर्तते । तस्मादनृतं न वदेद्दयेत त्वेनेन । पराग्वा एतद्रिक्तमक्षरं यदेतदो३मिति तद्यत्किञ्चो-मित्याहाचैवास्मै तद्रिच्यते स यत्सर्वमों कुर्याद्रिञ्चादात्मानं स कामेभ्यो नालं स्यात् । अथैतपूर्णमभ्यात्मं यन्नेति । स यत्सर्वं नेति ब्रूयात्पापिकास्य कीर्तिर्जायेत सैनं तत्रैव हन्यात् । तस्मात्काल एव दद्यात्काले न दद्यात्रत्सत्यानृते मिथुनीकरोति तयोर्मिथुनात्प्रजायते भूयान्मवति । यो वै तां वाचं वेद यस्या एष विकारः स संप्रतिवित् । अकारो वै सर्वा वाक्सैषा स्पर्शोष्मभिर्व्यज्यमाना वह्वी नानारूपा भवति । तस्यै यदुपांशु स प्राणोऽथ यदुन्चैस्तच्छरीरं तस्मात्रिर इव तिर इव ह्यशरीरमशरीरो ही प्राणोऽथ यदुत्चैस्तच्छरीरं तस्मात्रदाविरविर्हि शरीरम् ॥

तद्वा इदं बृहतीसहस्त्रं संपन्नं तद्यशः स इन्द्रः स भूतानामधिपतिः । स य एवमेतमिन्द्रं भूतानामधिपतिं वेद विस्त्रसाहैवास्माल्लोकात्प्रैतीति ह स्माह महिदास ऐतरेयः प्रेत्येन्द्रोभूत्वैषु लोकेषु राजति । तदाहुर्यदनेन रूपेणामुं लोकमभिसंभवतीँ३ अथ केन रुपेणेमं लोकमा-भवतीँ३ । तद्यदितत्स्त्रियां लोहितं भवत्यग्नेस्तद्रूपं तस्मात्रस्माज्ञ बीमत्सेताथ यदेतत्पुरुषेरेतो भवत्यादित्यस्य तद्रूपं तस्माद्रस्माज्ञ बीभत्सेत । सोऽयमात्मेममात्मानममुष्मा आत्मने संप्रयछत्यसावात्मामुमात्मानमिमस्मा आत्मने संप्रयछति तावन्योन्यमभिसंभवतोऽनेनाह रूपेणामुं लोकमभिसंभवत्यमुनो रूपेणेमं लोकमाभवति ॥

तत्रैते श्लोकाः । यदक्षरं पञ्चविधं समेति ।

युजो युक्ता अभि यत्संवहन्ति । सत्यस्य सत्यमनु यत्र युज्यते । तत्र देवाः सर्व एकं भवन्ति ॥

यदक्षरादक्षरमेति युक्तम् । युजो युक्ता अभि यत्संवहन्ति । सत्यस्य सत्यमनु यत्र युज्यते । तत्र देवाः सर्व एकं भवन्ति ॥

यद्वाच ओमिति यच्च नेति । यच्चास्याः क्रूरं यदु चोल्बणिष्णु । तद्वियूया कवयो अन्वविन्दन् । नामायत्रा समतृप्यञ्छुतेऽधि ॥

यस्मिन्नामा समतृप्यञ्छुतेऽधि । तत्र देवाः सर्वयुजो भवन्ति । तेन पाप्मानमपहत्य ब्रह्मणा । स्वर्गं लोकमप्येति विद्वान् ॥

नैनं वाचा स्त्रियं ब्रूवन् । नैनमस्त्रीपुमान्ब्रुवन् । पुमांसं न ब्रुवन्नेनम् । वदन्वदति कश्चन ॥

अ इति ब्रह्म तत्रागतमहमिति । तद्ब्र इदं बृहतीसहस्रं संपन्नं तस्य वा एतस्य बृहतीसहस्रस्य संपन्नस्य षटिंशतमक्षराणां सहस्राणि भवन्ति तावन्ति पुरुषायुषोऽहां सहस्राणि भवन्ति । जीवाक्षरेणैव जीवाहराप्नोति जीवाह्न जीवाक्षरमिति । अनकामसारोऽथ देवरथस्तस्य वागुद्धिः श्रोत्रे पक्षसीचक्षुषी युक्के मनः संग्रहीतां तदयं प्राणोऽधितिष्ठति । तदुक्तमृषिरणा । आ तेन यातं मनसो जवीयसा निमिषश्चिज्जवीयसेति जवीयसेति ॥[3]

અહીં અક્ષરનું વર્ણન છે, જેમ કે...,

अथ खल्वाहुर्निर्भुजवक्काः । पूर्वमक्षरं पूर्वरूपमुत्ररमुत्ररस्रूपं योऽवकाशः पूर्वरूपोत्ररस्रूपे अन्तरेण सा संहितेति । स य एवमेतां संहितां वेद संधीयते प्रजया पशुभिर्यशसा ब्रह्मवर्चसेन स्वर्गेण लोकेन सर्वमायुरेति । अथ वयं ब्रूमो निर्भुजवक्का इति ह स्माह ह्रस्वो माण्डूकेयः पूर्वमेवाक्षरं पूर्वरूपमुत्ररमुंत्ररस्रूपं योऽवकाशः पूर्वरूपोत्ररस्रूपे अन्तरेण येन संधि विवर्तयति येन स्वरास्वरं विजानाति येन मात्रामात्रां विभजते सा संहितेति । स य एवमेतां संहितां वेद संधीयते प्रजया पशुभिर्यशसा ब्रह्मवर्चसेन स्वर्गेण लोकेन सर्वमायुरेति । अथहास्य पुत्र आह मध्यमः प्रातीवोधीपुत्रोऽक्षरे खल्विमे अविकर्षन्ननेकीकुर्वन्यथावर्णमाह तद्यासौ मात्रा पूर्वरूपोत्ररस्रूपे अन्तरेण संधिविज्ञपनी साम तद्भवति सामैवाहं संहितां मन्य इति । तदप्येतदृषिणोक्कम् । बृहस्पते न परः साम्नो विदुरिति ॥ स य एवमेतां संहितां वेद संधीयते प्रजया पशुभिर्यशसा ब्रह्मवर्चसेन स्वर्गेण लोकेन सर्वमायुरेति ॥[4]

તાત્પર્ય એ છે કે, અક્ષર, ઓમ્નું વર્ણન કરવામાં આવ્યું છે.

## (૨) શાંખાયન આરણ્યક :–

આ આરણ્યક ઋગ્વેદનું બીજું આરણ્યક છે. કેટલાંક વિદ્વાનો આને કૌષીતકિ આરણ્યક પણ કહે છે. કુલ પંદર અધ્યાય છે. ૧૩૭ ખંડ છે.

દરેક મંત્રની શરૂઆતમાં ઓમ્નો ઉલ્લેખ થયેલો જોવાં મળે છે :

ओम् । तत्सवितुर्वरेण्यम् । देवस्य भोजनम् ।
श्रेष्ठम् सर्वधाततम् । तुरम् भगस्य धीमहि ॥
तत् सवितुर् वरेण्यम् । भर्गो देवस्य धीमहि ।
धियो यो नः प्रचोदयात् ॥[5]

अदाब्धम् मन इशिराम चक्षुः ।
सूर्यो ज्योतिषाम् श्रेष्ठो दिक्ष मा हिमशिः ॥

આમ, ૐ નું મહત્ત્વ રજૂ થયું છે.

## (૩) બૃહદારણ્યક– કાણ્વ શાખા :

આ આરણ્યક નામ પ્રમાણે ખૂબ જ મોટું આરણ્યક છે. છ અધ્યાય છે. એમાં આરણ્યક અને ઉપનિષદ્ એમ બન્નેનું મિશ્રણ છે, અહીં આત્મતત્ત્વની વિસ્તૃત ઉપદેશ હોવાથી તે ઉપનિષદ્ તરીકે પણ ઓળખાય છે. બૃહદારણ્યક ઉપનિષદ્માં પણ ૐ નું વર્ણન પ્રાપ્ત થાય છે. (જુઓ : પ્રકરણ : ૧–૨–૪ : બૃહદારણ્યકોપનિષદ્.)

## (૪) તૈત્તિરીય આરણ્યક :

આ આરણ્યક કૃષ્ણ યજુર્વેદની તૈત્તિરીય શાખાનું આરણ્યક છે. આ આરણ્યક દસ પ્રપાઠકમાં વહેંચાયેલું છે. દસપ્રપાઠકમાં ૧૭૦ અનુવાક છે. વિદ્યા પ્રપાઠક, બ્રહ્મવિદ્યા પ્રપાઠક અને ભૃગુપ્રપાઠક. આ ત્રણેય મળીને 'તૈત્તિરીયોપનિષદ્' કહેવામાં આવે છે. તૈત્તિરીયોપનિષદ્ ઓમ્નું વર્ણન કરવામાં આવ્યું છે. (જુઓ : પ્રકરણ : ૧–૨–૪ : તૈત્તિરીયોપનિષદ્.)

પ્રથમ પ્રપાઠક અનુવાક – ૧ માં કહ્યું છે કે :

ॐ भद्रं कर्णेभिः श्रृणुयाम् देवाः
भद्रं पश्येमाक्षभिर्यजत्राः ।
स्थिरैरङ्गैस्तुष्टुवाँसस्तनूभिः
व्यशेम देवहितं यदायुः, इति ॥

स्वस्ति न इन्द्रो वृद्धश्रवाः ।
स्वस्ति न पूषाः विश्ववेदाः ॥
स्वस्ति नस्ताक्ष्र्यो अरिष्टनेमिः ।
स्वस्ति नो बृहस्पतिर्दधातु, इति ॥[६]

સ્વસ્તિનો ઉલ્લેખ થયેલો છે.

પ્રથમ આરણ્યકના સોળમા અનુવાકમાં વ્યાહૃતિઓનું વર્ણન છે, જેમ કે...,

आरोगस्य स्थाने स्वतेजसा भानि ।
भ्राजस्य स्थाने स्वतेजसा भानि ।
पटरस्य स्थाने स्वतेजसा भानि ।
पतङ्गस्य स्थाने स्वतेजसा भानि ।
स्वर्णरस्य स्थाने स्वतेजसा भानि ।
ज्योतिषीमतस्य स्थाने स्वतेजसा भानि ।
विभासस्य स्थाने स्वतेजसा भानि ।
कश्यपस्य स्थाने स्वतेजसा भानि ।
ॐ भूर्भुवः स्वः ।
आयो वो मिथुनं मा नो मिथुनँ्रीढम् (१), इति ।
आरोगस्य दश ॥[७]

પ્રથમ પ્રપાઠક અનુવાક – ૧ માં પણ વ્યાહૃતિનું વર્ણન કરવામાં આવ્યું છે, જેમ કે...,

ओं भूर्भुवः स्वः । रश्मयो वो मिथुनं
मा नो मिथुनँ्रीढवम् (१) इति ।[८]

કૃષ્ણયજુર્વેદ તૈત્તિરીય આરણ્યકના ચતુર્થ પ્રપાઠકના ચાલીસમાં અનુવાકમાં વ્યાહૃતિઓનું વર્ણન કરવામાં આવ્યું છે, જેમ કે...,

भूर्भुवः सुवो भूर्भुवः सुवो भूर्भुवः सवः ।
भुवोऽद्धायि भुवोऽद्धायि भुवोऽद्धायि नृम्णायि
नृम्णं नृम्णायि नृम्णं नृम्णायि नृम्णम् ।

निधाय्योऽवायि निधाय्योऽवायि निधाय्योऽवायि ।
ए अस्मे अस्मे । सुवर्नज्योतीः, इति ।।[९]

દ્વિતીય પ્રપાઠકના દસમા અનુવાકમાં અક્ષરનું વર્ણન કરવામાં આવ્યું છે, જેમ કે...,

અક્ષર પરમ બ્રહ્મ છે તેનું વર્ણન કરવામાં આવ્યું છે.

આગળ બીજા પ્રપાઠક અનુવાક અગ્યારમાં પણ વ્યાહૃતિનું વર્ણન કરવામાં આવ્યું છે, જેમ કે...,

दक्षिणोत्तरो पाणी पादौ कृत्वा सपवित्रावोमिति प्रतिपद्यत
एतद्वै यजुस्त्रयीं विद्यां प्रत्येषां वागेत्परममक्षरम्, - इति ।[१०]

त्रीनेव प्रायुङ्क्त भूर्भुवः स्वरित्याहेतद्वै वाचः
सत्यं यदेव वाचः सत्यं तत्प्रायुङ्क्त, इति ।
अथ सावित्री गायत्री त्रिरन्वाह पच्छोऽर्धर्चशोऽनवानँ्
सविता श्रियः प्रसविता श्रियमेवाऽऽप्नोत्यथो प्रज्ञातयैव
प्रतिपदा छन्दाँ्सि प्रतिपद्यते (१), इति ।।

तदेतदृचाऽभ्युक्तम्, - इति ।
ऋचो अक्षरे परमे व्योमन्यस्मिन्देवा अधि विश्वे निषेदुर्यस्तन्न
वेद किमृचा करिष्यति य इत्तद्विदुस्त हमे समासत इति, - इति ।[११]

પ્રપાઠક – ૭ ના અનુવાક – ૫ માં ૐ થી મંત્રની શરૂઆત કરવામાં આવી છે, જેમ કે...,

ॐ शीक्षां व्याख्यास्यामः । वर्णः स्वर । मात्रा बलम् ।
साम संतानः । इत्युक्तः शीक्षाध्याय : (१), इति ।[१२]

પ્રપાઠક – ૭ ના અનુવાક – ૫ માં વ્યાહૃતિઓનું વર્ણન કરવામાં આવ્યું છે, જેમ કે...,

भूर्भुवः सुवरिति वा एतास्तिस्त्रो व्याहृतयः इति ।
तासामु ह स्मैतां चतुर्थीम् । माहाचमस्यः
प्रवेदयते । मह इति, ।

तद्ब्रह्म । स आत्मा अङ्गान्यन्या देवताः, इति ।
भूरिति वा अयं लोकः । भुवइत्यन्तरिक्षम् ।
सुवरित्यसौ लोकः (१) । मह इत्यादित्यः ।
आदित्येन वाव सर्वे लोका महीयन्ते, इति ।
भूरिति वा अग्निः । भुव इति वायुः । सुवरित्यादित्यः । मह
इति चन्द्रमाः । चन्द्रमसा वाव सर्वाणि ज्योतीँषि महीयन्ते, इति ।
भूरिति वा ऋचः । भुव इति सामानि । सुवरिति यजूँषि । (२)
मह इति ब्रह्म । ब्रह्मणा वाव सर्वे वेदा महीयन्ते, इति ।
भूरिति वै प्राणः । भुव इत्यपानः । सुवरिति व्यानः ।
मह इत्यन्नम् । अन्नेन वाव सर्वे प्राणा महीयन्ते, इति ।
ता वा एताश्चतस्त्रश्चतुर्धा । चतस्त्रश्चतस्त्रो व्याहृतयः, इति ।
ता यो वेद । स वेद ब्रह्म । सर्वेऽस्मै देवा बलिमावहन्ति(३), इति ।
असौ लोको यजुँषि वेद द्वे च ॥[१३]

પ્રપાઠક – ૭ ના અનુવાક – ૮ માં ઓમ્નું વર્ણન છે.

ओमिति ब्रह्म, इति ।
ओमितीदँ सर्वम्, इति ।
ओमित्येतदनुकृति ह स्म वा अप्यो श्रावयस्याश्रावयन्ति । ओमिति
सामानि गायन्ति । ओँशोमिति शस्त्राणि शँसन्ति ।
ओमित्यध्वर्युः प्रतिगरं प्रतिगृणाति । ओमिति ब्रह्मा प्रसौति ।
ओमित्यग्निहोत्रभनुजानाति । ओमिति ब्राह्मणः प्रवक्ष्यन्नाह, - इति ।
ब्रह्मोपाप्नवानीति । ब्रह्नैयोपाप्नोति(१), इति ।
ओं दश ॥[१४]

આઠમા પ્રપાઠકના બીજા અનુવાકમાં ઓંકારનું વર્ણન કરવામાં આવ્યું છે, જેમ કે...,

ॐ ब्रह्मविदाप्नोति परम्, इति ॥[१५]

પ્રપાઠક – ૧ ના ૧૫ મા અનુવાકમાં ઓમ્નું વર્ણન છે, જેમ કે...,

धृणिः सूर्य आदित्यो मर्चयन्ति तपः
सत्यं मधु क्षरन्ति तद्ब्रह्म तदाप आपो ज्योती
रसोऽमृतं ब्रह्म भूर्भुवः सुवरोम्, इति ॥[१६]

પ્રથમ પ્રપાઠકના બાવીસમાં અનુવાકમાં ઓમ્નું વર્ણન કરવામાં આવ્યું છે, જેમ કે...,

आपो वा इदँ्सर्वं विश्वा भूतान्यापः प्राणा
वा आपः पशव आपोऽन्नमापोऽमृतमापः
सम्राडायो विराडापः स्वराडापश्छन्दाँ्स्यापो
ज्योतीँ्ष्यापो यजूँ्ष्यापः सत्यमापः सर्वा
देवता आपो भूर्भुवः सुवराप ओम्, इति ॥[१७]

પ્રથમ પ્રપાઠકના અનુવાક – ૨૬ મા ગાયત્રીનું વર્ણન છે, જેમ કે...,

आयातु वरदा देवी अक्षरं ब्रह्म संमितम् । गायत्री छन्दसां
माता इदं ब्रह्म जुषस्व नः । ओजोऽसि सहोऽसि बल-
मसि भ्राजोऽसि देवानां धामनामाऽसि विश्वमसि
विश्वायुः सर्वमसि सर्वायुरभिभूरों गायत्रीमावाह्यामि, इति ॥[१८]

પ્રથમ પ્રપાઠકના અનુવાક – ૨૭ મા ગાયત્રીના આહવાન ઉર્ધ્વ પ્રાણાયામાર્થે મંત્ર રજૂ થયો છે, જેમ કે...,

ओं भूः । ओं भुवः । ओँ्सुवः । ओं महः । ओं
जनः । ओं तपः । ओँ्सत्यम् । ओं तत्सवितुर्वरेण्यं
भर्गो देवस्य धीमहि । धियो यो नः प्रयोदयात् ।
ओमायो ज्योतीरसोऽमृतं भूर्भुवः सुवरोम्, इति ॥[१९]

પ્રથમ પ્રપાઠકના અટ્ઠાવીસમાં અનુવાકમાં પ્રાણાયામના વિકલ્પે આ મંત્ર કહ્યો છે... જેમ કે...,

ॐ भूर्भुवः सुवर्महर्जनस्तपः सत्यं तद्ब्रह्म तदाप आपो
ज्योती रसोऽमृतं ब्रह्म भूर्भुवः सुवरोम्, इति ॥[२०]

પ્રથમ પ્રપાઠકના ઓગણત્રીસમાં અનુવાકમાં ઓમ્નું મહત્ત્વ રજૂ થયું છે, જેમ કે...,

ओं तद्ब्रह्म । ओं तद्वायुः । ओं तदात्मा ।
ओं तत्सर्वम् । ओं तत्पुरोर्नमः, इति ।।[२१]

પ્રથમ પ્રપાઠક અનુવાક – ૩૧ મા ઓમ્નું વર્ણન છે, જેમ કે...,

ओमन्तश्चरति भूतेषु गुहायां विश्वमूर्तिषु ।
त्वं यज्ञस्त्वं विष्णुस्त्वं वषट्कारस्त्वं
रुद्रस्त्वं ब्रह्मा त्वं प्रजापतिः, इति ।।[२२]

પ્રથમ પ્રપાઠક અનુવાક – ૬૧ મા ઓમ્નું વર્ણન છે, જેમ કે...,

ॐ स्वाहेति, इति ।।[२३]

દસમા પ્રપાઠક અનુવાક – ૧ મા સ્વસ્તિનું વર્ણન છે, જેમ કે...,

स्वस्तिदा विशस्पतिर्वृत्रहा विमृधो वशी ।
वृषेन्द्रः पुर एतु नः स्वस्तिदा अभयंकरः इति ।।

स्वस्ति न इन्द्रो वृद्धश्रवाः स्वस्ति नः पूषा विश्ववेदाः ।
स्वस्ति नस्ताक्ष्यों अरिष्टनेमिः स्वस्ति नो बृहस्पतिर्दधातु, इति ।।[२४]

પ્રથમ પ્રપાઠકના અનુવાક – ૬૮ માં ઓમ્નું વર્ણન છે, જેમ કે...,

ओं तत्सत्यम् । ओं तद्ब्रह्म । ओं तद्वायुः । ओं
तदात्मा । ओं तत्सर्वम् । ओं तत्पुरोर्नमः ।
आन्तश्चरति भूतेषु गुहायां विश्वमूर्तिषु । त्वं यज्ञ-
स्त्वं विष्णुस्त्वं वषट्कारँ्स्त्वमिन्द्रस्त्वं रुद्रस्त्वं विष्णुस्त्वं
ब्रह्मं त्वं प्रजापतिः । त्वं तदाप आयो ज्योती
रसोऽमृतं ब्रह्मभूर्भुवः सुवरोम्, इति ।।[२५]

તાત્પર્ય એ છે કે, વ્યાહૃતિઓ, ગાયત્રી, સ્વસ્તિ અને ઓમ્નું સ્પષ્ટ વર્ણન પ્રાપ્ત થાય છે.

પ્રપાઠક – ૪ અનુવાક – ૪૨ મા સ્વસ્તિનું વર્ણન છે, જેમ કે...,

अन्तरिक्षं म उर्वन्तरं बृहदग्नयः पर्वताश्च यया वातः
स्वस्त्या स्वस्ति मां तया स्वस्त्या स्वस्ति मानसानि, इति ।[२६]

દસમા પ્રપાઠકના ૩૩ મા અનુવાકમાં ઓમ્નું વર્ણન છે, જેમ કે...,

ओमित्येकाक्षरं ब्रह्म । अग्निर्देवता ब्रह्म
इत्यार्षम् । गायत्रं छन्दं परमात्म सरु-
पम् । सायुज्यं विनियोगम्, इति ।।[२७]

દસમા પ્રપાઠકના ૨૮ મા અનુવાકમાં ગાયત્રીનું વર્ણન છે, જેમ કે...,

गायत्री जगत्युर्वी पृथ्वी बहुला विश्वा भूता कत
मा काया सा सत्येत्यमृतेति वसिष्ठः, इति ।।[२८]

દસમા પ્રપાઠકના ૨૯ મા અનુવાકમાં કહ્યું છે કે...,

आपो वा इदँ् सर्वं विश्वा भूतान्यापः प्राणा वा आपः
पशव आपोऽन्नमापोऽमृतमापः सम्राडापो विराडापः
स्वराडापश्छन्दाँ्स्यापो ज्योतीँ्ष्यापो यजू ष्वापः
सत्यमापः सर्वा देवता आपो भूर्भुवः सुवराप ओम्, इति ।।[२९]

તાત્પર્ય એ છે કે, ઓમ્નું વિસ્તૃત વર્ણન પ્રાપ્ત થાય છે.

## (૫) તલવકાર આરણ્યક :

આ આરણ્યક સામવેદની જૈમિનીય શાખાનું આરણ્યક છે. આ આરણ્યકને જૈમિનીયોપનિષદ્ આરણ્યક પણ કહેવામાં આવે છે. આ આરણ્યકના ચાર અધ્યાય છે. તે જુદા–જુદા ખંડોમાં વિભક્ત છે. તેના ચોથા અધ્યાયના દસમાં અનુવાકને ‘કેનોપનિષદ્’ તરીકે ઓળખવામાં આવે છે. કેનોપનિષદ્માં ઓમ્નું વર્ણન છે. (જુઓ : પ્રકરણ : ૧–૨–૪ : કઠોપનિષદ્.)

નિષ્કર્ષ એ છે કે, આરણ્યકોમાં પણ ઓમ્નું મહત્ત્વ રહેલું છે.

## સંદર્ભ પ્રકરણ : ૧ – ૨ – ૩ : આરણ્યકો :


૧. મહાભારત શાન્તિપર્વ; ૩૩૧–૩. (BORI edition)

૨. ऐतरैयारण्यक; आ. १ / अ. ३ / १ - ८ ॥

૩. ऐतरैयारण्यक; आ. २ / अ. ३ / ४ - ७ ॥

૪. ऐतरैयारण्यक; आ. ३ / अ. ४ / ५ ॥

૫. शांखायन आरण्यक; आ. ४ - १ ॥

૬. कृष्णयजुर्वेद तैत्तिरीय आरण्यक; प्रपा. - १ - अनु. १ ॥

૭. कृष्णयजुर्वेद तैत्तिरीय आरण्यक; प्रपा. - १ - अनु. १६ ॥

૮. कृष्णयजुर्वेद तैत्तिरीय आरण्यक; प्रपा. - १ - अनु. १५ ॥

૯. कृष्णयजुर्वेद तैत्तिरीय आरण्यक; प्रपा. - ४ - अनु. ४० ॥

૧૦. कृष्णयजुर्वेद तैत्तिरीय आरण्यक; प्रपा. - २ - अनु. १० ॥

૧૧. कृष्णयजुर्वेद तैत्तिरीय आरण्यक; प्रपा. - २ - अनु. ११ ॥

૧૨. कृष्णयजुर्वेद तैत्तिरीय आरण्यक; प्रपा. - ७ - अनु. २ ॥

૧૩. कृष्णयजुर्वेद तैत्तिरीय आरण्यक; प्रपा. - ७ - अनु. ५ ॥

૧૪. कृष्णयजुर्वेद तैत्तिरीय आरण्यक; प्रपा. - ७ - अनु. ८ ॥

૧૫. कृष्णयजुर्वेद तैत्तिरीय आरण्यक; प्रपा. - ८ - अनु. २ ॥

૧૬. कृष्णयजुर्वेद तैत्तिरीय आरण्यक; प्रपा. - १ - अनु. १५ ॥

૧૭. कृष्णयजुर्वेद तैत्तिरीय आरण्यक; प्रपा. - १ - अनु. २२ ॥

૧૮. कृष्णयजुर्वेद तैत्तिरीय आरण्यक; प्रपा. - १ - अनु. २६ ॥

૧૯. कृष्णयजुर्वेद तैत्तिरीय आरण्यक; प्रपा. - १ - अनु. २७ ॥

૨૦. कृष्णयजुर्वेद तैत्तिरीय आरण्यक; प्रपा. - १ - अनु. २८ ॥
प्रपा. - १० - अनु. ३५ ॥

૨૧. कृष्णयजुर्वेद तैत्तिरीय आरण्यक; प्रपा. - १ - अनु. २९ ॥

૨૨. कृष्णयजुर्वेद तैत्तिरीय आरण्यक; प्रपा. - १ - अनु. ३१ ॥

૨૩. कृष्णयजुर्वेद तैत्तिरीय आरण्यक; प्रपा. - १ - अनु. ६१ ॥

૨૪. कृष्णयजुर्वेद तैत्तिरीय आरण्यक; प्रपा. - १० - अनु. १ ॥

૨૫. कृष्णयजुर्वेद तैत्तिरीय आरण्यक; प्रपा. - १० - अनु. ६८ ॥

૨૬. कृष्णयजुर्वेद तैत्तिरीय आरण्यक; प्रपा. - ४ - अनु. ४२ ॥

૨૭. कृष्णयजुर्वेद तैत्तिरीय आरण्यक; प्रपा. - १० - अनु. ३३ ॥

૨૮. कृष्णयजुर्वेद तैत्तिरीय आरण्यक; प्रपा. - १० - अनु. २८ ॥

૨૯. कृष्णयजुर्वेद तैत्तिरीय आरण्यक; प्रपा. - १० - अनु. २९ ॥

# પ્રકરણ : ૧–૨ : વેદ અને ઉપનિષદ્દોની દષ્ટિએ ઓમ્

## પ્રકરણ : ૧–૨–૪ : મુખ્ય ઉપનિષદ્દો

(૧) ઐતરેયોપનિષદ્.

(૨) ઈશાવાસ્યોપનિષદ્.

(૩) બૃહદારણ્યકોપનિષદ્.

(૪) કઠોપનિષદ્.

(૫) તૈત્તિરીયોપનિષદ્.

(૬) શ્વેતાશ્વેત્તરોપનિષદ્.

(૭) કૈવલ્યોપનિષદ્.

(૮) કેનોપનિષદ્.

(૯) છાંદોગ્યોપનિષદ્.

(૧૦) પ્રશ્નોપનિષદ્.

(૧૧) મુંડકોપનિષદ્.

(૧૨) માંડૂક્યોપનિષદ્.

## ✧ ઉપનિષદ્ :

ઉપનિષદ્ વૈદિક સાહિત્યના અંતે રચાયેલાં છે તેથી તેને વદાંત પણ કહેવામાં આવે છે. વેદાન્તનો બીજો અર્થ વેદનો અંત અથવા છેડો અથવા સિદ્ધાન્ત. આમ, ઉપનિષદ્‌માં વેદનું સારતત્ત્વ નિરૂપવામાં આવ્યું છે.

આ उप + नि + सद् શબ્દમાં √सद् ધાતુના ત્રણ અર્થો પ્રખ્યાત છે. નાશ, પ્રાપ્તિ અને શિથિલતા.

ઉપનિષદ્દોના અભ્યાસથી અજ્ઞાનનો નાશ થાય છે, પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે અને જનન–મરણના દુઃખમાં શિથિલતા આવે છે.

ઉપનિષદ્ શબ્દ उप + नि + सद् ધાતુ એટલે 'પાસે બેસવું' નો બનેલો છે. પ્રાચીનકાળમાં આશ્રમ વ્યવસ્થા હતી. એટલે કે, શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ એવા ગુરુઓ પાસે સમિત્પાણિ શિષ્યો જતાં. ત્યાં ગુરુની સેવા કરતાં, ગૃહકાર્ય કરતાં અને ગુરુ તેમને અભ્યાસ કરાવતા. આ શિષ્યો ત્યાં જ રહી ગુરુની પાસે બેસી વિદ્યાભ્યાસ કરતાં. આમ ગુરુ અને શિષ્ય પાસે બેસી જે તાત્ત્વિક ચર્ચા–વિચારણા કરતાં તેને 'ઉપનિષદ્' તરીકે ઓળખવામાં આવે છે.

શ્રી શંકરાચાર્ય કહે છે કે,

य इमां ब्रह्म विद्यामुपयान्त्यात्मभावेन श्रद्धाभक्तिपुरः सराः, तेषां गर्भजन्मजरारोगायवर्गं विनाशयति परं वा ब्रह्मा गमयति अविद्या संस्कारकारणं चात्यन्तमवसादयति विनाशयति, इत्युपनिषद् उपनिपूर्वस्य सदेरेवमर्थसंस्मरणात् ।

અર્થાત્, જે વ્યકિત શ્રદ્ધા અને ભકિતથી આત્મતત્ત્વને જાણવાના ભાવથી આ બ્રહ્મવિદ્યા પ્રાપ્ત કરે છે, તેને આ બ્રહ્મવિદ્યા તેના ગર્ભમાં રહેનાર, જન્મ લેનાર, વૃદ્ધાવસ્થા, રોગ વગેરે દુઃખોને દૂર કરી દે છે અને પરમબ્રહ્મને પ્રાપ્ત કરાવે છે. ઉપનિષદ્દોનું જ્ઞાન અવિદ્યાના સંસ્કારોથી ઉત્પન્ન થનાર કારણોને શિથિલ કરી દે છે અને કારણોનો નાશ પણ કરે છે. આ જ ઉપનિષદ્ છે.

ઉપનિષદ્ જ્ઞાનનો અધિકારી મુમુક્ષુ અને નમ્ર હોય છે. વિષય પરબ્રહ્મ છે. સંસારની નિવૃત્તિ અને બ્રહ્મની પ્રાપ્તિ થાય તે પ્રયોજન છે. પ્રયોજનને સિદ્ધ કરાવનારા ઉપનિષદ્દો છે.

### ✧ મુખ્ય ઉપનિષદ્દો :

ઉપનિષદો વૈદિક સાહિત્યને અંતે રચાયેલાં હોવાથી ‘વેદાંત’ તરીકે ઓળખવામાં આવે છે. ભારતીય તત્ત્વચિંતનની પ્રાચીનમાં પ્રાચીન નોંધ ઉપનિષદ્‌માં મળી આવે છે. ભારતીય સંસ્કૃતિના પ્રાણસમાન ઉપનિષદોની સંખ્યા કેટલી છે તે અંગે મતભેદ જોવા મળે છે. એક મત પ્રમાણે ઉપનિષદો ૨૨૦ જેટલાં છે. મુકિતકોપનિષદ્‌માં ૧૦૮ જેટલી માનવામાં આવે છે. તેમાં પણ મુખ્ય ઉપનિષદોની સંખ્યા વિશે પણ મતભેદ જોવા મળે છે.

## (૧) ઐતરેયોપનિષદ્ :

ઋગ્વેદીય ઐતરેય આરણ્યકના બીજા આરણ્યકનો ચોથો, પાંચમો અને છઠ્ઠો અધ્યાય, બ્રહ્મવિદ્યા પ્રધાન છે, તેથી એને ઐતરેયોપનિષદ્‌ની માન્યતા આપવામાં આવેલી છે. પ્રથમ અધ્યાયમાં, ત્રણખંડ છે તથા બાકીના બીજા, ત્રીજા અધ્યાયોમાં એક–એક જ ખંડ છે.

ઐતરેયોપનિષદ્‌ના શાંતિપાઠમાં કહ્યું છે કે,

वाड्मे मनसि प्रतिष्ठिता मनो मे वाचि प्रतिष्ठितमाविरावीर्म एधि । वेदस्य म आणीस्थः श्रुतं मे मा प्रहासीरनेनाधीतेनाहोरात्रान्संदधाम्यृतं वदिष्यामि सत्यं वदिष्यामि । तन्मावतु तद्वक्तारमवतु अवतु मामवतु वक्तारमवतु वक्तारम् ।। ॐ शान्तिः शान्तिः शान्तिः ।।

અર્થાત્, હે પરમાત્મન્ ! મારી વાણી મનમાં રહો, મન વાણીમાં પ્રતિષ્ઠિત થાવ. આપ મારી સામે પ્રગટ થાવ. મારા માટે વેદનું જ્ઞાન પ્રગટ કરો. હું પહેલાં સાંભળેલા જ્ઞાનને ભૂલી ન જાઉં. આ સ્વાધ્યાયશીલ પ્રવૃત્તિથી હું દિવસ અને રાત્રિઓને એક બનાવી દઉં. હું હંમેશા ઋત અને સત્ય બોલીશ. બ્રહ્મ મારું રક્ષણ કરે. એ બ્રહ્મ વકતાનું રક્ષણ કરે. ત્રિવિધ તાપ શાંત થાવ.

તાત્પર્ય એ છે કે, વાણી, સત્ય, વેદનું મહત્ત્વ રજૂ થયું છે. બીજા અધ્યાયમાં ઋષિ વામદેવ દ્વારા જીવનચક્રનો અનુભવ પ્રાપ્ત કરવાનું વર્ણન છે. માતાના ગર્ભમાં જીવ પ્રવેશ એનો પ્રથમ જન્મ, બાળકરૂપમાં બહાર આવવું, બીજો જન્મ અને મરણોત્તર યોનિમાં જવું એ ત્રીજો જન્મ કહેવામાં આવેલ છે. અધ્યાય–૨ ના પ્રથમખંડમાં કહ્યું છે કે, સૌથી પહેલા જીવ પુરુષના શરીરમાં, ગર્ભરૂપમાં રહેલ બિરાજમાન રહે છે. પુરુષના શરીરમાં રહેલ જે વીર્ય છે, એ પુરુષનાં સમસ્ત અંગોમાં સમુત્પન્ન તેજ છે. પહેલાં પુરુષ આત્મસ્થ તેજને, પોતાની અંદર પોષે છે. તે ઉપરાંત જ્યારે તે આ વીર્યસ્થ તેજનું સ્ત્રીમાં સિંચન કરીને, ગર્ભરૂપમાં રહે છે, એ એનો પ્રથમ જન્મ છે.

જે સ્ત્રીને પોતાના જ શરીરના અંગ હોય છે, એવી રીતે પુરુષ દ્વારા સિંચિત એ વીર્ય પણ સ્ત્રી સાથે તાદાત્મ્ય સ્થાપિત કરી લે છે. તેથી એ સ્ત્રીને કોઈપણ પ્રકારનું કષ્ટ પહોંચતું નથી. એ સ્ત્રી પોતાના પેટમાં સ્થાપિત પતિના આત્માનું પોષણ કરે છે.

એ પાલન કરનારી સ્ત્રી પાલનીયા હોય છે. ગર્ભવતી સ્ત્રી પ્રસવ પહેલાં, ગર્ભસ્થ જીવનું પાલન કરે છે અને એ પુરુષ પ્રસવ બાદ, સર્વપ્રથમ એ શિશુને સુસંસ્કૃત કરે છે. એ, જન્મ પછી શિશુને આ પ્રમાણે સંસ્કારિત કરીને, એની ઉન્નતિ કરાવીને, વાસ્તવમાં પોતાની જ ઉન્નતિ કરે છે, કારણ કે એવી રીતે લોક પ્રવૃદ્ધ થાય છે. આ એનો બીજો જન્મ છે.

આ આત્માનો આ પુત્ર સ્વરૂપ આત્મા પુણ્યોના માટે પ્રતિનિધિ રૂપમાં પ્રતિષ્ઠિત કરવામાં આવે છે. તદુપરાંત આ જીવ વયોવૃદ્ધ થઈને, પોતાનાં લૌકિક કર્તવ્યોને પૂર્ણ કરીને, આ લોકમાંથી પ્રસ્થાન કરી દે છે. ત્યારબાદ તેનો પુનર્જન્મ થાય છે. એ આ જીવનો ત્રીજો જન્મ છે.

આ વાત ઋષિ વામદેવએ, આ શબ્દોમાં કહી છે. – મેં ગર્ભની સ્થિતિમાં જ, દેવતાઓના જન્મોનું રહસ્ય, સારી રીતે જાણી લીધું છે. હું સેંકડો લોહયુકત પિંજરામાં બંધાયેલો હતો. હવે મને તત્ત્વજ્ઞાન મળી ગયું છે, તેથી હું બાજ પક્ષીની જેમ એ પિંજરાને ભેદીને બહાર આવી ગયો છું. એ રીતે ગર્ભમાં શયન કરતાં–કરતાં, ઋષિ વામદેવે આ તથ્યને પ્રગટ કર્યું હતું.

એ ઋષિ વામદેવ, આ જ્ઞાન પ્રાપ્ત કરીને, આ શરીરનો નાશ થઈ ગયા પછી આ લોકમાંથી ઉત્ક્રમણ કરીને ઉર્ધ્વગમન કરીને, સ્વર્ગમાં સમસ્ત સુખોનો ઉપભોગ કરતાં અમૃતતત્ત્વને પ્રાપ્ત થઈ ગયા.[૧]

તાત્પર્ય એ છે કે, જીવની ત્રણ અવસ્થાઓ વર્ણવાય છે. ચોથી અવસ્થા અમૃત તત્ત્વરૂપ છે. ૐની પણ ત્રણ માત્રાઓ છે અને ચોથી માત્રા અમાત્રરૂપ છે. માંડૂકયોપનિષદ્‌માં પણ આ જ બાબત વર્ણવી છે.[૨]

ગુજરાતી વિશ્વકોશમાં કહ્યું છે કે, વામદેવ એક વૈદિક ઋષિ છે. ઋગ્વેદના ચોથા મંડળનાં ૫૮ સૂકતો છે. તેમાંથી ત્રણ સૂકતો અનુક્રમે ૪૨ થી ૪૪ ને બાદ કરતાં બાકીના ૫૫ સૂકતોના દષ્ટા વામદેવ ગૌતમ છે. પોતાની ગર્ભાવસ્થામાં જ એમને આત્માનુભૂતિ થઈ હતી. આ અવસ્થામાં તેમણે ઈન્દ્ર સાથે તત્ત્વજ્ઞાન વિશે સંવાદ કર્યો હતો. આત્માનુભૂતિની સ્થિતિમાં એ કહેતાં – 'મેં જ સૂર્યને પ્રકાશ આપ્યો છે. મનુ મારું જ રૂપ હતા.' વિશેષતઃ પુનર્જન્મ વિષયક તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં તેઓ સર્વશ્રેષ્ઠ છે. એમનો સિદ્ધાંત 'જન્મત્રયી' છે. મનુષ્યને ત્રણ જન્મો છે. (૧) ગર્ભાધાન સમયે, (૨) માતૃયોનિમાંથી નિષ્ક્રમણ

સમયે (૩) દેહત્યાગ સમયે. વામદેવને પોતાના બે પૂર્વજન્મ જ્ઞાત હતા : મનુ અને સૂર્ય. આનું સામ્ય ડૉ. આર. ડી. રાનડેને મરાઠીસંત તુકારામ સાથે જણાય છે. તુકારામને પોતાનો પૂર્વજન્મ શુકદેવજીનો હોય તેવી પ્રતીતિ હતી. વૈદિક સૂકતોના દષ્ટા ઋષિ વામદેવ ગૌતમ ઉપરાંત અન્ય વામદેવ નામધારી વ્યકિતઓ આ પ્રમાણે છે.

(૧) અંગિરસ અને સરૂપાના પુત્ર. આ ઋષિએ યુધિષ્ઠિરના રાજસૂયયજ્ઞમાં ભાગ લીધેલો. સ્યમનાપંચકમાં શ્રીકૃષ્ણને મળેલા.

(૨) અથર્વન્ અંગિરસના પુત્રઃ આ ઋષિ તપસ્યામગ્ન પરશુરામને મળવા ગયેલા.

(૩) દશરથપુત્ર રામના સભાસદ ઋષિ.

(૪) શિવના અવતાર. તેમને પાંચ મુખ હતા. સોમે બૃહસ્પતિ – પત્ની તારાનું અપહરણ કર્યું. ત્યારે સોમ સાથે યુદ્ધ કરેલું. પાર્વતીને શિવસહસ્ત્રનો પાઠ આપ્યો.

(૫) કુશીદ્વીપના રાજા હતા. હિરણ્યરેતસ્‌ના પુત્ર હતા.

(૬) મોદાપુરના રાજા હતા. અર્જુને ઉત્તરદિશામાં દિગ્વિજય કર્યો ત્યારે તેમને પરાસ્ત કરેલા.

(૭) એક બ્રહ્મર્ષિ હતા. એમનો અશ્વ પરીક્ષિતનો પુત્ર શલ, માગીને લઈ ગયો હતો. વામ્ય નામનો આ અશ્વ અતિવેગી હતા.[૩]

તાત્પર્ય એ છે કે, વામદેવ ઋષિ હતા. તે એક માન્યતા મુજબ શિવના અવતાર હતા. આ બધી જ બાબતો દર્શાવે છે કે, ઓમ્‌ની એક સંજ્ઞા ‘વામ’ પણ છે.[૪] સંસ્કૃત કોશમાં એક શબ્દ વામદિવ્ય મળે છે. જેનો અર્થ સામમંત્ર થાય છે. આમ ‘વામ’ એ ઓમ્‌ની સંજ્ઞા છે. વેદ પણ ઓમ્‌ની સંજ્ઞા છે. સત્ય પણ ઓમ્‌ની સાથે સંબંધિત છે.

## (૨) ઈશાવાસ્યોપનિષદ્ :

કોઈ ઋષિ અન્નનું બહુ દાન કરતા હતા તેથી તેમનું ઉપનામ વાજસનિ પડયું હતું. તે વાજસનિના પુત્ર યાજ્ઞવલ્કય હતા તેથી શ્રી યાજ્ઞવલ્કય મુનિનું અન્ય નામ વાજસનેય પણ છે. તે વાજસનેયને શ્રી સૂર્ય ભગવાનની કૃપાથી જે વેદની પ્રાપ્તિ થઈ તે વાજસનેયસંહિતા શુકલ યજુર્વેદ કહેવાય છે. શુકલ યજુર્વેદના ચાળીસમા અધ્યાયને ‘વાજસનેયસંહિતોપનિષત્’ નામ આપવામાં આવ્યું છે. આ ઉપનિષદ્‌ના

પ્રથમ મંત્રમાં પહેલો શબ્દ ईशा છે. તેથી આ ઉપનિષદ 'ईशोपनिषद' પણ છે. શુકલ યજુર્વેદના ઉપનિષદોનો શાંતિપાઠ આ ઉપનિષદ્‌ની શરૂઆતમાં પ્રાપ્ત થાય છે.

"ૐ આ પૂર્ણ છે આ પૂર્ણ છે, પૂર્ણથી પૂર્ણ ઉત્કૃષ્ટ થાય છે. પૂર્ણના પૂર્ણને લઈને પૂર્ણ જ અવશેષ રહે છે. ૐ શાંતિ (થાઓ), શાંતિ (થાઓ), શાંતિ (થાઓ)[૫] આ એટલે તત્પદનો લક્ષ્યાર્થ જે નિરૂપાધિક ચેતન તે પૂર્ણ એટલે નિરતિશય વ્યાપક છે. આ એટલે ત્વં (જીવ) પદનો લક્ષ્યાર્થ જે અવિદ્યારૂપ ઉપાધિથી રહિત ચેતન તે પણ બ્રહ્મરૂપ હોવાથી નિરતિશય વ્યાપક છે. પૂર્ણ એટલે કારણબ્રહ્મથી (માયા વિશિષ્ટ ચેતનથી) પૂર્ણ એટલે કાર્યબ્રહ્મ (સૂક્ષ્મ શરીરોની સમષ્ટિરૂપ વિશેષણવાળું) ચેતન ઉત્કૃષ્ટ એટલે વિશેષ સ્પષ્ટ થાય છે, ને તેનાથી વિરાટ્ વધારે સ્પષ્ટ થાય છે. પૂર્ણ એટલે કાર્યબ્રહ્મના, અસ્તિ ભાતિને પ્રિયરૂપ પૂર્ણભાવને લઈને આત્યંતિક પ્રલયના જ્ઞાન વડે થનારા કારણ સહિત કાર્યના લયના – સમયમાં પૂર્ણ એટલે સચ્ચિદાનંદ જ અવશેષ રહે છે. આ શાંતિપાઠમાં ત્રણે કાલમાં પરમ શાંતરૂપ જે બ્રહ્મ છે તેનું સ્વરૂપ સમજાવી સ્મરણ કરવામાં આવ્યું છે. ૐ शान्तिः शान्तिः शान्तिः ॥ એમાં ૐ એ શબ્દ વડે સગુણ–નિર્ગુણ બ્રહ્મના નામનું કથન છે, અને ત્રણવાર शान्तिः ના ઉચ્ચારણથી આ ઉપનિષદ્‌નું અધ્યયન કરનારાઓની, પોતાના સ્થૂલ શરીરના, સૂક્ષ્મ શરીરના અને કારણ શરીરના જવરોની અથવા આધ્યાત્મિકાદિ ત્રણ તાપોની નિવૃત્તિ કરવા માટે દયાળુ પરમાત્મા પ્રતિ પ્રાર્થના છે. ગુણવંત શાહ કહે છે કે...,

કલનશાસ્ત્ર (કેલક્યુલસ) માં એક બાજુએ શૂન્ય (Zero) અને બીજી બાજુએ અનંત (infinity) હોય છે. અને આ બંનેની વાત કરવામાં આવે છે, 'limits' (લક્ષ) ના નામે ! દુનિયાની બીજી કોઈ ભાષામાં શૂન્ય (Zero) અને અવકાશ (Space) ભેગાં મળીને 'શૂન્યાવકાશ' જેવો સમાસ બનાવતાં નથી. શૂન્યની શોધ એ ભારતીય પરંપરાનું મહાન પ્રદાન છે. આપણે ત્યાં (Nothingness) ની પ્રતિષ્ઠા સદીઓ જૂની છે. 'મૈત્રી ઉપનિષદ્' માં આત્માના બે લક્ષણો ગણાવ્યાં : શૂન્ય અને અનંત. કઠોપનિષદ્‌માં 'अणोरणीयान्' શબ્દો શૂન્યતાનો મહિમા કરનારા અને 'महतोमहीयान्' શબ્દો અનંતતાનો મહિમા કરનારા છે. આત્મા અણુથીય નાનો અને મહાનથી પણ મહાન છે. અનંત (infinity) ની પ્રાપ્તિ માટે શૂન્ય (Zeroness) ની સાધના કરવી પડે. અહંશૂન્ય થયા વગર આત્મભાવની અનંતતા પ્રાપ્ત થાય ખરી ? ગણિતની ભાષામાં કહેવું હોય તો કહી શકાય કે :

o + oo = ૐ

શૂન્યતા + અનંતતા = બ્રહ્મ

अणोरणीयान् + महतोमहीयान् = બ્રહ્મ

અહંભાવની શૂન્યતા + આત્મભાવની અનંતતા = બ્રહ્મનિર્વાણ.

શ્વેતાશ્વેતર ઉપનિષદ્‌માં કહ્યું છે : "વાળના છેડાના સોમા ભાગના પણ સોમા ભાગ જેટલા એ જીવને જાણવો. એ જીવ જ અનંત થવાને સમર્થ છે."[૬]

ઈશોપનિષદ્ કહે છે કે, સુવર્ણમય પાત્ર વડે બ્રહ્મનું દ્વાર ઢાંકેલું છે તેને હે સૂર્ય ! આપ સત્ય ધર્મનું અનુષ્ઠાન કરનારાના જ્ઞાન માટે દૂર કરો.[૭] આ સંદર્ભમાં શ્રીમન્નથુરામશર્મા કહે છે કે, માધ્યંદિન શાખામાં આ મંત્ર સત્તરમી કંડિકારૂપે પણ ત્યાં તેનું ઉત્તરાર્ધ ભિન્ન છે. ત્યાં ઉત્તરાર્ધમાં "यास्सावादित्ये पुरुषः सोऽसावहम् ।। ॐ खं ब्रह्म ।।" એવો પાઠ છે. ઉત્તરાર્ધથી પૂર્વાધનો સંબંધ મેળવતાં તેનો આ પ્રમાણે અર્થ આપ્યો છે. સુવર્ણના જેવા પાત્ર વડે આદિત્યમાં રહેલા બ્રહ્મનું સ્વરૂપ આચ્છાદિત છે. આદિત્યમાં જે આ પુરુષ છે તે આ હું છું. ૐ એ નામ વડે વાચ્ય અને આકાશના જેવું વ્યાપક જે બ્રહ્મ છે તે હું છું. તેઓ કહે છે કે માધ્યંદિન શાખાના પાઠની આ કંડિકા આદિત્યમાં રહેલા બ્રહ્મની ઉપાસકે કેવી રીતે, ઉપાસના કરવી જોઈએ તેની બોધક છે.[૮]

ૐ નાં ઉચ્ચારણનું મહત્ત્વ દર્શાવાયું છે જેમ કે, હે બ્રહ્મરૂપ અગ્ને ! સ્મરણ કર, કરેલાનું સ્મરણ કર, હે અગ્ને ! સ્મરણ કર, કરેલાનું સ્મરણ કર.[૯] આ સંદર્ભમાં શ્રીમન્નથુરામ શર્મા કહે છે કે, ૐ એ બ્રહ્મનું નામ છે. ક્રતોની પૂર્વે ૐ ના ઉચ્ચારણ વડે અહીં બ્રહ્મથી અભેદરૂપે અગ્નિનું સ્મરણ કર્યું છે. માધ્યંદિન શાખામાં આ મંત્ર પંદરમી કંડિકારૂપે છે, અને તેમાં "ॐ क्रतो स्मर क्लिबे स्मर कृत ँ स्मर ।।" છે.[૧૦]

તાત્પર્ય એ છે કે, ૐ એ બ્રહ્મનું વાચ્ય છે. ૐ એ બ્રહ્મનું નામ છે. તેથી તેનું સ્મરણ કરવું જોઈએ.

ૐ એમ કહીને અહીં ઉપાસના પ્રમાણે સત્યસ્વરૂપ અગ્નિસંજ્ઞક બ્રહ્મ જ અભેદરૂપથી નિર્દિષ્ટ થયેલ છે; કારણ કે 'ૐ' તેનું પ્રતીક છે. હે ક્રતો ! હે સંકલ્પાત્મક મન ! તું આ વખતે મારું જે સ્મરણીય છે તેનું સ્મરણ કર. હવે આ તેનો સમય આવી પહોંચ્યો છે, તેથી તું સ્મરણ કર. **'क्रतो स्मर कृतं स्मर'** અહીંયા **'स्मर'** સ્મર પદની પુનરુકિત માનાર્થે કરવામાં આવી છે. શાસ્ત્રોમાં પણ 'ૐ' નું ખૂબ જ મહત્ત્વ રહ્યું છે. તેથી તો કહ્યું છે કે :

**"**ओमकारं बिन्दु संयुक्त नित्यं ध्यायंति योगीन ।
कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः ।।**"**

અર્થાત્ ૐકારની માત્રાઓ, તેનો વેદ, તેની અવસ્થા, તેનો દેવ, તેનો લોક (એટલે રહેવાનું ઠેકાણું), તે કેવો, તેનું રૂપ, તે કોણ, તે કેવો, તે કોનો... આ બાબત ઓમ્‌કારની માત્રાઓનું રહસ્ય જાણવાથી સમજાય છે.[૧૧]

સૌપ્રથમ अ, ऊ, म આ ત્રણ માત્રાઓને જાણી, પછી માયાના સ્વરૂપને જાણવાનું છે. તેને જાણ્યા પછી શૂન્યમાં જવાનું છે. ત્યાં ગયો એટલે યોગી નિર્વાણ પદને પહોંચ્યો, તેની ઓળખવાની ગતિ જૂઓ. હંમેશા તેઓ આનંદમય બની રહે છે.

આમ, તાત્પર્ય એ છે કે, ૐ એ બ્રહ્મનું વાચ્ય છે. ૐ એ બ્રહ્મનું નામ છે. તેથી તેનું સ્મરણ કરવું જોઈએ. બ્રહ્મનું પૂર્ણ પ્રતીક ૐ છે. શૂન્ય પણ ઓમ્‌નો સંકેત છે. શૂન્ય એટલે પણ પૂર્ણતા છે.

## (૩) બૃહદારણ્યકોપનિષદ્ :

શુકલ યજુર્વેદની કાણ્વ–શાખાના વાજસનેયિ બ્રાહ્મણ – શતપથબ્રાહ્મણ અન્તર્ગત, આ ઉપનિષદ્ છે. બૃહત્ (મોટું) અને આરણ્યક (વનમાં) વિકસિત થવાના કારણે એને ‘બૃહદારણ્યક’ કહેવામાં આવે છે. એમાં છ અધ્યાય છે. તથા પ્રત્યેક અધ્યાયમાં બ્રાહ્મણ છે. પ્રથમ અધ્યાયમાં છ બ્રાહ્મણ છે.

પ્રથમ અધ્યાયના ત્રીજા બ્રાહ્મણમાં ઉદ્‌ગીથવિદ્યાની આખ્યાયિકા રજૂ કરવામાં આવી છે. જેમ કે, પ્રજાપતિના પુત્રોના બે વર્ગ હતા – દેવતા અને અસુર. એમાં દેવતા ઓછા અને અસુર મોટી સંખ્યામાં હતા. વિભિન્ન લોકોમાં વસતાં, તેઓ પરસ્પર પ્રતિસ્પર્ધા કરવા લાગ્યા. દેવતાઓએ નિશ્ચય કર્યો કે, આપણે યજ્ઞમાં ‘ઉદ્‌ગીથ’ દ્વારા અસુરોનો સામનો કરીએ. તદુપરાંત દેવોએ ઉદ્‌ગીથ ગાન હેતુ, વાણીના અભિમાની દેવતા વાક્‌ને નિવેદન કર્યું. એમના નિવેદનનો સ્વીકાર કરીને વાકે ઉદ્‌ગીથ પાઠ કર્યો. એણે પોતાના ભોગને દેવતાઓ માટે ગાયો અને પોતાના માટે શુભ વચનોનું ગાન કર્યું, જેથી અસુર જાણી ગયા કે, દેવગણ ઉદ્‌ગાતાના માધ્યમથી અમારી ઉપર આક્રમણ કરશે. તેથી એમણે વાક્‌ની પાસે જઈને, પાપથી વીંધી દીધો. વાક્ નિષિદ્ધ વચન જ વસ્તુતઃ પાપ છે. ત્યારે દેવોએ પ્રાણને કહ્યું કે, આપ અમારા માટે, ઉદ્‌ગાતા બની જાવ. પ્રાણે ‘તથાસ્તુ’ કહીને, એનો સ્વીકાર કરી લીધો અને ઉદ્‌ગીથ ગાયન સંપન્ન કર્યું. એણે (પ્રાણે) પ્રાણતત્ત્વના ભોગને દેવતાઓ માટે અને જે શ્રેષ્ઠ ગંધને એ સૂંઘે છે, એને પોતાના માટે ગાયું. અસુરોને જાણ થઈ ગઈ કે, દેવતા પ્રાણરૂપ ઉદ્‌ગાતા દ્વારા અમારું અતિક્રમણ કરશે. તેથી તેઓ પ્રાણની પાસે ગયા અને એને પાપથી વીંધી દીધો. પ્રાણ (પ્રાણશકિત) જે અનુપયુકત અથવા નિષદ્ધને સૂંઘે છે, એ જ પાપ છે. ત્યારે દેવોએ, ચક્ષુને ઉદ્‌ગીથ ગાન કરવા માટે નિવેદન કર્યું. એને સ્વીકારીને ચક્ષુ ઈન્દ્રિયે ઉદ્‌ગીથ ગાન કર્યું. ચક્ષુમાં રહેલ ભોગ સામર્થ્યને એણે દેવો માટે ગાયું. અને એમાં જે શુભ દર્શનનો ગુણ છે, એને પોતાના માટે ગાયું. આ તથ્યને અસુરગણ જાણી ગયા કે દેવતા ચક્ષુરૂપ ઉદ્‌ગાતા દ્વારા અમારા ઉપર અતિક્રમણ કરશે, ત્યારે અસુરોએ ચક્ષુની પાસે જઈને (આક્રમણ કરીને) એને પાપથી વીંધી નાખ્યાં. નેત્રેન્દ્રિય જે અનુચિતને જૂએ છે, એ જ પાપ છે. ત્યારપછીથી દેવતાઓએ શ્રોત્રને કહ્યું

કે, આપ અમારા માટે ઉદ્દ્ગાન કરો. શ્રોત્રે સ્વીકાર કરીને દેવો માટે ઉદ્દ્ગાન કર્યું. શ્રોત્રેન્દ્રિયના ભોગને એણે દેવતાઓ માટે અને એ જે શુભ સાંભળે છે એને પોતાના માટે ગાયું. અસુર એ જાણી ગયા કે શ્રોત્રરૂપ ઉદ્દ્ગાતા દ્વારા દેવતા અમારી ઉપર આક્રમણ કરશે, ત્યારે તેમણે શ્રોત્ર ઉપર આક્રમણ કર્યું. અને એને પાપરૂપી અસ્ત્રની વીંધી દીધા. અનુચિત અને અનુપયુકત સાંભળવું જ પાપ છે. ત્યારબાદ દેવતાઓએ મનને ઉદ્દ્ગાન કરવાની પ્રાર્થના કરી, મને એનો સ્વીકાર કરી લીધો અને ઉદ્દ્ગાન સંપન્ન કર્યું. મનના ભોગોને એણે દેવતાઓ માટે અને એના શુભ સંકલ્પોનું, પોતાના માટે ગાન કર્યું. એનાથી અસુરોને જાણ થઈ ગઈ કે, દેવગણ મનરૂપ ઉદ્દ્ગાતા દ્વારા અમારા ઉપર આક્રમણ કરશે. ત્યારે એમણે (અસુરોએ) મન ઉપર આક્રમણ કરીને, એને પાપથી વીંધી નાખ્યું. અનુપયુકત અને અશુભ સંકલ્પ કરવા એ જ પાપ છે. તેથી દેવગણ પાપનો સંસર્ગ મેળવીને અસુરો દ્વારા પાપથી વીંધાયા. ત્યારે દેવોએ પોતાના મુખમાં રહેનારા પ્રાણને નિવેદન કર્યું કે, આપ અમારા માટે ઉદ્દ્ગીથ પાઠ કરો. મુખમાં રહેલ પ્રાણે, એ પ્રાર્થનાનો સ્વીકાર કરી લીધો અને ઉદ્દ્ગાન કર્યું. જ્યારે અસુરોએ એ જાણ્યું કે દેવતા (પ્રાણરૂપ) ઉદ્દ્ગાતા દ્વારા અમારી ઉપર આક્રમણ કરશે ત્યારે એમણે પ્રાણની પાસે જઈને, એને પણ પાપથી વીંધવાનો પ્રયત્ન કર્યો, પરંતુ માટીના ઢેફાંનું પથ્થરથી ટકરાવાથી જેમ છિન્ન–ભિન્ન બની જવાય છે એમ એ અસુરગણ મુખમાં રહેલા પ્રાણ સાથે ટકરાઈને વિભિન્ન રીતે છિન્ન–ભિન્ન થઈ જઈને, ધ્વસ્ત ગઈ ગયા. આ રીતે દેવગણ વિજયી અને અસુરગણ પરાજિત થયા. જે આ તથ્યને આ રીતે જાણે છે, એ શત્રુને હરાવી જાતે જ વિજયી બને છે.[૧૨]

ૐકારનું ઉદ્દ્ગીથરૂપે વર્ણન કરાયું છે જેમ કે, આ પ્રાણ જ ઉદ્દ્ગીથ છે. જેથી પ્રાણે આ સર્વ જગત્ ઉંચે ધારણ કર્યું છે તેથી પ્રાણ જ ઉત્ છે, ને વાણી ગાય છે તેથી વાણી જ ગીથા છે. ઉત્‌ને ગીથા એમ બન્ને મળીને તે ઉદ્દ્ગીથ છે, ને તે બન્ને શબ્દ વડે વાચ્ય પ્રાણ જ છે.[૧૩]

તાત્પર્ય છે કે ઉદ્દ્ગીથ જ પ્રાણ છે.

હવે પછી ખિલકાંડમાં ૐકારનું મહત્ત્વ વર્ણવાયું છે જેમ કે, હવે ૐકારના આલંબનપણા વડે બ્રહ્મનું ધ્યાન કહે છે – ૐકાર ખ રૂપ પ્રાચીન વા આકાશ અવચ્છિન્નરૂપ બ્રહ્મ છે એમ ધ્યાન કરવા યોગ્ય છે. ખ શબ્દનો અર્થ પ્રાચીન છે. જેમાં વાયુ રહે છે તે ભૌતિક આકાશ ખ છે એમ પ્રસિદ્ધ કૌરવ્યાયણી પુત્ર કહેતા હતા. આ ૐકાર વેદ છે એમ બ્રહ્મવેતાઓ જાણતા હતા, જેમ કે, જે જ્ઞાતવ્ય બ્રહ્મ છે તે આ ૐકાર વડે જિજ્ઞાસુ જાણે છે. પ્રસિદ્ધ વેદનું વેદપણું પણ જ્ઞાનના હેતુપણાથી જ છે.[૧૪]

તાત્પર્ય એ છે કે, ૐકાર જ બ્રહ્મનું આલંબન છે. સર્વ ઉપાસનાના અંગભૂત ૐકાર જ છે.

અધ્યાય – ૫ ના સાતમા બ્રાહ્મણમાં વિદ્યુત્‌નું વર્ણન છે. "વિદ્યુત્ જ (પ્રકાશ સ્વરૂપ) બ્રહ્મ છે, એ રીતે (ઘણું કરીને) લોકો કહે છે. પાપોનું ખંડન અથવા વિનાશ કરવામાં સક્ષમ હોવાથી, બ્રહ્મ જ વિદ્યુત (પ્રકાશ) સ્વરૂપ છે. જે વ્યકિત 'વિદ્યુત્ બ્રહ્મ' છે, એવું જાણે છે, એનાં પાપોનું આ વિદ્યુત્‌બ્રહ્મ શમન કરી દે છે, કારણ કે પ્રકાશના રૂપમાં, વિદ્યુત્ જ બ્રહ્મ છે."[૧૫]

વિદ્યુત્ એ પણ ૐકારનું નામ છે.[૧૬] અધ્યાય પાંચના આઠમા બ્રાહ્મણમાં કહ્યું છે કે, "વાણીની કામધેનુ ગાયની જેમ ઉપાસના કરો. એ ગાયના સ્વાહાકાર, વષટકાર, હન્તકાર તથા સ્વધાકાર, એ ચાર સ્તન છે. એના બે સ્તન સ્વાહાકાર અને વષટકારથી, દેવતાઓની જીવિકા ચાલે છે, હન્તકારથી મનુષ્ય જીવન મેળવે છે તથા સ્વધાકારથી, પિતૃગણ જીવિત રહે છે. એ વાણીરૂપી ધેનુ માટે, પ્રાણ જ વૃષભ છે અને મન જ વત્સ (વાછરડું) છે, અર્થાત્ એ રૂપમાં છે."[૧૭]

તાત્પર્ય એ છે કે, વાણીને કામધેનુ ગાય કહી છે. વાણીની ઉપાસનાનું મહત્ત્વ વર્ણવ્યું છે. ઋગ્વેદમાં પણ વાણીનું વર્ણન કરાયું છે.[૧૮]

અધ્યાય – ૬ ના પંદરમાં બ્રાહ્મણમાં ૐકારનું વર્ણન કરવામાં આવ્યું છે. જેમ કે, સત્યરૂપી બ્રહ્મનું મુખ, જ્યોતિર્મય સ્વર્ણપાત્રથી ઢંકાએલ છે – આચ્છાદિત છે. હે વિશ્વના પોષક સૂર્યદેવ ! સત્યધર્મના દર્શન માટે, હું એને જોઈ શકું, એટલા માટે આપ એ ઉપરના આવરણને હઠાવી લો. હે પુષન્ ! હે સર્વદષ્ટા ! હે યમ ! હે સૂર્ય ! હે પ્રાજાપત્ય ! આપ આપની રશ્મિઓને સમેટીને તેજને ઓછું કરી દો, જેથી કરીને, આપનું જે અત્યંત કલ્યાણકારીરૂપ છે, એ રૂપને હું જોઈ શકું. આદિત્યમંડળમાં રહેલ આ જે પુરુષ છે, એ અમૃતસ્વરૂપ હું જ છું. પ્રાણવાયુ આ બહારના વાયુને તથા આ શરીર ભસ્માવશેષ થઈને, પૃથ્વીને પ્રાપ્ત કરે. આ અમૃત આત્મા આપને સમર્પિત છે. હે પ્રણવરૂપ વિશ્વકર્તા ! સ્મરણ કરો. મેં જે પણ કર્મ કર્યા છે, એનું સ્મરણ કરો. હે ક્રતુરૂપ ! જે પણ સ્મરણ કરવા યોગ્ય છે એનું સ્મરણ કરો. કરેલા કૃત્યોનું સ્મરણ કરો. હે અગ્નિદેવ ! આપ અમોને કર્મફળની પ્રાપ્તિ માટે, સુંદર પથ લઈ જાવ. હે દેવ ! આપ અમારા દરેક કર્મોને જાણનારા છો. અમારા કુટિલ પાપોને દૂર કરો. અમો આપને વારંવાર નમન કરીએ.[૧૯]

આ શ્રુતિવાક્યનું તાત્પર્ય એ છે કે, પ્રણવરૂપનું જ વારંવાર સ્મરણ કરવું જોઈએ. ઈશાવાસ્યોપનિષદ્‌માં પણ આ જ બાબત વર્ણવાયેલી છે.[૨૦]

આ ઉપનિષદમાં અધ્યાય – ૬ માં બ્રાહ્મણ – ૫ માં બાળકના જાતકર્મ સંસ્કારનું વર્ણન કરાયું છે. જેમ કે, "સ્વિષ્ટકૃત હોમ પછીથી પિતા શિશુના જમણાં કાનને, પોતાના તરફ કરી, એમાં ત્રણવાર

'વાક્, વાક્' કહે. ત્યારબાદ ઘી, દહીં અને મધ એકઠું કરીને એને સોનાથી બનેલા ચમચામાં લઈ શિશુને ચટાડે. ચટાડતી વખતે કહો કે – હું તને ભૂઃ, ભુવઃ અને સ્વઃ માં પ્રતિષ્ઠિત કરું છું. ત્યારબાદ એ શિશુનું નામકરણ કરો. તું 'વેદ' છે – એવું કહો – વેદ જ એ બાળકનું ગુહ્ય નામ હોય છે.[૨૧]

વાક્ ઋગ્વેદમાં પણ વર્ણવાયેલ છે.[૨૨] વેદ પણ ૐકારની એક સંજ્ઞા જ છે.[૨૩]

જેના પરથી સ્પષ્ટ થાય છે કે, ઉદ્‌ગીથ, વાક્, વેદ વગેરે રૂપે ૐ નું જ વર્ણન છે.

## (૪) કઠોપનિષદ્ :

આ ઉપનિષદ્ કૃષ્ણયજુર્વેદની કઠશાખા અંતર્ગત છે. એમાં બે અધ્યાય અને પ્રત્યેકમાં ત્રણ–ત્રણ વલ્લીઓ છે. જેમાં વાજશ્રવાના પુત્ર નચિકેતા અને યમની વચ્ચે થયેલા સંવાદનું સુપ્રસિદ્ધ ઉપાખ્યાન છે.

કઠોપનિષદ્‌ના પ્રથમ અધ્યાયમાં આવતી નચિકેતા–કથામાં જણાવ્યા પ્રમાણે નચિકેતાને યમે ત્રણ વર માંગવાનું કહયું; અને નચિકેતાએ પ્રથમ વરદાનમાં પિતૃ – પરિતોષ અને દ્વિતિય વરદાનમાં સ્વર્ગના સાધનભૂત એવા અગ્નિના ઉપદેશની યાચના કરી આના ઉત્તરમાં યમે અગ્નિના જ્ઞાનનો તથા યજ્ઞફલનો ઉપદેશ કરી નચિકેતાને તૃતીય વરદાન માંગવા કહ્યું ત્યારે નચિકેતાએ તૃતીય વરદાનમાં યમ સમક્ષ આત્મજ્ઞાનનો ઉપદેશ કરવાની માંગણી કરી. યમે પ્રેય–સંબંધી ઘણાં પ્રલોભનો આપ્યા, છતાં નચિકેતાએ આત્મસ્વરૂપનો ઉપદેશ કરવાની પુનઃયાચના કરી ત્યારે યમે ઓંકારની ઉપાસનાનું વિસ્તૃત નિરૂપણ કરી ઓંકારની સ્તુતિ કરી.

કઠોપનિષદ્‌માં नमस्तेऽस्तु ब्रह्मन् स्वस्ति मे । (કઠોપનિષદ્ : ૧–૧–૯) માં જણાવ્યું છે કે, પરમાત્માનું ૐ અક્ષર સાથે સ્મરણ કરો. અજ્ઞાનમય અંધકારથી પરે ભવસાગરના પાર થવાથી તમારું કલ્યાણ થાય. અહીં स्वस्ति શબ્દનો પ્રયોગ થયો છે.

અહીં કઠોપનિષદ્ કહે છે કે, સર્વે વેદો પ્રાપ્ત કરવા યોગ્ય જે પદને મતભેદ વિના પ્રતિપાદન કરે છે, અને સર્વે તપો યા કર્મો ચિત્તશુદ્ધિ દ્વારા જેની પ્રાપ્તિને માટે કહે છે, તથા જેને ઈચ્છનારા બ્રહ્મવિદ્યાના અંગભૂત એવા બ્રહ્મચર્યને આચરે છે, તે પદને તારા પ્રતિ હું સંક્ષેપથી કહું છું. આ પદ ઓમ્ એટલે ઓમ્ શબ્દનું વાચ્ય તથા ઓમ્ શબ્દરૂપ, પ્રતીકવાળું છે.[૨૪] આનું તાત્પર્ય એ છે કે, જે શબ્દનું ઉચ્ચારણ કરવાથી જે વસ્તુ સ્ફુરે છે, તે તેનું વાચ્ય છે. અર્થાત્ એકાગ્રચિત્તવાળા પુરુષોને ઓમકારનો વિચાર કરવાથી વિષયના સંબંધથી રહિત જે જ્ઞાન સ્ફુરે છે, તે તેનું વાચ્ય છે. તેથી ઓમ્‌કારનો

આશ્રય કરીને તેનું વાચ્ય–બ્રહ્મ હું છું એમ ધ્યાન કરે. તેમાં જે અસમર્થ હોય તે પ્રતીકરૂપ ઓમ્ શબ્દ વિષે જ બ્રહ્મદ્રષ્ટિ કરે.

આ સંદર્ભમાં પ્રતીકની વ્યાખ્યા કરતા શ્રી મન્નથુરામશર્મા જણાવે છે કે, ‘‘ધ્યેયવસ્તુની ભાવનાથી શાસ્ત્રોકત રીતે જે અન્ય વસ્તુનું ધ્યાન કરવામાં આવે તે વસ્તુ ‘પ્રતીક’ કહેવાય છે. અહીં સગુણ યા નિર્ગુણ બ્રહ્મના સ્વરૂપનું ગ્રહણ નહિ થયે આ ‘ઓમ્ અક્ષર બ્રહ્મ છે’ એમ તેની ભાવનાથી ઓમ્ અક્ષરનું ધ્યાન કરવામાં આવે છે, તેથી આ ઓમ્ અક્ષર પ્રતીકરૂપ છે.’’[૨૫]

ઓમ્કારની સ્તુતિ કરતા ઋષિ આગળ જણાવે છે કે, આ પ્રસિદ્ધ ઓમ્ અક્ષર જ અપર યા સગુણબ્રહ્મ પણ છે. તે બંને બ્રહ્મના પ્રતીકરૂપ આ ઓમકાર અક્ષરની બ્રહ્મરૂપે ઉપાસના કરીને જે પુરુષ જેને એટલે કે સગુણબ્રહ્મને યા નિર્ગુણબ્રહ્મને ઈચ્છે છે, તેને તે પ્રાપ્ત થાય છે.[૨૬] આનું તાત્પર્ય એ કે, આ બેમાંથી જો તે પરબ્રહ્મને ઈચ્છે તો તે જ્ઞાનસ્વરૂપ થાય છે, અને જો અપરબ્રહ્મને ઈચ્છે તો તે પ્રાપ્તવ્યરૂપ થાય છે.

કઠોપનિષદ્માં આગળ જણાવી દીધું છે કે, સર્વ ભૂતોમાં રહેલો ગૂઢ આત્મા પ્રકાશિત થતો નથી. સૂક્ષ્મદર્શી લોકો અગ્ર અને સૂક્ષ્મ બુદ્ધિ વડે તેને જોઈ શકે છે.

આપણા હૃદયમાં જ પરમાત્મા છે પણ આપણે તેને જોઈ શકતા નથી. કારણ કે, આપણી બુદ્ધિ સ્થૂળ થઈ ગઈ છે. એ બુદ્ધિને સૂક્ષ્મ અને એકાગ્ર બનાવવાની જરૂર છે, એને માટે અંતઃકરણ શુદ્ધિની, અંતઃકરણ નૈશ્ચલ્યની જરૂર છે. એ સ્થિતિને પ્રાપ્ત કરવા કઠોપનિષદ્ કહે છે કે, આ ઓમ્કારરૂપ આલંબન શ્રેષ્ઠ છે. આ ઓમ્કારરૂપ આલંબન પરબ્રહ્મ તથા અપરબ્રહ્મને વિષય કરનાર હોવાથી પરરૂપ તથા અપરરૂપ છે. આ આલંબનને જાણીને પુરુષ પરબ્રહ્મરૂપ વા અપરબ્રહ્મરૂપ બ્રહ્મલોકમાં મહિમાન્વિત થાય છે.[૨૭]

પરબ્રહ્મ અને અપરબ્રહ્મના આલંબનપણા વડે તથા પ્રતીકપણા વડે ઓમ્કારની ઉપાસના એટલા માટે જરૂરી છે કે મંદ અને મધ્યમ કક્ષાના અધિકારીઓ માટે આ ઓમ્કાર એ પોતાની બુદ્ધિ સૂક્ષ્મ અને એકાગ્ર બનાવવા માટે શ્રેષ્ઠ સાધન છે – આલંબન યા આધાર છે. કોઈ વસ્તુનો આધાર લઈને આપણે આપણા અંતઃકરણને સૂક્ષ્મ, એકાગ્ર બનાવી શકીએ જેથી એ પરબ્રહ્મરૂપી લક્ષ્યને ભેદી શકે, તેની સાથે તન્મય થઈ શકે. આ ઓમ્કાર એ આલંબન છે. એનું જ્ઞાન પ્રાપ્ત કરીને, એટલે કે ઓમ્કારમાં જે અર્થ સમાયેલો છે એ પરબ્રહ્મનું સ્ફુરણ થાય ત્યારે મનુષ્ય બ્રહ્મલોકમાં એટલે કે બ્રહ્મજ્ઞાનમાં પ્રતિષ્ઠિત થાય છે.

આ બાબત વિચારસાગરમાં પણ રજૂ થઈ છે જેને જોઈએ તો વધુ સ્પષ્ટ થાય છે.

વિચારસાગરમાં ઓમ્કારની ઉપાસનાનું મહત્ત્વ આ પ્રમાણે રજૂ થયું છે. જેમ કે...,

“ધ્યાન અહંગ્રહ પ્રણવરૂપ કહ્યું સુરેશ્વર શ્રુતિ અનુસાર;
અક્ષરંપ્રણવ બ્રહ્મ મમર્રૂપ તે, ઈમ અનુભવ નિજમતિગતિ ધાર;
એના સમાન અન્ય ધ્યાન નહિ; પંચીકરણપ્રકાર વિચાર;
જે મુનિ કરે ઉપાસન એ તે નાશે દ્રુત સંસાર અપાર – ૧૬૮.

મનસુખરામ સૂર્યરામ ત્રિપાઠી કહે છે કે, અર્થાત્, હે શિષ્ય ! ‘પ્રણવરૂપ’ નામ ૐકાર સ્વરૂપનું અહંગ્રહધ્યાન, માંડૂકયપ્રશ્ન વગેરે શ્રુતિ અનુસાર સુરેશ્ચરાચાર્યે કહ્યું છે, તે તું કર. તેનો સંક્ષેપથી પ્રકાર આ છે – પ્રણવ અક્ષર બ્રહ્મસ્વરૂપ છે ‘તે પ્રણવરૂપ બ્રહ્મ હું છું. એ રીતે ‘અનુભવ’ નામ ક્ષણમાત્ર અંતરાયરહિત નિજમતિની ‘ગતિ’ નામ વૃત્તિ, ધાર, સ્થિત કર. એના સમાન અન્ય ધ્યાન છે નહિ. અને એ ધ્યાનનો પ્રકાર નામ વિશેષરીતિ સુરેશ્વરકૃત પંચીકરણ નામના ગ્રંથે કરી વિચાર. પછી પ્રણવ ૐ ઉપાસનાની પદ્ધતિ માટે કહ્યું છે કે, યદ્યપિ પ્રણવ ઉપાસના ઘણાં ઉપનિષદ્‌ોમાં છે; તો પણ માંડૂકયોપનિષદ્‌માં વિશેષ છે. તેના વ્યાખ્યાનમાં ભાષ્યકાર અને આનંદગિરિએ તેની પદ્ધતિ સ્પષ્ટ લખી છે. તે જ પદ્ધતિ વાર્તિકકારે સુરેશ્વરાચાર્યે પંચીકરણમાં લખી છે. તો પણ તે ગ્રંથના વિચારોમાં જેમની બુદ્ધિ સમર્થ છે નહિ, તેમને માટે પ્રણવ ઉપાસનાની પદ્ધતિ અમે લખીએ છીએ. તેમ વિચારસાગરમાં જણાવતાં આગળ કહ્યું છે કે, બે પ્રકારે પ્રણવનું ચિંતન ઉપનિષદ્‌માં કહ્યું છે; એક તો પરબ્રહ્મરૂપે પ્રણવનું ચિન્તન કહ્યું છે; અને બીજું અપરબ્રહ્મરૂપે કહ્યું છે. નિર્ગુણબ્રહ્મને પરબ્રહ્મ કહે છે; અને સગુણ બ્રહ્મને અપરબ્રહ્મ કહે છે. પરબ્રહ્મરૂપે પ્રણવનું ચિન્તન કરે તે મોક્ષને પ્રાપ્ત થાય છે અને અપરબ્રહ્મથી પ્રણવનું ચિન્તન કરે તે બ્રહ્મલોકને પ્રાપ્ત થાય છે એમ નિર્ગુણ સગુણ ભેદથી પ્રણવ ઉપાસના બે પ્રકારની છે.

નિર્ગુણ સ્વરૂપ પ્રણવ ઉપાસનાની જ પદ્ધતિ તેમણે વર્ણવી છે. તેમાં કહ્યું છે કે, નિર્ગુણ ઉપાસનાની પદ્ધતિ લખીએ છીએ સગુણની નહિ. કેમ કે, જેને બ્રહ્મલોકની કામના હોય તેને નિર્ગુણ ઉપાસનાથી પણ (બ્રહ્મલોકની) કામનારૂપ પ્રતિબંધકથી જ્ઞાન દ્વારા તત્કાલ મોક્ષ થાય નહિ, કિન્તુ બ્રહ્મલોકની જ પ્રાપ્તિ થાય છે. ત્યાં હિરણ્યગર્ભના સમાન ભોગોને ભોગવીને જ્ઞાન થાય ત્યારે મોક્ષ થાય અને જેને બ્રહ્મલોકની કામના નહિ હોય તેને આ લોકમાં જ જ્ઞાન થઈને મોક્ષ થાય છે. એ રીતિએ સગુણ ઉપાસનાનું ફળ પણ નિર્ગુણ ઉપાસનાને અંતર્ભૂત છે એથી નિર્ગુણ ઉપાસનાનો પ્રકાર કહીએ છીએ. જે કંઈ કારણકાર્યવસ્તુ તે ૐકાર સ્વરૂપ છે; એથી સર્વરૂપ ૐકાર છે. સર્વ પદાર્થોમાં નામરૂપ બે ભાગ છે. ત્યાં રૂપભાગ

પોતપોતાના નામભાગથી જૂદો નથી, કિન્તુ નામસ્વરૂપ જ રૂપભાગ છે. કેમ કે, પદાર્થનું 'રૂપ' નામ આકાર, તેનું નામવતે નિરૂપણ કરીને ગ્રહણ અથવા ત્યાગ થાય છે, નામ જાણ્યા વિના જીવને સંસારના વ્યવહાર સિદ્ધ થાય નહિ, એથી નામ જ સાર છે અને આકારનો નાશ થયેથી પણ નામ શેષ રહે છે. જેમ ઘરનો નાશ થવાથી મૃત્તિકા શેષ રહે છે, ત્યાં ઘર મૃત્તિકાથી પૃથક વસ્તુ નથી, મૃત્તિકા સ્વરૂપ છે; તેમ આકારનો નાશ થવાથી મૃત્તિકા શેષ રહે છે જે નામ, તેથી આકાર પૃથક્ નથી, – નામ સ્વરૂપ જ આકાર છે. પરંતુ અથવા જેમ ઘટશરાવ આદિમાં મૃત્તિકા અનુગત છે, ઘટશરાવ આદિ પરસ્પર વ્યભિચારી છે; તેથી ઘટશરાવ આદિ મિથ્યા, તેઓમાં અનુગત મૃત્તિકા સત્ય છે; તેમ ઘટ આકાર અનેક છે તે સર્વનું 'ઘટ' એ બે અક્ષરનું નામ એક છે; તે આકાર પરસ્પર વ્યભિચારી અને સર્વ ઘટના આકારમાં નામ એક અનુગત છે; એથી મિથ્યા આકાર સત્ય નામથી પૃથક્ નથી એ પદ્ધતિએ સર્વ પદાર્થોનો આકાર પોતપોતાના નામથી ભિન્ન નથી, પરંતુ નામસ્વરૂપ જ આકાર છે. તે સર્વ નામ ૐકારથી ભિન્ન નથી, પરંતુ ૐકાર સ્વરૂપ જ નામ છે. કેમ કે, વાચક શબ્દને નામ કહે છે, અને લોકવેદના સર્વ શબ્દ ૐકારથી ઉત્પન્ન થયા છે, એ શ્રુતિમાં પ્રસિદ્ધ છે. સંપૂર્ણ કાર્ય, કારણસ્વરૂપ હોય છે, એથી ૐકારના કાર્ય બે વાચક શબ્દરૂપ નામ તે ૐકાર સ્વરૂપ છે. એ પદ્ધતિએ રુપભાગ બે પદાર્થોનો આકાર તે તો નામ સ્વરૂપ છે, અને સર્વનામ ૐકાર સ્વરૂપ છે. એથી સર્વ સ્વરૂપ ૐકાર છે.

ૐકાર અને બ્રહ્મનો અભેદ સમજાવતાં તેમાં કહ્યું છે કે, જેમ સર્વસ્વરૂપ ૐકાર છે, તેમ સર્વસ્વરૂપ બ્રહ્મ છે; એથી ૐકાર બ્રહ્મરૂપ છે. પરંતુ ૐકાર બ્રહ્મનો વાચક છે, બ્રહ્મ વાચ્ય છે. વાચ્યનો અને વાચકનો અભેદ હોય છે. એથી પણ ૐકાર બ્રહ્મરૂપ છે અને વિચાર દષ્ટિથી ૐ અક્ષર બ્રહ્મ વિશે અધ્યસ્ત છે, બ્રહ્મ તેનું અધિષ્ઠાન છે. અધ્યસ્તનું સ્વરૂપ અધિષ્ઠાનથી અન્ય હોય નહિ; એથી પણ ૐકાર બ્રહ્મસ્વરૂપ છે. એથી ૐકારને બ્રહ્મરૂપે કરીને ચિંતન કરવું.

તેમાં બ્રહ્મ અને જીવના ચાર–ચાર પદ દર્શાવતા વિસ્તૃત વર્ણન કરાયું છે. બ્રહ્મરૂપ ૐકારને આત્મા સાથે પણ અભેદ ચિંતન કરવું. કેમ કે, આત્માનો બ્રહ્મ સાથે મુખ્ય સ્વરૂપે અભેદ છે. અને બ્રહ્મને ચાર પાદ છે. તેમ આત્માને પણ ચાર પાદ છે. 'પાદ' નામ ભાગનું છે. તેને જ અંશ પણ કહે છે. વિરાટ્, હિરણ્યગર્ભ, ઈશ્વર અને તત્પદનું લક્ષ્ય ઈશ્વરસાક્ષી, એ ચાર પાદ બ્રહ્મના છે. વિશ્વ, તૈજસ, પ્રાજ્ઞ અને ત્વં પદનું લક્ષ્ય જીવસાક્ષી, એ ચાર પાદ આત્માના છે. જીવસાક્ષીને પણ તુરીય જ કહે છે.

વિરાટ અને વિશ્વના સાત અંગ દર્શાવતાં તેમાં કહ્યું છે કે, સમષ્ટિ સ્થૂલપ્રપંચ સહિત ચેતન વિરાટ્ કહેવાય છે. વ્યષ્ટિ સ્થૂલ છે, એથી વિરાટરૂપ જ વિશ્વ છે, વિરાટ્થી ભિન્ન નથી. વિરાટરૂપ વિશ્વના

સાત અંગ છે, સ્વર્ગ–લોક મૂર્દ્ધા છે, સૂર્ય નેત્ર છે, વાયુ પ્રાણ છે, આકાશ ધડ છે, સમૂદ્રાદિરૂપ જળ મૂત્રસ્થાન છે, પૃથિવી પાદ છે. જે અગ્નિમાં હોમ કરીએ તે અગ્નિ મુખ છે, એ સાત અંગ વિરાટરૂપ વિશ્વના માંડૂકયોપનિષદ્‌માં કહ્યાં છે. યદ્યપિ સ્વર્ગલોકાદિક વિશ્વના અંગ બને નહિ, તો પણ વિરાટના અંગ છે. તે વિરાટ્ સાથે વિશ્વનો અભેદ છે. આથી વિશ્વનાં અંગ કહ્યા છે.

વિરાટરૂપ વિશ્વના મુખની ચર્ચામાં કહ્યું છે કે, તેમ વિરાટ્‌રૂપ વિશ્વના ઓગણીશ મુખ છે – પંચપ્રાણ, પંચકર્મેન્દ્રિય, પંચજ્ઞાનેન્દ્રિય, ચાર અંતઃકરણ; એ ઓગણીશમુખની પેઠે, ભોગનાં સાધન છે. એથી મુખ કહેવાય છે. એ ઓગણીશથી, સ્થૂળ શબ્દાદિકોને, બાહ્યવૃત્તિ કરીને જાગ્રત અવસ્થા વિશે, ભોગવે છે. એથી વિરાટરૂપ વિશ્વ, સ્થૂળનો ભોકતા, અને બાહ્યવૃત્તિ કહેવાય છે, અને જાગ્રત અવસ્થાવાળો કહેવાય છે.

પ્રાણાદિક ઓગણીશ બે ભોગનાં સાધન છે, તેઓમાં શ્રોત્રાદિક (દશ) ઈન્દ્રિય, અને અંતઃકરણ ચાર, એ ચતુર્દશ પોતપોતાના વિષય અને પોતપોતાના દેવતાનું સાહાય્ય ઈચ્છે છે. દેવતા અને વિષયના સહાય વિના કેવળ એઓથી ઈન્દ્રિયો અને અંતઃકરણ મળી ચતુર્દશથી ભોગ થાય નહિ. એથી પંચપ્રાણ અને ચતુર્દશથી ભોગ થાય નહિ. એથી પંચપ્રાણ અને ચતુર્દશથી ભોગ થાય નહિ. એથી પંચપ્રાણ અને ચતુર્દશત્રિપુટી (ઈંદ્રિયો અંતઃકરણાદિ ૧૪ + તેમના વિષય ૧૪ + તેમના દેવતા ૧૪ એમ કરી = ૪૨) વિરાટરૂપ વિશ્વનાં મુખ કહેવાય છે.

(ત્રણના સમુદાયનું નામ ત્રિપુટી છે.) (ઈન્દ્રિય, વિષય અને દેવતાની ચતુર્દશ ત્રિપુટી) તે ત્રિપુટી આ રીતે કહી છે. – શ્રોત્રેન્દ્રિય અધ્યાત્મ છે, અને તેનો વિષય શબ્દ આદ્યભૂત છે, દિશાની અભિમાનીનો દેવતા અધિદૈવ છે. આ પ્રકરણમાં ક્રિયાશકિતવાળાં અને જ્ઞાનશકિતવાળાં ઈન્દ્રિય અને અંતઃકરણ અધ્યાત્મ કહેવાય છે; તેમના વિષયો અધિભૂત કહેવાય છે; અને તેમની સહાયક દેવતા અધિદૈવ કહેવાય છે.

ત્વચા ઈન્દ્રિય અધ્યાત્મ છે, તેનો વિષય સ્પર્શ અધિભૂત છે, અને વાયુતત્ત્વની અભિમાનીની દેવતા અધિદૈવ છે. નેત્ર ઈન્દ્રિય અધ્યાત્મ છે, રૂપ અધિભૂત છે, સૂર્ય અધિદૈવ છે. રસના ઈન્દ્રિય અધ્યાત્મ છે, રસ અધિભૂત છે, વરુણ અધિદૈવ છે. ધ્રાણ ઈન્દ્રિય અધ્યાત્મ છે, ગંધ અધિભૂત છે. અશ્વિનીકુમાર અધિદૈવ છે અને વાક્ ઈન્દ્રિય અધ્યાત્મ છે, વકતવ્ય અધિભૂત છે, અગ્નિદેવતા અધિદૈવ છે. હસ્ત ઈન્દ્રિય અધ્યાત્મ છે, પદાર્થનું ગ્રહણ અધિભૂત છે, અગ્નિદેવતા અધિદૈવ છે. પાદ ઈન્દ્રિય અધ્યાત્મ છે, ગમન અધિભૂત છે, અને વિષ્ણુ અધિદૈવ છે. ગુદા (ગોલોકમાં સ્થિત પાયુ) ઈન્દ્રિય અધ્યાત્મ, મલત્યાગ અધિભૂત, યમ અધિદૈવ છે. ઉપસ્થ ઈન્દ્રિય અધ્યાત્મ, ગ્રામ્યધર્મના સુખની ઉત્પત્તિ અધિભૂત, પ્રજાપતિ

અધિદૈવ છે. મન અધ્યાત્મ છે, મનનો વિષય અધિભૂત છે, ચંદ્રમા અધિદૈવ છે, બુદ્ધિ અધ્યાત્મ છે. બૌદ્ધવ્ય અધિભૂત છે, ચંદ્રમા અધિદૈવ છે. બુદ્ધિ અધ્યાત્મ છે, બૃહસ્પતિ અધિદૈવ છે. જ્ઞાનનો વિષય બૌદ્ધવ્ય કહેવાય છે. અહંકાર અધ્યાત્મ છે, અહંકારનો વિષય અધિભૂત છે, રુદ્ર અધિદૈવ છે. ચિત્ત અધ્યાત્મ છે. ચિંતનનો વિષય અધિભૂત છે, ક્ષેત્રજ્ઞ બે સાક્ષી તે અધિદૈવ છે. એ ચતુર્દશ ત્રિપુટી અને પંચપ્રાણ એ ઓગણીશ વિરાટરૂપ વિશ્વના મુખ છે.

વિશ્વ વિરાટ્ અને ૐકારની માત્રાનું 'अ' અભેદ ચિંતન કરતાં વર્ણવ્યું છે કે, જેમ વિરાટ્ સાથે વિશ્વનો અભેદ છે, તેમ ૐકારની પ્રથમમાત્રા જે અકાર, તેનો પણ વિરાટરૂપ વિશ્વ સાથે અભેદ છે. કેમ કે, બ્રહ્મના ચારે પાદમાં પ્રથમપાદ વિરાટ્ છે, અને આત્માના ચાર પાદમાં પ્રથમ વિશ્વ છે; તેમ ૐકારની ચાર માત્રારૂપ (ચાર) પાદમાં પ્રથમ પાદ અકાર છે, એથી 'પ્રથમતા' ધર્મ એ ત્રણેમાં સમાન હોવાથી, વિશ્વ, વિરાટ્, (અને) અકાર, એમનો અભેદ ચિંતન કરવું.

જે સાત અંગ અને ઓગણીશ મુખ વિશ્વનાં કહ્યાં તે જ સાત અંગ અને ઓગણીશ મુખ તૈજસનાં પણ જાણવાને યોગ્ય છે. પરંતુ આટલો ભેદ છે : વિશ્વનાં જે અંગ અને મુખ છે, તે તો ઈશ્વરરચિત છે; અને તૈજસનાં જે ઈન્દ્રિય, વિષય અને દેવતારૂપ ત્રિપુટી અને મુર્દ્ધાદિક અંત તે મનોમય છે. તૈજસનો ભોગ સૂક્ષ્મ છે. યદ્યપિ ભોગ નામ, સુખ તથા દુઃખના જ્ઞાનનું છે, તેને વિશે સ્થૂળતા અને સૂક્ષ્મતા કહેવી પડે નહિ; તથાપિ બાહ્ય બે શબ્દાદિ વિષય છે, તેઓના સંબંધથી સુખ અથવા દુઃખનો સાક્ષાત્કાર તેને સ્થૂળ (ભોગ) કહેવાય છે અને માનસ જો શબ્દાદિ તેઓના સંબંધથી જે ભોગ થાય તે સૂક્ષ્મ ભોગ કહેવાય છે. એ જ કારણથી વિશ્વ તો સ્થૂળનો ભોકતા શ્રુતિ વિશે કહ્યો છે અને તૈજસ સૂક્ષ્મનો ભોકતા કહ્યો છે. કેમ કે, તૈજસના ભોગ્ય બે શબ્દાદિક છે તે તો માનસ છે એથી સૂક્ષ્મ છે અને તેઓની અપેક્ષા કરીને, વિશ્વના ભોગ્ય, બાહ્ય શબ્દાદિક છે તે સ્થૂળ છે, અને વિશ્વ બહિઃપ્રજ્ઞ છે, તૈજસ અંતઃપ્રજ્ઞ છે. કેમ કે, જે વિશ્વની અંતઃકરણની વૃત્તિરૂપ પ્રજ્ઞા છે, તે બહિર્ જાય છે, અને તૈજસની નથી જતી.

તૈજસ હિરણ્યગર્ભ અને ૐકારની 'उ' માત્રાનું અભેદ ચિંતન વર્ણવ્યું છે. જેમ વિશ્વનો અને વિરાટ્નો અભેદ છે, તેમ તૈજસને પણ હિરણ્યગર્ભરૂપ જાણે. કેમ કે, તૈજસનો સૂક્ષ્મ ઉપાધિ છે, અને હિરણ્યગર્ભનો પણ સૂક્ષ્મ જ છે, એથી બન્નેની એકતા જાણે. તૈજસ હિરણ્યગર્ભની એકતા જાણીને ૐકારની દ્વિતીયમાત્રા उકાર સાથે તેમનો અભેદ ચિંતન કરે. કેમ કે, આત્માના ચાર પાદમાં દ્વિતીયપાદ તૈજસ છે, બ્રહ્મના પાદમાં હિરણ્યગર્ભ બીજો પાદ છે, ૐકારની માત્રામાં દ્વિતીયમાત્રા उકાર છે. 'द्वितीयता' ત્રણેયમાં સમાનધર્મ છે, એથી ત્રણેયની એકતા ચિંતન કરવું.

પ્રાજ્ઞ, ઈશ્વર અને ૐકારની 'म' માત્રાનું અભેદ ચિંતન વર્ણવાયું છે. પ્રાજ્ઞને ઈશ્વરરૂપ જાણે. કેમ કે, પ્રાણનો કારણ ઉપાધિ છે. અને ઈશ્વરનો કારણ પણ ઉપાધિ છે. ઈશ્વર અને પ્રાણ, પાદોમાં તૃતીય છે, ૐકારની તૃતીયમાત્રા મકાર છે. 'ત્રીજાપણું' ત્રણેયમાં સમાનધર્મ છે, એથી ત્રણેયની એકતા જાણવી. એ પ્રાજ્ઞ પ્રજ્ઞાનઘન છે. કેમ કે, જાગ્રત અને સ્વપ્નમાં જેટલાં જ્ઞાન છે તે સુષુપ્તિ વિષે 'ઘન' નામ એક અવિદ્યારૂપ થઈ જાય છે, એથી પ્રાજ્ઞઘન કહેવાય છે; અને આનંદભુક્ પણ એ પ્રાજ્ઞ શ્રુતિમાં કહ્યો છે. કેમ કે, અવિદ્યા એ આવૃત્ત જે આનંદ છે, તેને એ પ્રાજ્ઞ ભોગવે છે, એથી આનંદભુક્ કહેવાય છે.

જેમ તૈજસ અને વિશ્વના ભોગ ત્રિપુટીએ થાય છે, તેમ પ્રાજ્ઞના ભોગની પણ ત્રિપુટી કહેવાય છે. ચેતનના પ્રતિબિંબ સહિત જે અવિદ્યાની વૃત્તિ છે. તે અધ્યાત્મ છે, અજ્ઞાને આવૃત્તિ જે સ્વરૂપ આનંદ તે અધિભૂત છે, અને ઈશ્વર અધિદૈવ છે. એ પદ્ધતિએ વિશ્વ તો બહિ:પ્રજ્ઞ છે, તૈજસ અંત:પ્રજ્ઞ છે, અને પ્રાજ્ઞ પ્રજ્ઞાન ઘન છે.

ઉપાધિકૃત જ ભેદ છે. વાસ્તવમાં એકતા છે. એવો જે ત્રણેનો ભેદ છે તે ઉપાધિએ કરીને છે. વિશ્વના સ્થૂળ, સૂક્ષ્મ અને અજ્ઞાન, એ ત્રણ ઉપાધિ છે. અને તૈજસના સૂક્ષ્મ અને અજ્ઞાન એ બે ઉપાધિ છે. અને પ્રાજ્ઞના એક અજ્ઞાન ઉપાધિ છે. એ પદ્ધતિએ ઉપાધિની ન્યૂનતા – અધિકતાએ ત્રણનો ભેદ છે. પરમાર્થે કરીને સ્વરૂપે ભેદ નથી.

વિશ્વ, તૈજસ, પ્રાજ્ઞ એ ત્રણ વિષે અનુગત જે ચેતન છે, તે પરમાર્થે કરી ત્રણે ઉપાધિના સંબંધથી રહિત છે. ત્રણે ઉપાધિનું અધિષ્ઠાન તુરીય છે. તે બહિ:પ્રજ્ઞ નથી, અને અંત:પ્રજ્ઞ નથી, અને પ્રજ્ઞાનઘન પણ નથી; કર્મેન્દ્રિયનો અને જ્ઞાનેન્દ્રિયનો વિષય નહિ; અને બુદ્ધિનો વિષય નહિ; કોઈ શબ્દનો વિષય નહિ; એવો જે તુરીય છે, તેને પરમાત્માનો ચતુર્થવાદ, ઈક્ષ્વરસાક્ષી શુદ્ધ બ્રહ્મરૂપ જાણવો.

પરમાર્થ અને અપરમાર્થ એવાં આત્માના અને ૐકારના બે સ્વરૂપનું અભેદ ચિંતન વર્ણવાયું છે. એ પદ્ધતિએ બે પ્રકારનું આત્માનું સ્વરૂપ કહ્યું. એક તો પરમાર્થરૂપ છે; અને એક પાદ, તુરીય, – પરમાર્થરૂપ છે. જેમ આત્માનાં બે સ્વરૂપ છે, તેમ ૐકારના પણ બે સ્વરૂપ છે : અકાર, ઉકાર અને મકાર, એ ત્રણ માત્રારૂપ બે વર્ણ છે, તે તો અપરમાર્થરૂપ છે; અને ત્રણે માત્રા વિષે વ્યાપક, अस्तिभातिप्रियरूप બે અધિષ્ઠાન ચેતન છે, તે પરમાર્થરૂપ છે. જે ૐકારનું પરમાર્થરૂપ છે તેને શ્રુતિ વિષે 'अमात्र' શબ્દે કરીને કહ્યું છે. કેમ કે, તે પરમાર્થ સ્વરૂપ વિષે 'માત્રા' વિભાગ છે નહિ, એથી 'અમાત્ર' કહેવાય છે. એ પદ્ધતિએ બે સ્વરૂપવાળો જે ૐકાર છે, તેનો બે સ્વરૂપવાળા આત્માની સાથે અભેદ જાણે.

વ્યષ્ટિ અને સમષ્ટિ બે સ્થૂલપ્રપંચ, તે સહિત વિશ્વ અને વિરાટ્નો अकार સાથે અભેદ જાણે. આત્માનો જે પાદ છે તેઓના વિષે 'વિશ્વઆદિ' છે; અને ૐકારની માત્રા વિષે अकार આદિ છે; એથી બેને એક જાણે. ૐકારવર્ણન અનુગત બે ૐકારનું પરમાર્થરૂપ 'અમાત્ર' છે, તે સાથે અભિન્ન જાણે. તેમ અકારાદિક ત્રણે માત્રાવિદ સૂક્ષ્મપ્રપંચસહિત જે હિરણ્યગર્ભરૂપ તૈજસ છે, તેને ઉકારરૂપ જાણે. તૈજસ પણ બીજો છે. અને ૐકાર પણ બીજો છે, તેને મકારરૂપ જાણે. જેમ ઈશ્વરરૂપ પ્રાજ્ઞ ત્રીજો છે તેમ મકાર પણ ત્રીજો છે, એથી ઈશ્વરરૂપ પ્રાજ્ઞ અને મકારને એક જાણે. એ ત્રણે વિષે અનુગત વ્યાપેલો જે પરમાર્થરૂપ તુરીય છે તેને, ૐકારવર્ણની ત્રણ માત્રા વિષે અનુગત બે ૐકારનું પરમાર્થરૂપ 'अ' માત્ર છે. તે સાથે અભિન્ન જાણે. જેમ વિશ્વાદિક વિષે તુરીય અનુગત છે, તેમ અકારાદિક ત્રણે માત્રા વિષે માત્ર અનુગત છે; એથી ૐકારના અમાત્રરૂપને અને તુરીયને એક જાણે. એ રીતે આત્માના પાદ અને ૐકારની બે માત્રા છે તેઓની એકતા જાણીને લયચિંતન કરે.

લયચિંતન અને ૐકારનું નિર્ગુણ ઉપાસન્ વર્ણવતાં કહ્યું છે કે, તે લયચિંતન કહેવાય છે. વિશ્વરૂપ જે અકાર છે તે તૈજસરૂપ उकारથી ભિન્ન નથી, પરંતુ उकारરૂપ છે. એવું જે ચિંતન કરવું તે આ સ્થાનમાં 'લય' કહેવાય છે. એવું જ અન્ય માત્રા વિશે પણ જાણી લેવું. અને જે उकार વિશે अकारનો લય કહ્યો છે, તે તૈજસરૂપ उकारનો, પ્રાજ્ઞરૂપ જે મકાર છે તેને વિષે લય કરે. અને પ્રાજ્ઞરૂપ જે મકાર છે, તેને તુરીયરૂપ જે ૐકારનું પરમાર્થરૂપ અમાત્ર છે, તેના વિષે લીન કરે. કેમ કે, સ્થૂલની ઉત્પત્તિ અને લય સૂક્ષ્મ વિષે થાય છે. એથી વિશ્વરૂપ જે અકાર છે તેનો તૈજસરૂપ उकारમાં લય બને છે. અને સૂક્ષ્મની ઉત્પત્તિ અને લય કારણમાં થાય છે. એથી તૈજસરૂપ જે उकार છે તેનું કારણ પ્રાજ્ઞરૂપ જે मकार છે, તેને વિષે લય બને છે. આ સ્થાન વિશે વિશ્વ આદિકોના ગ્રહણથી સમષ્ટિ જે વિરાટ્ આદિ છે તેઓનું અને પોતપોતાની બે ત્રિપુટી છે તેઓ સર્વનું ગ્રહણ જાણવું. જે પ્રાજ્ઞરૂપ મકાર વિશે ઉકાર લય કહ્યો છે, તે મકારને તુરીયરૂપ જે ૐકારનું પરમાર્થરૂપ અમાત્ર છે, તેને વિષે લીન કરે. કેમ કે, ૐકારના પરમાર્થ સ્વરૂપનો તુરીય સાથે અભેદ છે, તે તુરીય બ્રહ્મરૂપ છે અને શુદ્ધબ્રહ્મ વિષે ઈશ્વર પ્રાજ્ઞ બન્ને કલ્પિત છે. જે જેને વિશે કલ્પિત હોય છે, તે તેનું સ્વરૂપ હોય છે. એથી ઈશ્વર સહિત પ્રાજ્ઞરૂપ જે મકાર તેનો લય (શુદ્ધ બ્રહ્મમાં) બને છે. એ રીતે જે ૐકારના પરમાર્થ સ્વરૂપ અમાત્ર વિશે સર્વનો લય કહ્યો છે 'તે હું છું' सोहं અથવા सोहमस्मि એવું, એકાગ્રચિત્ત થઈને ચિંતન કરે. સ્થાવર–જંગમરૂપ અને અસંગ, અદ્વય, અસંસારી, નિત્યમુકત, નિર્ભય, બ્રહ્મરૂપ ૐકારનું પરમાર્થસ્વરૂપ 'તે હું છું' એવું ચિંતન કરવાથી જ્ઞાન ઉદય થાય છે. એથી જ્ઞાન દ્વારા મુકિતરૂપ ફળનું દાન દેનારો એ ૐકાર નિર્ગુણ ઉપાસન છે, તે સર્વથી ઉત્તમ છે.

જે પૂર્વ રીતે ૐકારના સ્વરૂપને જાણે છે તે મુનિ છે; જે નથી જાણતો તે મુનિ નહિ. કેમ કે, 'મુનિ' નામ મનન કરવાવાળાનું છે. એ ૐકારનું ચિંતન, મનનરૂપ છે. જેને ૐકારનું ચિંતનરૂપ મનન નહિ તે મુનિ નહિ. એ માંડૂકયોપનિષદ્ની રીતે સંક્ષેપથી ૐકારનું ચિંતન કહ્યું છે. અન્ય પણ નૃસિંહતાપનીયો–પનિષદ્ વગેરે ઉપનિષદ્દોમાં પણ એનો પ્રકાર છે. એ ૐકારનું ચિંતન પરમહંસોનું ગોપ્યધન છે. બહિર્મુખ પુરુષનો એ વિષે અધિકાર નથી, અત્યંત અંતર્મુખનો અધિકાર છે. ગૃહસ્થનો એમાં અધિકાર નથી. ધન, પુત્ર, સ્ત્રી, સંગ આદિરહિત પરમહંસનો અધિકાર છે.

ૐકારના ધ્યાનનું ફળ વર્ણવાયું છે. જેમ કે, પૂર્વપ્રકારે ૐકારનું બ્રહ્મરૂપથી ધ્યાન કહેવાથી જ્ઞાન દ્વારા મોક્ષ થાય છે. પરંતુ જે પુરુષની આ લોકના ભોગોમાં અથવા બ્રહ્મલોકનાં ભોગોમાં કામના હોય, તીવ્ર વૈરાગ્ય નહિ હોય, અને હઠે કરી કામનાને રોકીને, ધન, પુત્ર આદિને ત્યજીને, પરમહંસગુરુના ઉપદેશે કરી ૐકારરૂપ બ્રહ્મનું ધ્યાન કરે, તેને ભોગની કામના જ્ઞાનમાં પ્રતિબંધ છે, એથી જ્ઞાન નથી થતું; પરંતુ ધ્યાન કરતાં જ, શરીર ત્યાગથી અનંતર અન્ય શરીરની પ્રાપ્તિ થાય. જો આ લોકમાં ભોગોની કામના રોકીને ધ્યાનમાં લાગ્યા હોય, તો આ લોકમાં અત્યંત વિભૂતિવાળા પવિત્ર સત્સંગીકુળમાં જન્મ થાય છે. ત્યાં પૂર્વકામનાના વિષય સર્વ ભોગ પ્રાપ્ત થાય છે; તેથી જ્ઞાન થઈને મોક્ષ થાય છે.

અને બ્રહ્મલોકના ભોગોની કામના રોકીને ૐકારરૂપ બ્રહ્મના ધ્યાનમાં લાગ્યો હોય તો શરીર ત્યજીને બ્રહ્મલોક પ્રતિ જાય છે. ત્યાં મનુષ્યોને, પિતૃઓને અને દેવોને દુર્લભ જે સ્વતંત્રતા છે તેના આનંદને ભોગવે છે. જેટલી હિરણ્યગર્ભની વિભૂતિ છે તે સર્વ સર્વસંકલ્પાદિ વિભૂતિ એને પ્રાપ્ત થાય છે.

બ્રહ્મલોક જવાના માર્ગનો ક્રમ વર્ણવતાં તેમાં કહ્યું છે કે, જે માર્ગે બ્રહ્મલોક પ્રતિ જાય છે તે માર્ગનો ક્રમ આ છે – જે પુરુષ બ્રહ્મની ઉપાસનામાં તત્પર છે, તેનો મરણ સમયે, ઈન્દ્રિય અંતઃકરણ સર્વ જો મૂર્છિત છે, કહી જવામાં સમર્થ નથી, અને યમદૂત તેની સમીપ આવે નહિ, જે તેના લિંગ શરીરને લઈ જાય; પરંતુ અગ્નિની અભિમાનિની દેવતા, તેને મરણ સમયે શરીરથી કાઢીને પોતાના લોક પ્રતિ લઈ જાય છે તે અગ્નિલોકથી દિનની અભિમાનિની દેવતા લઈ જાય છે. ત્યાં શુકલપક્ષની અભિમાનિની દેવતા પોતાના લોકમાં લઈ જાય છે. ત્યાંથી આગળ સંવત્સરની અભિમાનિની દેવતા લઈ જાય છે. ત્યાંથી આગળ દેવલોકની અભિમાનિની દેવતા લઈ જાય છે. ત્યાંથી આગળ વાયુની અભિમાનિની દેવતા લઈ જાય છે. ત્યાંથી આગળ ચંદ્ર દેવતા લઈ જાય છે, ત્યાંથી આગળ સૂર્ય દેવતા લઈ જાય છે. ત્યાંથી આગળ વિજળીની અભિમાનિની દેવતા પોતાના લોક પ્રતિ લઈ જાય છે. ત્યાં વિજળીલોકમાં તે ઉપાસકના સામા, હિરણ્યગર્ભની આજ્ઞાએ દિવ્યપુરુષ હિરણ્યગર્ભલોકવાસી હિરણ્યગર્ભસમાનરૂપ તેને લેવા માટે આવે છે, તે પુરુષને વિજળીના લોકથી વરુણલોકમાં લઈ જાય છે. વિજળીની અભિમાની દેવતા સાથે આવે છે. વરુણલોકથી ઈન્દ્રલોક તરફ લઈ જાય છે અને વરુણ દેવતા પણ ઈંદ્રલોક સુધી હિરણ્યગર્ભલોકવાસી

પુરુષ અને ઉપાસકની સાથે રહે છે. ત્યાંથી આગળ ઈંદ્રદેવતા પ્રજાપતિના લોક સુધી બંનેની સાથે રહે છે. ત્યાંથી આગળ દક્ષ પ્રજાપતિ તેઓ બન્નેની સાથે બ્રહ્મલોક પ્રતિ લઈ જવા માટે સમર્થ નથી, એથી બ્રહ્મલોકના અધિપતિ હિરણ્યગર્ભ છે. સૂક્ષ્મ સમષ્ટિનું અભિમાની ચેતન હિરણ્યગર્ભ કહેવાય છે. તેને જ કાર્યબ્રહ્મ કહે છે. કાર્યબ્રહ્મના નિવાસસ્થાનને બ્રહ્મલોક કહે છે.

જો પૂર્વ રીતે ૐકારની ઉપાસના શુદ્ધ બ્રહ્મરૂપે કરવા કહી છે; અને શુદ્ધ બ્રહ્મના ઉપાસકને શુદ્ધ બ્રહ્મની પ્રાપ્તિ જોઈએ. તો પણ શુદ્ધ બ્રહ્મની પ્રાપ્તિ જ્ઞાનથી જ થાય છે અને કામનારૂપ પ્રતિબંધે કરી, જેને જ્ઞાન થયું નહિ, તેને કાર્યબ્રહ્મની મુકિતરૂપ મોક્ષ થાય છે. બ્રહ્મલોકમાં પ્રાપ્ત બે ઉપાસક છે, તેને હિરણ્યગર્ભના સમાન વિભૂતિ પ્રાપ્ત થાય છે. તે સત્યસંકલ્પ થાય છે. જેવા શરીરની ઈચ્છા કરે તેવું જ શરીર થાય છે. જે ભોગોની ઈચ્છા કરે તે સર્વ ભોગ સંકલ્પથી જ પ્રાપ્ત થાય છે. જો એક સમય હજાર શરીરો જુદા–જુદા ભોગોની ઈચ્છા કરે તો તે જ સમયે હજાર શરીર અને તેઓના ભોગની જુદી–જુદી સામગ્રી ઉપજે છે અને વધુ શું કહીએ ? જે કંઈ સંકલ્પ કરે તે સિદ્ધ થાય છે. પરંતુ જગતની ઉત્પત્તિ, પાલન, સંહાર, એ વિના અન્ય સર્વ વિભૂતિ ઈશ્વરના સમાન થાય છે. એને જ સાયુજ્યમોક્ષ કહે છે. એવા હિરણ્યગર્ભના સમાન થવાથી વધુ સમય સંકલ્પસિદ્ધ દિવ્ય પદાર્થોને ભોગવીને, પ્રલયકાળ માં જ્યારે હિરણ્યગર્ભના લોકનો નાશ થાય ત્યારે, જ્ઞાન થઈને ઉપાસકને વિદેહમોક્ષની પ્રાપ્તિ થાય છે.[૨૮]

માંડૂકયોપનિષદ્દમાં પણ ૐ નું નિરૂપણ છે.[૨૯]

કઠોપનિષદ્દમાં પરમાત્મનું સ્વરૂપ વર્ણવતાં કહ્યું છે કે, પરમાત્મ ચેતના, આ જીવાત્માની હૃદયરૂપી ગુફામાં, અણુથી પણ અત્યંત સૂક્ષ્મ અને મહાનથી પણ અતિ મહાનરૂપમાં, બિરાજમાન છે. નિષ્કામ કર્મ કરનારા તથા શોકરહિત કોઈ વિરલા સાધક જ, પરમાત્માની કૃપાથી જ તેને જોઈ શકે છે.[૩૦]

અહીં अणोरणीयान् શબ્દો શૂન્યતાનો મહિમા કરનારા છે. અને महतोमहीयान् શબ્દો અનંતતાનો મહિમા કરનારા છે. આત્મા અણુથીય નાનો અને મહાનથી પણ મહાન છે. ગુણવંત શાહે પણ આ બ્રહ્મને શૂન્ય સાથે સરખાવેલ છે.[૩૧] ઈશોપનિષદ્દના શાંતિપાઠમાં પણ પૂર્ણનું મહત્ત્વ દર્શાવ્યું છે.[૩૨]

તાત્પર્ય એ છે કે, નિર્ગુણબ્રહ્મ અને સગુણબ્રહ્મ એવા ભેદથી પ્રણવ ઉપાસના બે પ્રકારની છે. સગુણ ઉપાસના નિર્ગુણ ઉપાસના અંતર્ગત જ છે, અને બન્નેથી મોક્ષ પ્રાપ્ત થાય છે.

તાત્પર્ય એ છે કે, ૐ પદ, બ્રહ્મનું વિશેષણ છે. ૐ જ સગુણ અને નિર્ગુણ બ્રહ્મસ્વરૂપ છે. બન્નેમાંથી જેની ઉપાસના કરવામાં આવે તે પ્રાપ્ત થાય છે.

ઓમ્કાર જ સર્વશ્રેષ્ઠ આલંબન છે.

## (૫) તૈત્તિરીયોપનિષદ્ :

આ ઉપનિષદ્ કૃષ્ણયજુર્વેદની તૈત્તિરીય શાખાના તૈત્તિરીય આરણ્યકનો એક ભાગ છે. આરણ્યકના દસ અધ્યાયોમાંથી ક્રમશઃ સાતમા, આઠમા અને નવમા અધ્યાયોને જ ઉપનિષદ્દીય માન્યતા મળેલી છે. એમાં ત્રણ વલ્લીઓ છે. શિક્ષાવલ્લી, બ્રહ્માનંદવલ્લી અને ભૃગુવલ્લી.

સર્વ ઉપાસનાના અંગભૂત ૐકારની ઉપાસના વર્ણવાયેલી છે જેમ કે, તૈતિરીયોપનિષદ્માં કહયું છે કે, ઓમ્ એ બ્રહ્મ છે. ઓમ્ એ આ સર્વ છે. ઓમ્ એ આ અનુકરણ પ્રસિદ્ધ છે. વળી હે આગ્નીધ્ર ! ઓ સંભળાવ ઓ એમ અધ્વર્યુઓ સંભળાવે છે. ઓમ્ એમ સામોને ગાય છે. ઓમ્ સોમ્ એમ શાસ્ત્રોને ભણે છે. ઓમ્ એમ અધ્વર્યુ પ્રતિગરને ભણે છે. ઓમ્ એમ બ્રહ્મા પ્રેરે છે. ઓમ્ એમ અગ્નિહોત્રપ્રતિ અનુજ્ઞા આપે છે. બ્રાહ્મણ પ્રવચનમાં ઓમ્ એમ કહે છે. બ્રહ્મને પામું એમ ઈચ્છતો બ્રહ્મને જ પામે છે.[૩૩] તાત્પર્ય એ છે કે, મનથી ઉપાસના કરવી કે ૐ એ શબ્દબ્રહ્મ છે. શબ્દરૂપ આ સર્વપ્રપંચ ૐકારથી વ્યાપ્ત છે. અહીં વૈદિક ઉદાહરણોથી ૐકારની વ્યાપ્તિ દર્શાવી છે – ૐ એ અનુકરણમાં વપરાય છે એ પ્રસિદ્ધ છે. હોમ, ભણ, એમ આજ્ઞા કર્યા પછી ૐ એવા ઉચ્ચારણ વડે કર્તા તે ક્રિયાનો અંગીકાર કરે છે દેવો પ્રતિ હવિષ્ આપવાના સમયમાં હે આગ્નીધ્ર ! દેવોને ઓ આ સંભળાવ, એમ યજુર્વેદમાં કહેતા કર્મ કરનારા અધ્વર્યુઓ ભણે છે. અધ્વર્યુઓ પણ ઓ એમ ૐનો ભાગ દેવોને સંભળાવે છે. સામનું ગાન કરનારા ઉદ્ગાતા પણ ૐના ઉચ્ચારણપૂર્વક સામોનું ગાન કરે છે. હોતા પણ ૐ સુખ એવા ઉચ્ચારણપૂર્વક શસ્ત્રો ભણે છે. ૐ એવા ઉચ્ચારપૂરઃ સર, અધ્વર્યુ, હોતા, પ્રતિગર ભણે છે. ૐ એમ બ્રહ્મા બીજા ઋત્વિજોને પ્રોક્ષણાદિ ક્રિયામાં પ્રેરે છે. યજમાન ૐ એવા ઉચ્ચારણ વડે અગ્નિહોત્રના હોમમાં અધ્વર્યુને દેવો માટે હોમદ્રવ્ય લેવાની તથા હોમવાની અનુજ્ઞા આપે છે. બ્રાહ્મણ બ્રહ્મયજ્ઞના આરંભમાં ૐ એમ ઉચ્ચારણ કરે છે. પછી ફળકથનના નિમિત્ત વડે બ્રહ્મની ઉપાસનાનો વિધિ કહે છે – જે પુરુષ હું બ્રહ્મને પ્રાપ્ત થાઉં એવી ઈચ્છા કરે તે પુરુષ ૐ આ વાચક શબ્દ વડે વાચ્ય બ્રહ્મની ઉપાસના કરે. તે ઉપાસનાથી તે ઉપાસક બ્રહ્મને પ્રાપ્ત કરે છે.

તાત્પર્ય એ છે કે, ૐકારથી જ બ્રહ્મની પ્રાપ્તિ થઈ શકે છે. તેથી જ રુદ્રાષ્ટકમાં કહ્યું છે કે :

निराकारमोकारंमूल तुरीयं
गिराज्ञानं गोतीतमीशा गिरीशम् ।
कशालं महाकालकालं कृपालु
गुणागार संसार पार नतो हम ।।

(रुद्राष्टक - २ ।।)

## (૬) શ્વેતાશ્વેત્તરોપનિષદ્ :

આ ઉપનિષદ્ કૃષ્ણયજુર્વેદીય શાખા અંતર્ગત છે. તેમાં કુલ છ અધ્યાય છે.

ધ્યાનના અંગપણા વડે પ્રણવનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે જેમ કે, સુંદર ઉપમા રજૂ થઈ છે. જેમ મંથનથી પૂર્વે અરણિરૂપ કારણમાં રહેલાં અગ્નિનું સ્વરૂપ નેત્ર વડે દેખાતું નથી, પણ તે કાલે તેના સૂક્ષ્મ સ્વરૂપનો નાશ નથી જ. તે અગ્નિ જ પુનઃ મથનરૂપ ઉપાય વડે ઈંધનરૂપ કારણમાંથી નેત્ર વડે ગ્રહણ કરવા યોગ્ય થાય છે. તેમજ પર ને અપરરૂપ બન્ને બ્રહ્મ ૐકાર વડે શરીરમાં હૃદયમાં ગ્રહણ થાય છે.

પછી સુંદર રૂપક રજૂ થયું છે. જેમ કે,

પોતાના શરીરને નીચેની અરણિ કરીને, તથા ૐકારને ઉપરની અરણિ, ધ્યાનરૂપ પ્રણવના આલંબનપણા વડે બ્રહ્મના ચિંતનરૂપ મથનના અભ્યાસથી ગૂઢની પેઠે બ્રહ્મનો સાક્ષાત્કાર કરે.[૩૪]

હિન્દુ વિશ્વકોષમાં કહ્યું છે કે,

[પવિત્ર ઘોષ અથવા શબ્દ (प्र + णु स्तवन + अम्)] આનું પ્રતીક રહસ્યવાદી પવિત્ર અક્ષર "ૐ" છે અને આનો પૂર્ણવિસ્તાર "ओउम्" રૂપમાં થાય છે. આ શબ્દ બ્રહ્મનો બોધક છે; જેનાથી આ વિશ્વ ઉત્પન્ન થાય છે, જેમાં સ્થિત રહે છે, અને જેમાં આનો લય થાય છે. આ વિશ્વ નામરૂપાત્મક છે, એમાં જેટલા પદાર્થો છે એની અભિવ્યકિત વર્ણો અથવા અક્ષરોથી થાય છે. જેટલા પણ વર્ણ છે તે अ (કંઠયસ્વર) અને म् (ઓષ્ઠ્ય વ્યંજન) ની વચ્ચે ઉચ્ચારિત થાય છે. આ રીતે ओम् સંપૂર્ણ વિશ્વની અભિવ્યકિત, સ્થિતિ અને પ્રણયનો દ્યોતક છે. આ પવિત્ર અને માંગલિક મનાય છે. એટલા માટે કાર્યના આરંભ અને કાર્યના અંતમાં આ ઉચ્ચારિત અથવા અંકિત થાય છે.

તાત્પર્ય એ છે કે, બ્રહ્મ પ્રાપ્તિ માટેનું પ્રણવ જ શ્રેષ્ઠ સાધન છે.

## (૭) કૈવલ્યોપનિષદ્ :

આ ઉપનિષદ્ કૃષ્ણયજુર્વેદીય શાખાની અંતર્ગત છે. એમાં મહર્ષિ આશ્વાલયન દ્વારા જિજ્ઞાસા પ્રગટ કરતાં, બ્રહ્માજીએ કૈવલ્યપદનો મર્મ સમજાવેલ છે. બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ, કર્મ, ધન અથવા સંતાનના સહારે અસંભવ બતાવતા એના માટે શ્રદ્ધા, ભકિત, ધ્યાન અને યોગનો આશ્રય લેવા માટે કહેવામાં આવેલ છે. અંતઃકરણને નીચેની અરણિ તથા 'ૐકાર'ને ઉપરની અરણિના રૂપમાં વાપરીને, જ્ઞાનાગ્નિ પ્રજવલ્લિત કરી, સાંસારિક વિકારોને બાળી દેવાનો નિર્દેશ આપવામાં આવેલ છે.

મહર્ષિ આશ્વાલયન દ્વારા જિજ્ઞાસા પ્રગટ કરતાં બ્રહ્માજીએ કૈવલ્યપદનો મર્મ સમજાવતાં ૐકારનું મહત્ત્વ રૂપક દ્વારા રજૂ કરાયુંછે. જેમકે, જ્ઞાનીજન પોતાના આત્મા અર્થાત્ અંતઃકરણને નીચેની અરણિ અને ૐકાર (પ્રણવ) ને ઉપરની અરણિ બનાવતા, જ્ઞાનરૂપી મંથનની અભ્યાસપ્રક્રિયા દ્વારા, જગતનાં બંધનો પાપોને નષ્ટ કરી નાખે છે. અર્થાત્ જ્ઞાનાગ્નિમાં બાળીને ભસ્મ કરી દે છે.[૩૫]

તાત્પર્ય એ છે કે, ૐકારથી પાપો નાશ પામે છે.

अणोरणीयानहमेव तद्वन्महानहं विश्वमहं विचित्रम् ।
पुरातनोऽहं पुरुषोऽहमीश हिरण्मयोऽहं शिवरूपमस्मि ॥२०॥ (कैवल्योपनिषद् ।)

અર્થાત્, હું અણુથી પણ અણુ અર્થાત્ પરમાણુ છું. બરાબર એવી જ રીતે હું મહાનથી મહાનતમ અર્થાત્ વિરાટ્ પુરુષ છું. આ વિચિત્રતાઓથી ભરેલું સંપૂર્ણ વિશ્વ જ મારું સ્વરૂપ છે હું પુરાતન પુરુષ છું, હું જ ઈશ્વર છું, હું જ હિરણ્યમય પુરુષ છું અને હું જ શિવસ્વરૂપ પરમતત્ત્વ છું.

તાત્પર્ય એ છે કે, શૂન્ય વિષયક વિચાર વ્યકત થયો છે. શિવ અર્થાત્ કલ્યાણ થાય છે.

## (૮) કેનોપનિષદ્ :

સામવેદની તલવકારશાખાના નવમા અધ્યાયની અન્તર્ગત આ ઉપનિષદ્ છે. આ ઉપનિષદ્ केन એ શબ્દથી શરૂ થાય છે તેથી આનું નામ केनोपनिषद् પણ કહેવામાં આવે છે. 'બ્રાહ્મણોપનિષદ્' પણ કહેવામાં આવે છે. ઉપનિષદ્ની શરૂઆત પ્રશ્ન 'કેનેષિતં....' આ જીવન કોના દ્વારા પ્રેરિત છે ? થી થયેલ છે. સર્વપ્રેરકએ પરબ્રહ્મની મહિમા અને એના સ્વરૂપનું જ્ઞાન આપતાં, ઋષિએ સ્પષ્ટ કર્યું છે કે, કહેવા સાંભળવામાં બ્રહ્મતત્ત્વ જેટલું સુગમ છે, અનુભૂતિમાં એ એટલું જ મુશ્કેલ છે. પ્રથમ અને બીજા ખંડમાં, ગુરુ–શિષ્યના સંવાદના રૂપમાં, સુંદર રીતે, એ પ્રેરક સત્તાની વિશેષતાઓનું વર્ણન કરવામાં આવ્યું છે. ત્રીજા અને ચોથા ખંડમાં દેવતાઓના અભિમાન તથા માનમર્દન માટે, યજ્ઞરૂપમાં બ્રાહ્મી ચેતનાનું પ્રગટ થવાનું ઉપાખ્યાન છે. બાદમાં ઉમાદેવી દ્વારા પ્રગટ થઈને, દેવો માટે, બ્રહ્મતત્ત્વનું વર્ણન કરવામાં આવેલું છે.

ચોથા ખંડમાં બ્રહ્મની ઉપસ્થિતિનું વર્ણન કરતાં કહ્યું છે કે, ''બ્રહ્મની ઉપસ્થિતિનો સંકેત વિજળીનો ચમકાર અને પાંપણના પલકારા જેવો હોય છે. અને એનો સૂક્ષ્મ આધિદૈવિક સંકેત સમજવો જોઈએ.''[૩૬]

તાત્પર્ય એ છે કે, વિજળીના ચમકારા જેવું બ્રહ્મનું સ્વરૂપ છે. ૐકારની એક સંજ્ઞા 'વિદ્યુત' પણ છે.[૩૭]

આગળ પણ કહ્યું છે કે, ‘‘સમસ્ત પ્રાણી એ બ્રહ્મની સાથે પ્રેમ કરે છે અને એને મેળવવા ઈચ્છે છે. એ તદ્વન નામથી જાણીતા છે. બ્રહ્મના આ ‘તદ્વન’ સ્વરૂપની બધાએ ઉપાસના કરવી જોઈએ. જે સાધક બ્રહ્મને જાણી લે છે, એને બધાં પ્રાણી, પોતાના પ્રિય જણાવા લાગે છે.[૩૮]

તદ્વન - અર્થાત્ બ્રહ્મ અને તેની પ્રતિ કર્તવ્યભાવને પ્રગટ કરે છે. આચાર્ય શંકર આ શબ્દનું ભાષ્ય લખતા કહે છે – तद्ब्रह्म ह किल तद्वनं नाम तस्य वनं तद्वनं तस्य प्राणिजातस्य प्रत्यगात्मभूतत्वाद्वनं वननीयं संभजनीयम् । અર્થાત્ તે ‘બ્રહ્મ’ જ નિશ્ચય જ ‘તદ્વન’ નામવાળો છે. તેનું વન – તદ્વન, આ તે પ્રાણી સમૂહનું પ્રત્યગાત્મ સ્વરૂપ હોવાથી વન – વનનીય, ભજનીય છે. ખરેખર જ્યાં આ શબ્દ પ્રયુકત થયો છે, એના પૂર્વ આ બતાવ્યું છે કે, સાધારણ મનુષ્ય જે બ્રહ્મની ઉપાસના કરે છે, તે બ્રહ્મ નથી, આથી લોકો એમ ન સમજે કે બ્રહ્મની ઉપાસના થઈ જ શકતી નથી; આ કારણે ઋષિ એ સ્થળે બતાવે છે કે, ને પરબ્રહ્મ – પરમાત્માને ‘વન’ રૂપમાં સમજવું. અર્થાત્ આ બ્રહ્મ એવો છે કે જેનું સમ્યક્ રૂપથી સારી રીતે ભજન અનુભવ કરી શકાય છે. પરમ શાન્તિ આપનાર અર્થાત્ વનનીય એ જ છે. ‘વન’ નો અર્થ જળ પણ છે. જે તાપને શાંત કરે છે, હૃદયને શાંતિ આપે છે. – તે જળ છે, રસ છે – रसोऽहमप्सु कौन्तेय (શ્રીમદ્ ભગવદ્‌ગીતા – ૭.૮) અર્થાત્ જળમાં જે રસ છે, તે હું છું. તૈત્તિરીય ઉપનિષદ્‌માં પણ બ્રહ્મને રસરૂપ કહેવામાં આવેલ છે.

रसो वै सः । रस ह्येवायं लब्ध्वाऽऽनन्दी भवति ॥ ૨/૭ ।

આથી એમ લાગે છે કે તે જ રસને – આનંદને – ‘વન’ અર્થાત્ ગ્રહણ કરવા યોગ્ય વસ્તુરૂપમાં બતાવ્યું છે. છાંદોગ્યોપનિષદ્‌માં પણ ઉદ્‌ગીથને રસ કહેલો છે. (વધુ વિગત માટે જુઓ : પ્રકરણ : ૧–૨–૪ : છાંદોગ્યોપનિષદ્)

તાત્પર્ય એ છે કે, ઋષિએ બ્રહ્મને ‘તદ્વન’ કહેલ છે. વન–રસના અર્થમાં પણ વપરાય છે. એ આધાર પર બ્રહ્મ મૂળરૂપે ‘રસસ્વરૂપ’ છે એમ જણાય છે. છાંદોગ્યોપનિષદ્‌માં પણ રસનું ૐકારરૂપે વર્ણન કરવામાં આવ્યું છે.[૩૯]

નિષ્કર્ષ એ છે કે, આ ઉપનિષદ્‌ની શરૂઆત ૐ થી થયેલી છે. આ ઉપનિષદ્‌માં સ્પષ્ટ ૐનું સ્વરૂપ પ્રાપ્ત થતું નથી. પરંતુ વિદ્યુતરૂપે મળે છે. વિદ્યુત પણ ૐકારનું એક નામ છે. ‘તદ્વન’ બ્રહ્મનું નામ છે. તેનો અર્થ પણ રસ થાય છે. ૐકારને પણ રસ કહેવામાં આવ્યો છે.

આમ, કોઈને કોઈરૂપે ૐકારની જ ચર્ચા કરવામાં આવી છે.

## (૯) છાંદોગ્યોપનિષદ્ :

સામવેદની તલવકાર શાખા, અંતર્ગત, છાંદોગ્ય બ્રાહ્મણનાં અંશને આ ઉપનિષદ્‌ના રૂપમાં, માન્યતા આપવામાં આવેલી છે. તેમાં ૮ અધ્યાય છે. આ બૃહત્ ઉપનિષદ્ છે.

નામને અનુરૂપ આ ઉપનિષદ્‌નો આધાર 'છંદઃ' છે. 'છંદઃ' અહીં સાહિત્યક પદ્યરચનાના, પ્રકાર સુધી સીમિત નથી. એનો વ્યાપક અર્થ છે. 'છંદ' નો અર્થ છે – આચ્છાદિત કરનાર. કવિ જે સત્યનો સાક્ષાત્કાર કરે છે, એ સત્ય, એ ભાવ હૃદયંગમ કરવા માટે, એ સાહિત્યક છંદનો પ્રયોગ કરે છે. એ સત્ય અથવા ભાવ જે અક્ષરો, પદો, સ્વરો વિગેરેથી આચ્છાદિત થાય છે, એ બધાં જ એ સાહિત્યક છંદના અંગોપાંગ હોય છે. આ રીતે ઋષિ, આ સૃષ્ટિના મૂળ સત્યને, વિભિન્ન માધ્યમોથી વ્યકત થતાં, પ્રકૃતિનાં વિભિન્ન ઘટકોથી આચ્છાદિત થતાં જુએ છે. તેથી, એ બધાંને, એમણે છંદ અથવા સામ અથવા ઉદ્‌ગીથના રૂપમાં વ્યકત કરેલ છે.

ઓમ્‌નું ખૂબ જ વિશદ્ વર્ણન પ્રાપ્ત થાય છે. પ્રથમ કર્મના અંગોને વિષય કરનારી ઉપાસના વર્ણવી પછી અન્ય ઉપાસનાઓ વર્ણવાયેલી છે. ૐનું મહત્ત્વ દર્શાવતાં કહયું છે કે, ઉદ્‌ગીથરૂપ ૐ એવા આ અક્ષરને ઉપાસે. ૐ એમ પ્રસિદ્ધ ઉદ્‌ગાન કરે છે તેનું ઉપવ્યાખ્યાન છે.[૪૦] તાત્પર્ય એ છે કે, ૐકાર એ પરમાત્માનું નામ અને મૂર્તિ આદિકની પેઠે પરમાત્માનું પ્રતીક હોવાથી પરમાત્માની ઉપાસનાનું શ્રેષ્ઠ સાધન છે ઉદ્‌ગીથના અવયવભૂત ૐકારરૂપ આ અક્ષર જે પરમાત્માનું નામ તથા પ્રતીક છે તેમાં બુદ્ધિને એકાગ્ર કરવી. જેથી ઓમ્ એમ આરંભ કરીને ઉદ્‌ગાતા યજ્ઞાદિમાં ઉચ્ચ સ્વરથી ગાય છે, તેથી ઉદ્‌ગીથ શબ્દ વડે વાચ્ય ૐકાર છે. તે ૐ અક્ષરનું ઉપવ્યાખ્યાન પ્રવૃત્ત થાય છે.

उद् + गै + थक् = ઉદ્‌ગીથ શબ્દની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે. અમરકોશ અનુસાર આનો અર્થ છે.

प्रणवः सामवेद ध्वनिः इत्यरुणः (૫/૧૯ વૃત્તિ) ઉદ્‌ગીથ એક પ્રકારનું સામગાન છે. પ્રણવ અને ૐકારને પણ ઉદ્‌ગીથ કહેવામાં આવ્યું છે. સામના ભેદ અથવા વિભાગ આ પ્રમાણે કર્યા છે. હિંકાર, પ્રસ્તાવ, ઉદ્‌ગીથ, પ્રતિહાર, ઉપદ્રવ, અને નિધન.

જૈમિનીયોપનિષદ્‌માં પ્રાણને ઉદ્‌ગીથરૂપમાં વર્ણિત કરવામાં આવેલો છે.

उद्गीथः मन एव हिंकारो वाक् प्रस्तावः प्राण । (૧/૩૨/૩)

ઉદ્ગીથને દેવો માટે અમૃત બતાવ્યું છે.

उद्गीथं देवेभ्योऽमृतम् । (જૈમિનીયોપનિષદ્ – ૧/૧૧/૮)

ૐકારના રસતમપણારૂપ ગુણનું કથન કરતાં કહ્યું છે કે, આ ભૂતોનો પૃથ્વી રસ છે; પૃથ્વીનો જલ રસ છે, જલોનો ઔષધિઓ રસ છે; અન્નોનો પુરુષ રસ છે; પુરુષ નો સાર વાણી છે વાણીનો સાર ઋચા છે; ઋચાનો સાર સામ છે; અને સામનો સાર ઉદ્ગીથ છે.[૪૨] તાત્પર્ય એ છે કે, ઋચા વાણી વડે બોલી શકાય છે, તેથી ઋચાને વાણીના સારરૂપ કહી છે. ઋચા કરતાં ગાયેલો સામ શ્રોતાવકતાને સુખરૂપ થાય છે, તેથી સામને ઋચાના સારરૂપ કહ્યો છે, અને ઓમ્કારરહિત ગાયેલો સામ ફલવાન્ થતો નથી. તેથી ઓમ્કારને સામના સારરૂપ કહ્યો છે. જે હેતુથી પૃથ્વી આદિની રસરૂપતા ઉપર જણાવી છે તે હેતુને પ્રકટ કરતાં કહ્યું છે કે, જે ૐકાર આઠમો છે તે આ રસોના અત્યંત–સારરૂપ, પરમ, પરમાત્મબુદ્ધિ વડે આલંબન કરવા યોગ્ય છે.[૪૨]

તાત્પર્ય એ છે કે, ૐકાર પૃથ્વી આદિ રસોની સંખ્યામાં આઠમો છે તે આ ૐકાર ભૂતો આદિના રસોના અત્યંતસારરૂપ, પરમાત્માનું પ્રતીક હોવાથી પરમ, ને પરમાત્માની પેઠે ઉપાસ્ય હોવાથી પરમાત્મબુદ્ધિ વડે આલંબન કરવા યોગ્ય છે.

પછી ૐકારના પ્રાપ્તિરૂપ ગુણના વિધાન માટે શ્રુતિ પ્રશ્નને પ્રકટ કરીને પૂર્વોકત અર્થનો અનુવાદ કરે છે. કઈ કઈ ઋચા છે ? કયું કયું સામ છે ? અને કયો કયો ઉદ્ગીથ છે ? એમ વિચાર થાય છે.[૪૩]

શિષ્યરૂપ શ્રુતિએ કરેલા પ્રશ્નનું આચાર્યરૂપે તેજશ્રુતિ જવાબ આપે છે.

વાણી જ ઋચા છે, પ્રાણ સામ છે, ૐ એવો આ અક્ષર ઉદ્ગીથ છે. ઋચાને સામરૂપ જે વાણીને પ્રાણ છે તે આ પ્રસિદ્ધ જોડું છે.[૪૪]

તાત્પર્ય એ છે કે, ઋચાની નિર્વાહક હોવાથી વાણી જ ઋચા છે, અને પ્રાણના બળથી ગતિરૂપ સામ ઉપજાવાય છે, તેથી પ્રાણ સામ છે. ૐ એવો આ અક્ષર ઉદ્ગીથ છે. ઋચા અને સામનું કારણ જે વાણીને પ્રાણ છે તે આ પ્રસિદ્ધ યુગલ છે.

પછી એ મિથુનનો ૐકારથી સંબંધ અને તેથી થનારું ફળ વર્ણવે છે.

તે આ મિથુન ૐ એવા આ અક્ષરમાં સંબંધ પામે છે. જ્યારે પ્રસિદ્ધ તે યુગલ સંબંધ પામે છે. ત્યારે તે પરસ્પરના કામને પ્રાપ્ત કરે છે.[૪૫]

અહીં સુંદર ઉપમા રજૂ થઈ છે જેવી રીતે મળેલા અવયવવાળા સ્ત્રી–પુરુષ જ્યારે પશુધર્મપણા વડે સંબંધ પામે છે ત્યારે તે પરસ્પરની ઈચ્છાને અવશ્ય પામે છે એવી રીતે સર્વકામોની પ્રાપ્તિરૂપ ગુણ વડે વિશિષ્ટ વાણીને પ્રાણરૂપ યુગલ, ૐકારની વાણીમયતા તથા પ્રાણ વડે ઉત્પાદ્યતા હોવાથી, ૐ અક્ષરમાં સંબંધ પામે છે, તેથી ૐકારનું સર્વ કામોની પ્રાપ્તિરૂપ ગુણવાળાપણું પ્રસિદ્ધ છે.

પછી ૐકારની ઉપાસનાના ફળનું નિરૂપણ કરાયું છે જેમ કે, જે એમ જાણનાર આ ૐકારરૂપ અક્ષરને ઉપાસે છે નિશ્ચય ઈચ્છાઓનો પ્રાપક થાય છે.[૪૬]

પછી ૐકારના સમૃદ્ધિરૂપ ગુણનું અને તેવા ગુણયુક્ત ૐકારની ઉપાસનાના ફળનું વર્ણન કરાયું છે. જેમ કે,

તે પ્રસિદ્ધ આ અક્ષર અનુમતિ છે, કેમ કે, જે કોઈ અનુમતિ આપે છે તે ૐ એમ જ કહે છે. જે અનુજ્ઞા છે આજ સમૃદ્ધિ છે, કારણ કે, અનુજ્ઞા સમૃદ્ધિરૂપ મૂલવાળી છે તેથી ૐકાર સમૃદ્ધિરૂપ ગુણવાળો છે. જે એમ જાણનાર આ ૐકારરૂપ અક્ષરને ઉપાસે છે તે નિશ્ચય યજમાનોની કામનાઓની સમૃદ્ધિનો કર્તા થાય છે.[૪૭]

તાત્પર્ય એ છે કે, ૐકાર જ અનુમતિ છે અને ૐકારરૂપ અક્ષરની ઉપાસનાથી સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે.

પછી ઉપાસ્ય હોવાથી અધિકારીને રુચિ ઉપજાવવા માટે ૐકારની સ્તુતિ કરાયેલી છે. જેમ કે,

તે વડે આ ત્રણ વિદ્યા પ્રવર્તે છે. ૐ એમ આ શ્રવણ કરાવે છે, ૐ એમ પ્રશંસા કરે છે, ૐ એમ ઉદ્‌ગાન કરે છે. આ અક્ષરની પૂજા માટે જ છે. મહિમા વડે રસ વડે કર્મ પ્રવૃત થાય છે.[૪૮]

તાત્પર્ય એ છે કે, ૐકાર એ પરમાત્માનું પ્રતીક છે, તેથી ૐકારની પૂજા તે પરમાત્માની પૂજા છે. તે ૐ અક્ષરના કાર્યભૂત ઋત્વિક્, યજમાનને યજમાનપત્નીના પ્રાણરૂપ મહિમા વડે વૈદિકકર્મ પ્રવર્તે છે તેમજ તે અક્ષરના કાર્યભૂત ડાંગર, જવ આદિના રસથી નિર્વાહ કરેલા હુતદ્રવ્ય વડે કર્મ પ્રવૃત થાય છે. તે અક્ષર વડે યાગહોમાદિક થાય છે, તે કર્મ વિષે અગ્નિમાં હોમેલી આહુતિ આદિત્યપ્રતિ જાય છે, તેથી વૃષ્ટિ દ્વારા અન્ન થાય છે, અને અન્ન વડે ઋત્વિક્ આદિના પ્રાણની સ્થિતિ રહે છે, તેથી અહિં પ્રાણ અને અન્નને અક્ષરના કાર્યરૂપે કહેલો છે.

માત્ર અક્ષરના વિજ્ઞાનવાળાને જ કર્મ કર્તવ્ય છે એમ નહિ, પણ વિજ્ઞાન વિનાનો પણ કર્મનું અનુષ્ઠાન કરી શકે છે એમ દર્શાવ્યું છે. જેમ કે,

તે વડે બન્ને કરે છે, જે આને એ પ્રમાણે જાણે છે, અને જે નથી જાણતો. વિજ્ઞાનને કર્મ ભિન્ન જ છે. જે કર્મ વિજ્ઞાન વડે, આસ્તિકયબુદ્ધિ વડે અને ઉપાસના વડે યુક્ત થઈને કરે છે તે જ વધારે બલવાન્ થાય છે એમ પ્રસિદ્ધ આ અક્ષરનું જ ઉપવ્યાખ્યાન થાય છે.[૪૯]

તાત્પર્ય એ છે કે, જે આ ૐ અક્ષરના યથાર્થ સ્વરૂપને પૂર્વોકત રીતે જાણે છે, અને માત્ર કર્મને જાણનારો જે ૐકારના યથાર્થ સ્વરૂપને જાણતો નથી, તે બન્ને તે અક્ષર વડે કર્મ કરે છે. ૐકારને ઉદ્ગીથના અંગરૂપ તથા રસત્તમ પ્રાપ્તિને સમૃદ્ધિરૂપ, ગુણયુકત જાણીને કર્મ કરવું તેનું ફળ અધિક છે. અને ૐકારને માત્ર ઉદ્ગીથના અંગરૂપ જાણીને કર્મ કરવું તેનું ફળ ન્યુન છે. એવી રીતે રસતમાદિ અનેક વિશેષણો વડે અનેક પ્રકારથી ઉપાસ્ય હોવાથી પ્રસિદ્ધ આ ૐ અક્ષરનું જ ઉપવ્યાખ્યાન થાય છે.

આ રીતે ત્રણ ગુણવાળો ૐકાર પરમાત્મ બુદ્ધિ વડે ઉપાસ્ય છે એમ ઉપદેશ કરીને પછી તેજ અક્ષરના અધ્યાત્મ અને આધિદૈવ ભેદ વડે તેની આદિત્ય અને પ્રાણની દષ્ટિ વડે ઉપાસનાનો ઉપદેશ કરવામાં આવ્યો છે.

ઉદ્ગીથનું વિશેષ વર્ણન કરતાં કહ્યું છે કે, પ્રસિદ્ધ દેવો અને અસુરો બન્ને પ્રજાપતિનાં સંતાનો છે, તેઓ જે માટે સંગ્રામ કરવા લાગ્યા તે માટે પ્રસિદ્ધ દેવો આ વડે આમનો પરાભવ કરીશું એમ ધારીને ઉદ્ગીથને ગ્રહણ કરતા હતા.[૫૦]

તે દેવો પ્રસિદ્ધ નાસિકામાં રહેલા ઘ્રાણરૂપ ઉદ્ગીથની ઉપાસના કરતા હતા તે ઘ્રાણને પ્રસિદ્ધ અસુરો પાપ વડે વેધન કરતા હતા જેથી આ ઘ્રાણ પાપ વડે વિંધાયેલા છે તેથી લોક તે વડે સુગંધને – દુર્ગંધને બન્નેને સુંઘે છે.[૫૧]

પછી પ્રસિદ્ધ વાણીરૂપ ઉદ્ગાતાની દષ્ટિ વડે ૐકારની દેવો ઉપાસના કરતા હતા, તેને પ્રસિદ્ધ અસુરો પાપ વડે યુકત કરતા હતા જેથી આ પાપ વડે વિંધાયેલી છે તેથી તે વડે લોક સત્ય તથા મિથ્યા બન્ને બોલે છે.[૫૨]

પછી પ્રસિદ્ધ નેત્રરૂપ ઉદ્ગાતાની દષ્ટિ વડે ૐકારની દેવો ઉપાસના કરવા લાગ્યા. તેને પ્રસિદ્ધ અસુરો પાપના સંબંધવાળું કરતા હતા જેથી આ પાપના સંબંધવાળું છે તેથી તે વડે લોક જોવા યોગ્ય તથા નહિ જોવા યોગ્ય બન્નેને જુએ છે.[૫૩]

પછી પ્રસિદ્ધ શ્રોત્રરૂપ ઉદ્ગાતાની દષ્ટિ વડે ૐકારની દેવો ઉપાસના કરવા લાગ્યા. તેને પ્રસિદ્ધ અસુરો પાપના સંસર્ગવાળું કરતા હતા. જેથી આ પાપના સંસર્ગવાળું છે તેથી તે વડે લોક સાંભળવા યોગ્ય તથા નહિ સાંભળવા યોગ્ય બન્નેને સાંભળે છે.[૫૪]

પછી પ્રસિદ્ધ મનોરૂપ ઉદ્‌ગાતાની દષ્ટિ વડે ૐકારની દેવો ઉપાસના કરવા લાગ્યા. તેને પ્રસિદ્ધ અસુરો પાપના સંબંધવાળું કરતા હતા. જેથી આ પાપના સંબંધવાળું છે તેથી તે વડે લોક સંકલ્પ કરવા યોગ્ય ને નહિ સંકલ્પ કરવા યોગ્ય બન્નેનો સંકલ્પ કરે છે.[૫૫]

પછી પ્રસિદ્ધ જે આ મુખમાં રહેનારો પ્રાણ છે તે રૂપ ઉદ્‌ગાતાની દષ્ટિ વડે ૐકારની દેવો ઉપાસના કરતા હતા તેને પ્રસિદ્ધ અસુરો પૂર્વની પેઠે પામીને વિનાશ પામતા હતા, જેમ અભેદ્ય પાષાણને પામીને વિદીર્ણ થાય છે.[૫૬] અહીં સુંદર ઉપમા પણ રજૂ કરાયેલી છે.

તાત્પર્ય એ છે કે, પ્રાણનારૂપમાં ઉદ્‌ગીથની ઉપાસના શ્રેષ્ઠ માનવામાં આવી છે. જેનો અસુરો પણ દૂષિત કરી શકયા નહિ અને નષ્ટ થયા.

વિશુદ્ધિ ગુણવાળા મુખ્યપ્રાણ રૂપ ઉદ્‌ગાતાની દષ્ટિ વડે ૐકારની ઉપાસના વર્ણવી પછી તેમાં જ આંગિરસ, બૃહસ્પતિ તથા આયાસ્યરૂપ ત્રણ ગુણોના વિધાન વર્ણવવામાં આવ્યા છે. જેમ કે,

પ્રસિદ્ધ આંગિરાઋષિ તે ૐકારની ઉપાસના કરતા હતા. જેથી અંગોનો રસ આને જ આંગિરસ માને છે.[૫૭]

જેથી વાણી બૃહતી છે, ને તેનો આ પતિ છે તેથી પ્રસિદ્ધ બૃહસ્પતિ છે. તે ૐકારની ઉપાસના કરતા હતા. આને જ બૃહસ્પતિ માને છે.[૫૮]

જેથી મુખથી નીકળે છે. તેથી પ્રસિદ્ધ અયાસ્ય તે ૐકારની ઉપાસના કરતા હતા. આને જ આયાસ્ય માને છે.[૫૯]

તે પ્રાણરૂપ ૐકારને દલ્ભ્યના પુત્ર પ્રસિદ્ધ બક ઉપાસતા હતા. તે પ્રસિદ્ધ નૈમિષારણ્યવાસીઓના ઉદ્‌ગાતા થયા; તે વડે તે પ્રસિદ્ધ આ માટે કામોનું ગાન કરતા હતા.[૬૦]

જે એમ જાણનાર આ ૐ અક્ષરને ઉપાસે છે. નિશ્ચય કામોનું ગાયન કરનાર થાય છે. એ પ્રમાણે અધ્યાત્મ ૐકારની ઉપાસના છે.[૬૧]

આમ પ્રાણરૂપ ૐકારની ઉપાસનાનું ફળ વર્ણવાયું છે. પછી આદિત્યને વિષય કરનારી ૐકારની ઉપાસનાનું વર્ણન કરાયું છે. જેમ કે,

હવે દેવને વિષય કરનારી જે આ પ્રસિદ્ધ તપે છે. તે ૐકારની ઉપાસના કરે. ઉદય પામ્યો હોવા છતાં આ પ્રજાને માટે ઉંચેથી ગાન કરે છે. ઉદય પામેલો અંધકારનો, ભયનો નાશ કરે છે. જે એવા

ગુણવાળો સૂર્યને ઉપાસે છે તે નિશ્ચય ભયનો, આજ્ઞાનનો નાશ કરનાર થાય છે.[૬૨] તેથી પ્રાણના અને આદિત્યના સ્વરૂપનો ભેદ નથી તેથી પ્રાણને અને આદિત્યને એક કરીને તે દૃષ્ટિ વડે ૐકાર ઉપાસ્ય છે. શ્રી મનસુખલાલ સાવલિયા કહે છે કે, ભારતમાં પ્રાચીનકાળથી સૂર્યપૂજા થાય છે. ભારતમાં પ્રાચીન અનેક સૂર્યમંદિરો પ્રાપ્ત થાય છે. સૂર્યપૂજાથી અનેક લાભ થાય છે. તે અંધશ્રદ્ધા નથી વૈજ્ઞાનિક સત્ય છે.[૬૩]

આદિત્યરૂપ ૐકારની ઉપાસનાનું વિશેષ વર્ણન કરતાં જણાવ્યું છે કે, ગુણ અને નામથી આ પ્રાણ સૂર્યની તુલ્ય જ છે, અને આ સૂર્ય પણ પ્રાણની તુલ્ય છે. જેથી આ પ્રાણ ઉષ્ણ છે, ને આ સૂર્ય ઉષ્ણ છે, આ પ્રાણને સ્વર (મરણકાલે ગમન કરનાર) એમ કહે છે, અને આ સૂર્યને સ્વર (સાંજે ગમન કરનાર) એમ તથા પ્રત્યાસ્વર એમ કહે છે તેથી જ બન્નેનો અભેદ હોવાથી જ આ પ્રાણની તથા સૂર્યની દૃષ્ટિ વડે આ ૐકારને ઉપાસે છે.[૬૪]

પછી અન્ય પ્રકારે ૐકારની ઉપાસનાનું વર્ણન કરાયું છે. જેમ કે,

હવે પ્રસિદ્ધ વ્યાનની દૃષ્ટિ વડે જ ૐકારને ઉપાસે. પુરુષ જે ઉચ્છ્વાસ મૂકે છે તે પ્રાણ, તથા જે શ્વાસ લે છે તે અપાન છે, અને જે પ્રાણ અપાનનો સંધિ તે વ્યાન છે. જે વ્યાન છે તે વાણી છે તેથી પુરુષ પ્રશ્વાસ નહિં મૂકતો તથા શ્વાસ નહિં લેતો વાણી ઉચ્ચારે છે.[૬૫]

પછી વિસ્તૃત વર્ણન કરતાં કહ્યું છે કે, જે વાણી છે તે ઋચા છે તેથી પુરુષ ઉચ્છ્વાસ નહિં મૂકતો તથા શ્વાસ નહિં લેતો ઋચાનું ઉચ્ચારણ કરે છે. જે ઋચા છે તે સામ છે તેથી ઉચ્છ્વાસ નહિં મૂકતો તથા શ્વાસ નહિં લેતો પુરુષ સામનું ગાન કરે છે. જે સામ છે તે ઉદ્‌ગીથ છે તેથી ઉચ્છ્વાસ નહિં મૂકતો તથા શ્વાસ નહિં લેતો પુરુષ ઉદ્‌ગાન કરે છે.[૬૬]

વ્યાનવડે બીજાં અધિક પ્રયત્નથી થવા યોગ્ય કાર્ય પણ થાય છે. તેથી તેની દૃષ્ટિ વડે ૐકાર ઉપાસ્ય છે જેમ કે, આનાથી ભિન્ન જે બલવાન્ કર્મો જેમ કે, અગ્નિનું મંથન, અમુક મર્યાદાપર્યંત દોડવું, અને દ્રઢધનુષ્નું આકર્ષણ છે તેમને ઉચ્છ્વાસ નહિં મૂકતો તથા શ્વાસ નહિં લેતો કરે છે. આ કારણથી વ્યાનની દૃષ્ટિ વડે જ ૐકારને ઉપાસે છે.[૬૭]

પછી ઉદ્‌ગીથની ઉપાસનાના પ્રસંગથી આ ત્રણ અક્ષરોની ઉપાસના વર્ણવાયેલી છે જેમ કે,

હવે પ્રસિદ્ધ ઉદ્‌ગીથના અક્ષરોની ઉદ્‌ગીથ એમ ઉપાસના કરે. પ્રાણ જ ઉત્ છે, કેમ કે, પ્રાણવડે સર્વપ્રાણી ઉઠે છે; વાણી ગી છે, કેમ કે વાણીઓ જ ગિરાઓ છે એમ શિષ્ટો કહે છે; અને અન્ન થ છે, કેમ કે, અન્નમાં સર્વ સ્થિત છે.[૬૮]

તાત્પર્ય એ છે કે, ઉદ્દગીથમાં ઉત્, ગી અને થ એ ત્રણ અક્ષરો છે. સાદશ્યને લીધે ઉત્માં પ્રાણની દષ્ટિ, ગીમાં વાણીની દષ્ટિ અને થ માં અન્નની દષ્ટિ કર્તવ્ય છે એમ જણાયું છે. એ પ્રમાણે સાદશ્યને લીધે જ અન્ય દષ્ટિએ વર્ણન કરાયું છે. જેમ કે,

ઉંચે હોવાથી સ્વર્ગ જ 'ઉત્' છે. અંતરિક્ષ 'ગી' છે. પૃથ્વિ 'થ' છે. આદિત્ય જ 'ઉત્' છે. વાયુ 'ગી' છે, અને અગ્નિ 'થ' છે. સામવેદ જ 'ઉત્' છે. યજુર્વેદ 'ગી' છે. ઋગ્વેદ 'થ' છે. એ પ્રમાણે જાણનાર જે આ ઉદ્દગીથના અક્ષરોને ઉદ્દગીથ એમ ઉપાસે છે આ માટે જે વાણીનું દોહન છે. દોહનને વાણી દોવે છે. અન્નવાળો, પ્રદીપ્ત જઠરાગ્નિવાળો થાય છે.[૬૯]

પછી ૐકારનું વર્ણન પ્રાપ્ત થાય છે. જેમ કે, ઉદ્દગીથરૂપ ૐ એવા આ અક્ષરને ઉપાસે. જેથી ૐ એમ ઉંચેથી ગાન કરે છે. તેનું ઉપવ્યાખ્યાન થાય છે.[૭૦]

તાત્પર્ય એ છે કે, ઉદ્દગીથ શબ્દ વડે વાચ્ય ૐકાર છે. એક સુંદર ઉપમા રજૂ કરતાં કહ્યું છે કે, જેવી રીતે માછલી પકડનારો માછીમાર, જળની અંદર રહેલી માછલીને જોઈ લે છે, એવી રીતે ઋક્, સામ અને યજુસ્ સંબંધી, કર્મોમાં સંલગ્ન દેવોને મૃત્યુ એ જોઈ લીધા. દેવોએ આ વાત જાણતાં, તેઓએ ઋક્, સામ, યજુસ્ સંબધી કર્મોને ત્યાગીને એ ૐકાર અક્ષરમાં જ પ્રવેશી ગયા.[૭૧]

પછી ૐકાર સ્વર શબ્દ વડે કેવી રીતે વાચ્ય છે તે બાબત વર્ણાવાયેલી છે જેમ કે, જ્યારે પ્રસિદ્ધ ઋચાને સ્વાધીન કરે છે ત્યારે ૐ એમ જ અત્યંત આદરબુદ્ધિ વડે ઉચ્ચારે છે. એમ સામને તથા એમ યજુસ્‌ને અધ્યયન વડે જ્યારે સ્વાધીન કરે છે ત્યારે ૐ એમ અત્યંત આદરબુદ્ધિ વડે ઉચ્ચારે છે તેથી જે આ ૐ અક્ષર છે આ પણ સ્વર છે. આ ૐ અક્ષર બ્રહ્મનું પ્રતીક હોવાથી અમૃત તથા અભય છે. તેમાં પ્રવેશ કરીને તે અક્ષરનું બ્રહ્મબુદ્ધિ વડે ધ્યાન કરીને દેવો અમર તથા અભય થતા હતા.[૭૨]

અમૃતાદિ ગુણવાળા ૐકારની ઉપાસનાથી દેવોની પેઠે અન્ય ઉપાસકને પણ ફળ પ્રાપ્ત થાય છે જેમ કે, દેવોની પેઠે અન્ય જે કોઈ આ ૐ અક્ષરને એવી રીતે અમૃત–અભય ગુણવાળો જાણી ઉપાસે છે તે આ અક્ષરને સ્વરરૂપ અમૃત તથા અભયપ્રતિ જ પ્રવેશ કરે છે, અને તેમાં પ્રવેશ કરીને દેવો જે અમૃતવાળા થયા તે અમૃતવાળો તે થાય છે.[૭૩]

પ્રાણોના અને કિરણોના ભેદરૂપ ગુણયુકત દષ્ટિ વડે તે ૐકારની અનેક પુત્રરૂપ ફલવાળી ઉપાસનાનું વર્ણન કરાયું છે પ્રથમ ૐ, પ્રણવ અને આદિત્યની એકતા વર્ણવાયેલી છે જેમ કે,

હવે પસિદ્ધ જે ૐ છે તે ઋગ્વેદીઓનો પ્રણવ છે, અને જે તેઓનો પ્રણવ છે તે છાંદોગ્યમાં ૐ છે, એમ આ આદિત્ય જ ૐ છે, તથા આ આદિત્ય જ ઋગ્વેદીઓનો પ્રણવ છે, કારણ કે ગમન કરતા આ સૂર્ય પ્રાણીઓનો પ્રવૃત્તિ માટે જાણે ૐ એમ અનુમતિ આપતા ગમન કરે છે.[૭૪]

કૌષીતકિ ઋષિએ પોતાના પુત્રને કહ્યું – મેં ખાસ કરીને આદિત્યને લક્ષ્ય કરીને, ૐકારનું ગાન કર્યું હતું. એનાથી તું મારો એક પુત્ર છે. હવે તું જો સૂર્ય દ્વારા વિકેન્દ્રિત થતાં, સૂર્યનાં કિરણોનું ધ્યાન કર, તો જરૂર તને ઘણા બધા પુત્રોની પ્રાપ્તિ થશે.[૭૫] પછી અધ્યાત્મ જે આ પ્રસિદ્ધ મુખ્યપ્રાણ તે ૐકારને ઉપાસે, કારણ કે ગમન કરતો આ ૐ એમ ચાલે છે.[૭૬] કૌષીતકિ ઋષિ ફરીવાર જણાવે છે કે, હે પુત્ર ! મેં આ મુખ્યપ્રાણને લક્ષ્ય બનાવી ૐકારનું ગાન કર્યું હતું. તેથી તું મારો એક પુત્ર થયો. હવે તું મુખ્ય પ્રાણના ગુણભેદથી વિશિષ્ટ પ્રાણોનું ચિંતન કર, તો જરૂર તારા ઘણા બધા પુત્ર થશે.[૭૭] પછી પ્રણવ અને ૐકારની એકતાની જે ઉપાસના કહી તેનું ફળ વર્ણવાયું છે જેમ કે,

હવે પ્રસિદ્ધ જે ૐ છે તે પ્રણવ છે, અને જે પ્રણવ છે તે ૐ છે એવી રીતે પ્રણવ અને ૐના એકપણાના વિજ્ઞાનના માહાત્મ્યથી ઉદ્દ્ગાતા દુષ્ટ ઉદ્દ્ગાનને પણ અવશ્ય હોતાના કર્મથી સુધારે છે.[૭૮]

પછી ૐકારની અન્ય ઉપાસનાનું વર્ણન કરાયું છે. પછી આદિત્યમાં રહેલા તે પરમાત્માના ઉદ્દ્ગીથપણાને વર્ણવાયું છે જેમ કે, તેનાં ઋક્ અને સામ પર્વ છે. તેથી ઉદ્દ્ગીથ છે, તેથી જ ઉદ્દ્ગાતા છે. જેથી આનો ગાયક છે વળી તે આ ઉત્નામવાળા દેવ જે આથી ઉર્ધ્વલોકો છે તેમના તથા દેવોના ઈચ્છિત ફળના નિયામક અને ધારણ કરનાર છે. એવી રીતે આ દેવતારૂપ વિષયવાળું ઉદ્દ્ગીથરૂપ દેવનું સ્વરૂપ કહ્યું.[૭૯]

અધ્યાત્મ અને આધિદૈવતરૂપ સ્થાનના ભેદ વડે અવિચ્છન્ન પરમાત્માની દષ્ટિ વડે ઉદ્દ્ગીથની ઉપાસના જે સમગ્ર પાપોના નાશરૂપ ફલવાળી છે તે વર્ણવી. હવે પછી સ્થાનભેદના અવચ્છેદનો ત્યાગ કરીને પરોવરીયસ્ત્વ ગુણવાળા પરમાત્માની દષ્ટિ વડે ઉદ્દ્ગીથની ઉપાસના જે પરોવરીયસ્ત્વની પ્રાપ્તિ ફલવાળી છે તે વર્ણવાય છે. જેમ કે,

ત્રણ પ્રસિદ્ધ ઉદ્દ્ગીથમાં નિપુણ હતા. શલાવાન્નો પુત્ર શિલક, ચિકિતાયનનો પુત્ર દાલ્ભ્યને જીવલનો પુત્ર પ્રવાહણ એમ. તેઓ પરસ્પર કહેવા લાગ્યા :– ‘‘આપણે ઉદ્દ્ગીથમાં નિપુણ છીએ. જો તમારી અનુમતિ હોય તો આપણે ઉદ્દ્ગીથ જ્ઞાનમાં વાદ કરીએ.’’ એમ.[૮૦]

‘‘તેમ થાઓ’’ એમ કહીને પ્રસિદ્ધ તેઓ સારી રીતે બેસતા હતા. પ્રસિદ્ધ તે જીવલનો પુત્ર પ્રવાહણ રાજા બોલ્યો :– ‘‘આપ બે પ્રથમ વાદ કરો. વાદ કરનારા બે બ્રાહ્મણની વાણી હું સાંભળીશ.’’ એમ.[૮૧]

"જો અનુમતિ આપે તો તને પૂછું" એમ પ્રસિદ્ધ તે શલાવાનનો પુત્ર શિલક ચિકિતાયનના પુત્ર દાલ્ભ્ય પ્રતિ બોલ્યો. "પૂછ" એમ પ્રસિદ્ધ બોલ્યો.[૮૨] પછી નીચે પ્રમાણે પ્રશ્નોત્તર થયાં એમ કહે છે :–

"ઉદ્‌ગીથનો આશ્રય કોણ ?" એમ શિલકે પૂછયું ઉદ્‌ગીથ સ્વરૂપ હોવાથી "સ્વર" એમ પ્રસિદ્ધ દાલ્ભ્ય બોલ્યો. "સ્વરનો આશ્રય કોણ ?" એમ શિલકે પૂછયું ત્યારે સ્વર પ્રાણથી ઉપજે છે તેથી "પ્રાણ" એમ પ્રસિદ્ધ દાલ્ભ્યે કહ્યું. "પ્રાણનો આશ્રય કોણ ?" એમ શિલકે પૂછયું ત્યારે પ્રાણ અન્નરૂપ આશ્રય–વાળો હોવાથી "અન્ન" એમ પ્રસિદ્ધ દાલ્ભ્યે કહ્યું. "અન્નનો આધાર કોણ ?" એમ શિલકે પૂછયું ત્યારે અન્નની જલથી ઉત્પત્તિ હોવાથી "જલ" એમ પ્રસિદ્ધ દાલ્ભ્યે કહ્યું.[૮૩] "જલનો આશ્રય કોણ ?" એમ શિલકે પૂછયું. ત્યારે વૃષ્ટિનું કારણ સ્વર્ગ હોવાથી "આ સ્વર્ગલોક" એમ પ્રસિદ્ધ દાલ્ભ્યે કહ્યું. "આ સ્વર્ગલોકનો આશ્રય કોણ ?" એમ શિલકે પૂછયું ત્યારે સ્વર્ગલોકને અતિક્રમણ કરીને અન્ય આશ્રયપ્રતિ સામને ન લઈ જાય એમ કોઈ કહે છે તેથી અમે પણ સ્વર્ગલોકપ્રતિ સામને સર્વભણીથી સારી રીતે સ્થાપન કરીએ છીએ. જેથી સ્વર્ગભાવ વડે જેનું સંસ્તવન કરાય છે. એવો સામ છે એમ દાલ્ભ્યે કહયું.[૮૪]

એવું દાલ્ભ્યનો ઉત્તર સાંભળી તેના પ્રતિ શિલકે જે કહ્યું તે જણાવ્યું છે જેમ કે,

શલાવાન્‌નો પુત્ર પ્રસિદ્ધ શિલક તે ચિકિતાયનના પુત્ર દાલ્ભ્ય પ્રતિ બોલ્યો :– "હે દાલ્ભ્ય ! તારું સામ ન્યાયને આગમ વડે અસમાપ્તગતિવાળું છે. જે અસહનશીલ સામનો જાણકાર આ સમયમાં 'તારું માથું પડશે' એમ કહે તો તારું માથું પડે, એમ."[૮૫] હું કહેતો નથી.

"અનુમતિ હોય તો હું આ જેમાં સામ સ્થિતિવાળું છે તે આપથી જાણું" એમ દાલ્ભ્યે કહ્યું ત્યારે "જાણ" એમ પ્રસિદ્ધ શિલકે કહ્યું. "આ સ્વર્ગલોકનો આશ્રય કોણ ?" એમ દાલ્ભ્યે પૂછયું ત્યારે આ લોક યાગાદિ વડે સ્વર્ગનું પોષણ કરે છે તેથી "આ લોક" એમ પ્રસિદ્ધ શિલકે કહ્યું. "આ લોકનો આધાર કોણ ?" એમ દાલ્ભ્યે પૂછયું ત્યારે "આધારરૂપ આ લોકનું અતિક્રમણ કરીને તેને ન લઈ જાય એમ કોઈ કહે છે તેથી અમે આધારરૂપ લોકપ્રતિ સામને સર્વભણીથી સારી રીતે સ્થાપન કરીએ છીએ. જેથી આધારભાવ વડે જેની સ્તુતિ કરાય છે એવો સામ છે એમ શિલકે કહયું.[૮૬] પછી પ્રવાહણરાજાની જે પ્રવૃતિ થઈ તે વર્ણવાય છે. જેમ કે,

તેને પ્રસિદ્ધ જીવલનો પુત્ર પ્રવાહણ કહેતો હતો :– "હે શાલાવત્ય ! ન્યાય અને આગમ વડે અંતવાળું તારું સામ છે, જે અસહનશીલ સામ જાણનાર આ સમયમાં 'તારું માથું પડશે' એમ કહેતો તારું માથું પડે, એમ, પણ હું કહેતો નથી." "અનુમતિ હોય તો હું આ જેમાં સામ સ્થિતિવાળું છે તે આપથી જાણું" એમ શિલકે કહયું ત્યારે "જાણ." એમ પ્રસિદ્ધ પ્રવાહણે કહ્યું.[૮૭]

હવે પછી શિલકના પ્રશ્ન તથા પ્રવાહણના ઉત્તરનું નિરૂપણ કરાયું છે જેમકે,

''આ લોકનો આશ્રય કોણ ?'' એમ શિલકે પૂછયું ત્યારે ''આકાશ'' એમ પ્રસિદ્ધ પ્રવાહણે કહ્યું. ''પ્રસિદ્ધ આ સર્વ સ્થાવર–જંગમ ભૂતો પરમાત્માથી જ ઉપજે છે, ને પરમાત્મા પ્રતિ લય પામે છે. જેથી પરમાત્મા જ આ સર્વભૂતોથી મહત્તર છે તેથી તે પરમાત્મા સર્વભૂતોનો પરમ ત્રણે કાલમાં આશ્રય છે.[૮૮]

હવે પછી પરમાત્માના ઉદ્ગીથમાં સંપાદન કરેલાં પરોવરીયાન્પણારૂપ ગુણનો ઉપદેશ કરી તેની ઉપાસના કરનારને થનારું ફળ વર્ણવે છે. જેમ કે,

તે આ પરોવરીયાન્ ઉદ્ગીથ છે તેથી તે અંતરહિત છે. જે આને એમ જાણનાર પરોવરીયાન્ ઉદ્ગીથને ઉપાસે છે એનું જીવન ઉત્તરોત્તર વધારેથી અતિ વધારે થાય છે, તથા ઉત્તરોત્તર શ્રેષ્ઠથી અતિશ્રેષ્ઠ પ્રસિદ્ધ પરમાત્મ પર્યંતના લોકોને પામે છે.[૮૯]

હવે વિધિને ઉપકાર કરનાર અર્થવાદનું નિરૂપણ કરાયું છે. જેમ કે, તે આ ઉદ્ગીથોપાસના શુનકનો પુત્ર પ્રસિદ્ધ અતિધન્વા ઉદરશાંડિલ્યને કહીને બોલ્યો :– ''જ્યાં સુધી તારી પ્રજામાં આ ઉદ્ગીથને જાણશે ત્યાં સુધી આ લોકમાં તેમનું પ્રસિદ્ધ આ લૌકિક જીવનોથી ઉત્તરોત્તર વિશિષ્ટત્તર જીવન થશે.[૯૦] તેવી રીતે પરલોકમાં ઉત્તરોત્તર શ્રેષ્ઠથી અધિકશ્રેષ્ઠ લોક થાય છે. એમ. પરલોકમાં શ્રેષ્ઠત્તમ લોક થાય છે. એમ.[૯૧]

તાત્પર્ય એ છે કે, ઉદ્ગીથ ઉપાસના જ શ્રેષ્ઠથી અતિશ્રેષ્ઠ છે તેનાથી આ લોક તેમ જ પરલોકમાં શ્રેષ્ઠથી અતિશ્રેષ્ઠ જીવન પ્રાપ્ત થાય છે.

હવે પછી ઉષસ્તિઋષિ દ્વારા ઉદ્ગીથ ઉપાસના વર્ણવાયેલી છે. એક વખત કરાની (બરફની) વૃષ્ટિથી કુરુદેશની ખેતી નાશ પામી. ત્યારે ઈભ્ય ગામમાં નાની વયની પોતાની પત્ની સાથે ચક્રઋષિના પુત્ર ગરીબીમાં ઉપસ્થિત રહેતા હતા. એક દિવસ ઉષિસ્ત ઋષિએ સડેલા અડદ ખાનારા મહાવત પાસે ભિક્ષા માંગી ત્યારે તેણે એંઠા અડદ આપ્યા અને પાણી પીવા પણ જણાવ્યું ત્યારે એંઠુ પાણી પીવાની ના પાડતા કહ્યું કે પાણી તો મળી રહે છે. ઉષિસ્ત ઋષિએ એક ભાગ ખાઈ, બીજો પત્ની માટે રાખ્યો. તેની પત્નીએ તે અડદ રાખી મૂક્યા. સવારમાં ઉષિસ્તઋષિ તે અડદ ખાઈને યજ્ઞમાં ગયા. તેઓ સ્તોતાઓના સ્થાને જઈને એમની નજીક બેસી પ્રસ્તોતાને કહ્યું. જે દેવતા પ્રત્યે સ્તુતિ કરો છો તે વગર જાણ્યે જ કરશો તો તમારું મસ્તક પડી જશે. તે જ રીતે ઉદ્ગાતા, પ્રતિહર્તાને કહ્યું. ત્યારે રાજાએ ઋષિને પૂછયું. કોણ છો ? જાણીને રાજાએ યજ્ઞકર્મ પૂર્ણ કરાવવા જણાવ્યું ત્યારે ઉષિસ્ત ઋષિએ જણાવ્યું કે મને બીજા જેટલું જ ધન આપજો. રાજાએ કહ્યું ભલે. ત્યારે પ્રસ્તોતાએ ઋષિને કહ્યું દેવતા કયાં છે ?[૯૨] ત્યારે પ્રાણ એમ પ્રસિદ્ધ ઉષિસ્ત બોલ્યા.

"પ્રસિદ્ધ આ સર્વ ભૂતો પ્રાણપ્રતિ જ સર્વભણીથી સારી રીતે પ્રવેશ કરે છે. પ્રાણથી જ ઉત્પન્ન થાય છે આ દેવતા પ્રસ્તાવપ્રતિ અનુગત છે તેને નહિ જાણનાર તું મારી સમીપ જો પ્રસ્તાવભાગ બોલે તો મારા વડે કહેવાયેલા એમ તારું માથું પડત." એમ.[૯૩] પછી ઉદ્‌ગાતા પ્રસિદ્ધ આ ઉષિસ્તની સમીપ વિનય વડે ગયો, અને તેણે "હે ઉદ્‌ગાતર્ ! જે દેવતા ઉદ્‌ગીથપ્રતિ અનુગત છે તેને નહિ જાણનાર તું જો મારી સમીપ ઉદ્‌ગાન કરીશ તો તારું માથું પડશે એમ આપ મારા પ્રતિ બોલ્યા તે દેવતા કોણ છે ?" એમ.[૯૪] ત્યારે "આદિત્ય" એમ પ્રસિદ્ધ ઉષિસ્ત બોલ્યા, "પ્રસિદ્ધ આ સર્વ ભૂતઉર્ધ્વ રહેલા આદિત્યની સ્તુતિ કરે છે. તે આ દેવતા ઉદ્‌ગીથપ્રતિ અનુગત છે તેને નહિ જાણનાર તું મારી સમીપ જો ઉદ્‌ગાન કરે તો મારા વડે તારું માથું પડશે એમ કહેવાયેલા તારું માથું પડત." એમ.[૯૫]

તાત્પર્ય એ છે કે, પ્રસ્તાવ, ઉદ્‌ગીથને પ્રતિહારરૂપ સામભાગ પ્રાણ, આદિત્યને અન્નની દષ્ટિ વડે ઉપાસે.

હવે પછી અન્નની કામનાવાળા માટે અન્ય પ્રકારે ઉદ્‌ગીથ ઉપાસના વર્ણવાયેલ છે. જેમ કે,

હવે અન્નનો લાભ થાય તે માટે શ્વાનોએ દીઠેલું ઉદ્‌ગાન આરંભાય છે :– ત્યાં દલ્ભ્યના પુત્ર પ્રસિદ્ધ બક અથવા મિત્રા. પુત્ર ગ્લાવ એવા બે નામવાળા કોઈ ઋષિ સ્વાધ્યાય કરવા માટે ગામથી બહાર એકાંત દેશમાં સ્થિત જલની સમીપ ગયા.[૯૬] સ્વાધ્યાય કરવા વડે સંતોષ પામેલો મુખ્યપ્રાણ શ્વેતશ્વાન થઈને તેને માટે ઋષિના અનુગ્રહ માટે પ્રાદુર્ભાવ પામ્યો. તે શ્વાન પ્રતિ બીજા વાગાદિક ક્ષુદ્ર શ્વાનો થઈ સમીપ આવીને કહેવા લાગ્યા :– "અમારે માટે આપ અન્નનું આગાન કરો, આગાન વડે અન્ન મેળવો, અમે ભૂખ્યા જ છીએ. એમ.[૯૭] "પ્રાતઃકાલમાં અહિં જ મારી સમીપ આવજો." તેમ તે ક્ષુદ્રશ્વાનોને પ્રસિદ્ધ શ્વેતશ્વાને કહ્યું. ત્યાં દલ્ભ્યના પુત્ર પ્રસિદ્ધ બક વા મિત્રના પુત્ર ગ્લાવ પ્રતિપાલન કરતા હતા.[૯૮] તે શ્વાનો ત્યાં આવીને જેમ પ્રસિદ્ધ આ યજ્ઞકર્મમાં બહિષ્પવમાન સ્તોત્ર વડે સ્તુતિ કરતા ઉદ્‌ગાતા આદિ પરસ્પર સંલગ્ન થયેલા ચાલે છે તેમ મુખ વડે પરસ્પરના પુચ્છને ગ્રહણ કરીને પરિભ્રમણ કરવા લાગ્યા. પછી તેઓ સારી રીતે બેસીને નીચે પ્રમાણે હિંકાર કરવા લાગ્યા.[૯૯] "ૐ ભક્ષણ કરીએ, ૐ પાન કરીએ. ૐ પ્રકાશરૂપ હોવાથી દેવ, જગત્‌માં વૃષ્ટિ કરનાર હોવાથી વરુણ, પ્રજાઓનું પાલન કરવાથી પ્રજાપતિ, ને સર્વના ઉત્પન્ન કરનાર હોવાથી સવિતા એવા નામવાળા આદિત્ય અમારે માટે અહિં અન્ન લાવે." એ પ્રમાણે હિંકાર કરી પુનઃ તે બોલવા લાગ્યા :– "હે અન્નપતે ! આપ અમારા માટે અહિં અન્ન લાવો, અહિં અન્ન લાવો. ૐ." એમ.[૧૦૦]

તાત્પર્ય છે કે ૐનું ત્રણ વાર ઉચ્ચારણ ગાન માટે છે. સૂર્ય વૃષ્ટિ દ્વારા અન્ન ઉપજાવે છે, તેથી અન્નપતિ કહ્યા છે. અંતમાં જે ૐ છે તે સૂર્યની પ્રાર્થનાની સમાપ્તિ સૂચવે છે.

બીજા પ્રપાઠકના સ્થૂળ અને સૂક્ષ્મ પ્રકૃત્તિમાં ઉદ્‌ગીથનું વર્ણન કરાયું છે. અંતરિક્ષ ઉદ્‌ગીથ છે.[૧૦૧] વરસનારું જળ ઉદ્‌ગીથ છે.[૧૦૨] પૂર્વદિશામાં વહેતો દોડતો મેઘ ઉદ્‌ગીથ છે.[૧૦૩] વર્ષાઋતુ ઉદ્‌ગીથ છે.[૧૦૪] ગાયો ઉદ્‌ગીથ છે.[૧૦૫] ચક્ષુ ઉદ્‌ગીથ છે.[૧૦૬] શબ્દ ઉત્ જ ઉદ્‌ગીથરૂપ છે.[૧૦૭] ત્યારબાદ મધ્યદિવસમાં, આદિત્યનું જે રૂપ હોય છે, એ ઉદ્‌ગીથરૂપ છે. સમસ્ત દેવગણ, એ ઉદ્‌ગીથરૂપના અનુગામી છે. જો કે, એ ઉદ્‌ગીથરૂપ, સામના ઉપાસક છે, તેથી પ્રજાપતિ દ્વારા ઉત્પન્ન પ્રાણીઓમાં સર્વશ્રેષ્ઠ છે.[૧૦૮] ઉદ્‌ગીથ શબ્દ ત્રણ અક્ષરોવાળો છે અને ઉપદ્રવ ચાર અક્ષરોવાળો છે. એ ત્રણ–ત્રણ અક્ષરોમાં સમાન છે, એક અક્ષર શેષ રહી જાય છે. આ શેષ રહેનારો 'અક્ષર' કહેવામાં આવે છે, એમાં પણ ત્રણ અક્ષર છે, તેથી એ પણ સમાન છે.[૧૦૯] પ્રજ્જવલિત અગ્નિ ઉદ્‌ગીથ છે.[૧૧૦] શયન ઉદ્‌ગીથ છે.[૧૧૧] મધ્યાહ્નકાળનો સૂર્ય ઉદ્‌ગીથ છે.[૧૧૨] ઘોર ઉદ્‌ગીથ છે.[૧૧૩] સમાન ઉદ્‌ગીથ છે.[૧૧૪] આદિત્ય ઉદ્‌ગીથ છે.[૧૧૫] અગ્નિ, વાયુ, આદિત્ય એ ઉદ્‌ગીથ છે.[૧૧૬]

એક સુંદર ઉપમા રજૂ થઈ છે જેમ કે, ફરીથી તપના પ્રભાવથી એમણે ત્રણેય અક્ષરોનો સાર ૐકાર પ્રાપ્ત કર્યો. જે રીતે શંકુઓ (નસો) દ્વારા બધાં જ પાંદડાઓ વ્યાપ્ત રહે છે, એ જ પ્રમાણે ૐકાર દ્વારા સંપૂર્ણ વાણીઓ વ્યાપ્ત છે. ૐકાર જ આ સંપૂર્ણ જગત છે. ૐ જ આ સંપૂર્ણ આકાશ છે.[૧૧૭]

છાંદોગ્યોપનિષદ્દીપિકામાં ઓમ્‌નું મહત્ત્વ દર્શાવતાં સાયણાચાર્યે કહ્યું છે કે :

ओ३मदा३म । ओं३ पिबाम । ओं३ देवो वरुणः प्रजापतिः सविताऽन्नमिहाऽऽहरत् । अन्नपते३न्नमिहाऽऽहराऽऽहरो३मिति ॥ (ओमिति)

ॐकारेणात्र प्रौढस्वरूपो देवः संबोध्यते । अथवा तस्यापि गाने प्रवृत्तत्वादन्नप्रदः परमेश्वरः संबोध्यते । हे परमेश्वर क्षुधिता वयमन्नमदाम । हे परमेश्वर तृषार्ता वयमुदकं पिबाम । हे परमेश्वर देवोद्योतनात्मकवरुणः क्षुत्पिपासयोर्निवारयिता प्रजापतिः प्रजानां पालकः सविता भगवानादित्यस्त्वया परमेश्वरेण प्रेरितः सन्नस्मदर्थमन्नमिह देशे आहरत् आनयतु । हे अन्नपते सवितः अन्नमिह देशे आहराहर । सर्वंथैवानय द्विरुक्तिरादरार्थ । पुनरप्योंकारः परमेश्वरस्मरणार्थः । तदेतत्सामद्वयं भक्तियुक्तेन मुनिद्वयेन यथा लब्धं तथाऽन्योऽपि लभेतेति तात्पर्यार्थः ॥ (छान्दोग्योपनिषदीपिका - १ / १२ / ५)

તાત્પર્ય એ છે કે, ૐ જ ઉદ્‌ગીથ છે. ૐ જ સર્વ છે. ૐ નું સ્પષ્ટ સ્વરૂપ પ્રાપ્ત થાય છે.

## (૧૦) પ્રશ્નોપનિષદ્ :

આ ઉપનિષદ્ અથર્વવેદ સાથે સંબંધિત ઉપનિષદ્ છે. આ ઉપનિષદ્માં કબંધી આદિ છ શિષ્યોએ પ્રશ્ન કર્યો છે, અને શ્રી પિપ્લાદ નામના આચાર્યે તેમનાં ઉત્તર આપ્યાં છે, તેથી આ ઉપનિષદ્નું નામ પ્રશ્નોપનિષદ્ રાખવામાં આવ્યું છે. આમાં ઋષિઓના પ્રશ્ન અને ઉત્તરરૂપ જે આખ્યાયિકા છે તે વિદ્યાની સ્તુતિ માટે છે. અથર્વવેદના ઉપનિષદ્દોના આરંભમાં અને અંતમાં મુકિતકોપનિષદ્ને આધારે શાંતિપાઠ આપવામાં આવ્યો છે :

ॐ भद्रं कर्णेभिः शृणुयाम देवाः ।
भद्रं पश्येमाक्षभिर्यजत्राः ।
स्थिरैरङ्गैस्तुष्टुवाँ सस्तनूभिः ।
व्यशेम देवहितं यदायुः ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः

જે પણ કલ્યાણ એવો અર્થ આપે છે.

પ્રશ્નોપનિષદ્માં સત્યકામે પૂછયું કે, ‘‘ઓમ્કારનું ધ્યાન કરનારને કયા લોકની પ્રાપ્તિ થાય છે ?’’[૧૧૮] તેના પ્રત્યુત્તરમાં ભગવાન્ પિપ્લાદે કહ્યું કે, ‘‘અપરબ્રહ્મરૂપે ઓમ્કારનું ધ્યાન કરનારને સત્યલોકની પ્રાપ્તિ થાય છે, અને પરબ્રહ્મરૂપે ઓમ્કારનું ધ્યાન કરનારને પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે.[૧૧૯]

અહીં દર્શાવવામાં આવેલી ઉપાસના ઓમ્કારના અભિધ્યાનરૂપ છે. તેથી આ ઉપાસના હૃદયાકાશાદિની ઉપાસનાની જેમ અપરબ્રહ્મ અથવા પરબ્રહ્મની પ્રાપ્તિનું સાધન છે. અપરબ્રહ્મના આલંબનપણા વડે જો ધ્યાન કરવામાં આવે તો તે અપરબ્રહ્મની પ્રાપ્તિ માત્રનું સાધન થાય છે, અને પરબ્રહ્મનાં આલંબનપણા વડે જો તેનું ધ્યાન કરવામાં આવે તો તે ક્રમ વડે પરબ્રહ્મની પ્રાપ્તિનું સાધન થાય છે.

અકાર, ઉકાર અને મકાર નામવાળી ઓમ્કારની જે ત્રણ માત્રાઓ છે તેની ભિન્ન–ભિન્નરૂપે કે અભિન્નરૂપે ઉપાસના કરવાથી કેવું ફળ મળે છે, તેના વિષે પિપ્લાદ ઋષિ કહે છે કે, ઉપાસક જો સર્વદા એકમાત્રારૂપ અકારનું ધ્યાન કરે છે, તો તે પુરુષ એકમાત્રારૂપ ઓમ્કારના અવયવના ધ્યાનથી જ તે માત્રાના સાક્ષાત્કારવાળો બનવા છતાં શીઘ્ર જ પૃથિવીમાં મનુષ્ય–શરીરને પામે છે. તેમાં તે ઋચાઓ તે સાધકને મનુષ્ય શરીરને પ્રાપ્ત કરે છે. અર્થાત્ ઋગ્વેદરૂપ ઓમ્કારની પ્રથમમાત્રા જે અકાર છે તે

ઋગ્વેદ છે. "अकारः स ऋग्वेदः ।" એ શ્રુતિમાં ઓમ્કારની પ્રથમ માત્રા અકારને ઋગ્વેદરૂપે કહેલી છે. તેથી અહીં ઋચાઓનું અર્થ ઓમ્કારની પ્રથમમાત્રા એવો કર્યો છે. તે સાધક ઓમ્કારની પ્રથમમાત્રાના ધ્યાન વડે તે મનુષ્ય જન્મમાં દ્વિજોત્તમ થઈને તપ વડે, બ્રહ્મચર્ય વડે અને શ્રદ્ધા વડે યુક્ત થયો હોવા છતાં વિભૂતિનો અનુભવ કરે છે, પરંતુ દુર્ગતિને પામતો નથી. અર્થાત્ ઓમ્કારના એક દેશના ધ્યાનના પ્રભાવથી શ્રેષ્ઠગતિને પામે છે.[૧૨૦]

એ જ રીતે ઓમ્કારની બીજી માત્રા જે ઉકાર છે તેનું ધ્યાન કરે તો સાધક ચંદ્રમારૂપ દેવવાળા મનમાં એકાગ્રતાથી આત્મભાવને પામે છે. આત્મભાવને પ્રાપ્ત એવો તે બીજી માત્રારૂપ યજુર્વેદથી અંતરિક્ષરૂપ આધારવાળા ચંદ્રલોકને પ્રાપ્ત કરે છે. પછી તે પુરુષ તે ચંદ્રલોકમાં વિભૂતિમાં અનુભવ કરીને પુનઃ મનુષ્યલોકમાં જન્મ પામે છે.[૧૨૧]

પરંતુ જે પુરુષ ત્રણ માત્રારૂપ 'ઓમ્' એવા આ અક્ષરરૂપ પ્રતીક વડે ઓમ્કારરૂપ પરપુરુષનું સારી રીતે ધ્યાન કરે છે, તે પુરુષ તેજોરૂપ સૂર્યને પ્રાપ્ત થાય છે. પછી તેની ત્યાંથી પુનરાવૃત્તિ થતી નથી. આ વાતને ઋષિ એક સુંદર ઉપમા દ્વારા સમજાવતાં કહે છે કે, જેવી રીતે સર્પ કાંચળીથી મુક્ત થાય છે, તેમ તે સાધક પણ અશુદ્ધિરૂપ પાપથી મુક્ત થાય છે. પછી અશુદ્ધિથી મુક્ત થયેલો તે તૃતીય માત્રારૂપ સામ વડે ઊર્ધ્વસ્થિત હિરણ્યગર્ભ (બ્રહ્મા) ના સત્યલોક તરફ ગતિશીલ બને છે. સમષ્ટિલિંગરૂપ હિરણ્યગર્ભમાં વ્યષ્ટિલિંગદેહના અભિમાની એવા સર્વ જીવો એકત્ર થયેલા છે. તેથી તે હિરણ્યગર્ભ 'જીવનધન' કહેવાય છે. અને તે ત્રણ માત્રારૂપ ઓમ્કારનો જ્ઞાતા બ્રહ્મલોક સ્થિત બન્યા પછી આ સર્વથી ઉત્કૃષ્ટ જીવનધનરૂપ હિરણ્યગર્ભથી પર એવા પરમાત્મા નામનાં સર્વશરીરરૂપ પુરીઓમાં રહેલા પુરુષને જુએ છે.[૧૨૨]

ઉપર્યુકત અર્થને વિશેષ પ્રકાશિત કરવા ઋષિએ વધુ બે મંત્રો રજૂ કર્યા છે; તેમાં જણાવે છે કે, ઓમ્કારની ત્રણ માત્રા મૃત્યુના વિષયરૂપ છે. પરંતુ બાહ્ય (સ્થૂલ શરીર, વિશ્વ અને વિરાટ), આભ્યંતર (કારણ શરીર, પ્રાજ્ઞ અને ઈશ્વર) અને મધ્યમ (સૂક્ષ્મશરીર, તૈજસ અને હિરણ્યગર્ભ) ની સાથે અકારાદિ ત્રણ માત્રાના એકત્વના ચિંતનરૂપ સારી રીતે યોજેલી યોગક્રિયામાં જો પરસ્પર સંબંધવાળી અને વિશેષે એક વિષયમાં યોજેલી તે ત્રણ માત્રાઓ જોડવામાં આવી હોય તો તેવો ઓમ્કારના ઉક્ત વિભાગનો જ્ઞાતા વિક્ષેપને પ્રાપ્ત થતો નથી, પરંતુ તેવો યોગી વિક્ષેપરહિત જ થાય છે.[૧૨૩]

પૂર્વ અર્થના સંગ્રહરૂપ અર્થવાળા દ્વિતીયમંત્રમાં ઋષિ ઉપસંહાર કરતા કહે છે કે, ઋચાઓ વડે આ મનુષ્યલોકને, યજુસો વડે અંતરિક્ષમાં રહેલા ચંદ્રલોકને અને સામો વડે જ બ્રહ્મલોકને વિદ્યાવાન્ જાણે

છે તે બ્રહ્મલોકને ઉપાસક પ્રાપ્ત થાય છે. તે અપરબ્રહ્મરૂપ ત્રિવિધલોકને ઓમ્કારરૂપ સાધનથી વિદ્વાન પામે છે. જે જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ આદિ ભેદરૂપ સર્વપ્રપંચથી રહિત શાંત, અજર, અમર, અભય અને પર એવા તે પરબ્રહ્મને પણ તે ઓમ્કારરૂપ સાધનથી જ વિદ્વાન પામે છે.[૧૨૪]

તાત્પર્ય એ છે કે, ૐકાર જ પરબ્રહ્મ અને અપરબ્રહ્મ છે. ૐકાર વડે જે પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે કારણ કે ૐકાર જ સર્વશ્રેષ્ઠ છે.

## (૧૧) મુંડકોપનિષદ્ :

આ અથર્વવેદની શૌનકીય શાખાનું ઉપનિષદ્ છે. જેમાં ત્રણ મુંડક છે. તથા પ્રત્યેક મુંડકમાં બે–બે ખંડ છે. 'મુંડક' શબ્દના તાત્પર્યનો અર્થ 'મનનું મુંડન કરી, અવિદ્યાથી મુકત કરનારું જ્ઞાન છે.' એમાં મહર્ષિ અંગિરાએ શૌનકજીને પરા–અપરા વિદ્યા સમજાવી છે.

બ્રહ્મને જાણવાથી સર્વ જાણવામાં આવે છે. તે બ્રહ્મ પરારૂપ બ્રહ્મવિદ્યાનો વિષય છે. આથી મુખ્યઉપનિષદોમાં પ્રથમ બ્રહ્મના સ્વરૂપને વર્ણવીને પછી તેનાં ચિત્તને એકાગ્ર કરવાનો ઉપદેશ ધનુષ–બાણના રૂપક વડે કહે છે – ઓમ્કાર ધનુષ છે, આત્મા બાણ છે તથા બ્રહ્મ તે લક્ષ્ય કહેવાય છે. તે પ્રમાદરહિત બનીને વેધન કરવા યોગ્ય છે. બાણની પેઠે તન્મય થાય છે.[૧૨૫] એટલે કે, જેમ ધનુષ્ આત્મારૂપ બાણના બ્રહ્મરૂપ લક્ષ્યમાં પ્રવેશનું કારણ ઓમ્કાર છે. અભ્યાસ કરેલા ઓમ્કારથી સંસ્કારયુકત અને તે ઓમ્કારરૂપ આશ્રયવાળો થયેલો આત્મા પ્રતિબંધના અભાવથી બ્રહ્મમાં સ્થિત થાય છે.

અહીં સર્વબુદ્ધિ – વૃત્તિઓના સાક્ષી એવા આત્માને બાણ કહ્યો છે અને નિરૂપાધિકચેતનરૂપ બ્રહ્મને લક્ષ્ય કહ્યું છે. તે લક્ષ્ય વિષયતૃષ્ણારૂપ પ્રમાદનો ત્યાગ કરીને અને ઈન્દ્રિયો તથા અંતઃકરણને નિયમમાં રાખીને વેધન કરવા યોગ્ય બને છે. આમ થવાથી – તે વેધન પછી બાણની જેમ લક્ષ્યની સાથે એકતા સધાય છે તેમ દેહાદિ અનાત્માકાર વૃત્તિઓના તિરસ્કારથી બ્રહ્મની સાથે તે આત્માની એકતા થાય છે.

ઓમ્કારરૂપ પ્રતીક દ્વારા બ્રહ્મનું ધ્યાન ધરવા માટે ઋષિ બીજું એક રથનાભિ–આરાના દ્રષ્ટાંત વડે સમજાવે છે કે, જેમ રથના પૈડાંની નાભિમાં આરા પ્રવેશ પામેલા છે તેમ જે હૃદયમાં શરીર વિશે વ્યાપેલી સર્વ નાડીઓ સારી રીતે પ્રવેશ પામેલી છે. તે હૃદયમાં બુદ્ધિ–વૃત્તિઓના સાક્ષીરૂપે રહેલો તે આત્મા અંતઃકરણ તથા ઈન્દ્રિયોને પોતપોતાના વિષયને ગ્રહણ કરવાનું સામર્થ્ય આપતાં હોવા છતાં વિદ્યમાન છે. અંતઃકરણરૂપ ઉપાધિના અવિવેકને લીધે લૌકિકજનોની દષ્ટિએ તે આત્મા રાગદ્વેષાદિ વૃત્તિઓથી અનેક પ્રકારે ઘેરાયેલો હોય એવો જણાય છે. તે આત્માનું ઓમ્કારરૂપ આશ્રયસહિત કહેલી

કલ્પના વડે ચિંતન કરવાથી, અવિદ્યાથી રહિત સામા કાંઠારૂપ બ્રહ્માત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે, વિષયાનુરાગાદિરૂપ પ્રતિબંધક બની ન રહે એ માટે ઋષિ વિધેયભાવ દર્શાવે છે.[૧૨૬]

માનવધર્મસારમાં પ્રણવનો મહિમા રજૂ થયો છે. જેમ કે...

प्रणवस्य चतुष्कं, महिमा च ।

- प्रणवस्यं चतुष्कं तु ज्ञेयं वस्तारशोऽधुनाः
  एकाक्षरं परं ब्रह्म, प्राणायामः परं तपः,
  सावित्र्यास्तु परं नास्ति, मौनात्सत्यं विशिष्यते ।
- आद्यंयेत् त्र्यक्षरं ब्रह्म, त्रयी यस्मिन् प्रतिष्ठिता
  स गुह्योऽन्यस्विृद वेदो, यस्तं वेद स वेदवित् ।

- 'अः' तु 'आत्मा', 'उः' तथा 'ऽनात्मा', 'मः'
  सम्बन्धो निषेधतः, 'अस्मी' 'ति' ब्रह्मसता 'च'
  यस्यांसर्वं समाहृतंः
- अ कारो 'अहं' तु सत्वं स्यात्, 'उ' स् तु 'एतद्'
  रजः उच्यते, 'म' कारो 'नः' तमोभूतः,
  प्रणवे ते समाहृताः ।
- एकाक्षरोपि प्रणवः, त्र्यक्षरश्चापि दृश्यतेः
  'अ'-कारस्तु 'अहं' आत्मा स्याद्,
  'उ' स् तु 'एतत्' सकलं जगत्,
  'म' कारस्तु 'न-कारः' स्याद्,
  'इः' शक्तिर् यास्ति नास्ति चः
  'इ' कारः शक्तिरेव स्याद,
- अन्तर्लीना हि सा त्रिषु, माहेश्वरेण सूत्रेण
  'अ-इ-उ-म् (ण्)' एतेन दर्शिता ।
  "यावन्नोत्पद्यते सत्याबुद्धिर्" न एतद् - अहं,
  यथा 'न एतन् - मम' इति विज्ञाय, क्षः सर्वं
  अधितिष्ठते । (चरक० शारी० अ० १)

- तावच्छान्तिर्न सम्भाव्या, तावन्मोक्षो न लभ्यते । (च. शा. १२०)
  'अहं' - एतन् 'न कारः च प्रणवेन त्रयोऽपिं ते',
  त्र्यक्षरैकाक्षरेणापि कथ्यंते 'ब्रह्मरुपिणा ।'
  ''ओंकारः, प्रणवः, तारः, प्रातिभः, सर्वावन्मतिः,
  उद्गीथः, तारकश्चापि, नामानि अस्यभवति हि ।''
  तस्य वाचकः प्रणवः । तत्र निरतिशय सर्वज्ञ
  बीजं; प्रातिभाद् वा सर्वं । (योगसूत्र)
- उच्चार्यमाणः एव संसारमयात्तारयति
  तस्मातारः । (उप.)
- ''अक्षरं प्रणौति ।'' (छां. उप.)
- ''सर्वं ज्ञानं प्रकर्षेण नवी-करोति'';
  ''अचतीति ओम् ।'' (व्या.)

- ''त्रिगुणं च, त्रितत्वं च, त्रयो देवाः,
  त्रयोऽग्नेयः, त्रयाणां च त्रिमूर्तिस्त्वं,
  तुरीयस्त्वं, नमोऽस्तु ते ।'' (आदित्यस्तोत्र)
- ''त्रयीं, त्रिस्रौ वृत्तीः, त्रिभुवनं, अथोगीन्
  अपि सुरान् अकाराद्यैर्वर्णैः त्रिभिर्
  अभिदधत्, तीर्णाविकृति, तुरीयं ते धाम
  ध्वनिभिः अवरुन्धानं अणुभिः,
  समस्तं व्यस्तं त्वां, शरणद ! गृणाति
  'ओं' इति पदं'' (महिमास्तुति)

- महिमा प्रणवस्यैवं वेर्दे गीत्तः पदे पदे । (१४०)
- ''त्रिधा योनानि दीयंते, त्रिधा यज्ञः प्रवर्तते,
  त्रिधा लोकास्, त्रिधा देवाः, त्रिधा विद्या,
  त्रिधा गतिः, भूतं भव्यं भविष्यं च,
  धर्मोऽर्थः ! काम एव च, प्राणापानावुयानश्च,
  अप्यतः एव त्रयो गुणाः ।'' (अनु गीता अ. २८)

- “तिस्रोऽवस्थास् त्रयो देहाः त्रयः कामाः,
त्रयोऽग्नयः वृत्तयः, शक्तयः तिस्रः त्रिवर्गोऽथे,
ऋणत्रयं, त्रितं कर्म सर्वमेतत् त्रिवृत् ।”
मांडूक्याद्युपनिषत्सु गोपथब्राह्मणादिषु
अन्यग्रन्थेषु चैवापि सूचिताः बहवः त्रिकाः ।

- पुर्वमुक्तं, त्रयो देवाः, सात्त्व-राजस-तामसाः,
जगत् स्थित्यै प्रवृत्तस्तु तामसो हि भवः
शिवः, संहाराय स एवास्ति रुद्रः कालो
ग्रहो हरः, अन्नपुर्णा च गौरी च सर्वकल्याण-
कारिणी ईच्छा तमोमयी सैव कालिका सर्वभारिणी

- उत्पत्ति - स्थिति - संहाराः, निद्रा च प्रलये
तथा, संसारस्य तु सर्वस्य तद् अवस्थाचतुष्टयं
- जाग्रत्, स्वप्नं, सुषुप्तिश्च, तुर्याऽवस्थाचतुष्टयं
शरीरबद्धजीवस्य भवत्येव दिने दिने ।

- भूः, भुवः, स्वः, चिदाकांशः - इति लोकचतुष्टयं,
- ‘पश्यंती’ कारणे, सूक्ष्मे ‘मध्यमा’, ‘वैखरी’ तथा
स्थूले शरीरे, या वाक् च ‘परा’ प्रोक्ता हि
‘अनाहता’, प्रणव ध्वनिरुपा तु वाचां एतश्चतुष्टयं ।

- “सूक्ष्मा (परा) कुंडलिनीमध्ये ज्योतिर्मात्रा हि
अणीयसीः स्वयं प्रकाशा पश्यंती सुषुम्नां आश्रिता
भवेत्, सा एव हृत्पंकजं प्राप्य मध्यमा, नादरूपिणी,
अन्तः संकल्पमात्रा स्याद्, अविभक्ता उर्ध्वगामिनीः
सैव उरुकंठतालुस्था, शिरोघ्राणं तथैव च,
जिह्वामूलोष्ठनिश्चयोतवर्णव्यूहपरिग्रहा, शब्द
प्रपचजननी श्रोत्रग्राह्या तु वैखरी ।”
(आगमः सप्तशल्याः चतुर्धरटीकायामुद्धृतः)[૧૨૭]

તાત્પર્ય એ છે કે, ૐકાર વડે જ પરબ્રહ્મને પામી શકાય છે.

## (૧૨) માંડૂક્યોપનિષદ્ :

આ ઉપનિષદ્ અથર્વવેદની અંતર્ગત છે. એમાં 'ૐકાર'ને અક્ષરબ્રહ્મ – પરમાત્માનું શ્રેષ્ઠ સંબોધન કરતાં એના વિવિધ ચરણો અને માત્રાઓનું વિવેચન કરવામાં આવેલ છે.

માં.ઉપ.માં ઓમ્કારનું વિશદ વર્ણન જોવા મળે છે. તેમાં પ્રથમ ઓંકારના નિર્ણય માટે આગમપ્રધાન આત્મતત્ત્વના નિશ્ચયના ઉપાયરૂપ આગમપ્રકરણ છે. ઓમ્કાર એ સર્વના આશ્રયરૂપ છે એમ જે અન્ય શ્રુતિઓમાં કહ્યું છે તેમ આ માં.ઉપ.ના પ્રથમ શ્રુતિ–વાકયમાં પણ ઓમ્કારને સર્વરૂપ કહયો છે.[૧૨૮] આ શ્રુતિ–વાકયનું તાત્પર્ય એ છે કે નામ વડે જ કોઈપણ પદાર્થનો બોધ થઈ શકે છે. તેથી સર્વ પદાર્થ–સમૂહ નામથી અભિન્ન છે અને નામ માત્ર અક્ષરરૂપ હોવાથી તથા અક્ષરોની ઉત્પત્તિ ઓમ્માંથી થયેલી હોવાથી ઓમ્કાર અક્ષર સર્વપદાર્થરૂપ છે. અર્થાત્ ઓમ્કારવાચક છે. અને બ્રહ્મ વાચ્ય છે. બ્રહ્મમાં સર્વ પદાર્થો કલ્પિત હોવાથી સર્વપદાર્થો બ્રહ્મરૂપ જ છે અને એમ હોવાથી બ્રહ્મના વાચક ઓમ્કારમાં પણ તે કલ્પિત જ છે એમ સમજવાથી ઓમ્કાર જ આ સર્વરૂપે છે. એમ જણાય છે. વળી શ્રુતિમાં જણાવ્યા પ્રમાણે ભૂત, ભવિષ્ય અને વર્તમાન આ ત્રણે કાલથી પરિચ્છેદ થવા યોગ્ય જે વસ્તુ છે તે પણ ઓમ્કાર જ છે, અને જે અન્ય ત્રણે કાલથી ભિન્ન, કાર્યરૂપ લિંગથી જાણવાયોગ્ય અને કાલ વડે પરિચ્છેદ થવાને અયોગ્ય – અવ્યાકૃત છે તે પણ ઓમ્કાર જ છે. આમ પ્રથમશ્રુતિમાં ઋષિએ ઓમ્કારનું 'સર્વ' એવું રૂપ નિશ્ચિત કરી આપ્યું છે.

'ૐ આ અક્ષર સર્વ છે.' આદિ વાચકની પ્રધાનતાથી નિર્દેશ કરેલી વસ્તુનો ફરીવાર વાચ્યની પ્રધાનતાથી નિર્દેશ કરતાં વર્ણવાયું છે કે : ''સર્વ જ આ બ્રહ્મ છે. આ આત્મા બ્રહ્મ છે. તે આ આત્મા ચાર પાદવાળો છે.[૧૨૯] શ્રુતિએ કહ્યું છે કે, કાર્ય અને કારણરૂપ સર્વ જે ૐકાર માત્ર છે તે આ બ્રહ્મ છે. તે પરોક્ષપણે કરેલા કથન દ્વારા હવે પ્રત્યક્ષરૂપે કથન કરે છે. – 'આ બધું જ ૐ છે.' તે ૐ કે જે સર્વ છે. અને આ આત્મા પણ બ્રહ્મ જ છે. અહીં કહ્યું છે કે, આ સર્વ બ્રહ્મ છે અને બ્રહ્મ છે તે જ આત્મા છે. આ આત્મા બ્રહ્મ છે. અહીં આ શબ્દ વિશ્વ, તૈજસ, પ્રાજ્ઞ અને તુરીયપણા દ્વારા વિભાજીત થઈને પ્રત્યગાત્મપણાંથી અભિનયથી કહે છે. તે આ ૐકારનો વાચ્ય અને કાર્યકારણ સ્વરૂપથી સર્વરૂપે સ્થિર થયેલો આત્મા જ્ઞાનની સુલભતા માટે ચારપાદવાળો કલ્પવામાં આવે છે. અહીં 'चतुष्पात्' શબ્દ એ 'ચાર પગવાળો' જેમ ગાયને ચાર પગ છે તેમ એ અર્થમાં નથી. પરંતુ જેમ સિક્કાના (એક રૂપિયાના) ચાર ભાગ હોય છે તેમ આત્માના ચાર અંશ કે ચાર વિભાગ સમજવાના છે. ખરેખર તો આત્મા નિરવયવ અને અખંડ છે. તેથી આ વિભાગો તાત્ત્વિક સમજવાના નથી. પરંતુ સામાન્ય બુદ્ધિયુકત મનુષ્યને સમજવા

માટે તે કલ્પવામાં આવેલા છે. અહીં પણ તુરીયની પ્રાપ્તિ માટે આત્મામાં ચાર પાદની કલ્પના કરવામાં આવી છે. વિશ્વનો તૈજસમાં, તૈજસનો પ્રાજ્ઞમાં અને પ્રાજ્ઞનો તુરીયમાં વિલય કરવાથી તુરીયનું જ્ઞાન થાય છે, તેથી આત્માના ચાર પાદની કલ્પના તુરીયના જ્ઞાન માટે છે.

વાસ્તવિક રીતે તો આત્મા ચારપાદવાળો નથી, પણ તેના કાલ્પનિક ચાર પાદો માનતાં આત્માના પ્રથમ પાદને વર્ણવતા કહ્યું છે કે, ''જાગરિતસ્થાનવાળો, બહારની પ્રજ્ઞાવાળો, સાત અંગવાળો, ઓગણીશ મુખવાળો, સ્થૂળનો ભોકતા અને વૈશ્વાનર તે પ્રથમપાદ છે.''[૧૩૦] આ શ્રુતિવાકયનું તાત્પર્ય એ છે કે, જાગ્રત અવસ્થામાં રહેલા આત્માને વૈશ્વાનર તરીકે ઓળખાવ્યો છે તે બહિષ્પ્રજ્ઞ છે. એટલે કે સંસારના બાહ્ય પદાર્થોનો ઉપભોગ કરે છે. 'પ્રજ્ઞ' એટલે 'જ્ઞાનવાળો' પણ 'જ્ઞાની' નહીં. એટલે કે આપણે જેને 'આત્મજ્ઞાની' કહીએ છીએ એવો નહીં. વૈશ્વાનર ઈન્દ્રિય સુખના ક્ષેત્રમાં ફરનારો આત્મા છે. જાગ્રત અવસ્થામાં ઈન્દ્રિય બહિર્મુખ હોય છે. તેથી જેનું જાગ્રત અવસ્થામાં જ ક્રિયાક્ષેત્ર છે તેવો વૈશ્વાનર આત્મા શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધનો અનુભવ કરે છે. તેથી બહિષ્પ્રજ્ઞ તરીકે ઓળખાય છે.

વૈશ્વાનર આત્મા બાહ્ય વિષયોનો ઉપભોગ કરે છે તેથી તેનાં અંગોની પણ કલ્પના કરવામાં આવી છે. વૈશ્વાનરના સાત અંગો છે. જેમ કે, બુદ્ધિ, મસ્તક, નેત્ર, પ્રાણ, દેહનો મધ્યભાગ, મૂત્રસ્થાન, ચરણ એ સાત અંગો છે. પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય, પાંચ પ્રાણ અને મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર એ ચાર અતઃકરણ એમ ઓગણીશ જ્ઞાન અને કર્મના સાધનરૂપ મુખવાળો, એ ઓગણીશ કરણોથી શ્રોત્રઆદિ ઈંદ્રિયઆદિથી ગ્રહણ થઈ શકે એવા શબ્દ આદિ સ્થૂળ વિષયોને ભોગવનારો, વૈશ્વાનર તે આત્માનો પ્રથમ પાદ છે. વિશ્વનું આ જે પ્રથમપણું છે તે લય કરવાની અપેક્ષાથી જ છે. ઉત્પત્તિની અપેક્ષાથી નથી. શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં કહ્યું છે કે, ''આધ્યાત્મિક દષ્ટિથી શરીરની અંદર પરમાત્મચેતનાનો તે અંશ વૈશ્વાનર કહેવાય છે. જે ભોજન વગેરેના પાચનમાં યોગદાન આપે છે.''[૧૩૧] આવી રીતે આત્માના વિશ્વરૂપ પ્રથમપાદ પછી હવે તૈજસરૂપ દ્વિતિયપાદ વર્ણવાયો છે. ''સ્વપ્નસ્થાનવાળો, અંતરની પ્રજ્ઞાવાળો, સાત અંગોવાળો, ઓગણીશ મુખવાળો, સૂક્ષ્મનો ભોકતા, તૈજસ દ્વિતીયપાદ છે.''[૧૩૨]

આ શ્રુતિવાકયનું તાત્પર્ય એ છે કે, આત્મા જ્યારે બાહ્ય જગતના ક્ષેત્રનો ત્યાગ કરીને સૂક્ષ્મ શરીર સાથે પોતાનો સંબંધ જોડે છે ત્યારે તેને નવું વ્યકિતત્ત્વ જણાય છે. જે તૈજસ તરીકે ઓળખાય છે. વૈશ્વાનર જેમ બાહ્યવિશ્વ સાથે સંબંધિત છે તેમ તૈજસ સ્વપ્ન સૃષ્ટિમાં રાચનારો આત્મા છે. આ આત્મા અંતરમનના વિષયોને ભોગવનારો છે. તૈજસ આત્માની પ્રજ્ઞા અંતર્મુખી હોય છે. સ્વપ્નાવસ્થામાં મારાપણાંના અભિમાનવાળો, ઈંદ્રિયોની અપેક્ષાથી અંદર રહેલા મનની વાસનારૂપ પ્રજ્ઞાવાળો, મનોમય સાત અંગો–વાળો, મનોમય ઓગણીશ મુખવાળો, વાસનામય સૂક્ષ્મભોગનો ભોકતા અને તૈજસ તે આત્માનો બીજો

પાદ છે. સ્વપ્નાવસ્થામાં જાગ્રતનાં સંસ્કારવાળું મન બહારનાં સાધનોની અપેક્ષાથી રહિત અને અવિદ્યા, કામ અને કર્મથી પ્રેરણા પામીને જાગ્રતની જેમ દેખાય છે, તેથી તે અવસ્થાના અભિમાનીને અંતર–પ્રજ્ઞાવાળો એવું વિશેષણ આપવામાં આવ્યું છે.

આ પ્રમાણે આત્માના તૈજસરૂપ દ્વિતીયપાદને વર્ણવ્યાં પછી હવે સુષુપ્તિના સ્વરૂપને અને પ્રાજ્ઞરૂપ તૃતીયપાદને વર્ણવવામાં આવ્યું છે. જેમ કે...

"જેમાં સૂતેલો (પુરુષ) કોઈ પદાર્થની ઈચ્છા કરતો નથી, કોઈ સ્વપ્ન જોતો નથી, તે સુષુપ્તિ અવસ્થા છે. આ સુષુપ્ત સ્થાનમાં રહેલો, જેમાં સર્વ અનુભવ એકરૂપ બની જાય છે. તેવો; જે પ્રજ્ઞાનઘન, આનંદમય, આનંદભુક્ અને ચેતોમુખ છે. એવો પ્રાજ્ઞ ત્રીજોપાદ છે."[૧૩૩]

શ્રુતિવાકયનું તાત્પર્ય એ છે કે, જાગ્રત પદાર્થોનો આવિર્ભાવ અને સ્વપ્નમાં પદાર્થોનો અંતર્ભાવ થાય છે. એ પછીની તૃતીય સુષુપ્તાવસ્થામાં પદાર્થોનો તિરોભાવ થાય છે. જે સ્થાનમાં અથવા જે કાળ માં ગાઢ નિદ્રાને પામેલો પુરુષ પુત્રક્ષેત્ર આદિ કાંઈપણ ભોગને ઈચ્છતો નથી, અને કોઈપણ શુભાશુભ વાસના–વિલાસ જોતો નથી. તે સ્થાન અથવા કાળ સુષુપ્તિ છે. પ્રાજ્ઞને સુષુપ્તિમાં મારાપણાંનું અભિમાન હોય છે, તેથી તેને સુષુપ્તિસ્થાનવાળો એટલે કે સુષુપ્તિ અવસ્થાના અભિમાનવાળો કહ્યો છે. મનના સ્ફુરણરૂપ જાગ્રત અને સ્વપ્નનો સ્થૂળ અને સૂક્ષ્મ પ્રપંચ સુષુપ્તિ અવસ્થામાં એક કારણરૂપ બની જાય છે, તેથી એકાકારણ ઉપાધિવાળા પ્રાજ્ઞને એકીભૂત કહ્યો છે. સ્વપ્ન અને જાગ્રતમાં મનના સ્ફુરણરૂપ જે પ્રજ્ઞાનો છે તે સુષુપ્તિમાં ઘનીભૂત જેવાં થાય છે, અને આ અવસ્થા અવિવેકરૂપ છે, તેથી પ્રાજ્ઞને પ્રાજ્ઞઘન કહેલો છે. સુષુપ્તિમાં મન વિષય અને આકારે થવારૂપ શ્રમથી ઉપજેલા દુઃખથી રહિત થાય છે, તેથી પ્રાજ્ઞને આનંદની બહુલતાવાળો કહ્યો છે. જેમ લોકમાં શ્રમથી રહિત થઈને સ્થિર થયેલો સુખી પુરુષ આનંદનો ભોકતા કહેવાય છે. તેમ સુષુપ્તિમાં અત્યંત શ્રમ વગરના જ આ સ્થિતિ પુરુષ વડે અનુભવાય છે, તેથી પ્રાજ્ઞને આનંદનો ભોકતા કહ્યો છે. સ્વપ્ન અને જાગ્રતની સુષુપ્તિમાંથી ઉત્પત્તિ થાય છે, માટે સ્વપ્ન અને જાગ્રતરૂપ ચિત્ત પ્રત્યે સુષુપ્તિનો અભિમાની પ્રાજ્ઞ કારણભૂત છે, તેથી પ્રાજ્ઞને ચેતોમુખ એટલે કે, ચિત્તના કારણરૂપ એવું વિશેષણ આપ્યું છે. જાગ્રત અને સુષુપ્તિમાં વિશિષ્ટ જ્ઞાન છે, અને સુષુપ્તિમાં અન્યજ્ઞાનરૂપ ઉપાધિથી રહિત જ્ઞાન છે, તેથી સુષુપ્તિનો અભિમાની પ્રાજ્ઞ કહેવાય છે. આ પ્રાજ્ઞ આત્મનો ત્રીજો પાદ છે.

ત્યારપછી પ્રાજ્ઞનો આધિદૈવિક અંતર્યામી સાથે અભેદ ગ્રહણ કરીને તેનાં અન્ય વિશેષણો વર્ણવ્યાં છે. જેમ કે, "આ સર્વનો નિયંતા, આ સર્વજ્ઞ, આ અંતર્યામી, આ સર્વનું કારણ જ ભૂતોની ઉત્પત્તિ અને પ્રલય છે."[૧૩૪]

આ શ્રુતિવાકયનું તાત્પર્ય એ છે કે, પ્રાજ્ઞ માટે આ શ્રુતિવાકયમાં વપરાયેલાં વિશેષણોનો અર્થ સ્પષ્ટ છે. સર્વજ્ઞ, અંતર્યામી, સર્વનું કારણ, જન્મ, સ્થિતિ તથા લયનું સ્થાન વગેરે ઈશ્વરના લક્ષણો છે. આ પ્રાજ્ઞ જ ચૈતન્યના પ્રધાનપણાંથી આધિદૈવિક સહિત સર્વભેદના સમૂહનો નિયંતા છે, આ જ સર્વભેદાવસ્થાવાળો થઈને સર્વનો જ્ઞાતા છે, આ જ સર્વનો અંદર પ્રવેશ કરીને સર્વભૂતોનો નિયામક છે, આ જ જાગ્રત અવસ્થા, સ્વપ્નઅવસ્થાના સર્વ જગતનું કારણ છે. અને આ જ ભૂતોની ઉત્પત્તિ અને પ્રલય છે.

ગૌડપાદાચાર્ય આ જ બાબતને વર્ણવતાં કહે છે કે, ‘‘બહારના વિષયોના જ્ઞાનવાળો અને સર્વવ્યાપી વૈશ્વાનર આંતર વિષયોના જ્ઞાનવાળો તૈજસ અને ઘનીભૂત પ્રજ્ઞાવાળો પ્રાજ્ઞ આત્મા ત્રિવિધરૂપે ઓળખાય છે. પ્રથમ પાદરૂપ વૈશ્વાનર શરીરમાં જમણી આંખમાં રહે છે, દ્વિતીયપાદરૂપ તૈજસ શરીરમાં આંતરમનમાં રહે છે, તૃતીય પાદરૂપ પ્રાજ્ઞ હૃદયાકાશમાં રહે છે. આમ શરીરમાં ઉપર કહેલ એક જ આત્મતત્ત્વ ત્રણ પ્રકારે રહેલું છે. પ્રથમ પાદરૂપ વૈશ્વાનર સ્થૂળ ભોગ ભોગવનારો છે, દ્વિતીય પાદરૂપ તૈજસ આંતરજગતના સૂક્ષ્મ પદાર્થોને ભોગવનારો છે, તૃતીય પાદરૂપ પ્રાજ્ઞ આનંદને ભોગવનારો છે આમ ત્રણ પ્રકારના તે આત્માના ભોગ જાણવા. પ્રથમપાદ વૈશ્વાનર સ્થૂળ પદાર્થોથી સંતુષ્ટ બની જાય છે, દ્વિતીય પાદરૂપ તૈજસ સૂક્ષ્મ પદાર્થોથી તૃપ્ત બની જાય છે. અને તૃતીય પાદરૂપ પ્રાજ્ઞ આનંદથી તૃપ્ત બની જાય છે. આમ ત્રણ પ્રકારની તે આત્માના ઉપભોગની તૃપ્તિ જાણવી. યથાર્થ કારણથી કાર્યની ઉત્પત્તિ થાય છે એ સ્વતઃ સિદ્ધ છે. પ્રાણ સંસારના સર્વ પદાર્થોને ઉત્પન્ન કરે છે અને પુરુષ ચેતનાયુકત પ્રાણીઓને ઉત્પન્ન કરે છે.

કેટલાંક સૃષ્ટિચિંતકો માને છે કે, આ સૃષ્ટિ ઈશ્વરની વિભૂતિ છે. જ્યારે બીજાં કેટલાંક તેને સ્વપ્નમાંની માયા જેવી માને છે. સૃષ્ટિવાદીઓ પરમાત્માની ઈચ્છામાત્રથી સૃષ્ટિની ઉત્પત્તિ માને છે. તો કાલવાદીઓ કાલ તત્ત્વમાંથી ભૂતોની ઉત્પત્તિ થઈ એમ માને છે. કેટલાકને મતે સૃષ્ટિ પરમાત્માના ઉપભોગને માટે છે, તો કેટલાકના મતે તે પરમાત્માની ક્રીડા માટે છે, પરંતુ ઈશ્વરનો આ સૃષ્ટિ ઉત્પન્ન કરવાનો સ્વભાવ છે, કારણ કે જેની સર્વકામના પૂર્ણ થઈ ગઈ છે તેને સૃષ્ટિ ઉત્પન્ન કરવાની સ્પૃહા કેમ થાય ?[૧૩૫]

આત્માની ત્રણ અવસ્થાના ભેદ વર્ણવ્યાં છે. વિશ્વ, તૈજસ, પ્રાજ્ઞના દેહગત સ્થાનોની વાત કરી છે. વૈશ્વાનર આત્મા જાગ્રતના સ્થૂલ પદાર્થોને ભોગવે છે. તૈજસ આત્મા સ્વપ્નનાં સૂક્ષ્મ અને મનોમય દૃશ્યોને ભોગવે છે. જ્યારે પ્રાજ્ઞ આત્માની કોઈ સ્થૂલ કે સૂક્ષ્મ સૃષ્ટિ નથી. ભિન્ન–ભિન્ન અવસ્થાઓમાં

સાચા અર્થમાં તૃપ્તિ થતી નથી. જેને પોતે આત્મસ્વરૂપ જ છે. એવી અનુભૂતિ છે તે આ સર્વ ભોગોથી લેપાતો નથી. ગૌડપાદાચાર્યે આત્માના ત્રણ પાદો વર્ણવી પછી જ ચતુર્થપાદની ચર્ચા કરી છે.

ચતુર્થપાદનું સ્વરૂપ વર્ણવતાં કહ્યું છે કે :

"જે અંતઃપ્રજ્ઞ નથી, બહિઃપ્રજ્ઞ નથી, ઉભયતઃ પ્રજ્ઞ નથી, પ્રજ્ઞાનઘન નથી, પ્રજ્ઞ નથી અને અપ્રજ્ઞ નથી; જે અદષ્ટ, વ્યવહાર કરવાને અયોગ્ય, અગ્રાહ્ય, અલક્ષણ, અચિંત્ય, કહેવાને અયોગ્ય, એકતાના જ્ઞાનનો સાર, પ્રપંચના ઉપશમવાળો, શાંત, શિવ અને અદ્વૈત છે તેને ચતુર્થ માને છે તે આત્મા છે તે જાણવા યોગ્ય છે.[૧૩૬]

આ શ્રુતિવાકયનું તાત્પર્ય એ છે કે, અંતઃપ્રજ્ઞ નથી આ પદથી તૈજસનો નિષેધ કર્યો છે. બહિઃપ્રજ્ઞ નથી આ પદથી વિશ્વનો નિષેધ કર્યો છે. ઉભયતઃ પ્રજ્ઞ નથી આ પદથી જાગ્રત અને સ્વપ્નના સંધિરૂપ મધ્ય અવસ્થાવાળાનો નિષેધ કર્યો છે. પ્રજ્ઞાનઘન નથી આ શબ્દથી સુષુપ્તિ અવસ્થાના અભિમાની પ્રાજ્ઞનો પ્રતિષેધ કર્યો છે; પ્રજ્ઞ નથી આ પદોથી એકકાળમાં બધા વિષયના જ્ઞાતાપણાનો નિષેધ કર્યો છે. અને અપ્રજ્ઞ નથી આ શબ્દથી અચેતનપણાંનો નિષેધ કર્યો છે. વળી જે અદષ્ટ છે, અર્થાત્ જે પ્રત્યક્ષ આદિ પ્રમાણનો વિષય નથી, વ્યવહાર કરવા માટે અયોગ્ય છે, એટલે કે જે વચન આદિ વ્યવહારની ગંધથી રહિત છે, કર્મેન્દ્રિયોથી અગ્રાહ્ય, અલક્ષણ એટલે અનુમાનનો અવિષય, અચિંત્ય એટલે અંતઃકરણની વૃત્તિનો અવિષય શબ્દોથી ન કહી શકાય એવો, જેની પ્રાપ્તિમાં એક આત્મજ્ઞાનરૂપ પ્રમાણ છે એવો, અર્થાત્ મનવાણીથી પર છતાં પણ આત્મજ્ઞાનથી જાણવા માટે શકય એવો કાર્યકારણ રૂપ પ્રપંચના સ્વભાવવાળો, રાગદ્વેષ આદિ વિકારથી રહિત, શુદ્ધ પરમાનંદ બોધસ્વરૂપ હોવાથી મંગલરૂપ અને ભેદરૂપ વિકલ્પથી રહિત છે તેને વિદ્વાનો ચતુર્થ તુરીય પાદ માને છે. કારણ કે તે પ્રતીત થતાં વિશ્વ આદિ ત્રણ પાદોના રૂપથી વિલક્ષણ છે. તે આત્મા છે, અને તે જાણવા યોગ્ય છે. અહીં પૂર્વે અજ્ઞાન અવસ્થામાં થયેલ આત્માના જ્ઞેયપણાંના જ્ઞાનથી આત્માને જાણવા યોગ્ય કહ્યો છે, જ્ઞાન થયા પછી જ્ઞેય કહ્યો નથી, કારણ કે આત્માનું જ્ઞાન થયા પછી તે જ્ઞાતા, જ્ઞાનને જ્ઞેયના વિભાગરૂપ દ્વૈતનો અભાવ થાય છે.

આચાર્ય ગોડપાદે તુરીય સ્વરૂપ વર્ણવતાં કહ્યું છે કે, "સર્વ દુઃખોની નિવૃત્તિના નિયામકરૂપ પ્રભુ અવ્યય છે. સર્વભાવોના અદ્વૈત દેવ તુરીયને વ્યાપક કહેલા છે. વિશ્વને તૈજસ તે આ ફલભાવને બીજભાવથી બદ્ધ અંગીકાર કરાય છે, પ્રાજ્ઞ તો બીજભાવથી બદ્ધ છે. તે બન્ને તુરીયમાં સંભવતા નથી. પ્રાજ્ઞ પોતાને કાંઈપણ જાણતો નથી, તેમજ અન્યોને જાણતો નથી, સત્યને જાણતો નથી, તથા અસત્યને પણ જાણતો નથી, તે તુરીય સર્વદા સર્વદક્ છે. પ્રાજ્ઞ અને તુરીય બન્નેને દ્વૈતનું અગ્રહણ સમાન છે, પણ

પ્રાજ્ઞ બીજનિદ્રા સહિત છે, અને તે તુરીયમાં વિદ્યમાન નથી. પ્રથમના સ્વપ્નને નિદ્રા વડે યુકત છે અને પ્રાજ્ઞ તો અ–સ્વપ્ન તથા નિદ્રા વડે યુકત છે, નિશ્ચયને પામેલા તુરીયમાં નિદ્રાને નથી જોતા અને સ્વપ્નને પણ નથી જોતા. અન્યથી ગ્રહણ કરવાથી સ્વપ્ન છે, તત્ત્વને નહિ જાણવાથી નિદ્રા થાય છે, તે બન્નેની ભ્રાંતિ ક્ષીણ થવાથી તુરીયપદને પામે છે. જીવ અનાદિ માયા વડે સૂતેલો છે, તે જ્યારે પ્રબોધ પામે છે ત્યારે અજન્મા, નિદ્રારહિત, સ્વપ્નરહિત અને અદ્વૈતને જાણે છે. પ્રપંચ જો વિદ્યમાન હોય તો અદ્વૈત નિવૃત્ત થાય એમાં સંશય નથી, પણ આ દ્વૈતમાયામાત્ર છે, અને પરમાર્થથી અદ્વૈત છે. વિભાગ જો કે કોઈ હેતુ વડે કલ્પિત છે તો પણ તે નિવૃત્ત થાય છે; આ કથન ઉપદેશથી પૂર્વ છે; જાણે દ્વૈત વિદ્યમાન નથી.[૧૩૭]

માં. ઉ. માં ઓમ્‌કારનું વિશેષ વર્ણન કરતાં કહ્યું છે કે તે આ આત્મા અધ્યક્ષર, ૐકાર, અધિમાત્ર છે, પાદો માત્રા છે અને માત્રા પાદો છે, અકાર, ઉકાર, મકાર એ પ્રમાણે છે.[૧૩૮] આ શ્રુતિવાકયનું તાત્પર્ય એ છે કે, વાચ્ય પ્રધાન જે ૐકાર ચારપાદથીયુકત આત્મા છે. તે આ આત્મા અક્ષર દ્વારા વર્ણવાયો છે. તે અક્ષર ૐકાર છે. ૐકાર ચાર પાદોથી વિભાજિત હોવા છતાં અધિમાત્ર અર્થાત્ માત્રાનો આશ્રય કરીને રહે છે. આત્માના પાદો ૐકારની માત્રાઓ છે, અને ૐકારની જે માત્રાઓ છે તે આત્માના પાદો છે આ રીતે પાદની અને માત્રાની ઐકયતાથી વિભાજિત આત્માનું અધિમાત્રપણું વિરોધ દર્શાવતું નથી. અકાર, ઉકાર અને મકાર એમ ત્રણ ૐકારની માત્રા છે.

પછી ઓમ્‌કારની ત્રણમાત્રાઓ અને તેમાંથી થતી ફળપ્રાપ્તિ વર્ણવાયેલી છે. જેમકે, જાગૃતસ્થાન વાળો વૈશ્વાનર અકારરૂપ પ્રથમમાત્રા છે, વ્યાપ્તિ થવા પ્રથમપણાથી બન્નેની એકતા છે. જે એમ જાણે છે તે નિશ્ચય સર્વભોગો પામે છે, અને પ્રથમ થાય છે.[૧૩૯] એમ શ્રુતિ જણાવે છે. તાત્પર્ય એ છે કે, જાગૃતસ્થાનવાળો વૈશ્વાનર ૐકારની અકારરૂપ પ્રથમમાત્રા છે વૈશ્વાનરથી સમગ્ર જગત વ્યાપ્ત છે; અને અકાર સર્વવાણીમાં વ્યાપ્ત છે; અને ત્રણપાદમાં વૈશ્વાનર જ પ્રથમ છે; અને ત્રણ માત્રામાં અકાર પ્રથમ છે; આમ પ્રથમપણાથી વૈશ્વાનરની અને અકારમાત્રાની એકતા છે. જે પુરુષ વૈશ્વાનરની અને અકારની એકતાને આમ જાણે છે તે દ્રઢપણે સર્વભોગોને પ્રાપ્ત કરે છે, અને મહાન મહત્ત્વ દર્શાવતાં શ્રુતિ કહે છે કે, સ્વપ્નસ્થાનવાળો તૈજસ ઉકારરૂપ બીજીમાત્રા છે, ઉત્કર્ષથી વા ઉભયપણાથી બન્નેની એકતા છે. જે એમ જાણે છે તે નિશ્ચય જ્ઞાનની સંતતિને વધારે છે, અને તુલ્ય થાય છે, અને આની શિષ્યપરંપરામાં અબ્રહ્મવેત્તા થતો નથી.[૧૪૦] એમ શ્રુતિ જણાવે છે. તાત્પર્ય એ છે કે, સ્વપ્નસ્થાનવાળો તૈજસ ૐકારની ઉકારરૂપ બીજી માત્રા છે. જેમ અકાર અને મકારની મધ્યે ઉકાર છે તેમ વિશ્વ અને પ્રાજ્ઞની મધ્યે તૈજસ છે, તે ઉભયરૂપથી બન્નેનું ઐકય છે. જે પુરુષ આમ બન્નેની એકતા જાણે છે તે જ્ઞાનની સંતતિને વધારે

છે, તથા મિત્રના પક્ષની પેઠે શત્રુના પક્ષમાં પણ દ્વેષ કરવા અયોગ્ય થાય છે, અને આની શિષ્ય પરંપરામાં કોઈ અબ્રહ્મવેત્તા થતો નથી. ઓમ્કારની ત્રીજી માત્રાનું મહત્ત્વ દર્શાવતાં શ્રુતિ કહે છે કે, સુષુપ્તિસ્થાન વાળો પ્રાજ્ઞ મકારરૂપ ત્રીજી માત્રા છે, પરિમાણથી વા એકતાથી તે બન્નેની એકતા છે. જે એમ જાણે છે તે નિશ્ચય આ સર્વને યથાર્થ જાણે છે, અને કારણરૂપ થાય છે.[૧૪૧]

તાત્પર્ય એ છે કે, સુષુપ્તિ સ્થાનવાળો પ્રાજ્ઞ ૐકારની મકારરૂપ ત્રીજી માત્રા છે. જેમ વિશ્વ અને તૈજસ સુષુપ્તિકાલમાં પ્રાજ્ઞમાં એકરૂપ થાય છે, તેમ ઓમ્કારનું ઉચ્ચારણ કરવાથી મકારરૂપ અંત્યાક્ષરમાં અકાર અને ઉકાર એ બન્ને એકરૂપ થાય છે. તેથી બન્નેનું એકપણું છે. જે પુરુષ આમ બન્નેની એકતા જાણે છે. તે નિશ્ચય આ સર્વ જગત્‌ને યથાર્થ જાણે છે, અને જગત્‌ના કારણરૂપ થાય છે. અહીં અવાંતરફલનું જે કથન છે તે મુખ્ય સાધનની સ્તુતિ માટે છે.

પાદોનું અને માત્રાઓનું જે નિમિત્તસહિત એકપણું શ્રુતિએ કહ્યું તેના વિવરણરૂપ ગૌડપાદાચાર્ય કહે છે કે,

"વિશ્વના અકારપણાંને કહેવાની ઈચ્છામાં પ્રથમપણાંની તુલ્યતા પ્રકટ થાય છે, અને અકારમાત્રાના નિશ્ચયમાં વ્યાપ્તિની તુલ્યતા જ પ્રકટ છે. તૈજસના ઉકારપણાંના વિજ્ઞાનમાં ઉત્કર્ષ સ્પષ્ટ દેખાય છે, અને ઉકારમાત્રાના તૈજસના નિશ્ચયમાં ઉભયપણું તેવી રીતનું સ્પષ્ટ છે. પ્રાજ્ઞના મકારભાવમાં પરિમાણનું સમાનપણું જ પ્રકટ દેખાય છે, અને મકાર માત્રાના પ્રાજ્ઞના નિશ્ચયમાં તો લયનું સમાનપણું જ પ્રકટ દેખાય છે. જાગ્રત સ્વપ્નને સુષુપ્તિરૂપ ત્રણ સ્થાનોમાં પાદોને માત્રાઓ જે તુલ્ય ત્રણ કહ્યાં છે, તથા તેમનું જે સમાનપણું કહ્યું છે તેને જે નિશ્ચયવાળો જાણે છે તે બ્રહ્મવેત્તા સર્વભૂતોને પૂજ્યને વંદન કરવા યોગ્ય જ થાય છે. અકાર વિશ્વને પ્રાપ્ત કરે છે, ઉકાર તો તૈજસને પ્રાપ્ત કરે છે, પુનઃ મકાર તો પ્રાજ્ઞને પ્રાપ્ત કરે છે, અમાત્રમાં ગતિ વિદ્યમાન નથી."[૧૪૨]

તાત્પર્ય એ છે કે, પૂર્વે વર્ણવાયેલી તુલ્યતાથી આત્માના પાદોની માત્રાની સાથે એકતા કરીને વર્ણવાયેલી રીતના ૐકારને જાણીને જે તેનું ધ્યાન કરે છે તેને અકાર વિશ્વને પ્રાપ્ત કરાવે છે, અર્થાત્ અકારપ્રધાન ૐકારનું ધ્યાન કરનારા પુરુષને વિરાટ્‌ની પ્રાપ્તિ થાય છે; એવી રીતે ઉકાર તૈજસને પ્રાપ્ત કરે છે, અર્થાત્ ઉકારપ્રધાન ૐકારનું ધ્યાન કરનારા પુરુષને હિરણ્યગર્ભની પ્રાપ્તિ થાય છે; પુનઃ મકાર પ્રાજ્ઞને પ્રાપ્ત કરે છે, અર્થાત્ મકારપ્રધાન ૐકારનું ધ્યાન કરનારા પુરુષને અવ્યાકૃતની પ્રાપ્તિ થાય છે; અને મકાર ક્ષીણ થવાથી અજ્ઞાનરૂપ બીજભાવનો ક્ષય થવાથી અમાત્રરૂપ ૐકારમાં પરિચ્છેદના અભાવથી કદી પણ ગતિ નથી; અમાત્રપ્રધાન ૐકારનું ધ્યાન કરનારા પુરુષને જ્ઞાન દ્વારા શુદ્ધ બ્રહ્મની અભેદરૂપે પ્રાપ્તિ થાય છે.

હવે અમાત્ર તુરીયરૂપ છે. એમ શ્રુતિ જણાવતાં કહે છે કે, અમાત્રરૂપ ચતુર્થ અવ્યવહાર્ય, પ્રપંચના ઉતશમવાળો, કલ્યાણરૂપ અને અદ્વૈત છે; એમ ૐકાર આત્મા જ છે. એમ જાણે છે, જે એમ જાણે છે તે આત્મા વડે આત્મા પ્રતિ પ્રવેશ કરે છે.[૧૪૩] તાત્પર્ય એ છે કે, ત્રણ માત્રા રહિત ઓમ્કાર અમાત્ર તુરીયરૂપ આત્મા છે. તે આત્મા મૂલાજ્ઞાનના ક્ષય વડે વાચકવાચ્યરૂપ વાલીમનના ક્ષીણ થવાથી વ્યવહાર કરવા અયોગ્ય છે. વળી તે નામરૂપાત્મક પ્રપંચના અભાવવાળો, કલ્યાણરૂપ અને અદ્વૈત છે તે પોતાના આત્મા વડે પોતાના પરમાર્થરૂપ આત્મામાં પ્રવેશ કરે છે, અર્થાત્ સુષુપ્તિ નામના ત્રીજા સ્થાનરૂપ બીજભાવનો દાહ કરી બ્રહ્મવેત્તા સ્વસ્વરૂપમાં પ્રવેશ કરે છે, અને તુરીય બીજરહિત હોવાથી પુનઃ ત્યાંથી તે જન્મ પામતો નથી.

માંડૂકયોપનિષદ્દનું તાત્પર્ય એ છે કે, આત્મા અને ૐકાર એકરૂપ છે. આત્માની જેમ જ ૐકાર પણ ચારપાદવાળો છે. ઓમ્કાર જ આત્મા છે જે એમ જાણે છે તે આત્મા વડે આત્મા પ્રતિ પ્રવેશ કરે છે.

તેથી જ આચાર્ય ગૌડપાદે ૐકારનું મહત્ત્વ વર્ણવતાં કહ્યું છે કે,

“પાદો માત્રાઓ છે એમાં સંશય નથી તેથી ૐકારને પાદથી જાણે. ૐકારને પાદથી જાણીને કાંઈ પણ ચિંતન ન કરે.”[૧૪૪]

તાત્પર્ય એ છે કે, આત્માના પાદો ૐકારની માત્રાઓ છે અને ૐકારની માત્રાઓ આત્માના પાદો છે એમાં સંશય નથી, તેથી પાદોના અને માત્રાઓના અન્યોન્ય એકપણાંથી ૐકારને પાદથી જાણે. ૐકારને પાદથી બ્રહ્મરૂપે જાણવાથી કૃતાર્થ થવાથી દષ્ટ અદષ્ટરૂપ કાંઈપણ ફળનું ચિંતન ન કરવું.

પછી ૐકારનું વર્ણન આગળ કરતાં આચાર્ય ગૌડપાદ કહે છે કે,

“પ્રણવ નિર્ભયરૂપ બ્રહ્મ છે, તેથી ૐકારમાં ચિત્તને જોડવો. ૐકારમાં નિત્ય જોડાયેલાને કદી પણ ભય નથી.”[૧૪૫]

તાત્પર્ય એ છે કે, ૐકાર નિર્ભયરૂપ બ્રહ્મ છે, તેથી વ્યાખ્યાન કરેલા પરમાર્થરૂપ ૐકારમાં સાધકે ચિત્તનું અનુસંધાન કરવું. ૐકારમાં સર્વદા પોતાના ચિત્તનું અનુસંધાન કરનાર પુરુષને કયારેય પણ ભયની પ્રાપ્તિ થતી નથી. પ્રણવમાં જ જોડાયેલા ઉપાસકનું ચિત્ત બ્રહ્મમય બની ગયું હોવાથી ત્યાં કોઈપણ પ્રકારનું દ્વૈત હોતું નથી. ત્યાં શરીરનો જ અભાવ હોય છે એટલે કે શરીર અને આત્મા વચ્ચે ઐકય હોઈ ‘મારું શરીર’ એવો દેહભાવ જ ન હોવાથી મૃત્યુનો ભય હોતો નથી. તૃષ્ણાનો અભાવ હોવાથી તેની પૂર્તિ કે

અપૂર્તિરૂપ ડર રહેતો નથી. તે અવસ્થા વિચારશૂન્ય હોય છે. તેથી તૈત્તિરીય ઉપનિષદ્‌માં કહ્યું છે કે, બ્રહ્મજ્ઞાનીને કોઈનો ભય હોતો નથી કારણ કે તે સ્થિતિ દ્વૈતથી પર છે.[૧૪૬]

આચાર્ય ગૌડપાદ પછી પરબ્રહ્મ અને અપરબ્રહ્મરૂપ છે. તે બાબતનું વર્ણન કરતાં કહે છે કે,

"પ્રણવ જ અપરબ્રહ્મ છે, અને પ્રણવ જ પરબ્રહ્મ છે. પ્રણવ અપૂર્ણ, અનંતર, અબાહ્ય, અનપર અને અવ્યય છે."[૧૪૭]

તાત્પર્ય એ છે કે, ૐકાર જ અપરબ્રહ્મ છે, અને ૐકાર જ પરબ્રહ્મ છે. અહીં પ્રણવ કે જે ઉપાધિરહિત પરબ્રહ્મ છે. તેના લક્ષણો આપ્યા છે. 'अपूर्व' અર્થાત્ જેની પૂર્વે કશું ન હોય, અર્થાત્ જેનું કારણ નથી તે, એટલે કે કારણરહિત, કોઈપણ કાર્યની પહેલાં એનું કારણ હોય પણ બ્રહ્મ કશાનું કાર્ય નથી. अनन्तर અર્થાત્ જેનાથી ભિન્ન એવું કશું નથી; જેની અંદર બીજું કશું નથી, અર્થાત્ જેની અંદર ભિન્નજાતીય કાંઈપણ નથી એવો अबाह्य – અર્થાત્ જેની બહાર કશું નથી. એકમાત્ર સર્વવ્યાપ્ત તત્ત્વને આંતર અને બાહ્ય એવા વિભાગો હોતા નથી. अनपर અર્થાત્ એના પછી કશું નથી, એનું કોઈ કાર્ય નથી, અર્થાત્ અપરરૂપ કાર્યથી રહિત છે. अव्यय – જેમાં ઓછા – વત્તાપણું કે ફેરફાર નથી એટલે કે જે અવિકારી અને અપરિવર્તનશીલ છે. એટલે કે અવિનાશી છે. તથી જ શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં 'કૂટસ્થને અક્ષર અવિનાશી કહેવાય છે.'[૧૪૮] પ્રણવ શબ્દ હિન્દુ ધર્મકોશમાં મળે છે.[૧૪૯]

મુંડકોપનિષદ્‌માં પણ પ્રણવ પરબ્રહ્મ અને અપરબ્રહ્મરૂપે વર્ણવાયેલો છે.[૧૫૦]

ૐકારને જાણનારને આત્મભાવની પ્રાપ્તિ થાય છે. ગૌડપાદાચાર્ય કહે છે કે, "સર્વનો આદિ તથા મધ્ય તેમજ અંત પ્રસિદ્ધ પ્રણવ છે. એ પ્રમાણે પ્રસિદ્ધ પ્રણવને જાણીને તે પછી આત્મભાવને પામે છે."[૧૫૧]

તાત્પર્ય એ છે કે, ઓમકારમાંથી જ સૃષ્ટિ ઉદ્‌ભવે છે. એટલે તે તેનું 'આદિ' છે. ઓમ્‌માં જ તે 'સ્થિત' હોય તે તેનું મધ્ય છે અને ઓમ્‌માં જ તેનો 'લય' થાય છે એટલે તે જ સૃષ્ટિનો અંત છે.

શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં પણ કહ્યુ છે કે,

"હું જ સર્વનો આદિ, મધ્ય અને અંત છું."[૧૫૨]

પ્રણવના સત્ય સ્વરૂપનું જ્ઞાન થતાં જ જીવ પ્રણવ સાથે એક થઈ જાય છે. અહીં ज्ञात्वा व्यश्नुते तदनन्तरम् શબ્દો જણાવે છે કે, જાણવું અને પામવું એ બે પ્રક્રિયા વચ્ચે કોઈ સમયનું અંતર નથી. ૐકારનું યથાર્થજ્ઞાન થવું એટલે જ કોઈપણ જાતના વિલંબ કે વ્યવધાન વિના ૐ રૂપ જ થવું, એટલે

કે પોતે જ બ્રહ્મ છે તે જાણી જવું. આત્મજ્ઞાન થતાં જ અજ્ઞાન અને તેના પરિણામ સ્વરૂપ સૃષ્ટિનું કોઈ જ અસ્તિત્ત્વ રહેતું નથી. જેમ અંધકારનું કોઈ તાત્ત્વિક અસ્તિત્ત્વ નથી, પ્રકાશ થતાં અંધકાર તે ક્ષણે દૂર થઈ જાય છે.

પછી ગૌડપાદાચાર્યે કહ્યું છે કે : "સર્વના હૃદયમાં સ્થિત ઈશ્વરરૂપ પ્રસિદ્ધ ૐકારને સર્વવ્યાપી જાણે. બુદ્ધિમાન એવી રીતે ૐકારને જાણીને શોક કરતો નથી.[૧૫૩]

તાત્પર્ય એ છે કે, સર્વ પ્રાણીના હૃદયમાં રહેલો ઈશ્વર તે જ પ્રણવ છે. ભૂતમાત્રના અંતરમાં રહી તેનું નિયમન પણ તે જ કરે છે. ચરાચર સૃષ્ટિ તેનાથી જ વ્યાપ્ત છે. અંતર્યામી અને સર્વવ્યાપી ૐ તે જ પોતાનું સ્વરૂપ છે, એ જાણ્યા પછી કોઈ સ્પૃહા રહેતી નથી. જ્ઞાનના અભાવમાં જ તૃષ્ણા છે, ભય છે, શોક છે, પ્રણવને જાણનારને કોઈ શોક નથી. છાંદોગ્યોપનિષદ્‌માં કહ્યું છે કે, 'तरति शोकमात्मविद् ।' (૭/૧/૩)

શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં કહ્યું છે કે : "ઈશ્વર સર્વભૂતોના હૃદયપ્રદેશમાં રહે છે."[૧૫૪]

ફરી વિસ્તૃત રીતે ૐકારનું વર્ણન કરતાં ગૌડપાદાચાર્ય કહે છે કે : "અમાત્ર (તુરીય) અને અનન્ત માત્ર, જે દ્વૈતરહિત અને કલ્યાણ સ્વરૂપ છે તે ૐકારને જેણે જાણ્યો છે તે જ મુનિ છે, બીજો કોઈ મનુષ્ય નહીં."[૧૫૫]

તાત્પર્ય એ છે કે, ૐકારની अ, उ અને म એ ત્રણ માત્રા અને ચોથી 'અમાત્ર' માં ૐકારની પૂર્ણતા પ્રકટે છે. ૐ ને અનન્તમાત્ર કહ્યો છે. ૐકાર પદવિભાગથી તથા માત્રાવિભાગથી રહિત હોય ત્યારે તે તુરીયરૂપ અમાત્ર કહેવાય છે. ૐકાર બ્રહ્મરૂપ હોવાથી તેનો પરિચ્છેદ થઈ શકે તેમ નથી. તેથી તે અનંતમાત્ર કહેવાય છે. તે અમાત્ર, અનંતમાત્ર, દ્વૈતના ઉપશમરૂપ તથા કલ્યાણરૂપ ૐકારને જેણે જાણ્યો છે તે પરમાર્થતત્ત્વનું મનન કરનાર હોવાથી મુનિ છે, બીજા માત્ર શાસ્ત્ર જાણનારા પુરુષ મુનિ નથી.

શ્રી રામગીતામાં કહ્યું છે કે :

સમાધિ પહેલા જડ–ચેતનરૂપ સંપૂર્ણ જગત ૐકાર સ્વરૂપ છે એવું ચિંતન કરે, તે જ વિશ્વવાચ્ય છે અને ૐકાર વાચક છે; પરંતુ તે અજ્ઞાનના કારણે જાણી શકાતું નથી, જ્ઞાનથી જ જાણી શકાય છે.[૧૫૬]

વિવેકી પુરુષ સમાધિ પહેલા આ સંપૂર્ણ જગતને ૐકારમાત્ર જ વિચારે; કે આ બધું જગત ૐકારનું જ વાચ્ય છે, અને ૐકાર આનું વાચક છે; અર્થાત્ ૐકાર છે તે નામી છે અને જગત નામ છે; અને

ૐકાર જાણનાર છે જગત જાણવા યોગ્ય છે. જગત્ ૐકારરૂપ જ છે, માત્ર અજ્ઞાનને લીધે જ આ બે દેખાય છે; પરંતુ જ્યારે જ્ઞાન થાય છે, ત્યારે નામ અને નામી ભિન્ન નથી જણાતા, પરંતુ એકરૂપ જ થઈ જાય છે.

અકાર સંજ્ઞાનું વાચ્ય તે પુરુષ કે જે વિશ્વ નામવાળું છે અને ઉકાર સંજ્ઞાનું વાચ્ય તે કે જે તૈજસ નામવાળું છે; અને આ જ ક્રમથી મકાર સંજ્ઞાનું વાચ્ય તે જ છે કે જે સંપૂર્ણ લોકો દ્વારા પ્રાજ્ઞ કહેવામાં આવે છે. પરંતુ આ બધી સંજ્ઞાઓ સમાધિની પહેલા જ હોય છે; વાસ્તવિક રીતે તો કાંઈ જ નથી.[૧૫૭]

ૐકારના ત્રણ અર્થ છે, તેને કોઈ અક્ષર કહે છે અને કોઈ પદ કહે છે. તો અકાર, ઉકાર અને મકાર આ ત્રણ અક્ષર છે તે ત્રણે અક્ષર દેવતારૂપ છે. તેમાં જે અકાર છે તે બ્રહ્મારૂપ છે, ઉકાર છે તે વિષ્ણુરૂપ છે અને મકાર છે તે શિવરૂપ છે. અકાર જાગ્રતનો અભિમાની વિશ્વ કહેવાય છે, ઉકારના સ્વપ્નનો અભિમાની તૈજસ કહેવાય છે અને મકાર સુષુપ્તિનો અભિમાની પ્રાજ્ઞ કહેવાય છે. જ્યારે અભ્યાસી સમાધિમાં સ્થિર થવા લાગે ત્યારે ૐકાર તત્ત્વનો વિચાર કરે અને પોતાને અને સંપૂર્ણ વિશ્વને પ્રણવ સ્વરૂપ જાણે જે પ્રણવના તત્ત્વનો વિચાર કરે અને પોતાને અને સંપૂર્ણ વિશ્વને પ્રણવસ્વરૂપ જાણે જે પ્રણવના તત્ત્વનો વિચાર કર્યા વગર જાણી શકાતો નથી. પરંતુ પ્રણવના જ્ઞાનથી જ જાણી શકાય છે. એટલા માટે પ્રણવના તત્ત્વનો વિચાર, પ્રથમ કર્તવ્ય છે.

"ઘણું કરીને વ્યવસ્થિત વિશ્વસ્વરૂપ જે અકારનું વાચક છે એનું ઉકાર માટે લય કરે; એના પછી પ્રણવના દ્વિતીયવર્ણ ઉકાર જે તૈજસ વાચ્ય છે એનો અંતિમવર્ણ જે મકાર છે એના માટે લય કરે અને એના પછી કારણ શરીરાભિમાની પ્રાજ્ઞનું વાચક મકારનું પણ ચિદ્દ્ઘન પરમાત્મા માટે લય કરે. 'તે સદા મુકિતવાળો – જ્ઞાનદષ્ટિવાળો, ઉપાધિરહિત અને શુદ્ધ પરબ્રહ્મરૂપ હું છું." જેને દયાનંદ સરસ્વતી ગાર્ગી કહેતા હતા તે મહાત્મા શ્રીમાજી મહાશયા આ બાબત ખૂબ વિસ્તારથી સમજાવે છે. જે બુદ્ધિમાન પુરુષ છે, તે આ આત્મતત્ત્વ પ્રાપ્તિના નિમિત્ત આ વિચાર કરે કે પ્રથમ અક્ષર જે અકાર વિશ્વરૂપ છે, તેનો ઉકાર માટે લય કરે; કારણ વિશ્વ કેવું છે, કે જે ઘણા પ્રકારનું થઈને સ્થિત છે. તે ઉપરાંત બીજો અક્ષર જે ઉકાર તૈજસરૂપ છે તેનો મકાર માટે લય કરે, કારણ મકાર પ્રણવના અંતનો અક્ષર છે. વિચારવાન્ આ પ્રાજ્ઞરૂપ મકારનો આત્મા માટે લય કરે. જે આત્મા ચૈતન્યરૂપ છે, સર્વનો કારણરૂપ છે, નિર્વિકાર, નિરાકાર તથા પરબ્રહ્મસ્વરૂપ છે. 'તે હું છું' એવું જાણીને હંમેશા મુકતરૂપ થાય. આ આત્મા જે હંમેશા બધી ઉપાધિઓથી રહિત છે તથા નિર્મળ છે તે હું જ છું, એવો સતત વિચાર કરતો રહે. પ્રથમ કહ્યું કે, અકારે ઉકાર માટે લય કરે, આ અકાર જાગ્રતરૂપ જગત છે વિશ્વ તેનો અભિમાની છે, તથા બ્રહ્મ તેનો દેવતા છે. ઉકાર તૈજસરૂપ જાણવો; જાગ્રત અવસ્થાને સ્વપ્નરૂપ જાણવી; અને વિશ્વાભિમાનીને

તૈજસ ને સ્વપ્નાભિમાની છે, તેના માટે એકરૂપ કરે. અને બ્રહ્મા દેવતાને મકાર માત્રાનો જે વિષ્ણુદેવતા છે તેના માટે એકરૂપ કરે. અર્થાત્ આ જે જાગ્રત છે તે સ્વપ્નરૂપ છે, વિશ્વ જે સ્થૂળ છે તે સૂક્ષ્મ તૈજસરૂપ છે; બ્રહ્મા તે વિષ્ણુરૂપ છે, એમ જાણવું; પાછળથી આવું જાણીને ઉકારને મકાર માટે એકરૂપ કરે તે આ રીતે ઉકાર જે સ્વપ્નાવસ્થારૂપ છે, અને તૈજસ તેનો અભિમાની છે, તથા વિષ્ણુ તેનો દેવતા છે તેને મકાર પ્રાજ્ઞરૂપ જાણે. સ્વપ્નાવસ્થાને શૂન્યરૂપ જજે સુષુપ્તિ અવસ્થા રૂપ જાણે, પરંતુ તૈજસ અભિમાનીને પ્રાજ્ઞ જે સુષુપ્તિનો અભિમાની છે, એના માટે એકરૂપ કરે; અને વિષ્ણુ દેવતાને મકારમાત્રાનો જે રુદ્રદેવતા માટે એકરૂપ કરે; અર્થાત્ આ જે સ્વપ્ન છે તે સુષુપ્તિરૂપ છે, પરંતુ તૈજસ જે છે તે પ્રાજ્ઞરૂપ છે તથા વિષ્ણુ જે છે તે રુદ્રરૂપ છે, એવું જાણે; એની પાછળ મકારને પરમાત્મા માટે એકરૂપ કરે. તે આ રીતે કે, મકાર સુષુપ્તિ અવસ્થારૂપ છે, પ્રાજ્ઞ તેનો અભિમાની છે તથા રુદ્ર એનો દેવતા છે. તે અર્ધમાત્રારૂપ જે પરબ્રહ્મ છે તે રૂપે જાણે; અર્થાત્ આ જે કાંઈ છે, તે બધું પરબ્રહ્મસ્વરૂપ છે. સંપૂર્ણ સ્થૂળ શરીર જે વ્યષ્ટિરૂપ છે, તેનો સમષ્ટિમાં અભિમાની જે છે તે વિરાટ્ કહેવાય છે. સંપૂર્ણ સૂક્ષ્મશરીર જે વ્યષ્ટિરૂપ છે તેનો સમષ્ટિમાં અભિમાની તે છે તે હિરણ્યગર્ભ કહેવાય છે. તથા સંપૂર્ણ કારણશરીર જે વ્યષ્ટિરૂપ છે તેનો સમષ્ટિમાં જે અભિમાની છે તે ઈશ્વર – માયા વિશિષ્ટ બ્રહ્મ કહેવાય છે; તો આ ત્રણે અકાર, ઉકાર તથા મકારરૂપ જ છે. અને અવ્યાકૃત શૂન્યથી સ્ફુર્યો છે, તેથી માત્ર માયામય જ છે પરંતુ આ સમસ્ત દ્વૈતપ્રપંચ અર્ધમાત્રારૂપ જે પરમાત્મા છે તદ્રૂપ જ છે. બ્રહ્મભિન્ન કાંઈ પણ નથી; જે કાંઈ છે તે સર્વ બ્રહ્મરૂપ જ છે; શ્રુતિ ભગવતી પણ એવું જ કહે છે કે – 'सर्वं खल्विदं ब्रह्म' તેથી એ સિદ્ધ થાય છે કે આ બ્રહ્મસ્તંબપર્યંત જે કાંઈ છે તે સર્વ પ્રણવસ્વરૂપ જ છે જે કાંઈ આ પ્રપંચ દશ્યમાન થાય છે તે પ્રણવથી ભિન્ન અને કોઈપણ પ્રપંચ નથી જ. જેવી રીતે જળથી ભિન્ન સમુદ્રનું રૂપ કાંઈ પણ નથી તથા ઉષ્ણતાથી ભિન્ન અગ્નિનું સ્વરૂપ કાંઈપણ નથી તેવી રીતે પ્રણવથી ભિન્ન જગતનું સ્વરૂપ કાંઈપણ નથી; તેથી આ જગતને જિજ્ઞાસુ પ્રણવરૂપ જ સમજીને તેનો કાંઈપણ ભય ના રાખે; પરંતુ પોતાની મુકિતના નિમિત્ત આની ઉપાસના કરે. પ્રણવની આગળ બધી જ ઉપાસના ગૌણ છે; કેમ કે ઈશ્વરનો વાચક પ્રણવ જ છે; 'तस्य वाचकः प्रणवः' 'तज्जपस्तदर्थभावनम्' આ સૂત્રદ્વયથી પતંજતિ ભગવાને પણ પોતાના યોગશાસ્ત્રમાં કહ્યું છે કે, ઈશ્વરનું વાચક પ્રણવ છે, તેથી તેનો જપ કરવો તથા તેના અર્થની જ ભાવના કરવી. તેથી સર્વ ઉપાસનાઓમાં પ્રણવની ઉપાસના મુખ્ય છે અને જેટલા નામ ઈશ્વરવાચક છે, તે બધા ગુણવાચક છે, પરંતુ આ પ્રણવ જે છે તે તો ઈશ્વરરૂપ જ છે, ગુણગુણીભાવ સંબંધ નથી. જેવી રીતે દેવદત્ત અને યજ્ઞદત્ત માટે પિતા અને પુત્ર આ જે નામ છે, તે સંબંધને લઈને છે, તેથી ગૌણ છે, અને મનુષ્ય આ નામ સર્વસાધારણ તથા સ્વાભાવિક છે તેથી મુખ્ય છે. તેવી જ રીતે આ પ્રણવ જે છે તે પરમાત્માનું સ્વાભાવિક નામ છે. તેથી મુખ્ય છે; અને અન્ય જે નામ છે તે

ગુણ–ગુણીભાવ સંબંધને લઈને છે તેથી ગૌણ છે. માટે ઈશ્વર પરબ્રહ્મનું જે સ્વાભાવિક નામ આ પ્રણવ છે, તેની ઉપાસના કરવી એ મુખ્ય કર્તવ્ય છે અને આ કારણથી પ્રણવ બધામાં શ્રેષ્ઠ છે. આ ભાવને લઈને કહ્યું છે કે, 'प्रणवः सर्व वेदेषु' સર્વ વેદને માટે પ્રણવ જે છે તે જ મારું સ્વરૂપ છે. તેથી આ પ્રણવ જ પરબ્રહ્મ છે તથા પ્રણવ તે શબ્દબ્રહ્મ છે.જે કાંઈ જોવા – સાંભળવામાં આવે છે તે બધું પરબ્રહ્મ જ છે; અને જે મંત્રવિદ્યા છે એ બધામાં આદિ પ્રણવ જ છે. પ્રણવ વિના કોઈપણ મંત્ર સિદ્ધ થતો નથી; આના બળથી સર્વમંત્ર બળવાન થાય છે. તેથી જેના મંત્ર બળવાન થાય છે, તે મંત્ર તદ્રૂપ થઈ જાણ છે, અને તે પરમાત્મા સ્વરૂપ ૐકાર છે. તેનાથી મુમુક્ષુજનો પહેલા પોતાની મુકિતના નિમિત્તે આ પ્રણવની જ ઉપાસના કરે. સર્વ શાસ્ત્રોએ આની જ ઉપાસના ભિન્ન–ભિન્ન પ્રકારે પ્રતિપાદિત કરી છે. તથા બીજા બધા સિદ્ધાંતકારોએ પણ એની જ ઉપાસનાનું પ્રતિપાદન કર્યું છે. સર્વશાસ્ત્રોના શિરોમણિ ઉપનિષદોએ પણ તેની ઉપાસના પ્રતિપાદિત કરી છે, તેથી પ્રણવ જ સર્વમાં શ્રેષ્ઠ ઉપાસના કરવા યોગ્ય છે. માટે પ્રથમ તો આ પ્રણવ શું છે ? અને કેવા પ્રકારે શાસ્ત્રકાર તેની ઉપાસના કહે છે, તે જાણવું જોઈએ. તે જાણવા માટે હવે સાત સિદ્ધાંતોનું વિવેચન કરે છે તથા પોતપોતાના શાસ્ત્રોના સિદ્ધાંતીઓએ કંઈ–કંઈ રીતે સિદ્ધાંત સિદ્ધ કર્યો તે જણાવું છે.

(૧) હિરણ્યગર્ભનો સિદ્ધાંત છે.
(૨) કપિલદેવનો સિદ્ધાંત છે.
(૩) અપાંતરતમમુનીનો સિદ્ધાંત છે.
(૪) સનત્કુમારનો સિદ્ધાંત છે.
(૫) બ્રહ્મનિષ્ઠોનો સિદ્ધાંત છે.
(૬) પાશુપતશૈવનો સિદ્ધાંત છે.
(૭) પંચરાત્રવૈષ્ણવોનો સિદ્ધાંત છે.

આ સપ્ત સિદ્ધાંતકારોના ઉપાસના કરવાના નવ–નવ પ્રકાર છે, ત્યારે આ ગણતરીએ પ્રણવની ઉપાસના ૬૩ પ્રકારની થાય છે. હવે તેનો ભેદ કહીએ છીએ એમ શ્રીમાજી મહાશયાએ જણાવ્યું છે.

વધુ આગળ કહ્યું છે કે...,

(૧) પ્રથમ હિરણ્યગર્ભના મતવાળા જે છે, તે કહે છે કે જેને પરમાત્માયોગ પ્રાપ્ત કરવાની ઈચ્છા હોય તે પ્રણવની આ પ્રકારે ઉપાસના કરે કે જીવાત્મા તથા પરમાત્માની એકતા માટે પ્રણવની જે ત્રણમાત્રા છે, ત્રિબ્રહ્મરૂપ છે. તથા ત્રિઅક્ષરરૂપ છે, તેને જીવ આ પ્રકારે જાણે કે, અગ્નિ, સૂર્ય અને વાયુ આ ત્રણ

પ્રણવની ત્રણ માત્રારૂપ છે; ઋગ્વેદ, યજુર્વેદ તથા સામવેદ જે ત્રણ બ્રહ્મરૂપ છે; અને અકાર, ઉકાર તથા મકાર જે ત્રણ ત્રિઅક્ષરરૂપ છે આવું જેનું રૂપ છે, તે પ્રણવ પરમ ધામ નામ પરમ પદરૂપ છે તથા પ્રણવ જ પરમગતિરૂપ છે. જે પુરુષ આ પ્રણવને આ પ્રકારે જાણે છે તે મુકિતને મેળવે છે. નામ ફરી જન્મોનું પ્રાપ્ત થતું નથી. પ્રણવની ત્રણ માત્રા, અગ્નિ, સૂર્ય તથા વાયુ કહી છે. આ રીતે એમ જાણવું કે અગ્નિરૂપ માત્રા તે જીવરૂપ છે, કે જે વૈશ્વાનરરૂપ થઈને વ્યષ્ટિ શરીરોના અભિમાની થઈને સર્વ પ્રાણીઓના દેવ માટે સ્થિત થાય છે. વાયુરૂપ માત્રાથી હિરણ્યગર્ભ ઈશ્વરરૂપ છે, કે જે તૈજસરૂપ થઈને સમષ્ટિ શરીરોના અભિમાની થઈને સર્વ પ્રાણીઓ વિષે સૂત્રાત્મારૂપથી સ્થિત છે; અને સૂર્યરૂપ માત્રા છે તે સર્વના પ્રકાશક પરમાત્મા બ્રહ્મરૂપ છે; કે જે પ્રાજ્ઞરૂપ થઈને સર્વ પ્રાણીઓના અંતરમાં પ્રકાશરૂપ થઈને સ્થિત છે. પ્રણવનો ત્રિબ્રહ્મરૂપ જે ઋગ્વેદ, યજુર્વેદ તથા સામવેદ જે ત્રણ વેદ છે, તે આ ત્રણેનો શબ્દબ્રહ્મરૂપ જાણવો, અને अकार, उकार તથા मकार જે ત્રણ જે અક્ષરરૂપ છે તે જાગ્રત, સ્વપ્ન તથા સુષુપ્તિ જે ત્રણ અવસ્થારૂપ પ્રપંચ છે. તેથી સંસારમાં જે કાંઈ છે તે પ્રણવરૂપ જ છે. એમ જાણીને જે પ્રણવની ઉપાસના કરે છે તે પરમપદને પ્રાપ્ત કરીને ફરી જન્મને પ્રાપ્ત કરતો નથી. આ ઉપાસના હિરણ્યગર્ભવાળા મતની છે.

(૨) કપિલદેવના સિદ્ધાંતમાં આ પ્રકારે કહ્યું છે કે, જ્યારે ત્રણ પ્રકારના જ્ઞાનને જાણો, ત્રણ પ્રકારના ગુણોને જાણો તથા ત્રણ પ્રકારના કારણોને જાણો ત્યારે જ મુકિતલાભ મળે છે. ત્રણ પ્રકારના જ્ઞાનમાં એક વ્યકત જ્ઞાન છે, બીજું અવ્યકત જ્ઞાન છે અને ત્રીજું જ્ઞેય જ્ઞાન છે. તેમાં આ જે સ્થૂળપ્રપંચ છે જેમ કે, પૃથ્વી, જળ, તેજ, વાયુ તથા આકાશ તથા આ પાંચ ભૂતોના ઘટ, પટ, મઠ તથા દેહ આદિ જે છે તે સર્વ વ્યકત કાર્યરૂપ છે, આગમાપાયી છે, મિથ્યા છે, કયારેક દષ્ટિમાં આવે છે અને કયારેક નહીં તેથી ચલ છે; તેનું જે સૂક્ષ્મસ્વરૂપ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ તન્માત્રા છે, તે તથા અહંકાર, મહતત્ત્વ અને પ્રકૃતિ આ અવ્યકત છે અને ચિન્મય જે પુરુષ તેને જાણવું તે જ્ઞેય જ્ઞાન છે. એમાં મૂળ ભૂત જે પ્રકૃતિ છે તે માયા છે, તે અવ્યકત છે; અને સર્વના કારણરૂપ છે. એનું કાર્ય બધા જ છે, પરંતુ જે પ્રકૃતિ છે તે કોઈનું પણ કાર્ય નથી, તેથી આ અવ્યકત કહેવાય છે. બધું વ્યકત છે. આ મહત્તત્ત્વ, અહંકાર, પાંચ તન્માત્રા, પાંચ ભૂત, દસ ઈન્દ્રિય, ચાર અંતઃકરણ જે સર્વ પદાર્થ વ્યકત છે અને અવ્યકત જે પ્રકૃતિ એમાં ઉત્પન્ન થયેલા છે. પુરુષ જે ચેતનરૂપ છે તે તો ન કોઈનું કારણ છે અને ન કોઈનું કાર્ય, અને તે કેવળ સાક્ષી, નિર્વિકાર, નિરાધાર, નિરાકાર, નિર્ગુણ, નિષ્પ્રપંચ તથા કૂટસ્થ છે. સ્થૂળ પ્રપંચ તે વ્યકત છે, સૂક્ષ્મ તત્ત્વ તે અવ્યકત છે અને પુરુષ તે જ્ઞાનરૂપ છે એવું જે યથાર્થ જાણે તે ત્રણ પ્રકારનું જ્ઞાન છે; સત્ત્વ, રજસ્ તથા તમસ્ જે ત્રણ ગુણ છે. તેમાં સત્ત્વગુણથી દૈવી સંપત્તિ થાય છે, રજોગુણથી રાગાદિક થાય છે તથા તમોગુણથી પ્રમાદ – આળસ તથા નિદ્રા આદિ થાય છે. સાત્ત્વિકથી દેવ, રાજસથી

મનુષ્ય અને તામસથી પશુ આદિ થાય છે. સત્ત્વગુણથી સ્વર્ગ આદિલોક પ્રાપ્ત થાય છે, રજોગુણથી મનુષ્યલોક પ્રાપ્ત થાય છે. તમોગુણથી નરક આદિની પ્રાપ્તિ થાય છે. એમાં જેટલા કાર્ય છે તે સર્વ ત્રણ ગુણાત્મક જ છે. મન, અહંકાર તથા બુદ્ધિ મહતત્ત્વ જે ત્રણ કારણ છે. તેથી જે આ પ્રણવ છે તે વ્યકતરૂપ પણ છે, અવ્યકતરૂપ પણ છે, પુરુષ પણ છે, કારજરૂપ પણ છે, કારણરૂપ પણ તે છે, ગુણરૂપ પણ તે છે, સત્યરૂપ પણ તે છે, અસત્યરૂપ પણ તે છે, અધિષ્ઠાનરૂપ પણ તે છે મન, બુદ્ધિ તથા અહંકારરૂપ પણ તે છે આનાથી જે કાંઈ છે તે સર્વ ૐકારરૂપ જ છે ૐકારની જે અકાર, ઉકારાત્મક બે માત્રા છે તે પ્રકૃતિરૂપ છે અને વ્યંજન જે મકારાત્મક તૃતીયમાત્રા છે તે પુરુષરૂપ છે. વાચ્યરૂપ માયા, પ્રકૃતિરૂપ છે અને લક્ષ્યરૂપ અધિષ્ઠાન સાક્ષીપુરુષ છે, તે સચ્ચિદાનંદ સ્વરૂપ પરબ્રહ્મ છે; એવું જે જાણે છે તે સંસારના સર્વ બંધનોથી મુકત થઈને પરમપદને પ્રાપ્ત થાય છે. આ કપિલદેવજીનો સિદ્ધાંત છે.

(૩) અપાંતરમનામા જે મુનીશ્વર છે તે કહે છે કે, જે ૐકારને ત્રિમુખ જાણે છે ત્રણ દેવ જાણે છે ત્રણ પ્રયોજનરૂપ પણ ૐકાર છે એવું જે જાણે છે, તે મુકત થઈ જાય છે હવે ત્રણ મુખ્યને દર્શાવે છે, ગાર્હપત્ય, દક્ષિણાગ્નિ તથા આહ્વાનીય આ ત્રણ જે અગ્નિ છે, તે ત્રણ મુખરૂપ છે એમાં ગૃહસ્થાશ્રમનો જે અગ્નિ છે, તે ગાર્હપત્યાગ્નિ કહેવાય છે કે જે અગ્નિથી રસોઈ આદિ અન્ન પકાવવામાં આવે છે. અગ્નિહોત્રનો જે અગ્નિ છે, તે દક્ષિણાગ્નિ કહેવામાં આવે છે. પુરુષ જે દિવસથી વિવાહિત થાય છે, એ દિવસનો જે અગ્નિ હોમઆદિ કરવાનો હોય છે, તેનું વેદવિધિથી સ્થાપન કરીને તેની આયુષ્ય પર્યંત રક્ષા કરવી, નિત્ય તેનું પૂજન કરવું તેના વિશે નિત્ય હોમ કરવો, આ અગ્નિથી બળવું, એનું નામ અગ્નિહોત્ર છે. આ અગ્નિહોત્રમાં રાખવામાં આવે છે. આનું નામ દક્ષિણાગ્નિ છે અને આહ્વનીય અગ્નિ એને કહે છે કે, જે અગ્નિ માટે હોમ–હવન થાય છે. જે દેવતાઓની તુષ્ટિ કરવામાં આવે છે અને સર્વ પુરુષાર્થના સાધનરૂપ જેને કહેવામાં આવે છે, એનું નામ ત્રણમુખ છે. અર્થાત્ ત્રણ જ અગ્નિ તે જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયનું કારણ છે. એમાં આહ્વનીય તે જગતની ઉત્પત્તિનું કારણ છે, કેમ કે હવન–હોમથી મેઘ થાય છે, મેઘથી અન્ન થાય છે, અન્નથી વીર્ય ઉત્પન્ન થાય છે. વીર્યથી જીવ ઉત્પન્ન થાય છે. તેથી આહ્વનીય ઉત્પત્તિનું કારણ છે. ગાર્હપત્ય અગ્નિ છે તે પાલનનું કારણ છે; એના દ્વારા અન્ન પાકે છે અને તે અન્નનું ભક્ષણ કરીને જીવ પોષણ મેળવીને પુષ્ટ થાય છે. તેથી ગાર્હપત્ય અગ્નિ પોષણમાં કારણ છે. પણ દક્ષિણાગ્નિ છે તે સંહારનું કારણ છે. આ હેતુથી ત્રણમુખરૂપ જે અગ્નિ છે તે ઈશ્વર – બ્રહ્મરૂપ છે; પણ બ્રહ્મરૂપ હોવાથી તે અગ્નિ ૐકારરૂપ છે. પણ બ્રહ્મા, વિષ્ણુ તથા મહેશ્વર જે ત્રણ દેવ છે તે આ ત્રણ દેવ ક્રમથી ઉત્પત્તિ, સ્થિતિ તથા સંહાર કરે છે. પણ ધર્મ, અર્થ તથા કામ જે ત્રણ પ્રયોજન છે તેથી આ સર્વ જગત પ્રણવરૂપ જ છે, અને પ્રણવ જગતરૂપ છે. એમાં જીવ, ઈશ્વર તથા બ્રહ્મ આ સર્વ પ્રણવરૂપ છે, એવું જાણીને જે ૐકારની ઉપાસના કરે છે તે કૈવલ્યમુકિતને પ્રાપ્ત કરે છે.

(૪) ચતુર્થ જે સનત્કુમારનો મત છે તે દર્શાવીએ છીએ. સનત્કુમારના મતવાળા કહે છે કે, ત્રણ કાળ, ત્રણલિંગ અને ત્રણ સંધિરૂપી પ્રણવ છે, આનાથી પ્રણવના આવા સ્વરૂપને જાણવાથી મુકિતલાભ થાય છે. તેમાં ભૂત, ભવિષ્ય પણ વર્તમાન આ ત્રણકાળ છે; જે થઈ ગયું છે તે ભૂતકાળ છે, થવાનું છે તે ભવિષ્યકાળ છે; પણ જે થઈ રહ્યું છે તે વર્તમાનકાળ છે અથવા પ્રારંભથી પરિસમાપ્તિ પર્યંતનું જે કાળ, તે વર્તમાન કહેવાય છે. આ કાળનો પણ સૂક્ષ્મ અર્થ છે તે આ છે કે જેવી રીતે હાલમાં ત્રેતાયુગ છે, તે એની પૂર્વમાં થયો તે સત્યયુગ તે વ્યતીત થઈ ગયો છે; તેથી તે ભૂતકાળ છે પણ ત્રેતાયુગના પ્રારંભથી પરિસમાપ્તિ પર્યંત જે ચાલી રહ્યો છે તે વર્તમાનકાળ કહેવાય છે; પણ આગળ થનાર કળિયુગ છે તે ભવિષ્યકાળ કહેવાય છે. આ રીતે વર્ષ, માસ, દિવસ, પ્રહર, ઘટિકા તથા પળ આદિ સર્વકાળ ત્રણ પ્રકારમાં વિભકત થાય છે; પણ પુલ્લિંગ અને સ્ત્રીલિંગ તથા નપુંસકલિંગ આ ત્રણ લિંગ છે. પ્રણવ આ ત્રણે લિંગને ધારણ કરીને સ્થિત છે. પણ ત્રણ સંધિ છે; એક બર્હિસંધિ છે, દ્વિતીય સંધ્યાસંધિ છે અને તૃતીય ક્રાંતસંધિ છે. આ ત્રણે સંધિ વિશ્વ, તૈજસ તથા પ્રાજ્ઞરૂપ છે, તેથી પ્રણવ જ આ સંધિઓને પ્રાપ્ત થાય છે. એમાં ૐકારથી ભિન્ન વસ્તુ કાંઈપણ નથી; જે કાંઈ છે તે ૐકારરૂપ જ છે, એવું જે સમજીને તેની ઉપાસના કરે છે તે મુકિતને પ્રાપ્ત કરે છે.

(૫) પાંચમું જે બ્રહ્મનિષ્ટ છે તે એમણે પોતાનો ગુહ્યસિદ્ધાંત જે ઉપનિષદો છે, એમાં નિરૂપિત કર્યો છે. બ્રહ્મનિષ્ટો કહે છે કે, ત્રિસ્થાનરૂપી, ત્રિપદરૂપી તથા ત્રિપ્રજ્ઞારૂપથી પ્રણવની ઉપાસના કરે છે એમાં હૃદય, કંઠ તથા તાલુ આ ત્રણ સ્થાન છે; જાગ્રત, સ્વપ્ન તથા સુષુપ્તિ આ ત્રણ પદ છે; પણ બર્હિપ્રજ્ઞા, અંતર્પ્રજ્ઞા તથા ધનપ્રજ્ઞા આ ત્રણ પ્રજ્ઞા છે. બહિર્પ્રજ્ઞારૂપ જે વિભુ છે તે વિશ્વરૂપ થઈને સ્થિત છે, અંતર્પ્રજ્ઞારૂપ છે તે તૈજસ્‌રૂપથી સ્થિત છે પણ ઘનપ્રજ્ઞા છે તે હૃદયાકાશના માટે પ્રાજ્ઞરૂપથી સ્થિત છે. તે ત્રણ પ્રકારના હોવાથી દેહો માટે સ્થિત થયેલા છે. વેશ્વાનર સ્થૂળરૂપ છે, અને બહારના સ્થૂળ–દશ્ય ભોગને ભોગવનારા છે. તૈજસ્ સૂક્ષ્મરૂપ છે અને અંતરના સૂક્ષ્મ–અંતરની પ્રકૃતિને ભોગવનારા છે. પણ પ્રાજ્ઞ કારણરૂપ છે અને આનંદને ભોગવનારા છે. વિશ્વ જાગ્રત અવસ્થાનો ભોકતા – અભિમાની છે, તૈજસ્ સ્વપ્નાવસ્થાનો અભિમાની છે પણ પ્રાજ્ઞ સુષુપ્તિ અવસ્થાનો અભિમાની છે. જાગ્રત, સ્વપ્ન તથા સુષુપ્તિ અવસ્થાઓ વિશે સર્વ પ્રકારના ભોગોનો ભોગ કરે છે. સ્થૂળ દેહનો અભિમાની જાગ્રત અવસ્થાના માટે અપવાદ ‘મસ્તકપર્યંત’ સ્થિત વિશ્વા નામની નાડીના માટે સ્થિત થઈને સ્થૂળ ભોગનો ભોગ કરે છે. સૂક્ષ્મ દેહ – લિંગદેહનો, અભિમાની તૈજસ્ સ્વપ્નાવસ્થાની માટે કંઠદેશ સ્થિત હિતા નામની નાડીના માટે સ્થિત થઈને સૂક્ષ્મ ભોગનો ભોગ કરે છે, પણ કારણ શરીરના અભિમાની પ્રાજ્ઞ સુષુપ્તિ અવસ્થાને વિશે હૃદયદેશસ્થિત પુરીતત નામની નાડીને માટે સ્થિત થઈને તામસિક આનંદનો ભોગ કરે છે ત્રણ સ્થાનરૂપ, ત્રણપાદરૂપ તથા ત્રણપ્રાજ્ઞરૂપ આ ૐકાર જ છે, ૐકાર જ સર્વ જગતનો ઉત્પત્તિકર્તા છે,

ઈશ્વરરૂપ હોવાથી આ ૐકાર જ સ્થિતિ તથા સંહારને કરે છે, ૐકાર જ જીવનરૂપ હોવાથી ભોકતા છે, ૐકાર જ સાક્ષીરૂપ હોવાથી જાણનાર છે. તથા આપ જ દષ્ટા તથા દશ્યરૂપ છે. આવું આનું સ્વરૂપ જાણીને જે તેની ઉપાસના કરે છે તે મુકત થઈ જાય છે.

(૬) હવે પાશુપતના મતનો જે સિદ્ધાંત છે તે કહીએ છીએ. પાશુપતમતવાળા કહે છે કે, ૐકાર જે વિભુ છે તેની અમે લોકો ઉપાસના કરીએ છીએ; કે જે ત્રણ અવસ્થારૂપ, ત્રણ પ્રકારના ભોગરૂપ તથા ત્રણ પ્રકારના ભોકતારૂપ એવા નવ પ્રકારે સ્થિત છે. એમાં શાન્ત, ઘોર તથા મૂઢ અવસ્થા હોય છે. જાગ્રત વિશે શાંત અવસ્થા હોય છે, સ્વપ્નવિશે ઘોર અવસ્થા હોય છે પણ સુષુપ્તિના વિશે મૂઢ અવસ્થા હોય છે. એક–એક જાગ્રત આદિ અવસ્થાઓ વિશે પણ તે ત્રણ–ત્રણ અવસ્થા હોય છે. જેવી રીતે જાગ્રત વિશે :– પદાર્થનું જેમનું તેમ દેખાવું તે શાંત અવસ્થા છે. સ્વપ્ન વિશે જુદાનું જુદું જ દેખાવું તે ઘોર અવસ્થા છે, પણ સ્ફુરિત થયેલ સ્વપ્ન યાદ ન રહે તે મૂઢ અવસ્થા છે. સુષુપ્તિ વિશે : નિદ્રાથી જ્યારે જાગે છે ત્યારે કહે છે કે, 'આજે હું સુખેથી સૂતો હતો.' તે શાંત અવસ્થા છે; જ્યારે કહે છે કે, 'આજે મને અસ્તવ્યસ્ત નિદ્રા આવી છે; સારી નિદ્રા આવી નહીં.' તે ઘોર અવસ્થા છે; પણ જ્યારે કહે છે કે, 'આજે હું એવો સૂતો હતો કે મને કાંઈ જ ખબર નથી.' તે મૂઢ અવસ્થા છે. આવો જ એક બીજો પ્રકાર છે; જેવી રીતે : જાગૃત વિશે સુખ તથા વિશ્રમ થાય છે તે શાંત અવસ્થા છે, દુઃખ તથા વ્યાકુળતા થાય છે. તે ઘોર અવસ્થા છે પણ શોક તથા મૂર્છા આદિ થાય છે તે મૂઢ અવસ્થા છે. જાગ્રત વિશે જે દૈવી સંપત્તિ, શાસ્ત્રાલોચના, યજ્ઞ, દાન, જપ, તપ, પાઠ, પૂજા આદિ થાય છે તે શાંત અવસ્થા છે; કુટુંબ, બાળકો, નાત–જાત, આદિ વ્યવહાર લાગે છે, તે ઘોર અવસ્થા છે; પણ કામ, ક્રોધ, હિંસા, દ્રોહ, ઈર્ષા તથા અસૂયા આદિ થાય છે તે મૂઢ અવસ્થા છે. તેવી જ રીતે સ્વપ્ન વિશે જે સુખનો અનુભવ થાય છે તે શાંત અવસ્થા છે, દુઃખનો અનુભવ થાય છે તે ઘોર અવસ્થા છે, પણ શોક – મોહ વગેરેનો જે અનુભવ થાય છે તે મૂઢ અવસ્થા છે; તેવી જ રીતે નિદ્રા વિશે સુખનો અનુભવ થાય છે તે શાંત અવસ્થા છે, કલેશ તથા દુઃખનો અનુભવ થાય છે તે ઘોર અવસ્થા છે, પણ જડતાનો અનુભવ થાય છે તે મૂઢ અવસ્થા છે.

બીજો પણ એક પ્રકાર એવો છે કે, જાગ્રત વિશે સચ્ચિદાનંદ પરબ્રહ્મના વિશે સ્થિત છે તથા તેના વિચાર વિશે સ્થિત છે. અથવા વૈરાગ્ય આદિના વિશે સ્થિત છે તે શાંત અવસ્થા છે. વિષયોને માટે પ્રવૃત્તિ છે તે ઘોર અવસ્થા છે. પણ દેહાભિમાન આદિ અહંકારના વિશે સ્થિત છે ત્યારે મૂઢ અવસ્થા છે; સ્વપ્ન વિશે બ્રહ્મતત્ત્વ સંબંધી વિચારમાં સ્થિત છે તે શાંત અવસ્થા છે; વિષયભોગમાં સ્થિત છે તે ઘોર અવસ્થા છે પણ અભિમાન તથા ભય આદિ વિશે સ્થિત છે તે મૂઢ અવસ્થા છે; તેવી જ રીતે સુષુપ્તિ વિશે સમજી લેવું.

ત્રણ પ્રકારના ભોગરૂપના વિશે ભોગવવા યોગ્ય જે હોય તેને ભોગ કહે છે. એનાથી તૃપ્તિ, પુષ્ટિ વળી આનંદ થાય છે; તેમાં અન્ન, જળ તથા ચંદ્ર તે તૃપ્તિના કરનારા છે તથા પુષ્ટિ વળી આનંદને પણ આપે છે. અન્ન અને જળથી પ્રાણીઓની પુષ્ટિ થાય છે. વળી ચંદ્રથી ઔષધીઓ તૃપ્ત થઈને પુષ્ટ થાય છે; તેથી અન્ન, જળ વળી ચંદ્ર જે ત્રણ ભોગરૂપ છે. વળી પ્રાણ, અગ્નિ તથા સૂર્ય એ ત્રણ ભોકતારૂપ છે. એ વાત પ્રસિદ્ધ છે કે ક્ષુધા અને તૃષા જે પ્રાણોનો ધર્મ છે. જ્યાં પ્રાણ રહે છે ત્યાં જ ભોગવવાનું સામર્થ્ય રહે છે; પ્રાણથી વિહીન જે કાષ્ઠ પુતળી છે, ત્યાં ભોગવવાનું સામર્થ્ય નથી. તેથી દેહ ભોકતા નથી પરંતુ પ્રાણ જ ભોકતા છે. તેવી જ રીતે અગ્નિ દેવતા પણ પ્રત્યક્ષ ભોકતા છે બહાર કાષ્ટ આદિથી પ્રજવલિત થયેલો અને અંતરમાં જઠરાગ્નિરૂપથી સ્થિત થઈને સર્વ પદાર્થનો ભોગ કરે છે, તેથી અગ્નિ ભોકતા છે. તેવી જ રીતે સૂર્ય પણ ભોકતા છે; કારણ કે જેટલો રસ છે એટલો સર્વનું ગ્રહણ સૂર્ય કરે છે, સૂર્ય વગર અને કોઈપણ રસનું ગ્રહણ કરવામાં સમર્થ થતો નથી. તેથી સૂર્ય પણ દશ્યવર્ગનો ભોકતા છે. પ્રાણવાયુ રસોને સૂકવે છે, અગ્નિ રસોનું ભક્ષણ કરી જાય છે, પણ સૂર્ય રસનું શોષણ કરે છે. તેથી જે ત્રણે ભોકતારૂપ છે. અંતવૃત્તિમાં અગ્નિ જઠરાગ્નિરૂપ થઈને ચાર પ્રકારના અન્નને ભોગવનાર થાય છે. વળી પ્રાણ સૂત્રાત્મારૂપ થઈને સર્વ જીવોના વિશે વ્યાપક રૂપથી સ્થિત થયેલો સર્વ ભોગોને ભોગવવાવાળો થાય છે, તેથી પ્રાણ, અગ્નિ તથા સૂર્ય આ ત્રણ ભોકતારૂપ છે, આવી ત્રણ અવસ્થા, ત્રણ ભોગ તથા ત્રણ ભોકતારૂપ પ્રણવને જાણીને જે તેની ઉપાસના કરે છે તે મુકિતલાભ અવશ્ય મેળવે છે.

(૭) હવે સપ્તમ જે પાંચ રાત્રિનો સિદ્ધાંતી છે તે કહે છે કે, ‘અમે લોકો પણ ૐકારની નવ પ્રકારથી ઉપાસના કરીએ છીએ.’ જેવી રીતે ૐકાર ત્રણ આત્મારૂપ છે, ત્રણ સ્વભાવરૂપ છે. તથા ત્રણ વ્યૂહરૂપ છે. એમાં બાળરૂપ, વીર્યરૂપ તથા તેજરૂપથી ૐકાર ત્રણ આત્મારૂપ છે. દેહનું જે સામર્થ્ય તે બળ કહેવાય છે, ઈંદ્રિયોની શકિતનું નામ વીર્ય છે પણ અંતઃકરણનો જે ઉત્સાહ પ્રભાવથી તેજ કહેવાય છે. દેહ વડે જે ચેષ્ટા થાય છે તે વીર્યથી થાય છે; જેવી રીતે શ્રવણ દર્શન આદિ. વળી મનની જે ઉદારતા તે તેજ છે; મનની ઉદારતા તે જ ઉત્સાહ તથા પ્રભાવ છે. પણ જ્ઞાન, ઐશ્વર્ય તથા શકિત જે ત્રણ સ્વભાવરૂપ છે. તેમાં દેહ, ઈન્દ્રિય, પ્રાણ, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, આ તત્ત્વ વળી પ્રકૃતિ એ બધા અનાત્મરૂપ છે. વળી એનો જે સાક્ષી પ્રત્યક્ ચૈતન્ય કૂટસ્થ અંતર્યામી છે, તે નિર્વિકાર સચ્ચિદાનંદ સ્વરૂપ હું છું, આ બધી માયાને લઈને પ્રપંચ મારા વિશે જ ઉપજે છે. મારા વિશે જ સ્થિત છે. તથા મારા વિશે જ લીન થઈ જાય છે. જેવી રીતે સમુદ્ર વિશે તરંગ ઉપજે છે, સમુદ્ર માટે જ તે તરંગ સ્થિત થાય છે તથા સમુદ્રમાં જ ફરી લીન થઈ જાય છે તેવી રીતે ચિદ્દ્ઘનરૂપ જે સમુદ્ર છે તે હું છું, હું એક અદ્વૈત, અખંડ સચ્ચિદાનંદ સ્વરૂપ છું.’ એવો જે નિશ્ચય તે જ્ઞાન છે. વળી અણિમા, મહિમા, લઘિમા, ગરિમા,

પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશત્વ તથા વશિત્વ એ જે અષ્ટસિદ્ધિઓ છે તે ઐશ્વર્ય છે. વળી જે કોઈ પ્રકારથી ન બનતું હોય તેને બનાવી દેવું તે શકિત છે. વળી સંકર્ષણ, પ્રદ્યુમ્ન તથા અનિરુદ્ધ જે ત્રણ વ્યૂહરૂપ છે તેથી ત્રણ આત્મારૂપ ત્રણ સ્વભાવરૂપ તથા ત્રણ વ્યૂહરૂપ જે પ્રણવ એનાથી ભિન્ન વિશ્વમાં કોઈ પદાર્થ નથી. વ્યકતાવ્યકતરૂપ જે કાંઈ છે તે સર્વ ૐકાર જ છે; એમાં પરમાત્મારૂપ જે આ ૐકાર એના યથાર્થ સ્વરૂપને જાણવા જે એની ઉપાસના કરે છે તે ભવબંધનથી મુકત થઈ જાય છે.

આ અક્ષરબ્રહ્મ જે ૐકારને પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળો પુરુષ વીતરાગ થઈને બ્રહ્મચર્યને પાળતો આના અર્થની ભાવના કરતો રહે; આની ભાવના કરતો જે પુરુષ દેહ ત્યાગે છે, તે પરમગતિને પ્રાપ્ત થાય છે.

આ રીતે દરેક સિદ્ધાંતીઓની નવ–નવ પ્રકારની ઉપાસનાના હિસાબથી એકત્રિત થયેલ ૬૩ પ્રકારની પ્રણવની ઉપાસના થઈ. તદ્ઉપરાંત શાસ્ત્રકારોએ ચૌસઠમી ઉપાસના પણ કહી છે : કે જે સૂક્ષ્મ, નિર્ગુણ વળી નિષ્કલરૂપ છે. તે કહે છે કે, ૐકાર નિરંજનરૂપ છે અને સનાતન તથા પરમપદરૂપ છે, શાંતરૂપ છે, આનંદરૂપ છે, અક્ષરરૂપ છે, ન સૂક્ષ્મ છે, ન હ્રસ્વ છે, ન દીર્ઘ છે, ન પ્લુત છે, ન રકત છે, ન કૃષ્ણ છે, સર્વ વર્ણથી રહિત છે, સર્વ ઈંદ્રિયો તથા તેના જે વિષયથી રહિત છે, સર્વનો સાર છે, નિત્ય છે, નિરંજન છે, નિરાકાર છે, સર્વ માત્રાથી રહિત અમાત્ર છે, ધ્વનિથી શબ્દાયમાન ન થાય એવો છે, કંઠ–તાલુ–ઓષ્ઠ–પ્રભૃતિસ્થાનોથી સ્પર્શ ન કરાયેલો છે, સ્વયંભૂ છે, પોતાનાથી જ પોતાના અનુભવમાં આવે છે, વ્યાપક છે, અચિંત્ય છે, સર્વપ્રમાણોથી રહિત છે, અચલ છે, શિવરૂપ છે, તથા સચ્ચિદાનંદ સ્વરૂપ પરબ્રહ્મ છે. આ ૐકારના દસનામ છે. જેવી રીતે :

ॐकारं प्रणवं चैव सर्वव्यापिनमेव च
अनंतं च तथा तारं शुक्लं वैद्युतकं तथा
तुरीयं परमं हंस दशनामानि चोच्यते ॥

(૧) જ્યારે ૐકારનું ઉચ્ચારણ કરે છે ત્યારે ચરણોથી લઈને મસ્તકપર્યંત સંપૂર્ણ શરીર ઉંચું થઈ જાય છે; તેથી આનું નામ ૐકાર છે, અને આના ઉચ્ચારણથી પ્રાણ ઉર્ધ્વગતિને પ્રાપ્ત થઈને બ્રહ્માંડમાં પહોંચે છે તેથી આનું નામ ૐકાર છે. જે આનું ભજન કરે છે તેનો યોગક્ષેમને સુખપૂર્વક ચલાવે છે તથા જિજ્ઞાસુ પુરુષ જેને ઉત્તરોત્તર ભૂમિકા પ્રાપ્ત થતી નથી તેને પ્રાપ્ત કરાવી દે છે. તથા તેની કામ–ક્રોધાદિ શત્રુઓથી રક્ષા કરે છે, તેથી આનું નામ ૐકાર છે. ૐકારનો અર્થ અંગીકાર પણ થાય છે. તેનાથી જે આનું ભજન કરે છે, આના વર – શાપ આદિ દેવતાઓ પણ અંગીકાર કરી લે છે. આની

આજ્ઞા કોઈપણ ફેરવી શકતો નથી. દેવતાઓ પણ આની આજ્ઞાનો અંગીકાર કરી લે છે. વળી આ ૐકાર સાક્ષાત્ પરબ્રહ્મ સ્વરૂપ છે, તેથી આનું ભજન કરનાર પણ બ્રહ્મરૂપ થઈ જાય છે. અને જે ઈચ્છે તે કરી શકે છે. ૐકારના પ્રથમ નામનો આ ભાવાર્થ છે.

(૨) યજુર્વેદ, ઋગ્વેદ, સામવેદ તથા અથર્વવેદ, જે ચારેયવેદ તથા બ્રહ્માઆદિ દેવતાઓ તથા ઋષિમુનિ વળી મનુષ્યઆદિ સર્વ આને મન, તન તથા વાણી માનીને પ્રણામ કરે છે. તેથી આનું નામ પ્રણવ છે.

(૩) સ્થાવર – જંગમ સર્વ પ્રાણી – પદાર્થ, ચારવેદ, ચાર ઉપવેદ, ષટ્શાસ્ત્ર, અઢાર પુરાણ, ચૌદ વિદ્યા તથા ચૌસઠ કળા આ સર્વમાં સ્થિત થઈને રહે છે. તેથી આનું નામ સર્વવ્યાપી છે. લક્ષ્યરૂપ તથા વાચ્યરૂપથી પણ આ ૐ સર્વત્ર વ્યાપ્ત છે. अस्ति - सद्, भाति - चिद् તથા પ્રિય – આનંદ જે ત્રણ રૂપથી જ્યાં જુઓ ત્યાં આ ૐકાર જ વ્યાપ્ત છે. તેથી પણ તેનું નામ સર્વવ્યાપી છે.

(૪) દેહ રૂપોથી, દેશરૂપોથી, કાળરૂપોથી તથા વસ્તુરૂપોથી આનો અંત આવતો નથી. એના નામ, ગુણ, ક્રિયા તથા સ્વરૂપ પણ અનંત છે, દેવ, ઋષિ–મુનિ તથા મનુષ્ય કોઈપણ આના પારને પ્રાપ્ત કરી શકતા નથી. જેનું નામ અનંત છે.

(૫) આધ્યાત્મિક, આધિભૌતિક તથા આધિદૈવિક જે ત્રણ પ્રકારથી દુઃખ છે; એમાંથી તથા આ સંસાર સમુદ્ર જે પણ મોટા દુઃખરૂપ છે, તેમાંથી એનું ભજન કરનારનું તારણ કરે છે. તેથી તેનું નામ તાર છે; અજ્ઞાનસમુદ્રથી પણ આ મુમુક્ષુજનનું તારણ કરે છે એમાં પણ તેનું નામ તાર છે.

(૬) અવિદ્યાના કારજ જે અશુકલ છે, તેથી જે રહિત થાય તે શુકલ કહેવાય છે. પોતાના ઉપાસકોની શુદ્ધપદની પ્રાપ્તિ કરાવે છે, વળી ત્રણ પ્રકારના પાપનો નાશ કરીને ભકતને શુદ્ધ કરે છે. તેથી આનું નામ શુકલ છે. ત્રણ પ્રકારનું જે કર્મ – પ્રારબ્ધ, સંચિત તથા ક્રિયમાણ તે ત્રણ પ્રકારના પાપ છે; કારણ કે સંસારમાં પુનરાવૃત્તિ જ્યાં સુધી કર્મ રહેશે ત્યાં સુધી અવશ્ય થશે. આ ત્રણ પ્રકારના જે કર્મ, તે બાણરૂપ છે વળી અંતઃકરણરૂપી ધનુષ્યથી રહેનારા છે. કેવું છે અંતઃકરણ કે જે ચિદાત્માની છાયાથી યુકત તથા અજ્ઞાનમૂલક છે. તે અંતઃકરણના વિશે જ સર્વ કર્મબીજ રહે છે. અંતઃકરણ આપતો જડ છો, પરંતુ ચેતનની છાયાથી યુકત થાય છે, ત્યારે જ કર્મબીજો ધારણ કરી શકે છે; તેવી રીતે અજ્ઞાનથી પણ જે કદાચિતયુકત ન હોય તો પણ કર્મબીજને ધારણ કરી શકતો નથી. અંતઃકરણ તો એક સત્ત્વગુણરૂપી મૃત્તિકાનો પિંડ છે; વળી અલ્પચૈતન્યરૂપી આકાશ છે, વળી અજ્ઞાનરૂપી જળ છે. જ્યારે આ ત્રણેયનો સહયોગ થાય છે ત્યારે જ તે કર્મબીજરૂપ પદાર્થને ધારણ કરી શકે છે. જ્યારે મૃત્તિકા, જળ તથા આકાશ

એ ત્રણનો સંયોગ થવાથી ઘટ બને છે ત્યારે જ અન્ય પદાર્થ ધારણ કરવા સમર્થ થઈ શકે છે. કેવળ જળ, કેવળ માટી અથવા કેવળ આકાશ સર્વ પદાર્થને ધારણ કરી શકતા નથી. તેવી જ રીતે કેવળ આત્મા, કેવળ અંતઃકરણ અથવા કેવળ અજ્ઞાન, કર્મબીજરૂપી પદાર્થને ધારણ કરી શકતા નથી; પરંતુ જ્યારે આ ત્રણે એકત્ર થાય છે, ત્યારે કર્મને ધારણ કરવામાં સમર્થ થાય છે. ધનુષ્યમાંથી છૂટીને ચાલતો થયેલો બાણ પોતાના વેગની પરિસમાપ્તિ થવાથી પૃથ્વી પર અથવા લક્ષ્ય પર અવશ્ય પડશે; તેથી તે પ્રારબ્ધ કર્મ છે. ધનુષ્યમાંથી પડેલ બાણ તે સંચિતકર્મ છે. વળી ધનુષ્યની સાથે જોડાયેલ છે. તેથી તે ક્રિયમાણ કર્મ છે. જેવી રીતે અન્નથી એક મંદિર ભરેલ હોય તેમાંથી એક મુટ્ઠી ક્ષેત્ર માટે નાખવામાં આવે તે પ્રારબ્ધ છે, હાથમાં રહેલ ક્રિયમાણ છે. વળી મંદિરમાં રહેલ તે સંચિત છે. આમાંથી પરિપકવ થઈને જે કર્મોએ દેહ ઉત્પન્ન કરાવ્યો છે, તે પ્રારબ્ધ છે. અપરિપક્કવ સ્થિતિમાં હૃદયદેશમાં રહેલ અનેક જન્મોના એકત્રિત થયેલા જે કર્મ તે સંચિત છે, વળી જે આ વર્તમાન શરીર વિશે અભિમાનપૂર્વક ક્રિયા કરવામાં આવે છે તે ક્રિયમાણ છે. જેવી રીતે એક જ કાળ ત્રણ અવસ્થાને પ્રાપ્ત થાય છે, તેવી રીતે આ એક જ ક્રિયમાણરૂપી કર્મ ત્રણ અવસ્થાને પ્રાપ્ત થાય છે. ભવિષ્ય અવસ્થામાં રહેલ કાળ જ વર્તમાનદશાને પ્રાપ્ત થાય છે અને તે ભવિષ્ય વર્તમાન થઈને ભૂતાવસ્થાને પ્રાપ્ત થાય છે. તેવી જ રીતે ક્રિયમાણ સંચિત ભાવને પ્રાપ્ત થઈને પ્રારબ્ધરૂપ થાય છે. આ કર્મોથી સુખદુઃખરૂપી ભોગના સાધનરૂપ દેવ, ગંધર્વ, મનુષ્ય, પશુ, પક્ષી, કોટ, પતંગ તથા વૃક્ષ આદિ શરીરો ઉત્પન્ન થાય છે. જ્ઞાન જ્યારે થાય છે ત્યારે સંચિત તથા ક્રિયમાણકર્મનો તો નાશ થઈ જાય છે; પરંતુ પ્રારબ્ધનો તો ભોગવવાથી જ નાશ થાય છે; વિના ભોગના ભોગવ્યા પ્રારબ્ધ નષ્ટ થતું નથી. તેથી પ્રારબ્ધ પણ ત્રણ પ્રકારનું છે. ઈચ્છિત, અનિચ્છિત અને પરિચ્છિત. સર્વ પ્રાણી પોત–પોતાના પ્રારબ્ધ કર્મની ગતિ અનુસાર ચેષ્ટા કરે છે, આ આશયને શ્રીકૃષ્ણ ભગવાને પણ અર્જુન પ્રત્યે કહ્યો છે. જેવી રીતે :

> सदृशं चेष्टते स्वस्याः प्रकृतेर्शानवानपि ।
> प्रकृतिं यांति भूतानि निग्रहः किं करिष्यति ॥

તેથી જે કોઈ ક્રિયમાણરૂપથી પૂર્વે કરેલા કર્મ તે કર્મથી પ્રારબ્ધસંસ્કારરૂપ થઈને અંતઃકરણના વિશે ફલભોગ દેવા માટે સ્થિત થાય છે. તે સંસ્કાર અનુસાર જ્ઞાનવાન પણ ચેષ્ટા કરે છે; તે અનુસાર અન્ય પણ સર્વ પ્રાણી પોત–પોતાના સંસ્કાર અનુસાર ચેષ્ટા કરે છે. ઈચ્છા નથી તો પણ પુરુષની પાપ આદિ અધમ કર્મ માટે પ્રવૃત્તિ થાય છે, તે રજોગુણથી ઉત્પન્ન થયેલ જે કામ, ક્રોધ તથા લોભ જો કે કોઈ પ્રકારના વિષયભોગથી તૃપ્ત નહીં થતાં હોય. વળી મહાપાપાત્મારૂપ છે, તે જ છે. અંતઃસ્થિત ખરેખર વૈરી પણ તે જ છે. જિજ્ઞાસુ લોકોની પાપમાં પ્રવૃત્તિ કરાવીને અધોગતિ કરાવવાવાળો પણ તે છે.

કામ–ઈચ્છા તે પરિણામને પ્રાપ્ત કરીને ક્રોધરુપત્વને પ્રાપ્ત થાય. અને અગ્નિ જેવા અનેક આકૃતિઓ દેવાથી પણ તૃપ્ત થતા નથી. તેથી આ કામ જ જિજ્ઞાસુનો સૌથી વૈરી છે. જે વૈરાગ્યવાન્ અધિકારી છે તે ભોગકાળમાં પણ આને દુઃખરૂપ જાણીને દુઃખી થાય છે; વળી પ્રણવરૂપ જે ઈશ્વર આનું નિરંતર સ્મરણ કરી રહે છે. તેથી આ જે પ્રણવ તે આ અધિકારીના સર્વ પ્રકારના કર્મોનો નાશ કરી દે છે, આનાથી તેનું નામ શુકલ છે.

આ ત્રણ પ્રકારના કર્મ અજ્ઞાનીઓના સત્યરૂપ છે. તેથી આનાથી જે અવશ્ય થાય છે; વળી જ્ઞાનીના સંચિત તથા ક્રિયમાણ તો જ્ઞાનરૂપ અગ્નિથી બળી ગયા છે, તેથી અસત્યરૂપ છે; માત્ર એક પ્રારબ્ધ જ સત્યવત્ હોવાથી પોતાના ફળનો ભોગ કરાવે છે. બળેલા બીજમાંથી જેમ અંકુર ઉત્પન્ન થતું નથી, તેમ જ્ઞાનાગ્નિમાં દગ્ધ થયેલા જે સંચિત તથા ક્રિયમાણ, તે ફરીવાર ફલભોગ કરાવવામાં સમર્થ થતાં નથી; વળી ગતિને પ્રાપ્ત થયેલા પ્રારબ્ધથી તે પોતાના ફલનો ભોગ કરાવીને પોતે જ કુલાલચક્રવત્ શાંત થઈ જાય છે. જ્યારે આત્મજ્ઞાન થાય છે ત્યારે મનોભાવ નષ્ટ થઈ જાય છે; અને 'અહંકર્તા' આ ભાવ નહિ ઉપજવાથી ક્રિયમાણ થતા નથી. કદાચિત્ થાય છે તો પણ અભિમાનથી યુકત ન થવાથી બાધક થતા નથી. નામ પુનર્જન્મના હેતુ થતાં નથી, તેથી જ્ઞાનીની ક્રિયા અભાવવત્ છે. કાયિક, વાચિક તથા માનસિક એ ત્રણ પ્રકારના પાપથી આનું નામ શુકલ છે. બીજા પણ કારણ, સૂક્ષ્મ તથા સુષુપ્તિ એ ત્રણ અવસ્થાઓથી પણ જે–જે પાપ થાય છે, તે સર્વ પાપોથી મુકત કરાવે છે.

(૭) અવિદ્યારૂપ તેમનો નાશ કરીને આત્મજ્ઞાનરૂપ પ્રકાશને પ્રત્યક્ષ કરી દે છે, તેથી આનું નામ વૈદ્યુત છે.

(૮) આત્મ – અનાત્મ પદાર્થના વિવેકથી અનાત્મ પદાર્થ જે કે ક્ષીરમાં જળવત્ નિઃસાર છે તેનો ત્યાગ કરાવે છે, અને આત્મતત્ત્વ જે કે ક્ષીરમાં ધૃતવત્ સારભૂત છે એનું ગ્રહણ કરાવે છે, તેથી એનું નામ હંસ છે. અર્થાત્ પોતાના ભકતની આત્મતત્ત્વના વિશે સ્થિતિ કરાવે છે.

(૯) જાગ્રત, સ્વપ્ન તથા સુષુપ્તિ એ ત્રણ અવસ્થાનો સાક્ષી એનો જાણનારો દષ્ટા, એનાથી ન્યારો છે; વળી પોતાના ભકતના સંસાર સમુદ્રથી તારણ કરે છે. તેથી તેનું નામ તુરીય છે.

(૧૦) આનું દસમું નામ બ્રહ્મ છે. તે બ્રહ્મ બે પ્રકારના છે : એક તો શબ્દબ્રહ્મ અને બીજા પરબ્રહ્મ. એમાં પરા, પશ્યન્તી, મધ્યમા તથા વૈખરી આ ચાર વાણીરૂપ જે છે તે શબ્દબ્રહ્મ છે; એમાં પરા, તે સમષ્ટિરૂપ જ્ઞાન છે, પશ્યંતી તે બુદ્ધિરૂપ છે, કે જેના માટે સ્ફુરણા થાય છે કે, 'મને કાંઈ કહો.' મધ્યમાથી તે નિશ્ચયરૂપ છે, એમાં એવું થાય છે કે, 'મને આ કહો.' વળી જ્યારે કહ્યું ત્યારે તે વૈખરી કહેવાય છે.

તે વૈખરીના વિષે જ ચાર વેદ, છ શાસ્ત્ર, અઢાર પુરાણ તથા અઢાર સ્મૃતિ, સર્વભાષા તથા સર્વજીવની બોલી સ્થિત છે. એને શબ્દબ્રહ્મ કહે છે. વળી આ વાણીઓથી પર તે પરબ્રહ્મ છે.

આ પરબ્રહ્મરૂપી ૐકારને ઋષિમુનિઓ ભિન્ન–ભિન્ન માત્રારૂપ જાણીને, તેની ઉપાસના કરે છે. કોઈ તો આને અમાત્રરૂપ જ જાણે છે, કોઈ એક માત્રરૂપ, કોઈ બે માત્રરૂપ, કોઈ ત્રણ માત્રરૂપ, કોઈ સાડાત્રણ અથવા ચાર માત્રારૂપ તથા કોઈ બાવન માત્રારૂપ માનીને તેની ઉપાસના કરે છે. એમાં અમાત્રરૂપ માનનારા કહે છે કે : ૐકાર જે પરબ્રહ્મરૂપ છે, એની સાથે કોઈપણ માત્રાનો સંબંધ નથી. વળી તે કોઈપણ વાણીથી ઉચ્ચારવામાં આવતો પણ નથી. નિર્ગુણ, નિરાકાર તથા સચ્ચિદાનંદસ્વરૂપ આ ૐકાર છે. એકમાત્રારૂપ માનનારા કહે છે કે, સ્થૂળ, સૂક્ષ્મ, જડ તથા ચૈતન્ય જે કાંઈ આ વિશ્વમાં છે તે વિરાટરૂપ જ છે, તે વિરાટ્ ૐકારની માત્રારૂપ જ છે. બે માત્રારૂપ માનનારા કહે છે કે, સ્થૂળ તથા સૂક્ષ્મ અને જડ તથા ચૈતન્ય એવી બે મસ્તિષ્કમાં વિભકત થયેલ સૃષ્ટિ જોવાં મળે છે. તેથી ૐકાર દ્વિમાત્રારૂપ છે. ત્રણ માત્રારૂપ ૐકારને માનનારા કહે છે કે, અકાર, ઉકાર તથા મકાર જે ત્રણ માત્રા જાગ્રત, સ્વપ્ન, સુષપ્તિરૂપ છે. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એ ત્રણ તે ત્રણ માત્રાના દેવતા છે, અને તે સ્થૂળ, સૂક્ષ્મ વળી કારણભૂત છે. તેથી જે કાંઈ છે, તે ત્રણમાત્રારૂપથી ૐકાર જ સ્થિત છે. વળી સાડાત્રણ ચાર માત્રાને માનવાવાળા કહે છે કે, અકાર, ઉકાર તથા મકાર જે ત્રણ માત્રાને તો પૂર્વવત્ માનીને અને અર્ધમાત્રા રૂપ નિર્ગુણ, નિરાકાર, ચૈતન્યરૂપ પરબ્રહ્મ માને છે. કોઈ આ રીતે પણ કહે છે કે, પ્રથમમાત્રા અકારરૂપ છે, તે સ્થૂળ જગત્‌રૂપ છે, બીજી માત્રા ઉકારરૂપ છે તે સૂક્ષ્મતત્ત્વરૂપ છે, ત્રીજીમાત્રા મકારરૂપ છે તે જીવ કલારૂપ છે વળી ચતુર્થ અર્ધમાત્રા જે બિંદુરૂપ છે, તે પરબ્રહ્મરૂપ પરમપદ છે. કોઈ એવું પણ કહે છે કે, અકારમાત્રા તે વિરાટરૂપ છે, ઉકારમાત્રા તે હિરણ્યગર્ભરૂપ છે, મકારમાત્રા તે અવ્યાકૃત – પ્રકૃતિરૂપ છે, વળી બિંદુરૂપ અર્ધમાત્રા છે તે પરબ્રહ્મ – ચૈતન્યરૂપ છે. વળી બાવનમાત્રારૂપ ૐકારને માનનાર છે તે કહે છે કે, એક બિંદુરૂપ જે પરબ્રહ્મ છે. આ બિંદુથી જ સર્વ વર્ણ ઉત્પન્ન થયેલ છે. એક બિંદુના જ ટુકડા કરીને ભિન્ન–ભિન્ન આકૃતિ કરવામાં આવી છે, તે સર્વ મળીને બાવનમાત્રાઓ કહેવાય છે; તેથી અકાર, ઉકાર અને મકાર આ ત્રણ માત્રારૂપ ૐકાર છે, એવું કહેવું યોગ્ય નથી, કારણ કે બાવન વર્ણોની ઉત્પત્તિ તે બિંદુથી થઈ છે, તેથી ૐકાર બાવન માત્રિકારૂપ છે.

પરંતુ વાસ્તવિક રીતે તો આ ૐકાર જ ત્રણ માત્રા છે. ચોથી જે અર્ધમાત્રા છે તે તો અમાત્રરૂપ છે તેથી જે કંઈ આ જગત્ છે તે ત્રિમાત્રરૂપ જ છે. કુલ ચાર માત્રાઓ છે.

આવા પરબ્રહ્મસ્વરૂપ જો ૐકાર છે તે જ ઉપાસિતવ્ય છે, માટે તેનો જ જપ અને તેના જ અર્થની ભાવના કરવી જોઈએ. હવે જપ કેવી રીતે કહે છે, વળી અર્થની ભાવના કઈ રીતે કહે છે તે બતાવે છે :

ૐકારના જપ વિધાનમાં કોઈ તો એવું કહે છે કે – ૐ, ૐ, ૐ એવું ઉચ્ચારણ વાણી દ્વારા કરવું, અને કોઈ તો એવું કહે છે કે, પ્રાણાયામ દ્વારા એનો જપ કરવો. પૂરક, કુંભક વળી રેચકયુકત પ્રાણાયામ વિશે સોળ પ્રણવ પૂરક વિશે, ચોસઠ પ્રણવ કુંભક વિશે વળી બત્રીસ પ્રણવ રેચક વિશે, જપવું અને કોઈએક તો હ્રસ્વ દીર્ઘ વળી પ્લુતરૂપ ઉચ્ચાર કરવાનું કહે છે. કોઈ કોઈ તો મૂળદ્વારથી લઈને મસ્તક પર્યંત ધ્વનિનાદને ઉત્પન્ન કરીને તેના વિશે લીન થાય છે. આ રીતે અનેક પ્રકાર જપવિધાનના વિષે કહેવામાં આવ્યા છે.

આના અર્થની ભાવનામાં પ્રથમ તો સગુણની ઉપાસના કરે છે, અને પાછળથી નિર્ગુણની ઉપાસના કરે છે. સગુણની ઉપાસનામાં અસ્તિ, ભાતિ અને પ્રિયરૂપ જે બ્રહ્મ છે, તેનું શ્રવણ, મનન વળી નિદિધ્યાસન કરે છે, ત્યારે પ્રત્યેક ચૈતન્ય જે અંતર્યામી છે, તેનો સાક્ષાત્કાર થાય છે; પરંતુ તેમાં અંતરાય નામ વિઘ્ન વિવિધ પ્રકારનો આવે છે. જેમ કે, વ્યાધિ, સ્ત્યાન, સંશય, પ્રમાદ, આળસ, અવિરતિ, ભ્રાંતિદર્શન, અલબ્ધ ભૂમિકત્ત્વ, દુ:ખ, દૌમર્નસ્ય, અંગમેજયત્વ, શ્વાસ તથા પ્રશ્વાસ વગેરે વિક્ષેપ કરનારા છે. આને દૂર કરવા માટે વળી આત્મતત્ત્વની પ્રાપ્તિ માટે ૐકાર જે કે ઈશ્વરરૂપ છે તેની ઉપાસના કરે.

આ ૐકાર સર્વના હૃદયમાં પ્રત્યક્ ચૈતન્યરૂપી રહેલો છે; તેથી તેની ઉપાસનામાં જે પુરુષ સ્થિત થાય છે, તે ચારે વેદો, ષટ્ શાસ્ત્ર, અઢાર સ્મૃતિ, અઢાર પુરાણ, સપ્ત સિદ્ધાંત, વળી સર્વ ઈતિહાસોના સારને પ્રાપ્ત કરીને ભવબંધનમાંથી મુકત થાય છે.[૧૫૮]

તાત્પર્ય એ છે કે, ૐકાર જ સંપૂર્ણ જગત છે. ૐકારની માત્રાઓ વાસ્તવિક રીતે ત્રણ છે અને એક અર્ધમાત્રા છે. આમ કુલ ચાર માત્રા છે. પરંતુ અર્ધમાત્રા છે તે અમાત્રારૂપ છે. ૐકારના અનેક નામો છે. તેની ઉપાસના સગુણ પણ છે અને નિર્ગુણ પણ છે જે બાબત સ્પષ્ટ થાય છે.

નિષ્કર્ષ એ છે કે, ઐતરેય ઉપનિષદ્માં ઓમ્નું સ્વરૂપ કે વર્ણન પ્રાપ્ત થતું નથી. ઈશોપનિષદ્માં ઓમ્નું ઉચ્ચારણ જ માત્ર છે. બૃહદારણ્યકોપનિષદ્માં ઉદ્ગીથરૂપ ઓમ્નું વર્ણન છે. કઠોપનિષદ્માં ૐકાર જ સર્વશ્રેષ્ઠ આલંબન છે. તૈત્તિરીયોપનિષદ્માં ૐકાર જ બ્રહ્મનો વાચક છે. શ્વેતાશ્વતરોપનિષદ્માં પ્રણવરૂપ ૐકારનું વર્ણન છે. કૈવલ્યોપનિષદ્માં પણ ૐકારનું વર્ણન છે. કેન ઉપનિષદ્માં ઓમ્નું મહત્ત્વ છે. છાંદોગ્યોપનિષદ્માં ઓમ્નું ખૂબ વિસ્તૃત વર્ણન છે. પ્રશ્નોપનિષદ્માં ૐકાર વડે જ પરબ્રહ્મની પ્રાપ્તિ વર્ણવાયેલી છે. મુંડકોપનિષદ્માં ૐકાર વડે પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે. તે બાબત વર્ણવી છે. માંડૂકયોપનિષદ્માં ૐકારનું ખૂબ વિસ્તૃત વર્ણન છે. આત્મા અને ૐકાર એકરૂપ વર્ણવ્યા છે.

આમ, મુખ્ય ઉપનિષદોમાં ઓમ્નું નિરૂપણ થયેલું છે.

## સંદર્ભ પ્રકરણ : ૧ – ૨ – ૪ : મુખ્ય ઉપનિષદો :

૧. पुरुषे ह वा अयमादितो गर्भो भवति । यदेतद्रेतस्तदेतत्सर्वेभ्योऽङ्गेभ्यस्तेजः संभूतमात्मन्ये-वात्मानं बिभर्ति तद्यथा स्त्रियां सिञ्चत्यथैनज्जनयति तदस्य प्रथमं जन्म ॥

तत् स्त्रिया आत्मभूयं गच्छति यथा स्वमङ्गं तथा तस्मादेनां न हिनस्ति । सास्यैतमात्मानमत्र गतं भावयति ॥

सा भावयित्री भावयितव्या भवति तं स्त्री गर्भं बिभर्ति सोऽग्र एव कुमारं जन्मनोऽग्रेऽधि-भावयति । स यत्कुमारं जन्मनोऽग्रेऽधिभावयत्यात्मानमेव तद्भावयत्येषां लोकानां सन्तत्या एवं सन्तता हीमे लोकास्तदस्य द्वितीयं जन्म ॥

सोऽस्यायमात्मा पुण्येभ्यः कर्मभ्यः प्रतिधीयते । अथास्यायमितर आत्मा कृतकृत्यो वयोगतः प्रैति स इतः प्रयन्नेव पुनर्जायते तदस्य तृतीयं जन्म ॥

तदुक्तमृषिणा - गर्भे नु सन्नन्वेषामवेदमहं देवानां जनिमानि विश्वा । शतं मा पुर आयसीररक्षन्नधः श्येनो जवसा निरदीयमिति गर्भ एतैतच्छयानो वामदेव एवमुवाच ॥

स एवं विद्वानस्माच्छरीरभेदादूर्ध्व उत्क्रम्यामुष्मिन् स्वर्गे ।
लोके सर्वान् कामानाप्त्वामृतः समभवत् समभवत् ॥

एतरेयोपनिषद् - १ - ६ ॥

૨. જુઓ : પ્રકરણ : ૧–૨–૪ – માંડૂક્યોપનિષદ્.

૩. ગુજરાતી વિશ્વકોશ ખંડ – ૧૯, રશ્મિકાંત મહેતા પૃ. ૭૬૪.

૪. જુઓ : પ્રકરણ : ૧–૧ : વામ સંજ્ઞા.

૫. ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

ईशोपनिषद् शांतिपाठ ॥

૬. કૃષ્ણનું જીવન સંગીત, પૃ. ૪૮–૪૯.

૭. हिरण्यमेन पात्रेण सत्यस्यापिहितं मुखम् ।
तत्त्वं पूषन्नपावृणु सत्यधर्माय दृष्टये ॥
ईशोपनिषद् - १५ ।

૮. श्रीउपनिषदो - तात्पर्यदीपिका - पृ. ११ ।

૯. ॐ क्रतो स्मर कृतँ स्मर क्रतो स्मर कृतँ स्मर ॥
ईशोपनिषद् - १७ ।

૧૦. श्री उपनिषदो - तात्पर्यदीपिका - पृ. १२ ।

૧૧. જુઓ : પરિશિષ્ટ ક્રમાંક – ૩ : ઓમકારની માત્રાઓનું રહસ્ય.

૧૨. द्वया ह प्राजापत्या देवाश्चासुराश्च ततः कानीयसा एव देवा ज्यायसा असुरास्त एषु लोकेष्वस्पर्धन्त ते ह देवा अचुर्हन्तासुरान्यज्ञ उद्गीथेनात्ययामेति ॥

ते ह वाचमूचुस्त्वं न उद्गायेति तथेति तेभ्यो वागुद गायत् यो वाचि भोगस्तं देवेभ्य आगायद्यत् कल्याणं वदति तदात्मने ते विदुरनेन वै न उद्गात्रात्येष्यन्तीति तमभिद्रुत्य पाप्मनाविध्यन्त्स यः स पाप्मा यदेवेदमप्रतिरुपं वदति स एव स पाप्मा ॥

अथ ह प्राणमूचुस्त्वं न उद्गायेति तथेति तेभ्यः प्राण उद्गायद्यः प्राणे भोगस्तदेवेभ्य आगायद्यत् कल्याणं जिघ्रति तदात्मने ते विदुरनेन वै न उद्गात्रात्येष्यन्तीति तमभिंद्रुत्यपाप्मनाविध्यन्त्स यः स पाप्मा यदेवेदमप्रतिरुपं जिघ्रति स एव स पाप्मा ॥

अथ ह चक्षुरुचुस्त्वं न उद्गायेति तथेति तेभ्यश्चक्षुरुदगायद् यश्चक्षुषि भोगस्तं देवेभ्य आगायद्यत्कल्याणं पश्यति तदात्मने ते विदुरनेन वै न उद्गात्रात्येष्यन्तीति तमभिद्रुत्य पाप्मनाविध्यन्त्स यः स पाप्मा यदेवेदमप्रतिरुपं पश्यति स एव स पाप्मा ॥

अथ ह श्रोत्रमुचुस्त्वं न उद्गायेति तथेति तेभ्यः श्रोत्रमुद्गायद्यः श्रोत्रे भोगस्तं देवेभ्य आगायद्यत्कल्याणँ,श्रृणोति तदात्मने ते विदुरनेन वै न उद्गात्रात्येष्यन्तीति तमभिद्रुत्य पाप्मनाऽविध्यन्त्स यः स पाप्मा यदेवेदमप्रतिरूपँ, श्रृणोति स एव स पाप्मा ॥

अथ ह मन ऊचुस्त्वं न उद्गायेति तथेति तेभ्यो मन उद्गायद्यो मनसि भोगस्तं देवेभ्य आगायद्यत् कल्याणँ, संकल्पयति तदात्मने ते विदुरनेन वै न उद्गात्रात्येष्यन्तीति तमभिद्रुत्य पाप्मनाऽविध्यन्त्स यः स पाप्मा यदेवेदमप्रतिरूपँ, संकल्पयति स एव स पाप्मैवमु खल्वेता देवताः पाप्मभिरुपा-सृजन्नेवमेनाः पाप्मेनाविध्यन् ॥

अथ हेममासन्यं प्राणमूचुस्त्वं न उद्गायेति तथेति तेभ्य एष प्राण उदगायत्ते विदुरनेन वै न उद्गात्रात्येष्यन्तीति तमभिद्रुत्य पाप्मनाविव्यस्त्यन्स यथाश्मानमृत्वा लोष्टो विध्वँ,से तैव ँ, हैव विध्व ँ, समाना विष्वञ्चो विनेशुस्ततो देवा अभवन् परासुरा भवत्यात्मना परास्य द्विषन्भ्रातृव्यो भवति य एवं वेद ॥

बृहदारण्यकोपनिषद् - तृतीयब्राह्मण १ - ७ ।

१३. एष उ वा उद्गीथः प्राणो वा उत्प्राणेन हीदँ सर्वमुत्तब्धं वागेव गीथोच्च गीथा चेति स उद्गीथः ॥

बृहदारण्यकोपनिषद् - १ - ३ - २३ ।

१४. ॐ खं ब्रह्म । खं पुराणं वायुरं खमिति ह स्माऽऽह कौरव्यायणीपुत्रो वेदोऽयं ब्राह्मणा विदुर्वेदैनेन यद्वेदितव्यम् ॥

बृहदारण्यकोपनिषद् - ५ - १ - ६ ।

१५. विद्युद्ब्रह्मेत्याहुर्विदानाद्विद्युद्विद्यत्येनं पाप्मनो य एवं वेद विद्युद्ब्रह्मेति विद्युद्ध्येय ब्रह्म ॥

बृहदारण्यकोपनिषद् - ५/७/१ ।

૧૬. જુઓ : પ્રકરણ : ૧–૨–૪ : માંડૂકયોપનિષદ્.

१७. वाचं धेनुमुपासीत तस्याश्चत्वारः स्तनाः स्वाहाकारो वषट्कारो हन्तकारः स्वधाकारस्तस्या द्वौ स्तनौ देवा उपजीवन्ति स्वाहाकारं च वषट्कारं च हन्तकारं मनुष्याः स्वधाकारं पितरस्तस्याः प्राण ऋषभो मनो वत्सः ॥

बृहदारण्यकोपनिषद् - ५/८/१ ।

૧૮. જુઓ : પ્રકરણ : ૧–૨–૧ : ઋગ્વેદ.

૧૯. "हिरण्येन पात्रेण सत्यस्यापिहितं मुखम् । तत्त्वं पूषन्नपावृणु सत्यधर्माय दृष्टये । पूषन्नेकर्षेयम सूर्य प्राजापत्य व्यूह रश्मीन्समूह तेजो यत्ते रुपं कल्याणतमं तत्ते पश्यामि

योऽसावसौ पुरुषः सोऽहमस्मि । वायुरनिलममृतमथेदं भस्मान्तँ, शरीरम् । ॐ ३ क्रतो स्मर कृतँ, स्मर क्रतो स्मर कृतँ, स्मर । अग्ने नय सुपथा राये अस्मान्विश्वानि देव वयुनानि विद्वान् । युयोध्यस्मज्जुहुराणमेनो भूयिष्ठां ते नम उक्तिं विधेम् ।

बृहदारण्यकोपनिषद् - ५ / १५ / १ ।

૨૦. જુઓ : પ્રકરણ : ૧–૨–૪ : ઈશાવાસ્યોપનિષદ્.

૨૧. अथास्य दक्षिणं कर्णमभिनिधाय वाग्वागिति त्रिरथ दधिमधुधृतँ, संनीयानन्तर्हितेन जातरुपेण प्राशयति । भूस्ते दधामि भुवस्ते दधामि स्वस्ते दधामि भूर्भुवः स्वः सर्वं त्वयि दधामीति ।

बृहदारण्यकोपनिषद् - ६ / ५ / २५-२६ ॥

૨૨. જુઓ : પ્રકરણ : ૧–૧ : ॐ ના વિભિન્ન અર્થો.

૨૩. જુઓ : પ્રકરણ : ૧–૨–૧ : ઋગ્વેદ.

૨૪. सर्वेवेदा यत्पदमामनन्ति तपाँसि सर्वाणि च यद्वदन्ति ।
यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति तत्ते पदं संग्रहेण ब्रवीम्योमित्येतत् ।

कठोपनिषद् १-१-१५ ।

૨૫. श्री उपनिषदो - तात्पर्यदीपिका, पृ. ४९ ।

૨૬. एतद्धयेवाक्षरं ब्रह्म एतद्धयेवाक्षरं परम् ।
एतद्धयेवाक्षरं ज्ञात्वा यो यदिच्छति तस्य तत् ॥

कठोपनिषद् । १ - २ - १६ ।

૨૭. एतदालम्बनं श्रेष्ठमेतदालम्बनं परम् ।
एतदालम्बनं ज्ञात्वा ब्रहमलोके महीयते ॥

कठोपनिषद् - १ - १ - १७ ।

૨૮. વિચારસાગર, નિશ્ચલદાસજી, પૃ. ૪૦૦–૪૧૯.

૨૯. જુઓ : પ્રકરણ : ૧–૨–૪ : માંડૂક્યોપનિષદ્.

૩૦. अणोरणीयान्महतो महीयात्मास्य जन्तोर्निहितो गुहायाम् ।
तमक्रतुः पश्यति वीतशोको धातुप्रसादान्महिमानमात्मनः ॥
कठोपिनषद् - १ / २ / २० ॥

૩૧. જુઓ : પ્રકરણ : ૧–૧ : ઓમ્‌ના વિભિન્ન અર્થો.

૩૨. જુઓ : પ્રકરણ : ૧–૨–૪ : ઈશાવાસ્યોપનિષદ્.

૩૩. ओमिति ब्रह्म । ओमितीद ँ सर्वम् । ओमित्येतदनुकृतिर्ह स्म वा अप्योश्रावयेत्वाश्राव-यन्ति । ओमिति सामानि गायन्ति । ओ ँ शोमिति शस्त्राणि श ँसन्ति । ओमित्यध्वर्युः प्रतिगरं प्रतिगृणाति । ओमिति ब्रह्मा प्रसौति । ओमित्यग्निहोत्रमनुजानाति । ओमिति ब्राह्मणः प्रवस्यन्नाह ब्रह्मोपाप्नवानीति । ब्रह्मैवोपाप्नोति ॥

तैत्तिरीयोपनिषद् - अनुवाकः - ८ - १ ॥

૩૪. वहनेर्यथा योनिगतस्य मूर्तिर्न दृश्यते नैव च लिङ्गनाशः ।
स भूय एवेन्धनयोनिगृह्यस्तद्वोभयं वै प्रणवेन देहे ॥
स्वदेहमरणिं कृत्वा प्रणवं चोत्तरारणिम् ।
ध्याननिर्मथनाभ्यासाद्वेवं पश्येन्निगूढवत् ॥

श्वेताश्वेतरोपनिषद् - १ - १३ - १४ ।

૩૫. आत्मानमरणिं कृत्वा प्रणवं चोत्तरारणिम् ।
ज्ञाननिर्मथनाभ्यासात्पापं दहति पण्डितः ॥

कैवल्योपनिषद् - ११ ।

૩૬. तस्यैष आदेशो वदेतद्विद्युतो व्यद्युतदा ३ इतीन्न्यमीमिषदा ३ इत्यधिदैवतम् ।

केनोपनिषद् - ४ / ४ ।

૩૭. જુઓ : પ્રકરણ : ૧–૧ : ઓમ્‌ના વિભિન્ન અર્થો :

૩૮. तद्ध तद्वनं नाम तद्वनमित्युपासितव्यं स य एतदेवं वेदाऽभि हैन ँ्सर्पाणि भूतानि संवाञ्छन्ति ॥

केनोपनिषद् - ४ / ६ ।

૩૯. જુઓ : પ્રકરણ : ૧–૨–૪ : છાંદોગ્યોપનિષદ્.

૪૦. ऊमित्यतदक्षरमुद्गीथमुपासीत । ऊमिति ह्युद्गायति तस्योपव्याख्यानम् ।

छांदोग्योपनिषद् - १ - १ - १ ।

૪૧. एषां भूतानां पृथिवी रसः पृथिव्या आपो रसोऽयामोषधयो रस ओषधीनां पुरुषो रसः पुरुषसस्य वाग्रसो वाच ऋग्रस ऋचः साम रसः साम्न उद्गीथो रसः ॥

छांदोग्योपनिषद् - १ - १ - २ ।

૪૨. स एषरसाना ँ रसतमः परमः परार्ध्योऽष्टमो यदुद्गीथः ॥

छांदोग्योपनिषद् - १ - १ - ३ ।

૪૩. कतमा कतमर्क्कतमत्कतमत्साम कतमः कतम उद्गीथं इति विमृष्टं भवति ॥

छांदोग्योपनिषद् - १ - १ - ४ ।

૪૪. वागेवर्क् प्राणः सामोमित्येतदक्षरमुद्गीथः तद्वा एतन्मिथुनं यद्वाक्च प्राणश्चवर्क्च साम च ॥

छांदोग्योपनिषद् - १ - १ - ५ ।

૪૫. तदेतन्मिथुनमोमित्येतस्मिन्नक्षरे स ँ सृज्यते यदा वै मिथुनौ समागच्छत आपयतो वै तान्योन्यस्य कामम् ॥

छांदोग्योपनिषद् - १ - १ - ६ ।

૪૬. अपायिता ह वै कामानां भवति य एतदेवं विद्वानक्षरमुद्गीथमुपासते ॥

छांदोग्योपनिषद् - १ - १ - ७ ।

૪૭. तद्वा एतदनुज्ञाक्षरं यद्धि किंचानुजानात्योमित्येव तदाहैषा एव समृद्धिर्यदनुज्ञा समर्धयिता ह वै कामानां भवति य एतदेवं विद्वानक्षरमुद्गीथमुपास्ते ॥

छांदोग्योपनिषद् - १ - १ - ८ ।

૪૮. तेनेयं त्रयी विद्या वर्तत ऊमित्याश्रावयत्योमिति शँ सत्योमित्युद्गात्येत-
स्यैवाक्षरस्यापचित्यै महिम्ना रसेन ॥

छांदोग्योपनिषद् - १ - १ - ९ ।

૪૯. तेनोभौ कुरुतो यश्चैतदेवं वेद यश्च न वेद । नाना तु विद्या चाविद्या च ।
यदेव विद्यया करोति श्रद्धयोपनिषदा तदेव वीर्यवत्तरं भवतीति
खल्वेतस्यैवाक्षरस्योपव्याख्यानं भवति ॥

छांदोग्योपनिषद् - १ - १ - १० ।

૫૦. देवासुरा ह वै यत्र संयेतिर उभये प्राजापत्यास्तद्ध देवा उद्गीथमाजह्रुरनेने-
नैनानभिभविष्यामि इति ॥

छांदोग्योपनिषद् - १ - २ - १ ।

૫૧. ते ह नासिक्यं प्राणमुद्गीथमुपांसाचक्रिरे तँ हासुराः पाप्मना
विविधुस्तस्मात्तेनोभयं जिघ्रति सुरभि च दुर्गन्धि च पाप्मना ह्येष विद्धः ॥

छांदोग्योपनिषद् - १ - २ - २ ।

૫૨. अथ ह वाचमुद्गीथमुपासांचक्रिरे ताँ हासुराः पाप्मना विविधुस्तस्मात्तेनोभयं
वदति सत्यं चानृतं च पाप्मना ह्येषा विद्धा ॥

छांदोग्योपनिषद् - १ - २ - ३ ।

૫૩. अथ ह चक्षुरुद्गीथमुपासांचक्रिरे तद्धासुराः पाप्मना विविधुस्तस्मात्तेनोभयँ
पश्यति दर्शनीयं चादर्शनीयं च पाप्मना ह्येतद्विद्धम् ॥

छांदोग्योपनिषद् - १ - २ - ४ ।

૫૪. अथ ह श्रोत्रमुद्गीथमुपासांचक्रिरे तद्धासुराः पाप्मना विविधुस्तस्मात्तेनोभयँ
शृणोति श्रवणीयं चाश्रवणीयं च पाप्मना ह्येतद्विद्धम् ॥

छांदोग्योपनिषद् - १ - २ - ५ ।

૫૫. अथ ह मन उद्गीथमुपांसाचक्रिरे तंद्धासुराः पाप्मना विविधस्तस्मात्तेनोभयँ
सङ्कल्पयते सङ्कल्पनीयं चासङ्कल्पनीयं च पाप्मना ह्येतद्विद्धम् ॥

छांदोग्योपनिषद् - १ - २ - ६ ।

૫૬. अथ ह य एवायं मुख्यः प्राणस्मुद्गीथं सुपासांचक्रिरे त ँ हासुरा ऋत्वा विध्वंसुर्यथाऽस्मानमाखणमृत्वा विध्व ँ सेत ॥

छांदोग्योपनिषद् - १ - २ - ७ ।

૫૭. त ँ हाङ्गिरा उद्गीथमुपासांचक्र एतमु एवाङ्गिरसं मन्यन्तेऽङ्गानां यद्रसः ॥

छांदोग्योपनिषद् - १ - २ - १० ।

૫૮. तेन त ँ ह बृहस्पतिरुद्गीथमुपांसाचक्र एतमु एव बृहस्पतिं मन्यन्ते वाग्धि बृहती तस्या एष पतिः ॥

छांदोग्योपनिषद् - १ - २ - ११ ।

૫૯. तेन त ँ हायास्य उद्गीथमुपासांचक्र एतमु एवायास्यं मन्यन्त आस्पाद्यदयते ॥

छांदोग्योपनिषद् - १ - २ - १२ ।

૬૦. तेन त ँ ह बको दाल्भ्यो विदांचकार । स ह नैमिषीयानामुद्गाता बभूव स ह स्मैभ्यः कामानागायति ॥

छांदोग्योपनिषद् - १ - २ - १३ ।

૬૧. अगाता ह वै कामानां भवति य एतदेवं विद्वानक्षरमुद्गीथमुपास्त इत्यध्यात्मम् ।

छांदोग्योपनिषद् - १ - २ - १४ ।

૬૨. अथाधिदैवतं च एवासौ तपति तमुद्गीथंमुपासीतोद्यन्वा एष प्रजाभ्य उद्गायति । उद्य ँ स्तमो भयमपहन्त्यपहन्ता ह वै भयस्य तमसो भवति य एवं वेद ॥

छांदोग्योपनिषद् - १ - ३ - १ ।

૬૩. સૂર્યશતક, મનસુખલાલ સાવલિયા, પૃ. ૨૮ – ૩૨.

૬૪. समान उ एवायं चासौ चोष्णोऽयमुष्णोऽसौ स्वर इतीममाचक्षते स्वर इति प्रत्यास्वर इत्यमुं तस्माद्वा एतमिममम़ुं चोद्गीथमुपासीत ॥

छांदोग्योपनिषद् - १ - ३ - २ ।

૬૫. अथ खलु ब्यानमेवोद्गीथमुपासीत यद्वै प्राणिति स प्राणो यदपानिति सोऽपानः ।
अथ यः प्राणापानयोः सन्धिः स व्यानो यो व्यानः सा वाक् । तस्माद्
प्राणन्ननपानन्वाचमभिब्याहरति ॥

छांदोग्योपनिषद् - १ - ३ - ३ ।

૬૬. या वाक्सर्क् तस्मादप्राणन्ननपानन्नृचमभिव्याहरति यर्क्र तत्साम तस्माद-
प्राणन्ननपानन्साम गायति यत्साम स उद्गीथस्तस्मादप्राणन्ननपानन्नुद्गायति ।

छांदोग्योपनिषद् - १ - ३ - ४ ।

૬૭. अतो यान्यन्यानि वीर्यवन्ति कर्माणि यथाऽग्नेर्मन्थनमाजेः सरणं दृढस्य धनुष
आयमनमप्राणन्नपान ँ स्तानि करोत्येतस्य हेतोर्व्यानमेवोद्गीथमुपासीत ॥

छांदोग्योपनिषद् - १ - ३ - ५ ।

૬૮. अथ खलूद्गीथाक्षराण्युपासीतोद्गीथ इति प्राण एवोत्प्राणेन ह्युत्तिष्ठति वाग्गीर्वाचो
ह गिर इत्याचक्षतेऽन्नं थमन्ने हीद ँ सर्व ँ स्थितम् ॥

छांदोग्योपनिषद् - १ - ३ - ६ ।

૬૯. द्यौरेवोदन्तरिक्षं गीः पृथिवी थमादित्य एवोद्वायुर्गीरग्निस्थि ँ सामवेद एषो यजुर्वेदो
गीर्ऋग्वेदस्यं दुग्धेऽस्मै वाग्दोहं यो वाचो दोहाऽन्नवानन्ननादो भवति व एतान्येवं
विद्वानुद्गीथाक्षराण्युपास्तउद्गीथ इति ॥

छांदोग्योपनिषद् - १ - ३ - ७ ।

૭૦. ऊमित्येतदक्षरमुद्गीथमुपासीतोमिति ह्युद्गायति तस्योपव्याख्यानम् ॥

छांदोग्योपनिषद् - १ - ४ - १ ।

૭૧. तानु तत्र मृत्युर्यथा मत्स्यमुदके परिपश्येदेवं पर्यपश्यदृचि साम्नि यजुषि ।
ते नु वित्त्वोर्ध्वा ऋचः साम्नो यजुषः स्वरमेव प्राविशनं ॥

छांदोग्योपनिषद् - १ - ४ - ३ ।

૭૨. यदा वा ऋचमाप्नोत्योमित्येवातिस्वरत्येव ँ सामैवं यजुरेष उ स्वरो
यदेतदक्षरमेतदमृतमयं तत्प्रविश्य देवा अमृता अभया अभवन् ।

छांदोग्योपनिषद् - १ - ४ - ४ ।

૭૩. स य एतदेवं विद्वानक्षरं प्रणौत्येतदेवाक्षरँ स्वरममृतमभयं प्रविशति तत्प्रविश्य यदमृता देवास्तदमृतो भवति ॥

छांदोग्योपनिषद् - १ - ४ - ५ ।

૭૪. अथ खलु च उद्गीथः स प्रणवो चः प्रणवः स उद्गीथ इत्यसौ वा आदित्य उद्गीथ एष प्रणव ऊमिति हयेष स्वरन्नेति ॥

छांदोग्योपनिषद् - १ - ५ - १ ।

૭૫. एतमु एवाहमभ्यगासिषं तस्मान्मम त्वमेकोऽसीति ह कौषीतकिः पुत्रमुवाच रश्मीँ स्त्वं पर्यावर्तयाद्बहवो वै ते भविष्यन्तीत्यधिदैवतम् ॥

छांदोग्योपनिषद् - १-५-२ ।

૭૬. अथाध्यात्मं य एवायं मुख्यः प्राणस्तमुद्गीथमुपासीतोमिति हयेष स्वरन्नेति ॥

छांदोग्योपनिषद् - १ - ५ - ३ ।

૭૭. एतमु एवाह्मभ्यगासिष तस्मान्मम त्वमेकोऽसीति ह कौषीतकिः पुत्रमुवाच प्राणाँ स्त्वं भूमानमभिगायताद्बहवो वै मे भविष्यन्तीति ॥

छांदोग्योपनिषद् - १-५-४ ।

૭૮. अथ खलु य उद्गीथः स प्रणवो यः प्रणवः स उद्गीथ इति होतृषदनाध्दैवापि दुरुद्गीतमनुसमाहरतीत्यनुसमाहरतीति ॥

छांदोग्योपनिषद् - १ - ५ - ५ ।

૭૯. तस्यर्क च साम च गेष्णौ तस्मादुद्गीथस्तस्मात्त्वेवोद्गातैतस्य हि गाता स एष ये यामुष्मात्पराञ्चौ कोकारस्तेषां चेष्टे देवकामानां चेत्यधिदैवतम् ॥

छांदोग्योपनिषद् - १ - ६ - ८ ।

૮૦. त्रयो होद्गीथे कुशला बभूवुः शिलकः शालावत्यश्चैकितायनो दाल्भ्यः प्रवाहणो जैवलिरिति । ते होचुरुद्गीथे वै कुशलाः स्मो हन्तोद्गीथे कथां वदाम इति ॥

छांदोग्योपनिषद् - १ - ८ - १ ।

૮૧. तथेति ह समुपविविशुः स ह प्रवाहणो जैवलिरुवाच भगवन्तावग्रे वदतां ब्राह्मणयोर्वदतोर्वाचँ श्रोष्यामीति ॥

छांदोग्योपनिषद् - १ - ८ - २ ।

૮૨. स ह शिलकः शालावत्यश्चैकितायनं दाल्भ्यमुवाच हन्त वा पृच्छानीति पृच्छेति होवाच ॥

छांदोग्योपनिषद् - १ - ८ - ३ ।

૮૩. का साम्नो गतिरिति स्वर इति होवाच स्वरस्य का गतिरिति प्राण इति होवाच प्राणस्य का गतिरित्यन्नमिति होवाचान्नस्य का गतिरित्याप इति होवाच ॥

छांदोग्योपनिषद् - १ - ८ - ४ ।

૮૪. अपां का गतिरित्यसौ लोक इति होवाचामुष्य लोकस्य का गतिरिति न स्वर्गं लोकमतिनयेदिति होवाच स्वर्गं वयं लोकँ सामाभिसंस्थापयामः स्वर्गसँ स्तावँ हि सामेति ॥

छांदोग्योपनिषद् - १ - ८ - ५ ।

૮૫. तँ ह शिलकः शालावत्यश्चैकितायनं दालभ्यमुवाचाप्रतिष्ठितं वै किल ते दाल्भ्य साम यस्त्वेतर्हि ब्रूयान्मूर्धा ते विपतिष्यतीति मूर्धा ते विपतेदिति ॥

छांदोग्योपनिषद् - १ - ८ - ६ ।

૮૬. हन्ताहमेतद्भगवतो वेदानीति विद्धीति होवाचमुष्य लोकस्य का गतिरित्ययं लोक इति होवाचास्यलोकस्य का गतिरिति न प्रतिष्ठां लोकमतिनयेदिति होवाच प्रतिष्ठां वयं लोकँ सामाभिसँ स्थापयामः प्रतिष्ठांसँ स्तावँ हि सामेति ॥

छांदोग्योपनिषद् - १ - ८ - ७ ।

૮૭. तँ ह प्रवाहणो जैवलिरुवाचान्तवद्वै किल ते शालावत्य साम यस्त्वेतर्हि ब्रूयान्मूर्धा ते विपतिष्यतीति मूर्धा ते विपतेदिति हन्ताहमेतद्भगवतो वेदानीति विद्धीति होवाच ॥

छांदोग्योपनिषद् – १ - ८ - ८ ।

૮૮. अस्य लोकस्य का गतिरित्याकाश इति होवाच सर्वाणि ह वा इमानि भूतान्याकाशादेव समुत्पद्यन्त आकाशं प्रत्यस्तं यन्त्याकाशो ह्येवैभ्यो ज्यायानाकाशः परायणम् ॥

छांदोग्योपनिषद् - १ - ९ - १ ।

૮૯. स एष परोवरीयानुद्गीथः स एषोऽनन्तः परोवरीयो हास्य भवति भवति परोवरीयसो ह लोकाञ्जयति य एतदेवं विद्वान्परोवरीयाँ समुद्गीथमुपास्ते ॥

छांदोग्योपनिषद् - १ - ९ - २ ।

૯૦. तँ हैतमतिधन्वा शौनक उदरशाण्डिल्यायोक्त्वोवाच यावत्त एनं प्रजायामुद्गीथं वेदिष्यन्ते परोवरीयो हैभ्यस्तावदस्मिँल्लोके जीवनं भविष्यति ॥

छांदोग्योपनिषद् - १ - ९ - ३ ।

૯૧. तथाऽमुष्मिँल्लोके लोक इति स य एतमेवं विद्वानुपास्ते परोवरीय एव हास्यास्मिँल्लोके जीवनं भवति तथाऽमुष्मिँल्लोके लोक इति लोके लोक इति ॥

छांदोग्योपनिषद् - १ - ९ - ४ ।

૯૨. छांदोग्योपनिषद् - १ - ११ - १,२,३,४ ।

૯૩. प्राण इति होवाच सर्वाणि ह वा इमानि भूतानि प्राणमेवाभिसंविशन्ति प्राणमभ्युज्जिहते सैषा देवता प्रस्तावमन्वायत्ता तां चेदविद्वान्प्रास्तोष्यो मूर्धा ते व्यपतिष्यत्तथोक्तस्य मयेति ॥

छांदोग्योपनिषद् - १ - ११ - ५ ।

૯૪. अथ हैनमुद्गातोपससादोदगातर्या देवतोद्गीथमन्वायत्ता तां चेदविद्वानुद्गास्यसि मूर्धा ते विपतिष्यतीति मा भगवानवोचत्कतमा सा देवतेति ॥

छांदोग्योपनिषद् - १ - ११ - ६ ।

૯૫. आदित्य इति होवाच सर्वाचि ह वा इमानि भूतान्यादित्यमुच्चैः सन्तं गायन्ति सैषा देवतोद्गीथमन्वायत्ता तां चेदविद्वानुदगास्यो मूर्धा ते व्यपतिष्यत्तथोक्तस्य मयेति ॥

छांदोग्योपनिषद् - १ - ११ - ७ ।

૯૬. अथातः शौव उद्गीथस्तद्ध बको दाल्भ्यो ग्लावो वा मैत्रेयः स्वाध्यायमुद्वव्राज ॥

छादोग्योपनिषद् - १ - १२ - १ ।

૯૭. तस्मै श्वा श्वेतः प्रादुर्बभूव तमन्ये श्वान उपसमेत्योचुरन्नं नो भगवानागायत्व-
शनायाम वा इति ॥

छांदोग्योपनिषद् - १ - १२ - २ ।

૯૮. तान्होवाचेहैव मा प्रातरुपसमीयातेति तद्ध बको दाल्भ्यो ग्लावो वा
मैत्रेयःप्रतिपालयांचकार ॥

छांदोग्योपनिषद् - १ - १२ - ३ ।

૯૯. ते ह यथैवेदं बहिष्यवमानेन स्तोष्यमाणाः सँ रब्धाः सर्पन्तीत्येवमाससृपुस्ते ह
समुपविश्य हिंचक्रुः ॥

छांदोग्योपनिषद् - १ - १२ - ४ ।

૧૦૦. ओ३ मदा ३ मों ३ पिबा ३ मों ३ देवो वरुणः प्रजापतिः
सविताऽऽन्नमिहाऽऽहरदन्नपते३ऽन्नमिहा२ऽऽहरा२ऽऽहरो३मिति ॥

छांदोग्योपनिषद् - १ - १२ - ५ ।

૧૦૧. अन्तरिक्षमुद्गीथ... ॥

छांदोग्योपनिषद् - २ - २ - १ ।

૧૦૨. वर्षति स उद्गीथो... ॥

छांदोग्योपनिषद् - २-३-१, २-१५-१ ।

૧૦૩. प्राच्यः स्यन्दन्ते स उद्गीथो... ॥

छांदोग्योपनिषद् - २ - ४ - १ ।

૧૦૪. वर्षा उद्गीथः... ॥

छांदोग्योपनिषद् - २-५-१, २-१६-१ ।

૧૦૫. गाव उद्गीथः... ॥

छांदोग्योपनिषद् - २-६-१, २-१८-१ ।

૧૦૬. चक्षुरुद्गीथः... ॥

छांदोग्योपनिषद् - २-७-१, २-११-१ ।

૧૦૭. यदुदिति स उद्गीथो ... ॥

छांदोग्योपनिषद् - २ - ८ - २ ।

૧૦૮. अथ यत्संप्रति माध्यन्दिने स उद्गीथस्तदस्य देवा अन्वायतास्तस्मात्ते सत्तमाः प्राजापत्यानामुद्गीथभाजिनो हयेतस्य साम्नः ॥

छांदोग्योपनिषद् - २-९-५ ।

૧૦૯. उद्गीथ इति त्र्यक्षरमुपद्रव इति चतुरक्षरं त्रिभिस्त्रिभिः समं भवत्यक्षरमतिशिष्यते त्र्यक्षरं तत्समम् ॥

छांदोग्योपनिषद् - २ - १० - ३ ।

૧૧૦. ज्वलति स उद्गीथः... ॥

छांदोग्योपनिषद् - २ - १२ - ११ ।

૧૧૧. स्त्रिया सह सेते स उद्गीथः... ॥

छांदोग्योपनिषद् - २ - १३ - १ ।

૧૧૨. माध्यन्दिन उद्गीथः... ॥

छांदोग्योपनिषद् - २ - १४ - १ ।

૧૧૩. धोरुद्गीथो... ॥

छांदोग्योपनिषद् - २ - १७ - १ ।

૧૧૪. मा ँ समुद्गीथ... ॥

छांदोग्योपनिषद् - २ - १९ - १ ।

૧૧૫. आदित्य उद्गीथः... ॥

छांदोग्योपनिषद् - २ - २० - १ ।

૧૧૬. अग्निर्वायु आदित्यः स उद्गीथो... ॥

छांदोग्योपनिषद् - २ - २१ - १ ।

૧૧૭. तान्यभ्यतपतेभ्योऽभितप्तेभ्य ॐकारः संप्रास्त्रवत्तद्यथा शङ्कुना सर्वाणि पर्णानि संतृष्णान्येवमोंकारेण सर्वा वाक् संतृष्णोंकार एवेदँ सर्वमोंकार एवेदँ सर्वम् ॥

छांदोग्योपनिषद् - २ - २३ - ३ ।

૧૧૮. स यो ह वै तद्भगवन्मनुष्येषु प्रायणानामोंकारमभिध्यायीत ।
कतमं वाव स तेन लोकं जयतीति ।

प्रश्नोपनिषद् - ५ - १ ।

૧૧૯. एतदैव सत्यकाम परं चापरं च ब्रह्म यदोङ्कारः ।
तस्माद्विद्वानेतेनैवायतनेनैकतरमन्वेति ।

प्रश्नोपनिषद् - ५ - २ ।

૧૨૦. स यद्येकमात्रमभिध्यायीत स तेनैव संवेदितस्तूर्णमेव जगत्यामभिसम्पद्यते तमृचो मनुष्यलोकमुपनयन्ते स तत्र तपसा ब्रह्मचर्येण श्रद्धया सम्पन्नो महिमानमनुभवति ॥

प्रश्नोपनिषद् - ५ - ३ ।

૧૨૧. अथ यदि द्विमात्रेण मनसि सम्पद्यतेसाऽन्तरिक्षं यजुर्भिरुन्नीयते सोमलोकम् ।
स सोमलोके विभूतिमनुभूय पुनरावर्तते ॥

प्रश्नोपनिषद् - ५ - ४ ।

૧૨૨. यः पुनरेतं त्रिमात्रेणोमित्येतेनैवाक्षरेण परं पुरुषमभिध्यायीत स तेजसि सूर्ये सम्पन्नः ।
यथा पादोदरस्त्वचा विर्निमुच्यत एवं ह वै स पाप्मना विर्निमुक्तः स सामभिरुन्नीयते ब्रह्मलोकं स एतस्माज्जीवधनात्परात्परं पुरिशयं पुरुषमीक्षते ॥

प्रश्नोपनिषद् - ५ - ५ ।

૧૨૩. तिस्त्रो मात्रा मृत्युमत्यः प्रयुक्ता अन्योन्य सक्ता अनविप्रयुक्ताः ।
क्रियासु बाह्याभ्यन्तरमध्यमासु सम्यक्प्रयुक्तासु न कम्पते ज्ञः ॥ प्रश्नोपनिषद् - ५ - ६ ।

૧૨૪. ऋग्भिरेतं यजुर्भिरन्तरिक्षं सामभिर्यत्तत्कवयो वेदयन्ते ।
तमोङ्कारेणैवायतनेनान्वेति विद्वान्यत्तच्छान्तमजरममृतमभयं परं चेति ॥

प्रश्नोपनिषद् - ५ - ७ ।

૧૨૫. प्रणवो धनुः शरो ह्यात्मा ब्रह्म तल्लक्ष्यमुच्यते ।
अप्रमतेन वेद्धव्यं शरवत्तन्मयो भवेत् ॥
मुण्डकोपनिषद् - २ - २ - ४ ।

૧૨૬. अरा इव रथनाभौ संहता यत्र नाडयः स एषोऽन्तश्चरन्ते बहुधा जायमानः ।
ओमित्येवं ध्यायथ आत्मानं स्वस्ति वः पराय तमसः परस्तात् ॥
मुण्डकोपनिषद् - २ - २ - ६ ।

૧૨૭. मानवधर्मसार, प्रणवस्य चतुष्कं महिमा च, अध्याय - ५ ।

૧૨૮. ओमित्येतदक्षरमिदं सर्वं तस्योपाख्यानं भूतं भवद्भविष्यदिति सर्वमोंकार एव ।
यच्चान्यत्त्रिकालातीतं तदप्योङ्कार एव ॥
माण्डूक्योपनिषद् - १ ।

૧૨૯. सर्वं ह्येतद्ब्रह्मायमात्मा ब्रह्म सोऽयमात्मा चतुष्पात् ॥
मांडूक्योपनिषद् - २ ॥

૧૩૦. जागरितस्थानो बहिःप्रज्ञः सप्ताङ्ग एकोनविंशतिमुखः स्थूलभुग्वैश्वानरः प्रथमपादः ॥
मांडूक्योपनिषद् - ३ ॥

૧૩૧. अहं वैश्वानरो भूत्वा प्राणिनां देहमाश्रितः ।
प्राणायानसमायुक्तः पचाम्यन्नं चतुर्विधम् ॥
श्रीमद् भगवद्गीता - १५ - १४ ।

૧૩૨. स्वप्नस्थानोऽन्तःप्रज्ञः सप्ताङ्ग एकोनविंशतिमुखः प्रविविक्तभुक् तैजसो द्वितीयः पादः ॥
मांडूक्योपनिषद् - ४ ॥

૧૩૩. यत्र सुप्तो न कञ्चन कामं कामयते न कञ्चत स्वप्नं पश्यति तत्सुषुप्तम् । सुषुप्तस्थान एकीभूतः प्रज्ञानघन एवाऽऽनन्दमयो ह्यानन्दभुक् चेतोमुखः प्राज्ञस्तृतीयः पादः ॥
मांडूक्योपनिषद् - ५ ॥

૧૩૪. एष सर्वेश्वर एष सर्वज्ञ एषोऽन्तर्याम्येष योनिः सर्वस्य प्रभवाप्ययौ हि भूतानाम् ॥
मांडूक्योपनिषद् - ६ ॥

૧૩૫. बहिष्प्रज्ञो विभुर्विश्वो ह्यन्तः प्रज्ञस्तु तैजसः ।
घनप्रज्ञस्तथा प्राज्ञ एक एव त्रिधा स्मृतः ॥

दक्षिणाक्षिमुखे विश्वो मनस्यन्तस्तु तैजसः ।
आकाशे च हृदि प्राज्ञस्त्रिधा देहे व्यवस्थितः ॥

विश्वो हि स्थूलभुङ्नित्यं, तैजसः प्रविविक्तभुक् ।
आनन्दभुक्तथा प्राज्ञस्त्रिधा भोगं निबोधत ॥

स्थूलं तर्पयते विश्वं प्रविविक्तं तु तैजसम् ।
आनन्दश्च तथा प्राज्ञं त्रिधा तृप्तिं निबोधत ॥

त्रिषु धामसु यद्भोज्यं भोक्ता यश्च प्रकीर्तितः ।
वेदैतदुभयं यस्तु स भुञ्जानो न लिप्यते ॥

प्रभवः सर्वभावानां सतामिति विनिश्चयः ।
सर्वं जनयति प्राणश्चेतांशून्पुरुषः पृथक् ॥

विभूतिं प्रसवं त्वन्ये मन्यन्ते सृष्टिचिन्तकाः ।
स्वप्नमायासरूपेति सृष्टिरन्यैर्विकल्पित ॥

ईच्छामात्रं प्रभोः सृष्टिरिति सृष्टौ विनिश्चताः ।
कालात्प्रसूतिं भूतानां मन्यन्ते कालचिन्तकाः ॥

भोगार्थं सृष्टिरित्यन्ये क्रीडार्थमिति चापरे ।
देवस्यैष स्वभावोऽयमाप्तकामस्य का स्पृहा ॥

गौडपादकारिका - १ / १ - ९ ॥

૧૩૬. नान्तःप्रज्ञं न बहिःप्रज्ञं नोभयतःप्रज्ञं न प्रज्ञानघनं न प्रज्ञं ना प्रज्ञम् ।
अदृष्टमव्यवहार्यमग्राह्यमलक्षणमचिन्त्यम व्यपदेश्यमेकात्म्यप्रत्ययसारं प्रपञ्चोपशमं
शान्तं शिवमद्वैतं चतुर्थं मन्यन्ते स आत्मा स विज्ञेयः ॥

मांडूक्योपनिषद् - ७ ॥

૧૩૭. निवृत्तेः सर्वदुःखानामीशानः प्रभुरव्ययः ।
अद्वैतः सर्वभावानां देवस्तुर्यो विभुः स्मृतः ॥१

कार्यकारणबद्धौ ताविष्येते विश्वतैजसौ ।
प्राज्ञः कारणबद्धस्तु द्वौ तौ तुर्ये न सिध्यतः ॥

नाऽऽत्मानं न परांश्चैव न सत्यं नापि चानृतम् ।
प्राज्ञः किञ्चन संवेति तुर्यं तत्सर्वदृक् सदा ॥

द्वैतस्याग्रहणं तुल्यमुभयोः प्राज्ञतुर्ययोः ।
बीजनिद्रायुतः प्राज्ञः सा च तुर्ये न विद्यते ॥

स्वप्ननिद्रायुतावाद्यौ प्राज्ञस्त्वस्वप्ननिद्रया ।
न निद्रां नैव च स्वप्नं तुर्ये पश्यन्ति निश्चिताः ॥

अन्यथा गृह्णतः स्वप्नो निद्रा तत्त्वमजानतः ।
विपर्यासे तयोः क्षीणे तुरीयंपदमश्नुते ॥

अनादिमायया सुप्तो यदा जीवः प्रबुध्यते ।
अजमनिद्रस्वप्नमद्वैतं बुध्यते तदा ॥

प्रपञ्चो यदि विधेत निवर्तेत न संशयः ।
मायामात्रमिदं द्वैतमद्वैतं परमार्थतः ॥

विकल्पो विनिवर्तते कल्पितो यदि केनचित् ।
उपदेशादयं वादो ज्ञाते द्वैतं न विद्यते ॥

गौडपादकारिका - १ / १० - १८ ॥

૧૩૮. सोऽयमात्माऽध्यक्षरमोङ्कारोऽधिमात्रं पादा मात्रा मात्राश्च पादा अकार उकारो मकार इति ॥

माण्डूक्योपनिषद् - ८ ।

૧૩૯. जागरितस्थानो वैश्वानरोऽकारः प्रथमा मात्राऽऽप्तेरादिमत्त्वाद्वाऽऽप्नोति ह वै सर्वान्कामानदिश्च भवति य एवं वेद ॥

माण्डूक्योपनिषद् - ९ ।

૧૪૦. स्वप्नस्थानस्तैजस उकारो द्वितीया मात्रोकर्षादुभयत्वाद्वोत्कर्षति ह वै ज्ञानसन्ततिं समानश्च भवति नास्याब्रह्मवित्कुले भवति च एवं वेद ॥

माण्डूक्योपनिषद् - १० ।

૧૪૧. सुषुप्तस्थानः प्राज्ञो मकारस्तृतीया मात्रा मितेरपीतेर्वा मिनोति ह वा इदँ सर्वमपीतिश्च भवति य एवं वेद ॥

माण्डूक्योपनिषद् - ११ ।

૧૪૨. विश्वस्यात्वविवक्षायामादिसामान्यमुत्कटम् ।
मात्रासंप्रतिपत्तौ स्यादाप्तिसामान्यमेव च ॥

तैजसस्योत्वविज्ञान उत्कर्षो दृश्यते स्फुटम् ।
मात्रासंप्रतिपत्तौ स्यादुभयत्वं तथाविधम् ॥

मकारभावे प्राज्ञस्य मानसामान्यमुत्कटम् ।
मात्रासंप्रतिपत्तौ तु लयसामान्यमेव च ॥

त्रिषु धामसु यत्तुल्यं सामान्यं वेत्ति निश्चितः ।
स पूज्यः सर्वभूतानां वन्द्यश्चैव महामुनिः ॥

अकारो नयते विश्वमुकारश्चापि तैजसम् ।
मकारश्च पुनः प्राज्ञं नामात्रे विद्यते गतिः ॥

गौडपादकारिका - १ / १९ - २३ ॥

૧૪૩. अमात्रश्चतुर्थोऽव्यवहार्यः प्रपञ्चोपशमः शिवोऽदैत एवमोङ्कार आत्मैव संविशत्यात्मनाऽऽत्मानं य एवं वेद च एवं वेद ॥

माण्डूक्योपनिषद् - १२ ।

૧૪૪. ॐकारं पादशो विद्यात्पादा मात्रा न संशयः ।
ॐकारं पादशो ज्ञात्वा न किञ्चिदपि चिन्तयेत् ॥

गौडपादकारिका - १ / २४ ॥

૧૪૫. युञ्जीत प्रणवे चेतः प्रणवो ब्रह्म निर्भयम् ।
प्रणवे नित्ययुक्तस्य न भयं विद्यते क्वचित् ॥

गौडपादकारिका - १ / २५ ॥

૧૪૬. आनन्दं ब्रह्मणो विद्वान्न बिभेति कदाचन ।

तैत्तिरीयोपनिषद् - २ / ३ ॥

૧૪૭. प्रणवो ह्यपरं ब्रह्म प्रणवश्च परः स्मृतः ।
अपूर्वोऽनन्तरोऽबाह्योऽनपरः प्रणवोऽव्ययः ॥

गौडपादकारिका - १ / २६ ॥

૧૪૮. कूटस्थोऽक्षर उच्यते ॥

श्रीमद् भगवद्गीता - १५ / १६ ॥

૧૪૯. જુઓ : પ્રકરણ : ૧–૧ : પ્રણવ.

૧૫૦. જુઓ : પ્રકરણ : ૧–૨–૪ : મુંડકોપનિષદ્.

૧૫૧. सर्वस्य प्रणवो ह्यादिर्मध्यमन्तस्तथैव च ।
एवं हि प्रणवं ज्ञात्वा व्यश्नुते तदनन्तरम् ॥

गौडपादकारिका - १ / २७ ॥

૧૫૨. अहमादिश्च मध्यं च भूतानामन्त एव च ।

श्रीमद् भगवद्गीता - १० / २० ॥

૧૫૩. प्रणवं हीश्वरं विद्यात्सर्वस्य हृदि संस्थितम् ।
सर्वव्यापिनमोङ्कारं मत्वा धीरो न शोचति ॥

गौडपादकारिका - १ / २८ ॥

૧૫૪. ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति ॥

श्रीमद् भगवद्गीता - १८ / ६१ ॥

૧૫૫. अमात्रोऽनन्तमात्राश्च द्वैतस्योपशमः शिवः ।

ॐकारो विदितो येन स मुनिर्नेतरो जनः ॥

गौडपादकारिका - १ / २९ ॥

૧૫૬. पूर्वं समाधेरखिलं विचिंतये -

दोंकारमात्रं सचराचरं जगत् ।

तदेव वाच्यं प्रणवो हि वाचको

विभाव्यतेऽज्ञानवशान्त बोधतः ॥

श्रीरामगीता - ४८ ॥

૧૫૭. अकारसंज्ञः पुरुषो हि विश्वको

ह्युकारकस्तैजस ईयते क्रमात् ।

प्राज्ञो मकारः परिपठ्यतेऽखिलैः

समाधिपूर्वं न तु तत्त्वतो भवेत् ॥

श्रीरामगीता - ४९ ॥

૧૫૮. શ્રીરામગીતા, શ્રીમાજી મહાશયાકૃત, પૃ. ૮૧ થી ૧૦૭.

# પ્રકરણ : ૧–૨ : વેદ અને ઉપનિષદ્દોની દૃષ્ટિએ ઓમ્

## પ્રકરણ : ૧–૨–૫ : અન્ય ગૌણ ઉપનિષદ્દો

(૧) અક્ષમાલિકોપનિષદ્.
(૨) ત્રિપુરોપનિષદ્.
(૩) બહવૃચોપનિષદ્.
(૪) આત્મબોધોપનિષદ્.
(૫) નાદબિંદૂપનિષદ્.
(૬) અદ્વયતારકોપનિષદ્.
(૭) તુરીયાતીતોપનિષદ્.
(૮) પૈંગલોપનિષદ્.
(૯) યાજ્ઞવલ્કયોપનિષદ્.
(૧૦) શાટયાયનીયોપનિષદ્.
(૧૧) મંડલબ્રાહ્મણોપનિષદ્.
(૧૨) હંસોપનિષદ્.
(૧૩) અક્ષ્યુપનિષદ્.
(૧૪) કાલાગ્નિરુદ્રોપનિષદ્.
(૧૫) ચાક્ષુસોપનિષદ્.
(૧૬) દક્ષિણામૂર્ત્યુપનિષદ્.
(૧૭) ધ્યાનબિંદૂપનિષદ્.
(૧૮) નારાયણોપનિષદ્.
(૧૯) પ્રાણાગ્નિહોત્રોપનિષદ્.
(૨૦) રુદ્રહૃદયોપનિષદ્.
(૨૧) સરસ્વતીરહસ્યોપનિષદ્.
(૨૨) ક્ષુરિકોપનિષદ્.
(૨૩) બ્રહ્મબિંદૂપનિષદ્.
(૨૪) બ્રહ્મવિદ્યોપનિષદ્.
(૨૫) યોગતત્ત્વોપનિષદ્.
(૨૬) અમૃતનાદોપનિષદ્.
(૨૭) એકાક્ષરોપનિષદ્.

# પ્રકરણ : ૧–૨ : વેદ અને ઉપનિષદ્દોની દૃષ્ટિએ ઓમ્

## પ્રકરણ : ૧–૨–૫ : અન્ય ગૌણ ઉપનિષદ્દો

(૨૮) મહોપનિષદ્.
(૨૯) યોગચૂડામણિપનિષદ્.
(૩૦) રુદ્રજાબાલોપનિષદ્.
(૩૧) આરણ્યુપનિષદ્.
(૩૨) જાબાલદર્શનોપનિષદ્.
(૩૩) જાબાલ્યુપનિષદ્.
(૩૪) મૈત્રેય્યુપનિષદ્.
(૩૫) સંન્યાસોપનિષદ્.
(૩૬) મૈત્રાયણ્યુપનિષદ્.
(૩૭) ગણપત્યુપનિષદ્.
(૩૮) ગરુડોપનિષદ્.
(૩૯) ગોપાલપૂર્વતાપિન્યુપનિષદ્.
(૪૦) દેવ્યૂપનિષદ્.
(૪૧) નૃસિંહપૂર્વતાપિન્યુપનિષદ્.
(૪૨) પાશુપતબ્રહ્મોપનિષદ્.
(૪૩) રામપૂર્વતાપિન્યુપનિષદ્.
(૪૪) સીતોપનિષદ્.
(૪૫) સૂર્યોપનિષદ્.
(૪૬) અથર્વશિરોપનિષદ્.
(૪૭) નારદપરિવ્રાજકોપનિષદ્.
(૪૮) પરબ્રહ્મોપનિષદ્.
(૪૯) પરમહંસપરિવ્રાજકોપનિષદ્.
(૫૦) શાંડિલ્યોપનિષદ્.
(૫૧) ગાયત્રી રહસ્યોપનિષદ્.
(૫૨) દ્વયોપનિષદ્.
(૫૩) પ્રણવોપનિષદ્.
(૫૪) અન્ય ઉપનિષદ્.

# પ્રકરણ : ૧–૨–૫ : અન્ય ગૌણ ઉપનિષદ્દો

ઉપનિષદ્દો માટે ગોલ્ડ સ્ટુકરે કહ્યું છે કે...,

"Vedant is the sublimest Machinery set in to motion by orient thought."

મહાન દાર્શનિક શોપન હોવર પણ કહે છે કે...,

''ઉપનિષદ્દો મારા જીવનની શાંતિ છે, તે મારા મૃત્યુની શાંતિ થશે.''

વૈદિક સાહિત્યમાં ઉપનિષદો ઘણા બધાં રચાયા છે. આ ઉપનિષદોમાં મુખ્ય ઉપનિષદો અને ગૌણ ઉપનિષદો એમ બે વિભાગ પડી ગયા છે. તેની સંખ્યા બાબતે પણ અનેક મતો પ્રવર્તે છે. મુખ્ય ઉપનિષદોમાં તો ઓમ્નું મહત્ત્વ છે જ. અન્ય ગૌણ ઉપનિષદોમાં પણ ઓમ્નું મહત્ત્વ રજૂ થયેલું છે. અહીં કેટલાક ઉપનિષદોનો અભ્યાસ પ્રસ્તુત છે.

## (૧) અક્ષમાલિકોપનિષદ્ :–

આ ઉપનિષદ્ ઋગ્વેદ સાથે સંબંધિત છે, કુલ ૧૬ શ્લોક છે. પ્રજાપતિ બ્રહ્મા અને કુમાર કાર્તિકેય દ્વારા પ્રશ્નોત્તર શૈલીમાં અક્ષમાળામાં અકાર, ઉકાર આદિ પ્રતિષ્ઠિત થયા તેવું વર્ણન છે.

ૐકારના ઉચ્ચારણ દ્વારા અ થી ક્ષ સુધીના અક્ષરોમાં ક્રમશઃ માળામાં ભાવના કરવા જણાવ્યું છે.[૧]

તાત્પર્ય એ છે કે, ઓમ્ના ઉચ્ચારણનું મહત્ત્વ રજૂ થયું છે.

## (૨) ત્રિપુરોપનિષદ્ :–

આ ઉપનિષદ્ ઋગ્વેદીય પરંપરામાં આવે છે. કુલ ૧૭ શ્લોકો છે. આ ઉપનિષદ્માં બ્રહ્મ સાક્ષાત્કારનો ઉપાય બીજમંત્રોની સાધનાથી દર્શાવ્યો છે.

'ૐ હ્રીં' – આ ચિત્ત અને શકિત તત્ત્વ છે. આ જ ચૈતન્યશકિતતત્ત્વ છે.[૨]

તાત્પર્ય એ છે કે, ૐનો ચૈતન્યશકિતરૂપે ઉલ્લેખ છે.

## (૩) બહવૃચોપનિષદ્ :–

આ ઉપનિષદ્ ઋગ્વેદ સાથે જોડાયેલું છે. તેમાં ૯ શ્લોકો છે. એમાં જગતની કારણ સ્વરૂપા 'આદિ શકિત' ના સ્વરૂપનું વિવેચન છે.

તે પ્રણવવાચી અક્ષરરૂપા સર્વ પ્રાણીઓની વાણીમાં રહેલી છે.[૩]

તાત્પર્ય એ છે કે, વાણીને પ્રણવવાચી કહી છે.

## (૪) આત્મબોધોપનિષદ્ :–

આ ઉપનિષદ્ ઋગ્વેદ સાથે સંબધિત છે. એને આત્મપ્રબોધોપનિષદ્ પણ કહે છે. એમાં બે અધ્યાય છે. પ્રથમ અધ્યાયમાં ૐકારરૂપ નારાયણનું વર્ણન કરાયું છે. પહેલા અધ્યાયમાં ૮ શ્લોકો અને બીજા અધ્યાયમાં ૩૧ શ્લોકો છે.

પ્રથમ અધ્યાયમાં ૐકારરૂપ નારાયણને નમસ્કાર કરતાં, હૃદયને બ્રહ્મપુર અને સ્વપ્રકાશિત કહેવામાં આવેલું છે. જેમ કે, સ્વયં પોતે, પોતાની અંદર આનંદસ્વરૂપ, વિરાટ્ બ્રહ્મપુરુષ 'અકાર–ઉકાર–મકાર'થી યુકત આ ત્રણ અક્ષરોવાળું ૐકારરૂપ પ્રણવનું સ્વરૂપ છે. એનો જપ કરવાથી યોગીજન સાંસારિક બંધનોથી મુકત થઈ જાય છે.[૪] ભગવાન નારાયણને ૐકારસ્વરૂપ કહેતાં કહ્યું છે કે, સમસ્ત ભૂત–પ્રાણીઓમાં વાસ કરનારા એકમાત્ર ભગવાન્ નારાયણ જ કારણરૂપ વિરાટપુરુષ છે, એ જાતે જ કારણરહિત છે, પરબ્રહ્મ છે, એ પ્રણવરૂપ ૐકાર સ્વરૂપ છે.[૫]

તાત્પર્ય એ છે કે, ૐકારરૂપ પ્રણવનું સ્વરૂપ છે. નારાયણ પણ ૐકાર સ્વરૂપ જણાય છે.

## (૫) નાદબિંદૂપનિષદ્ :–

આ ઉપનિષદ્ ઋગ્વેદ સાથે સંબંધિત છે. આ ઉપનિષદ્‌ની શરૂઆતમાં 'ૐકાર'ને હંસ માનીને, એના વિભિન્ન અંગ–ઉપાંગનું વર્ણન કરવામાં આવેલું છે. ત્યારબાદ 'ૐ' ની બારમાત્રાઓ તથા એની સાથે પ્રાણોના વિનિયોગનું ફળ કહેવામાં આવ્યું છે.

એક સુંદર રૂપક રજૂ થયું છે જેમ કે, ૐકારરૂપી હંસનો 'અકાર' જમણી પાંખ અને 'ઉકાર' ડાબી પાંખ કહેવામાં આવેલી છે. એની પૂંછડી જ 'મકાર' છે અને અર્ધમાત્રા મસ્તક છે. એના બન્નેય પગોમાં પૃથ્વીલોક રહેલું છે. એની જંઘાઓમાં અંતરિક્ષલોક કેન્દ્રિત છે. ઉર્ધ્વલોક એની કમરમાં રહેલું

છે. અને મહઃલોક એના નાભિપ્રદેશમાં રહેલું છે.[૬] આ રીતે વર્ણન કરાયેલું હજારો અવયવયુકત, પ્રણવરૂપ હંસ ઉપર બેસીને, કર્માનુષ્ઠાન–ધ્યાન વગેરેમાં રત હંસયોગી, ૐકારની શ્રેષ્ઠ વિધિ દ્વારા મનન અને ચિંતન કરતાં હજારો–કરોડો પાપોથી નિવૃત્ત થઈને, મોક્ષપદને પ્રાપ્ત કરે છે. ૐકારના દેવતા અગ્નિ છે. એનું સ્વરૂપ પણ અગ્નિમંડળ જેવું છે. 'અકાર' નામની (પ્રણવની) પ્રથમમાત્રા 'આગ્નેયી' કહેવામાં આવેલી છે. અને 'ઉકાર' નામની બીજીમાત્રા 'વાયવ્યા' કહેવામાં આવેલી છે. આ વાયવ્યાના દેવતા વાયુ છે અને એ વાયુમંડળ સમાન જ રંગરૂપવાળી છે. ત્યારપછી 'મકાર' નામની આ ત્રીજી 'માત્રા' સૂર્યમંડળ સમાન છે. આ માત્રાના દેવતા સૂર્ય છે. ચોથી 'માત્રા' અર્ધમાત્રાના રૂપમાં વારુણી કહેવામાં આવેલી છે. આ વારુણીના દેવતા વરુણ છે. આ ઉપર દર્શાવેલી ચારેય માત્રાઓમાંથી પ્રત્યેક માત્રા ત્રણ–ત્રણ કાળ અથવા કલારૂપ છે. આ રીતે 'ૐકાર'ને બાર કળાઓથી યુકત કહેવામાં આવેલું છે. ધારણા, ધ્યાન અને સમાધિ દ્વારા એને જાણવાનો પ્રયાસ કરવો જોઈએ. કારણ કે, ૐકાર સાધના માત્ર ઉચ્ચારણથી પૂરી થતી નથી. દિવ્યપ્રાણ પ્રવાહરૂપ ૐકારની અનુભૂતિ, ધારણા ધ્યાન વગેરે દ્વારા કરવામાં આવે છે. આ પ્રમાણે બારકલાઓની માત્રામાં પ્રથમ માત્રા 'ઘોષિણી' કહેવામાં આવેલી છે. બીજી માત્રા 'વિદ્યુન્માત્રા', ત્રીજી માત્રા 'પાતંગી', ચોથી માત્રા 'વાયુવેગિની', પાંચમી માત્રા 'ધેયા', છઠ્ઠી માત્રા 'ઐન્દ્રી' સાતમી માત્રા 'વૈષ્ણવી', આઠમી માત્રા 'શાંકરી', નવમી માત્રા 'મહતી', દસમી માત્રા 'ધૃતિ', અગિયારમી માત્રા 'નારી' (મૌની) અને બારમી માત્રા 'બ્રાહ્મી' ના નામે ઓળખાય છે. ૐકારની આ બાર કલાઓની પ્રથમ માત્રામાં સાધક પ્રાણ ત્યજે તો ભારતવર્ષમાં સાર્વભૌમિક ચક્રવર્તી સમ્રાટનારૂપે પ્રાદુર્ભૂત થાય છે, બીજી માત્રામાં પ્રાણને છોડવાથી એ મહાન મહિમાશાળી યક્ષના રૂપમાં અને ત્રીજી માત્રામાં પ્રાણને છોડવાથી એ વિદ્યાધરના રૂપમાં જન્મ લે છે, ચોથી માત્રામાં સાધકના પ્રાણને છોડવાથી એ ગંધર્વનારૂપમાં જન્મ લે છે, પાંચમી માત્રામાં સાધકના પ્રાણો છૂટી જાય તો એ 'તુષિત' નામના દેવોની સાથે રહેતાં, ચંદ્રલોકમાં સન્માનિત બને છે, છઠ્ઠી માત્રામાં પ્રાણ ત્યજે તો દેવરાજ ઈન્દ્રના સાયુજ્ય પદને મેળવે છે, સાતમીમાં ભગવાન વિષ્ણુપદ – વૈંકુઠધામને પ્રાપ્ત કરે છે અને આઠમી માત્રામાં પશુપતિ ભગવાન શિવના રુદ્રલોકમાં જઈને, એમની નિકટતાનો લાભ મેળવે છે. નવમી માત્રામાં મહઃલોકને, દસમી માત્રામાં જનઃલોકને પ્રાપ્ત કરે છે, અગિયારમી માત્રામાં તપોલોકને અને બારમી માત્રામાં સાધક શાશ્વત બ્રહ્મલોકને પ્રાપ્ત કરે છે. આમ બાર માત્રાઓ અને તેની ફળપ્રાપ્તિ વર્ણવી છે.[૭] ત્યારપછી એટલે કે પ્રારબ્ધકર્મો સમાપ્ત થવાથી 'ૐકાર'સ્વરૂપ બ્રહ્મની આત્માની સાથે એકતાના ચિંતનથી, નાદરૂપમાં સ્વયં પ્રકાશવાન શિવના કલ્યાણકારી સ્વરૂપ પરબ્રહ્મનો પ્રાદુર્ભાવ એવી રીતે થઈ જાય છે કે, જે રીતે વાદળોના દૂર થઈ જવાથી, ભગવાન ભાસ્કર પ્રકાશિત થઈ જાય છે. નાદાનુસંધાન અને નાદના અનેક પ્રકારો વિસ્તાર પૂર્વક વર્ણવાયા છે.[૮]

તાત્પર્ય એ છે કે, ૐકારનું સ્વરૂપ, ૐકારની માત્રાઓ, નાદ અને નાદના પ્રકારો, નાદાનુસંધાન વગેરે બાબતો વિસ્તારથી વર્ણવી છે પરબ્રહ્મનું સ્વરૂપ ૐકાર છે, નાદ છે.

## (૬) અદ્વયતારકોપનિષદ્ :–

શુકલ યજુર્વેદ સાથે જોડાયેલા આ ઉપનિષદ્‌માં રાજયોગનું સવિસ્તર વર્ણન છે, જેનું સુપરિણામ 'બ્રહ્મ' પ્રાપ્તિરૂપે વિવેચન પામ્યું છે. એમાં સૌપ્રથમ 'તારકયોગ' ની વ્યાખ્યા કરવાનો નિર્ણય કરીને 'યોગ' ના ઉપાય અને તેના ફળનું વિવેચન કર્યું છે. આ ઉપનિષદ્‌માં તદુપરાંત 'તારક'નું સ્વરૂપ, લક્ષ્યત્રયના અનુસંધાનની વિધિ, અંતર્લક્ષ્ય બર્હિલક્ષ્ય અને મધ્યલક્ષ્યનું, લક્ષણ, તારકના બે પ્રકારના સ્વરૂપ, તારકયોગની સિદ્ધિ, શોભવીમુદ્રા, અંતલક્ષ્યના વિકલ્પ, આચાર્યનું લક્ષણ અને અંતમાં ઉપનિષદ્‌ની ફલશ્રુતિનું વર્ણન છે. આ રીતે ઉપનિષદ્‌માં ભવસાગર સંસાર, બંધનમાંથી રક્ષણ મેળવવાનો અત્યંત સુગમ ઉપાયરૂપ 'તારક–બ્રહ્મ' સાધનાનું વિધાન કરવામાં આવ્યું છે. કુલ ૧૯ શ્લોક છે.

તારકનું લક્ષણ દર્શાવ્યું છે. જે ગર્ભ, જન્મ, જરા, મરણ અને સંહાર વગેરે પાપોમાંથી તારે છે. અર્થાત્ મુકિત આપે છે તેને 'તારક' કહેવાય છે.[૯] તારકયોગની વિધિ બે દર્શાવી છે. તારકનું અનુસંધાન કરવા જણાવ્યું છે. તારક દ્વારા બ્રહ્મનું દર્શન કરી શકાય છે.[૧૦]

તાતપર્ય એ છે કે, તારકનું સ્વરૂપ અને તારકથી બ્રહ્મની પ્રાપ્તિ કરી શકાય છે તે બાબત વર્ણવી છે. તારક એ ૐનો જ અર્થ આપે છે.

## (૭) તુરીયાતીતોપનિષદ્ :–

આ ઉપનિષદ્ શુકલયજુર્વેદ સાથે સંબધિત છે, એને તુરીયાતીતાવધૂતોપનિષદ્ પણ કહેવામાં આવે છે. આ ઉપનિષદ્‌માં પિતામહબ્રહ્માજી તથા આદિનારાયણના પ્રશ્નો ઉત્તર વિદ્યમાન છે. જેમાં પિતામહ બ્રહ્માજીએ પોતાના પિતા આદિનારાયણને તુરીયાતીત અવધૂતનો માર્ગ પૂછયો છે.

આ રીતે જે તુરીયાતીત અવધૂતના વેશવાળો, સતત અદ્વૈત, નિષ્ઠાપરાયણ બનીને 'પ્રણવ' ભાવમાં નિમગ્ન થઈ, શરીરનો પરિત્યાગ કરે છે એ કૃતકૃત્ય થઈ જાય છે.[૧૧]

તાત્પર્યએ છે કે, પ્રણવની ઉપાસના કરનાર પરબ્રહ્મને પામી શકે છે. તેથી પ્રણવ જ પરબ્રહ્મનું સર્વશ્રેષ્ઠ પ્રતીક છે.

## (૮) પૈંગલોપનિષદ્ :–

આ શુકલ યજુર્વેદીય ઉપનિષદ્ છે. એમાં કુલ ચાર અધ્યાય છે. જેમાં ઋષિ પૈંગલ અને મહર્ષિ યાજ્ઞવલ્કયની પ્રશ્નોત્તરીના માધ્યમથી પરમકૈવલ્યનું રહસ્ય વર્ણવવામાં આવ્યું છે.

આ ઉપનિષદ્નો નિત્ય પાઠ કરે છે તેને દસ હજાર 'પ્રણવ' નામના જપનું ફળ મળે છે.[૧૨]

તાત્પર્ય એ છે કે પ્રણવના જપનું વિશેષ મહત્ત્વ રજૂ થયું છે.

## (૯) યાજ્ઞવલ્કયોપનિષદ્ :–

આ ઉપનિષદ્ શુકલયજુર્વેદ, સાથે સંબંધિત છે. એમાં ૩૩ મંત્ર છે. રાજા જનક અને યાજ્ઞવલ્કયનો સંવાદ વર્ણવેલ છે. જેમાં સંન્યાસધર્મની વિસ્તૃત વિવેચના થઈ છે.

યાજ્ઞવલ્કયજીએ કહ્યું છે કે, આ ૐકાર જ સંન્યાસીનો યજ્ઞોપવીત છે, એ જ આત્મા છે જે પહેલાં કહ્યું છે એવી રીતે હવન કરીને આચમન કરી લે છે, એના માટે માત્ર આ જ વિધિ છે.[૧૩]

તાત્પર્ય એ છે કે, ૐકારને સંન્યાસીનો યજ્ઞોપવીત કહ્યો છે.

## (૧૦) શાટયાયનીયોપનિષદ્ :–

આ ઉપનિષદ્ શુકલયજુર્વેદીય છે. એમાં કુલ ૪૦ મંત્ર છે, જેમાં મુખ્યત્વે વિષ્ણુલિંગ સંન્યાસધર્મનું વિવેચન કરવામાં આવ્યું છે.

ૐકારનું ઉચ્ચારણ કરવા કહ્યું છે. એ (ૐકાર) જ બધા શ્રેષ્ઠયજ્ઞોથી પણ, ઉત્તમ, જ્ઞાનયજ્ઞ કહેવામાં આવ્યું છે એ બધાનું જ્ઞાન એ જ દંડ છે, જ્ઞાન જ શિખા (ચોટલી) છે અને જ્ઞાન જ એનું યજ્ઞોપવીત છે.[૧૪]

તાત્પર્ય એ છે કે, ૐકારને જ્ઞાનયજ્ઞ કહેવામાં આવેલું છે.

## (૧૧) મંડલબ્રાહ્મણોપનિષદ્ :–

આ ઉપનિષદ્ શુકલયજુર્વેદ સાથે સંબંધિત છે. એમાં કુલ પાંચ બ્રાહ્મણ છે, જેમાં મહર્ષિ યાજ્ઞવલ્કય અને ભગવાન સૂર્યનારાયણનું પ્રશ્નોત્તરરૂપે 'આત્મતત્ત્વ' નું વિશદ વિવેચન થયેલું છે.

ૐના સ્વરૂપ વિશે વર્ણવતાં કહ્યું છે કે, એ સમયે એ પશ્ચિમાભિમુખ (આંતરિક) દષ્ટિગોચર થાય છે, જેની આત્મા (પ્રકાશ), ધ્રૂમવર્ણિક (ધૂમાડા જેવા વર્ણવાળી), સ્ફટિકમણિસમાન, બિંદુ (મનસૂતત્ત્વ), નાદ (બુદ્ધિતત્વ), કલા (મહતત્ત્વ), નક્ષત્ર, ખદ્યોત (આગિયો જૂગનૂ), દીપ, નેત્ર, સોનુ અને નવરત્ન વગેરે જેવી હોય છે. એ જ પ્રણવ (ૐ) નું સ્વરૂપ છે. કુંભક દ્વારા પ્રણવ ૐને સાંભળો તેમાં જ મન લીન થઈ જાય છે.[૧૫]

તાત્પર્ય એ છે કે, ઓમ એ જ પ્રણવનું સ્વરૂપ વર્ણવાયું છે.

## (૧૨) હંસોપનિષદ્ :–

આ ઉપનિષદ્ શુકલયજુર્વેદથી સંબંધિત છે. કુલ ૨૧ મંત્ર છે. ઋષિ ગૌતમ અને સનત્કુમારના પ્રશ્નોત્તરરૂપમાં આ ઉપનિષદ્ પ્રગટ થયું છે.

સનત્કુમારને ઋષિ ગૌત્તમ કહે છે કે જે ગુરુભકત હંમેશા હંસ–હંસ (સોઽહમ્–સોઽહમ્) નું ધ્યાન કરવાવાળો બ્રહ્મચારી, જિતેન્દ્રિય અને શાંત મનઃસ્થિતિયુકત હોય છે, તેની સમક્ષ હંસ–પરમહંસનું રહસ્ય પ્રગટ કરવું જોઈએ. એ પ્રમાણે જ તલમાં તેલ અને લાકડામાં અગ્નિ વ્યાપ્ત રહે છે, તે જ રીતે સમ્પૂર્ણ શરીરોમાં વ્યાપ્ત થઈને આ જીવ 'હંસ–હંસ' એ પ્રમાણે જપ કરતો રહે છે એને જાણ્યા પછી મૃત્યુથી પર થઈ જાય છે.[૧૬]

સુંદર રૂપક રજૂ થયું છે. જેમ કે, અગ્નિ અને સોમને હંસની પાંખો છે, ૐકાર મસ્તક બિંદુસહિત ઉકાર હંસનું ત્રીજું નેત્ર છે. મુખ રુદ્ર છે, બન્ને ચરણ રુદ્રાણિ છે આ પ્રમાણે સગુણ, નિર્ગુણ ભેદથી બે પ્રકારથી કંઠથી નાદ કરતાં હંસરૂપ પરમાત્માનું ધ્યાન કરવું જોઈએ એટલે નાદ દ્વારા ધ્યાન કરતા સાધકને ઉન્મની અવસ્થા પ્રાપ્ત થઈ જાય છે. આ સ્થિતિને અજપોપસંહાર કહેવામાં આવે છે.[૧૭] તેના (સોઽહમ્) ના દસ કરોડ જપ કરી લેવાથી સાધકને નાદનો અનુભવ થાય છે. તે નાદ દસ પ્રકારનો હોય છે. પ્રથમ ચિણી, દ્વિતીય ચિંચિણી, તૃતીય ઘંટાનાદ, ચતુર્થ શંખનાદ, પંચમ સ્તન્ત્રીનાદ, ષષ્ઠ સ્તાલનાદ, સપ્તમ વેણુનાદ, અષ્ટમ મૃદંગનાદ, નવમ ભૈરીનાદ, દશમ મેઘનાદ, આમાં નવમનું ત્યાગ કરી દશમનાદનો અભ્યાસ કરવો જોઈએ. જેનાથી પરબ્રહ્મનો સાક્ષાત્કાર કરી શકાય છે.[૧૮]

તાત્પર્ય એ છે કે ૐકાર દ્વારા પરબ્રહ્મને પામી શકાય છે. હંસ, સોઽહમ્ પણ ૐકારના જ સ્વરૂપો છે. નાદ પણ ૐકારનું જ સ્વરૂપ છે. ૐકાર જ શ્રેષ્ઠ આલંબન છે જેનાથી બ્રહ્મને પ્રાપ્ત કરી શકાય છે.

## (૧૩) અક્ષ્યુપનિષદ્ :–

આ ઉપનિષદ્ કૃષ્ણયજુર્વેદ સાથે સંબધિત છે. એમાં મહર્ષિ સાંકૃતિ અને આદિત્યની વચ્ચેના પ્રશ્નોત્તરના માધ્યમથી ચાક્ષુષ્મતીની વિદ્યા અને યોગવિદ્યા ઉપચર્ચા કરવામાં આવી છે. આ ઉપનષિદ્ બે ખંડોમાં વિભાજીત છે. પહેલાખંડમાં ૧ શ્લોક અને બીજામાં ૪૮ શ્લોકો છે. ૐકાર વિષયક બ્રહ્મવિવેચન આપ્યું છે.

સાધક માટેની સાત ભૂમિકા જણાવી છે. સાતમી ભૂમિકા વિદેહમુકતની સ્થિતિ છે. આ ભૂમિકા પરમશાંતની છે. અને વાણીથી અગમ્ય છે તે બધી ભૂમિકાઓની સીમારૂપ છે ત્યાં બધી જ યોગભૂમિકાઓ સમાપ્ત થઈ જાય છે. લોકાચાર, દેહાચાર અને શાસ્ત્રાનુગમનને છોડીને અધ્યાસનો નાશ કરે છે. વિશ્વ, પ્રાજ્ઞ અને તેજસ્‌ના રૂપમાં આ સમગ્ર વિશ્વ 'ૐકાર' સ્વરૂપ જ છે. વાચ્ય અને વાચકમાં અભેદ થાય છે. ભેદ થતાં તેની ઉપલબ્ધિ શકય બનતી નથી. એમને ક્રમશઃ આ રીતે જાણવી. પ્રણવની પ્રથમમાત્રા 'અ'કાર વિશ્વ, 'ઉ'કાર તેજસ્ અને 'મ'કાર પ્રાજ્ઞરૂપ છે. સમાધિકાળ પહેલાં ખાસ પ્રયત્નપૂર્વક આ અંગે ચિંતન મનન કરીને સ્થૂળ અને સૂક્ષ્મથી ક્રમશઃ બધું જ ચિદાત્મામાં વિલીન કરતા જવું. ચિદાત્માના સ્વ–સ્વરૂપને સ્વીકારી એવો દઢવિશ્વાસ કરવો કે હું જ નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુકત સત્તારૂપ, અદ્વિતીય, પરમ આનંદ સંદોહરૂપ અને વાસુદેવ પ્રણવ ૐકાર છું.[૧૯]

તાત્પર્ય એ છે કે, વાસુદેવ પ્રણવ ૐકાર છે. સમગ્ર વિશ્વ ૐકાર સ્વરૂપ છે તેથી સાધકે ઓમ્‌નું સતત ચિંતન કરવું જોઈએ.

## (૧૪) કાલાગ્નિરુદ્રોપનિષદ્ :–

આ ઉપનિષદ્ કૃષ્ણ યજુર્વેદીય પરંપરાની અંતર્ગત આવે છે. એમાં બ્રહ્મજ્ઞાનના સાધનાભૂત ભસ્મધારાના વિશેષ મહિમાનો ઉલ્લેખ છે. આઉપનિષદ્‌માં ૧૦ શ્લોકો છે. આ લઘુકાય ઉપનિષદ્ સનત્કુમાર અને કાલાગ્નિરુદ્રની વચ્ચે થયેલી પ્રશ્નોત્તરીનું વર્ણન છે. જેમાં સૌપ્રથમ કાલાગ્નિરુદ્ર ઉપનિષદ્ મંત્રના ઋષિ વગેરેનું વિવેચન છે. તદુપરાંત 'ત્રિપુંડ્ર' ધારણની જિજ્ઞાસા કરવામાં આવી છે. ત્યાર પછી શાંભવવ્રત ત્રિપુંડ્ર વિધિ ત્રિપુંડ્રની રેખાનું માપ તથા ત્રણ રેખાઓના શકિતદેવતા વગેરેનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

ત્રિપુંડ્રનું મહત્ત્વ વર્ણવાયું છે. ત્રિપુંડ્રની ત્રણેય રેખાઓમાં ૐકારની અ,ઉ,મ એમ ત્રણેય માત્રા રહેલી જણાય છે. જેમ કે, સનત્કુમારજી ભગવાનશ્રી કાલાગ્નિને પૂછે છે કે ત્રિપુંડ્રની ત્રણ રેખાઓને

ધારણ કરવાનું પ્રમાણ શું ? ત્યારે ભગવાન ઉત્તર આપતા કહે છે કે, ત્રણ રેખાઓ બન્ને નેત્રોની ભ્રમરો વચ્ચેથી શરૂ કરીને સ્પર્શ કરતાં લલાટ મસ્તક સુધી ધારણ કરવી. પ્રથમ રેખા ગાર્હપત્ય અગ્નિરૂપ 'અ'કાર સ્વરૂપ, રજોગુણરૂપ, ભૂલોકરૂપ, ક્રિયાશકિતરૂપ, ઋગ્વેદ સ્વરૂપ, પ્રાતઃ સ્તવનરૂપ અને મહેશ્વરદેવનારૂપની છે. બીજી રેખા દક્ષિણાગ્નિરૂપ 'ઉકારરૂપ' સત્ત્વરૂપ, અંતરિક્ષરૂપ, અંતરાત્મારૂપ, ઈચ્છાશકિતરૂપ, યજુર્વેદસ્વરૂપ, માધ્યંદિન સવનરૂપ અને સદાશિવનારૂપની છે. ત્રીજી રેખા આહ્વનીયાગ્નિરૂપ, મકારરૂપ, તમસરૂપ, ધૃલોકરૂપ, પરમાત્મરૂપ, જ્ઞાનશકિતરૂપ, સામવેદરૂપ, તૃતીયસવનરૂપ અને મહાવેદના રૂપની છે.[૨૦]

તાત્પર્ય એ છે કે, ત્રિપુંડ્ર એ પણ ઓમ્‌નું જ સ્વરૂપ જણાય છે. કારણ કે તેમાં પણ ૐની ત્રણેય માત્રાઓનું ક્રમશઃ વર્ણન પ્રાપ્ત થાય છે.

## (૧૫) ચાક્ષુષોપનિષદ્ :–

આ ઉપનિષદ્ કૃષ્ણયજુર્વેદીય પરંપરાનું છે. તેના નામને અનુરૂપ ચક્ષુરોગ દૂર કરવાનું સામર્થ્ય છે. કુલ ૩ શ્લોકો છે.

ૐકાર રૂપ ભગવાન કરુણામય અમૃત સ્વરૂપને નમસ્કાર છે.[૨૧]

તાત્પર્ય એ છે કે, સૂર્યને ૐકાર રૂપ વર્ણવેલ છે.

## (૧૬) દક્ષિણામૂર્ત્યુપનિષદ્ :–

આ ઉપનિષદ્ કૃષ્ણયજુર્વેદની પરંપરાનું છે. કુલ ૩૩ શ્લોકો છે. એમાં 'શિવતત્વ' ઉપર ચર્ચા કરવામાં આવી છે.

માર્કંડેયઋષિની પાસે જઈને શૌનક વગેરે ઋષિએ પ્રશ્ન કર્યો 'હે મહર્ષિ ! આપ ચિરંજીવ કેવી રીતે બન્યા અને અપાર આનંદની અનુભૂતિ કેવી રીતે કરો છો ? ત્યારે તેમણે પ્રજ્ઞા, મેધાનું વિજ્ઞાન દર્શાવનાર મંત્રો કહ્યા. આ મંત્રમાં પણ સૌથી પહેલાં 'ૐ નમઃ' શબ્દનું ઉચ્ચારણ કરીને ભગવતેપદનું ઉચ્ચારણ કરવા જણાવ્યું છે.[૨૨] પ્રારંભમાં વેદના આદિઅક્ષર ૐનું ઉચ્ચારણ કરવું અને અંતમાં તાર અર્થાત્ ૐ શબ્દનો ઉચ્ચાર કરવો.[૨૩] સૌપ્રથમ 'તાર' અર્થાત્ 'ૐ' ત્યાર પછી જ 'હ્રીં' તે પછી રામબીજ 'શ્રીં' ઉચ્ચારવું.[૨૪] તેથી સૌપ્રથમ 'તાર' અર્થાત્ ૐનું ઉચ્ચારણ કરવું.[૨૫]

તાત્પર્ય એ છે કે, 'તાર' અર્થાત્ ૐ છે. ૐના ઉચ્ચારણથી અપાર આનંદની અનુભૂતિ થાય છે તેથી વેદના આદિ અને અંતમાં ૐનો ઉચ્ચાર કરવો. ૐના ઉચ્ચારણનું મહત્ત્વ રજૂ કરાયું છે.

## (૧૭) ધ્યાનબિન્દૂપનિષદ્ :–

આ ઉપનિષદ્ કૃષ્ણ યજુર્વેદની પરંપરાનું છે. તેમાં કુલ ૧૦૬ શ્લોકો છે. બ્રહ્મની સૂક્ષ્મતા, સર્વવ્યાપકતા, પ્રણવનું સ્વરૂપ, પ્રણવના ધ્યાનની વિધિ વર્ણવવામાં આવેલી છે.

યોગીઓ માટે ૐનું મહત્ત્વ વર્ણવતાં કહ્યું છે કે, જો પર્વતની જેમ અનેક જન્મોનાં સંચિત, અનેક યોજન સુધી વ્યાપેલાં પાપો હોય, તો પણ ધ્યાનયોગની સાધના દ્વારા તેમનો નાશ શકય છે, બીજા કોઈ સાધન વડે શકય નથી. બીજાક્ષરથી પર 'ૐ' બિંદુ રહેલું છે અને તેના ઉપર નાદ રહેલો છે, જેમાં મનોહર શબ્દ–ધ્વનિ સંભળાય છે તે નાદ–ધ્વનિના અક્ષરમાં લય થઈ જતાં જે શબ્દવિહીન સ્થિતિ થાય છે તે જ 'પરમપદ'ના નામથી ઓળખાય છે.[૨૬] તે અનાહત શબ્દ (મેઘગર્જના જેવો અવાજ)નું જે કારણતત્ત્વ સ્વરૂપને જે યોગી પ્રાપ્ત કરી લે છે, તેના બધા સંશયો નાશ પામે છે.[૨૭]

ૐકાર દ્વારા યોગીઓ 'પરમપદ' ની સ્થિતિને પ્રાપ્ત કરી શકે છે. ધ્યાનયોગની સાધનામાં તેનું ખૂબ જ મહત્ત્વ છે. આ ૐકારરૂપી એકાક્ષરબ્રહ્મ જ બધા મુમુક્ષુઓનું લક્ષ્ય રહ્યું છે. પ્રણવના પહેલા અંશ 'અકાર' માં પૃથ્વી, અગ્નિ, ઋગ્વેદ, ભૂલોક અને પિતામહબ્રહ્માનો લય થાય છે. બીજા અંશ 'અકાર'માં અંતરિક્ષ, યજુર્વેદ, વાયુ, ભુવઃલોક અને જનાર્દન વિષ્ણુનો લય થાય છે. તૃતીયઅંશ 'મકાર' માં દ્યૌ, સૂર્ય, સામવેદ, સ્વઃલોક અને મહેશ્વરનો લય થાય છે. 'અકાર' પીત્તવર્ણનો અને રજોગુણયુકત છે. 'ઉકત' શ્વેતવર્ણનો અને સાત્ત્વિક ગુણવાળો છે અને 'મકાર' કાળા રંગનો અને તમોગુણથી યુકત છે. આ રીતે ૐકાર આઠ અંગ, ચાર પગ, ત્રણ નેત્ર અને પાંચ દૈવતથી યુકત છે.[૨૮] બ્રાહ્મણો માટે પણ ૐકારનું મહત્ત્વ વર્ણવાયું છે જે વ્યકિત (પ્રણવ) ૐકારથી અજાણ છે, તેને બ્રાહ્મણ ન કહી શકાય, પ્રણવ ને ધનુષ્ય, આત્માને બાણ અને બ્રહ્મને જ લક્ષ્ય કહેવાય છે. પ્રમાદકર્યા વિના તન્મયતાથી બાણ વડે લક્ષ્યનું વેધન કરવું જોઈએ. તેના પરિણામે પરાવર એટલે કે બ્રહ્મના સાયુજ્યત્ત્વને પ્રાપ્ત કરી લેવાથી બધી ક્રિયાઓથી નિવૃત્તિ (મોક્ષ) થાય છે.[૨૯] ૐકારમાંથી શું – શું ઉત્પન્ન થયું તેનું વર્ણન કરતાં કહ્યું છે કે, ૐકારમાંથી દેવોની ઉત્પત્તિ, ૐકારમાંથી સ્વરની ઉત્પત્તિ અને ૐકારમાંથી જ ત્રણ લોકના બધા જ સ્થાવર–જંગમની ઉત્પત્તિ થઈ છે.[૩૦] ૐકારથી જ મોક્ષ થાય છે. તે બાબતને વર્ણવાયેલી છે જેમ કે, ૐનો હ્રસ્વઅંશ પાપોનું દહન કરે છે, તેનો દીર્ઘ અંશ અમૃતસ્વરૂપ અક્ષયસંપદા આપે છે. અને અર્ધમાત્રાયુકત પ્રણવ મોક્ષદાયક છે.[૩૧]

સુંદર ઉપમા યોજતાં કહ્યું છે કે, તેલની અજસ્ત્રધારાની જેમ, ઘંટના લાંબા નિનાદની જેમ, પ્રણવની આગળ ધ્વનિ–રહિત અવાજ થાય છે, તેનો જ્ઞાતા જ વેદવેત્તા છે.[૩૨] હૃદયકમળની કર્ણિકાની વચ્ચે સ્થિર

જ્યોતિશિખા જેવા અંગુષ્ઠમાત્રના આકારવાળા નિત્ય ૐકારરૂપ પરમાત્માનું ધ્યાન કરવા જણાવ્યું છે.[૩૩] ૐકારનું ધ્યાન કરવા જણાવ્યું છે. અને તેના દ્વારા ફળપ્રાપ્તિ પણ વર્ણવી છે.[૩૪] નાદબિંદુના સ્થાન વિશે પણ વર્ણવ્યું છે.[૩૫]

તાત્પર્ય એ છે કે, ૐકારનું સ્વરૂપ, તેની માત્રાઓ, યોગીઓને ૐકારના ધ્યાનથી થતી ફળ પ્રાપ્તિ, નાદ વગેરે બાબતોનું ખૂબ વિસ્તારથી વર્ણન કરાયું છે. ૐ જ એકાક્ષરબ્રહ્મ છે અને તેની ઉપાસનાથી પરમપદની પ્રાપ્તિ થાય છે.

## (૧૮) નારાયણોપનિષદ્ :–

આ ઉપનિષદ્ કૃષ્ણ યજુર્વેદ પરંપરા સાથે સંકળાયેલું છે. કુલ ૫ શ્લોક છે. નારાયણ અને પ્રણવનું ઐકય વર્ણવાયું છે.

સૌપ્રથમ આરંભમાં ૐકારનું ઉચ્ચારણ કરવા જણાવ્યું છે.[૩૬]

'અ'કાર, 'ઉ'કાર, 'મ'કાર માત્રાઓથીયુકત આ પ્રત્યેક (ૐકાર) આનન્દમય, બ્રહ્મપુરુષ, પ્રણવસ્વરૂપ છે. આ ભિન્ન–ભિન્ન છે. આ માત્રાઓના સમ્મિલિત સ્વરૂપને 'ૐ' કહે છે. આ પ્રણવરૂપ 'ૐ'કારનો જપ કરી યોગી સાધક જન્મ–મૃત્યુરૂપી સાંસારિક બંધનોથી મુકિત પ્રાપ્ત કરી લે છે. 'ૐ નમો નારાયણાય' આ મંત્રની સાધના કરનારો સાધક વૈંકુઠધામમાં જાય છે. આ વૈકુંઠધામ પુંડરીક વિજ્ઞાનમય છે આ કારણે આનું સ્વરૂપ વિદ્યુતના પરમપ્રકાશ જેવું છે. બ્રહ્મમય દેવકીનંદન ભગવાન્ શ્રીકૃષ્ણ બ્રહ્મણ્ય અર્થાત્ બ્રાહ્મણપ્રિય છે. એ જ મધુસુદન પુંડરીકાક્ષ અને એ જ વિષ્ણુ તેમજ અચ્યુત છે. પ્રાણીમાત્રમાં એ ભગવાન્ નારાયણ જ નિવાસ કરે છે. એ જ કારણપુરુષ હોવા છતાં પણ કારણરહિત છે. તેઓ જ પરબ્રહ્મ છે. વિદ્વાનો અથર્વવેદીય ૐકારરૂપી આ શિરોભાગનું અધ્યયન કરે છે.[૩૭]

તાત્પર્યએ છે કે, પ્રણવસ્વરૂપ અને નારાયણનું ઐકય તેમજ તેની ઉપાસનાથી થતી ફળ પ્રાપ્તિ વર્ણવી છે. બ્રહ્મપુરુષ નારાયણ જ પ્રણવસ્વરૂપ છે.

## (૧૯) પ્રાણાગ્નિહોત્રાપનિષદ્ :–

આ ઉપનિષદ્ કૃષ્ણયજુર્વેદીય પરંપરા સાથે જોડાયેલું છે. આ ઉપનિષદ્નું મૂળ પ્રયોજન 'ચિત્તશુદ્ધિ' છે. જેમા ૨૩ શ્લોકો છે.

એક સુંદર રૂપક રજૂ થયું છે જેમ કે, ભૂતોમાં હૃદયરૂપી ગુહાની અંદર તમે રહો છો અને બધી બાજુએ મુખવાળું છે તે તમે યજ્ઞ છો, તમે બ્રહ્મા છો, તમે જ રુદ્ર છો, તમે જ વિષ્ણુ છો, તમે જ વષટ્કાર, આપ, જ્યોતિ, રસ, અમૃત, બ્રહ્મ, ભૂઃ, ભુવઃ, સ્વઃ છો, ૐકાર છો. તમને નમસ્કાર.[૩૮]

તાત્પર્ય એ છે કે, યજ્ઞ, બ્રહ્મા, રુદ્ર, વિષ્ણુ, વષટ્કાર, આપ, જ્યોતિ, રસ, અમૃત, બ્રહ્મ, ત્રણ વ્યાહૃતિઓ, ૐકાર જ પરબ્રહ્મ છે.

## (૨૦) રુદ્રહૃદયોપનિષદ્ :–

આ ઉપનિષદ્ કૃષ્ણ યજુર્વેદનું છે. અહીં મુખ્યત્વે 'શિવ' અને વિષ્ણુ' ને અભિન્ન બતાવવામાં આવ્યા છે. કુલ પર શ્લોકો છે. મુમુક્ષુઓ માટે પ્રણવોપાસના વર્ણવી છે.

સુંદર રૂપક રજૂ થયું છે. પ્રણવને ધનુષ્ય અને આત્માને બાણની સંજ્ઞા આપવામાં આવી છે. જેના વડે બ્રહ્મરૂપી લક્ષ્યને આળસ પ્રમાદનો પરિત્યાગ કરી વેધવું જોઈએ. લક્ષ્યનું વેધન કરનારા બાણની જેમ સાધકે બ્રહ્મમાં તન્મય થઈ જવું જોઈએ.[૩૯]

તાત્પર્ય એ છે કે, પ્રણવથી જ મોક્ષ પ્રાપ્તિ થઈ શકે છે. સાધક પ્રણવ વડે જ બ્રહ્મને પામી શકે છે.

## (૨૧) સરસ્વતીરહસ્યોપનિષદ્ :–

આ ઉપનિષદ્ કૃષ્ણયજુર્વેદીય પરંપરા સાથે સંબદ્ધ છે. કુલ ૬૮ શ્લોકો છે. ઋષિગણો તેમજ મહર્ષિ આશ્વલાયન વચ્ચે થયેલા પ્રશ્નોત્તરરૂપે આ ઉપનિષદ્ પ્રગટ થયું છે. આમાં મહાસરસ્વતીના તાત્ત્વિક સ્વરૂપનું વિવેચન છે.

'ૐ નમઃ' (પ્રણવ) જ આ મંત્રનું બીજ, શકિત અને કીલક ત્રણે છે. ઈષ્ટ અર્થની સિદ્ધિ માટે આનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ મંત્રથી અંગન્યાસ કરવામાં આવે છે.[૪૦] સંપૂર્ણ વાણીને પરા, પશ્યન્તી, મધ્યમા અને વૈખરીના રૂપે ચાર પાદમાં વહેંચવામાં આવી છે. આ વાણીઓને બધા વિદ્વાન બ્રાહ્મણ અને મનીષીગણ જાણે છે. આ વાણીઓમાંથી ત્રણ પરા, પશ્યન્તી અને મધ્યમા હૃદયરૂપી ગુહામાં સ્થિત છે, તેથી તે બહાર પ્રગટ થતી નથી; પરંતુ ચોથી (વૈખરી) વાણીને જ મનુષ્ય બોલવામાં પ્રયોજે છે.[૪૧] સુંદર રૂપક રજૂ થયું છે.

તાત્પર્ય એ છે કે પ્રણવનું મહત્ત્વ અને વાણીના પ્રકારો રજૂ થયા છે.

## (૨૨) ક્ષુરિકોપનિષદ્ :–

આ ઉપનિષદ્ કૃષ્ણયજુર્વેદ સાથે સંબધિત છે. એમાં કુલ ૨૫ શ્લોકો છે. આ ઉપનિષદ્ તત્ત્વજ્ઞાનનાં પ્રતિબંધક ઘટકોને કાપવામાં ક્ષુરિકા સમાન સમર્થ છે.

ૐકારનું મહત્ત્વ દર્શાવતાં કહ્યું છે કે, ૐકારમાં ત્રણ માત્રાઓ હોય છે બારમાત્રાનો અર્થ થયો, ચારવાર ૐકારના સહજ ઉચ્ચારણ જેટલો સમય લગાડીને પૂરક કરવા જણાવ્યું છે.[૪૨] અહીં સુંદર રૂપક દ્વારા ૐકારનું મહત્ત્વ રજૂ થયું છે જેમ કે, વૈરાગ્યરૂપી પત્થર ઉપર, ૐકારયુકત પ્રાણાયામથી ઘસીને, તીક્ષ્ણ કરવામાં આવેલી ધારણરૂપી છરીથી સંસારના સૂત્રોને કાપનાર યોગીને, સાંસારિક બંધનથી બાંધી શકાતાં નથી.[૪૩]

તાત્પર્ય એ છે કે યોગીઓ માટે ૐકાર શ્રેષ્ઠ પ્રતીક છે જેના દ્વારા જ મોક્ષ પ્રાપ્ત થાય છે.

## (૨૩) બ્રહ્મબિંદૂપનિષદ્ :–

આ ઉપનિષદ્ કૃષ્ણયજુર્વેદ સાથે સંબંધિત છે. એનું બીજું નામ 'અમૃતબિંદૂપનિષદ્' પણ છે. એમાં કુલ ૨૨ મંત્ર છે. જેમાં બ્રહ્મના અનુસંધાનનું ક્રમિક સ્વરૂપ વર્ણવાયેલ છે.

સ્વર અર્થાત્ પ્રણવ દ્વારા વ્યકત બ્રહ્મની અનુભૂતિ કરવી જોઈએ અને એના પછી અસ્વર દ્વારા પ્રણવથી અતીત અવ્યકત બ્રહ્મનું ચિંતન કરવું. પ્રણવાતીત એ શ્રેષ્ઠ પરબ્રહ્મની પ્રાપ્તિ ભાવનાના માધ્યમથી, ભાવરૂપમાં થાય છે, અભાવરૂપમાં નહીં.[૪૪] શબ્દબ્રહ્મ (પ્રણવ) અને પરબ્રહ્મ – બન્નેય અક્ષર છે. આ બંનેયમાંથી જે કોઈ એકના ક્ષીણ થયેથી બીજો જે અક્ષયની સ્થિતિમાં બની રહે છે, એ પરબ્રહ્મ જ વાસ્તવિક અક્ષર (અવિનાશી) છે. વિદ્વાન પુરુષ જો શાંતિ ઈચ્છે તો તેમણે એ અક્ષરરૂપ પરબ્રહ્મનું ચિંતન કરવું જોઈએ. બે વિદ્યાઓ જાણવા યોગ્ય છે. પ્રથમવિદ્યાને 'શબ્દબ્રહ્મ' અને બીજી વિદ્યાને 'પરબ્રહ્મ'ના નામથી ઓળખવામાં આવે છે. 'શબ્દબ્રહ્મ' અર્થાત્ વેદશાસ્ત્રોનાં જ્ઞાનમાં નિષ્ણાંત થવાથી વિદ્વાન્ મનુષ્ય, પરબ્રહ્મને જાણવાનું સામર્થ્ય પ્રાપ્ત કરી લે છે.[૪૫]

તાત્પર્ય એ છે કે, શબ્દબ્રહ્મનું મહત્ત્વ રજૂ થયું છે. શબ્દબ્રહ્મ અર્થાત્ ૐકારને જાણવાથી જ પરબ્રહ્મની પ્રાપ્તિ થઈ શકે છે.

## (૨૪) બ્રહ્મવિદ્યોપનિષદ્ :–

આ ઉપનિષદ્ કૃષ્ણયજુર્વેદ સાથે સંબંધિત છે. એમાં બ્રહ્મની પ્રાપ્તિનો ઉપાય અને એના સ્વરૂપનું વિશદ્ વિવેચન કરવામાં આવેલ છે. સૌથી પહેલા બ્રહ્મવિદ્યાના રહસ્યભૂત પ્રણવ બ્રહ્મનો ઉલ્લેખ કરતાં, પ્રણવની ચારમાત્રાઓનું વિવેચન કરવામાં આવ્યું છે.

પ્રણવના એક અક્ષર(ૐ) ના રૂપમાં, બ્રહ્મજ્ઞાનીઓએ કહેલું છે. તેવી જ રીતે એના શરીર, સ્થાન અને ત્રણેયકાળનું વર્ણન કરવામાં આવ્યું છે. એ ૐકારમાં ત્રણ દેવતા, ત્રણલોક, ત્રણવેદ અને ત્રણ અગ્નિઓ છે. શિવસ્વરૂપ આ ત્રણ અક્ષરની ત્રણ અને અડધી માત્રાઓ. અકાર, ઉકાર, મકાર અને અનુસ્વાર છે. બ્રહ્મજ્ઞાનીઓએ 'અ'કારનું શરીર ઋગ્વેદ, ગાર્હપત્ય અગ્નિ, પૃથ્વીતત્ત્વ અને બ્રહ્માને બતાવ્યું છે. 'ઉ'કારનું શરીર યજુર્વેદ, દક્ષિણાગ્નિ, આકાશતત્ત્વ અને ભગવાન વિષ્ણુને બતાવ્યું છે. 'મ'કારનું શરીર સામવેદ, આહ્વનીય અગ્નિ, દ્યુલોક, ઈશ્વર અને પરમદેવને કહેવામાં આવ્યું છે. શંખના મધ્યભાગની જેમ 'અ'કાર, સૂર્યમંડળની મધ્યમાં રહેલું છે, અને ચંદ્રમાની જેમ 'ઉ'કાર એ જ ચંદ્રમંડળમાં રહેલું છે. ધૂમાડારહિત અગ્નિ અને વિદ્યુતમાં અગ્નિ સમાન 'મ'કાર રહેલો છે. આ રીતે ત્રણ માત્રાઓને સૂર્ય, ચંદ્ર અને અગ્નિનારૂપમાં જાણવી જોઈએ.[૪૬] એક સુંદર ઉપમા યોજતાં ૐકારનું સ્વરૂપ વર્ણવાયું છે. જેમ કે, જે રીતે દીપકની જ્યોત ઉપર તરફ રહે છે. એવી રીતે અર્ધમાત્રાની સ્થિતિને જાણવી જોઈએ.[૪૭]

ૐકારની સાધનાનું મહત્ત્વ બીજી એક સુંદર ઉપમા દ્વારા રજૂ થયું છે. કાંસાની ધાતુથી નિર્મિત ઘંટનો શબ્દ જે રીતે શાંતિ આપતો વિલીન થઈ જાય છે એવી જ રીતે ૐકારની સાધના દ્વારા, દરેક પ્રકારની ઈચ્છાઓ શાંત થઈ જાય છે.[૪૮] જીવ શ્વાચ્છોશ્વાસના રૂપમાં 'સ'કાર અને 'હ'કાર (સોઙહંનો જપ) હંમેશા કરે છે, એના પ્રભાવથી એ જીવ નાભિરંધ્રથી ઉત્ક્રમણ કરતો રહે છે. અને એને કોઈપણ જાતના વિષય વ્યાપ્ત કરતા નથી.[૪૯]

એક સુંદર ઉપમામાં કહ્યું છે કે, જે નાભિની મધ્યમાં દીપકની જેમ, સુપ્રકાશિત મહાદેવ પર, અમૃતનું સિંચન કરતાં, 'હંસ–હંસ' નો જપ કરે છે, એને પૃથ્વી પર રહેતાં ઘડપણ, મરણ રોગ વગેરે વિકાર થતાં નથી અને એ અણિમા વગેરે સિદ્ધિઓ વિભૂતિઓનો અધિકારી બની જાય છે.

સોઙહં ને ઉલટાવી દેવાથી હંસ બને છે. એ પ્રાણરૂપ જીવને હંસ કહેવામાં આવ્યું છે. એ હંસના આ પરમાત્મતત્ત્વને લક્ષ્ય કરીને 'સોઙહં' હું એ છું એવો ભાવ કરે છે તો એ પદાર્થગત વિકારોથી પ્રભાવિત થતો નથી.[૫૦]

એક સુંદર રૂપકમાં કહ્યું છે કે, આત્માને નીચેની અરણિ અને પ્રણવને ઉપરની અરણિ બનાવીને ધ્યાનરૂપી મંથનના અભ્યાસ દ્વારા, આ અપ્રગટ આત્માનો સાક્ષાત્કાર, મનુષ્યે કરવો જોઈએ.[૫૧]

તાત્પર્ય એ છે કે, ૐકારનું સ્વરૂપ, માત્રાઓ, ૐકારની સાધના, હંસ, સોઙહંના જપનું મહત્વ વગેરે બાબતો વિસ્તારથી નિરૂપિત કરાયેલી છે.

## (૨૫) યોગતત્ત્વોપનિષદ્ :–

આ ઉપનિષદ્ કૃષ્ણયજુર્વેદ સાથે સંબંધિત છે. કુલ ૧૪૨ મંત્ર છે. એમાં યોગવિષયક વિવિધ ઉપાદાનોનું વિસ્તૃત વર્ણન કરવામાં આવેલું છે.

યોગી માટે કહ્યું છે કે, એકાંત સ્થળે બેસીનેે, પ્લુતમાત્રાથી (ત્રણમાત્રા) યુકત પ્રણવ (ૐકાર) નો જપ કરતાં રહેવું જોઈએ, જેથી પૂર્વજન્મનાં પાપોનો વિનાશ થઈ જાય છે.[૫૨] આ ૐકારમંત્ર, બધી જ જાતનાં વિઘ્ન–મુશ્કેલીઓ અને દોષોને દૂર કરનાર છે. એનો નિરંતર અભ્યાસ કરતા રહેવાથી, સિદ્ધિઓ હસ્તગત થવા માંડે છે.[૫૩] જે કાંઈ છે એ બધું જ એ ત્રણ અક્ષરોમાં પરોવેલું છે, એ સત્યસ્વરૂપ છે, એ શાશ્વત પરમપદ છે સુંદર ઉપમા દ્વારા કહ્યું છે કે, જેમ પુષ્પમાં સુગંધ હોય છે, દૂધમાં ઘી સમાયેલું છે, તલમાંથી તેલ ઉત્પન્ન થાય છે અને પથ્થરના ટૂકડામાં સોનુ રહેલું છે, એવી જ રીતે એ પણ બધામાં વ્યાપ્ત છે. હૃદયસંસ્થાનમાં જે કમળ પુષ્પ રહેલું છે, એનું મુખ નીચે તરફ છે અને એની નાળ ઉપર તરફ છે નીચે બિંદુ છે, એની મધ્યમાં મન રહેલું છે. 'અ'કારમાં રેચિત કરેલું હૃદયકમળનું 'ઉ'કારથી ભેદન કરવામાં આવે છે. અને 'મ'કારમાં નાદ (ધ્વનિ) ને પ્રાપ્ત થાય છે. અર્ધમાત્રા નિશ્ચલ, શુદ્ધ સ્ફટિક સમાન, નિષ્કલ અને પાપનાશક છે.[૫૪]

તાત્પર્ય એ છે કે કમળની સાથે સરખામણી કરવામાં આવી છે. ૐકારના જપનું મહત્ત્વ રજૂ કરાયું છે.

## (૨૬) અમૃતનાદોપનિષદ્ :–

આ ઉપનિષદ્ કૃષ્ણયજુર્વેદ સાથે સંબંધિત છે. આ ઉપનિષદ્માં પ્રણવની ઉપાસના સાથે યોગના છ અંગોનું વર્ણન કરવામાં આવ્યું છે. ૐકારની માત્રાઓના ધ્યાનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

એક સુંદર રૂપક રજૂ થયું છે. જેમ કે, ૐકારરૂપી રથમાં આરુઢ થઈને અને ભગવાન વિષ્ણુને, પોતાના સારથિ બનાવીને બ્રહ્મલોકના પરમપદનું ચિંતન કરતાં–કરતાં, જ્ઞાની પુરુષ દેવાધિદેવ ભગવાન્ રુદ્રની ઉપાસનામાં તલ્લીન રહે. એ પ્રણવરૂપી રથ દ્વારા ત્યાં સુધી ચાલવું જોઈએ, જ્યાં સુધી રથનો ચાલવા યોગ્ય માર્ગ પૂર્ણ ન થઈ જાય. જ્યારે એ માર્ગ પૂર્ણ થઈ જાય છે, ત્યારે એ રથને છોડીને, મનુષ્ય જાતે જ પ્રસ્થાન કરી દે છે. પ્રણવની અકારાદિ જે માત્રાઓ છે અને માત્રાઓમાં જ લિંગભૂત પદ છે, એ બધાના આશ્રયવાળા સંસારનું ચિંતન કરતાં–કરતાં, તેને ત્યાગી દઈને, સ્વરહી 'મકાર'વાચી ઈશ્વરનું ધ્યાન કરવાથી, સાધકનો ક્રમશઃ એ સૂક્ષ્મપદમાં પ્રવેશ થઈ જાય છે. એ પરમતત્વ, 'અકાર' આદિ સ્વરો

'કકારાદિ' વ્યંજનોરૂપી બધા જ પ્રંપચોથી સંપૂર્ણ રીતે દૂર કરે છે.[૫૫] ત્યાર પછી ૐકારનું ચિંતન કરવા જણાવ્યું છે. જેમ કે, નાસિકાના એક છિદ્ર (જમણા) ને એક આંગળીથી બંધ કરીને, બીજા ખુલ્લા છિદ્ર (ડાબે) થી, વાયુને ખેંચો પછી બંનેય નાસિકાઓ બંધ કરીને, એ પ્રાણવાયુને ધારણ કરો એ સમયે તેજઃ સ્વરૂપ શબ્દ ૐકારનું જ ચિંતન કરવા કહ્યું છે. એ શબ્દરૂપ એકાક્ષર પ્રણવ (ૐ) જ, બ્રહ્મ છે. ત્યારપછીથી આ એકાક્ષરબ્રહ્મ ૐકારનું જ ધ્યાન કરતાં, રેચક ક્રિયા કરો. અર્થાત્ વાયુને ધીમે ધીમે બહાર કાઢો. આ રીતે કેટલીયવાર આ "ઓંકાર" રૂપી દિવ્યમંત્રથી (પ્રાણાયામની ક્રિયા દ્વારા) પોતાના ચિત્તને પ્રમદાદિમલ વિકારોને દૂર કરવા જોઈએ.[૫૬]

આ રીતે પ્રાણાયામ દ્વારા, બધા જ દોષોનું શમન કરતાં કરતાં, પૂર્વ નિર્દિષ્ટક્રમ મુજબ "ઓંકાર" નું ધ્યાન કરતાં, પ્રાણાયામ કરો. આ રીતનો 'પ્રણવગર્ભ' પ્રાણાયામ, નાભિના ઉર્ધ્વભાગ અર્થાત્ હૃદયમાં ધ્યાન કરતાં સ્થૂલાતિસ્થૂલમાત્રામાં કરો.[૫૭]

આ પ્રણવનામથી જાણીતા ઘોષ (અવાજ) નું ઉચ્ચારણ, બાહ્યપ્રયત્નોથી થતું નથી. એ વ્યંજન કે સ્વર પણ નથી. એનું ઉચ્ચારણ કંઠ, તાળવું, હોઠ અને નાસિકા વગેરેથી પણ થતું નથી. એનું બન્નેય હોઠના અંતમાં રહેલા, દંતનામના ક્ષેત્રથી પણ ઉચ્ચારણ થતું નથી. 'પ્રણવ' એ શ્રેષ્ઠ અક્ષર છે, જે કયારેય પણ ચ્યુત થતો નથી. ઓંકારનો પ્રાણાયામના રૂપમાં અભ્યાસ કરવો જોઈએ અને મન ગુંજાયમાનઘોષમાં હંમેશા લગાવી રાખવું જોઈએ.[૫૮]

તાત્પર્ય એ છે કે, પ્રણવ એ શ્રેષ્ઠ અક્ષર છે અને પ્રણવના સતત અભ્યાસથી પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે.

## (૨૭) એકાક્ષરોપનિષદ્ :–

કૃષ્ણયજુર્વેદથી સંબંધિત, આ ઉપનિષદ્માં, ઋષિ એક જ અક્ષર અવિનાશી પરમાત્માને, અંતરિક્ષમાં પ્રવાહિત સોમ, સુષુમ્ણામાં સંચારિત પ્રાણ તથા સંપૂણ વિશ્વમાં સંચરિત જીવનતત્વના રૂપમાં અનુભવ કરે છે.

અક્ષરનું મહત્ત્વ દર્શાવતાં કહ્યું છે કે, હે ભગવાન ! આપ અક્ષર અર્થાત્ શાશ્વત, સોમ પરબ્રહ્મના રૂપમાં અને સુષુમ્ણાચક્રમાં પોતાની સત્તા સાથે પ્રતિષ્ઠિત, એક જ અવિનાશીતત્ત્વ, એકાક્ષરમાં રહો છો. આપ જ વિશ્વનાં કારણરૂપ, પ્રાણીમાત્રના સ્વામી, પુરાણપુરુષ અને બધા રૂપોમાં વિદ્યમાન છો. આપ જ પર્જન્ય દ્વારા બધાની રક્ષા કરનારા છો.[૫૯]

તાત્પર્ય એ છે કે, અક્ષર, એકાક્ષર, પરબ્રહ્મનું જ સ્વરૂપ છે જે ૐ નું પણ સ્વરૂપ જ કહી શકાય.

## (૨૮) મહોપનિષદ્ :–

આ ઉપનિષદ્ સામવેદીય પરંપરા સાથે જોડાયેલું છે. એમાં કુલ ૬, અધ્યાય છે. આ ઉપનિષદ્ શ્રી શુકદેવજી અને મહારાજ જનક તથા ઋભુ અને નિદાઘના પ્રશ્નોત્તરરૂપે પ્રગટ થયું છે.

અધ્યાય–૬ માં કહ્યું છે કે, આત્માના નામથી ઓળખાતું શૂન્ય જ પ્રકૃતિ, માયા, બ્રહ્મજ્ઞાન, પુરુષ, ઈશાન, શિવ, નિત્ય અને બ્રહ્મજ્ઞાન વગેરે નામોથી ઓળખાય છે.[૬૦] આ ઉપનિષદ્‌ના અધ્યયનથી દસ હજાર પ્રણવ ૐકારના જપનું ફળ મળે છે.[૬૧]

તાત્પર્ય એ છે કે, શૂન્ય એ પણ ૐકારનું વાચક જ છે. (જુઓ : પ્રકરણ ૧–૧–૧ ઓમ્‌ના વિભિન્ન અર્થો : શૂન્ય) અહીં પ્રણવજપનું તેમજ આ ઉપનિષદ્‌ના અધ્યયનનું મહત્ત્વ રજૂ થયું છે.

## (૨૯) યોગચૂડામણિ ઉપનિષદ્ :–

આ ઉપનિષદ્ સામવેદનું છે. કુલ ૧૨૧ શ્લોકો છે. પ્રણવની વિશેષ પ્રક્રિયા, પ્રણવ અને બ્રહ્મની એકરૂપતા, પ્રણવના અવયવ– અ, ઉ, મનો અર્થ, તુરીય આકાર દ્વારા અગ્રબ્રહ્મની સાધના પ્રણવજપ વગેરેનું વિશદ વિવેચન છે.

પ્રણવનો જપ કરવા જણાવ્યું છે. પ્રણવની માત્રાઓ, દેવોની ઉત્પત્તિનું કારણ વગેરે બાબતો વિસ્તારથી વર્ણવી છે.[૬૨] પરમ પ્રકાશરૂપ ઓંકાર છે.[૬૩] પ્રાણાયામમાં પ્રણવના મહત્ત્વ વિશે વર્ણવાયું છે.[૬૪]

તાત્પર્ય એ છે કે, ઓંકાર પરમપ્રકાશરૂપ છે. પ્રણવનો જપ અને પ્રાણાયામમાં તેનું વિશેષ મહત્ત્વ છે.

## (૩૦) રુદ્રજાબાલોપનિષદ્ :–

આ ઉપનિષદ્ સામવેદીય પરંપરાનું છે. કુલ ૪૯ શ્લોકો છે. રુદ્રાક્ષની અતિશય મહત્તા વર્ણવી છે.

ૐ સત્ય છે એમ આ ઉપનિષદ્ સમાપ્ત થયું.[૬૫]

તાત્પર્ય એ છે કે, ૐ ને સત્ય વર્ણવ્યું છે.

## (૩૧) આરણ્યૂપનિષદ્ :–

આ ઉપનિષદ્ સામવેદીય માનવામાં આવે છે. એને આરુણિકોપનિષદ્‌ના નામ થી ઓળખવવામાં આવે છે. એમાં ઋષિ આરુણિની વૈરાગ્ય જિજ્ઞાસાના ઉત્તરમાં બ્રહ્માજીએ સંન્યાસમાં દીક્ષિત થવાનાં સૂત્ર સમજાવેલ છે. કુલ પાંચ શ્લોકો છે.

ૐ એ જ ઉપનિષદ્‌મંત્રનું ત્રણવાર ઉચ્ચારણ કરતા ભિક્ષા માટે ગામમાં પ્રવેશ કરે.[૬૬]

તાત્પર્ય એ છે કે, ૐના ઉચ્ચારણનું મહત્ત્વ અને ૐના અધ્યયનથી જગતના બંધનોથી મુકિત મળે છે.

## (૩૨) જાબાલદર્શનોપનિષદ્ :–

આ ઉપનિષદ્ સામવેદીય છે. એને ‘દર્શનોપનિષદ્’ પણ કહેવામાં આવે છે. એમાં કુલ દસ ખંડ છે. જેમાં ભગવાન વિષ્ણુના અવતાર દત્તાત્રેયજી અને એમના શિષ્ય સાંકૃતિના ‘અષ્ટાંગયોગ’ના વિષયમાં, પ્રશ્નોત્તરના રૂપમાં વિસ્તૃત વર્ણન થયેલું છે.

છઠ્ઠા ખંડમાં પ્રણવના ત્રણ વર્ણ અકાર, ઉકાર અને મકાર છે, એમને ક્રમશઃ પૂરક, રેચક અને કુંભકની સાથેની સમાનતા રાખનાર કહેવામાં આવેલા છે. આ ત્રણેય વર્ણોના સમૂહને જ ૐકાર કહેવામાં આવેલું છે. આના કારણે જ પ્રાણાયામ પણ પ્રણવરૂપ જ છે.[૬૭] ૐકારના જપયુકત પ્રાણાયામ કરવાથી થતાં ફાયદાઓ પણ વિસ્તારથી વર્ણવવામાં આવ્યા છે.[૬૮]

તાત્પર્ય એ છે કે, પ્રણવ જપનું મહત્ત્વ અને તેના ફાયદાઓ વર્ણવાયાં છે.

## (૩૩) જાબાલ્યુપનિષદ્ :–

આ ઉપનિષદ્ સામવેદ સાથે સંબધિત છે એમાં કુલ ૨૩ મંત્ર છે. જેમાં પિપ્લાદના પુત્ર પૈપ્લાદિ અને ભગવાન જાબાલિના પરમ તત્ત્વ વિષય ઉપર પ્રશ્નોત્તર છે.

ત્રિપુંડ્રનું વર્ણન કરવામાં આવ્યું છે. જેમ કે, જે એની પ્રથમ રેખા છે, એ ગાર્હપત્ય અગ્નિ રજોગુણ ‘અ’કાર ભૂલોક, પોતાના આત્માની ક્રિયાશકિત સ્વરૂપ, ઋગ્વેદરૂપ અને પ્રાતઃસવન સ્વરૂપ છે, એના દેવતા જાતે જ પ્રજાપતિ છે જે એની બીજી રેખા છે, એ દક્ષિણાગ્નિ – સ્વરૂપ, સત્ત્વગુણરૂપ ‘ઉકારરૂપ’, અંતરિક્ષ સ્વરૂપ, પોતાના આત્માની ઈચ્છાશકિતરૂપ, યજુર્વેદરૂપ અને માધ્યંદિન સવનરૂપ છે. એના

દેવતા વિષ્ણુ છે. જે એની ત્રીજી રેખા છે એ આહ્વનીય અગ્નિરૂપ 'મ'કાર રૂપ, તમોગુણ – સ્વરૂપ, ધુલોકરૂપ, પરમાત્માની જ્ઞાનશકિત સ્વરૂપ, સામવેદરૂપ અને ત્રીજી સવન સ્વરૂપ છે, એના દેવતા સ્વયં મહાદેવ શિવ છે.[૬૯] જે વિદ્વાન બ્રહ્મચારી, ગૃહસ્થી, વાનપ્રસ્થી અથવા યતિ ભસ્મનું ત્રિપુંડ્ર ધારણ કરે છે એ મહાપાતકો અને ઉપપાતકોથી મુકત થઈ જાય છે.

તાત્પર્ય એ છે કે, ત્રિપુંડ્ર પણ ૐકાર સ્વરૂપ જણાય છે કેમ કે, ત્રિપુંડ્રમાં પણ ૐકારની ત્રણ માત્રાઓ રહેલી છે.

## (૩૪) મૈત્રેય્યુપનિષદ્ :–

આ સામવેદીય ઉપનિષદ્ છે. એમાં કુલ ૩ અધ્યાય છે. આત્મતત્ત્વનું વિવેચન કરવામાં આવ્યું છે.

'અકાર', 'ઉકાર' અને 'મકાર' રૂપ સનાતન હું જ છું. હું ધ્યાતા, ધ્યાન અને ધ્યેયથી પણ પર છું.[૭૦]

તાત્પર્ય એ છે કે, હું સ્વરૂપે ૐ નું વર્ણન છે.

## (૩૫) સંન્યાસોપનિષદ્ :–

આ ઉપનિષદ્ સામવેદ સાથે સંબંધ ધરાવે છે. એમાં કુલ બે અધ્યાય છે. સંન્યાસી ધર્મનું વિવેચન કરવામાં આવ્યું છે.

જે સન્યાસી નિત્ય પ્રતિદિન બાર હજારવાર ઓંકારરૂપ પ્રણવ મંત્રનો જપ કરે છે, તેને બાર માસની અંદર અવિનાશી પરબ્રહ્મનો સાક્ષાત્કાર થઈ જાય છે.[૭૧]

તાત્પર્ય એ છે કે, ૐકારના જપનું મહત્ત્વ દર્શાવ્યું છે.

## (૩૬) મૈત્રાયણ્યુપનિષદ્ :–

આ ઉપનિષદ્ સામવેદ સાથે સંબંધિત છે, એમાં રાજા બૃહદ્રથને ઉપદેશ આપતાં, મુનિ શાકાયન્યે બતાવ્યું કે, આ જ્ઞાન ભગવાન મૈત્રેય દ્વારા પ્રાપ્ત થયું હતું. એમાં એમણે પ્રાણોન્તે ભેદ બતાવતાં આત્મા અને ભૂતાત્માનું અંતર સ્પષ્ટ કરેલું છે. જીવનરૂપી રથમાં જ્ઞાનેન્દ્રિયો લગામ, કર્મેન્દ્રિયો ઘોડા, અંતઃપ્રકૃતિ ચાબુક તથા આત્માને સંચાલક કહેવામાં આવેલ છે. ઈંધણ સમાપ્ત થઈ જવાથી જેમ અગ્નિ હોલવાઈ

જાય છે, એવી જ રીતે વૃત્તિઓ સમાપ્ત થઈ જવાથી, ચિત્ત શાંત બની જાય છે. પરમાત્માની સર્વરૂપતા, ૐકાર અને ઉદ્‌ગીથની એકરૂપતા સમજાવતાં, અંતમાં ગાયત્રી મહામંત્રના વિવિધ પદોની વ્યાખ્યા તથા ઉપાસનાનું મહત્ત્વ સમજાવવામાં આવેલું છે.

પાંચમા પ્રપાઠકમાં ૐકારનું વર્ણન કરવામાં આવ્યું છે. જે પુરુષ હૃદયકમળમાં વિદ્યમાન અને અન્ન ગ્રહણ કરે છે, એ પુરુષ આ સૂર્યના અગ્નિના રૂપમાં, આકાશમાં પ્રતિષ્ઠિત છે. આજ કાળ–નામથી યુકત પુરુષ છે. એ અદશ્ય હોવા છતાં પણ, સર્વભૂતરૂપી અન્નનું ભક્ષણ કરે છે. આ કમળ શું છે ? એ શું જાણકારી રાખે છે ? એનો ઉત્તર છે કે, જે આ આકાશ છે, એ જ કમળ છે. એમાં નિવાસ કરનારા એ, સમસ્ત પ્રકારની જાણકારી રાખે છે. એ આ ચારેય દિશાઓ અને ઉપદિશાઓમાં પ્રતિષ્ઠિત છે. એ બધાથી પર અર્થાત્ શ્રેષ્ઠ છે. આ પ્રાણ અને આદિત્યની, ૐકારથી યુકત અને વ્યાહુતિઓ સહિત ગાયત્રી–સાવિત્રી મહામંત્રથી, ઉપાસના કરવી જોઈએ.[૭૨]

આગળ બ્રહ્મનું વર્ણન કરતાં કહ્યું છે કે, બ્રહ્મના બે રૂપ છે – મૂર્ત અને અમૂર્ત. જે મૂર્તરૂપ છે, એ અસત્ય છે અને જે અમૂર્તરૂપ છે, સત્ય છે, એ જ યથાર્થ બ્રહ્મ છે. જે બ્રહ્મ છે, એ જ જ્યોતિ છે. અને જે જ્યોતિ છે એ જ આદિત્ય છે. એ જ ૐકાર છે, એ જ આત્મા છે, એમણે પોતાના સ્વરૂપને ત્રણ પ્રકારે પ્રગટ કરેલું છે. ૐકાર ત્રણમાત્રાઓથી યુકત છે. એ ૐકારમાં બધાં જ તત્ત્વ વિદ્યમાન છે, એવી રીતનું શ્રુતિમાં વર્ણન મળી આવે છે. આદિત્ય જ ૐકાર સ્વરૂપ બ્રહ્મ છે, એ પ્રમાણે ધ્યાન કરતાં, પુરુષે ઈચ્છવું જોઈએ કે, એ આત્માની સાથે સંયોજન કરે.[૭૩]

હવે પછી એક અન્ય સ્થાને કહેવામાં આવેલું છે કે, ઉદ્‌ગીથ છે, એ જ ૐકાર છે. જે ૐકાર છે, એ જ ઉદ્‌ગીથ છે. જે પ્રારંભિક નામથી યુકત તત્ત્વ છે, એ જ બધાને ઉત્પન્ન કરનાર છે. એ નામ તથા રૂપથી યુકત છે, નિદ્રારહિત અને વૃદ્ધાવસ્થાથી રહિત છે, મૃત્યુરહિત છે. એ રીતે એને પાંચ ભાગોમાં જાણવું જોઈએ. એ હૃદયરૂપી ગુફામાં જ નિવાસ કરે છે, એવો શ્રુતિ મત છે. આ ૐકારરૂપ પરમાત્માનું મૂળ ઉર્ધ્વ તરફ અને જ્યાં સુધી બ્રહ્મ છે, ત્યાં સુધી એની ડાળીઓ શાખાઓ ફેલાએલી છે. એ તમામ શાખાઓ આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી વગેરેના રૂપમાં છે. આ એક જ તત્ત્વના માધ્યમથી, આ બધું જે કંઈ છે એ પ્રાપ્ત કરી શકાય છે. એ જ બ્રહ્મ છે. આ સમસ્ત વિશ્વ એ ૐકારનું જ સ્વરૂપ છે. આ સૂર્ય પણ ૐકારનું જ રૂપ છે. તેથી ૐકાર દ્વારા હંમેશા એ સૂર્યની પ્રાર્થના કરવી જોઈએ. આ એકમાત્ર ૐકારથી જ એના રસનો બોધ કરી શકાય છે, એવો શ્રુતિઓનો મત છે. આ પવિત્ર 'અક્ષરરૂપી બ્રહ્મ' છે, આ ૐકારરૂપ અક્ષરનો બોધ કરીને, મનુષ્ય જે કંઈ ઈચ્છે છે તે ઈચ્છાનુસાર મેળવી શકે છે. અહીં સુંદર રૂપક રજૂ થયું છે. ૐકારરૂપી વૃક્ષ દ્વારા વર્ણન કરાયું છે.[૭૪]

ફરીથી, એ પછી બીજે કહેવામાં આવેલું છે કે, આનું બ્રહ્માનું શરીર જે શબ્દ ઉચ્ચારે છે, એને ૐ કહે છે. આ ૐકાર સ્ત્રી, પુરુષ અને નપુંસક એમ ત્રણેય લિંગોથી યુકત છે. અગ્નિ, વાયુ અને સૂર્યના રૂપમાં એ પ્રકાશ આપનાર છે તથા બ્રહ્મા, રુદ્ર અને વિષ્ણુના રૂપમાં, અધિપતિ સ્વરૂપ છે. ગાર્હપત્ય દક્ષિણાગ્નિ અને આહ્‌વનીય – એ આ ત્રણેય અગ્નિ એનાં ત્રણ મુખ છે. તથા ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદને પણ, એ જાણવામાં સમર્થ છે. ભૂઃ, ભુવઃ અને સ્વઃ એ ત્રણ લોક પણ એનાં જ રૂપ છે. એ ૐકારરૂપ બ્રહ્મના ભૂત, ભવિષ્ય અને વર્તમાન એમ, ત્રણ કાળ છે. પ્રાણ, અગ્નિ અને આદિત્ય એના પ્રતાપ છે. અન્ન, જળ અને ચંદ્રમા એના પોષક તત્ત્વ છે. બુદ્ધિ, મન અને અહંકાર એ ત્રણેય એની ચેતના છે. તથા પ્રાણ, અપાન અને વ્યાન એના પ્રાણ છે. એવું જે અનેકોએ કહેલું છે. આની સ્તુતિ કરનાર તથા સ્વયં અર્પિત કરનાર કહેવામાં આવેલું છે, એવું શ્રુતિનું વચન છે. હે સત્યકામનાવાળા ! આ ૐકાર પર અને અપર બ્રહ્મ છે, આ ૐકાર જ અક્ષર છે.[૭૫]

આ જ આત્મા છે, એ જ બધાનો નિયંતા, ઈશ્વર, શંકર, ભવ, રુદ્ર, પ્રજાપતિ, વિશ્વસ્રષ્ટા, હિરણ્યગર્ભ, સત્ય, પ્રાણ, હંસ, શાસ્તા (ઉપદેશક), વિષ્ણુ, નારાયણ, અર્ક, સવિતા, ધાતા, સમ્રાટ, ઈન્દ્ર અને ચંદ્ર પણ એ જ છે. જે અગ્નિના રૂપમાં તપ છે અને હજારોના ચક્ષુરૂપમાં પ્રકાશમય આનંદથી પરિપૂર્ણ છે, એ જ જાણવા યોગ્ય છે. બધા પ્રાણીઓને અભય–દાન પ્રદાન કરીને, તપોવનમાં જઈને એ 'ૐકાર' નું અનુસંધાન કરવું જોઈએ. જે મનુષ્ય ઈન્દ્રિયોના વિષયભોગોનો બહિષ્કાર કરે છે, અને પોતાના શરીરમાં જ એ પ્રકાશતત્ત્વ પ્રાપ્ત થઈ જાય છે. આ જ વિશ્વરૂપ, મનોહર, જન્મગ્રહણ કરનારાઓના પૂર્ણ જ્ઞાતા છે, બધાનું પરમ આશ્રયસ્થાન અને જ્યોતિરૂપથી પ્રકાશિત છે. આ સૂર્ય સવિતા પરમાત્મા હજારો કિરણો – રશ્મિઓથી યુકત સેંકડો રીતે વર્તમાન તથા સમસ્ત પ્રજાજનોના પ્રાણરૂપ થઈને પ્રગટ થાય છે.[૭૬]

તાત્પર્ય એ છે કે, જે સત્ય છે એ જ બ્રહ્મ છે, જે બ્રહ્મ છે એ જ જ્યોતિ છે, એ જ આદિત્ય છે, એ જ ૐકાર છે. આ સમસ્ત વિશ્વ એ ૐકારનું જ સ્વરૂપ છે.

## (૩૭) ગણપત્યુપનિષદ્ :–

આ ઉપનિષદ્ અથર્વવેદીય પરંપરાનું છે. આ ઉપનિષદ્‌માં ૧૯ શ્લોકો છે. આ ઉપનિષદ્‌માં 'ગણપતિ' ને બ્રહ્મરૂપમાં પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા છે.

ૐકારવાચક પરબ્રહ્મ વિશે કહ્યું છે કે, આ સમગ્ર જગત તમારામાંથી જ ઉત્પન્ન થયું છે આ બધું વિશ્વ તમારામાં જ સ્થિર છે આ સમગ્ર વિશ્વ તમારામાં જ લય પામે છે. આ સમસ્ત જગતની

તમારામાં જ પ્રતીતિ થઈ રહી છે. તમે ભૂમિ, જળ, અગ્નિ, વાયુ અને આકાશરૂપ છો. પરા, પશ્યન્તી, મધ્યમા અને વૈખરી વગેરે વાણીના ચાર વિભાગો તમે જ છો. તમે જ ત્રણ ગુણોથી પણ પર છો. તમે ભૂત, વર્તમાન અને ભવિષ્ય એ ત્રણે કાળથી પર કાલાતીત છો. તમે જ ત્રણેય શરીરો સ્થૂળ, સૂક્ષ્મ અને કારણથી પર છો. તમે જ નિત્ય મૂલાધાર ચક્રમાં સ્થિર રહો છો. ઈચ્છા, ક્રિયા અને જ્ઞાન વગેરે ત્રણેય શકિતઓ એકમાત્ર તમે જ છો. યોગીઓ નિરંતર તમારું જ ચિંતન કરે છે. તમે બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર, અગ્નિ, વાયુ, સૂર્ય, ચંદ્રમા છો. બ્રહ્મા પણ તમે જ છો. આ ભૂઃ, ભુવઃ, સ્વઃ, ત્રણલોક અને સ્વયં ૐકારવાચક પરબ્રહ્મ પણ તમે જ છો.[૭૭] ૐ ગં બીજમંત્રનું રૂપ છે. એકદંત ગણેશનું ધ્યાન કરવા કહ્યું છે.[૭૮] તાત્પર્ય એ છે કે, ૐકાર જ પાંચભૂતોરૂપ, ચારવાણીરૂપ, ત્રણ કાળરૂપ, ત્રણ શરીરરૂપ, ત્રણ શકિતરૂપ, બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર, અગ્નિ, વાયુ, સૂર્ય, ચંદ્રમા, ત્રણ વ્યાહુતિઓરૂપ સ્વયં પરબ્રહ્મવાચક છે. ગણેશ પણ ૐનો જ અર્થ આપે છે. (જુઓ :– પ્રકરણ–૧–૧–૧ : ઓમ્‌ના વિભિન્ન અર્થો – ગણેશ)

## (૩૮) ગરુડોપનિષદ્ :–

આ ઉપનિષદ્‌નો અથર્વવેદીય પરંપરામાં સમાવેશ થાય છે. તેમાં ૨૫ શ્લોકો છે.

યોગીને માટે ભૂઃ, ભુવઃ અને સ્વઃ તેમજ ૐ વ્યાહુતિઓ અને પ્રણવથી દિગ્બંધનની ક્રિયા કરવા જણાવ્યું છે.[૭૯]

તાત્પર્ય એ છે કે, યોગીને માટે ૐકારનું મહત્ત્વ દર્શાવાયું છે.

## (૩૯) ગોપાલપૂર્વતાપિન્યુપનિષદ્ :–

આ ઉપનિષદ્ અર્થેવેદીય પરંપરાનું છે. કુલ ૪૯ શ્લોકો છે. આ ઉપનિષદ્‌નો શુભારંભ મુનિગણ અને બ્રહ્માજીની પ્રશ્નોત્તરીથી થયો છે.

સાધકને માટે ૐકારનું મહત્ત્વ વર્ણવતાં કહ્યું છે કે, જે સાધક ‘શ્રી ગોવિન્દ’ના પાંચપદયુકત પ્રખ્યાત અષ્ટાદશાક્ષર (અઢાર અક્ષરના) મંત્રને પ્રણવ (ૐકાર)થી સંપુટિત કરીને જપ કરે છે, તેમને જ તેઓ સ્વ–સ્વરૂપનું દર્શન કરાવે છે. તેથી સાંસારિક બંધનોથી મુકત થવાની ઈચ્છા રાખનારા મનુષ્યે નિત્ય શાંતિની પ્રાપ્તિ માટે ઉપર વર્ણવેલાં મંત્રનો જપ કરવો જોઈએ.[૮૦] ઉદાહરણ પણ રજૂ કરાયું છે કે, પ્રાચીનકાળમાં રાજર્ષિ ચન્દ્રધ્વજ મોહરહિત થઈને ભગવાન ‘શ્રીકૃષ્ણના’ પૂજન અને ૐકાર દ્વારા સંપુટિત અષ્ટદશાક્ષર મંત્રના જપ અને ધ્યાન વડે આત્મજ્ઞાન પ્રાપ્ત કરીને અંગરહિત થઈ ગયા.[૮૧]

ઉપનિષદ્‌ના અંતિમ શ્લોકમાં ૐ (પરમાત્મા) જ સત્ય છે[૮૨] એમ વર્ણવ્યું છે.

તાત્પર્ય એ છે કે, ઓમ્‌નો જપ મોક્ષ અપાવે છે. સાધકને માટે ખૂબ જરૂરી છે કારણ કે, તેના વડે જ આત્મજ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે. કારણ કે ૐ જ સત્ય છે.

## (૪૦) દેવ્યુપનિષદ્ :–

આ ઉપનિષદ્ અથર્વવેદની પરંપરા સાથે જોડાયેલું છે. દેવગણો અને મહાદેવી વચ્ચેના સંવાદરૂપે આ ઉપનિષદ્‌નું વિવેચન થયું છે. કુલ ૩ર શ્લોકો છે.

એકાક્ષરમંત્રને વર્ણવતાં કહેવાયું છે કે, 'આકાશ અને 'ઈ'કારથી યુકત, વીતિહોત્રથી સમન્વિત, અર્ધચંદ્રથી સુશોભિત, દેવીનું જે બીજ ('હ્રીં') છે, તે સર્વ અર્થો (ઈચ્છાઓ)ને પૂર્ણ કરનાર છે. તે એકાક્ષરમંત્રનું શુદ્ધ ચિત્તવાળા, અગાધ જ્ઞાનના સાગર, પરમ આનંદમય યોગીઓ ધ્યાન ધરે છે.[૮૩]

તાત્પર્ય એ છે કે, એકાક્ષર મંત્રનું યોગીઓ માટેનું મહત્ત્વ વર્ણવાયું છે.

## (૪૧) નૃસિંહપૂર્વતાપિન્યુપનિષદ્ :–

આ ઉપનિષદ્ અથર્વવેદીય પરંપરા સાથે જોડાયેલું છે. એમાં કુલ પાંચ ખંડો છે એમાં દેવો અને પ્રજાપતિ વચ્ચે પ્રશ્નોત્તરીરૂપે સાકાર અને નિરાકાર બ્રહ્મનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

અનુષ્ટુભને સૃષ્ટિના ઉદ્‌ભવ, વિકાસ અને લયનું કારણ કહ્યો છે. તે પ્રજાપતિ બ્રહ્માજીએ કહ્યું – શ્રી બીજ (શ્રીં) થી અભિષિકત અષ્ટાક્ષરી ગાયત્રી મંત્રના રૂપમાં જે પુરુષ આ મંત્રરાજનું સ્વરૂપ જાણે છે, તે શ્રી સંપન્ન બને છે. વેદમંત્રોના આદિમાં પ્રણવનું ઉચ્ચારણ કરવામાં આવે છે. પ્રણવને આ સામનું અંગ સમજનાર ત્રૈલોકય વિજયી બને છે. જે જ્ઞાનીપુરુષ ચોવીસ અક્ષરવાળા મંત્રને યજુસ્વરૂપ જાણે છે, તે યશ, જ્ઞાન, આયુ અને ઐશ્વર્ય પ્રાપ્ત કરી લે છે.[૮૪] આથી અંગોની સહિત સામને જાણવો અનધિકારી સ્ત્રી શુદ્રને પ્રણવનો ઉપદેશ ન આપવા જણાવ્યું છે.[૮૫] અહીં સ્ત્રી શુદ્રનો અર્થ અમુક મર્યાદિત અનધિકારી લોકો માટે હશે તેમ જણાય છે. પ્રણવને મંત્રરાજનો અંગ કહી ચાર માત્રાઓનું વર્ણન કર્યું છે.[૮૬] ૐકાર જ આ સર્વ છે. તેની ચાર અવસ્થાઓ તેમજ તેના સ્થાન વિશે વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે.[૮૭]

તાત્પર્ય એ છે કે, પ્રણવનું સ્વરૂપ, ચારમાત્રાઓનું વર્ણન, તેમાંથી થતી ફળ પ્રાપ્તિ વર્ણવી છે. મંત્રરાજ ગાયત્રીનું પણ અંગ કહેવામાં આવ્યું છે. સ્ત્રી શુદ્ર અનધિકારીને ઉપદેશ ન આપવા જણાવ્યું છે. આમ, ૐકારનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે.

## (૪૨) પાશુપતબ્રહ્મોપનિષદ્ :–

આ ઉપનિષદ્ અથર્વવેદ સાથે જોડાયેલું છે. પૂર્વકાંડમાં ૩૨ શ્લોકો અને ઉત્તરકાંડમાં ૪૬ શ્લોકો છે.

બ્રહ્મપુત્ર વૈશ્રવણ વાલખિલ્ય ઋષિએ સ્વયંભૂ બ્રહ્માજીને પ્રશ્ન કર્યો જગતની વિદ્યા કઈ ? સ્વયંભૂ બ્રહ્માજીએ કહ્યું. સમગ્ર જગતને ઉત્પન્ન કરનારી માતૃકાવિદ્યા (અક્ષરવિદ્યા) છે. બે અક્ષરવાળી અને ત્રણ વર્ણોસહિત છે. ચારમાત્રાઓથી યુકત ઓંકાર મારો પ્રાણાત્મક દેવતા છે.[૮૮] તે માનસબ્રહ્મનું રૂપ 'હંસસોઽહં' છે. આ તન્મયતાની પ્રાપ્તિ માટે જે યજ્ઞ થાય છે તે નાદાનુસંધાન છે. તન્મયતાનો વિકાર જ જીવ છે.[૮૯] હંસના સ્વરૂપનું વિસ્તૃત વર્ણન કરાયું છે.[૯૦] એ બ્રહ્મના પ્રતીકરૂપ છે. બ્રહ્મના લક્ષણોથીયુકત છે. હંસ અને પ્રણવ વચ્ચે અભેદ છે. પ્રણવરૂપ હંસસૂત્રનું ધ્યાન કરવા વર્ણવ્યું છે.[૯૧] પ્રણવરૂપી હંસના અંર્તધ્યાન વગર મુકિત મળતી નથી. હંસજ્યોતિએ જ રુદ્ર છે. તે જ સંસારતારક પશુપતિ પ્રણવસ્વરૂપ છે.[૯૨] હંસ અને પ્રણવ વચ્ચે અભેદ દર્શાવતું સુંદર રૂપક રજૂ થયું છે. હંસના જપનું મહત્ત્વ અને ફળ પ્રાપ્તિ વર્ણવી છે.[૯૩]

તાત્પર્ય એ છે કે, 'હંસ–સોઽહં' પ્રણવસ્વરૂપ જ છે. હંસએ જ રુદ્ર અને પશુપતિ પ્રણવસ્વરૂપ છે.

## (૪૩) રામપૂર્વતાપિન્યુપનિષદ્ :–

આ ઉપનિષદ્ અથર્વવેદ સાથે જોડાયેલું છે. અહીં ભગવાન્ 'રામ' નું તાત્ત્વિક સ્વરૂપ વ્યકત થયું છે. આ ઉપનિષદ્દમાં પાંચ પ્રખંડો છે.

વેદના આદિકારણભૂત ૐકારરૂપ શ્રીરામને નમસ્કાર છે.[૯૪] તેમ કહ્યું છે.

તાત્પર્ય એ છે કે, ૐકારરૂપ શ્રીરામ છે.

## (૪૪) સીતોપનિષદ્ :–

આ ઉપનિષદ્ અથર્વવેદીય પરંપરા સાથે જોડાયેલું છે. દેવગણ પ્રજાપતિ વચ્ચે થયેલી પ્રશ્નોત્તરીના રૂપમાં પ્રગટ થયું છે. કુલ ૩૭ શ્લોકો છે. જેમાં સીતાનું શાશ્વત શકિતવાળું સ્વરૂપ નિબદ્ધ થયું છે.

સુંદર રૂપક રજૂ થયું છે. પરમાત્માની ક્રિયાશકિતરૂપ શ્રી સીતાજીનું રૂપ ભગવાન શ્રીહરિના મુખથી નાદરૂપે પ્રગટ થયું. એ નાદથી બિન્દુ અને બિન્દુથી ઓંકાર પ્રગટ થયો. ૐકારથી દૂર રામરૂપી વૈખાનસપર્વત છે. એ પર્વતની જ્ઞાન અને કર્મરૂપી અનેક શાખાઓ કહેવામાં આવી છે.[૯૫]

તાત્પર્ય એ છે કે, સીતાજીનું રૂપ ઓંકાર સ્વરૂપ જણાય છે. કારણ કે તેમાંથી જ ૐકાર ઉત્પન્ન થયો છે.

## (૪૫) સૂર્યોપનિષદ્ :–

આ ઉપનિષદ્ અથર્વવેદીય પરંપરા સાથે સંકળાયેલું છે. આ ઉપનિષદ્‌માં સૂર્ય અને બ્રહ્મની અભિન્નતા દર્શાવી છે. આ ઉપનિષદ્‌માં કુલ ૮ શ્લોકો છે.

જેઓ પ્રણવરૂપમાં સચ્ચિદાનંદ પરમાત્મા ભૂઃ, ભુવઃ, સ્વઃ રૂપ ત્રિલોકમાં વ્યાપેલા છે.[૯૬] ૐ આ પ્રણવ એકાક્ષરબ્રહ્મ છે 'ધૃણિઃ' અને 'સૂર્યઃ' આ બે–બે અક્ષરોના મંત્ર છે તથા 'આદિત્યઃ' આમાં ત્રણ અક્ષર છે. આ બધાના સહયોગથી સૂર્યદેવના આઠ અક્ષરોનો મહામંત્ર બને છે.[૯૭]

તાત્પર્ય એ છે કે, પ્રણવ એકાક્ષરબ્રહ્મ છે.

## (૪૬) અથર્વશિરોપનિષદ્ :–

આ ઉપનિષદ અર્થવવેદ સાથે સંબધિત છે. રુદ્રરૂપમાં, પરમાત્મ –સતાના સાક્ષાત્કારનું વર્ણન અને એમની સ્તુતિ છે. એમને આદિકારણ રૂપ; ભૂત ભવિષ્યત્, વર્તમાન, પુરુષ અપુરુષ સ્ત્રી, ક્ષર–અક્ષર, ગોપ્ય–ગુહય કહેવામાં આવેલા છે. તેઓ જ આ ચરાચર જગતને એની વિશેષતાઓથી વિભૂષિત કરનારા છે. એમને જ ૐ તથા અ,ઉ, મ થી પણ પર કહેલા છે. એમને પ્રણવરૂપ કહેતાં, એમની વિશેષતાએ શ્રમતાઓઅને ઉપાસનાનું મહત્વ દર્શાવવામાં આવેલું છે.

પ્રણવની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે, એમને જ ૐ અને અ, ઉ, મ થી પર કહેલાં છે. હૃદયમાં બિરાજતાં (એ આપ) ત્રણેય માત્રાઓ અ,ઉ,મ થી પર છો. હૃદયની ઉત્તરમાં એનું મસ્તક છે. દક્ષિણમાં પગ છે, જે ઉત્તરમાં બિરાજમાન છે, એ જ ૐકાર છે ૐકારને જ 'પ્રણવ' કહે છે અને પ્રણવ જ સર્વવ્યાપી છે. એ સર્વવ્યાપી પ્રણવ જ અનંત છે જે અનંત છે, એ જ તારકસ્વરૂપ છે. જે તારક છે એ જ સૂક્ષ્મસ્વરૂપ છે. જે સૂક્ષ્મસ્વરૂપ છે, એ જ શુકલ છે. જે શુકલ છે, એ વિદ્યુત છે જે વિદ્યુત એ પરબ્રહ્મ છે. જે પરબ્રહ્મ છે એ એકરૂપ છે. એ રુદ્ર છે એ ઈશાનરૂપ છે, એ ભગવાન મહેશ્વર છે.[૯૮]

પ્રણવરૂપની વિશેષતાઓ, ક્ષમતાઓ અને ઉપાસનાનું મહત્ત્વ વર્ણવાયું છે. જેમ કે, ઋક્, યજુઃ, સામ, અથર્વાઙ્ગિરસ અને બ્રાહ્મણોને પ્રણામ કરવા માટે છે. તેથી પ્રણવ છે. સંસારથી તારનાર છે તેથી તારક છે. સ્વપ્રકાશિત અને સૂક્ષ્મ, બધે જ રહેનાર છે તેથી વૈદ્યુત છે. તેને મહેશ્વર પણ કહેવામાં આવે

છે. જે શાશ્વત પુરાણપુરુષ પોતાના સામર્થ્યથી અન્ન વગેરે પ્રદાન કરીને પ્રાણીઓને મૃત્યુપાશમાંથી મુકત કરે છે, એ જ આત્મજ્ઞાન આપનાર ૐ, ચોથી માત્રાથી શાંતિપ્રદાતા અને બંધનમુકિત પ્રદાતા છે. એ રુદ્રદેવની પ્રથમમાત્રા બ્રહ્માની છે, જે લાલ વર્ણની છે, એના નિયમિત ધ્યાનથી બ્રહ્મપદ પ્રાપ્ત થાય છે. બીજી માત્રા વિષ્ણુની છે, જે કૃષ્ણવર્ણની છે, એના નિયમિત ધ્યાનથી વિષ્ણુપદની પ્રાપ્તિ થાય છે ત્રીજીમાત્રા ઈશાનની છે જેનો વર્ણ પીળો છે એનું ધ્યાન કરવાથી ઈશાનપદની પ્રાપ્તિ થાય છે. જે અર્ધ ચોથીમાત્રા છે, એ સમસ્ત દેવોના રૂપમાં અવ્યકત બનીને આકાશમાં વિચરણ કરે છે, એ શુદ્ધમણિના વર્ણની છે, જેના ધ્યાનથી મુકિત મળે છે. મનીષીઓનું કહેવું છે કે, આ અર્ધીમાત્રાની ઉપાસના જ ઉચિત છે; કારણ કે એનાથી કર્મના બંધન કપાઈ જાય છે.[૯૯]

તાત્પર્ય એ છે કે, પરબ્રહ્મ, ૐકાર, પ્રણવ, તારક, રુદ્ર, ઈશાન, શિવ, મહેશ્વર વગેરે એક જ જણાય છે. ઓમ્‌ની ચારમાત્રાઓ અને તેની ઉપાસનાથી થતી ફળ પ્રાપ્તિ વર્ણવી છે.

## (૪૭) નારદપરિવ્રાજકોપનિષદ્ :–

આ ઉપનિષદ્ અથર્વવેદ સાથે સંબંધિત છે. આઉપનિષદ્‌માં નવ ખંડ છે.

ૐકારના ઉચ્ચારણનું મહત્ત્વ દર્શાવતાં કહ્યું છે કે, તમારે ૐકાર અને મહાવાકયનો ઉપદેશ સ્વીકાર કરવા માટે ગુરુની નજીક જવું જોઈએ ૐકારનું ઉચ્ચારણ કરતાં કમંડળ ધારણ કરવું જોઈએ.[૧૦૦] વગેરે બાબતો રજૂ કરાયેલી છે.

તાત્પર્ય એ છે કે, યોગીઓ માટે ૐકારના ઉચ્ચારણનું ખૂબ જ મહત્ત્વ છે.

## (૪૮) પરબ્રહ્મોપનિષદ્ :–

આ અથર્વવેદીય ઉપનિષદ્ છે. એમાં કુલ ૨૦ મંત્રો છે, જેમાં પરબ્રહ્મને મેળવવા માટે, સંન્યાસધર્મનું વિસ્તૃત વિવેચન કરવામાં આવેલું છે.

કાપાલષ્ટકના અંગ જણાવી કહ્યું છે કે, પ્રણવહંસ (ૐકાર), પરબ્રહ્મ છે, જે પ્રાણ હંસ નથી. પ્રાણ હંસનો અભિપ્રાય અહીં મુખ્ય પ્રાણ સાથે છે, કારણ કે, આ પરબ્રહ્મ પ્રકરણ છે, પ્રાણનું નહિ પ્રણવ જ જીવ છે, કારણ કે, એ ઓંકારના અવયવના આકારથી સમજી શકાય તેમ છે. આ જીવરૂપી આદ્યદેવતા કહેવાય છે.[૧૦૧] અહીં સુંદર રૂપક પણ રજૂ કરાયું છે.

મોક્ષના અધિકારી યતિની શિખા અને યજ્ઞોપવિતનું મૂળ પ્રણવ (ૐકાર) જ છે, એમ કહે છે. એમના યતિઓ માટે હંસ બ્રહ્મજ્ઞાન જ શિખા અને તુરીય ૐકાર જ ઉપવીત છે અને નાદ જ આ બન્નેયને જોડનાર અર્થાત્ સંધાણ છે. પ્રણવ ૐકાર જ હંસ(બ્રહ્મ) અને નાદ જ આ ત્રિવૃત (ત્રણાતારવાળું) સૂત્ર છે.[૧૦૨]

ભગવાન શૌનકે કહ્યું કે બહારની પ્રપંચમય શિખા અને યજ્ઞોપવીત છોડી દઈને, પ્રણવહંસ (બ્રહ્મરૂપી) શિખા ચોટલી અને યજ્ઞોપવીતની મદદ લઈને મોક્ષ માટે પ્રયત્ન કરે.[૧૦૩]

તાત્પર્ય એ છે કે, યજ્ઞોપવીત ૐકારસ્વરૂપ છે. અહીં પ્રણવનું વિશેષ મહત્વ રજૂ થયું છે.

## (૪૯) પરમહંસપરિવ્રાજકોપનિષદ્ :–

આ ઉપનિષદ્અથર્વવેદ સાથે સંબંધિત છે. આ ગદ્યાત્મક ઉપનિષદ્માં ૫ મોટા અનુચ્છેદ છે. જેમાં પરમહંસ, પરિવ્રાજકના લક્ષણ, પરિવ્રજનના અધિકારી, પરિવ્રજ્યાપ્રાપ્તિની વિધિ, વગેરેનું વિવેચન કરવામાં આવ્યું છે.

બ્રહ્માજીએ આદિ પિતા નારાયણને પ્રશ્ન કર્યો – હે ભગવન્ ! બ્રહ્મ પ્રણવ કેવો હોય છે ? આદિનારાયણે કહયું : બ્રહ્મ પ્રણવ ષોડશમાત્રાત્મક હોય છે. ચારેય અવસ્થાઓમાં પ્રત્યેકની ચાર–ચાર સ્થિતિઓના સંયોગના કારણે એની સંખ્યા સોળ બની જાય છે. જાગૃત અવસ્થામાં જાગૃત આદિ ચારેય (જાગૃત, સ્વપ્ન, સુષુપ્તિ, તુરીય અવસ્થાઓ, સ્વપ્નાવસ્થામાં સ્વપ્ન વગેરે ચારેય સ્વપ્ન, જાગૃત, સુષુપ્તિ, તુરીય અવસ્થાઓ અને તુરીયાવસ્થામાં તુરીય વગેરે ચારેય તુરીય, જાગૃત, સ્વપ્ન, સુષુપ્તિ અવસ્થાઓ રહે છે. વ્યષ્ટિ જાગૃત અવસ્થામાં વિશ્વમાં ચાર સ્વરૂપ હોય છે, વિશ્વ–વિશ્વ, વિશ્વ–તૈજસ, વિશ્વ–પ્રાજ્ઞ અને વિશ્વ–તુરીય વ્યષ્ટિ સ્વપ્નાવસ્થામાં તૈજસના ચારરૂપ હોય છે. તૈજસ–વિશ્વ, તૈજસ–તૈજસ, તૈજસ–પ્રાજ્ઞ, અને તૈજસ–તુરીય, તુરીયાવસ્થામાં તુરીયના પણ ચાર પ્રકાર હોય છે તુરીય–વિશ્વ, તુરીય–તૈજસ, તુરીય–તુરીય અને તુરીય–પ્રાજ્ઞ એ રીતે આ બ્રહ્મ પ્રણવ ષોડશમાત્રારુઢ છે. અકારમાં જાગૃત વિશ્વ, ઉકારમાં જાગૃત તૈજસ અને મકારમાં જાગૃત પ્રાજ્ઞ હોય છે. અર્ધમાત્રામાં જાગૃત તૃરીય, બિંદુમાં સ્વપ્ન વિશ્વ, નાદમાં સ્વપ્ન તૈજસ, ઉન્મની અવસ્થામાં સુષુપ્તપ્રાજ્ઞ અને મનોન્મની અવસ્થા સુષુપ્ત તુરીય હોય છે. તુર્યા (વૈખરી)માં, તુરીય વિશ્વ, મધ્યમામાં તુરીય તૈજસ, પશયન્તીમાં તુરીયપ્રાજ્ઞ અને પરામાં તુરીય–તુરીય હોય છે. (પ્રણવ) ૐની જાગૃતઅવસ્થાની ચાર માત્રાઓ અકારઅંશની, સ્વપ્નાવસ્થાની ચાર માત્રાઓ ઉકાર અંશની, સ્વપ્નાવસ્થાની ચાર માત્રાઓ મકારઅંશની અને તુરીયાવસ્થાની ચારમાત્રાઓ અર્ધમાત્રા અંશની છે. આ જ બ્રહ્મ પ્રણવ છે. આ જ બ્રહ્મ પ્રણવ પરમહંસ તુરીયાતીત

અવધૂતો દ્વારા ઉપાસ્ય છે. આના દ્વારા જ બ્રહ્મ પ્રકાશિત થાય છે. આનાથી જ વિદેહમુકિત પ્રાપ્ત થાય છે.[૧૦૪]

જે બ્રહ્મ પ્રણવના અનુસંધાનથી કૃતકૃત્ય બની જાય છે, એને જ પરમહંસ પરિવ્રાજક કહે છે.[૧૦૫]

તાત્પર્ય એ છે કે, બ્રહ્મ પ્રણવ ષોડશમાત્રાત્મક છે. મુખ્ય ચાર માત્રાઓના પ્રકારરૂપ છે અને પ્રણવની ઉપાસનાથી જ પરમપદની પ્રાપ્તિ થાય છે. તેમ સ્પષ્ટ થાય છે.

## (૫૦) શાંડિલ્યોપનિષદ્ :–

આ ઉપનિષદ્ અથર્વવેદ સાથે સંબંધિત છે. એમાં યોગવિદ્યાનું સંપૂર્ણ વર્ણન, મહર્ષિ શાંડિલ્ય અને મુનિ અથર્વના પ્રશ્નોત્તરરૂપમાં પ્રસ્તુત છે. એમાં કુલ ત્રણ અધ્યાય છે. પ્રથમ અધ્યાય અગિયાર ખંડવાળો છે.

અધ્યાય – ૩ માં છઠ્ઠા ખંડમાં ૐકારનું સ્વરૂપ વર્ણવતાં કહ્યું છે કે, પદ્મ વગેરે કોઈપણ આસન પર બેસીને, પુરુષે ધ્યાન કરવું જોઈએ, 'નાસિકા'ના અગ્રભાગ ઉપર ચંદ્રમંડળના પ્રકાશથી આવૃત્ત, લાલરંગના અંગવાળી, હંસ પર બેઠેલી, પોતાના હાથમાં દંડને ધારણ કરેલી, બાળ સ્વરૂપ 'અ'કાર મૂર્તિથી યુકત 'ગાયત્રી' છે. 'ઉ'કાર મૂર્તિ સાવિત્રી શ્વેત–શુભ્રઅંગથીયુકત, ગરુડના આસન પર આરુઢ, યુવાવસ્થાથીયુકત, પોતાના હાથમાં ચક્ર ધારણ કરેલી છે. એ જ પ્રમાણે 'મ'કારમૂર્તિ સરસ્વતી કૃષ્ણાંગી, વૃષભ પર આરૂઢ, વૃદ્ધાવસ્થાને પામેલી, પોતાના હાથમાં ત્રિશૂલને ધારણ કરેલી છે. આ રીતે 'અ'કાર વગેરે ત્રણેય રૂપો – વર્ણોનું સંયુકતરૂપ 'ૐ' છે. અને એ સંપૂર્ણનું કારણ એકાક્ષર સ્વરૂપ પરમ જ્યોતિ છે, એવું ચિંતન કરવું જોઈએ.

એ ધ્યાન પછી ફરીથી ઈડા નાડી દ્વારા બહારનો વાયુ સોળમાત્રામાં ખેંચો અને એ સમયે 'અ'કારનું ધ્યાન કરવું જોઈએ. ત્યારપછી એ જ વાયુને ચોસઠ માત્રામાં અંતઃકુંભક કરો અને એ સમયે 'ૐ'કારનું ધ્યાન કરવું જોઈએ. ત્યાર પછી પિંગલા નાડી દ્વારા બત્રીસ માત્રાઓથી સંયુકત એ અંદર ભરેલું બહાર કાઢો. એ સમયે 'મ'કાર મૂર્તિનું ધ્યાન કરવું જોઈએ. આ રીતે આ ક્રિયા હંમેશા વારંવાર કરતા રહેવું જોઈએ.[૧૦૬]

તાત્પર્ય એ છે કે, સંપૂર્ણનું કારણ એકાક્ષર સ્વરૂપ પરમ જ્યોતિ ૐ છે. ધ્યાનમાં પણ ૐકારનું ખૂબ મહત્ત્વ છે એ બાબત રજૂ થઈ છે.

## (૫૧) ગાયત્રીરહસ્યોનિષદ્ :–

ગાયત્રી મહશકિત ગાયત્રી મહાવિદ્યાના મદનીય મહિમાની પ્રશંસા ચારેય વેદો, બ્રાહ્મણો, ઉપનિષદો, પુરાણો, સ્મુતિઓ વગેરેમાં સર્વત્ર મળી આવે છે. આ ઉપનિષદ્‌માં પણ તે મહામંત્ર મહાશકિતના રહસ્યનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે. કુલ – ૮ શ્લોકો છે.

યાજ્ઞવલ્કય ઋષિએ બ્રહ્માજીને નમસ્કાર કરીને ગાયત્રીની ઉત્પત્તિ વિશે પૂછયું ત્યારે બ્રહ્માજીએ કહ્યુંઃ સ્વયંભૂ નામના પુરાણપુરુષ છે તેમણે જ પોતાની આંગળીમાંથી મંથન કરીને જળને પ્રગટ કર્યું. જળમાંથી ફીણ, ફીણમાંથી પરપોટા, પરપોટામાંથી ઈંડું, ઈંડામાંથી બ્રહ્મા, બ્રહ્મામાંથી વાયુ, વાયુમાંથી અગ્નિ, અગ્નિમાંથી ૐકાર, ૐકારમાંથી વ્યાહૃતિ, વ્યાહુતિમાંથી ગાયત્રી, ગાયત્રીમાંથી સાવિત્રી, સાવિત્રીથી સરસ્વતી, સરસ્વતીથી ચારેય વેદો, ચાર વેદોમાંથી બધા લોક અને સર્વલોકમાંથી બધાં પ્રાણીઓ ઉત્પન્ન થયાં.[૧૦૭]

તાત્પર્ય એ છે કે, પૌરાણિક કથા દ્વારા ૐકારની ઉત્પત્તિ વર્ણવાયેલી છે.

## (૫૨) દ્વયોપનિષદ્ :–

આ ઉપનિષદ્ કયા વેદ સાથે સંબધિત છે, એ તથ્ય હજુ અજ્ઞાત છે. આ ઉપનિષદ્‌માં કુલ ૭ મંત્ર છે.

આ ઉપનિષદ્ બેની ઉત્પત્તિના સંકલ્પની સાથે શરૂ થાય છે. ‘વાકય’ ને કહેવાથી સ્પષ્ટ થાય છે કે, પ્રથમ ‘અક્ષર’ને માનવામાં આવ્યું છે. અક્ષર અવિનાશી અવ્યકત પણ છે જે પહેલેથી જ છે તેથી પ્રથમ છે, વાકય એની અભિવ્યકિત હોવાથી દ્વિતીય છે ઋષિએ પહેલા પ્રથમવાળા અથવા પૂર્વને અનાદિ સિદ્ધમંત્રરત્ન નારાયણ કહ્યા છે, એ આધારે અક્ષર ‘અક્ષરબ્રહ્મ’ ૐ કહેવાય. બ્રહ્મની પ્રથમ અભિવ્યકિત અક્ષર અને નારાયણ છે એ દ્વિતીય વાકય અથવા આચાર્ય ગુરુનું મૂળ છે.[૧૦૮]

તાત્પર્ય એ છે કે, બ્રહ્મની પ્રથમ અભિવ્યકિત અક્ષર અને નારાયણ છે, અક્ષરબ્રહ્મ ૐકાર જ છે.

## (૫૩) પ્રણવોપનિષદ્ :–

નામને અનુરૂપ જ આ ઉપનિષદ્‌માં પ્રણવ ૐકારનું વિવેચન કરવામાં આવ્યું છે. ૐકારને પરબ્રહ્મની અક્ષરાભિવ્યકિત કહેવામાં આવે છે. એની ત્રણ માત્રાઓની સાથે ત્રિદેવ, ત્રિકાળ, ત્રિવેદ,

ત્રણ અગ્નિઓની સંગતિ બેસાડવામાં આવી છે. ઈડા, પિંગલા, સુષુમ્ણા સહિત ૭૨,૦૦૦ નાડિઓમાં ૐકારને સંવ્યાપ્ત કહેવામાં આવે છે. અંતમાં કહેવામાં આવ્યું છે કે, જે સાધક, ૐકારના માધ્યમથી, બ્રહ્મ સાથેનું તાદાત્મ્ય પ્રાપ્ત કરી લે છે, તેઓ અમૃતત્ત્વના અધિકારી બની જાય છે.

હવે બ્રહ્મસ્વરૂપ ભગવાન વિષ્ણુના અદ્‌ભૂત કર્મોથીયુકત, સંચિતકર્મોથી બાળવામાં સમર્થ અગ્નિને ધારણ કરનારી બ્રહ્મવિદ્યાનું રહસ્ય વર્ણવવામાં આવી રહ્યું છે. બ્રહ્મવેત્તાઓએ ૐકારને જ એક અદ્વિતીય, અવિનાશી બ્રહ્મ કહેલો છે, એના શરીર, સ્થાન અને કાલત્રય ભૂત, ભવિષ્ય અને વર્તમાનનું વિવેચન, હવે કરવામાં આવે છે. એ ૐકારરૂપ બ્રહ્મમાં ત્રણ દેવતા, (બ્રહ્મા, વિષ્ણુ, મહેશ), ત્રણ લોક (ભૂઃ, ભુવઃ, સ્વઃ) ત્રણ વેદ (ઋક્, યજુસ્, સામ), ત્રણ અગ્નિ (ગાર્હપત્ય, દક્ષિણાગ્નિ, આહવનીય), ત્રણ પૂર્ણ માત્રા અને એક અર્ધમાત્રા (અ, ઉ, મ્ અને અનુસ્વાર) સમાયેલા છે. એ જ એનું સાક્ષાત્ કલ્યાણકારી શિવ–સ્વરૂપ છે. ઋગ્વેદ, પૃથ્વી, ગાર્હપત્ય અગ્નિ અને દેવ બ્રહ્મા એમને, તત્ત્વવેત્તાઓએ ૐકારના ત્રણ અક્ષરોમાં 'અકાર' ના શરીરરૂપમાં બતાવેલા છે. યજુર્વેદ, અંતરિક્ષ, દક્ષિણાગ્નિ અને ભગવાન વિષ્ણુ – એ બધાં તત્ત્વ ૐકારના ત્રણ અક્ષરોમાંથી 'ઉકાર' ના સ્વરૂપમાં નિરૂપિત કરવામાં આવેલા છે. સામવેદ, ધુલોક, આહવનીય અગ્નિ અને મહાદેવ શિવ – એ બધાં ૐકારના ત્રણ અક્ષરોમાંથી 'મકાર' ના સ્વરૂપમાં નિરૂપિત થયેલા છે. સૂર્યમંડળનું જે સ્વરૂપ છે, એ ૐકારના અક્ષરોમાં 'અકાર'નું સ્વરૂપ છે. ચંદ્રમંડળ નું સ્વરૂપ 'ઉકાર' સાથે જોડાએલું છે. – નિરુપિત છે કે, જે આ ૐકારની મધ્યમાં રહેલું છે. ૐકારનો અંતિમ અક્ષર 'મકાર' એ અગ્નિ સ્વરૂપમાં ધૂમ્રરહિત છે, વિદ્યુત સમાન છે. ૐકારની ત્રણ માત્રાઓને ચંદ્ર, સૂર્ય, અગ્નિના તેજસ્‌ના સ્વરૂપમાં સમજવી જોઈએ. દીપકની જ્યોતિશાખાના સ્વરૂપમાં, જેમાં શિખા ઉર્ધ્વગામી હોય એને એ પ્રણવ અક્ષર 'ૐકાર' ની ઉપર રહેલા અર્ધચંદ્ર – અર્ધમાત્રાને સમજવી જોઈએ. બીજી કમળસૂત્ર (કમળનાળ) સમાન, સૂક્ષ્મશિખાની ક્રાન્તિ (મસ્તક પ્રદેશમાં), દૃષ્ટિગોચર થાય છે, એ નાસારન્ધ્ર (નાસિકાઓ) દ્વારા સૂર્યવત્ તેજને ધારણ કરી, સૂર્યમંડળનું ભેદન કરી, ત્યાં રહેલી છે. અગ્નિ સ્વરૂપમાં એ શિખા ૐકારની અર્ધમાત્રા ૭૨,૦૦૦ નાડિયો દ્વારા, સંપૂર્ણ પ્રાણીઓને વરદ્ આપનારી અને બધાને વ્યાપ્ત કરીને રહેલી છે. જ્યારે મુમુક્ષુ, મોક્ષ પ્રાપ્તિની નજીક, શાંત સ્થિતિને મેળવી લે છે, તો કાંસાના ઘંટ સમાન અવાજ સંભળાય છે, આ ૐકારનું જ સ્વરૂપ છે. આ સ્વરૂપને દરેક સાધક, સાંભળવાની ઈચ્છા રાખે છે. જે સાધક ઉપર પ્રમાણેના ૐકાર સ્વરૂપ શબ્દનાદમાં લીન બની જાય છે, એ બ્રહ્મસ્વરૂપ જ કહેવામાં આવે છે. એ જ અમૃતત્ત્વને મેળવી લે છે. એ સુનિશ્ચિત છે.[૧૦૯]

તાત્પર્ય એ છે કે, ૐકારનું સ્વરૂપ, ૐકારની માત્રાઓ, ૐકારથી થતી ફળપ્રાપ્તિ વિસ્તૃત વર્ણવાયેલી છે. ઓમ્ જ સર્વશ્રેષ્ઠ પ્રતીક છે જેનાથી અમરત્વ પામી શકાય છે.

## (૫૪) અન્ય ઉપનિષદ્ :–

આ ઉપરાંત બીજા ઉપનિષદોમાં પણ ઉપનિષદ્‌ની શરૂઆતમાં ઓમ્ અને અંતમાં ઓમ્‌નો પ્રયોગ થયેલો છે.

નિષ્કર્ષ એ છે કે, વાસુદેવ સ્વરૂપ ૐકાર, તારક, ત્રિપુંડ્ર, ૐ પરબ્રહ્મનો વાચક, યોગીઓ માટે ઓમ્‌ના ઉચ્ચારણનું મહત્ત્વ, ૐ જ સત્યસ્વરૂપ, સૂર્ય પણ ૐકારસ્વરૂપ, ૐ દ્વારા અપાર આનંદની અનુભૂતિ, ૐ એકાક્ષરમંત્ર, નારાયણ અને ૐકારનું ઐકય, ૐકાર જ આ સર્વ છે, હંસ, રુદ્ર, પશુપતિ પ્રણવસ્વરૂપ, શૂન્ય જ પ્રકૃત્તિ, માયા, બ્રહ્મજ્ઞાન, પુરુષ, ઈશાન, શિવ, નિત્ય અને બ્રહ્મજ્ઞાન નામોથી ઓળખાય છે, પરમ પ્રકાશરૂપ ૐકાર છે, સીતાજીમાંથી ૐકારની ઉત્પત્તિ, પ્રણવ એકાક્ષરબ્રહ્મ, ૐકાર જ પ્રણવ, તારક, સૂક્ષ્મ, શુકલ, વિદ્યુત, પરબ્રહ્મ, રુદ્ર, ઈશાન, મહેશ્વર છે. નારાયણ જ ૐકારસ્વરૂપ છે, યજ્ઞોપવીતનું મૂળ ૐકાર છે. શબ્દબ્રહ્મ, સોઽહમ્, ૐકાર જ્ઞાનયજ્ઞ છે, સંન્યાસીનો યજ્ઞોપવીત છે. ૐકાર જ નાદબ્રહ્મ છે. અક્ષરબ્રહ્મ છે..., વગેરે બાબતો ઉપરાંત ઓમ્‌ની ઉપાસના અને તેની ફળપ્રાપ્તિ વર્ણવાયેલી છે.

જે દર્શાવે છે કે ૐ ના વિવિધ સ્વરૂપો છે અને ઓમ્ જ સર્વશ્રેષ્ઠ ઈશ્વરનું પ્રતીક છે. તેથી જ ઓંકારનું શ્રેષ્ઠત્ત્વ દર્શાવતાં લિંગપુરાણમાં કહયું છે કે,

"प्रणवो वाचकस्तस्य शिवस्य परमात्मनः ।
शिवरुद्रादि शब्दानां प्रणवो हि परः स्मृतः ॥"

## સંદર્ભ પ્રકરણ : ૧ – ૨ – ૫ : અન્ય ગૌણ ઉપનિષદ્દો :

૧. अथ तां पञ्चभिर्गब्यैरमृतैः पञ्चभिर्गव्यैस्तनुभिः
शोधयित्वा पञ्चभिर्गव्यैगन्धोदकेन संस्नाप्य तस्मात्सोङ्कारेण
पत्रकूर्चेन स्नपयित्वाष्टभिगन्धैशलिप्य सुमनः स्थले
निवेश्याक्षतपुष्पैराराध्य प्रत्यक्षमादिक्षान्तैर्वर्णैभावयेत् ॥

अक्षमालिकोपनिषद् - ४ ।

૨. 'ॐ ह्रीं' - ॐ ह्रीमित्युपनिषत् ॥

त्रिपुरोपनिषद् - १७ ।

૩. ओमों वाचि प्रतिष्ठा ॥

बहवृचोपनिषद् - ३ ।

૪. ॐ प्रत्यगानन्दं ब्रह्मपुरुषं प्रणवस्वरुपं अकार उकारो मकार इति त्र्यक्षरं प्रणवं
तदेतदोमिति । यमुक्त्वा मुच्यते योगी जन्म संसारबन्धनात् ।

आत्मबोधोपनिषद् - १ ।

૫. सर्वभूतस्थमेकं नारायणं कारणपुरुषमकारणं परं ब्रह्मोम् ।

आत्मबोधोपनिषद् - अध्याय - १ - ४ ।

૬. ॐ अकारो दक्षिणः पक्ष उकारस्तूत्तरः स्मृतः ।
मकारं पुच्छमित्याहुरर्धमात्रा तु मस्तकम् ॥
पादादिकं गुणस्तस्य शरीरं तत्त्वमुच्यते ।
धर्मोऽस्य दक्षिणं चक्षुरधर्मोऽथो परः स्मृतः ॥
भूर्लोकः पादयोस्तस्य भुवर्लोकस्तु जानुनि ।
सुवर्लोकः कटीदेशे नाभिदेशे महर्जगत् ॥
जनोलोकस्तु हृद्देशे कण्ठे लोकस्तपस्ततः ।
भ्रुवोर्ललाटमध्ये तु सत्यलोको व्यवस्थितः ॥

नादबिन्दूपनिषद् - १ - ४ ।

૭. सहस्रार्णमतीवात्र मन्त्र एष प्रदर्शितः ।
एवमेतां समारूढो हंसयोगविचक्षणः ॥

न भिद्यते कर्मचारैः पापकोटिशतैरपि ।
आग्नेयी प्रथमा मात्रा वायव्येषा तथापरा ॥

भानुमण्डलसंकाशा भवेन्मात्रा तथोत्तरा ।
परमा चार्धमात्रा या वारूणीं तां विदुर्बुधाः ॥

कालत्रयेऽपि यस्येमा मात्रा नूनं प्रतिष्ठिताः ।
एष ओंकार आख्यातो धारणाभिर्निबोधत ॥

घोषिणी प्रथमा मात्रा विद्युन्मात्रा तथापरा ।
पतङ्गिनी तृतीया स्याच्चतुर्थी वायुवेगिनी ॥

पञ्चमी नामधेया तु षष्ठी चैन्द्र्यभिधीयते ।
सप्तमी वैष्णवी नाम अष्टमी शांकरीति च ॥

नवमी महती नाम धृतिस्तु दशमी मता ।
एकादशी भवेन्नारी ब्राह्मी तु द्वादशी परा ॥

प्रथमायां तु मात्रायां यदि प्राणैर्वियुज्यते ।
भरते वर्षराजासौ सार्वभौमः प्रजायते ॥

द्वितीयायां समुत्क्रान्तो भवेद्यक्षो महात्मवान् ।
विद्याधरस्तृतीयायां गान्धर्वस्तु चतुर्थिका ॥

पञ्चम्यामथ मात्रायां यदि प्राणैर्वियुज्यते ।
उषितः सह देवत्वं सोमलोके महीयते ॥

षष्ठयामिन्द्रस्य सायुज्यं सप्तमयां वैष्णवं पदम् ।
अष्टम्यां व्रजते रुद्रं पशूनां च पतिं तथा ॥

नवम्यां तु महर्लोकं दशम्यां तु जनं व्रजेत् ।
एकादश्यां तपोलोकं द्वादश्यां ब्रह्म शाश्वतम् ॥

नादबिन्दूपनिषद् - ५ - १६ ।

૮. ब्रह्मप्रणवसंधाने नादो ज्योतिर्मयः शिवः ।
स्वयमाविर्भवेदात्मा मेघापायेऽशुमानिव ॥

सिद्धासने स्थितो योगी मुद्रां संधाय वैष्णवीम् ।
श्रृणुयादक्षिणे कर्णे नादमन्तर्गतं सदा ॥

अभ्यस्यमानो नादोऽयं बाह्यमावृणुते ध्वनिः ।
पक्षाद्विपक्षमखिलं जित्वा तुर्यपदं व्रजेत् ॥

श्रूयते प्रथमाभ्यासे नादो नानाविधो महान् ।
वर्धमाने तथाभ्यासे श्रूयते सूक्ष्मसूक्ष्मतः ॥

आदौ जलधिजीभूतभेरीर्निझरसंभवः ।
मध्ये मर्दलशब्दाभो घण्टाकाहलजस्तथाः ॥

अन्ते तु किंकिणीवंशवीणाभ्रमरनिः स्वनः ।
रति नानाविधा नादाः श्रूयन्ते सूक्ष्मसूक्ष्मतः ॥

महति श्रूयमाणे तु महाभेर्यादिकध्वनौ ।
तत्र सूक्ष्मं सूक्ष्मतरं नादमेव परामृशेत् ॥

धनमुत्सृज्य वा सूक्ष्मे सूक्ष्ममुत्सृज्य वा धने ।
रममाणमपि क्षिप्तं मनो नान्यत्र चालयेत् ॥

यत्र कुत्रापि वा नादे लगति प्रथमं मनः ।
तत्र तत्र स्थिरीभूत्वा तेन सार्धं विलीयते ॥

विस्मृत्य सकलं बाह्यं नादे दुग्धाम्बुवन्मनः ।
एकीभूयाथ सहसा चिदाकाशे विलीयते ॥

उदासीनस्ततो भूत्वा सदाभ्यासेन संयमी ।
उन्मनीकारकं सद्यो नादमेवावधारयेत् ॥

सर्वचिन्तां समुत्सृज्य सर्वचेष्टाविवर्जितः ।
नादमेवानुसंदध्यान्नादे चित्तं विलीयते ॥

मकरन्दं पिबन्भृङ्गो गन्धान्नापेक्षते यथा ।
नादासक्तं सदा चित्तं विषयं न हि काङ्क्षति ॥

बद्धः सुनादगन्धेना सद्यः संत्यक्तचापलः ।
नादग्रहणतश्चित्तमन्तरङ्गभुजङ्गमः ॥

विस्मृत्य विश्वमेकाग्रः कुत्रचिन्न हि धावति ।
मनोमत्त गजेन्द्रस्य विषयोद्यानचारिणः ॥

नियामनसमर्थोऽयं निनादो निशिताङ्कुशः ।
नादोऽन्तरङ्गसारङ्गबन्धने वागुरायते ॥

अन्तरङ्गसमुद्रस्य रोधे वेलायतेऽपि वा ।
ब्रह्मप्रणवसंलग्ननादो ज्योतिर्मयात्मकः ॥

मनस्तत्र लयं याति तद्विष्णोः परमं पदम् ।
तावदाकाशसंकल्पो यावच्छब्दः प्रवर्तते ॥

निःशब्दं तत्परं ब्रह्म परमात्मा समीयते ।
नादो यावन्मनस्तावन्नादान्तेऽपि मनोन्मनी ॥

सशब्दश्चाक्षरे क्षीणे निःशब्दं परमं पदम् ।
सदा नादानुसंधानात्संक्षीणा वासना तु या ॥

निरञ्जने विलीयेते मनोवायू न संशयः ।
नादकोटिसहस्राणि बिन्दुकोटिशतानि च ॥

सर्वे तत्र लयं यान्ति ब्रह्मप्रणवनादके ।
सर्वावस्थाविनिर्मुक्तः सर्वचिन्ताविपर्जितः ॥

मृतवत्तिष्ठते योगी स मुक्तो नात्र संशयः ।
शङ्खदुन्दुभिनादं च न श्रृणोति कदाचन ॥

नादबिन्दूपनिषद् - ३० - ५२ ।

९. गर्भजन्मजरामरण संसारमहद्भयात्संतारयति तस्मात्तारकमिति ।

अद्वयतारकोपनिषद् - ३ ।

१०. तत्तारकं द्विविधं पूर्वार्धतारकमुत्तरार्धममनस्कं चेति । तदेष श्लोको भवति तद्योगं च द्विधा विद्धि पूर्वोत्तरविधानतः । पूर्वं तु तारकं विद्यादमनस्कं तदुत्तरमिति ॥

अक्ष्यन्तरस्तारयोश्चन्द्रसूर्यप्रतिफलनं भवति । तारकाभ्यां सूर्यचन्द्रमण्डलदर्शनं ब्रह्माऽमिव पिण्डाण्डशिरोमध्यस्थाकाशे रवीन्दुमण्डलद्वितयमस्तीति निश्चित्य तारकाभ्यां तद्दर्शनमात्राण्युभयैक्यदृष्ट्या मनोयुक्तं ध्यायेत् । तद्योगाभावे इन्द्रियप्रवृत्तेरनवकाशात् । तस्मादन्तर्दृष्ट्या तारक एवानुसंधेय ॥

तत्तारकं द्विविधं मूर्तितारकममूर्तितारकं चेति । यदिन्द्रियान्तं तन्मूर्तिमत् । यद्भ्रूयुगातीतं तदमूर्तिमत् । सर्वत्रान्तः पदार्थविवेचने मनोयुक्ताभ्यास इष्यते तारकाभ्यां सदूर्ध्वस्थ सत्त्वदर्शनान्मनोयुक्तेनान्तरीक्षणेन सच्चिदानन्दस्वरूपं ब्रह्मैव । तस्माच्छुक्लतेजोमयं ब्रह्मेति सिद्धम् । तद्ब्रह्म मनः सहकारिचक्षुषान्तर्दृष्ट्या वेद्यं भवति । एवममूर्तिताकरमपि मनोयुक्तेन चक्षुषैव दहदारिकं वेदां भवति रूपग्रहणप्रयोजनस्य मनश्चक्षुरधीनत्वाद्बाह्यवदान्तरेऽप्यात्ममनश्चक्षुः संयोगेनैव रूपग्रहणकार्योदयात् तस्मान्मनोयुक्तान्तर्दृष्टिस्तारप्रकाशा भवति ॥

अद्वयतारकोपनिषद् - ८ - १० ॥

११. तुरीयातीतावधूतवेषेणाद्वैतनिष्ठापरः प्रणवात्मकत्वेन देहत्यागं करोति यः सोऽवधूतः स कृतकृत्यो भवतीत्युपनिषत् ॥

तुरीयातीतोपनिषद् ।

१२. य एतदुपनिषदं नित्यमधीते सोऽग्निपूतो भवति । स वायुपूतो भवति । स आदित्यपूतो भवति । स ब्रह्मपूतो भवति । स विष्णुपूतो भवति । स रुद्रपूतो भवति । स सर्वेषु तीर्थेषु स्नातो भवति । स सर्वेषु वेदष्वधीतो भवति । स सर्ववेदव्रतचर्यासु चरितो भवति । तेनेतिहासपुराणानां रुद्राणां शतसहस्राणि जप्तानि फलानि भवन्ति । प्रणवानामयुतं जप्तं भवति । दश पूर्वान्दशोत्तरान्पुनाति । स पङ्क्तिपावनो भवति । स महान्भवति । ब्रह्महत्यासुरापानस्वर्णस्तेयगुरुतल्पगमनत्संयोगिपातकेभ्यः पूतो भवति ॥

पैंगलोपनिषद् - अध्याय - ४ / २९ ।

१३. स होवाच याज्ञवल्क्य इदं प्रणवमेवास्य तद्यज्ञोपवीतं य आत्मा ।
प्राश्याचम्याय विधिः ॥

याज्ञवल्क्योपनिषद - ४ ।

१४. दशभिः प्रणवैः सप्तव्याहृतिभिश्चतुष्पदा ।
गायत्रीजप यज्ञश्च त्रिसंध्यं शिरसा सह ॥
योगयज्ञः सदैकाग्रयभक्त्या सेवा हरेर्गुरोः ।
अहिंसा तु तपोयज्ञो वाङ्मनः कायकर्मभिः ॥
नानोपनिषदभ्यासः स्वध्यायो यज्ञ ईरितः ।
ओमित्यात्मानमव्यग्रो ब्रह्मण्यग्नौ जुहोति यत् ॥
ज्ञानयज्ञः स विज्ञेयः सर्वयज्ञोत्तमोत्तमः ।
ज्ञानदण्डा ज्ञानशिखा ज्ञानयज्ञोपवीतिनः ॥

शाट्यायनीयोपनिषद् - १४ - १७ ।

१५. तदा पश्चिमाभिमुखप्रकाशः स्फटिकधूम्रबिन्दुनादकलानक्षत्रखद्योतदीपनेत्र सवर्णनवरत्नादि- प्रभा दृश्यन्ते । तदेव प्रणवस्वरुपम् ॥ प्राणापानयोरैक्यं कृत्वा धृतकुम्भको नासाग्रदर्शन दृढभावनया द्वकराङ्गुलिभिः षण्मुखीकरणेन प्रणवध्वनिं निशम्य मनस्तत्र लीन भवति ।

मंडलब्राह्मणोपनिषद् - खंड - २ - १ - २ ।

१६. अथहंसपरमहंसनिर्णयं व्याख्यास्यामः । ब्रह्मचारिणे शान्ताय दान्ताय गुरुभक्ताय । हंस हंसेति सदा ध्यायन् ॥ सर्वेषु देहेषु व्याप्तो वर्तते । यथा ह्यग्निः काष्ठेषु तिलेषु तैलमिव तं विदित्वा मृत्युमत्येति ॥

हंसोपनिषद् - ४ - ५ ।

१७. अग्नीषोमौ पक्षावोंकारः शिर उकारो बिन्दु स्त्रिणेत्रं मुखं रुद्रो रुद्राणी चरणौ । द्विविधं कण्ठतः कुर्यादित्युमनाः अजपोपसंहार इत्यभिधीयते ।

हंसोपनिषद् - १४ ।

१८. अस्यैव जप कोटयां नादमनुभवति एवं सर्वं हंसवशान्नादो दशविधो जायते । चिणीति प्रथमः । चिञ्चिणीति द्वितीयः । घण्टानादस्तृतीयः । शङ्खनादश्चतुर्थम् । पञ्चमस्तन्त्री-नादः । षष्ठतालनादः । सप्तमो वेणुनादः । अष्टमो मृदङ्गनादः । नवमो भेरीनादः । दशमो मेघनादः । नवम परित्यज्य दशममेवाभ्यसेत् ॥

प्रथमे चिञ्चिणीगात्रं द्वितीये गात्रभञ्जनम् । तृतीये खदेनं याति चतुर्थे कम्पते शिरः ॥ पञ्चमे स्त्रवते तालु षष्ठेऽमृतषेवणम् । सप्तमे गूढविज्ञानं परां वाचा तथाऽष्टमे ॥ अदृश्य नवमे देहं दिव्यं चक्षुस्तथाऽमलम् । दशमं परमं ब्रह्म भवेद्ब्रह्मात्मसंनिधौ ॥

हंसोपनिषद् - १६-२० ।

१९. अगम्या वचसां शान्ता सा सीमा सर्वभूमिषु ।
लोकानुवर्तनं त्यक्त्वा त्यक्त्वा देहानुवर्तनम् ॥

शास्त्रानुवर्तनं त्यक्त्वा स्वाध्यासापयनं कुरु ।
ओंकारमात्रमखिलं विश्वप्राज्ञादिलक्षणम् ॥

वाच्यवाचकताभेदात् भेदानानुपलब्धितः ।
अकारमात्रं विश्वः स्यादुकारस्तैजसः स्मृतः ॥

प्राज्ञो मकार ईत्येवं परिपश्येत्क्रमेण तु ।
समाधिकालात्प्रागेव विचिन्त्यातिप्रयत्नतः ॥

स्थूलसूक्ष्मक्रमात्सर्वं चिदात्मनि विलापयेत् ।
चिदात्मानं नित्यशुद्धबुद्धमुक्तसदद्वयः ॥

परमानन्द संदेहो वासेदेवोऽहमोमिति ।
आदिमध्यावसानेषु दुःखं सर्वमिदं यतः ॥

अक्ष्युपनिषद् - खण्ड-२ / ४२ - ४६ ।

२०. यास्य प्रथमा रेखा सा गार्हपत्यश्चाकारो रजो भूर्लोकः स्वात्मा
क्रि याशक्ति ऋग्वेदः प्रातः सवनं महेश्वरो देवतेति ॥

चास्य द्वितीया रेखा सा दक्षिणाग्निरुकारः सत्त्वमन्तरिक्षमन्तरात्मा
चेच्छाशक्तियजुर्वेदो माध्यंदिनं सवनं सदाशिवो देवतेति ॥
यास्य तृतीया रेखा साहवनीयो मकारस्तमो द्यौर्लोकः परमात्मा
ज्ञानशक्तिः सामवेदस्तृतीय सवनं महादेवो दवतेति ॥

कालाग्निरुद्रोपनिषद् - ६ - ८ ।

२१. ॐ नमः करुणाकरायामृताय ॥

चाक्षुषोपनिषद् - १ ।

२२. ॐ आदौ नम उच्चार्य ततो भगवते पदम् ॥

दक्षिणामूर्त्युपनिषद् - ७ ।

"નારદ, આદિમાં ઓમ્કારનું ઉચ્ચારણ કરી મને પ્રણામ કરવા : પછી એકાગ્ર અને પવિત્રચિત્ત થઈ 'ૐ નમો ભગવતે વાસુદેવાય' એ મંત્રનો જપ કરવો."[૨]

ભીષ્મ આ સંવાદ કહી પોતાના તરફથી ઉમેરે છે :

नमो नारायणायेति मन्त्रः सर्वार्थसाधकः । (શાંતિપર્વ ૨૦૯–૩૬)

‘ૐ નમો નારાયણાય’ એકમાત્ર મંત્ર બધા જ અર્થનો સાધક છે. પ્રસ્તુત શ્લોકો દાક્ષિણાત્ય અધિક પાઠમાંના છે. એમાંનો એક વિસંવાદ ધ્યાન ખેંચે છે. નારદ જ્યારે ભગવાનને જપનું સ્વરૂપ પૂછે છે ત્યારે ભગવાન “ॐ नमो भगवते वासुदेवाय” મંત્ર આપે છે. ભીષ્મ ‘ૐ નમો નારાયણાય’ મંત્રને સર્વાર્થસાધક કહે છે.

શાંતિપર્વનું મોક્ષધર્મનું અનુપર્વએ કૃષ્ણની ભગવત્સ્વરૂપ તરીકેની પ્રતિષ્ઠાનું પર્વ છે. યુધિષ્ઠિર મોક્ષના સાધનરૂપ યોગનો ઉપદેશ તત્ત્વ દ્વારા સાંભળવા ઈચ્છે છે ત્યારે ભીષ્મ એક ગુરુશિષ્યનો સંવાદ કહે છે. શિષ્યને સંદેહ છે : પોતે કયાંથી આવ્યો ? ગુરુ કયાંથી આવ્યા ? બધું જ ઈશ્વરનું સર્જન છે તો ક્ષય અને વૃદ્ધિ શા માટે ? ગુરુ તેની સ્પષ્ટતામાં એ જ વાત કહે છે :

“સંપૂર્ણ વેદનું મુખ જે પ્રણવ છે એ તથા સત્ય, દાન, યજ્ઞ, તિતિક્ષા, ઈન્દ્રિયસંયમ તથા સરળતા આ બધું જ વાસુદેવ છે.”[૩]

શાંતિપર્વના અધ્યાય – ૩૪૭ માં બ્રહ્મે કહ્યું :

वेदा मे परमं चक्षुर्वेदा मे परमं बलम् ।
वेदा मे परमं धाम वेदा मे ब्रह्म चोत्तरम् ॥

ॐ नमस्ते ब्रह्म हृदय नमस्ते मम पूर्वज ।
लोकाद्य भुवनश्रेष्ठ सांख्ययोगनिधे प्रभो ॥[४]

આમ, અહીં વેદનું મહત્ત્વ રજૂ થયું છે. વેદ એ પણ ઓમ્‌ની એક સંજ્ઞા છે. અહીં ૐ નો ઉલ્લેખ પણ થયો છે.

શાંતિપર્વના અધ્યાય – ૩૦૧ માં ભીષ્મે કહ્યું :

अत्र ते संशयो माभू-
ज्ज्ञानं साख्यं परं मतम् ।
अक्षरं ध्रुवमेवोक्तं
पूर्णं ब्रह्म सनातनम् ॥

अनादिमध्यनिधनं निर्द्वन्द्वं कर्तृ शाश्वतम् ।
कूटस्थं चैव नित्यं च यद्वदन्ति मनीषिणः ॥

यतः सर्वाः प्रवर्तन्ते सर्गप्रलयविक्रियाः ।
यच्च शंसन्ति शास्त्रेषु वदन्ति परमर्षयः ॥[५]

આમ, અહીં અક્ષર બ્રહ્મનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

શાંતિપર્વના અધ્યાય – ૩૪૨ માં

शब्द एकपदैरैष
व्याहृतः परमर्षिभिः ।
नान्यो ह्यधोक्षजोलोके
ऋते नारायणं प्रभुम् ॥[૬]

આમ, શબ્દનું મહત્ત્વ રજૂ થયું છે.

શાંતિપર્વના અધ્યાય – ૩૪૨ માં સત્યનું મહત્ત્વ વર્ણવાયું છે. સત્ય જ ઓંકાર સ્વરૂપ છે.

न यज्ञफलदानानि नियमास्तारयन्ति हि ।
यथा सत्यं परे लोके तथेह पुरुषर्षभ ॥
तपांसि यानि चीर्णानि चरिष्यन्ति च यत्तपः ।
शतैः शतसहस्रैश्च तैः सत्यान्न विशिष्यते ॥

सत्यमेकाक्षरं ब्रह्म सत्यमेकाक्षरं तपः ।
सत्यमेकाक्षरो यज्ञः सत्यमेकाक्षरः श्रुतम् ॥

सत्यं वेदेषु जागर्ति फलं सत्यं परं स्मृतम् ।
सत्याद्धर्मो दमश्चैव सर्वं सत्ये प्रतिष्ठितम् ॥

सत्यं वेदास्तथाऽङ्गानि
सत्यं विद्यास्तथा विधिः ।
व्रतचर्या तथा सत्य-
मोङ्कारः सत्यमेव च ॥

प्राणिनां जननं सत्यं सत्यं सन्ततिरेव च ।
सत्येन वायुरभ्येति सत्येन तपते रविः ॥

सत्येन चाग्निर्दहति स्वर्गः सत्ये प्रतिष्ठितः ।
सत्यं यज्ञस्तपो वेदाः स्तोमा मन्त्राः सरस्वती ॥

तुलारोपितो धर्मः सत्यं चैवेति नः श्रुतम् ।
समकक्षां तुलयतो यतः सत्यं ततोऽधिकम् ॥

यतो धर्मस्ततः सत्यं सर्वं सत्येन वर्धते ।
किमर्थमनृतं कर्म कर्तुं राजंस्त्वमिच्छसि ॥

सत्ये कुरु स्थिरं भावं मा राजन्ननृतं कृथाः ।
कस्मात्त्वमनृतं वाक्यं देहीति कुरुषे शुभम् ॥[૭]

શાંતિપર્વના અધ્યાય – ૨૦૨ માં અક્ષરમાંથી જ સૃષ્ટિ ઉત્પન્ન થઈ છે. તે બાબત વર્ણવી છે, જેમ કે...

મનુએ કહ્યું કે...,

अक्षरात्खं ततो वायु-
स्ततो ज्योतिस्ततो जलम् ।
जलात्प्रसूता जगती
जगत्यां जायते जयत् ॥

एतैः शरीरैर्जलमेव गत्वा
जलाच्च तेजः पवनोऽन्तरिक्षम् ।
खाद्वै निवर्तन्ति न भाविनस्ते
मोक्षं च ते वै परमाप्नुवन्ति ॥

नोष्णं न शीतं मृदुनापि तीक्ष्णं
नाम्लं कषायं मधुरं न तिक्तम् ।

न शब्दवन्नापि च गन्धवत्त-
न्न रूपवत्तत्परस्वभावम् ॥

स्पर्शं तनुर्वेद रसं च जिव्हा
घ्राणं च गन्धान् श्रवणौ च शब्दान् ।
रूपाणि चक्षुनं च तत्परं यद्
गृह्यंत्यनध्यात्मविदो मनुष्याः ॥

निवर्तयित्वा रसनां रसेभ्यो
घ्राणं च गन्धाच्छ्रवणो च शब्दात् ।
स्पर्शात्त्वचं रूपगुणातु चक्षु-
स्ततः परं पश्यति स्वं स्वभावम् ॥

यतो गृहीत्वा हि करोति यच्च
यस्मिंश्च तामारभते प्रवृत्तिम् ।
यस्मिंश्च यद्येन च यश्च कर्ता
यत्कारणं ते समुदायमाहुः ॥

यद्याप्यभूद्यापकं साधकं च
यन्मन्त्रवत्स्थांस्यति चापि लोके ।
यः सर्वहेतुः परमात्मकारी
तत्कारणं कार्यमतो यदन्यत् ॥

यथा हि कश्चित्सुकृतैर्मनुष्यः
शुभाशुभं प्राप्नुतेऽथाविरोधात् ।
एवं शरीरेषु शुभाशुभेषु
स्वकर्मजैर्ज्ञानमिदं निबद्धम् ॥

यथा प्रदीप्तः पुरस्तः प्रदीपः
प्रकाशमन्यस्य करोति दीप्यन् ।
तथेह पञ्चेन्द्रियदीपवृक्षा
ज्ञानप्रदीप्ताः परवन्त एव ॥

यथा च राज्ञा वहवो ह्यमात्याः
पृथक् प्रमाणं प्रवदन्ति युक्ताः
तद्वच्छरीरेषु भवन्ति पञ्च
ज्ञानैकदेशः परमः स तेभ्यः ॥

यथार्चिषोऽग्नेः पवनस्य वेगो
मरीचयोऽर्कस्य नदीषु चापः ।
गच्छन्ति चायान्ति च सञ्चरन्त्य-
स्तद्वच्छरीराणि शरीरिणां तु ॥

यथा च कश्चित्परशुं गृहीत्वा
धूमं न पश्येज्ज्वलनं च काष्ठे ।
तद्वच्छरीरोदरपाणिपादं
छित्वा न पश्यन्ति ततो यदन्यत् ॥

तान्येव काष्ठानि यथा विमथ्य
धूमं च पश्येज्ज्वलनं च योगात् ।
तद्वत्सबुद्धिः सममिन्द्रियात्मा
बुद्धिं परं पश्यति तं स्वभावम् ॥

यथात्मनोऽङ्गं पतितं पृथिव्यां
स्वप्नान्तरे पश्यति चात्मनोऽन्यत् ।
श्रोत्रादियुक्तः सुमनाः सुबुद्धि-
र्लिङ्गात्तथा गच्छति लिङ्गमन्यत् ॥

उत्पत्तिवृद्धिव्ययसन्निपातै-
र्न युज्यतेऽसौ परमः शरीरी ।
अनेन लिङ्गेन तु लिङ्गमन्यद्
गच्छत्यदृष्टः फलसन्नियोगात् ॥

न चक्षुषा पश्यति रूपमात्मनो
न चापि संस्पर्शमुपैति किञ्चित् ।
न चापि तैः साधयते तु कार्यं
ते तं न पश्यन्ति स पश्यते तान् ॥

यथा समीपे ज्वलतोऽनलस्य
संतापजं रूपमुपैति कश्चित् ।
न चापरं रूपगुणं बिभर्ति
तथैव तद्दृश्यति रूपमस्य ॥

तथा मनुष्यः परिमुच्य काय-
मदृश्यमन्यद्विशते शरीरम् ।
विसृज्य भूतेषु महत्सु देहं
तदाश्रयं चैव बिभर्ति रूपम् ॥

खं वायुमग्निं सलिलं तथोर्वीं
समंततोऽभ्याविशते शरीरी ।
नानाश्रयाः कर्मशु वर्तमानाः
श्रोत्रादयः पञ्च गुणान् श्रयन्ते ॥

श्रोत्रं खतो घ्राणमथो पृथिव्या-
स्तेजोमयं रूपमथो विपाकः ।
जलाश्रयं तेज उक्तं रसं च
वाय्वात्मकः स्पर्शकृतो गुणश्च ॥

महत्सु भूतेषु वसन्ति पञ्च
पञ्चेन्द्रियार्थाश्च तथेन्द्रियेषु ।
सर्वाणि चैतानि मनोनुगानि
बुद्धिं मनोऽन्वेति मतिः स्वभावम् ॥

शुभाशुभं कर्म कृतं यदन्य-
त्तदेव प्रत्याददते स्वदेहे ।
मनोऽनूवर्तन्ति परावराणि
जलौकसः स्रोत इवानुकूलम् ॥

चलं यथा दृष्टिपथं परैति
सूक्ष्मं महद्रूपमिवाभिभाति ।
स्वरुपमालोचयते च रूपं
परं तथा बुद्धिपथं परैति ॥[८]

શાંતિપર્વના અધ્યાય – ૩૦૨ માં અક્ષરબ્રહ્મનું નિરૂપણ કરવામાં આવ્યું છે, જેમ કે...,

યુધિષ્ઠિર કહે છે કે...,

किं तदक्षरमित्युक्तं यस्मान्नावर्तते पुनः ।
किं च तत्क्षरमित्युक्तं यस्मादावर्तते पुनः ॥

अक्षरक्षरयोर्व्यक्तिं पृच्छाम्यरिनिषूदन ।
उपलब्धुं महाबाहो तत्त्वेन कुरुनन्दन ॥

त्वं हि ज्ञाननिधिर्विप्रैरुच्यसे वेदपारगैः ।
ऋषिभिश्च महाभागैर्यतिभिश्च महात्माभिः ॥

शेषमल्पं दिनानां ते दक्षिणायनभास्करे ।
आवृते भगवत्यर्के गन्तासि परमां गतिम् ॥

त्वयि प्रतिगते श्रेयः कुतः श्रोष्यामहे वयम् ।
कुरुवंशप्रदीपस्त्वं ज्ञानदीपेन दीप्यसे ॥

तदेतच्छ्रोतुमिच्छामि त्वत्तः कुरुकुलोद्वह ।
न तृष्यामीह राजेन्द्र श्रृण्वन्नमृतमीदृशम् ॥

ભીષ્મ કહે છે કે...,

अत्र ते वर्तयिष्यामि ईतिहासं पुरातनम् ।
वसिष्ठस्य च संवादं करालजनकस्य च ॥

वसिष्ठं श्रेष्ठमासीनमृषीणां भास्करद्युतिम् ।
पप्रच्छ जनको राजा ज्ञानं नैःश्रेयसं परम् ॥

परमध्यात्मकुशलमध्यात्मगतिनिश्चयम् ।
मैत्रावरुणिमासीनमाभिवाद्य कृताञ्जलिः ॥

स्वक्षरं प्रश्रितं वाक्यं मधुरं चाप्यनुल्बणम् ।
पप्रच्छर्षिवरं राजा करालजनकः पुरा ॥

भगवन् श्रोतुमिच्छामि परं ब्रह्म सनातनम् ।
यस्मान्न पुनरावृत्तिमाप्नुवन्ति मनीषिणः ॥

यच्च तत्क्षरमित्युंक्तं यत्रेदं क्षरते जगत् ।
यच्चाक्षरमिति प्रोक्तं शिवं क्षेम्यमनामयम् ॥

વસિષ્ઠ કહે છે કે...,

श्रूयतां पृथिवीपाल क्षरतीदं यथा जगत् ।
यन्न क्षरति पूर्वेण यावत्कालेन वाऽप्यथ ॥

युगं द्वादशसाहस्त्रं कल्पं विद्धि चतुर्युगम् ।
दशाकल्पशतावृत्तमहस्तब्रह्ममुच्यते ॥

रात्रिश्चैतावती राजन् यस्यान्ते प्रतिबुद्धयते ।
सृजत्यनन्तकर्माणं महान्तं भूतमग्रजम् ॥

मूर्तिमन्तममूर्तात्मा विश्वं शंभुः स्वयंभुवः ।
अणिमा लघिमा प्राप्तिरीशानं ज्योतिरव्ययम् ॥

सर्वतः पाणिपादं तत्सर्वतोक्षिशिरोमुखम् ।
सर्वतः श्रुतिमल्लोके सर्वमावृत्त्य तिष्ठति ॥

हिरण्यगर्भो भगवानेष बुद्धिरिति स्मृतः ।
महानिति च योगेषु विरिञ्चिरिति चाप्यजः ॥

सांख्ये च पठ्यते शास्त्रे नामभिर्बहुधात्मकः ।
विचित्ररुपो विश्वात्मा एकाक्षर इति स्मृतः ॥

वृतं नैकात्मंक येनकृतं त्रैलोक्यमात्मना ।
तथैव बहुरुपत्वाद्विश्वरुप इति स्मृतः ॥
एषः वै विक्रियापन्नः सृजत्यात्मानमात्मना ।
अहङ्कारं महातेजाः प्रजापतिमहंकृतम् ॥

अव्यक्ताद्व्यक्तमापन्नं विद्यासर्गं वदन्ति तम् ।
महान्तं चाप्यहङ्कारमविद्यासर्गमेव च ॥

अविधिश्च विधिश्चैव समुत्पन्नौ तथैकतः ।
विद्याविद्येति विख्याते श्रुतिशास्त्रार्थचिन्तकैः ॥

भूतसर्गमहङ्कारात्तृतीयंविद्धि पार्थिव ।
अहङ्कारेषु सर्वेषु चतुर्थं विद्धि वैकृतम् ॥

वायुर्ज्योतिरथाकाशमापोऽथ पृथिवी तथा ।
शब्दः स्पर्शश्च रुपं च रसो गन्धस्तथैव च ॥

एवं युगपदुत्पन्नं दशवर्गमसंशयम् ।
पञ्चमं विद्धि राजेन्द्र भौतिकं सर्गमर्थवत् ॥

श्रोत्रं त्वक्चक्षुषी जिह्वा घ्राणमेव च पञ्चमम् ।
वाक्च हस्तौ च पादौ च पायुर्मेढ्रं तथैव च ॥

बुद्धीन्द्रियाणि चैतानि तथा कर्मेन्द्रियाणि च ।
संभूतानीह युगपन्मनसा सह पार्थर्व ॥

एषा तत्त्वचतुर्विंशा सर्वाकृतेषु वर्तते ।
यां ज्ञात्वा नाभिशोचन्ति ब्राह्मणास्तत्वदार्शिनः ॥

एतदेहं समाख्यानं त्रैलोक्ये सर्वदेहिषु ।
वेदितव्यं नरश्रेष्ठ सदेवनरदानवे ॥

सयक्षभूतगन्धर्वे सकिन्नरमहोरगे ।
सचारणपिशाचे वै सदेवर्षिनिशाचरे ॥

सदंशकीटकमशके सपूतिकुमिमूषिके ।
शुनि श्वपाके चैणेये सचाण्डाले सपुल्कसे ॥

हस्त्यश्वखरशार्दूले सवृक्षे गवि चैव ह ।
यच्च मूर्तिमयं किञ्चित्सर्वत्रैतन्निदर्शनम् ॥

जले भुवि तथाऽऽकाशे नान्यत्रेति विनिश्चयः ।
स्थानं देहवतामासीदित्येवमनुशुश्रुम ॥

कृत्स्नमेतावतस्तात क्षरते व्यक्तसंज्ञितम् ।
अहन्यहनि भूतात्मा ततः क्षर ईति स्मृतः ॥

एतदक्षरमित्युक्तं क्षरतीदं यथा जगत् ।
जगन्मोहात्मंक प्राहुरव्यक्तहयक्तसंज्ञकम् ॥

महांश्चैवाग्रजो नित्यमेतत्क्षरनिदर्शनम् ।
कथितं ते महाराज यन्मां एवं परिपृच्छसि ॥

पञ्चर्विंशतिमो विष्णुर्निस्तत्त्वस्तत्त्वसंज्ञितः ।
तत्त्वसंश्रयणादेतत्तत्त्वमाहुर्मनीषिणः ॥

यन्मर्त्यमसृजह्यक्तं तत्तन्मूर्त्यधितिष्ठति ।
चतुर्विंशतिमो व्यक्तो ह्यमूर्तः पञ्चविंशकः ॥

स एव हृदि सर्वासु मूर्तिष्वातिष्ठतेऽऽत्मवान्
केवलश्चेतनो नित्यः सर्वमूर्तिरमूर्तिमान् ॥

सर्गप्रलयधर्मिण्या स सर्गप्रलयात्मकः ।
गोचरे वर्तते नित्यं निर्गुणं गुणसंज्ञितम् ॥

एवमेष महानात्मा सर्गप्रलयकोविदः ।
विकुर्वाणः प्रकृतिमानभिमन्यत्यबुद्धिमान् ॥

तमःसत्त्वरजोयुक्तस्तासु तास्विह योनिषु ।
लीयते प्रतिबुद्धत्वादबुद्धजनसेवनात् ॥

सहवासविनाशित्वान्नान्योऽहमिति मन्यते ।
योऽहं सोऽहमिति ह्युक्त्वा गुणानेवानुवर्तते ॥

तमसा तामसान्भावान्विविधान्प्रतिपद्यते ।
रजसा राजसांश्चैव सात्त्विकान्सत्त्वसंश्रयात् ॥

शुक्ललोहितकृष्णानि रुपाण्येतानि त्रीणी तु
सर्वाण्येतानि रुपाणि यानीह प्राकृतानि वै ॥[૯]

આમ, અહીં અક્ષરબ્રહ્મનું વિસ્તૃત નિરૂપણ કરવામાં આવ્યું છે.

શાંતિપર્વના અધ્યાય – ૨૭૦ માં વેદનું મહત્ત્વ રજૂ કરવામાં આવ્યું છે, જેમ કે...,

કપિલે કહ્યું કે...,

वेदाः प्रमाणं लोकानां न वेदाः पृष्ठतः कृताः ।
द्वे ब्रह्मणी वेदितव्ये शब्दब्रह्म परं च यत् ॥

शब्दब्रह्मणि निष्णातः परं ब्रह्माधिगच्छति ।
शरीरमेतत्कुरुते यद्वेदे कुरुते तनुम् ॥

कृतशुद्धशरीरो हि पात्रं भवति ब्राह्मणः ।
आनन्त्यमत्र बुद्ध्येदं कर्मणां तद्ब्रवीमि ते ॥

अनागममनैतिह्यं प्रत्यक्षं लोकसाक्षिकम् ।
धर्म इत्येव ये यज्ञान्वितन्वन्ति निराशिषः ॥

उत्पन्नत्यागिनो लुब्धाः कृपासूयाविवर्जिताः ।
धनानामेष वै पन्थास्तीर्थेषु प्रतिपादनम् ॥

अनाश्रिताः पापकर्म कदाचित्कर्मयोगिनः ।
मनः संकल्पसंसिद्धा विशुद्धज्ञाननिश्चयाः ॥

अक्रुध्यन्तोऽनसूयन्तो निरहङ्कारमत्सराः ।
ज्ञाननिष्ठास्त्रिशुक्लाश्च सर्वभूतहिते रताः ॥

आसन् गृहस्था भूयिष्ठा अव्युत्क्रान्ताः स्वकर्मसु ।
राजानश्च तथा युक्ता ब्राह्मणाश्च यथाविधि ॥

समा ह्यार्जवसंपन्नाः संतुष्टा ज्ञाननिश्चयाः ।
प्रत्यक्षधर्माः शुचयः श्रद्दधानाः परावरे ॥

पुरस्ताद्भावितात्मानो यथावच्चरितव्रताः ।
चरन्ति धर्मं कृच्छ्रेऽपि दुर्गे चैवापि संहताः ॥

संहत्य धर्मं चरतां पुराऽऽसीत्सुखमेव तत् ।
तेषां नासीद्विधातव्यं प्रायश्चित्तं कथञ्चन ॥

सत्यं हि धर्ममास्थाय दुराधर्षतमा मताः ।
न मात्रामनुरुध्यन्ते न धर्मच्छलमन्ततः ॥

य एव प्रथमः कल्पस्तमेवाभ्याचरन्सह ।
तेषां नासीद्विधातव्यं प्रायश्चित्तं कदाचन ॥

तस्मिन्विधौ स्थितानां हि प्रायश्चित्तं न विद्यते ।
दुर्बलात्मन उत्पन्नं प्रायश्चित्तमिति श्रुतिः ॥

एवं बहुविधा विप्राः पुराणा यज्ञवाहनाः ।
त्रैविद्यवृद्धाः शुचयो वृत्तवन्तो यशस्विनः ॥

यजन्तोऽहरहर्यज्ञैर्निराशीर्बन्धना बुधाः ।
तेषां यज्ञाश्च वेदाश्च कर्माणि च यथागमम् ॥

आगमाश्च यथाकाले संकल्पाश्च यथाक्रमम् ।
अपेतकामक्रोधानां दुश्चराचारकर्मणाम् ॥

स्वकर्मभिः शंसितानां प्रकृत्या शंसितात्मनाम् ।
ऋजूनां शमनित्यानां स्वेषु कर्मसु वर्तताम् ॥

सर्वमानन्त्यमेवासीदिति नः शाश्वती श्रुतिः
तेषामदीनसत्त्वानां दुश्चराचारकर्मणाम् ॥

स्वकर्ममिः संभृतानां तपो धोरत्वमागतम् ।
तं सदाचारमाश्चर्यं पुराणं शाश्वतं ध्रुवम् ॥

अशुन्कवद्भिश्चरितुं किञ्चिद्धर्मेषु सूक्ष्मताम् ।
निरापद्धर्म आचारो ह्यप्रमादोऽपराभवः ॥

सर्ववर्णेषु जातेषु नासीत्कश्चिद्व्यतिक्रमः ।
व्यस्तमेकं चतुर्धा हि ब्राह्मणा आश्रमं विदुः ॥

तं सन्तो विधिवत्प्राप्य गच्छन्ति परमां गतिम् ।
गृहेभ्य एव निष्क्रम्य वनमन्ये समाश्रिताः ॥

गृहमेवाभिसंश्रित्य ततोऽन्ये ब्रह्मचारिणः ।
त एते दिवि दृश्यन्ते ज्योतिर्भूता द्विजातयः ॥

नक्षत्राणीव धिष्ण्येषु बहवस्तारकागणाः ।
आनन्त्यमुपसंप्राप्ताः सन्तोषादिति वैदिकम् ॥

यद्यागच्छति संसारं पुनर्योनिषु तादृशाः ।
न लिप्यन्ते पापकृत्यैः कदाचित्कर्मयोनितः ॥

एवमेव ब्रह्मचारी शुश्रूषुर्धोरनिश्चयः ।
एवं युक्तो ब्राह्मणः स्यादन्यो ब्राह्मणको भवेत् ॥

कर्मैवं पुरुषस्याह शुभं वा यदि वाऽशुभम् ।
एवं पक्ककषायाणामानन्त्येन श्रुतेन च ॥

सर्वमानन्त्यमासीद्वै एवं नः शाश्वती श्रुतिः ।
तेषामपेततृष्णानां निर्णिक्तानां शुभात्मनाम् ॥

चतुर्थोपनिषद्धर्मः साधारण ईति स्मृतिः ।
संसिद्धैः साध्यते नित्यं ब्राह्मणैर्नियतात्मभिः ॥

संतोषमूलस्त्यागात्मा ज्ञानाधिष्ठानमुच्यते ।
अपवर्गमतिर्नित्यो यतिधर्मः सनातनः ॥

साधारणः केवलो वा यथाबलमुपासते ।
गच्छतां गच्छतां क्षेमं दुर्बलोऽत्रावसीदति ॥
ब्रह्मणः पद्‌मन्विच्छसंसारान्मुच्यते शुचिः ॥

स्यूमरश्मिरुवाच :

ये भुञ्चते ये ददते यजन्तेऽधीयते च ये ।
मात्राभिरुपलब्धाभिर्ये वा त्यागं समाश्रिताः ॥

एतेषां प्रेत्यभावे तु कतमः स्वर्गजित्तमः ।
एतदाचक्ष्व मे ब्रह्मन् यथातत्त्वेन पृच्छतः ॥

कपिल उवाच :

परिग्रहाः शुभः सर्वे गुणतामभ्युपागताः ।
न तु त्यागसुखं प्राप्ता एतत्त्वमपि पश्यसि ॥

स्यूमरश्मिरुवाच :

भवन्तो ज्ञाननिष्ठा वै गृहस्थाः कर्मनिश्चयाः ।
आश्रमाणां च सर्वेषां निष्ठायामैक्यमुच्यते ॥

एकत्वेन पृथक्त्वेन विशेषो नात्र दृश्यते ।
तद्यथावद्यथान्यायं भगवान्प्रब्रवीतु मे ॥

कपिल उवाच :

शरीरपक्तिः कर्माणि ज्ञानं तु परमा गतिः ।
कषाये कर्मभिः पक्वे रसज्ञाने च तिष्ठति ॥

आनृशंस्यं क्षमा शान्तिरहिंसा सत्यमार्जवम् ।
अद्रोहोऽनभिमानश्च ह्रीस्तितिक्षा शमस्तथा ॥

पन्थानो ब्रह्मणस्त्वेते एतैः प्राप्नोति यत्परम् ।
तद्विद्वाननुबुद्ध्येत मनसा कर्मनिश्चयम् ॥

यां विप्राः सर्वतः शांता विशुद्धा ज्ञाननिश्चयाः ।
गतिं गच्छन्ति सन्तुष्टास्तामाहुः परमां गतिम् ॥

वेदांश्च वेदितव्यं च विदित्वा च यथास्थितिम् ।
एवं वेदविदित्याहुरतोऽन्यो वातरेचकः ॥

सर्वं विदुर्वेदविदो वेदे सर्वं प्रतिष्ठितम् ।
वेदे हि निष्ठा सर्वस्य यद्यदस्ति च नास्ति च ॥

एषैव निष्ठा सर्वत्र यद्यदस्ति च नास्ति च ।
एतदन्तं च मध्यं च सच्चाऽसच्च विजानतः ॥

समाप्तं त्याग इत्येव सर्ववेदेषु निष्ठितम् ।
संतोष इत्यनुगतमपवर्गे प्रतिष्ठितम् ॥

ऋतं सत्यं विदितं वेदितव्यं सर्वस्यात्मा स्थावरं जङ्गमं च ।
सर्वे सुखं यच्छिवमुत्तरं च ब्रह्माव्यक्तं प्रभवश्चाव्ययं च ॥

तेजः क्षमा शान्तिरनामयं शुभं तथाविधं व्योम सनातनं ध्रुवम् ।
एतैः सर्वैर्गम्यते बुद्धिनेत्रैस्तस्मै नमो ब्रह्मणे ब्राह्मणाय ॥[१०]

તાત્પર્ય એ છે કે, મહાભારતમાં ઓંકારનું વર્ણન પ્રાપ્ત થાય છે. અક્ષરબ્રહ્મનું નિરૂપણ છે. વેદનું મહત્ત્વ છે. તેમજ સત્યનું ઓંકારરૂપે વર્ણન કરવામાં આવ્યું છે.

### શ્રીમદ્ ભગવદ્ગીતા :

શ્રીમદ્ ભગવદ્ગીતા મહભારતનો અંતર્ગત ભાગ છે. શ્રીમદ્ ભગવદ્ગીતા મહાભારતના ભીષ્મપર્વના ૨૫માં અધ્યાયથી શરૂ થાય છે અને ૪૨માં અધ્યાય સુધી ચાલે છે. શ્રીમદ્ ભગવદ્ગીતા ૧૮ અધ્યાયોમાં વહેંચાયેલી છે. લગભગ ૭૦૦ જેટલાં શ્લોકો છે. ગીતા શબ્દનો અર્થ ''ગાવામાં આવેલી'' એવો થાય છે. અર્થાત્ શ્રી ભગવાન વડે ગાવામાં આવેલી એવો અર્થ થાય છે.

યુદ્ધ શરૂ થવાની તૈયારી હતી, સામ–સામેની સેનાના યુદ્ધવીરો પોતપોતાના શંખો ફૂંકી રહ્યાં હતા. અને તુમુલ નિનાદ થઈ રહ્યો હતો, તે વખતે શ્વેત અશ્વોથી જોડેલા પોતાના રથમાં બેઠેલા અર્જુને પોતાના સારથિ ભગવાન શ્રીકૃષ્ણને કહ્યું કે ''હે અચ્યુત, મારા રથને બન્ને સેનાઓની વચ્ચે મૂકો એટલે હું જોઈ શકું કે મારે કોની–કોની સાથે લડવાનું છે.[૧૧] આથી ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનના રથને બન્ને સેનાની મધ્યમાં મૂકયો. અર્જુને સામેના સૈન્યમાં જોવા માંડયુ તો ત્યાં તો પોતાના પિતામહ, આચાર્ય, ભાઈઓ, મામા, મિત્રો વગેરે અનેક સ્વજનો હતા; અને એક રાજગાદી જેવી બાબત માટે તેમને મારી નાખવા માટે પોતે તૈયાર થયો હતો ! આનું ભાન થતાં જ તેને ખૂબ વિષાદ થઈ આવ્યો. યુદ્ધ કરવા માટેનો તેનો ઉત્સાહ ચાલ્યો ગયો. હાથમાં રહેલા ગાંડીવની તેની પકડ ઢીલી પડી ગઈ અને ''હું યુદ્ધ નહિં કરું''[૧૨] એવા વાકય સાથે રથમાં બેસી ગયો. આ સમયે શ્રીકૃષ્ણ ભગવાને તેને સમજાવવા માંડયો, અર્જુને શંકાઓ રજૂ કરવા માંડી. શ્રીકૃષ્ણે બધી શંકાઓ નિર્મૂળ કરી નાખી છેલ્લે અર્જુનમાં ફરીથી ઉત્સાહ પુરાયો તેનો મોહ નાશ પામ્યો. શ્રીમદ્ ભગવદ્ગીતામાં ૐ કારનું સ્વરૂપ પણ પ્રાપ્ત થાય છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં પણ ઓમ્‌નું નિરૂપણ કરાયું છે જેમ કે, વેદોમાં પ્રણવ હું છું, આકાશમાં શબ્દ હું છું,[૧૩] તાત્પર્ય એ છે કે, ૐકાર માટે જ પ્રણવ શબ્દ પ્રયોજાયો છે. ૐકાર પવિત્ર અને રહસ્યમય શબ્દ છે. વેદવેત્તાઓ જેને અક્ષર કહે છે. વિશેષ વર્ણન કરાતાં કહ્યું છે કે, વાણીમાં એક અક્ષર ૐકાર હું છું.[૧૪] ગુણવંત શાહ કહે છે કે, અનંતતા શૂન્યતા મળી ૐ બને છે. ૐ એ પરબ્રહ્મનો સંકેત છે.[૧૫]

ગીતામાં આગળ વિશદ્ વર્ણન કરતાં કહ્યું છે કે, અક્ષરોમાં અકાર હું છું.[૧૬] માટે જ ગુણવંત શાહ કહે છે કે, જે અક્ષર છે, પરમ છે અને બ્રહ્મ છે તેનો સ્વભાવ અધ્યાત્મ છે અને અધ્યાત્મનું રહેઠાણ ૐ ચેતનામાં છે. આત્મભાવ એ ૐ ચેતનાનું ભ્રમણ છે; સત્, ચિત્ અને આનંદનું ત્રિવેણીતીર્થ છે.[૧૭] ૐનો નિર્દેશ બ્રહ્મરૂપે કરાયો છે.[૧૮]

એક સુંદર રૂપક રજૂ થયું છે જેમ કે, 'સર્વ ઈંદ્રિયરૂપી દરવાજા વશ કરી મનને હૃદયમાં રોકી પોતાના પ્રાણને મસ્તકમાં સ્થાપી યોગધારણાનો આશ્રય કરનારો જે પુરુષ 'ઓમ્' એવા એકાક્ષર–બ્રહ્મનું ઉચ્ચારણ કરતો કરતો, મારું સ્મરણ કરતો કરતો દેહને ત્યજતો મરણ પામે છે, તે પરમગતિને પામે છે.'[૧૯] ૐકારથી અક્ષર અદ્વિતીય, અવિનાશી પરબ્રહ્મનું સૂચન થાય છે. તેથી જ ડૉ. શિવદાસ કહે છે કે, જીવનની શરૂઆત અને અંત ઓમ્ છે. જાતકર્મ સંસ્કાર બાળકના ઉત્પન્ન થયા પછી તેની જીભ ઉપર ઓમ્ લખવાનું વિધાન છે અને મનુષ્યના મૃત્યુના સમયે પણ તેના કાનમાં ઓમ્નું ઉચ્ચારણ કરવાનો આદેશ વેદમાં છે. આ રીતે ભારતીય ધર્મ અને સંસ્કૃતિ અનુસાર મનુષ્યનું પોતાનું જીવન ઓમ્થી શરૂ કરીને ઓમ્ના સ્મરણથી જ પૂરું થવું જોઈએ.[૨૦]

તાત્પર્ય એ છે કે, વાણીમાં એક અક્ષર ૐકાર, અક્ષરોમાં અકાર, સર્વવેદોમાં પ્રણવ તેમજ ઓમ્ના ઉચ્ચારણનું મહત્ત્વ રજૂ થયું છે. કૃષ્ણ પોતે જ આ બધા સ્વરૂપો જણાવે છે. તેથી તો કહેવાયું છે કે,

प्रणवस्त्वं परब्रह्मन् लोकनाथो जिनेश्वरः ।[२१]

ૐકાર જ પ્રણવ છે, લોકનાથ છે અને જીનેશ્વર છે. તેથી તો ગુણવંત શાહ કહે છે કે, ''કામના અને નિષ્કામભાવ, કામસૂત્ર અને બ્રહ્મસૂત્ર તથા પ્રણય અને પ્રણવને જોડનારો સેતુ તે કૃષ્ણ.''[૨૨]

તાત્પર્ય એ છે કે, કૃષ્ણનું સ્વરૂપ પણ પ્રણવ જણાય છે.

## સંદર્ભ પ્રકરણ : ૧ – ૩ – ૨ : મહાભારત :

૧. किं च जप्यं जपेन्नित्यं कल्पमुत्थाय मानवः
कथ युग्जन् सदाध्यायेद् ब्रूहि तत्त्वं सनातनम् ॥

शांति - २०९ / ३६॥
કૃષ્ણ અને માનવ સંબંધો : પૃ. ૩૨૧–૩૨૨.

૨. ओङ्कारमग्रतः कृत्वा मां नमस्कृत्य नारद,
एकाग्रः प्रयतो भूत्वा इमं मन्त्रमुदीरयेत् ।
ओं नमो भगवते वासुदेवायेति ॥

शांति - २०९ - ३६ ।
કૃષ્ણ અને માનવ સંબંધો : પૃ. ૩૨૧–૩૨૨.

૩. वासुदेवः सर्वमिदं विश्वस्य ब्रह्मणो मुखम् ।
सत्यं दानमथो यज्ञस्तितिक्षा दम आर्जवम् ॥

शांति - २०३ - ८ ।
કૃષ્ણ અને માનવ સંબંધો : પૃ. ૩૨૧–૩૨૨.

૪. महाभारत शांतिपर्व अ. ३४७ / ३२, ३८ ॥

૫. महाभारत शांतिपर्व अ. ३०१ / १०१, १०३ ॥

૬. महाभारत शांतिपर्व अ. ३४२ / ८४ ॥

૭. महाभारत (सटीकम्) शांतिपर्व - १२ अ. १९९ / ६२ - ७१ ॥

૮. महाभारत शांतिपर्व - १२ अ. २०२ / १ - २३ ॥

૯. महाभारत शांतिपर्व - १२ अ. ३०२ / १ - ४४ ॥

૧૦. महाभारत शांतिपर्व - १२ अ. २७० / १ - ४७ ॥

११. सेनयोरुभयोर्मध्ये रथं स्थाप्यं मेऽच्युत ।
श्रीमद्भगवद्गीता - १ / २१ - २२ ॥

१२. न योत्स्य इति गोविन्दमुक्त्वा तूष्णीं बभूव ह ।
श्रीमद्भगवद्गीता - २ - ९ ॥

૧૩. श्रीमद्भगवद्गीता - ७ / ८ ॥

૧૪. श्रीमद्भगवद्गीता - १० / २५ ॥

૧૫. કૃષ્ણનું જીવન સંગીત, ગુણવંત શાહ; પૃ. ૧૬૭.

૧૬. श्रीमद्भगवद्गीता - १० / ३३ ॥

૧૭. કૃષ્ણનું જીવન સંગીત, ગુણવંત શાહ; પૃ. ૧૬૮.

૧૮. श्रीमद्भगवद्गीता - १७ / २३ ॥

१९. ओमित्येकाक्षरं ब्रह्म व्याहरन्मामनुस्मरन् ।
सः प्रयाति त्यजन्देहं स याति परमां गतिम् ॥

श्रीमद्भगवद्गीता - ८ / १३ ॥

२०. भारतीय सांस्कृतिक मूलतत्त्व - मांडूक्योपनिषद् - टिप्पणी; पृ. १०२ ॥

૨૧. નમસ્કારમંત્રસિદ્ધિ; પૃ. ૨૮૬.

૨૨. કૃષ્ણનું જીવન સંગીત, વિભૂતિયોગ; પૃ. ૨૩૬.

# પ્રકરણ : ૧–૩ : ઈતિહાસ ગ્રંથોમાં ઓમ્

## પ્રકરણ : ૧–૩–૩ : પુરાણો

મહાપુરાણો

(૧) અગ્નિપુરાણ.
(૨) કૂર્મપુરાણ.
(૩) ગરુડપુરાણ.
(૪) નારદપુરાણ.
(૫) પદ્મપુરાણ.
(૬) બ્રહ્મપુરાણ.
(૭) બ્રહ્મવૈવર્તપુરાણ.
(૮) બ્રહ્માણ્ડપુરાણ.
(૯) ભવિષ્યપુરાણ.
(૧૦) ભાગવતપુરાણ.
(૧૧) મત્સ્યપુરાણ.
(૧૨) માર્કણ્ડેયપુરાણ.
(૧૩) લિંગપુરાણ.
(૧૪) વારાહપુરાણ.
(૧૫) વામનપુરાણ.
(૧૬) વાયુપુરાણ.
(૧૭) વિષ્ણુપુરાણ.
(૧૮) સ્કન્દપુરાણ.
(૧૯) શિવપુરાણ.

# પ્રકરણ : ૧–૩–૩ : પુરાણો

**પુરાણ :–**

સંસ્કૃત વાઙ્મયમાં 'પુરાણસાહિત્ય' ને વૈદિકસાહિત્ય અને લૌકિકસાહિત્યની મધ્યવર્તી કડીના રૂપમાં સ્વીકારવામાં આવે છે. વેદોના દુર્બોધ અર્થને સામાન્ય લોકો જાણી શકે તેથી પુરાણોનો આવિર્ભાવ થયો. એમ કહેવાય છે કે...,

ऋचः समानि छन्दांसि पुराणं यजुषा सह ॥

अथर्ववेद ॥११ / ७ / २८॥

અથર્વવેદ અનુસાર ઋક્, સામ, યજુસ્, છન્દ તેમજ પુરાણ બધું જ એક સાથે આવિર્ભૂત થયું છે.

ભારતીય સાહિત્યમાં પુરાણોનું અત્યંત ગૌરવપૂર્ણ સ્થાન છે. પુરાણની વ્યુત્પત્તિ નિરુકતકાર મહર્ષિ યાસ્ક આ પ્રમાણે આપે છે.

पुराणं कस्मात् ? पुरा नवं भवति ।

અર્થાત્ અતીત (વીતેલા) સમયમાં નવું હોય છે.

લક્ષણ :

सर्गश्च प्रतिसर्गश्च वंशो मन्वन्तराणि च ।
वंशानुचरितञ्चैव पुराणं पञ्चलक्षणम् ॥

અર્થાત્ પુરાણોમાં પાંચ બાબતો હોવી જોઈએ. (૧) સૃષ્ટિ ઉત્પત્તિ. (૨) સૃષ્ટિ સંહાર. (૩) સૃષ્ટિની આદિવંશાવલી. (૪) મન્વન્તર – વિવિધ મનુઓની કાલાવધિ અને (૫) વંશાનુચરિત.

મહર્ષિ કૃષ્ણદ્વૈપાયન વ્યાસ દ્વારા રચિત અને ખ્યાતિ પ્રાપ્ત પ્રાચીન પુરાણોને 'મહાપુરાણ' અને મહાપુરાણો પછી વિવિધ વિદ્વાનો દ્વારા રચિત પુરાણગ્રંથોને 'ઉપપુરાણ' ના નામથી ઓળખવામાં આવે છે. મહાપુરાણોની સંખ્યા ૧૮ અને ઉપપુરાણોની સંખ્યા ૩૦ માનવામાં આવે છે.

પુરાણ વેદનું વ્યાખ્યાન છે. એથી જ જે વેદને અનુકૂળ છે. પુરાણોમાં એકપણ વિષય કે શબ્દ એવો નથી જે વેદની વિરૂદ્ધ હોય. પુરાણ પણ વેદની સમાન બ્રહ્મના નિશ્વાસભૂત છે. પુરાણોની વિશેષતા દરેક જીવોની આધ્યાત્મિક ઉન્નતિ સાધનમાં છે. પુરાણોમાં નિર્ગુણ ઉપાસનાનો ઉચ્ચ અધિકાર અને સગુણ ઉપાસનાનો મધ્યમ અધિકાર વર્ણવાયો છે. આ માત્ર પુરાણોનો મહિમા છે કે તેના દ્વારા કઠિનથી કઠિન દાર્શનિકતત્ત્વ સરળ ભાષામાં પ્રકટ થઈને સામાન્ય અધિકારીને માટે પણ આધ્યાત્મિક ઉન્નતિનું કારણ બને છે. પુરાણોમાં ખાસ તો ૐકાર ઉપાસનાને વિશેષ મહત્ત્વ અપાયું છે. અહીં મહા પુરાણોનો અભ્યાસ પ્રસ્તુત છે.

## (૧) અગ્નિપુરાણ :–

પોતાના વિષયવૈવિધ્યના કારણે આ પુરાણ અઢાર પુરાણોમાં સૌથી વધુ મહત્ત્વપૂર્ણ છે. આમાં અઢારવિદ્યાઓનું વર્ણન, રામાયણ, મહાભારત, હરિવંશ, વગેરે ગ્રંથોનો સાર, ધનુર્વેદ, ગાન્ધર્વવેદ, આયુર્વેદ, અર્થશાસ્ત્ર, દર્શન, વ્યાકરણ, કોશ, કાવ્ય અને ભારતીય સંસ્કૃતિ વગેરેનું વિશિષ્ટ વર્ણન કરવામાં આવ્યું છે. એની સંપૂર્ણ શ્લોકસંખ્યા ૧૫૦૦૦ છે.

અગ્નિપુરાણમાં પણ ઓમ્‌નું નિરૂપણ કરવામાં આવ્યું છે. અગ્નિ કહે છે કે, યુદ્ધજય અર્ણવગ્રંથમાં વિજય મેળવવા કહેલાં જ્યોતિશાસ્ત્રનો સાર મહાદેવજીએ ઉમાને કહ્યો હતો તે હું કહું છું. ઉમા બોલ્યા. પાંચ સ્વરો : અ, ઈ, ઉ, એ અને ઓ. આ કલાઓ મૂળ બ્રહ્મ કહેવાય છે. લાકડામાં રહેલો અગ્નિ તેને વૃદ્ધિ પામવા સિવાય જેમ દેખાતો નથી, તેવી રીતે દેહમાં રહેલી શિવશકિત દેખાતી નથી; ૐ સ્વરથી વિભૂષિત શકિત પહેલાં પ્રકટ થઈ હતી; ત્યારપછી બિંદુ 'એ' સ્વરથી પ્રકટ થયું. પછી 'ઉ' નાદ ઉત્પન્ન થયો, જે હૃદયમાં નાદ કરે છે. 'ઈ' અર્ધચંદ્ર છે; તે મોક્ષમાર્ગનો બોધક છે. ભોગ અને મોક્ષ આપનાર 'અ' વ્યકતરૂપે પ્રગટ થયો. ઐશ્વર 'અ'કાર ભૂમિ છે. નિવૃત્તિ તેની કલા છે. 'મ' બીજવાળો, પ્રાણ નામનો ગંધ છે. સ્થિર તેની શકિત કહેવાય છે. 'ઈ'કાર તેનો પ્રતિષ્ઠા નામનો રસ છે. પિંગળા તેની પાલક છે. 'ઈ' બીજ ક્રૂરશકિત છે. 'હર' બીજવાળો અગ્નિરૂપી છે. સમાન ગાંધારી તેની છે. દહની તેની શકિત છે. વાયુ સ્પર્શવાળો ઉદાન શાંતિ છે. ચલ તેની ક્રિયા છે. ૐકાર શાંત્ય કહેવાય છે. મંગળ, બુધ, ગુરુ, શુક્ર અને શનિ ક્રમપૂર્વક 'અ'કાર વગેરે છે. 'ક'કાર વગેરે નીચે રહેલા છે. તે મૂળમાંથી સચરાચર સઘળું જણાય છે. – તેનું જ્ઞાન થાય છે. હવે વિદ્યાપીઠ વર્ણવીશ. પ્રણવ શિવ કહેવાય છે. ઉમા સોમ પોતે છે.[૧] ઈશ્વર કહે છે કે, ૐ હ્રીં કર્ણને ભેદી નાખનારી, અનેક રૂપોવાળી, અનેક દાઢોવાળી, હૂં ફટ, ૐ હઃ, ૐ ખાઈ જા, ખાઈ જા, કાપી નાખ, કાપી નાખ, છેદી નાખ, છેદી નાખ, હૂં ફટ નમઃ – આ મંત્રને ક્રોધયુકત લાલચોળ આંખોથી ભણવામાં આવે તો મારણમાં, પાડી દેવામાં,

મોહનમાં અને ઉચ્ચારનમાં કામ કરનાર થાય છે.[૨] આ બાબતમાં પણ ઓમ્‌નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

પુસ્કર કહે છે કે, હું યતિધર્મનું વર્ણન કરીશ. જેનાથી જ્ઞાન અને મોક્ષ મળી શકે. પ્રાણાયામમાં પ્રણવજપ ધીમેથી કરવા જણાવ્યું છે. આગળ કહ્યું છે કે, આ આત્મા પરબ્રહ્મ છે, સત્ય છે, જ્ઞાનસ્વરૂપ છે, અનંત છે, બ્રહ્મ વિજ્ઞાનરૂપ, આનંદરૂપ છે તે તું છે. હું બ્રહ્મ છું, પરબ્રહ્મ જ્યોતિસ્વરૂપ આત્મા છે. ૐ જપીને વામદેવ મુકત બન્યા હતાં. કેમ કે, ૐ દેહ, ઈન્દ્રિયો, મન, બુદ્ધિ, પ્રાણ, અહંકારથી રહિત અને જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિથી મુકત, બ્રહ્મતુરીય ચતુર્થપદ છે. પરબ્રહ્મ નિત્ય શુદ્ધ, બુદ્ધ, મુકત, સત્ય, આનંદ, અદ્વય છે – તે હું છું; જ્યોતિ સ્વરૂપ, અક્ષર અને સર્વવ્યાપક શ્રીહરિ છે. સૂર્યમંડલમાં જે પુરુષ છે, તે હું છું. અખંડ ૐ છું.[૩] ૐ ને પરબ્રહ્મ પરમાત્માનું પ્રતીક કહ્યું છે. ૐ જ પરમતત્ત્વ છે, સત્ય છે, બ્રહ્મ છે, સર્વવ્યાપક અને અખંડ છે. તેથી અગ્નિ સંધ્યાવિધિમાં કહે છે કે, જે પુરુષ ૐકારને જાણે છે તે જ યોગી અને હરિ છે. માટે સર્વ આપનાર ૐકારનો અને મંત્રના સારરૂપ પ્રણવનો અભ્યાસ કરવો જોઈએ.[૪] અહીં ઓમ્‌ને બધું જ આપનાર કહ્યો છે અને તેનો જપ અથવા તો અભ્યાસનું મહત્ત્વ રજૂ થયું છે. આગળ પણ કહ્યું છે કે, બધા જ મંત્રોના પ્રયોગમાં ૐકાર કહેલો છે. તેનાથી પૂર્ણ કરેલું કર્મ સંપૂર્ણ બને છે. હે પરંતપ ! પ્રાણયામ કરતાં આ અક્ષરરૂપી ૐકાર મહાન છે[૫] અક્ષરરૂપ ૐકારનું ધ્યાન અને જપ કરવા કહ્યું છે. મનની સ્થિતિ માટે ધ્યાતા સ્થૂલ ધ્યાનની ઈચ્છા કરે છે. તે જ નિશ્ચય બનેલા પ્રણવરૂપ – કમળને સૂક્ષ્મ ધ્યાનમાં જોવા – ચિંતન કરવા કહ્યું છે.[૬]

પ્રણવ જ શિવ છે અને અખંડ ૐ છે. તે બ્રહ્મ જ છે એટલે કે, બ્રહ્મનું પ્રતીક છે તેના દ્વારા મનુષ્ય બધું જ પ્રાપ્ત કરી શકે છે અને યતિઓ મોક્ષને મેળવી શકે છે. સંત શાન્તવનજી કહે છે કે, 'અગ્નિપુરાણમાં ઋષિનો સ્પષ્ટ મત છે કે, ૐકારને જાણવા વાળો સાચો યોગી છે. એની આરાધનાના પ્રભાવે એના આત્મશ્રેયસના પ્રગતિમાર્ગનાં સર્વ આવરણો નષ્ટ થઈ જાય છે. અને ડગલે–પગલે પ્રેરણા અને પ્રકાશ મળતાં રહે છે.'[૭]

## (૨) કૂર્મપુરાણ :–

આ પુરાણમાં વિષ્ણુના વિવિધ અવતારોની સાથે–સાથે કૂર્માવતારનું વિશિષ્ટ વર્ણન હોવાના લીધે આને કૂર્મપુરાણ કહેવામાં આવે છે. વિષ્ણુ શિવાય અહીંયા શિવના અવતારોનું પણ વર્ણન પ્રાપ્ત થાય છે. નારદપુરાણ અનુસાર એમાં ૧૭૦૦૦ શ્લોક હતા, પરંતુ વર્તમાન સમયમાં ૬૦૦૦ શ્લોક જ ઉપલબ્ધ થાય છે.

સાતમાં અધ્યાયમાં કહ્યું છે કે, મુનિશ્રેષ્ઠો ! મુખ્ય આદિ સૃષ્ટિઓ બુદ્ધિપૂર્વક કરવામાં આવી છે. પશ્ચાત્ બ્રહ્માએ પોતાના સમાન માનસપુત્રોની સૃષ્ટિ બનાવી. તે આ છે – સનક, સનાતન, સનન્દન, ક્રતુ અને સનત્કુમારને પ્રજાપતિએ પહેલા જ ઉત્પન્ન કર્યાં. વિપ્રગણ ! આ પાંચે યોગી પરમ વૈરાગ્યને પ્રાપ્ત કરીને ઈશ્વરમાં આસકત મનવાળા થઈ ગયા. આથી એમણે સૃષ્ટિ બનાવવામાં મન ન લગાવ્યું. તે યોગીઓના આ રીતે નિરપેક્ષ થઈ જવાથી લોકસૃષ્ટિમાં પ્રજાપતિમયી પરમેષ્ઠીની માયાથી તત્ક્ષણ મોહિત થઈ ગયા. સંસારને માયા સમજનારા, યોગીઓના ચિત્રના અનુરંજન કરનારા, મહાયોગી, મહામુનિ નારાયણે તેને સંબોધિત કર્યાં. તેનાથી ઉદ્‌બોધિત થઈને વિશ્વાત્માએ પરમતપ કર્યું. પરંતુ તપ કરતા–કરતા ભગવાનને કોઈ લાભ ન થયો. દીર્ઘકાળ ઉપરાંત તેને દુઃખથી ક્રોધ ઉત્પન્ન થયો. ક્રોધથી યુકત તેના નેત્રોથી આંસૂના ટીપાં પડવા લાગ્યા. ભ્રૂકુટિ સ્થિર થઈ ગઈ. ત્યારે પરમેષ્ઠીએ લલાટથી શરણ્ય, નીલલોહિત મહાદેવ ઉદ્‌ભૂત થયા તે ભગવાન તેજોરાશિ સ્વરૂપ સનાતન ઈશ છે, જેને વિદ્વાન્ લોકો પોતાના આની વચ્ચે રહેલા પરમેશ્વરરૂપમાં જુએ છે. ઓંકારનું સ્મરણ કરી હાથ જોડીને પ્રણામ કરીને બ્રહ્માએ તેને કહ્યું – વિવિધ પ્રજાઓની સૃષ્ટિ કરો.[૮]

નવમાં અધ્યાયમાં કહ્યું છે કે, બ્રહ્મા ઈશ્વર વિષયક પરમજ્ઞાન પ્રાપ્ત કરીને તે પિતૃદેવ શિવનું શરણું સ્વીકાર્યું. અનન્ત ઓંકારનું સ્મરણ કરીને આત્મા દ્વારા આત્માને સંરુદ્ધ કરીને અંજલિ બાંધીને અથર્વશિર મંત્રથી મહાદેવની સ્તુતિ કરવા લાગ્યા.[૯]

બારમા અધ્યાયમાં કહ્યું છે કે, અવદ્યિા, નિયતિ, માયા, કલા આદિ શતશઃ પદાર્થ તારાથી ઉત્પન્ન થયા છે. તમે જ તે પરમાશકિત, અનંતા તથા પરમેષ્ઠિની છો. બધા ભેદોથી રહિત તથા બધા ભેદોના આશ્રયના આશ્રય તમે જ છો. હે યોગેશ્વરી ! તમે અધિષ્ઠિત થઈને મહેશ્વર મહાદેવ પ્રકૃતિ આદિ સંપૂર્ણ જગતના સૃષ્ટિ તથા સંહાર કરો છો. તમારાથી યુકત થઈને મહાદેવ પોતાના આત્માનન્દનો અનુભવ કરે છે. તમે જ પરમાનંદ છો, તમે જ આનંદદાયિની છો તમે અક્ષર છો, મહાકાશ છો, મહાજ્યોતિઃ સ્વરૂપ તેમ જ નિરંજન છો. તમે મંગલમય, બધા પદાર્થોમાં સ્થિત, સૂક્ષ્મ, સનાતન તથા પરમ બ્રહ્મસ્વરૂપ છો. તમે બધા દેવતાઓની વચ્ચે ઈન્દ્ર છો અને બ્રહ્મવેતાઓમાં બ્રહ્મા છો. દેવી ! તમે બળવાનોમાં વાયુ, યોગીઓમાં કુમાર, ઋષિઓમાં વસિષ્ઠ અને વેદવત્તાઓમાં વ્યાસ છો. તમે સાંખ્યવેત્તાઓમાં કપિલદેવ અને રુદ્રોમાં શંકર છો. આદિત્યોમાં ઉપેન્દ્ર તથા વસુઓમાં પાવક તમે છો. વેદોમાં સામવેદ, છન્દોમાં ગાયત્રી, વિદ્યાઓમાં અધ્યાત્મવિદ્યા અને ગતિઓમાં તું પરમગતિ મોક્ષ છો. તમે બધી શકિતઓમાં માયા અને વિનાશકોમાં કાળ છો. બધા ગુહ્યપદાર્થોમાં ઓંકાર અને વર્ણોમાં બ્રાહ્મણ છો. આમ પરમતત્ત્વ ઓંકાર પણ છે.[૧૦]

નિષ્કર્ષ એ છે કે, કૂર્મપુરાણમાં ઓંકાર સ્મરણનું મહત્ત્વ તેમજ અક્ષર પરમતત્વ છે. બધા ગુહ્યપદાર્થોમાં ઓંકાર રહેલો છે તે બાબત વર્ણવી છે.

## (૩) ગરુડપુરાણ :–

આ પુરાણની કથાને વિષ્ણુએ કશ્યપને સંભળાવી હતી. પૌરાણિક વિષયોની સાથે–સાથે આમાં વિષ્ણુભકિત, વૈષ્ણવ ધાર્મિક કૃત્ય અને પ્રાયશ્ચિત વગેરેનું વિવરણ પણ છે. એમાં ગણિત અને ફલિત જ્યોતિષ, ઔષધિઓ, રત્ન તથા વ્યાકરણ આદિ વિષયોનું વર્ણન છે. જેના પૌરાણિક લક્ષણો તેમજ ઉદ્દેશ્યોથી કોઈ સંબંધ નથી.

ગરુડ પુરાણના ઉત્તરખંડને પ્રેતકલ્પ કહેવામાં આવે છે; જેમાં મૃત્યુ પછી આત્માની સ્થિતિ, યમમાર્ગ, પ્રેતોની ગતિ, પુનર્જન્મ અને તેનાથી મુકિત, તેમજ મૃતકના નિમિત્તે કરવામાં આવતી વિધિઓનું વર્ણન છે. શ્રાદ્ધના સમયે આનો પાઠ પણ કરવામાં આવે છે. એની સંપૂર્ણ શ્લોક સંખ્યા ૧૮૦૦૦ છે.

આ પુરાણમાં પણ ઓંકારનું મહત્ત્વ રજૂ થયું છે. બ્રાહ્મણો વારંવાર જે ‘ૐ’કાર શબ્દનો ઉચ્ચાર કરે તે મંત્રનો પ્રભાવ ખૂબ હોય છે કે, જેના સંબંધથી સમસ્ત રાષ્ટ્રની આબાદીમાં વૃદ્ધિ થાય છે, સાથે સાથે રાજ્યકર્તાની બુદ્ધિમાં પણ વૃદ્ધિ થાય છે. અરે, બ્રાહ્મણોના મુખેથી ઉચ્ચારાતાં ‘ૐ’કાર શબ્દનું શ્રવણ રાજા કરે તો તે વ્યાધિમુકત થઈ જાય છે, તે રોગોથી મરતો નથી.[૧૧] દયાનંદ સરસ્વતી કહે છે કે, પ્રણવનો જપ કરવાથી ચિત્ત એકાગ્ર બને છે.[૧૨] તેથી જ એસ. કે. ભટ્ટ એક ગીતમાં કહે છે કે...,

“સિદ્ધિદાયક હર્ષપ્રેરક મંત્ર એ ૐકાર છે.
સૌ દુઃખનાશક ઔષધિસમ એક એ ૐકાર છે.
વાંચ્છના દિલની પૂરે તે એક એક ૐકાર છે.
ઉર્ધ્વગતિ આત્મનતણો દીપ એ ૐકાર છે.
શાંતિના સામ્રાજ્યનો દૂત સૂર એ ૐકાર છે.
શુદ્ધને પાવન જીવનનું મૂલ એ ૐકાર છે.
સૃષ્ટિમાં કલ્યાણપ્રેરક તત્ત્વ એ ૐકાર છે.
પુણ્યરૂપી જીવનનું મૂલ એ ૐકાર છે.
જ્ઞાન તપ બલ યોગસિદ્ધ એક એ ૐકાર છે.
પાવન કરે એ જીંદગીનો એક એ ૐકાર છે.
સૌ ધર્મનો, સૌ કર્મનો ઉચ્ચમંત્ર એ ૐકાર છે.

સાધુ અને સંન્યાસીઓનો પ્રિયતમ એ ૐકાર છે.
અવધૂતને યોગીજનોનું ગીત એ ૐકાર છે.
સંસારધ્વમાં હિમાલય એક એ ૐકાર છે.
ચિર સુખના ધામરૂપ એક એ ૐકાર છે.''[૧૩]

અહીં દુ:ખને માટે ઔષધીરૂપ, રોગીને માટે દવારૂપ ૐકાર કહ્યો છે. તેનાં જપથી સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે. બુદ્ધિમાં વધારો થાય છે. તે બાબત વર્ણવી છે. આ જ બાબતને સમર્થન આપતાં શિવાનંદ સ્વામી પણ કહે છે કે, ''ૐનું રટણ બધા ઐહિક વિચારોને હઠાવી, બેધ્યાનપણાને દૂર કરે છે. આ રટણ ખૂબ શકિતશાળી છે ૐ નું ગાન કરો ત્યારે પંચકોષો લયથી ગુંજે છે. શરીરમાં ૐના રટણથી નવી શકિત દાખલ થાય છે. પાંચ પુરુષો એક વર્તુળમાં સાથે બેસી, ૐ નું ગાન એક સાથે કરે તો, સુંદર અને સ્ફુર્તિપદ અસર જણાશે. આપણે તુરત નવા જીવનનો અનુભવ કરીશું. હતાશા જણાય ત્યારે પચાસ ૐકારનું પુનરાવર્તન કરો. તમારામાં નવી સ્ફુર્તિ અને બળ સંચરશે. ૐનું ગાન શકિતપ્રદ દવા છે. ડૉકટરને કશું આપવું નહિ પડે. ૐ નું ગાન કરો ત્યારે એવી લાગણી રાખો કે તમે શુદ્ધ, સર્વવ્યાપી, પ્રકાશ અને ચેતના છો. ૐ ના રટણથી મનની એકાગ્રતા આવશે.[૧૪]

તાત્પર્ય એ છે કે, આમ રાજા પણ જો બ્રાહ્મણના મુખેથી ૐનો ઉચ્ચાર સાંભળે તો તે રોગી હોય તો સાજો થઈ શકે છે. 'ૐ' એવા પ્રતીકમાં ખૂબ શકિત રહેલી છે તેમ દર્શાવાયું છે.

## (૪) નારદપુરાણ :–

આ પુરાણ ને બૃહન્નારદીય પુરાણ પણ કહે છે. એમાં વિષ્ણુનો મહિમા અને વિષ્ણુ ભગવાનનું વર્ણન છે. સંપૂર્ણ નારદપુરાણ બે ખંડોમાં વિભાજીત છે. પૂર્વખંડમાં ૧૨૫ અધ્યાય અને ઉત્તરખંડમાં ૮૨ અધ્યાય છે. આ પુરાણમાં ૨૫,૦૦૦ શ્લોક છે. આ પુરાણમાં એકમાત્ર વિષ્ણુભકિતને જ મોક્ષનું સાધન બતાવ્યું છે.

કલ્પવર્ણનમાં ગણેશપૂજા – ગ્રહશાંતિ તથા શ્રાદ્ધનિરૂપણ કરતાં ૐકારનું મહત્ત્વ દર્શાવવામાં આવ્યું છે. એટલા માટે હે મુનીશ્વર ! હું હવે કલ્પગ્રંથનું વર્ણન કરીશ જેના વિજ્ઞાનમાત્રથી જ મનુષ્ય કર્મકુશળ થઈ જાય છે. વેદોનું અને તેની જેમ સંહિતાઓનો નક્ષત્ર કલ્પ હોય છે. ચતુર્થ અંગિરસ કલ્પ હોય છે. અને પાંચમું શાંન્તિકલ્પ થયા કરે છે. નક્ષત્રોના અધીશ્વર વિસ્તારની સાથે બરોબર બતાવ્યું છે. નક્ષત્રકલ્પમાં જે નિર્દિષ્ટ કરવામાં આવ્યું છે તે અહીંયા પણ જાણી લેવું જોઈએ. હે મુનીશ્વર ! વેદ કલ્પમાં ૠક્ આદિનું વિધાન છે જો કે ધર્મ, અર્થ કામ અને મોક્ષ આ ચારેય પુરુષાર્થોની સિદ્ધિ માટે વિસ્તારપૂર્વક

કહ્યું છે. તત્ત્વો પૂર્ણજ્ઞાતા મુનિઓ દ્વારા સંહિતા કલ્પમાં સમસ્ત મંત્રોના ઋષિગણ, છન્દ અને દેવતાઓ નિર્દેશ કરવામાં આવ્યો છે. તેવી રીતે આંગિરસ કલ્પમાં ભગવાન સ્વયમ્ ભૂદેવને અભિચારના વિધાનથી ષટ્કર્મોમાં મારણ, મોહન, વશીકરણ, ઉચ્ચાટન, સ્તમ્ભન આકર્ષણ જે આવે છે. હે મુનિશ્રેષ્ઠ શાંતિકલ્પમાં દિવ્ય, ભૌમ અને અંતરિક્ષમાં થનારા ઉત્પાતોંની શાંતિ પૃથક્–પૃથક્ બતાવવામાં આવી છે. અર્થાત્ દેવલોકમાં પૃથ્વીમાં અને આકાશમાં જે પણ કોઈ ઉત્પાત થાય છે તેની અલગ–અલગ શાન્તિ કરવાનું વિધાન બતાવવામાં આવ્યું છે.

અહીંયા પર કલ્પોના લક્ષણમાં અતિસંક્ષેપથી લક્ષણને દર્શાવી દીધું છે. એનું વિશેષરૂપથી વર્ણન અન્ય શાખાઓમાં પૃથક્ સ્થિત છે. હે દ્વિજશ્રેષ્ઠ ! ગૃહકલ્પમાં તો બધાની ઉપયોગીતા હોવાને કારણે હું આ સમયે બતાવીશ. આપ ખૂબ સાવધાન થઈને તેનું શ્રવણ કરે. ૐકાર અને અન્ય એ બન્ને પૂર્વકાળ થી બ્રહ્માના કંઠ છેદીને નીકળ્યા હતા. આ કારણથી જે બન્ને પરમ માંગલિક મનાય છે. જે મનુષ્ય આને બોલીને તેના પછી કર્મોને કર્યા કરે છે તેણે શબ્દનો પ્રયોગ કરવો જોઈએ તે અનન્ત અર્થને માટે અભીષ્ટ થયા કરે છે. કુશા પરિસમૂહનને માટે છે અને તેની સાત શાખાઓ કીર્તિત કરવામાં આવી છે. એનાથી ન્યૂન તથા અધિક જે કુશાઓ હોય છે તે અભિમત કર્મને માટે નિષ્ફળ થાય છે. અર્થાત્ વધુ અથવા ઓછું થવાથી કર્મ ફળહીન થઈ જાય છે. આ પૃથ્વી તળ પર અનેક કૃમિકીટ અને પતંગ આદિ ભ્રમણ કર્યા કરે છે. તે બધાના સંરક્ષણ માટે પરિસમૂહને બતાવવામાં આવ્યું છે. હે દ્વિજ ! જે આ ત્રણ રેખાઓ બતાવવામાં આવી છે તે ત્રણેયને ન્યૂન અથવા અધિક અર્થાત્ અસમાન કયારેય ન કરવી જોઈએ આ એની પરિભાષા બતાવવામાં આવી છે.[૧૫]

તાત્પર્ય એ છે કે, 'ૐ' અને 'अथ' શબ્દ માંગલિક છે. આ શબ્દ બ્રહ્મના કંઠમાંથી નીકળ્યા છે.

## (૫) પદ્મપુરાણ :–

સમ્પ્રતિ પદ્મ પુરાણ પાંચ ખંડોમાં ઉપલબ્ધ થાય છે. (૧) સૃષ્ટિ ખંડ (૨) ભૂમિખંડ (૩) સ્વર્ગખંડ (૪) પાતાળખંડ (૫) ઉત્તરખંડ.

'પદ્મ' થી બ્રહ્માની ઉત્પત્તિ પ્રદર્શિત કરવાના કારણે આ પદ્મપુરાણના નામથી પ્રસિદ્ધ છે. એમાં બ્રહ્મા, વિષ્ણુ અને શિવ, ત્રણેયના એકત્વની ઉદ્ભાવના કરવામાં આવી છે. શ્રીકૃષ્ણની પત્નીના રૂપમાં આ રાધાનો ઉલ્લેખ થયેલો છે. શકુન્તલા તેમજ રામની કથાઓની સાથે અનેક કથાઓ પણ એમાં વર્ણવાયેલી છે. એમાં સંપૂર્ણ શ્લોકસંખ્યા ૫૫૦૦૦ જેટલી છે.

પદ્મપુરાણમાં કહ્યું છે કે પદ્મપુરાણ પુરુષ ભગવાન નારાયણ તથા મનુષ્યોમાં સર્વશ્રેષ્ઠ મનુષ્ય તેમ જ વિદ્યા બુદ્ધિની અધિષ્ઠાત્રી દેવી ભગવતી સરસ્વતીને નમસ્કાર કરીને પછી જય શબ્દનું ઉચ્ચારણ કરવું જોઈએ. પરમ નિર્મળ ચંદ્રમાની સમાન, શુભ્રવર્ણથી યુકત હાથીઓની સૂંઢ અને મગરોના નિરંતર સંચાલનથી ઉત્પન્ન ફેણવાળા બ્રહ્મની ઉત્પત્તિમાં સંલગ્ન ચિત્તવાળા વ્રત અને નિયમોના પરિપાલન કરવામાં તત્પર, મુખ્ય વિપ્રવૃન્દોના દ્વારા સારી રીતે સેવા કરાયેલા ઓંકારથી વિભૂષિત, ત્રણે ભુવનોના ગુરુ અર્થાત્ જનક તથા જ્ઞાનના ઉપદેશક બ્રહ્માજીની દષ્ટિની નજરથી પરમ પુનીત સમ્ભોગ તેમજ અભોગના કરવાથી સુરમ્ય અને અમંગળના હરણ કરનારા પૌષ્કર અર્થાત્ પદ્મ સમ્બન્ધી જળ આપને પવિત્ર કરે.[૧૬] અહીં ઓમ્‌નો ઉલ્લેખ કરાયો છે.

પદ્મપુરાણનો આવિર્ભાવ વર્ણવતાં ઓંકારનું વર્ણન કરવામાં આવ્યું છે. પુલસ્ત્ય મહર્ષિએ કહ્યું હે ભીષ્મ ! તમારી જે નારાયણના શ્રવણ કરવાની આવી અભિરુચિ છે. તે આપના વંશને અનુરૂપ જ છે. મેં પોતાના ગૃહધ્યાપનથી જે પણ શ્રવણ કર્યું છે તે આપને આપની ભકિત અને શ્રુતિ અનુસાર કહે છે. મૈં તો હે શ્રેષ્ઠત્તમ ! ઋષિ માર્ગના દ્વારા જ્ઞાન પ્રાપ્ત કર્યું છે. અને સારી રીતે જાણી લીધું છે. અન્યથા આ વિશ્વના રક્ષક પરમ નારાયણના સ્વરૂપને કોણ એવું છે જે જાણી લેવાનો ઉત્સાહ કરી શકે છે. આ બ્રહ્મા પણ તત્ત્વત અર્થાત્ સારી રીતે જાણતા નથી. વિશ્વ દેવોનું તે કર્મ છે મહર્ષિઓમાં રહસ્ય છે સમસ્ત યજ્ઞોનું તે યજન કરવા યોગ્ય છે અને તત્ત્વોનું દર્શન કરનારા તે તત્ત્વ છે. જે અધ્યાત્મના જ્ઞાતા અર્થાત્ આત્માના સંબંધમાં પૂર્ણજ્ઞાન રાખનારા છે આનો તે અધ્યાત્મવિષય છે જે કુત્સિત ખરાબ કર્મો કરનારો પુરુષ છે. તે અધિભૂત અને પરમાર્થિઓનો પર છે દેવો દ્વારા નિર્દિષ્ટ કરાયેલો તે યશ્ર છે અને કવિ લોકો તેને તપ જ જાણે છે. જે કર્તાકારક અર્થાત્ કરનારો છે. કેમકે તે વૃદ્ધિ છે અને તે જ ક્ષેત્રજ્ઞ છે, તે પ્રણવ પુરુષ અને શાસન કરનારો અને એક જ વિભાજીત થાય છે તે પાંચ પ્રકારનો પ્રાણ છે અને તે ધ્રુવ અને અક્ષર છે તે જ કાળ છે, પાક છે, યજ્ઞ છે, યજન કરનાર ધ્રુવ અને અક્ષર છે તે જ કાળ છે પાક છે યજ્ઞ છે, યજન કરનાર છે તથા તે જ અધીન છે.

તે અનેક પ્રકારના ભાવોના દ્વારા કહેવાય છે અને તે જ તત્પર છે તે જ ભગવાન બધું જ કર્યા કરે છે. અને કંઈપણ કરતા નથી. તે જ આ જગતથી બધું જ કરાવ્યા કરે છે અને સ્થાનિયોની બનાવેલી કૃતિ છે અમે લોકો બધા તેનું જ ભજન કર્યા કરીએ છીએ. અને તે જ ઉત્થાન નિવૃત્ત થાય છે. જે સત્ય છે જે આદિ અને મધ્યમભૂત તથા જે સત્ય છે, અવધિથી રહિત છે અને જે ભવિષ્ય છે, જે કંઈ પણ ચર તથા અચર છે અને અન્ય બધું જ છે તે જ પુરુષોમાં પરમ શ્રેષ્ઠ પ્રધાનભૂત છે. હે કુરુનંદન ! ચાર હજાર વર્ષોના કૃતયુગ કહેવામાં આવે છે. તે કૃતયુગની બે ગણી એટલી સેંકડો સંધ્યા થાય છે. જે

યુગમાં ધર્મ ચાર પાદવાળો હોય અને અધર્મનો વિગ્રહ એક પાદ છે. જે યુગમાં મનુષ્ય પોતાના ધર્મમાં નિરત રહ્યા કરે છે તથા પરમશાંત સ્વભાવવાળા થાય છે. વિપ્ર બધા ધર્મમાં તત્પર થઈને સ્થિત રહે છે. જે નૃપ અર્થાત્ ક્ષત્રિયવર્ણવાળા છે તે પણ બધા પોતાના જ રાજમાં જે વૃત્તિ નિયત છે તેમાં સ્થિત રહે છે. વૈશ્યોનું કામ શાસ્ત્રમાં કૃષિ કરવું બતાવવામાં આવ્યું છે તે તેના કામ હંમેશા અભિરત રહેતા હતા. અને શૂદ્ર જે હતા તે સર્વદા સેવામાં સંલગ્ન રહેતા હતા. તે સમયમાં સત્ય અને ધર્મ વિશેષરૂપથી વધી રહ્યા હતા. સત્પુરુષો દ્વારા ધર્મનું સમાચરણ કરવામાં આવતું હતું. જેનાથી લોક પ્રવૃત્ત થાય છે.[૧૭]

બ્રહ્માજીએ કહ્યું હે વિભાવરી ! આ સમયમાં દેવતાઓનું એક ખૂબ મોટું કાર્ય ઉપસ્થિત થઈ ગયું છે. હે દેવી ! આ કાર્ય હવે તારે કરવાનું છે. તુ મારાથી તે કાર્યનો જે પણ નિશ્ચય છે તેનું શ્રવણ કરી લે. એક તારક નામવાળો દૈત્યોનો રાજા છે તે દેવોનો મહાન શત્રુ છે અને અર્નિજિત થઈ ગયો છે. તે દૈત્યેન્દ્રનો નાશ કરવા માટે ભગવાન શંકર એક પુત્ર ઉત્પન્ન કરશે. તે તેનો પુત્ર થશે જે આ તારકાસુરનો અંત કરવાનો નિશ્ચય કરી જે પ્રજાપતિ દક્ષની પુત્રી છે તે સતી ભગવાન શંકરની પત્ની બની હતી. તે સતી કોઈ કારણ વિશેષ હોવાથી દેવી પોતાના પિતા દક્ષથી ક્રોધિત થઈ હતી તે પછી પર્વતોના રાજા હિમવાન્‌ની પુત્રી હતી. જે લોકોને અત્યંત કરુણાથી જોનારી હતી. જ્યારે સતીએ પોતાના શરીરને ત્યાગી દીધું હતું તો ભગવાન શંકર આ ત્રૈલોકયને બિલ્કુલ જ શૂન્ય સમજવા લાગ્યા હતા. આ સમયમાં સિદ્ધો દ્વારા સેવાયેલા હિમવાન્ પર્વતની કન્દરામાં તે શિવ કેટલાંક સમય સુધી સતીના જન્મની પ્રતીક્ષા કરતા નિવાસ કરશે. તે બન્નેના સારી રીતે કરેલા તપથી જે એક મહાન પ્રભાવશાળી સુત (પુત્ર) ઉત્પન્ન થશે. તે શિવપાર્વતીનો પુત્ર આ દૈત્યેન્દ્ર તારક વિનાશ કરનારો થશે. આ દેવી પાર્વતી તે પુત્રના ઉત્પન્ન થતાં જ સ્વલ્પ સંજ્ઞાથી ભામિનીની જેમ થશે.

અહીંયા શિવના વિરહથી પાર્વતી પણ ભગવાન શંકરથી મળવા માટે અત્યંત ઉત્કંઠિત બની રહી હતી. પાર્વતીના હૃદયમાં હરની સાથે સંગમ કરવાની વધુ અધિક લાલચ હતી. સારી રીતે તપ કરનારા તે બન્નેના સંયોગ ખૂબ જ અધિક શુભ થશે. એનાથી અનન્તર તે બન્નેનો થોડોક વાક્ કલહ થયો હતો. એનાથી તો પછી તારક દૈત્યના વિનાશમાં સંશય થઈ ગયો હતો. સુરતક્રીડાના આસકિત કારણથી જ્યારે તે બન્નેનો સંયોગ થયો તો તારે વિઘ્ન કરવું જોઈએ. એનાથી જેવી રીતે થાય તેનું શ્રવણ કરો. એના પછી શિવે તેને હસીને વિલાસપૂર્વક વિષાદયુકત થઈ ગયા હતા. તે ક્રોધિત થતી સતી પછી તે દેવીની નિંદા કરશે. અને પછી તપથી યુકત થાય છે. તે તપશ્ચર્યા કરવા માટે ચાલી જશે. અપરિમિત દ્યુતિના મંડપવાળા તેને તે શિવથી જન્મ આપશે અને સુરોના શત્રુઓનો નિસંદેહ હણવાવાળો ઉત્પન્ન થશે.

હે દેવિ ! લોકમાં દુર્જય દાનવ આપના દ્વારા પણ હણવાયોગ્ય છે. તમે તો સંપૂર્ણ સાંભળો કે ઈશ્વરી છે. બધા દેવોનો દેહોથી ગુણોના સંચયને સંક્રાત કરનારા છે. કેવળ તેના સંગમમાત્રથી આપ

દૈત્યોનું હનન કરી શકતા નથી. એવું કરવાથી તપશ્ચર્યા કરીને તમે બધું કરી શકશો. હે દેવિ ! જ્યારે પોતાના નિયમોને સમાપ્ત કરી દેનારી જે સમયમાં આપ થશો અને ઉમા થઈ જશો. તે સમયમાં આપની સાથે તે ભવાની થઈ જશે. આપ ઉમાના રૂપાંશથી સંયુકત થઈને રહેશો. હે વરદે ! લોક તેને એકાનશાહ – એવું કહીને પૂજન કરશે. અનેક પ્રકારના આકારવાળા ભેદોથી આપ સર્વત્ર ગમન કરનારી અને સમસ્ત કામોં સાધન કરનારી થશો. જે બ્રહ્મવાદી પુરુષ છે તેના દ્વારા ઓંકારના મુખવાળી ગાયત્રી છે. મહાન ભુજાઓવાળા આક્રાંત રાજાઓના દ્વારા આપ પૂજિત આકારવાળી છે. વૈશ્યોના આપ ભૂઃમાતા છો અને શૂદ્રો દ્વારા શૈવા એ નામથી આપ પૂજિત થશો. મુનિઓના આપ ક્ષાન્તિ સ્વરૂપવાળી છો અને નિયમોના ધારણ કરનારા અક્ષોધ્ય દયાના સ્વરૂપથી યુકત છો. આપ મહાન ઉપાયના સંદેહ અને નવવિપર્સિઓના આપ નીતિ છો. અર્થોના આપ પરિચિત છો અને પ્રણીઓના હૃદયમાં શયન કરનારા ઈહા છો.

હે દેવિ ! આપ સમસ્ત પ્રાણીઓની મુકિત છો અને બધા દેહધારીઓની આપ ગતિ છો. જેનું ચિત્ત રત હોય છે તેની રતિ આપનું જ સ્વરૂપ છે. દેહધારીઓના હૃદયમાં જે પ્રીતી થાય છે તે પણ આપનું જ સ્વરૂપ છે. સત્યનું સમાશ્રય ગ્રહણ કરનારા પ્રાણીઓની આપ કીર્તિ છો અને દુષ્ટ કર્મ કરનારાઓની શકિત છો. સમસ્તભૂતોની આપ ભ્રાંતિ છો તથા જે ૠતુઓ દ્વારા યજન કરનારા પુરુષ છો. તેની આપ ગતિ છો. જલધિઓની આપ મહાવેલા છો. આપ વિલાસ કરનારી લીલાના સ્વરૂપ–વાળી છો. પોતાના પ્રિયતમના કંઠને ગ્રહણ કરવામાં અતિ આનંદને પ્રદાન કરનારી આપ વિભાવરીના સ્વરૂપવાળી છો. આ રીતે અનેક રૂપોથી દેવી આપ લોકમાં સમર્ચિત થાવ છો. હે વરદાન પ્રદાન કરનારી જે મનુષ્ય આપનું સ્તવન કરશે અને જે પુરુષ આપની અર્ચના કરશે તે સંપૂર્ણ પોતાની કામનાઓને પ્રાપ્ત કરી લેશે. આ સર્વથા નિયત છે. એમાં લેશમાત્ર પણ સંશય નથી. પુલત્સ્ય કહ્યું – આ રીતે કહેવાયેલી નિશા દેવીએ.[૧૮]

‘ય’ એનો ન્યાસ મસ્તકમાં કરે અને સર્વવ્યાપી વ્યવસ્થિત થાય. બ્રહ્મા, વિષ્ણુ અને શિવના સ્વરૂપ વાળા ધર્માત્મા આ ઉકત વિધિથી ગાયત્રીના વર્ણોનો પોતાના શરીરના અંગોમાં વિન્યાસ કરે. આ રીતે ન્યાસ કરનાર મહાનયોગી અને મહાન જ્ઞાની થાય છે. અને પરમ નિર્વાણપદને પ્રાપ્ત કરે છે. સન્ધ્યોપાસનાના સમયે જે ન્યાસ કરવો જરૂરી છે તે તેને પણ યર્થાથરૂપથી શ્રવણ કરી લો. આ ગાયત્રીની વ્યાહૃતિઓનો ન્યાસ કરીને ફરી મંત્રનો ન્યાસ થાય છે. ॐ ‘भू’ ॐ ‘स्वः’ એનો ન્યાસ શિખામાં કરવો જોઈએ. એની અનન્તર ‘तत्सवितुर्वरेण्यम्’ એનો ન્યાસ બીજા કલેવરમાં કરે. ‘ॐ’ भर्गोदेवस्य - धीमहि એનો ન્યાસ બન્ને નેત્રોમાં કરવો જોઈએ. ॐ धियो यो नः प्रचोदयात् - એનો ન્યાસ બન્ને હાથોમાં

કરે. ॐ आपो ज्योतीरसोऽमृत् ब्रह्म भूर्भुवः स्वरोम् એના ઉદકના કેવળ સ્પર્શ કરવાથી જ પાપથી પૂત થઈને ભગવાન હરિની સન્નિધિમાં ન્યાસ કરનારો પહોંચી જાય છે. ગાયત્રીનું પુરું સ્વરૂપ 'ॐ भूः, ॐ भुवः, ॐ स्वः, ॐ महः, ॐ जनः, ॐ तपः, ॐ सत्यम् ॐ तत्सवितुवरेण्यं भर्गो देवस्य धीमहि धियो यो नः प्रचोदयात्, ॐ आपो ज्योति रसोमृतं ब्रह्म भूर्भुवः स्वरोम्' આ છે. આ રીતે સમસ્ત વ્યાહૃતિઓથી સમન્વિત પ્રણવોથી યુકત, દસ ઓંકારવાળી ગાયત્રીને સંધ્યોપાસના કરવાના સમયમાં પ્રાણાયામના કુંભકમાં ત્રણવાર જપ કરે. સૂર્યોપસ્થાનમાં ચોવીસ અક્ષરોવાળી સાવિત્રીનો જપ કરીને દ્વિજ મહાવિદ્યાથી અધિક સમ્પન્ન થઈ જાય છે. અને બ્રહ્મત્જની પ્રાપ્તિ કરી લે છે. પુત્ર ! છ ચાવીઓના લક્ષણોવાળી ગાયત્રીનો તું પ્રયત્નપૂર્વક શ્રવણ કરો. જેનું જ્ઞાન પ્રાપ્ત કરીને દ્વિજ પરમ બ્રહ્મ સ્થાનને પ્રાપ્ત કરે છે. ગાયત્રીનું સાધારણ સ્વરૂપ "ॐ तत्सवितुरेण्यं भर्गो देवस्य धीमहि धियो यो न प्रचोदयात्" એ થાય છે.[૧૯]

તાત્પર્ય એ છે કે ૐકારનો ઉલ્લેખ થયેલો છે. પ્રણવનું મહત્વ દર્શાવાયું છે ગાયત્રીનું વર્ણન કરવામાં આવ્યું છે.

## (૬) બ્રહ્મપુરાણ :–

અઢાર મહપુરાણોમાં બ્રહ્મપુરાણ ખૂબ જ પ્રાચીન છે; આથી તેને આદિપુરાણ પણ કહે છે. એવી પણ માન્યતા છે કે વેદવ્યાસે સૌ પ્રથમ આ પુરાણની રચના કરી છે. બ્રહ્મપુરાણની શ્લોક સંખ્યા ૧૦,૦૦૦ થી ૧૩,૦૦૦ જેટલી માનવામાં આવે છે.

બ્રહ્મપુરાણમાં ૐકારનું વિસ્તૃત વર્ણન પ્રાપ્ત થાય છે જેમ કે,

ब्रह्मोवाच :

देवान्पितृंस्तथा चान्यान्संतर्प्याऽऽचम्य वाग्यतः ।
हस्तमात्रं चतुष्कोणं चतर्द्वारं सुशोभनम् ॥

पुरं विलिख्य भो विप्रास्तीरे तस्य महोदधेः ।
मध्ये तत्र लिखेत्पद्मष्टपत्रं सकर्णिकम् ॥

एवं मण्डलमालिख्य पुजयेतत्र भो द्विजाः ।
अष्टाक्षरविधानेन नारायणमजं विभुम् ॥

अतः परं प्रवक्ष्यामि कायशोधनमुत्तमम् ।
अकारं हृदये ध्यात्वा चक्ररेखासमन्वितम् ॥

ज्वलन्तं त्रिशिखं चैव दहन्तं पापनाशनम् ।
चन्द्रमण्डलमध्यस्थं शकारं मूर्ध्नि चिन्तयेत् ॥

शुक्लवर्णे प्रवर्षन्तममृतं प्लावयन्महीम् ।
निर्धूतपापस्तु दिव्यदेहस्ततो भवेत् ॥

अष्टाक्षरं ततो मन्त्रं न्यसेदेवाऽऽत्मनो बुधः ।
वामपादं समारभ्य क्रमशश्चैव विन्यसेत् ॥

पञ्चाङ्गं वैष्णवं चैव चतुर्व्यूहं तथैव च ।
करशुद्धिं प्रकुर्वीत मूलमन्त्रेण साधकः ॥

एकैकं चैव वर्णं तु अङ्गुलीषु पृथक्पृथक् ।
ओंकार पृथिवीं शुक्लां वामपादे तु विन्यंसत् ॥

नकारः शांभवः श्यामो दक्षिणे तु व्यवस्थितः ।
मोकारं कालमेवाऽऽहुर्वामकटयां निधापयेत् ॥

नाकारः सर्वबीज तु दक्षिणस्यां व्यवस्थितः ।
शकारस्तेज ईत्याहुर्नाभिदेशे व्यवस्थितः ॥

वायव्योऽयं यकारस्तु वामस्कन्धे समाश्रितः ।
णाकारः सर्वगो ज्ञेयो दक्षिणांसे व्यवस्थितः ॥

यकारोऽयं शिरस्थश्च यत्र लोकाः प्रतिष्ठिताः ॥

ॐ विष्णवे नमः शिरः । ॐ ज्वलनाय नमः शिखा । ॐ विष्णवे नमः कवचम् । ॐ विष्णवे नमः स्फुरणं दिशोबन्धाय । ॐ हुंफडस्त्रम् । ॐ शिरसि शुक्ला वासुदेव ईति । ॐ आं ललाटे रक्तः संकर्षणो गरुमान्वहिनस्तेज आदित्य इति । ॐ आं ग्रीवायां पीतः प्रद्युम्नो वायुमेघ इति । ॐ आं हृदये कृष्णोऽनिरुद्धः सर्वशक्तिसमन्वित इति । एवं चतुर्व्यूहमात्मानं कृत्वा ततः कर्म समाचरेत् ।

ममाग्रेऽवस्थितो विष्णुः पृष्ठतश्चापि केशवः ।
गोविन्दो दक्षिणे पार्श्वे वामे तु मधुसूदनः ॥

उपरिष्टात्तु वैकुण्ठो वाराहः पृथिवीतले ।
अवान्तरदिशो यास्तु तासु सर्वासु माधवः ॥

गच्छतस्तिष्ठतो वाऽपि जाग्रतः स्वपतोऽपि वा ।
नरसिंहकृता गुप्तिर्वासुदेवमयो ह्यहम् ॥

एवं विष्णुमयो भूत्वा ततः कर्म समारभेत् ।
यथा देहे तथा देवे सर्वतत्त्वानि योजयेत् ॥

ततश्चैव प्रकुर्वीत प्रोक्षणं प्रणवेन तु ।
फट्कारान्तं समुद्दिष्टं सर्वविघ्नहरं शुभम् ॥

तत्रार्कचन्द्रवह्नीनां मण्डलानि विचिन्तयेत् ।
पद्ममध्ये न्यसेद्विष्णुं पवनस्याम्बरस्य च ॥

ततो विचिन्त्य हृदय ओंकारं ज्योतीरुपिणम् ।
कर्णिकायां समासीनं ज्योतीरुपं सनातनम् ॥

अष्टाक्षरं ततो मन्त्रं विन्यसेच्च यथाक्रमम् ।
तेन व्यस्तसमस्तेन पूजनं परमं स्मृतम् ॥

द्वादशाक्षरमन्त्रेण यजेद्देवं सनातनम् ।
ततोऽवधार्य हृदये कर्णिकायां बहिर्न्यसेत् ॥

चतुर्भुजं महासत्त्वं सूर्यकोटिसमप्रभम् ।
चिन्तयित्वा महायोगं ज्योतीरुपं सनातनम् ॥

ततश्चाऽऽवाहयेन्मन्त्रं क्रमेणाऽऽचिन्त्य मानसे ॥

आवाहनमन्त्रः - मीनरुपो वराहाच नरसिंहोऽथ वामनः । आयातु देवो वरदो मम नारायणोऽग्रतः । ॐ नमो नारायणाय नमः ॥

स्थापनामन्त्रः - कर्णिकायां सुपीठेऽत्र पद्मकल्पितमासनम् । सर्वसत्त्वहितार्थास्य तिष्ठ त्वं मधुसूदन । ओं नमो नारायणाय नमः ॥

अर्धमन्त्रः - ॐ त्रैलोक्यपतीनां पतये देवदेवाय हृषीकेशाय विष्णवे नमः । ओं नमो नारायणाय नमः ॥

पाद्यमन्त्रः - ओं पाद्यं पादयोर्देव पद्मनाभ सनातन । विष्णो कमलपत्राक्ष गृहाण मधुसूदन । ओं नमो नारायणाय नमः ॥

मधुपर्कमन्त्रः - मधुपर्कं महादेव ब्रह्माद्यैः कल्पितं तव । मया निवेदितं भक्त्या गृहाण पुरुषोत्तम । ओं नमो नारायणाय नमः ॥

आचमनीयमन्त्रः - मन्दाकिन्याः सितं वारि सर्वपापहरं शिवम् । गृहाणाऽऽचमनीय त्वं मया भक्त्या निवेदितम् । ओं नमो नारायणाय नमः ॥

स्नानमन्त्रः - त्वमापः पृथिवी चैव ज्योतिस्त्वं वायुरेव च । लोकेश वृत्तिमात्रेण वारिणास्नापयाम्यहम् । ओं नमो नारायणाय नमः ॥

वस्त्रमन्त्रः - देवतत्वसमायुक्त यज्ञवर्णसमन्वित । स्वर्णवर्णप्रभे वाससी तव केशव । ओं नमो नारायणाय नमः ॥

विलेपनमन्त्रः - शरीरं ते न जानामि चेष्टां चैव च केशव । मया निवेदितो गन्धः प्रतिगृह्यविलिप्यताम् । ओं नमो नारायणाय नमः ॥

उपवीतमन्त्रः - ऋग्यजुः साममन्त्रेण त्रिवृतं पद्मयोनिना । सावित्रीग्रन्थिसंयुक्तःपवीतं तवार्पये । ओं नमो नारायणाय नमः॥

अलंकारमन्त्रः - दिव्यरत्नसमायुक्त वहिनभानुसमप्रभ । गात्राणि तव शोभन्तु सालंकाराणिमाधव । ओं नमो नारायणाय नमः ॥

ओं नम इति प्रत्यक्षरं समस्तेन मूलमन्त्रेण वा पूजयेत् ।

धूपमन्त्रः - वनस्पतिरसो दिव्यो गन्धाढयः सुरभिश्च ते । मया निवेदितो भक्त्या धूपोऽयं प्रतिगृह्यताम् । ओं नमो नारायणाय नमः ॥

दीपमन्त्र : - सूर्यचन्द्रसमो ज्योतिर्विद्युदग्न्योस्तथैव च । त्वमेव ज्योतिषां देव दीपोऽय प्रतिगृह्यताम् । ओं नमो नारायणाय नमः ॥

नैवेद्यमन्त्रः - अन्नं चतुर्विधं चैव रसैः षड्भिः समन्वितम् । मया निवेदितम् भक्त्या नैवेद्यं तव केशव । ओं नमो नारायणाय नमः ॥

पूर्वे दले वासुदेवं याम्ये संकर्षणं न्यसेत् ।
प्रद्युम्नं पश्चिमे कुर्यादनिरुद्धं तथोत्तरे ॥

वाराहं च तथाऽऽग्नेये नरसिंहं च नैर्ऋते ।
वायव्ये माधवं चैव तथैशाने त्रिविक्रमम् ॥

तथाऽष्टाक्षरदेवस्य गरुडं पुरतो न्यसेत् ।
वामपार्श्वे तथा चक्र शङ्खं दक्षिणतो न्यसेत् ॥

तथा महागदां चैव न्यसेदेवस्य दक्षिणे ।
ततः शार्ङ्गं धनुर्विद्वान्न्यसेदेवस्य वामतः ॥

दक्षिणेनेषुधी दिव्ये खड्गं वामे च विन्यसेत् ।
श्रियं दक्षिणतः स्थाप्य पुष्टिमुत्तरतो न्यसेत् ॥

वनमालां च पुरस्तस्ततः श्रीवत्सकौस्तुभौ ।
विन्यसेद्धृदयादीनि पूर्वादिषु चतुर्दिशम् ॥

ततोऽस्त्रं देवदेवस्य कोणे चैव तु विन्यसेत् ।
ईन्द्रमग्निं यमं चैव नैर्ऋतं वरुणं तथा ॥

वायुं धनदमीशानमनन्तं ब्रह्मणा सह ।
पूजयेत्तान्त्रिकैर्मनोरधश्चोर्ध्वं तथैव च ॥

एवं संपूज्य देवेशं मण्डलस्थं जनार्दनम् ।
लभेदभिमत्रान्कामान्नरो नास्त्यत्र संशयः ॥

अनेनैव विधानेन मण्डलस्थं जनार्दनम् ।
पूजितं वः संपश्येत स विशेद्विष्णुमव्ययम् ॥

सकृदप्यर्चितो येन विधिनाऽनेन केशवः ।
जन्ममृत्युजरां तीर्त्वा स विष्णोः पदमाप्नुयात् ॥

यः स्मरेत्सततं भक्त्या नारायणमतन्द्रितः ।
अन्वहं तस्य वासाय श्वेतद्वीपः प्रकल्पितः ॥

ओंकारादिसमायुक्तं नमःकारान्तदीपितम् ।
तन्नाम सर्वतित्त्वानां मन्त्र ईत्यभिधीयते ॥

अनेनैव विधानेन गन्धपुष्पं निवेदयेत् ।
एकैकस्य प्रकुर्वीत यथोद्दिष्टं क्रमेण तु ॥

मुद्रास्ततो निषध्नीयाद्यथोक्तक्रम चोदिताः ।
जपं चैव प्रकुर्वीत मूलमन्त्रेण मन्त्रवित् ॥

अष्टाविंशतिमष्टौ वा शतमष्टोत्तरं तथा ।
कामेषु च यथाप्रोक्तं यथाशक्ति समाहितः ॥

पद्मं शङ्खश्च श्रीवत्सो गदा गरुड एव च ।

चक्रं खड्गश्च शार्ङ्गं च अष्टौ मुद्राः प्रकीर्तिताः ॥

विसर्जनमन्त्रः - गच्छ गच्छ परं स्थानं पुराणपुरुषोत्तम । यत्र ब्रह्मादयो देवा विन्दन्ति परमं पदम् ॥

अर्चनं य न जानन्ति हरेर्मन्त्रैर्यथोदितम् । ते तत्र मूलमन्त्रेण पूजयन्त्वच्युतं सदा ॥[२०]

તાત્પર્ય એ છે કે, ॐ નું વિસ્તૃત વર્ણન છે.

## (૭) બ્રહ્મવૈવર્તપુરાણ :–

સંપૂર્ણ સૃષ્ટિને બ્રહ્મનું વિર્વત બતાવવાના કારણે આ પુરાણ 'બ્રહ્મવૈવર્તપુરાણ' કહેવામાં આવે છે. પૂર્વોકત ભાગવત અને નારદીયપુરાણની જેમ આ પણ વિશુદ્ધ વૈષ્ણવીય પુરાણ છે.

આ પુરાણ કુલ ચાર ખંડોમાં વિભકત છે. (૧) બ્રહ્મખંડ, (૨) પ્રકૃતિખંડ, (૩) ગણેશખંડ અને (૪) કૃષ્ણ જન્મખંડ. બ્રહ્મખંડમાં સૃષ્ટિનું વર્ણન છે. પ્રકૃતિખંડમાં કૃષ્ણના આદેશથી દુર્ગા, લક્ષ્મી, સરસ્વતી, સાવિત્રી, રાધા આદિ રૂપોમાં પ્રકૃતિ જ પરિવર્તિત થાય છે. ગણેશખંડમાં ગણેશને કૃષ્ણનાં અવતારના રૂપમાં વર્ણવવામાં આવેલા છે. અંતિમખંડ શ્રીકૃષ્ણના જન્મમાં કૃષ્ણના જન્મ, યુદ્ધ અને રાસલીલાનું વર્ણન છે. આ પુરાણની શ્લોક સંખ્ય ૧૮૦૦૦ છે.

બ્રહ્મવૈવર્તપુરાણના બ્રહ્મખંડમાં મહાપુરુષ બ્રહ્માંડ પાવન નામ શ્રીકૃષ્ણ કવચમાં શ્રીકૃષ્ણ કહે છે કે, બ્રહ્મન્ ! મહેશ્વર અને ધર્મ ! તમે લોકો સાંભળો. હું આ ઉત્તમ કવચનું વર્ણન કરી રહ્યો છું. જે આ પરમ દુર્લભ અને ગોપનીય છે તો પણ તેનો ઉપદેશ તને આપીશ. પરંતુ ધ્યાન રહે, જે તેને પણ આનો ઉપદેશ ન આપવો જોઈએ. કારણ કે, આ મારા માટે પ્રાણોની સમાન છે. જે તેજ મારા શરીરમાં છે, તે આ કવચમાં પણ છે.

બ્રહ્મન્ ! તું આ કવચને ધારણ કરીને સૃષ્ટિ બનાવે અને ત્રણે લોકોના વિધાતાના પદ પર પ્રતિષ્ઠિત રહો. શમ્ભો ! તું પણ આ કવચને ગ્રહણ કરીને સંહારનું કાર્ય સંપન્ન કર અને સંસારમાં મારા સમાન શકિતશાળી થઈ જાઓ. ધર્મ ! તું આ કવચને ધારણ કરીને કર્મોનો સાક્ષી બન્યો રહે. તમે બધા લોકો મારા વરથી તપસ્યાના ફળદાતા થઈ જાઓ.

આ બ્રહ્માંડપાવન કવચના સ્વયં શ્રીહરિ ઋષિ છે, ગાયત્રી છન્દ છે, હું જગદીશ્વર શ્રીકૃષ્ણ જ દેવતા છું તથા ધર્મ, અર્થ, કામ અને મોક્ષની સિદ્ધિના માટે એનો ઉપયોગ કહેવામાં આવ્યો છે. વિધે ! ત્રણ લાખવાર પાઠ કરીને આ કવચ સિદ્ધિદાયક બને છે.

જે આ કવચને સિદ્ધ કરી લે છે, તે તેજ, સિદ્ધિઓના યોગ, જ્ઞાન અને બલ–પરાક્રમમાં મારા સમાન થઈ જાય છે.

પ્રણવ (ઓંકાર) મારા મસ્તકની રક્ષા કરે, 'नमो रासेश्वराय' (રાસેશ્વરને નમસ્કાર છે.) આ મંત્ર મારા લલાટનું પાલન કરે. 'नमो राधेश्वराय' (રાધાપતિને નમસ્કાર છે.) આ મંત્ર બન્ને નેત્રોનું રક્ષણ કરે. 'કૃષ્ણ' બન્ને કાનોનું પાલન કરે. હે હરે ! આ નાસિકાનું રક્ષણ કરે. 'સ્વાહા' મંત્ર જિહ્વાને કષ્ટથી બચાવે. 'कृष्णाय स्वाहा' આ મંત્ર બધી બાજુથી અમારું રક્ષણ કરે. 'શ્રીકૃષ્ણાય સ્વાહા' આ ષડ્ક્ષર મંત્ર કંઠને કષ્ટથી બચાવે. 'ह्रीं कृष्णाय नमः' આ મંત્ર મુખની અને 'क्लीं कृष्णायन नमः' આ મંત્ર બન્ને ભુજાઓનું રક્ષણ કરે. 'नमो गोपाङ्गनेशाय' (ગોપાલઙ્ગનાવલ્લભ શ્રીકૃષ્ણને નમસ્કાર છે.) આ અષ્ટાક્ષરમંત્ર બન્ને ખભાનું પાલન કરે. 'नमो गोपीश्वराय' (ગોપીશ્વરને નમસ્કાર છે.) આ

મંત્ર દંતપંકિત તથા ઓષ્ઠ યુગલનું રક્ષણ કરે. 'ॐ नमो भगवते रासमण्डलेशाय स्वाहा' (રાસમંડલના સ્વામી સચ્ચિદાનંદસ્વરૂપ ભગવાન શ્રીકૃષ્ણને નમસ્કાર છે. તેમની પ્રસન્નતા માટે હું પોતાના સર્વસ્વની આહુતિ આપું છું – ત્યાગ કરું છું.)

આ ષોડશાક્ષર મંત્ર મારા વક્ષઃસ્થલની રક્ષા કરે. 'ऐं कृष्णाय स्वाहा' આ મંત્ર હંમેશા મારા બન્ને કાનોને કષ્ટથી બચાવે. 'ॐ विष्णवे स्वाहा' આ મંત્ર મારા કઙ્કાલ (હાડપિંજર)ની બધી બાજુથી રક્ષા કરે. 'ॐ हरये नमः' આ મંત્ર હંમેશા મારા પૃષ્ઠભાગ અને પગોનું પાલન કરે. 'ॐ गोवर्द्धनधारिणे स्वाहा' આ મંત્ર મારા સંપૂર્ણ શરીરની રક્ષા કરે. પૂર્વ દિશામાં શ્રીકૃષ્ણ, અગ્નિકોણમાં માધવ, દક્ષિણ દિશામાં ગોપીશ્વર તથા નૈઋત્યકોણમાં નંદનંદન મારી રક્ષા કરે. પશ્ચિમ દિશામાં ગોવિંદ, વાયવ્યકોણમાં રાધિકેશ્વર, ઉત્તરદિશામાં રાસેશ્વર અને ઈશાનકોણમાં સ્વયં અચ્યુત મારું સંરક્ષણ કરે. તથા પરમપુરુષ સાક્ષાત્ નારાયણ હંમેશા બધી બાજુથી મારું પાલન કરે. બ્રહ્મન્ ! આ રીતે આ પરમ અદ્ભૂત કવચને મેં તારી સામે વર્ણન કર્યું. આ મારા જીવનની સમાન છે. આ મેં તમને અર્પણ કર્યું.

આ કવચને ધારણ કરવાથી જે પુણ્ય થાય છે, સહસ્ત્રો અશ્વમેઘ અને સેંકડો વાજપેય યજ્ઞ તેની સોળમી કળાની બરાબર ન થઈ શકે. વિદ્વાન પુરુષને જોઈએ કે, સ્નાન કરીને વસ્ત્ર અલંકાર અને ચંદન દ્વારા વિધિવત્ ગુરુની પૂજા અને વંદના કરીને પશ્ચાત્ કવચ ધારણ કરવું. આ કવચના પ્રસાદથી મનુષ્ય જીવન્મુકત થઈ જાય છે. શૌનકજી ! જો કોઈએ આ કવચને સિદ્ધ કરી લીધું તો આ વિષ્ણુરૂપ જ થઈ જાય છે.[૨૧]

નિષ્કર્ષ એ છે કે, આ કવચમાં પ્રણવનું મહત્ત્વ સ્પષ્ટ થાય છે. ॐ નું પણ મહત્ત્વ દર્શાવાયું છે.

## (૮) બ્રહ્માણ્ડપુરાણ :–

આ પુરાણમાં ઉપાખ્યાનો, તીર્થમાહાત્મ્યો તેમજ સ્તોત્રોનો સંગ્રહ છે. આ પુરાણનું કથન છે કે, અદ્વૈતભાવના અને રામભકિતથી મોક્ષ પ્રાપ્ત થાય છે. આની શ્લોક સંખ્યા ૧૨,૦૦૦ છે.

દ્વિતીય અનુષંગ પાદમાં સૂતજી કહે છે કે...,

એક જ બ્રહ્મ અવસ્થા ભેદથી બ્રહ્મા, વિષ્ણુ અને શિવ આદિના રૂપ ધારણ કરતી રહે છે. પોતાની લીલાથી જ તે રૂપાકૃતિઓનું ધારણ અને નિવારણ કરતા રહે છે. એક થી બે, બે થી ત્રણ, ત્રણથી અનેક રૂપ ધારણ કરીને ફરી બધાનું સંવરણ કરીને રૂપવાન અથવા અરૂપ બનતા રહે છે. તેનું નામ નારાયણ, વિષ્ણુ, ઓમ્, આત્મા, પરમેશ તથા પ્રભુ છે.[૨૨]

આગળ ઓમ્‌યુકત મંત્રનું મહત્ત્વ દર્શાવ્યું છે. જેમાં ઋષિપુંગવ ! આ પરમ પવિત્ર મંત્રને સ્વયંશ્રી બ્રહ્માજીએ શિવજીને પ્રદાન કર્યા અને શિવજીથી કામદેવની પત્ની રતિએ ગ્રહણ કર્યો હતો. તે દેવીએ આ મંત્રથી લલિતાદેવીને પ્રસન્ન કરીને શિવજીની ક્રોધાગ્નિથી દગ્ધ તેમજ ભસ્મીભૂત પોતાના પતિને પુનઃ પ્રાપ્ત કર્યો હતો. ત્યારથી આ મંત્રનું નામ "કામરાજ મહેશ્વર મંત્ર" પ્રસિદ્ધ થયું છે. આ મંત્રને શિવજીથી ભૃગુજીએ, ભૃગુજીથી ચન્દ્રએ અને ચન્દ્રથી પૃથ્વીતળના મુનિઓએ ગ્રહણ કરીને ભુકિત – મુકિતને પ્રાપ્ત કરી. મંત્ર આ પ્રકારે છે :

ॐ एं ह्रीं श्रीं ह्रीं क्लीं स्वः हुं फट् स्वः ।
श्री पराम्बा च विशाद्-ज्योत्स्ना निर्मल-विग्रहा ।
सर्व कामप्रदा देवी सर्वदुःख विमोचीनी ।
ओं ऐं श्रीं ह्रीं क्लीं स्वः स्वः फट् हुं स्वः स्वः सौः ॥[२३]

હ્યગ્રીવજીએ આ મંત્રના જાપનું મહત્ત્વ પણ વિસ્તારથી દર્શાવ્યું છે.

તાત્પર્ય એ છે કે, ઓમ્ પરમતત્ત્વનું જ પ્રતીક છે એમ સ્પષ્ટ થાય છે. જેનું વિશેષ મહત્ત્વ રહેલું છે.

## (૯) ભવિષ્યપુરાણ :–

આ પુરાણમાં ભવિષ્યવાણીઓ કરવામાં આવી છે. એમાં ચાર વર્ણોના કર્તવ્યો તથા સૂર્ય, અગ્નિ તેમજ નાગદેવોની પૂજાનું વિવરણ છે.

શરીરના સંસ્કારના કારણ સમય અનુસાર વિભાગ કરી લે. સ્ત્રીઓના વિવાહ કરવાની જે વિધિ થાય છે. તે જે નિયમને અનુકૂળ અર્થાત્ વૈદિક હોય છે. અથવા તો ગુરુની સમીપ જ નિવાસ કરવો અથવા ઘરમાં જ અગ્નિ પરિક્રિયા કરે. હે રાજન્ ! આ ઉપનયન સંબંધિત વિધિ તને બતાવી દીધી છે. હે મહાબાહો ! આ દ્વિજાતિઓની પર ઉત્પત્તિની વ્યંજક થાય છે. હે મહાબળવાળા ! હવે હું તમને કર્મયોગ બતાવું છું. ગુરુનું કર્તવ્ય છે કે પહેલા પોતાના શિષ્યના ઉપનયન કરાવી શૌચ પાલન કરીને તે આદેશ આપવો જોઈએ. આચાર્ય તે શિવાય અગ્નિ કાર્ય બતાવે અને બન્ને ત્રણે સંધ્યાઓમાં ઉપાસના કરવાની વિધિને ભણાવી દે. જે સત્ શિષ્ય જ તેની આચાન્ત અને ઉત્તરની તરફ મુખવાળા થઈને બ્રહ્માજંલિ કરનારા અને ઈન્દ્રિયોને જીતનારા શિષ્ય નિત્ય જ બનાવવા જોઈએ. હલકા, થોડા વસ્ત્રધારણ કરનારા, એકાગ્ર મનવાળા સુન્દર મનની દશાવાળા તેમ જ સુપ્રતિષ્ઠિત થઈને અધ્યયન કરવું જોઈએ. વેદાધ્યયનના

આરંભમાં અને અંતમાં સદા ગુરુના ચરણોની પૂજા કરવી જોઈએ. બન્ને હાથોને સહત કરીને અધ્યયન કરવું જોઈએ. આ રીતે હાથોને રાખવાને બ્રહ્માજંલિ કહેવામાં આવે છે. વ્યત્સસ્ત હાથોવાળાના દ્વારા ગુરુનું ઉપ સંગ્રહણ કરવું જોઈએ. જમણા હાથથી દક્ષિણ ચરણનો સ્પર્શ કરવો જોઈએ. જેને ભણાવવામાં આવે તે શિષ્યને આ કહો – 'ભણવાનો આરંભ કરો.' હવે ભણવાનું બંધ કરો નિવારિત કરવું જોઈએ. બ્રહ્મ અર્થાત્ વેદના અધ્યયનના આરંભમાં અને અંતમાં સર્વદા પ્રણવનું ઉચ્ચારણ કરવું જોઈએ. જે આરંભમાં ઓરૂમકૃત નથી અર્થાત્ જેના આરંભમાં પ્રણવ કહેવામાં આવતો નથી. તે સ્ત્રવિત થાય છે અને પરસ્તાત્માં વિશીર્ણ થઈ જાય છે. હે રાજેન્દ્ર ! જે રીતે દ્વિજ ઓંકારથી યોગ્ય થાય છે તેનું શ્રવણ કરી લો. પાકકુલોની પર્યુપાસના કરનારા પવિત્રોની દ્વારા પાવન થઈ જાય છે. ત્રણ પ્રાણાયામની દ્વારા પૂત થઈ જાય છે. અને પછી આ ઓંકારની યોગ્ય થાય છે. હે કુરુનંદન ! બધા ઓંકારનું શ્રવણ પણ શ્રવણ કરો. પ્રજાપતિએ ત્રણે વેદોથી આકાર, ઉકાર અને મકારનો સંગ્રહ કરીને અને 'ભૂઃ ર્ભુવઃ સ્વઃ' તેનો સંગ્રહ કરીને તેની રચના કરી છે. ત્રણે વેદોની પરમ પિતામહ પરમેષ્ઠી પ્રજાપતિએ આ સાવિત્રી ઋચાના પાદ–પાદ નું દોહન કર્યું હતું. આ પ્રણવ અને વ્યાહૃતિઓથી સમ્પન્ન આ સાવિત્રીનું બન્ને સન્ધ્યાઓમાં જપ કરનારા વિપ્ર વેદપાઠના પુણ્યથી યુકત થાય છે. આ ત્રિકનો એક સહસ્ત્ર વાર બ્રાહ્મણ અભ્યાસ કરીને એક માસમાં મહાન પાપથી છૂટી જાય છે. જેવી રીતે પોતાની કાંચળીથી સર્પ છૂટી જાય છે. આની અર્ચાથી વિષયુકત અને સમય પર ક્રિયાથી રહિત થનારા બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય સાધુપુરુષોથી નિન્દાને પ્રાપ્ત કરે છે. હે રાજન્ ! તું એક નિષ્ઠ મનવાળો થઈને બ્રહ્મના પરમમુખનું શ્રવણ કર. જેની પૂર્વમાં ઓંકાર હોય છે એવા ત્રણ મહા વ્યાહૃતિઓ અવ્યય હોય છે. ત્રણ પદોવાળી ત્રિપદા સાવિત્રી બ્રહ્માનું મુખ સમજવી જોઈએ. જે આને પ્રતિદિન ત્રણ વર્ષ સુધી અતન્દ્રિય થઈને વાંચે છે તે વાયુભૂત આકાશની મૂર્તિવાળો થઈને પરમબ્રહ્મને પ્રાપ્ત થાય છે. એક અક્ષર અર્થાત્ ૐ આ એક અક્ષર પરબ્રહ્મ હોય છે. અને પ્રાણાયામ સૌથી મહાન તપ હોય છે. સાવિત્રીથી પર કાંઈપણ નથી. મૌનથી સત્ય વિશિષ્ટ હોય છે. તપની ક્રિયા, હોમ કરવાનું કર્મ અને દાનની ક્રિયા જે બધા અક્ષય અંતવાળા હોય છે, જેમ કે ભગવાન મનુએ કહ્યું છે અવર અક્ષર જાણવો જોઈએ એવું પ્રજાપતિ બ્રહ્માએ કહ્યું છે. આ જપ યજ્ઞ વિવિધ પ્રકારના ગુણોદ્દેશ્યોથી સૂક્ષ્મ તેમ જ આખ્યાતથી યુકત હોય છે. જે ઉપાંશું જપ લાખ ગણા થાય છે. જે માનસ જપ હજારગણા ફળવાળા હોય છે. જે ચાર પાકયજ્ઞ હોય છે તે વિધિ યજ્ઞથી યુકત થયા કરે છે. આ બધા જપ યજ્ઞની સોળમીકળાથી યોગ્ય પણ નથી. બ્રાહ્મણ જપથી જ પ્રસિદ્ધિને પ્રાપ્ત થાય છે, એમાં સંશય નથી. જપ યજ્ઞનો કરનાર બ્રાહ્મણ અન્ય કાંઈ કરે અથવા ન કરે. આવો બ્રાહ્મણ મૈત્ર કહેવાય છે જે સૂર્યદર્શનથી પૂર્વ સંધ્યામાં સાવિત્રીનો જપ કરતો ઉભો રહે છે. પશ્ચિમી સંધ્યા નક્ષત્ર અને તારાગણના દર્શન થવાની પૂર્વ સારી રીતે સમાસીન થઈને કરવી જોઈએ. દિનના આદિમાં અર્થાત્

સૂર્યોદયની પૂર્વે અર્થાત્ પ્રાતઃકાલીન સંધ્યા કરવી જોઈએ અને રાત્રિ થવાની પરા સંધ્યા અર્થાત્ સાંયકાલીન સંધ્યોપાસના કરવી જોઈએ. નક્ષત્રોની સહિત થનારી પરા અને દિવાકરની સહિત થનારી અપરા જાણવી.[૨૪]

તાત્પર્ય એ છે કે, અધ્યયનની શરૂઆત ૐકારથી જ કરવી જોઈએ. ૐ આ એક અક્ષર જ પરબ્રહ્મ છે. એમાં ભવિષ્યવાણીઓ કરવામાં આવી છે.

## (૧૦) ભાગવતપુરાણ :–

આ પુરાણ સૌથી વધુ પ્રસિદ્ધ અને લોકપ્રિય પુરાણ છે. એમાં કુલ ૧૨ સ્કંધ અને ૧૮૦૦૦ શ્લોકો છે. એમાં ભગવાન શ્રીકૃષ્ણનું ચરિત્ર અત્યંત વિસ્તારથી વર્ણવાયું છે. એનો દસમો સ્કંધ શ્રીકૃષ્ણલીલાના કારણે અત્યંત પ્રસિદ્ધ છે. એમાં ગૌત્તમબુદ્ધ અને કપિલમુનિને પણ વિષ્ણુનો અવતાર બતાવવામાં આવે છે. આ ગ્રંથ માટે કહેવાયું છે કે...,

"विद्यावतां भागवते परीक्षा ।"

આ પુરાણમાં ૐકારથી જ સંપૂર્ણ વાણીનો વિસ્તાર થયો છે; તેમ જણાવતાં કહ્યું છે કે, જે બ્રહ્મ પરમેષ્ટી પ્રજાપતિ જ્યારે સાવધાન થયા અને પોતાની બધી વૃત્તિઓનો નિરોધ કર્યો ત્યારે તેમના હૃદયરૂપી વિશાળ આકાશમાંથી એક નાદની ભાવના પ્રકટ થઈ. તે નાદની ઉપાસના કરીને યોગીજનો પોતાના હૃદયના સર્વ મલો દૂર કરે છે; કે જે મલો દ્રવ્ય, ક્રિયા કારકરૂપે પ્રગટ થાય છે. આ જે નાદ પ્રગટ થયો તેનાથી ત્રણ મંડળ ત્રિવૃત્તવાળો ૐકાર થયો. જેનું પ્રાગટય અવ્યકત છે. તે પોતે જ પરબ્રહ્મ પરમાત્મા ભગવાનની આદિપ્રતિમા છે. તે સ્વરાટ ગણાય છે. તેને જ સ્ફોટ કહે છે. જ્યારે શરીરની સર્વ ક્રિયાઓ મંદ પડે છે ત્યારે શાંત ચિત્તે શ્રવણ કરતાં તે ૐકારનો નાદ–સ્ફોટ આપણને સંભળાય છે. તેમાંથી બધી વાણી પ્રગટ થાય છે. તે ૐકાર પોતે તો પરમાત્મા પરબ્રહ્મ પરધામનો સાક્ષાત વાચક છે. તે સર્વમંત્રો, ઉપનિષદ્, ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ વગેરે વેદોનું સનાતન બીજ છે. તેના ત્રણ વર્ણો છે. અ, ઉ અને મ્ તે ગુણ, નામ અને અર્થ એ ત્રણ ભાવોને પ્રગટ કરે છે. તે વર્ણો દ્વારા જ અક્ષર સામામ્નાય મૂળાક્ષર પ્રગટ થાય છે. તેમાંથી જ અંતઃસ્થ, ઉષ્મા, સ્વર, સ્પર્શ, હ્રસ્વ, દીર્ઘ વગેરે લક્ષણવાળા બધા અક્ષરો પ્રગટ થાય છે. આ રીતે ૐકારથી શબ્દબ્રહ્મ, વર્ણાકાર અક્ષરબ્રહ્મ, સર્વ વર્ણો, ચાર વાણી પરા, પશ્યન્તી, મધ્યમા અને વૈખરી અને ત્રણ વેદો પ્રગટ થાય છે.[૨૫] આમ, ભાગવતપુરાણમાં ૐકારથી જ બધું ઉત્પન્ન થયું છે. ૐકાર જ પરમાત્માનો વાચક છે. ૐકાર જ પરબ્રહ્મ પરમાત્માનું પ્રતીક છે તે બાબત વર્ણવાયેલી છે.

## (૧૧) મત્સ્યપુરાણ :–

મૌલિકતા અને પ્રાચીનતાની દષ્ટિએ મત્સ્યપુરાણનું અન્યતમ સ્થાન છે એમાં મત્સ્યાવતારથી સંબંધિત જલપ્લાવનનું આખ્યાન વર્ણિત છે, જેમાં મત્સ્યનું રૂપ ધારણ કરીને ભગવાન વિષ્ણુના જલપ્રલયના સમયે મનુને બચાવ્યા હતા. એમાં વૈષ્ણવોના ધાર્મિકકૃત્યોની સાથે–સાથે શૈવોના કૃત્યોનું પણ વર્ણન છે. ભવન–નિર્માણ, દક્ષિણ ભારતીય વાસ્તુકલા તથા મૂર્તિકલાનું એમાં ખૂબ સુંદર નિદર્શન થાય છે. એમાં સંપૂર્ણ શ્લોક સંખ્યા ૧૪૦૦૦ છે.

મત્સ્યપુરાણમાં કહ્યું છે કે, પૂજન કરવાની ઈચ્છાથી પ્રેરણા પ્રાપ્ત કરેલી મનસૃષ્ટિ બનાવે છે. આ ઓંકાર શબ્દ તન્માત્રાથી ઉત્પન્ન થાય છે. અને આકાશના શબ્દનું જ વિશેષગુણ છે. આકાશની વિકૃત્તિથી વાયુની સમુત્પત્તિ થાય છે અને આ વાયુના શબ્દ અને સ્પર્શ જે વિશેષગુણ થયા કરે છે. આ તેજમાં શબ્દના અતિરિકત સ્પર્શ અને રૂપના પણ બે ગુણ અન્ય હોય છે. આવા આ ત્રણ ગુણોવાળો હોય છે. તેજના વિકારથી જલની ઉત્પત્તિ થાય છે. આ જલમાં રાજન્ ચાર ગુણ હોય છે. આ એની તન્માત્રાથી સમુદ્ભૂત થાય છે. આથી જ આ પ્રાતઃ આ ગુણથી સમન્વિત થાય છે. ભૂમિની તન્માત્રાથી ઉત્પન્ન થાય છે. અને એમાં રૂપ, રસ, સ્પર્શ, શબ્દ, ગંધ આ પાંચ ગુણ હોય છે. પ્રાયઃ આ ગંધ ગુણવાળી જ હોય છે. અને આ ગરીયસી બુદ્ધિ પણ છે આના દ્વારા સમ્પાદિત આ પંચવિશકનો પુરુષ ભોકતા છે.[૨૬]

તાત્પર્યએ છે કે ઓંકાર શબ્દ તન્માત્રાથી ઉત્પન્ન થાય છે.

## (૧૨) માર્કણ્ડેયપુરાણ :–

નિવૃત્તિ તેમ જ પ્રવૃત્તિ – લક્ષણ – સમ્પન્ન બહુસંવત્સરજીવી માર્કણ્ડેય મુનિ દ્વારા મહાભારતના પાત્રોના સંદર્ભમાં કરવામાં આવેલા અનેક પ્રશ્નોના સમાધાનના કારણે આ માર્કણ્ડેય પુરાણ કહેવામાં આવે છે. એમાં ઈન્દ્ર, અગ્નિ, બ્રહ્મા અને સૂર્યની પ્રમુખતા છે. 'દુર્ગાસપ્તશતી' આ પુરાણનો એક અંશ છે. મૂલતઃ આમાં ૯૦૦૦ શ્લોક હતા, પરંતુ વર્તમાન સમયમાં ૬૯૦૦ શ્લોક જ ઉપલબ્ધ થાય છે.

આ પુરાણમાં પણ ઓમ્‌નું નિરૂપણ પ્રાપ્ત થાય છે. જેમ કે, નાગરાજ અશ્વતરે પુત્રોને કહ્યું, કાર્યની સિદ્ધિ માટે પ્રથમ હું તપ કરીશ. એમ કહીને નાગરાજ હિમાલયમાં તપ કરવા ગયા. ત્યાં પ્લાક્ષાવતરણ નામના તીર્થમાં રહી તેમણે સરસ્વતી દેવીની ઉપાસના શરૂ કરી. હે અક્ષરની સ્વામિની ! અક્ષરાત્મક પરબ્રહ્મ અને અક્ષરાત્મક જગત પણ તમારામાં રહેલાં છે. જેવી રીતે લાકડામાં

અગ્નિ અને પૃથ્વીમાં પરમાણુઓ રહેલાં છે તેમ આ જગત તમારામાં ઓતપ્રોત થયેલું છે. ૐકારની ત્રણ માત્રાઓ રૂપે આપ જ ત્રણ લોકમાં, ત્રણ દેવોમાં, ત્રણ વિદ્યાઓમાં, ત્રણ અગ્નિઓમાં રહેલાં છો. ત્રણ ધર્મ, ત્રણ ગુણ, ત્રણ શબ્દ, ત્રણ દોષ, ત્રણ આશ્રમ, ત્રણ કાળ, ત્રણ અવસ્થા, એ બધું ૐકારની ત્રણ માત્રાઓનાં જ સ્વરૂપો છે. હે દેવી ! જે અનુપમ પરમતત્ત્વ છે, જે અક્ષય, અધિકારી, અપરિણામી, અને દિવ્ય છે તે પણ તમારું જ સ્વરૂપ છે. હે માતા ! હું તેનું વર્ણન કરવાને શકિતમાન નથી. કેમ કે, તે સ્વરૂપ મુખથી, જીભથી, તાલુથી કે ઓષ્ઠયથી વર્ણવી શકાય તેવું નથી. હે માતા ! જેને સાંખ્ય, વેદાંત અને વેદોએ બહુ શાખાઓરૂપે વર્ણવેલું છે, જેને આદિ, મધ્ય કે અંત નથી, જે સત્–અસત્ છતાં સત્યસ્વરૂપ છે, જે અનેકરૂપે દેખાય છે પણ એક જ છે, તે સર્વ આપનું જ સ્વરૂપ છે. બ્રહ્મ આપના વડે જ પ્રાપ્ત કરી શકાય તેમ નાગરાજે કહ્યું. સરસ્વતીએ પ્રસન્ન થઈ સ્વર–વ્યંજનનું જ્ઞાન બન્ને ભાઈઓને પ્રાપ્ત થાય તેવું વરદાન નાગરાજ અશ્વતરને આપ્યું.[૨૭] અહીં ૐકાર પણ સરસ્વતી સાથે જ જોડાયેલ છે. સરસ્વતી નારાયણની જીહ્વારૂપ સાધન છે તેથી તે પણ ૐકારરૂપી સાધન જણાય છે.

આ પુરાણમાં યોગીને માટે ૐકારનું મહત્ત્વ પણ વર્ણવાયું છે. મહાત્મા દત્તાત્રેય રાજા અર્લકને યોગદીક્ષા આપી રહ્યા હોય છે ત્યારે કહે છે કે, હે રાજન્ ! સિદ્ધયોગી સેંકડો જન્મો પછી પણ આ સંસારમાં પાછો ફરતો નથી. તે યોગીએ વિશ્વરૂપ પરમાત્માના દર્શન કરવાં. વિશ્વસ્વરૂપ પરમાત્માના પગ, મસ્તક અને ડોક પણ વિશ્વ છે, જે વિશ્વના સ્વામી છે અને વિશ્વનું રક્ષણ કરે છે તેમને પ્રાપ્ત કરવા માટે ૐ એકાક્ષરનો સતત જપ કરવો. હે રાજન્ ! આ એકાક્ષર ૐનું સ્વરૂપ કેવું છે તે કહી સંભળાવે છે. ૐકારમાં અકાર, ઉકાર અને મકાર એમ ત્રણ અક્ષરરૂપ ત્રણ માત્રાઓ છે. તે ત્રણ માત્રાઓ અનુક્રમે સત્ત્વ, રજસ્ અને તમોગુણવાળી કહેવાય છે. આ ઉપરાંત એક અર્ધમાત્રા ઉપર રહેલી છે જે નિર્ગુણ છે. તેને માત્ર યોગી જ જાણી શકે છે. તેને ગાંધારી પણ કહે છે. કારણ કે તે ગાંધાર સ્વરનો આશ્રય કરીને રહેલી છે. તેની ગતિ અને સ્પર્શ કીડીના જેવાં છે. તેનું સ્થાન મસ્તકમાં છે. ૐકારનું અનુષ્ઠાન કરતો યોગી છેવટે મસ્તકમાં વિરામ પામે છે તે પ્રમાણે ૐકારમય બની ગયેલો યોગી અક્ષરબ્રહ્મ વિશે તદ્રૂપ બની અવિનાશીપણાને પામે છે. યોગીને પ્રાપ્ત કરવાનું લક્ષ્ય બ્રહ્મ છે. તેની પાસે પ્રાણરૂપી ધનુષ્ય છે અને આત્મારૂપી બાણ છે. બરાબર તાકીને મારવાથી લક્ષ્ય વીંધી શકાય છે. તેમ બ્રહ્મનું લક્ષ્ય વીંધવા બ્રહ્મમય બનવું પડે છે.

ૐકાર એ ત્રણ વેદ, ત્રણ લોક અને ત્રણ અગ્નિરૂપ છે. આ ઉપરાંત બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વરનું સ્વરૂપ છે. જે યોગી ઓમકારમય બની જાય છે તે અંતે તેમાં લય પામે છે, માટે યોગીએ તેનું સત્યસ્વરૂપ જાણવું જોઈએ. ૐકારનો અકાર એ ભૂર્લોક છે, ઉકાર ભુવર્લોક છે અને મકાર સ્વર્લોક છે. પ્રથમ માત્રા

વ્યકત ગણાય છે, બીજી અવ્યકત અને ત્રીજી માત્રા તે ચિદ્‌શકિત છે. ઉપરની અર્ધમાત્રા તે પરબ્રહ્મરૂપ છે. યોગી ૐકારનો ઉચ્ચાર કરે એટલાથી જ તેને સત્ અને અસત્ બધાનું જ્ઞાન થાય છે. પ્રથમ માત્રા હ્રસ્વ છે, બીજી દીર્ઘ છે અને ત્રીજી પ્લુત સ્વરૂપની છે, ચોથી અર્ધમાત્રાને વાણીથી અગોચર અને અવર્ણનીય કહેલી છે. જે યોગી આ પ્રમાણે ૐકાર સંજ્ઞાવાળા અક્ષરસ્વરૂપ પરબ્રહ્મને ઓળખે છે અને તેનું હંમેશ ધ્યાન કરે છે તે સંસારચક્રથી મુકત થાય છે. તેના ત્રણે પ્રકારનાં એટલે કે, આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક બંધનોથી મુકત થઈ જાય છે. પરમ પરમાત્માસ્વરૂપ અનંતબ્રહ્મમાં લય પામે છે. જો તે યોગીના કર્મ અથવા બંધનો નાશ ન પામ્યા હોય અને તેનું મૃત્યુ થાય તો તેને મૃત્યુની અગાઉથી જાણ થઈ જાય છે અને મૃત્યુ વખતે તે યોગસ્થિતિનું જ સ્મરણ રાખીને ફરી યોગી થઈને જન્મે છે જે યોગીનો યોગસિદ્ધ ન થયો હોય તેણે પોતાનાં અરિષ્ટ જાણવાં અને તે મૃત્યુ સમયે દુઃખી થતો નથી.[૨૮]

તાત્પર્ય એ છે કે, અહીં નારાયણની જીહ્‌વારૂપ સરસ્વતી ૐકારસ્વરૂપ હોય તેમ લાગે છે તેમજ ૐકારરૂપી પ્રતીક વડે જ યોગીને મોક્ષ પ્રાપ્ત થાય છે તેમ વર્ણવાયું છે. સરસ્વતી પણ ૐકારસ્વરૂપ જ જણાય આવે છે.

## (૧૩) લિંગપુરાણ :–

આ મહાપુરાણમાં શિવભકિત, લિંગપૂજા તેમજ શિવના ૨૮ અવતારોનું વર્ણન છે. કર્મકાંડ આનો મુખ્ય પ્રતિપાદ્ય વિષય છે. તેની શ્લોક સંખ્યા ૧૧૦૦૦ છે.

બ્રહ્માદિ દેવો દ્વારા મહેશ સ્તુતિ આ અધ્યાયમાં બ્રહ્માદિ દેવતા દ્વારા શંકરની સ્તુતિ પાશુપતવ્રત અને તેના પ્રસાદનું નિરુપણ કરવામાં આવ્યું છે. દેવોએ કહ્યું જો ભગવાન રુદ્ર છે તે બ્રહ્મા–વિષ્ણુ તથા મહેશ્વર છે. અને તે સ્કન્દ–ઈન્દ્ર તેમ જ ચૌદ ભુવન છે. અશ્વિનીકુમાર ગ્રહ–તારા–નક્ષત્ર–અન્તરિક્ષ–દિશાઓ–સંપૂર્ણ–ભૂત –સૂર્ય સોમ તેમજ આઠ ગ્રહ પ્રાણ કાળ–યમ–મૃત્યુ–અમૃત–પરમેશ્વર–ભૂત–ભવિષ્ય અને વર્તમાન જે આ સંપૂર્ણ વિશ્વ તેમ જ સમસ્ત જગત્ ભગવાન મહેશ્વરનું જ સ્વરૂપ છે. તે સત્યરૂપના માટે અમારા બધાના નમસ્કાર છે. અને વારંવાર પ્રણામ છે. હે મહેશ્વર દેવ ! તમે જ આદિ છો તથા ભૂ ર્ભુવઃ સ્વઃ પણ તમે જ છો તમે અન્તમાં વિશ્વરૂપ છો અને સર્વદા આ જગત શીર્ષ છો. તમે અદ્વિતીય બ્રહ્મ છો જેનાથી પ્રકૃતિ જ પુરુષ છે તથા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર ત્રણરૂપ અર્થરૂપ થાય છે અર્થાત્ તે અદ્વિતીય એક કે જે બધા સ્વરૂપ હોય છે હે સુરેશ્વર ! તમે બધાનો આધાર છો, તમે શાંતિ–પુષ્ટિ તુષ્ટિ હુત અને અહુત પણ છો. તમે વિશ્વ અવિશ્વ, દત્ત–અદત્ત અને ઈશ્વર

છો તમે કૃત–અકૃત પરદેવ–અપર, ધ્રુવ સત્‌પુરુષોના પરાયણ અને અસત્પુરુષોના પણ પરાયણ શંકર છો. અમે નેત્રોથી આ શિવસ્વરૂપ અમૃત પાન કર્યું હતું. તે અમૃતપાનથી અમે લોકો મુકત થઈ ગયા. શૈવ જ્યાતિનાધામને લાવવું જોઈએ કેમકે કામ આદિના વિજિગીષુ દેવોને જાણતાં નથી. આ શિવ આરાધનાના શત્રુકામ આદિ હુત ને શું કરશો ? આ વિનાશશીલ શરીર આદિવાળા મનુષ્યની આ વિનાશશીલતા મટી જવી અમૃત કહેવામાં આવે છે અથવા કંઈપણ નથી. આ શિવસ્વ જગત્‌નું હિત દિવ્ય–અક્ષર–સૂક્ષ્મ અને અવ્યય છે. આ પ્રજાપત્ય અર્થાત્ બધાનો જનક –પાવન –શાન્ત –વાય સંબંધી સ્પર્શગુણથી વાયુની ભ્રાંતિ અગાહ્ય મનથી ગાહ્ય પણ સ્વકીય સૌમ્ય ચન્દ્ર તેજથી પરમશાંત પોતાના ભકતના અંતઃકરણને પોતાનામાં લીન કરે છે. તે મહત્ તત્ત્વને પણ ગ્રસનારા અપસંહર્તા ભગવાન્ શૂલીના નમસ્કાર છે. હૃદયમાં સ્થિત સમસ્ત દેવતા છે અને હૃદયાધિકર પ્રાણમાં પ્રતિષ્ઠિત છે જો કે પ્રાણસ્વરૂપ તમે હૃદયમાં નિત્ય રહો છો અને નાદાખ્ય માતારૂપ. હવે તે ઓંકારરૂપનું વર્ણન કરવામાં આવે છે. ફરી મૂર્ધસ્થાનાપન્ન ઓંકાર ઉત્તરભાગ છે તથા પાદ અર્થાત્ પાદ વાગાપન્ન મકાર સાક્ષાત્ મધ્યભાગ દક્ષિણમાં છે જે ઉકાર ઉત્તરભાગમાં સંશ્લિષ્ટ છે તે સનાતન ઓંકાર શિવ છે. તે ઓંકાર પ્રણવ છે જે અહીં વ્યાપ્ય થઈને સ્થિત થાય છે. તે અનંત તાર સૂક્ષ્મવિદ્‌યુત શુકલ પરબ્રહ્મ ઈશાન અને એક પ્રણવ પરિકીર્તિત કરવામાં આવેલું છે.

તે ઉચ્ચાર્યમાણ ઓંકાર સંપૂર્ણ શરીરને ઉપર ઉન્નમિત કર્યા કરે છે. પ્રાણોની રક્ષા કરે છે. આથી તે 'પ્રણવ' આ નામથી કહેવામાં આવે છે. તે બધાને વ્યાપ્ત કરીને સ્થિર રહે છે. આ કારણે તે સનાતન તેમ જ સર્વવ્યાપી છે. બ્રહ્મ–હરિ ભગવાનએ તેના આદ્યન્તને પ્રાપ્ત કર્યું ન હતું. તથા અન્યોએ પણ કોઈએ તેને પ્રાપ્ત કર્યો ન હતો. એટલા માટે તે અનન્ત અને રુદ્રરૂપ પરમ કારણ છે જે આ સંસારથી સંતારણ કરે છે. આથી તે 'તાર' એ નામવાળો કહેવામાં આવે છે. તે સૂક્ષ્મ થઈને સમસ્ત શરીરોમાં વ્યાપ્ત થઈને હંમેશા અધિષ્ઠિત રહે છે. એટલા માટે તે ભગવાન નીલલોહીત 'સૂક્ષ્મ' એ નામથી સમાખ્યાત થાય છે. પ્રધાનપુરુષના સંયોગથી નીલ અને લોહીત તેનું શુક્ર સ્પન્દિત થઈને પરસ્થાનને પ્રાપ્ત થાય છે. આથી જ 'શુક્ર' એ નામથી ઓળખાય છે. જે તે વિદ્યોતિત કર્યા કરે છે એટલા માટે તે 'વૈદ્યુત' એ નામથી પરરિગીત કરવામાં આવે છે. પરાવરએહિકામુષ્કિક રૂપમાં જો કે બૃહત્ છે તે બૃહિત્ અર્થાત્ પોષિત કરવામાં આવે છે. આ કારણથી તે 'બ્રહ્મ' એ નામથી ઓળખવામાં આવે છે. તે તુરીય ભગવાન પરમેશ્વર અદ્વિતીય છે. આ જગતના ઈશાન સ્વામીને સ્વર્ગલોકના જોનારા નેત્રોનો સદશ નિયન્તાને ઈન્દ્ર પ્રમુખ સૂરિગણ સર્વદા બધાને ઈશાન કહે છે. સમસ્ત વિદ્યાઓના સ્વામી ઈશાન છે. આ કારણથી પણ તે 'ઈશાન' એ નામથી ઓળખાય છે. આ શિવની ઈશાન સંજ્ઞાના હેતુ નિરૂપિત કરવામાં આવે છે. હવે એના જે ભગવત્ આ સંજ્ઞા થાય છે તેનો હેતુ બતાવે છે જોવા યોગ્ય ભવોને જુએ છે. મહાદેવ સ્વયં

આત્મજ્ઞાન યોગ્યનું અવગમન કરે છે. આથી દેવોના દેવ મહેશ્વર 'ભગવાન્' એ નામથી ઓળખાય છે. જે સંપૂર્ણ લોકોના ક્રમથી જ ગ્રહણ કરે છે એટલા માટે મહેશ્વર છે. આ દેવેશ બધાનું વિસૃજન કરે છે અને લીલાથી પણ તેને નિવાસિત પણ કર્યા કરે છે.[૨૯] નિષ્કર્ષએ છે કે ઓંકાર પ્રણવ છે. તાર, સૂક્ષ્મ, શુક્ર, વિદ્યુત, બ્રહ્મ, ઈશાન, ભગવાન છે.

## (૧૪) વારાહપુરાણ :–

ભગવાન્ વિષ્ણુના વરાહ અવતારના નિદર્શક હોવાને લીધે આ વરાહપુરાણના નામથી ઓળખાય છે; જે એક વૈષ્ણવપુરાણ છે. સૃષ્ટિ અને વંશાનુક્રમનું વર્ણન હોવા છતાં પણ આ પૌરાણિક લક્ષણોની કસોટી પર સાચું ઉતરતું નથી. આમાં શિવ, દુર્ગા અને ગણેશની સ્તુતિઓની શિવાય શ્રાદ્ધ, પ્રાયશ્ચિત, અને દેવમૂર્તિઓની પ્રતિસ્થાપનાનું પણ વર્ણન છે. તેમાં ૧૫૦૦૦ જેટલાં શ્લોકો છે.

વારાહપુરાણમાં કહ્યું છે કે હે નાથ ! આદિકાળમાં કૃતયુગમાં વિશ્વમૂર્તિ ભગવાને શું કર્યું હતું ? નારાયણપ્રભુએ જે કંઈપણ કર્યું હતું તે બધાનું હું શ્રવણ કરીને તાત્ત્વિકરૂપ ઈચ્છું છું. હે ધરે ! પૂર્વકાળ માં એક જ ભગવાન નારાયણ હતા અને તેના સિવાય કંઈપણ હતું નહીં. તે એક રતિનો લાભ મેળ વ્યા કરતા હતા અને સ્વરછંદ કર્મ કરવા વાળા હતા. તેની બીજા થવાની બુદ્ધિ સ્વરૂપિણી ઈચ્છા થઈ હતી તે અભાવ એવી સંજ્ઞાવાળી થઈ હતી. જે સૂર્યની સમાન થઈ હતી. તે બ્રહ્મવાદીની બે પ્રકારની ચિંતા ઉત્પન્ન થઈ હતી જે ઉમા એ સંજ્ઞાવાળી હતી. અને તે સમયમાં જાતિને માટે વ્યવસ્થિત થઈ હતી. તે સમયમાં ઓમ્ આ એક અક્ષરના સ્વરૂપવાળી મહીનું સૃજન થયું હતું ભૂનું સૃજન કરી પછી ભુવનું સૃજન કર્યું હતું. અને એના અનન્તર આનું સૃજન કર્યું હતું. આની અનન્તરજન્ આની સૃષ્ટિ કરી હતી. અને એના ઉપરાંત આત્મા જ પ્રલીન થાય છે. આ બધા દોરાના તાંતણાથી મણિઓના સમુદાયની જેમ ઓત–પ્રોત છે. આ જગત પ્રણવથી થયેલું છે. એ સમયમાં આ શૂન્ય જ સ્થિત હતું જો આ ભગવાનની મૂર્તિ છે તે ભગવાન શંકર અને સ્વયં હરિ છે.[૩૦]

તાત્પર્ય એ છે કે ઓમ્ ઉત્પન્ન થયું. સૌપ્રથમ શૂન્ય જ સ્થિત હતું. આ જગત પ્રણવથી જ થયું છે.

વારાહપુરાણમાં કહ્યું છે કે, ભગવાન વિષ્ણુ આ કહે છે કે સુવર્ણ, રત્ન આદિ અને યૌવનમાં સ્થિત કામિની એમાં કયારેય પણ  પોતાના ચિત્તને સંલગ્ન ન કરે અર્થાત્ આની ઉપર ચિત્તમાં કયારેય ધ્યાન ન લાવવું જોઈએ. બીજા પુરુષોના સૌભાગ્યને જોઈને અને પોતાના વ્યસન જોઈને તેમાં કયારેય ક્રોધ કરવો જોઈએ નહીં આ રીતે સનાતન અર્થાત્ હંમેશા ચાલનારો ધર્મ છે. હે વસુન્ધરે ! આ પદ્ધતિથી

દીક્ષાની કામનાવાળા શ્રવણ કરે છે. છત્ર–ઉપાનહ ની કયારેય પણ મનથી પણ ઉપકલ્પના સાચી કરવી જોઈએ. ઓદુમ્બરના બે–બે પત્રોથી વેદોના મધ્યમાં સ્થાપિત કરવું જોઈએ. હે વરારોહે ! ત્યાં ઉપર એક છરો અને જળથી ભરેલું પાત્ર પણ રાખવું જોઈએ. પૂર્વમાં મારું આવાહન કરે અને પછી વિધિપૂર્વક અર્ચન કરે. મંત્ર ઉપર છે. જેમ ૐ સાતસાગર–સાતદ્વીપ–સાતપર્વત–દસસ્વર્ગ–સહસ્ત્ર સમતા તે બધાને નમસ્કાર છે. જે હૃદયમાં નિવાસ કર્યા કરે છે. જે વર્ષે છે. ફરી ફરી ઉન્નમિત થાય છે. ભગવાન વાસુદેવ મને આ સારિત કરે. વારાહરૂપથી સૃષ્ટિના દ્વારા પૃથ્વીમાં મન્ત્રનાં અનુસ્મરણની આજ્ઞા પ્રદાન કરવી જોઈએ. અનુભાવન અમને આજ્ઞા કરવામાં આવી છે. અણુ ચિન્તન કરીને ભગવાન આવો. દીક્ષાની કામનાવાળો વિપ્ર છે. તમારા પ્રસાદથી દીક્ષા ગ્રહણ કરી રહ્યો છે. આ મંત્રથી ઉદાહત કરીને મસ્તકથી અને ગોઠણ સુધી થવું જોઈએ. ૐ સ્વાગત છે આપ સ્વાગતવાળા છો. હે વસુન્ધરે ! ફરી આ મંત્ર દ્વારા લાવીને ફરી મંત્રના દ્વારા વિધિના નિશ્ચયથી અર્ધ્યપદ્ય અર્પિત કરવું જોઈએ. મંત્ર આ છે. હે લોકના અમૃતઘ્નમાં દેવ અસુર કૃતઘ્ન રુદ્રના દ્વારા બ્રાહ્મનામાટે લબ્ધ આ બધા ભગવાનને માટે હોય અને આ સમર્પિતનું પ્રતિગ્રહણ કરે. હે ભૂમિ ! આ પ્રકારથી કર્મ દ્વારા અર્ધ્ય અને પથ અર્પણ કરવું જોઈએ. ફરી ક્ષુરનું ગ્રહણ કરીને ન્યાયની અનુસાર આ મંત્રને પઠન કરે મંત્ર આ છે હે શિષ્ય ! તારા મસ્તકનું પતન કરતા આ પ્રકારથી વરુણદેવ રક્ષણ કરે. યુકત જળથી વિષ્ણુ દીક્ષા સંસારનું મોક્ષણ કરે. હે સુન્દરિ ! રુભંકારના એક કળશને આપે. શૌર શોરિસ્મતથી રહિત નિષ્કલ મસ્તકનું કરે. ફરી શીઘ્ર જ સ્નાન કરે. એમાં કોઈ શંકા ન કરે. હે સુન્દરિ ! દીક્ષાની કામનાવાળા આ બધું વિધિની સાથે કરવું જોઈએ. ભગવાન વિષ્ણુના પ્રસાદથી દીક્ષાને પ્રાપ્ત કરનારા છે. તે બધા મારા ઉપર પ્રસન્ન થાય. હું બધા માટે પ્રણામ કરું છું. ભગવાન બધા ભકતોના અભિનંદન કરીને અને અગ્નિને પ્રજ્વલિત કરે. ધૃતથી મધ મિશ્રિત હોય લાજા કાળા તલની આહુતિઓ સાતવાર આપવી. અને વીસવાર તિલોદક આપવું. ફરી યુષ્નોના બળથી ભૂમિ ઉપર ગત થઈને આ નિમ્ન મન્ત્રને ઉદીરિત કરવો જોઈએ. મન્ત્ર બન્ને અશ્વિનીકુમાર બધી દિશાઓ, સોમ અને સૂર્ય મેરુ સાક્ષીમાત્ર છે. અમે પ્રસન્ન છીએ. મારા સત્યવાકયનું બધા શ્રવણ કરે. હું બોલુ છું. સત્યથી જ ભૂમિ ધારણ કરવામાં આવે છે. અને સત્યથી જ ભૂમિ સંસ્થિત છે. સત્યના દ્વારા વાયુ વહન કરવામાં આવે છે. અને સત્યથી જ સૂર્યની ગતિ થયા કરે છે. આ પ્રકારે સત્યને કરીને ફરી બ્રાહ્મણ વીક્ષણ કરે. ત્યાં ઉપર તે અવસરમાં પોતાના શ્રી ગુરુદેવને પ્રસન્ન કરે. અને મન્ત્ર દ્વારા વિધિપૂર્વક અભ્યર્ચન કરવું જોઈએ.[૩૧]

તાત્પર્ય એ છે કે ૐ નો દરેક ક્રિયામાં ઉલ્લેખ છે. સત્યનું પણ મહત્વ સમજાવવામાં આવ્યું છે.

વારાહ પુરાણમાં આગળ કહ્યું છે કે, પ્રણવ જેના આદિમાં હોય એવા ધર્મ પુણ્યથી સંવૃત્ત થઈને ગ્રહણ કરે.[૩૨]

તાત્પર્ય એ છે કે, આ પુરાણમાં પણ ૐકારનું સ્પષ્ટ વર્ણન કરવામાં આવ્યું છે.

## (૧૫) વામનપુરાણ :–

આ પુરાણમાં વિષ્ણુના વામન અવતારની પ્રમુખતા હોવાના કારણે આને 'વામનપુરાણ' ની સંજ્ઞાથી અભિહિત કરવામાં આવ્યો છે. ગૌણરૂપમાં લિંગપૂજા તથા શિવ–પાર્વતી વિવાહનું પણ એમાં વર્ણન થયેલું છે. એની સંપૂર્ણ શ્લોક સંખ્યા ૧૦,૦૦૦ છે.

વામનપુરાણમાં ઋષિઓએ કહ્યું હે ભગવન્ ! સમસ્ત નદીઓમાં પરમ ઉત્તમ આ સરસ્વતી નદી કયા પ્રકારથી ઉત્પન્ન થઈ હતી જો કે મહાન્ ભાગવાળી છે અને કુરુક્ષેત્રની તરફ પ્રયાણ કરીને વહે છે ? કયા પ્રકારની સરને પ્રાપ્ત કરીને પાર્શ્વમાં તીર્થોને કરીને આ શુભ નદી દશ્ય અને કયાંક અદશ્ય ગતિવાળી થતી પશ્ચિમ દિશામાં ગઈ ? તમે તો બ્રહ્મવેત્તાઓમાં સર્વશ્રેષ્ઠ જ્ઞાતા છો. આ વિષયનું વર્ણન વિસ્તારપૂર્વક અમને સમજાવી દેજો. કેમકે આ પણ એક ઉત્તમ તીર્થ છે. મહર્ષિ લોમહર્ષણએ કહ્યું આ સનાતની સરિતા પ્લક્ષના વૃક્ષથી સમુત્પન્ન થયેલી હતી અને નદીઓમાં આને શ્રેષ્ઠ નદી માનવામાં આવે છે. જો નિત્ય પ્રતિ આના નામનું સ્મરણ પણ નિયમપૂર્વક કરી લેવામાં આવે તો આ મનુષ્યના સમસ્ત પાપોનો ક્ષય કરી દે છે. આવું એનું મહાત્મય છે. તે આ નદી સહસ્ત્રોં વિશાળ પર્વતોનું વિદારણ કરતી ફરી દ્વૈતવનમાં પ્રવેશી જાય છે અને આનું જળ પરમ પુણ્યમાં માનવામાં આવે છે. આવું જ શ્રુત છે તે વૃક્ષમાં સ્થિત આ નદીને જોઈને મહા મુનીન્દ્ર માર્કણ્ડેયજીએ તેનો શિરથી પ્રણિપાત કર્યો હતો અને ફરી સરિતાનું સ્તવન કર્યું હતું. માર્કણ્ડેયજીએ કહ્યું હે દેવી ! તમે તો બધા લોકોની માતા અને પરમ શુભવેદારણિ છો. હે દેવી તમારું જે પદ છે તે તો મોક્ષપ્રદાન કરનાર જ છે ચાહે કોઈ સત્ તેમ જ અસત્ કોઈપણ આચરણ કરનારા કેમ ન હોય. જેવી રીતનું જળ સાગરમાં છે તેવું જ તમારામાં સ્થિત છે. આ તો અક્ષર પરમ બ્રહ્મ છે અને વિશ્વ તો ક્ષરાત્મક હોય છે. જેવી રીતે કાષ્ઠમાં અગ્નિ અવસ્થિત રહે છે પરંતુ કોઈપણ તે દશ્યમાન થતો નથી. બરોબર તેની જેમ જ બ્રહ્મની સ્થિતિ વિદ્યમાન છે અને સંપૂર્ણ જગત પણ છે હે દેવી ! જ્યાં સ્થિર અને અસ્થિર ઓંકાર અક્ષરનું સંસ્થાન છે ત્યાં ત્રણ માત્રાઓ જ બધું છે અને નથી પણ. ત્રણ લોક હોય છે. ત્રણ જ વેદ છે ત્રણ વિદ્યાઓ છે ત્રણ અગ્નિઓ છે ત્રણ જ્યોતિઓ તથા ધર્મ, અર્થ અને કામ આદિ ત્રણ જ વર્ગ છે. સત્ત્વ, રજસ અને તમસ આ ત્રણ જ ગુણ છે, ત્રણ વર્ણ છે તથા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ આ ત્રણ જ દેવ છે. ત્રણ ધાતુઓ છે, ત્રણ અવસ્થાઓ હોય છે. પિતૃગુણ પણ ત્રણ છે. તેમજ અણિમાદિ પણ ત્રણ જ છે. આ હે દેવિ ! માત્રાઓનું ત્રણગણું રૂપ સરસ્વતી તારું છે.[૩૩]

અહીં તાત્પર્ય એ છે કે, ત્રણ માત્રાઓથી યુકત ઓંકાર છે.

વામનપુરાણમાં આગળ કહ્યું છે કે, હે પરમાત્મા તમારી સેવામાં અમારા બધાના પ્રણામ સમર્પિત છે. તમે અનન્ત યોનિ છો. લોકોના સાક્ષી સ્વરૂપ છો. પરમેષ્ઠી છો. હે ભગવાન ! તમે બધાંના જ્ઞાતા છો ક્ષેત્રના જાણનારા છો. જ્ઞાનના દ્વારા જ બધુ જાણવા યોગ્ય બને છે. તમે ઈશ્વર છો. મહાન વિરિશ્ચ છો. તમે મહાન વિભૂતિ છો. મહાન ક્ષેત્રજ્ઞ છો. તમે મહાન પુરુષ છો. તથા સમસ્ત પ્રાણી તમારી અંદર નિવાસ કરે છે. તમે મનમાં વાસ કરનારા છો. આદિદેવ છો અને સૌથી મોટા દેવ છો. તમે હંમેશા મંગલમય સ્વરૂપવાળા છો. ઈશા અને અત્યંત દુઃખથી જાણવાયોગ્ય છો. તમારી આરાધના અત્યંત કઠિન છે એવું તમારું રૂપ છે. તમે મહાન ભૂતોના ઈશ્વર છો. પરમ ઈશ્વર છો તથા તમે મહાન યોગના સ્વામી છો. તમે ત્ર્યમ્બક છો. પરબ્રહ્મ છો તથા તમે પરમ જ્યોતિ છો તમે બ્રહ્મ દેવતાઓમાં સર્વોત્તર દેવ છો. તમે ઓંકારના રૂપવાળા છો. વષટ્કારસ્વધાના આકારવાળા સ્વાહાકાર તથા પરમકારણ સ્વરૂપ છો.[૩૪] આમ પરબ્રહ્મને ઓંકારના સ્વરૂપવાળા પણ કહ્યા છે.

તાત્પર્યએ છે કે ઓંકાર બધું જ છે. ઓંકારના સ્વરૂપ વિશે વર્ણન કરવામાં આવ્યું છે.

## (૧૬) વાયુપુરાણ :–

વાયુપુરાણમાં સૃષ્ટિ વગેરે શિવાય પણ અન્યોન્ય વિવિધ વિષયોનું વર્ણન છે. પરંતુ તેનો મુખ્ય ઉદ્દેશ્ય શિવ–સ્તુતિ જ છે. એના બે અધ્યાય વિષ્ણુસંબંધિત છે. જેમાં ગુપ્તસામ્રાજયનું વર્ણન છે; જેનો સંકેત બાણભટ્ટે પોતાની કાદમ્બરીમાં પણ કર્યો છે.

"पुराणेषु वायुप्रलपितम् ।"

આ પુરાણના ૧૦૪માં અધ્યાયમાં અઢાર પુરાણોની શ્લોક સંખ્યા દર્શાવવામાં આવી છે. તેના અનુસાર એમાં કુલ ૨૩૦૦૦ શ્લોકો છે.

વાયુપુરાણમાં ઓમ્નું નિરૂપણ કરતાં કહ્યું છે કે, ત્યારપછી સ્વસ્થચિત્તે ઓમ્કારથી દેહને ભરવો. ઓમ્કારમય થયેલો યોગી નાશ પામતો નથી પણ અવિનાશી થાય છે.[૩૫] આગળ ઓમ્નું વિશેષ વર્ણન પ્રાપ્ત થાય છે. વાયુ કહે છે કે, હે મુનિઓ ! હવે આપને ઓમ્કાર પ્રાપ્તિનું લક્ષણ કહું છું.[૩૬] આ ઓમ્કારને વ્યંજન અને સ્વરસહિત ત્રણ માત્રાવાળો માનવો. ૐકાર અક્ષરમાં રહેલી પહેલી માત્રા વૈદ્યુતી, બીજી તામસી અને ત્રીજી નિર્ગુણી નામની છે તેમ જાણવું. ગાંધાર નામના સ્વરથી ઉત્પન્ન થયેલી માત્રા ગાંધર્વી નામે ઓળખાય છે. મસ્તકમાં યોજેલી એ માત્રા કીડી જેવા સ્પર્શવાળી જણાય છે. તે જ પ્રમાણે યોજેલો ૐકાર પણ મસ્તકમાં જણાય છે. ૐકારમય થયેલો યોગી તેવી જ રીતે અક્ષરબ્રહ્મમાં અવિનાશી થાય

છે. ૐકાર ધનુષ્ય, જીવાત્મા શર અને બ્રહ્મ તે લક્ષ્ય છે. જો આળસરહિત થઈ શિકાર કરવો હોય તો તીરની જેમ તન્મય થવું જોઈએ. ૐ નામનું એક અક્ષરબ્રહ્મનું પદ શરીરમાં રહેલું છે. ૐકારમાં ઋગ્વેદ વગેરે ત્રણ વેદ, ભૂર્લોક વગેરે ત્રણ લોક, દક્ષિણાગ્નિ વગેરે ત્રણ અગ્નિ અને વિષ્ણુ વગેરે ત્રણ દેવો રહેલા છે. સત્યતાથી ૐકારમાં ચાર માત્રા જાણવી. તે માત્રામાં જે યોગીયુકત થાય છે, તે તદ્રૂપતાને પામે છે. અકારને હ્રસ્વ, ઉકારને સ્વરિત અને મકારને પ્લુત કહ્યો છે. અકાર ભૂર્લોક, ઉકાર ભુવર્લોક અને વ્યંજનરૂપ મકાર સ્વર્ગલોક કહેવાય છે. એ પ્રમાણે ઓમ્‌કાર ત્રણલોકરૂપ છે. એનું મસ્તક સ્વર્ગ છે. ભુવન પર્યંત તે સઘળું બ્રહ્માનું સ્થાન કહેવાય છે. માત્રાનું સ્થાન રુદ્રલોક છે. બ્રહ્મપદ તો માત્રારહિત છે. એ પ્રમાણે યોગી ધ્યાનવિશેષથી તે બ્રહ્મપદને સેવે છે. માટે બ્રહ્મપદને ઈચ્છનારા મનુષ્યે ધ્યાની થઈ નિત્ય અને માત્રારહિત એવા તે અક્ષરબ્રહ્મની જ પ્રયત્નથી સેવા કરવી. પહેલી માત્રા હ્રસ્વ, બીજી દીર્ઘ અને ત્રીજી માત્રા પ્લુત કહેવાય છે. આ માત્રાઓ અનુક્રમે જેમ છે તેમ જાણવી. એ માત્રા જેટલી શકિત–શાળી હોય છે તેટલી જ ધારણ કરાય છે.[૩૭]

ૐકાર ઉપાસનાથી જે ફળપ્રાપ્તિ થાય છે. તેના વિશે વાયુ પુરાણમાં કહ્યું છે કે, જે મનુષ્ય ઈંદ્રિયો, મન અને બુદ્ધિનું હંમેશા આત્માના વિષે ધ્યાન કરે અને જો એ આઠ માત્રાને સાંભળે, તો તે તેનું ફળ પામે છે. જે માણસ સો વર્ષ સુધી મહિને–મહિને અશ્વમેઘ યજ્ઞ વડે યજન કરે છે, તે માત્રાથી જેટલું પુણ્ય મળે છે તેટલું પુણ્ય પામતો નથી. જે માણસ સો વર્ષ સુધી મહિને–મહિને દર્ભના અગ્રભાગ વડે ફકત એક જ જળનું બિંદુ પ્રાશન કરી જે પુણ્ય પ્રાપ્ત કરે છે, તે ફળ માત્રાથી મળે છે. વાવ, તળાવ વગેરે ખોદવાથી, યજ્ઞ કરવાથી, સત્ય બોલવાથી અને માંસ ભક્ષણ ન કરવાથી જે ફળ પ્રાપ્ત થાય છે, તે ફળ માત્રાથી મળે છે. પોતાના સ્વામીના કાર્યને માટે લડનારા અને રણમાંથી પાછા નહિ હઠનારા શૂરવીરોને જે ફળ મળે છે, તે ફળ માત્રાથી મળે છે. ઉગ્ર તપથી અને ઘણી દક્ષિણાવાળા યજ્ઞથી જે ફળ સારી રીતે મળતું નથી તે ફળ માત્રાથી મળે છે. તે માત્રાઓમાં અર્ધમાત્રા જે પ્લુત નામે કહેવાય છે, તે જ માત્રા ગૃહસ્થ યોગીઓને કરવા યોગ્ય છે. ખાસ કરીને યોગીઓના આઠ પ્રકારના ઐશ્વર્યમાં અણિમા વગેરે માત્રા સમજવી, માટે દ્વિજે તે માત્રાને સાધવી. એ પ્રમાણે જે દ્વિજ યોગી તત્પર, પવિત્ર, દાતા અને જિતેન્દ્રિય થઈ પરમાત્માને પામે છે, તે બધું જ પામે છે. ધ્યાન કરનારો બ્રાહ્મણ યોગના જ્ઞાનથી ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અને વેદના ઉપનિષદોને જાણે છે. સર્વ ભૂતોનો લય થઈ તે ભૂતરહિત થાય છે. અર્થાત્ તે બ્રહ્મરૂપ થાય છે. ધ્યાન કરનારો યોગી ચાર હાથવાળી અને ચાર મુખવાળી વિશ્વરૂપા નામની પ્રકૃતિને દિવ્ય નેત્ર વડે જોઈ સર્વનું અતિક્રમણ કરી નિત્ય એવા બ્રહ્મપદને પામે છે. રકત, શ્વેત અને કૃષ્ણ વર્ણવાળી, ઘણી પ્રજાને ઉત્પન્ન કરનારી અને પ્રકાશમાન એ માયાને સેવતો એક અજન્મા શયન કરે છે. અને બીજો અજન્મા ઉપભોગ કરનારી એ માયાને છોડી દે છે. પંડિતોએ આઠ અક્ષર–

વાળી, સોળ હાથ–પગવાળી, ચાર મુખવાળી, ત્રણ શિખાવાળી, એક શિંગડાવાળી, આદિ, જન્મરહિત, જગતને ઉત્પન્ન કરનારી અને પ્રકાશમાન પ્રકૃતિને જાણીને મોક્ષને પામે છે. જે બ્રાહ્મણો ઓમકારને જાણે છે, તે ફરી અહીં જન્મ લેતા નથી. એ પ્રમાણે આ ઓમ્કાર નામે અક્ષરબ્રહ્મને જે સારી રીતે જાણે છે અથવા તે પ્રમાણે ફરી તેનું ધ્યાન કરે છે, તે બંધનમાંથી મુકત થઈ સંસારચક્રને છોડી અચળ, ગુણરહિત અને કલ્યાણકારક એવા બ્રહ્મપદને પામે છે. એમાં સંશય નથી. હે ઋષિઓ ! આ પ્રમાણે મેં તમને ઓમ્કાર પ્રાપ્તિનું લક્ષણ કહ્યું.[૩૮]

પછી ઓમ્કારની ઉપાસના કરવાનું સૂચન કરતાં ઋષિઓએ કહ્યું છે કે, કમળના પાંદડાની જેમ જળ વડે શુદ્ધ હોય એવા અને પરિપૂર્ણ જળ વડે પવિત્રમાં પવિત્ર અને વેદમંત્ર વડે હ્રસ્વ, દીર્ઘ અને પ્લુતરૂપ તે અક્ષરબ્રહ્મની સેવા કરવી, તે આ અક્ષરબ્રહ્મ કે જે શબ્દરહિત, સ્પર્શરહિત, રૂપરહિત, રસરહિત અને ગંધરહિત ઓમ્કારરૂપ છે, તેની ઉપાસના કરવી. તે પ્રકૃતિના સ્વામી જે અક્ષરબ્રહ્મનું વિશ્વરૂપ નથી, તે અવિદ્યાના પતિ અને યોગીશ્વર એવા ઓમ્કારને નમસ્કાર હો. ઓમ્કાર સર્વ જગતરૂપે, યજ્ઞરૂપે, વેદરૂપે, નમસ્કારરૂપે, અને રુદ્રરૂપે છે. તે રુદ્ર અને યોગેશ્વરના સ્વામીને નમસ્કાર હો. એ પ્રમાણે મોટા યશવાળા પ્રભુએ સર્વકાળમાં બધું જ ઓમ્કારમય કરેલું છે. તે તે કારણ વડે વ્યાપકપણું અને નમસ્કાર પણ સર્જેલા છે. હે દ્વિજો ! નમસ્કાર અને ઓમ્કાર પ્રભુની સ્તુતિ કરે છે. યજ્ઞ ઓમ્કારને સ્તવે છે, નમસ્કાર યજ્ઞને સ્તવે છે અને નમસ્કારને રુદ્ર સ્તવે છે, માટે રુદ્રનું સ્થાન કલ્યાણકારક હો.[૩૯]

તાત્પર્ય એ છે કે, ૐકાર જ સર્વરૂપે રહેલો છે. કારણ કે, ૐકાર જ બ્રહ્મનું પ્રતીક છે. તેની ઉપાસના જ સર્વશ્રેષ્ઠ મનાય છે. તેથી ૐકારની ઉપાસના કરવા જણાવવામાં આવ્યું છે.

## (૧૭) વિષ્ણુપુરાણ :–

સમસ્ત પૌરાણિક લક્ષણોથી પરિપૂર્ણ આ પુરાણમાં અવતારોના માધ્યમથી સ્તુતિ કરવામાં આવી છે.

હે અખિલ જ્ઞાનભ ! આપની જય હો, હે સ્થૂલમય અવ્યય ! આપની જય હો, અજર અનન્ત જયો અવ્યકત આપ જ યજ્ઞ છો, હે વિશ્વાત્મન ! આપની જય હો. હે અનઘ યજ્ઞપતિ ! આપજ યજ્ઞ છો, આપ જ વષટ્કાર છો, આપ જ ઓંકાર છો. આપ જ અગ્નિરૂપ છો. હે હરિ ! આપ જ વેદ છો, આપ જ વેદાંગ છો, આપ જ યજ્ઞ સ્વરૂપ છો. હે પુરુષોત્તમ ! આ સમયે મેં મૂર્ત–અમૂર્ત, અદશ્ય–દશ્ય જે કાંઈ કહ્યું છે, અથવા કંઈ છે, તે બધું જ તમે જ છો, તમને નમસ્કાર છે. હે પરમેશ્વર હે ભૂતો ! આપને નમસ્કાર. પારાશરજી કહેવા લાગ્યા. પૃથ્વી દ્વારા આ રીતે સ્તુતિ કરવાથી સામ સ્વર

ધ્વનિવાળા મહાપ્રભુ ધરણીધધર્ઘર શબ્દ કરીને ગર્જવા લાગ્યા. તત્પશ્ચાત્ કમળપત્રની સમાન સ્નિગ્ધ–શ્યામ પ્રફુલ્લ પદ્મલોચનમયી બહાર પૃથ્વીને દાંત પર ઉઠાવી મહાન નીલાચળ સમાન રસાતલથી ઉપર આવ્યા. ઉપર ઉઠવાના સમયે તેના મુખમાંથી જે વાયુ નીકળી તેનાથી તાડિત થઈ જળરાશિ જનલોકમાં સ્થિત નિષ્પાપ સનન્દન આદિ મુનિ સુધી પહોંચી અને તેનું પ્રક્ષાલન કર્યું. નીચેની તરફ તે જલરાશિએ છરીથી કાપવા. જેમ રસાતળમાં પ્રવેશ કર્યો. તે વાયુના વેગથી જનલોકમાં નિવાસ કરનારા સિદ્ધગ અહીં ત્યાં ક્ષિપ્ત થઈને વિચલિત થઈ ગયા.[૪૦]

તાત્પર્ય એ છે કે પરમેશ્વર જ ૐકાર છે.

આગળ ૐકારનું વિસ્તૃતવર્ણન કરવામાં આવ્યું છે. જેમકે, રાત્રિને ઉષા અને દિવસને વ્યુષ્ટિ કહેવામાં આવે છે. આ ઉષા અને વ્યુષ્ટિથી મધ્યકાલને જ સંધ્યા કહે છે. જ્યારે આ અત્યંત દારુણ અને ભયંકર સંધ્યાકાળ ઉપસ્થિત થાય છે, ત્યારે સંદેહ સંજ્ઞક ઘોર રાક્ષસગણ સૂર્યનું ભક્ષણ કરવાની ઈચ્છા કરે છે. મૈત્રેય જી! તે રાક્ષસોને પ્રજાપતિનો આ શાપ લાગ્યો છે કે તેના શરીરોમાં અક્ષયત્વ હોવા છતાં પણ પ્રતિદીન તેની મૃત્યુ થાય. એટલા માટે સન્ધ્યાકાળ ઉપસ્થિત થવાથી તેનું સૂર્યથી અત્યંન્ત દારુણ સંગ્રામ થાય છે, તે સમયે શ્રેષ્ઠ બ્રાહ્મણ દ્વારા જો બ્રહ્મરૂપ પ્રણવ તેમજ ગાયત્રીથી અભિમંત્રિત જળ છોડવામાં આવે છે, તે જળ વ્રજરૂપ થઈને તે દુષ્ટરાક્ષસોને ભસ્મ કરી દે છે. અગ્નિહોત્રમાં 'સૂર્યો' 'જ્યોતિ', ઈત્યાદિ મંત્રથી આપનારી પ્રથમઆકૃતિથી સહસ્ત્રરશ્મિ ભગવાન્ ભાસ્કર દેદીપ્યમાન થાય છે. ઓંકાર જ જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિરૂપ ત્રણ ધામોથી પરિપૂર્ણ ભગવાન વિષ્ણુ અને બધી વાણીઓનો અધીશ્વર છે, તેનું ઉચ્ચારણ થવાથી જ રાક્ષસોનો નાશ થઈ જાય છે.

સૂર્ય ભગવાન વિષ્ણુનો અંશ અને વિકાર જ અન્તજ્યોતિ છે. પ્રણવ તેનો વાચક હોવાથી તે તે રાક્ષસોના વિનાશમાં અત્યંત પ્રેરણા આપે છે. તે પ્રણવની પ્રેરણાથી તે જ્યોતિ અત્યંત પ્રદીપ્ત થઈને તે મન્દહા બધા રાક્ષસોને ભસ્મ કરવામાં સમર્થ થાય છે. એટલા માટે સન્ધ્યોપાસન કર્મનું કયારેય ઉલ્લંઘન કરવું અનુચિત છે. સન્ધ્યોપાસન ન કરનાર પુરુષ સૂર્યઘાતી માનવામાં આવે છે. ફરી ભગવાન સૂર્ય વાલ્યખિલ્યા ઋષિઓથી રક્ષેલાં હોવાથી જગતના પાલનમાં પ્રવૃત્ત થઈ જાય છે.[૪૧]

તાત્પર્ય એ છે કે, ૐકારથી જ રાક્ષસોનો નાશ થઈ જાય છે.

## (૧૮) સ્કન્દપુરાણ :–

આકારની દષ્ટિએ અઢાર પુરાણોમાં બૃહત્તમ ગ્રંથ છે. ભારતના વિભિન્ન તીર્થસ્થાનોનું વર્ણન હોવાથી ભૌગોલિક દષ્ટિએ આ પુરાણનું ખૂબ જ મહત્ત્વ છે. મૂળ એમાં ૮૧,૧૦૦ શ્લોક હતાં.

કાશીપુરીમાં સ્થાપિત વિશ્વનાથ લિંગદર્શનથી આનાથી અધિક પુણ્યફળ પ્રાપ્ત થાય છે. કાશીમાં ત્રિવિષ્ટપના દર્શન કરવાથી બધા ત્રિવિષ્ટપદર્શનનું પુણ્ય થાય છે. ક્ષણભરમાં જ તે નિર્ધૂત પાપો–વાળો થઈ જાય છે. અને તે પુનઃ ગર્ભનો વ્યાસ પ્રાપ્ત કરતો નથી. તેને એવું પુણ્ય થાય છે કે જાણે તેણે બધા તીર્થોમાં સ્નાન કરી લીધું છે અને બધા અવભૃથોવાળો થઈ ગયો છે. જે પુરુષ ઉત્તરાભ્યાસમાં અર્થાત્ ઉત્તરની તરફ વહેતા જળમાં પિલપિલા તીર્થમાં સ્નાન કરી લે છે. તેને ત્રણે સરિતાઓનું પુણ્ય ત્યાં હંમેશા સાક્ષાત નિવાસ કર્યા કરે છે. ત્યાં ઉપર શ્રાદ્ધ વગેરે જેણે કરી લીધું તેને ગયા આદિમાં શ્રાદ્ધ કરવાની આવશ્યકતા નહીં રહે. કારણ કે ગયામાં આનાથી અધિક શું આની બરોબર પુણ્ય નહીં થાય. પિલપિલા તીર્થમાં સ્નાન કરીને ત્યાં પિંડપાતન કરી અને ફરી ભગવાન્ ત્રિવિષ્ટપ્ લિંગના દર્શન કરે તો એક કરોડ તીર્થોનું ફળ પ્રાપ્ત થાય છે. જે કંઈ બીજી જગ્યાએ પાપોનું અર્જન કર્યું છે તે બધા કાશીપુરી દર્શનથી નાશ પામે છે. કાશીપુરીમાં જે કોઈ પાપ કરવામાં આવે છે તે પૈશાચ પદને આપનાર છે ભગવાન શંભુ આ આનંદ કાનનમાં પમાદથી પાતક કરે છે ત્રિવિષ્ટપ લિંગના દર્શન કરવાથી તે પાપનો ક્ષય કરવામાં આવે છે. આ સમસ્ત ભૂમંડલના પૃષ્ઠ પર આ આનંદ કાનન પરમથી પરમ શ્રેષ્ઠ છે. ત્યાં પણ સર્વતીર્થોમાં પછી પણ ઓંકારરૂપ છે. આ મોક્ષમાર્ગના પ્રકાશ કરનાર સલિંગ ૐકારથી નરલિંગ શ્રેય સ્વરૂપ છે.[૪૨]

આમ, તાત્પર્ય એ છે કે, ૐકાર સર્વતીર્થોમાં સ્થાન ધરાવે છે. મોક્ષમાર્ગનો પ્રકાશક છે. ત્રિલોચન પણ પ્રણવનું સ્વરૂપ છે.

## (૧૯) શિવપુરાણ :–

વાયુપુરાણ અને શિવપુરાણને એક માનવામાં આવે છે. પણ આ બન્ને પુરાણો અલગ–અલગ પ્રાપ્ત થાય છે. આ પુરાણમાં શિવસ્તુતિ કરવામાં આવી છે. જુદા–જુદા વિદ્વાનો જુદા–જુદા મતો ધરાવે છે.

આ પુરાણમાં પણ ઓમ્નું મહત્ત્વ રજૂ થયું છે જેમ કે, મહામંગળરૂપ મંત્ર 'ૐકાર' અહંકાર અને અભિમાનનો નાશ કરે છે. ૐકાર દ્વારા વિશ્વેશ્વર મહાદેવનું સ્મરણ કરાય છે. ૐકારનો 'અ' શિવજીના ઉત્તર મુખથી; 'ઉ' પશ્ચિમ મુખથી; 'મ' દક્ષિણ મુખથી; 'બિંદુ' પૂર્વમુખથી અને નાદ ઉર્ધ્વમુખથી પ્રગટ થયેલ છે. આ મંત્ર દ્વારા જ પંચાક્ષરમંત્ર ''નમઃ શિવાય'' ઉત્પન્ન થયો છે. સર્વે વેદો અને મંત્રો તેના દ્વારા જ ઉત્પન્ન થયા છે. આ મંત્ર દ્વારા જ મોક્ષમાર્ગનાં સોપાન સર કરી શકાય છે. જ્યારે બીજા મંત્રો માત્ર ભોગરૂપી ફળ આપનારા છે. ભોગ અને મોક્ષનો સુભગ સમન્વય આ મૂળમંત્રને જ આભારી છે.[૪૩]

શિવે કહ્યું છે કે, મારા લિંગનું પૂજન 'ૐકાર' મંત્ર વડે કરવું. ભગવાન શંકરની પાર્થિવ પ્રતિમાના પૂજન વિશે સૂતજી સમજ આપતા કહે છે : હે મુનિવર્યો ! પ્રતિમાનું આદરપૂર્વક સ્થાપન કરવું. ષોડશોપચાર વિધિથી પૂજન કરવું. અભિષેક દ્વારા આત્માની શુદ્ધિ થાય છે. આ સમગ્ર વિશ્વ નાદ અને બિંદુ સ્વરૂપ છે નાદ એ શિવ છે અને બિંદુ એ શકિત છે, એટલે જગત શિવ અને બિંદુ એ શકિત છે, શકિતનું જ સ્વરૂપ છે. નાદરૂપ શિવજી જગતના પિતા છે અને બિંદુરૂપ પાર્વતીજી જગતની માતા છે. એ બન્નેનું સંયુકતરૂપ જ લિંગ છે. ઋષિઓએ કહ્યું કે, 'હે મહામુનિ ! અમને આપ પ્રણવનું માહાત્મ્ય અને શિવભકતની પૂજાનો પ્રકાર સમજાવો. જેમ કે,

प्रणवस्व च माहात्म्यं, षडलिंगस्य महामुने ।
शिवभक्तस्य पूजा च, क्रमशः हिब्रू न प्रभो ॥

સૂતજી કહે છે કે, હે તપોધનો ! 'પ્રણવ' એટલે 'પ્ર' પ્રકૃતિથી ઉત્પન્ન થયેલો સંસારરૂપ સાગર અને 'નવ' એટલે સંસારસાગરને પાર કરાવનારી નાવ. બીજા શબ્દોમાં કહીએ તો,

"प्रकर्षेण नः नयते इति प्रणवः ।"

પરમકૃપાળુ પરમાત્મા પ્રગટરૂપથી શુદ્ધસ્વરૂપ છે એટલે તે 'પ્રણવ' કહેવાય છે. પ્રણવના બે પ્રકાર છે : સ્થૂળ અને સૂક્ષ્મ. 'નમઃ શિવાય' એ મંત્રને સ્થૂળ જાણવો. અને 'ૐ' તે સૂક્ષ્મ જાણવો. અકાર, ઉકાર, મકાર, બિંદુ અને નાદના સમન્વયથી 'પ્રણવ' બને છે.[૪૪] આ જ બાબતને ભૃગુસંહિતા સમર્થન આપે છે કે, ૐ એ સૂક્ષ્મ પ્રણવ છે અને 'નમઃ શિવાય' એ પંચાક્ષર સ્થૂલ પ્રણવ છે.[૪૫] કૈલાસ સંહિતામાં શિવપાર્વતીના સંવાદમાં બ્રાહ્મણોએ કહ્યું, અમને શિવની ઉત્તમ ભકિતનો અર્થ સમજાવો. વ્યાસજી કહે છે :

"साधु पृष्टिमिदं विप्रा भवद्भिर्भाग्यवत्तमैः ।
दुलर्भं हि शिवज्ञानं प्रणवार्थ प्रकाशकम् ॥

હે બ્રાહ્મણો ! તમે યોગ્ય પ્રશ્ન પૂછયો છે. કારણ કે, પ્રણવ ૐકારના અર્થને પ્રગટ કરનારું શિવસંબંધી જ્ઞાન અતિ દુર્લભ છે. પ્રણવનો પ્રકાશ શિવતત્ત્વને સમજવાથી જ થાય છે. શિવની પ્રસન્નતા સિવાય આ ઉત્તમ જ્ઞાન પ્રાપ્ત થતું નથી. વ્યાસજી શિવ–પાર્વતીના સંવાદરૂપે શિવતત્ત્વનો અર્થ સમજાવે છે. પૂર્વે દક્ષપુત્રી સતીએ યજ્ઞ દરમ્યાન શિવનિંદા સાંભળી દેહત્યાગ કર્યો હતો. તે કથાથી બધા જ પરિચિત છે. સતી હિમાલય પુત્રી બની પાર્વતીરૂપે ભગવાન શંકર સાથે લગ્ન–ગ્રંથિથી જોડાયા હતા, ત્યારે આવો

જ સંવાદ થયો હતો. મહાગૌરીએ કહ્યું : ''હે દેવેશ્વર ! હાલમાં હું હિમાલયની પુત્રી પાર્વતીરૂપે છું. હવે મને મંત્ર દીક્ષા આપી આત્મતત્ત્વમાં સ્થિત કરનારી કરો. શિવજીએ કહ્યું : ''હે દેવી ! આપણે કૈલાસ પ્રતિ પ્રયાણ કરીએ. હું તમને ત્યાં મંત્રદીક્ષા આપીશ. શિવજીએ દીક્ષાના વિધાનપૂર્વક પ્રણવ વગેરે મંત્રો કહ્યા અને દેવી પાર્વતીને શુદ્ધાત્મામાં સ્થિતિવાળા કર્યા. ત્યારે પાર્વતીજીએ શિવજીને પ્રણવમંત્ર વિશે કેટલાક પ્રશ્નો પૂછયાં. શિવજી કહે છે : હે દેવી ! પ્રણવના અર્થનું જ્ઞાન એજ મારા સ્વરૂપનું જ્ઞાન છે. જેનું શ્રવણ કરી જીવાત્મા સાક્ષાત્ શિવ બને છે. પ્રણવમંત્ર સર્વ વિદ્યાઓનું બીજ છે. એ જ પ્રણવ વેદોનો આદિ, વેદના સારરૂપ અને વિશિષ્ટ સ્વરૂપ છે. પ્રણવ શિવ છે. એ જ અને શિવ જ પ્રણવ કહેવાય છે. શિવજી એકાક્ષર ૐકાર સ્વરૂપ દેવ છે. શિવજી 'ૐ' એવાં એકાક્ષર પ્રણવમંત્રમાં વિદ્યમાન છે. આ એક જ અક્ષરબ્રહ્મ છે, અને એનાથી જ પ્રથમ સમગ્ર વિશ્વની રચના થાય છે. આ પ્રણવમંત્ર સર્વમંત્રનો શિરોમણિ છે. તે કાશીમાં જીવોની મુકિત માટે હું તમને આપું છું. પ્રણવમંત્ર જાણવાથી પરમસિદ્ધિ પ્રાપ્ત થાય છે.

પ્રથમ અકારથી નિવૃત્તિકળાનો, ઉકારથી ઈધનકળાનો, મકારથી કામકળાનો, નાદ દ્વારા દંડનો ઉદ્ધાર કરવો અને બિંદુથી ઈશ્વરકળાનો ઉદ્ધાર કરવો. આ પ્રકારે અ, ઉ, મ, નાદ અને બિંદુ – આ પાંચ વર્ણરૂપ પ્રણવનું પ્રાકટ્ય થયું છે. 'પ્રણવમંત્ર' ને વટવૃક્ષના બીજની જેમ અતિસૂક્ષ્મ અને વિશાળ અર્થવાળો જાણવો. શિવ અને પ્રણવ બન્ને એક જ છે. કારણ કે, વાચ્યવાચકનો જરાપણ ભેદ હોતો નથી. બ્રહ્માથી માંડી સ્થાવર સુધીના પ્રાણીમાત્રનો પ્રાણરૂપ આ પ્રણવ જ છે, તેથી જ તો તે પ્રણવ કહેવાયો છે. પહેલો વર્ણ અકાર, પછી ઉકાર, મધ્યમાં મકાર અને અંતે નાદ છે, આ પ્રમાણે ૐ થાય છે. ૐ નો જપ કરનાર મુકિત મેળવે છે. હે દેવી ! પરમકૃપાળુ પરમાત્મા સર્વ વિદ્યાઓના ઈશ્વર છે અને સર્વ પ્રાણીમાત્રમાં પરમેશ્વર છે. પ્રણવ વેદોનો આદિ કહેવાય છે. વેદોનો આદિકર્તા હું છું. પ્રણવમાં જે ૐકાર છે તે મહાબીજરૂપ અને બ્રહ્મસ્વરૂપ રજોગુણ મુકત છે, ઉકાર પ્રકૃતિ સ્વરૂપ છે, મકાર બીજરૂપ છે. બિન્દુ તિરોભાવ સ્વરૂપ મહેશ્વર કહેવાય છે અને નાદ છે તે સર્વ પર અનુગ્રહ કરનાર ભગવાન આશુતોષ કહે છે. અકારમાં સર્વથી ઉત્પન્ન થતી ૮ કળાઓ છે. ઉકારમાં વામદેવ સ્વરૂપ ૧૩ કળાઓ છે, મકારમાં અઘોર સ્વરૂપ ઈશાનથી થતી ૫ કળાઓ કહેવાય છે.

આધારચક્ર, મણિપુરચક્ર, હ્રદયચક્ર, વિશુદ્ધિચક્ર, આજ્ઞાચક્ર, શકિત અને શાંતિ એ પ્રણવના સ્થાનો છે. જે દઢ વૈરાગ્યયુકત હોય છે તે સમજી શકે છે કે જીવ અને આત્માની એકતા એ જ શિવ સાથેની એકતા છે. પ્રણવનું રહસ્ય સમજવું દૂષ્કર છે, જે મનુષ્ય વ્રતધારી, જિતેન્દ્રિય, તપસ્વી, આચાર શુદ્ધ હોય તે જ શિવજીની અનન્ય ભકિત વડે પ્રણવના રહસ્યને પામી શકે છે. મહામંગળરૂપ આ પ્રણવમંત્રનો

અહંકાર અને અભિમાનનો નાશ કરે છે. 'અ'કાર શિવના ઉત્તરમુખથી; 'ઉ'કાર પશ્ચિમમુખથી; 'મ'કાર દક્ષિણમુખથી; બિંદુ પૂર્વમુખથી અને નાદ ઉર્ધ્વમુખથી પ્રકટ થાય છે. 'નમઃ શિવાય' પંચાક્ષર મંત્ર આ 'ૐકાર પ્રણવમંત્ર' દ્વારા જ ઉત્પન્ન થયો છે. અન્ય મંત્રો ભોગરૂપી ફળ આપનારા છે, જ્યારે આ મંત્ર કલ્યાણકારી મંત્ર છે અને તે દ્વારા મોક્ષપ્રાપ્તિ થાય છે.[૪૬]

શૈવ આગમોમાં પણ પ્રણવની વિશેષ ઉપાસના વર્ણવાયેલી છે. તેમાં પ્રણવ એ શિવ છે. જેથી પ્રણવને મૂર્ધસ્થાને રહેલું અર્ધચન્દ્રબિન્દુ શિવમસ્તકે પણ શોભે છે. યોગીને આજ્ઞાચક્રમાં પ્રણવ પ્રત્યક્ષ છે; ત્યાં ચંદ્રાકાર જ્યોતિના દર્શન થાય છે અને ચંદ્રકિરણોમાંથી ટપકતાં અમૃતના આસ્વાદનો આનંદ પ્રાપ્ત થાય છે.[૪૭]

ૐકાર 'વાચક' છે અને શિવજી 'વાચ્ય' છે, પરિણામે ૐકાર શિવજીનું સ્વરૂપ ગણાય છે, ૐકારનો સતત જપ એ સદાશિવનું જ સ્મરણ છે, સાક્ષાત્ સ્વરૂપ છે. આવું અનુપમ અને અમોઘશસ્ત્ર શિવજીએ ભાવિકભકતોના હાથમાં અર્પણ કરીને માનવજીવન માટે મોક્ષનો માર્ગ ખુલ્લો કર્યો છે.[૪૮]

શતરુદ્રસંહિતામાં ૐકાર પ્રણવમંત્રનું વર્ણન કરતાં કહ્યું છે કે, ૐ પદ છે, ૐ અવલંબન છે, આત્માનું ૐરૂપે ધ્યાન કરો, "ॐ इति ब्रह्म ।" ૐકાર જ આ સર્વ છે, ૐકાર આત્માનો નિર્દેશ કરે છે. તેથી ૐકાર આત્મારૂપ છે. સંપૂર્ણ વાગવિલાસ ૐકાર છે. 'ભુઃ ભવઃ સ્વઃ' આ ત્રણ અક્ષરોમાંથી ૐકાર ઉત્પન્ન થયું. આ ૐકાર જ બ્રહ્મ છે. બ્રહ્મ અને ઈશ્વરના પ્રતીક તરીકે ૐકાર સંપૂર્ણ વાણી, શબ્દસમૂહ છે. અક્ષર એ જ ૐકાર, અક્ષર એ જ વાણીનો વિકાર. જેટલાં નામો છે, તે સર્વે પરમાત્માનાં વિકારો, સ્વરૂપો યાને ૐકાર જ છે. ૐકાર ઈશ્વરનું પ્રતીક છે. ૐકારની ઉપાસના બ્રહ્મના સાક્ષાત્કારનું અમોઘ સાધન છે. ૐ એટલે અક્ષર, આ બધું અક્ષર જ છે. ત્રણ કાળથી અતીત અવ્યાકૃત જે કાંઈ છે તે ૐકાર જ છે. આ બધું બ્રહ્મ છે, આ આત્મા બ્રહ્મ છે, જે કાંઈ દષ્ટિગોચર થાય છે તે ૐકાર, બ્રહ્મ અને આત્મા છે. ત્રણેય એક જ અર્થવાચક શબ્દો છે. પર્યાય શબ્દો છે. ૐકારની પ્રથમ માત્રા 'અ' એટલે સ્થૂળ શરીર, બીજી માત્રા 'ઉ' એટલે સૂક્ષ્મ શરીર અને ત્રીજી માત્રા 'મ' એટલે કારણ શરીર. ૐકારનો પહેલો, બીજો અને ત્રીજો પાદ અનુક્રમે જાગ્રત અવસ્થા, સ્વપ્નાવસ્થા અને સુષુપ્ત અવસ્થા છે. ૐકાર ખરેખર પર અને અપરબ્રહ્મ છે. ૐકારમાં ભકિત દ્વારા બ્રહ્મભાવની સ્થાપના કરવાથી, ધ્યાન કરવાથી ધ્યાન કરનાર પર શિવજી પ્રસન્ન થાય છે અને તેને પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે. અ, ઉ, મ – ત્રણ માત્રાવાળા ૐકારની ઉપાસના કરનાર ઉપાસક સૂર્યલોકને પામે છે. સર્વવેદોમાં હું પ્રણવ છું. પ્રણવ એટલે ૐકાર. મારામાં પ્રણવરૂપમાં સર્વવેદો ઓતપ્રોત છે. હું વેદોનો સાર છું, પરમેશ્વર છું. આ સૂક્ષ્મ, અમૂર્ત, નિરાકાર ઈશ્વરનું મૂર્તરૂપ પ્રતીક ૐકાર છે.[૪૯]

આમ, શિવમહાપુરાણમાં શિવ એટલે પ્રણવ, ૐકાર. ૐકારના બે પ્રકાર છે અને ૐકારની ઉપાસના વડે જ ઈશ્વરને પામી શકાય છે. કારણ કે, ૐકાર જ બ્રહ્મનું પ્રતીક છે. તેથી શિવષડ્અક્ષર સ્તોત્રમાં કહ્યું છે કે, યોગીજનો બિંદુ સંયુકત ૐકારનું નિત્ય ધ્યાન ધરે છે; ઈચ્છિત આપનાર મોક્ષદાયી ૐકાર સ્વરૂપ તે શિવજીને નમસ્કાર હો.[૫૦] તેથી કલ્યાણમાં કહ્યું છે કે, ''દેવાધિદેવ પરમાત્મા શિવને નમસ્કાર છે. તેનું સ્વરૂપ અપ્રમેય છે. તે નિરાકાર અને સાકાર બન્ને છે. પ્રભુ ! આપ યોગીઓના અધીશ્વર છો, આપમાં જ બધું પ્રતિષ્ઠિત છે, આપ જ યજ્ઞ, વષટ્કાર, ઓંકાર અને પ્રજાપતિ છો.''[૫૧]

ઓંકાર સમસ્ત સૃષ્ટિનું કારણ છે, જેમ કે :

વામદેવ ! હવે હું પ્રતિલોમ અર્થાત્ સોળ પ્રકારના અક્ષરવાળા હંસમાં પ્રણવની પ્રાપ્તિ કરું છું, તું સાવધાનીથી સાંભળ. વ્યંજન સકારનું હકારના વર્જનથી ઓમ્રૂપ સ્થૂળ પરમવાચક સૂક્ષ્મ, મહામંત્ર હોય છે, તત્ત્વદર્શી મુનિઓનું એવું કથન છે, હું તેમનો ઉદ્ધાર કરું છું. अ, अं, अः ત્રણેયના આદિ સ્વર અકારના પંદરમા સ્વરૂપને પ્રાપ્ત થવાથી આદિ હકાર વ્યંજનમાં એવી સ્થિતિ થવાથી તથા સોળમા રૂપમાં આદિમાં સકાર હોવાથી સોઽહં રૂપ મંત્ર જ છે, આ ઉદ્ધાર સૂક્ષ્મનું જ કારણ મહાસૂક્ષ્મ છે. આનું ઉલ્ટું હંસ જ થાય છે. તથા મકાર અર્થ શિવ જ છે. કારણ કે, તે સર્વનામ વિશુદ્ધ સ્વભાવ શિવની જ બુદ્ધિનો વિષય છે. આ શકત્યાત્મક મહામંત્રને શિવનો વાચક સમજો. ગુરુના ઉપદેશ– કાળમાં શકત્યાત્મક શિવ સોહં જ છે, આ મહામંત્ર હોવાથી. શકત્યાત્મક અને શિવાંશુ પશુ શિવના એકાક્ષરથી સામ્યભાગ થાય છે, શકત્યાત્મક અને શિવાંશુ થવાને કારણે શિવની સમાનતાનો ભાગી થાય છે, આ વાકય પ્રજ્ઞાનનો અર્થ દર્શાવે છે.

प्रतिलोमाात्मके हंसे वक्ष्यामि प्रणवोद्भवम् ।
तव स्नेहाद्वामदेव सावधानतया श्रृणु ॥१॥

व्यंजनस्य सकारस्य हकारस्य च वर्ज्जनात् ।
ओमित्येव भवेत्स्थूलो वाचकः पवमात्मनः ॥२॥

महामन्त्रस्य विज्ञेयो मुनिभिस्तत्वदर्शिभिः ।
तत्र सूक्ष्मो महामन्त्रस्तदुद्धारं वदामि ते ॥३॥

आद्ये त्रिपच्चरुपे च स्वरे षोडशके त्रिषु ।
महामन्त्रो भवेदादौ स सकारो भवेद्यदा ॥४॥

हंसस्य प्रतिलोमः स्यात्सकारार्थस्शिवः स्मृतः ।
शक्त्यात्मको महामन्त्रो वाच्यः स्यादिति निर्णयः ॥५॥

गुरुपदेशकाले तु सोहं शक्त्यात्मकशिवः ।
इति जीवपरो भूयान्महान्त्रस्तदा पशुः ॥६॥

शक्त्यात्मकस्शिवांशक्च शिवैक्याच्छिवसाम्यभाक् ।
प्रशानं ब्रह्मवाक्ये तु प्रज्ञानाथः प्रदृश्यते ॥७॥

પ્રણવ પંચાક્ષરનું મંત્રનું માહાત્મ્ય વર્ણવતાં કહ્યું છે કે...,

प्रो हि प्रकृतिजातस्य संसारस्य महादधेः ।
नवं नावांतरमिति प्रणवं वै विदुर्बुधाः ॥१॥

प्रः प्रपञ्चो न नास्ति वो युष्माकं प्रणवं विदुः ।
प्रकर्षेणनवेद्यस्मान्मोक्षं वा प्रणवं विदुः ॥२॥

स्वजापकानां योगिना स्वमन्त्रपूजकस्य च ।
सर्वकर्मक्षयं कृत्वा दिव्यज्ञानं तु नूतनम् ॥३॥

त्वमेव मायारहितं नूतनं परिचक्षते ।
प्रकर्षेण महात्मान नवं शुद्धस्वरूपकम् ॥४॥

नूतनं वै करोतीति प्रणवं तं विदुर्बुधाः ।
प्रणवं द्विविधं प्रोक्तं सूक्ष्मस्थूल विभेदतः ॥५॥

सूक्ष्ममेकाक्षरं विद्यात्स्थूलं पञ्चाक्षरं विदुः ।
सूक्ष्ममव्यक्तपञ्चार्णं सुव्यक्ताणे तथेतरान् ॥६॥

जीवनमुक्तस्य सूक्ष्मं हि सर्वसारं हि तस्य हि ।
मन्त्रेणार्थानुसंघानं स्वदेहिविलयावधि ॥७॥

સૂતજીએ કહ્યું – પ્રણવનો અર્થ કરું છું. પ્રકૃતિ દ્વારા પ્રકટ આ સંસારથી તારવા માટે નૌકારૂપ હોવાના કારણે તે પ્રણવ છે. 'પ્ર' થી પ્રપંચ 'ન' થી નહીં અને 'વ' થી તું માં અર્થાત્, પ્રાત્મામાં પ્રપંચ

નથી, આ અર્થ સમજવો. અથવા પ્રકૃષ્ટતાથી જપ કરનારા મોક્ષદાતા હોવાથી પ્રણવ કહેવાયા છે. પોતાના જપ કરનારા પોતાના અને મંત્રપૂજકોના કર્મોને ક્ષીણ કરીને દિવ્ય જ્ઞાન આપનારા હોવાથી પ્રણવ કહેવાયા. માયારહિત હોવાથી પ્રણવ નૂતન પણ કહેવાય છે. પ્રકૃષ્ટતાથી આ મહાત્માને નવીન સ્વરૂપવાળા બનાવી દે છે. અને નવીન કરી આપનારા હોવાથી પંડિત–જન આને પ્રણવ કપવ કહે છે. આના સ્થૂળ તેમજ સૂક્ષ્મ ભેદવાળા બે પ્રકાર કહેવામાં આવ્યા છે. એકાક્ષર પ્રણવ સૂક્ષ્મ અને પંચાક્ષર સ્થૂળ. સૂક્ષ્મ સ્વરૂપ અવ્યકત અને પંચાક્ષરવાળો વ્યકત મનાય છે. જીવન્મુકતને માટે બધાનો સાર સૂક્ષ્મ સ્વરૂપ જ છે. આ તેમના માટે હિતકારી છે. મંત્રના અનુસંધાન અને દેહાન્તમાં દેહમાં લય કરવો સૂક્ષ્મ ઉપાસના છે. છત્રીસ કોટિ મંત્ર જપવાળો પુરુષ યોગી બની જાય છે. સૂક્ષ્મના પણ બે ભેદ કહ્યા છે. હ્રસ્વ અને દીર્ઘ. અકાર, ઉકાર, મકાર અને બિન્દુ નાદ સહિત, જેમાં અર્ધચન્દ્ર બિન્દુ હોય છે, વર્ણ અને માત્રા હોતા નથી અને શબ્દ, કાળ અને કલાથી યુકત હોય છે. 'અઉમ્' કેવળ આ ત્રણ અક્ષરોને દીર્ઘ પ્રણવ કહેવાય છે. આ યોગીઓના હૃદયમાં વસે છે. જેમ કે :

षट्त्रिशंत्कोटिजापी तु निश्चयं योगमाप्नुयात् ।
सूक्ष्मं च द्विविध ज्ञेयं ह्रस्वदीर्घविभेदतः ॥८॥

अकारश्च उकारश्च मकारश्च ततः परम् ।
बिंदुनादयुतं तदुधि शब्दकाल कलान्वितम् ॥९॥

दीर्घप्रणवमेवं हि योगिनामेवहृद्गतम् ।
मकारं तं त्रितत्त्वं हि ह्रस्वप्रणव उच्यते ॥१०॥

शिवः शक्तिस्तयोरैक्यं मकारं तु त्रिकात्मकम् ।
ह्रस्वमेवं हि जाप्यस्स्यात्सर्वपापक्षयैषिणाम् ॥११॥

भवायुकनकार्णाद्याः शब्दाद्याश्च तथादश ।
आशान्वये दशापुनः प्रवृत्ता इति कथ्यते ॥१२॥

ह्रस्वमेव प्रवृत्तानां निवृत्तानां तु दीर्घकम् ।
व्याहृत्यादौ च मन्त्रादौ कामं शब्दकलायुतम् ॥१३॥

वेदादौ च प्रयोज्यंस्याद्वंदने संध्योरपि ।
नवकोटिकाऽजप्त्वा च संशुद्धः पुरुषो भवेत् ॥१४॥[પર]

તાત્પર્ય એ છે કે, શિવપુરાણમાં પણ ૐનું મહત્ત્વ સ્પષ્ટ થાય છે.

નિષ્કર્ષ એ છે કે, અગ્નિપુરાણમાં ઓમ્‌નું મહત્ત્વ સ્પષ્ટ થયું છે. કૂર્મપુરાણમાં ૐકાર સ્મરણ, અક્ષર, પરમતત્ત્વ છે. બધા ગુહ્ય પદાર્થોમાં ૐકાર રહેલો છે. ગરુડપુરાણમાં ૐકારના ઉચ્ચારણથી રોગો દૂર થાય છે. નારદપુરાણમાં ૐ અને अथ શબ્દને માંગલિક દર્શાવ્યા છે જે બ્રહ્માના કંઠમાંથી નીકળ્યાં છે. પદ્મપુરાણમાં ૐકારનો ઉલ્લેખ થયેલો છે. પ્રણવનું મહત્ત્વ દર્શાવાયું છે. ગાયત્રીનું વર્ણન કરવામાં આવ્યું છે. બ્રહ્મવૈવર્તપુરાણમાં શ્રીકૃષ્ણ કવચમાં પ્રણવનું મહત્ત્વ રજૂ થયું છે. બ્રહ્માંડપુરાણમાં ઓમ્ પરમતત્ત્વનું પ્રતીક છે તે બાબત સ્પષ્ટ કરવામાં આવી છે. ભવિષ્ય પુરાણમાં અધ્યયનની શરૂઆત ઓમ્‌થી કરવી જોઈએ. ઓમ્ પરબ્રહ્મનું પ્રતીક છે. ભાગવતપુરાણમાં ૐકાર જ પરબ્રહ્મનો વાચક છે તે બાબત સ્પષ્ટ કરવામાં આવી છે. મત્સ્યપુરાણમાં કહ્યું છે કે, ૐકાર શબ્દ તન્માત્રાથી ઉત્પન્ન થાય છે. માર્કણ્ડેય પુરાણમાં નારાયણની જીહ્‌વારૂપ સરસ્વતી ૐકારરૂપ હોય તેમ જણાય છે. ૐકારરૂપી પ્રતીક દ્વારા યોગીને મોક્ષ પ્રાપ્ત થાય છે. લિંગપુરાણમાં ઓંકાર પ્રણવ છે. તાર, સૂક્ષ્મ, શુક્ર, વિદ્યુત, બ્રહ્મ, ઈશાન, ભગવાન છે. વારાહપુરાણમાં ૐનો દરેક ક્રિયામાં ઉલ્લેખ છે. સત્યનું પણ મહત્ત્વ સમજાવવામાં આવ્યું છે. વામનપુરાણમાં ત્રણ માત્રાઓથી યુકત ઓંકાર છે. વાયુપુરાણમાં ૐકાર જ સર્વરૂપે રહેલો છે. ૐકાર ઉપાસના જ સર્વશ્રેષ્ઠ છે. વિષ્ણુપુરાણમાં ૐકારથી જ રાક્ષસોનો નાશ થઈ જાય છે તે બાબત વર્ણવી છે. સ્કન્દપુરાણમાં પ્રણવ સ્વરૂપ ૐકારનું મહત્ત્વ દર્શાવાયું છે. શિવપુરાણમાં ૐકારની નિરાકાર અને સાકાર ઉપાસના વર્ણવાયેલી છે. આમ, મહાપુરાણોમાં ૐકારનું સ્પષ્ટ સ્વરૂપ પ્રાપ્ત થાય છે.

## સંદર્ભ પ્રકરણ : ૧ – ૩ – ૩ : મહાપુરાણો :

१. अग्निपुराण अ. १२४, १-२३ ।

२. ॐ ह्रीं कर्णमोटनि बहुरूपे बहुद्रंष्ट्रे इ फट । ॐ हः
ॐ ग्रस ग्रस कृन्त छक छक हूं फट् नमः ॥
पठयमानो हययं मन्त्रः क्रुद्धैः संरक्तलोचनैः ।
मारणे यातने वापि मोहनोच्चाटने भवेत् ॥
अग्निपुराण - अ. १२५-१ ।

३. अग्निपुराण, अ. १६१, १-३१ ।

४. ॐकारं यो विजानाति स योगी स हरि पुमान् ।
ॐकारमभ्यसेत् तस्मान्मन्त्रसारं तु सवेदम् ॥
अग्निपुराण - अ. २१५-१ ।

५. अग्निपुराण - अ. २१५, २-४९ ।

६. अग्निपुराण - अ. ३७४, १-३४ ।

૭. ચિદાનંદમયી મા ગાયત્રી; પૃ. ૧૪૭

८. बुद्धिपूर्वँ प्रवर्त्तन्ते मुख्याद्या मुनिपुंगवाः ।
अग्रे ससर्ज्ज वै ब्रह्मा मानसानात्मनः समान् ॥

सनकं सनातनं चैव तथैव च सनन्दनम् ।
क्रतुं सनत्कुमारं च पूर्वमेव प्रजापतिः ॥

पञ्चैते योगिनो विप्राः परं वैराग्यमाश्रिताः ।
ईश्वरासक्तमनसो न सृष्टौ दधिरे मतिम् ॥

तेष्वेवं निरपेक्षेषु लोकसृष्टौ प्रजापतिः ।
मुमोह मायया सद्यो मायिनः परमेष्ठिनः ॥

संबोधयामास च तं जगन्मायो महामुनिः ।
नारायणो महायोगी योगिचित्तानुरञ्जनः ॥

बोधितस्तेन विश्वात्मा तताप परमं तपः ।
स तप्यमानो भगवान्न किञ्चित्प्रत्यपद्यत ॥

ततो दीर्घेण कालेन दुःखात्क्रोधोऽभ्यजायत ।
क्रोधाविष्टस्य नेत्राभ्यां प्रापतन्नश्रुबिन्दवः ॥

भ्रूकुटीकुटिलात्तस्य ललाटात्परमेष्ठिनः ।
समुत्पन्नो महादेवः शरण्यो नीललोहितः ॥

स एव भगवानीशस्तेजोराशिः सनातनः ।
यं प्रपश्यन्ति विद्वांसः स्वात्मस्थं परमेश्वरम् ॥

ओंकारं समनुस्मृत्य प्रणम्य च कृताञ्जलिः ।
तमाह भगवान् ब्रह्मा सृजेमा विविधाः प्रजाः ॥

कूर्मपुराण : ७ / १९ - २८ ।

૯. ओंकारं समनुस्मृत्य संस्तभ्यात्मानमात्मना ।
अथर्वशिरसा देवं तुष्टाव च कृताञ्जलिः ॥

कूर्मपुराण : ९ / ६६ ।

૧૦. अविद्या नियतिर्माया कलाद्याः शतशोऽभवत् ।
त्वं हि सा परमा शक्तिरनन्ता परमेष्ठिनी ॥

सर्वभेदविनिर्मुक्ता सर्वभेदाश्रयाश्रया ।
त्वमधिष्ठाय योगेशि महादेवो महेश्वरः ॥

प्रधानाद्यं जगत्सर्वँ करोति विकरोति च ।
त्वयैव सङ्गतो देवः स्वात्मानन्दं समश्नुमते ॥

त्वमेव परमानन्दस्त्मेवानन्ददायिनी ।
त्वमक्षरं परं व्योम महज्ज्योतिर्निरञ्जनम् ॥

शिवं सर्वगतं सूक्ष्मं परं ब्रह्म सनातनम् ।
त्वं शक्र : सर्वदेवानां ब्रह्मा ब्रह्मविदामसि ॥

वार्युबलवतां देवि योगिनां त्वं कुमारकः ।
ऋषीणाञ्च वसिष्ठस्त्वं व्यासो वेदविदामसि ॥

सांख्यानां कपिलो देवो रुद्राणाञ्चापि शंकरः ।
आदित्यानामुर्पेद्रस्त्वं वसूनाञ्चैव पावकः ॥

वेदानां सामवेदस्त्वं गायत्रीच्छन्दसामसि ।
अध्यात्मविद्या विद्यानां गतीनां परमा गतिः ॥

माया त्वं सर्वशक्तीनां कालः कलयतामसि ।
ओंकारः सर्वगुह्यानां वर्णानाञ्च द्विजोत्तमः ॥

कूर्मपुराण : १२ / २११ - २१९ ॥

११. ओंकार शब्दो विप्राणां येन राष्ट्रं प्रवर्द्धते ।
स राजा वर्द्धते योगाद् व्याधिभिश्य न बध्यते ॥
गरुड महापुराण - भाग-१ - १५; पृ. ३५९ ।

૧૨. ઋગ્વેદાદિભાષ્ય, દયાનંદ સરસ્વતી; પૃ. ૧૨૨.

૧૩. ॐ પ્રણવોપાસના; પૃ. ૧૪૧.

૧૪. સાધનાના સોપાન પગથી – ૧૨; પૃ. ૬.

૧૫. अथातः संप्रवक्ष्यामि कल्पग्रंथं मुनीश्वर ।
यस्य विज्ञानमात्रेण स्यात् कर्म कुशलो नरः ॥

नक्षत्र कल्पो वेदानां संहितानां तथैव च ।
चतुर्थः इस्यादंगिरसः शांति कल्पश्च पञ्चमः ॥

नक्षत्राधीश्वराख्यातं विस्तेरण यथातथम् ।
नक्षत्र कल्पे निर्दिष्टे ज्ञातव्यं तदिहापि च ॥

वेदकल्पे विधानं तु ऋगादीनां मुनीश्वर ।
धर्मार्थ काममोक्षाणां सिद्धयै प्रोक्तं सविस्तरम् ॥

मन्त्राणामृषयश्चैव छन्दांस्यथ च देवताः ।
निर्दिष्टाः संहिताकल्पे मुनिभिस्तत्वदर्शिभिः ॥

तथैवांगिरसे कल्पे षटकर्माणि सविस्तरम् ।
अभिचारविधानेन निर्दिष्टानि स्वयंभुवा ॥

शांतिकल्पे तु दिव्यानां भौमानां मुनिसत्तम ।
तथांतरिक्षोत्पातानां शांतयो ह्यु दिताः पृथक् ॥

संक्षेपेणैतदुद्दिष्टं लक्षणं कल्पलक्षणे ।
विशेषः पृथगेतेषां स्थितः शाखांतरेषु च ॥

गृह्यकल्पे सर्वोषामुपयोगितयाऽधुना ।
वक्ष्यामि ते द्विजश्रेष्ठ सावधानतया श्रृणु ॥

ॐकारश्चाथ शब्दश्च द्वावेतौ ब्रह्मणः पुरा ।
कंठंभित्वा विनिर्यातौ तस्मान्मांगल्यकाबुभौ ॥

कृत्वा प्रोचानि कर्माणि तदढूर्द्धानि करोति यः ।
सोऽथ शब्दं प्रयुंजीत तदानंत्वार्थमिष्यते ॥

कुशाः परिसमूहाय सप्त शाखा प्रकीर्तिताः ।
न्यूनाधिका निष्फलाय कर्मणोभिमतस्य च ॥

कृमकीटपतंगाद्या भ्रमति वसुधातलम् ।
तेषां संरक्षणार्थाय प्रोक्तं परिसमूहनम् ॥

रेखाः प्रोच्काश्च यास्तिस्त्रः कर्तव्यास्ताः समा द्विज ।
न्यूनाधिका न कर्तव्या ईत्येव परिभाषितम् ॥

नारदपुराण : १ - १४ ॥ पृ. २५८ - २६० ॥

१६. नारायणं नमस्कृत्य नरञ्चैव नरोत्तमम् ।
देवो सरस्वतीञ्चैव ततो जयमुदीरयेत् ॥

ॐ स्वच्छ चन्दन्वदातं करिकरमकरक्षोभ सञ्जातफेन ।
ब्रह्मोदभूतिप्रसक्तैर्व्रतनियमपरै सेवितः विप्रमुख्यैः ॥

ओंकारालकृतेन त्रिभुवनगुरुणा ब्राह्मणा दृष्टिपूतं,
सम्भोगाभोगरम्य जलमशुभहर व पुनातु ॥

पद्मपुराण, सृष्टिखण्ड, मंगलाचरण - १ ॥

१७. तत्तेऽहं कथयिष्यामि यथाभक्ति यथाश्रुति ।
यद्विज्ञातं मया सम्यगृषिमार्गेण सत्तम् ॥

क समुत्सहते ज्ञातुं परं नारायणात्मकम् ।
विश्वावितारं ब्रह्मांय न वेदयति तत्वतः ॥

तत्कर्मविश्वदेवानां स तद्रहस्य महर्षिषु ।
स ईज्यस्सर्वयज्ञानां स तत्वं तत्वदर्शिनाम् ॥

अध्यात्मध्यात्मविदां नरकं च विकर्मिणाम् ।
अधिदवंचतदैवतधिदैवतसंज्ञितम् ॥

अधिभूतं च तद्भुतं परं च परमार्थिनाम् ।
स यज्ञो वेदनिर्दिष्टस्तत्तपः कवयो विदुः ॥

यः कर्ता कारको बुद्धिर्यतः क्षेत्रज्ञ एव च ।
प्रणवः पुरुष, शास्ता एकश्चेति विभाव्यते ॥

प्राण, पञ्चविधश्चव ध्रुवमक्षरमेव ।
कालः पाकश्च यज्ञश्च यष्टा चाधीतमेव च ॥

उच्यते विविधैर्भावैः स एवायं तु तत्परम् ।
स एव भगवान्सर्वं करोति न करोति च ॥

सोऽस्मिन्कारयते सर्व स्थानिनां च कृतिः कृताः ।
यजामहे तमेवाद्यं स एवोत्थाननिर्वृतः ॥

यत्सत्यं यदनृतमादिमथ्यभूतंयच्चान्त्यं निरवधिकचयद्भविष्यम् ।
यत्किच्चित्चरमचरंयदस्तिचान्यत्सर्वतंत्पुरुषवरः प्रधानभूतः ॥

चत्वार्य्याहुः सहस्राणि वर्षाणां तत्कृतंयुगम् ।
तस्य तावच्छती सस्ध्या द्विगुणा कुरुनन्दन ॥

यत्र धर्मश्चतुष्मादस्वधर्मः पादविग्रहः ।
स्वधर्मनिरताः शान्ता जायन्ते यत्र मानवाः ॥

विप्राः स्थिता धर्मपरा राजवृत्तिस्थिताः नृपाः ।
कृष्यामभिरता वेरताः शुश्रुषवस्तया ॥

तदा सत्यं च धर्मचैव विवर्धत ।
संद्भिराचरितो धर्मोयेन लोकः प्रवर्तते ॥

पद्मपुराण, पद्मका आविर्भाव - १-१४ ॥

१८. विरहेण हरस्तस्या मत्वा शून्यं जगत्त्रयम् ।
स तस्यहिमशैलस्य कन्दरे सिद्धसेविते ॥

प्रतीक्षमाणस्यन्म किञ्चत्कालं निवत्स्यति ।
तयोः सुतस्तपसार्भवितायोमहास्सुतः ॥
भविष्यति स दैत्यस्य तारकस्य विनाशकः ।
जातमात्रा च सा देवी स्वल्यसंज्ञेव भामिनी ॥

तयोः संयुक्तयोस्तस्मात्सुरतासक्तिकारणे ।
विघ्न त्वया विधातव्यं यथा ताभ्यां तथा श्रृणु ॥

गर्भस्थमेव तस्मातुः स्वेनरुपेण संज्ञया ।
ततो विहस्य शर्वस्तां विषण्णो नमपूर्वकम् ॥

भर्त्सयिष्यति तां देवीं ततः सा कुपिता सती ।
प्रयास्यति तपश्चततः सा तपसा युता ॥

जनयिष्यति तं सर्वादमितद्यु तिमण्डलम् ।
सम्भविष्यति हन्ताऽसौ सुरारीणामसंशयम् ॥

त्वयापि दानवा देवि हन्तवा लोकदुर्जयाः ।
यावत्सुरेश्वरी देहसङ्क्रान्तगुणसंचया ॥

तत्सङ्गमेन तावत्वं दैत्यान्हन्तुं न शक्यसे ।
एवं कृते तपस्तप्त्वा त्वयासर्व करिष्यति ॥

समाप्तनियमा देवि यदा चोमा भविष्यति ।
तदा स्वमेव सारुपं शैलजा प्रतिपत्स्यते ॥

तदा त्वयापि सहिता भवानी सा भविष्यति ।
रुपांशेनतुसंयुक्ताउमायास्त्वं भविष्यसि ॥

एकोऽनशेति लोकस्त्वां वरदे पूजयिष्यति ।
भेदैर्बहुविधाकारैः सर्वगांकामसाधिनीम् ॥

ओंकारवक्त्रा गायत्री त्वमिति ब्रह्मवादिभिः ।
आक्रान्तैरुर्जिताकाराजभिश्चमहाभुजैः ॥

त्वंभूरिति विशां माता शद्रैश्शैवेति पूजिता ।
क्षान्तिर्मुनीनाम क्षोभ्यादयानियमनामपि ॥

त्वं महोपायन्देहो नीतिर्नयविसर्पिणाम् ।
परिचितिस्त्वमर्थानांत्वमीहाप्राणिहृच्छया ॥

त्वं मुक्तिस्सर्वभूतानां त्वं गतिः सर्वदेहिनाम् ।
रतिस्त्वं रतचित्तानां प्रीतिस्त्वं हृदि देहिनाम् ॥

त्वं कीर्तिः सत्यभूतानां त्वं शान्तिदृष्टकर्मणाम् ।
त्वं भ्रान्तिः सर्वभूतानां त्वं गतिः क्रतुयाजिनाम् ॥

जलधीनां महावेलात्वं च लीला विलासिनी ।
प्रियकण्ठग्रंहानन्ददायिनी त्वं विभावरी ॥

इत्येनेकविधैर्देवी रुपर्लोक वमर्चिता ।
ये त्वां स्तोष्यन्ति वरदे पूजयिष्यन्ति चापि ये ।
ते सर्वकामानाप्त्यन्ति नियता नान्न संशयः ॥

ईत्युक्ता तु निशादेवी तथेत्युक्त्वा कृताञ्जलिः ।
जगाम त्वरिता तूर्ण गृहं हिमगिरेर्महत् ॥

पद्मपुराण, सर्वदेवकृत ब्रह्मस्तोत्र, २७-४८ । पृ. २९८ - ३०१ ॥

१९. महायोगी महाज्ञानी परं निर्वाणक व्रजेत् ।
सन्ध्याकाले मुनर्न्यासं श्रुणुत्वं तद्यथार्थतः ॥

ॐ भूरिति हृदये न्यस्य ॐ भुवश्शिरसि न्यसेत् ।
ॐ स्वः शिखायै तत्सवितुर्वरेण्यमिति कलेवरे ॥

ॐ भर्गोदेवस्य धीमहीति नेत्रयोः ।
ॐ धियो योनः प्रचोदयादिति करयैर्न्यसेत् ॥

ॐ आपो ज्योतीरसोऽमृत ब्रह्मभूर्भुस्वः स्वरोम् ।
ईत्यकस्पर्शमात्रेण पापात्पूतो प्रजेद्धरिम् ॥

ॐ भूः ॐ भुवः ॐ स्वः ॐ महः ॐ जनः ॐ तपः ॐ सत्यम् ।
ॐ तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि धियो यो नः प्रचोदयात्
ॐ आपो ज्योती रसोऽमृतं ब्रह्म भूर्भुवः स्वरोम् ॥

ईति स व्याहृति सप्रणवाँ दशोंकाराँ सन्ध्याकालेकुम्भकेन
वारत्रयं जप्त्वा सूर्योपस्थाने सावित्री चतुर्विंशत्यक्षराँजप्त्वा
महाविद्याधिको भवति ब्रह्मत्वं लभते ।
याँ ज्ञात्वा तु परं ब्रह्मस्थानं गच्छति वै द्विजः ।
ओंतत्सवितुर्वरेण्यं भर्गोदेवस्यधीमहि धियो यो नः प्रचोदयात् ॥

पद्मपुराण ब्राह्मणके लक्षल और महिमा : ४४-५०. ॥ पृ. ३६८ - ३६९ ॥

२०. ब्रह्मपुराण - ६१ / १ - ५७ / पृ. १७० - १७३

२१. श्रृणु वक्ष्यामि ब्रह्मेश धर्मेदं कवचं परम् ।
अहं दास्यामि युष्मभ्यं गोपनीयं सुदुर्लभम् ॥

यस्मै कस्मै न दातव्यं प्राणतुल्यं ममैव हि ।
यत्तेजो न दातव्यं तत्तेजः कवचेऽपि च ॥

कुरु सृष्टिमिमं धृत्वा धाता त्रिजगतां च भव ।
संहर्त्ता भव हे शम्भो मम तुल्यो भवे भव ॥

हे धर्म त्वमिमं धृत्वा भव साक्षी च कर्मणाम् ।
तपसां फलदाता च यूयं भवत मद्वरात् ॥

ब्रह्माण्डपावनस्यास्य कवचस्य हरिः स्वयम् ।
ऋषिरछन्दश्च गायत्री देवोऽहं जगदीश्वरः ॥

धर्मार्थकाममोक्षेषु विनियोगः प्रकीर्तितः ।
त्रिलक्षवारपठनात् सिद्धिदं कवचं विधे ॥

यो भवेत् सिद्धकवचो मम तुल्यो भवेत्तु सः ।
तेजसा सिद्धियोगेन ज्ञानेन विक्रमेण च ॥

प्रणवो मे शिरः पातु नमो रासेश्वराय च ।
भालं पायान्नेत्रयुग्मं नमो राधेश्वराय च ॥

कृष्णः पायात् श्रोत्रयुग्मं हे हरे घ्राणमेव च ।
जिह्विकां वह्निजाया तु कृष्णायेति च सर्वतः ॥

श्रीकृष्णाय स्वाहेति च कण्ठं पातु षडक्षरः ।
ह्रीं कृष्णाय नमो वक्त्रं क्लीं पूर्वश्च भुजद्वयम् ॥

नमो गोपाङ्गनेशाय स्कन्धावष्टाक्षरोऽवतु ।
दन्तपंक्तिमोष्ठयुग्मं नमो गोपीश्वराय च ॥

ॐ नमो भगवते रासमण्डलेशाय स्वाहा ।
स्वयं वक्षःस्थलं पातु मन्त्रोऽयं षोडशाक्षरः ॥

ऐं कृष्णाय स्वाहेति च कर्णयुग्मं सदाऽवतु ।
ॐ विष्णवे स्वाहेति च कङ्कालं सर्वतोऽवतु ॥

ॐ हरये नम इति पृष्ठं पादं सदाऽवतु ।
ॐ गोवर्द्धनधारिणे स्वाहा सर्वशरीरकम् ॥

प्राच्यां मां पातु श्रीकृष्ण आग्नेय्यां पातु माधवः ।
दक्षिणे पातु गोपीशो नैर्ऋत्यां नन्दनन्दनः ॥

वारुण्यां पातु गोविन्दो वायव्यां राधिकेश्वरः ।
उत्तरे पातु रासेश ऐशान्यामच्युतः स्वयम् ॥

सन्ततं सर्वतः पातु परो नारायणः स्वयम् ।
इति ते कथितं ब्रह्मन् कवचं परमाद्भुतम् ॥

मम जीवनतुल्यं च युष्मभ्यं दत्तमेव च ॥

अश्वमेघसहस्राणि वाजपेयशतानि च ।
कलां नार्हन्ति तान्येव कवचस्यैव धारणात् ॥

गुरुमभ्यर्च्य विधिवद्वस्त्रालङ्कारचन्दनैः ।
स्नात्वा तं च नमस्कृत्य कवचं धारयेत् सुधीः ॥

कवचस्य प्रसादेन जीवन्मुक्तो भवेन्नरः ।
यदि स्यात् सिद्धकवचो विष्णुरेव भवेद् द्विज ॥

ब्रह्मवैवर्तपुराण ब्रह्मखण्ड महापुरुषब्रह्माण्डपावन नामक
श्रीकृष्णकवच / १९ - ३८ ॥

२२. श्री ब्रह्माण्डपुराण, अनुषंग पाद, पृ. १० ॥

२३. श्री ब्रह्माण्डपुराण, परिशिष्ट, पृ. १७८ - १७९ ॥

२४. बहमारं भेदऽतसाने च पादौ पूज्यो गुरोः सदा ।
संहृत्य हस्तावध्येयं स हि ब्रह्माञ्जलिः स्मृतिः ॥

व्यत्यस्तपाणिना कार्ममुपसंग्रहणं गुरोः ।
सव्येन सव्यः स्पृष्टव्यो दक्षिणेन तु दक्षिणः ॥

अध्येष्माणं तु गुरुर्नित्यकालमतंद्रित ।
अधीष्व भो ईति बू याद्वियमोऽस्त्यिति वारयेत् ॥

ब्रह्मण प्रणवं कुर्यादावंते च सर्वदा ।
स्त्रवत्यनोकृतं पूर्व परस्ताच्च विशीर्यते ॥

श्रूयतां चापि साजेंद्र यथोकारं द्विजोडहति ।
प्राक्कूलान्पर्युपासीनः पवित्रैश्चैव पावितः ॥

प्राणायिमैस्त्रिभिः पूतस्ततस्त्वोंकारमर्हति ।
ॐकारलक्षणं चापि श्रृणुष्व कुशुनन्दनः ॥

अकारं चात्युकारं च मकारं च प्रजापतिः ।
वेदक्षयात्तु निर्गुह्य भूर्भुवः स्वस्तीति च ॥

त्रिभ्य एव तुवेदेभ्य यदंपादमददुहत् ।
तदित्यृचोऽस्याः सावित्र्या परमेष्ठी प्रजापतिः ।।

एतक्षरमेताँ च जपन्व्याहृतिपूर्विकाम् ।
संध्ययोरुभयोर्विप्रो वेद पुण्येन युज्यते ।।

सहस्त्रकृत्वस्त्वभ्यस्व बहिरेतन्त्रिकं द्विजः ।
महतोऽप्येनसोभमात्वचेवाहर्विमुच्यते ।।

एतदृर्चा विसंयुक्तः काले च क्रियया स्वया ।
विप्रक्षत्रियविड्योनिर्गैहंणां याति साधुषु ।।

श्रृणुष्यैकमनाराजन्यरमं ब्राह्मणो मुखम् ।
ॐकारपूर्विकास्तिस्त्रो महाव्याहृतयोऽव्ययाः ।।

त्रिपदा चैव सावित्री विज्ञेया ब्रह्मणो मुखम् ।
योऽधीतेऽहन्यहग्येतां त्रीणि वर्षाण्यतंद्रितः ।।

स ब्रह्म परमभ्येति वायु भूतः स्वमूर्तिमान् ।
एकाक्षरं परं ब्रह्म प्राणायामः परंतपः ।।

सावित्र्यास्तु परं नास्ति मोनात्सत्यं विशिष्यते ।
तपः क्रिया होमक्रिया तथा दानक्रिया नृप ।।

अक्षयाँताः सदा राजन्यथाह भगवानमनुः ।
अवरं त्वक्षरं ज्ञेय ब्रह्मा चैव प्रजापितः ।।

विधियज्ञात्सदा राजज्पपज्ञौ विशिष्यते ।
मानाविद्यैर्गुणोदृशैः सूक्ष्माख्यातैनृपोत्तमः ।।

उपाशुंः स्याल्लक्षगणः साराहस्त्रो मानसः स्मृतः ।
ये पाकज्ञाश्चात्वारो विधियज्ञेन चान्विताः ।।

सर्वे ते जपयज्ञस्य कलां नार्हन्ति षोडशीम् ।
जपादेव तु सांसध्येद्ब्राह्मणो नात्र संशयः ॥

कुर्यादन्यन्न वा कुर्यान्मैमो ब्राह्मण उच्यते ।
पूर्वा संध्या जपस्तिष्ठेत्सावित्रीमार्कँ दर्शनात् ॥

पश्चिमां तु समासीनः सम्यगृक्षविभावनात् ।
दिनस्यादौ भवेत्पूर्वाँ शर्वर्यादो तथा परः ॥

सकक्षता पना ज्ञेया अपरा सादिवाकरा ।
जपस्तिष्ठन्पराँ सऽता नैशमेनो व्यपोहित ॥

भविष्यपुराण, सावित्रीमाहात्म्य / ८ - २९ / पृ. ७४ - ७७ ॥

२५. भागवतपुराण - अ. / १२ / ३७ - ४४ ॥

२६. मनः सृष्टि विकुरुते चोद्यमानं सिसृक्षया ।
ओंकारशब्दतन्मात्रादभूच्छब्दगुणात्कम् ॥

आकाशविकृतेर्वायुः शब्दस्पर्शगुणोऽभवत् ।
वायोश्च स्पर्शतन्मात्रात्तेजश्चाविरभूत्ततः ॥

त्रिगुणंत्तद्विकारेणतच्छब्दस्पर्शरूपवत् ।
तेजोविकारादभवद्वारि राजश्चतुगुर्णम् ॥

रसतन्मात्रासभ्भूतं प्रायोरसगुणात्कम् ।
भूमिस्तु गन्धतन्मात्रादभूत्पञ्चगुणान्विता ॥

प्रायोगन्धगुणा सातु वृद्धिरेषा गरीयसी ।
एभिः सम्पादितं भुङ्क्तेपुरुषः पञ्चविंशक : ॥

मत्स्यपुराण - सृष्टिप्रकरण : २३ - २७ / पृ. ५०-५१ ॥

२७. मार्कण्डेयपुराण - पृ. १५८ - १६० ॥

૨૮. एवयोवर्त्तयोगीसम्यन्योगव्यस्थितः ।
नसव्यावर्तितुंशण्योजन्मान्तरशतैरपि ॥

दृष्टवाचपरमात्मानंप्रत्यक्षंविश्वरुपिम् ।
विश्वसादशिरोग्रावंविश्वेशविश्यभावम् ॥

तत्प्राप्तयेमपत्पुण्यमोमित्येकाक्षरंजपेत् ।
तदेवाध्ययनतस्यस्वरुपश्रृण्वः परम् ॥

अकारश्चतथोकारोमकारश्चाक्षरत्रयम् ।
एताएवत्रयोमात्राः सात्वराजसतामसाः ॥

निर्गुणायोगिम्याऽन्याचार्धमात्रोध्वंसस्थिता ।
गान्धारेतिचविज्ञेयागान्धारस्वरसंश्रया ॥

पिपीलिकागतिस्यर्शाप्रयुक्तामूर्ध्निलक्ष्यते ।
यथाप्रयुक्तओङ्कारः प्रतिनिर्य्याँतिमूद्धनि ॥

तथोङ्कपमयोयोगीत्वक्षरत्वक्षरोभत् ।
प्राणोधनुः शरोह्यात्मा ब्रह्मवेध्यमनुत्तमम् ॥

अंप्रमत्तेनवैद्धव्यशरवत्तन्मयोभवेत् ।
ओभित्येतत्रयोवेदास्त्रयोलोकास्त्रयोऽनयः ॥

विष्णुर्ब्रह्माहरश्चैवऋक्सामानियजूषिच ।
मात्राः साद्धाँश्चतिस्त्रश्चविज्ञेयाः परमार्थतः ॥

तत्रयुक्तस्तुयोयोगीसतल्लयमवाप्नुयात् ।
अकारस्त्वथभूर्लोक उकारश्चोज्यतेभुदः ॥

सव्यञ्जनोमकारश्चस्वर्लोकः परिकल्प्यते ।
व्यक्तातुप्रथामात्रा द्वितीय व्यक्तपञ्ज्ञिता ॥

मात्रा तृतीयाचिच्छक्तिरर्धमात्रापरपदम् ।
अनेनैवक्रनेणैताविज्ञेयायोगभूमयः ॥

ओमित्युच्चारणात्सर्वगृहीतंसदसद्भवेत् ।
हनस्वातुप्रथमामां द्वितीयादैध्यसंतुता ॥

तृतीयाचप्लुतार्धाख्यावचसः सानगोचरा ।
ईत्येतदक्षर ब्रह्मापरमोंकारसंज्ञितम् ॥

यस्तुवेदनरः सम्यक्तयाध्यायतिवापुनः ।
संसारचक्रमुत्सृज्यन्त्यक्तत्रिविधवन्धनः ॥

मार्कण्डेयपुराण : ओंकार स्वरुपकथन / १ - १५ / पृ. २७२ - २७३ ॥

२९. भूतानि च तथा सूर्यः सोमश्चाष्टौ ग्रहास्तथा ।
प्राणः कालो यमो मृत्युरमृतः परमेश्वरः ॥

भूतं भव्यं भविष्यच्च वर्तमानं महेश्वरः ।
विश्वं कृत्स्नं जगत्सर्वँ सत्यं तस्मै नमो नमः ॥

त्वमादौ च तथा भूतो भूर्भुवः स्वस्तथैव च ।
अन्ते त्वं विश्वरुपोऽसि शीर्षँ तु जगतः सदा ॥

ब्रह्मैकस्त्वं द्वित्रिधार्थमधश्च त्वं सुरेश्वरः ।
शांतिश्च त्वं तथा पुष्टिस्तुष्टिश्चाप्यहुतं हुतम् ॥

विश्वं चैव तथाशिवं दत्तं वादत्तमीश्वरम् ।
कृतं चाप्यकृतं देवं परमप्यपरं ध्रुवम् ॥

परायणं चैव ब्रह्मसतामपि शरम् ।
अपामसोममृता तभूमागन्म ज्योतिरविदाम देवान् ॥

किं नूनमस्मान्कृणवरातिः किमु धर्तिरमृत मर्त्यस्य ।
एतज्जगद्धितं दिव्यमक्षरं सूक्ष्ममव्ययम् ॥

प्राजापत्यं पवित्रं च सौम्यमग्राह्यमव्ययम् ।
अग्राह्येणापि वा ग्राह्यं वायव्येन समीरणः ॥

सौम्येन सौम्यं ग्रसते तेजसा स्वेन लर्लीया ।
तस्मै नमोऽपसंहर्त्रे महाग्रासाय शूलिने ॥

हृदिस्था देवताः सर्वा हृदि प्राणे प्रतिष्ठिताः ।
हृदि त्वमसि योनित्यः तिस्त्रो मात्रः परस्तु सः ॥

शिरश्चोत्तरतश्चैव पादौ दक्षिणतस्तथा ।
यः वै चोत्तरतः साक्षात्स ओकारः सनातनः ॥

ओंकारो यः स एवेह प्रणवो व्याप्य तिष्ठति ।
अनन्तस्तारसूक्ष्मं च शुक्लं वैद्युतमेव च ॥

परं ब्रह्म स ईशान एको रुद्रः स एव च ।
भवान्महेश्वरः साक्षान्महादेवो न संशयः ॥

ऊर्ध्वमुन्नामयत्येव स आकारः प्रकीर्तितः ।
प्राणानवति यस्तस्मात् प्रणव परिकीर्तितः ॥

सर्वँव्याप्नोति यस्तस्मात्सर्व व्यापी सनातनः ।
ब्रह्मा हरिश्च भगवानाद्यर्त नोपलब्धवान् ॥

तथान्य च ततोऽनंता रुद्रः परमकारणम् ।
यस्तारयति संसारात्तार ईत्यभिधीयते ॥

सूक्ष्मो भूत्वा शरीराणि सर्वदा ह्यधितिष्ठति ।
तस्मात्सूक्ष्मः समाख्यातो भगवान्नीललोहितः ॥

नीलश्च लोहितश्चैव प्रधानपुरुषान्वयात् ।
स्कन्दतेऽस्य यतः शुक्रं तथा शुक्रमुपैति च ॥

विद्योतयति यस्तस्माद्वैद्युतः परिगीयते ।
वृहत्वाद्वृंहणत्वाच्च ब्रंहते च परावरे ॥

तस्माद्बृंहति यस्माद्धि परं ब्रह्मेति कीर्तितम् ।
अद्वितीयोऽथ भगवांस्तुरीयः परमेश्वरः ॥
ईशानमस्य जगतः स्वदशां चक्षुरीश्वरम् ।
ईशानमिंद्रसूरयः सर्वेषामपि सर्वदा ॥
ईशानः सवं विधानां यत्तदीशान उच्यते ।
यदीक्षते च भगवान्निरीक्ष्यमिति चाज्ञया ॥
आत्मज्ञानं महादेवो योनं गमयति स्वयम् ।
भगवाँश्चोच्यते देवो देवदेवो महेश्वरः ॥
सर्वाँल्लोकान्क्रमेणैव यो गृहणति महेश्वरः ।
विसृवजत्येष देवेशो वासयत्यपि लीलया ॥

लिंगपुराण - द्वितीयखण्ड - ब्रह्मादि देवो द्वारा /
२ - २५ / पृ. २६४ - २६७ ॥

૩૦. आदौ कृतयुगे नाथ किं कृतं विश्वमूर्तिना ।
नारायणेन तत्सर्व श्रोतुमिच्छामि तत्त्वतः ॥
पूर्वं नारायणस्त्वेको नासीत् किंचिद्धरे परम् ।
सैकएव रतिं लैभे नैव स्वच्छन्द कर्म कृत् ॥
तस्य द्वितीयमिच्छातश्चिन्ता बुद्धयात्मिका वुभौ ।
अभावेत्येव संज्ञा या क्षणं भास्कर सन्निभा ॥
तस्यापि द्विविधा भूता चिन्ताभद ब्रह्मवादिनः ।
उमेति संज्ञया यत्तत्सदा मर्त्ये व्यवस्थिता ॥
ओमित्येकाक्षरीभूता च सर्जेमां महींन्तदा ।
भूः ससर्ज भुवं सोऽपि ससर्ज च ततो महः ॥
ततश्च जन इत्येव ततश्चात्मा प्रलीयते ।
एतदोतं तथा प्रोतं सूत्रे मणिगणा इव ॥
जगत प्रणवतो भूतं शून्यमेतत्स्थिते तदा ।
येयं मूर्तिर्भगवतः शङ्करः स स्वयं हरिः ॥

वाराह पुराण : ९ - मत्स्यावतारवर्णन, १ - ७ । पृ. ८८ - ८९ ।

૩૧. कनकादीनि रत्नानि यौवनस्था च कामिनी ।
तत्र चित्तं न कर्तव्यमेवं विष्णुः प्रभाषते ॥

दृष्ट्वा परस्य भाग्यानि आत्मनो व्यसनं तथा ।
तत्र मन्युर्न कर्तव्यं एवं धर्म सनातनः ॥

एवं ततः श्रावयति दीक्षाकामं वसुन्धरे ।
छत्रं चोपा नह चैव मनसा चोप कल्पयेत् ॥

द्वे द्वे औदुम्बरस्य पत्रे वेदिमध्ये तु स्थापयेत् ।
क्षुरं चैव वराहेहे जल पूर्ण च भाजनम् ॥

ममा वाहन पूर्व तु मन्त्रेण विधिनार्च्चयेत् ॥

मन्त्र - ॐ सप्तसागराश्च सप्त द्वीपानि सप्त पर्वताश्च दश स्वर्ग-
सहस्राश्च समताश्च नमोऽस्तु सर्वास्ते हृदये वसन्ति यश्चैतद्-
वर्षति पुन्नरुन्नमति ॥

भगवान् वासुदेव ममैतत्सारय युक्तं वराह रूप सृष्टेन पृथिव्यां
मन्त्रानु स्मरणं च य आज्ञापयानुभावनास्माकंमाज्ञप्तमनुचिन्तयित्वा
भगवन्नागच्छ दीक्षाकाम विप्रस्त्वत्प्रसादात्तु दीक्षति ॥

एतन्मन्त्र मुदाहृत्य शिरसा जानुभ्याम गतेन भवितव्यं ।
ॐ स्वागतं स्वागतवानिति ॥

तत एतेन मन्त्रेण आनयित्वा वसुन्धरे ।
अर्ध्य पाद्य च दातव्यं मन्त्राण विधिनिश्चयात् ॥

मन्त्र अकृतघ्ने देवासुराकृतघ्न रुद्रेण ब्राह्मणाय च लब्धं ।
सर्वमिमां भगवतेऽस्तु दत्तं प्रतिगृहणीष्व च लोकनाथ ॥

एवं भूमे ततो दत्त्वा अर्ध्य पाद्यं च कर्मणा ।
क्षुरं गृहीत्वा यथान्याय मिमं मन्त्र मुदीरत् ॥

मन्त्र - एवं वरुणः यातु शिष्य ते वपतः शिरः ।
जलेन विष्णु युक्तेन दीक्षा संसार - मोक्षणम् ॥

एकस्य कलशं दद्यात्कर्म कारस्य सुन्दरि ।
निष्कलं तु शिरः कृत्वा शोणितेन विवर्जितम् ॥

पुनः स्नानं ततः कृत्वा शीघ्रमेव न संशयः ।
एतस्य विधिवत्कृत्वा दीक्षा कामस्य सुन्दरि ॥

दत्त्वा संसार मोक्षाय सर्व काम विनिश्चितः ।
जानुभ्यामवनिं गत्वा इमं मन्त्र मुदीरयेत् ॥

मन्त्र ॐ वेदाम्यहम् भागवतांश्च सर्वान् सुदीक्षिता येगुरुवश्च सर्वे
विष्णु प्रसादेन च लब्धदीक्षा मम प्रसीदन्तु नमामि सर्वान् ॥

नत्वां नु भगवद् भक्तान् प्रज्वाल्य च हुताशनम् ।
धृतेन मधुमिश्रेण लाजा कृष्णतिलैस्तथा ॥

सप्त वार्यँस्ततो दत्वा विंशति च तिलोदनम् ।
जानुभ्यामवनिं गत्वा इमं मन्त्र मुदाहरेत् ॥

मन्त्र - अश्विनौ दिशः सोम सूर्यौ साक्षिमात्रं वयं प्रसन्नाः ।
श्रृण्वन्तु मे सत्य वाक्यं वदामि ॥

सत्येन धार्यते भूँमिः सत्येन तिष्ठति ।
सत्येन गच्छते सूर्यो वायुः सत्येन वाति च ॥

एवं सत्यं ततः कृत्वा ब्राह्मणो वीक्षणं पुनः ।
गुरुं प्रसादेयतत्र मन्त्रेण विधि मार्च्चयन् ॥

वाराहपुराण - ब्राह्मण दीक्षासूत्र वर्णन : २९ - ४९ - पृ. ९२ - ९५ ।

૩૨. गृहीत्वा प्रणवाद्येन धर्म पुण्येन संवृतः ॥

वाराहपुराण - देवोपचारविधि : ५१ / पृ. ५०२ - ५०४ ॥

૩૩. प्लक्षवृक्षात्समुद्भूता सारिच्छ्रेष्ठा सनातनी ।
सर्वपापक्षयकरी स्मरणादपि नित्यशः ॥

सैषा शैलसहस्राणि विदार्य च महानदी ।
प्रविष्टा पुण्यतोयैषा वनं द्वैतमिति श्रुतम् ॥

तस्मिन्पलक्षे स्थितान्दृष्ट्वा मार्कण्डेयो महामुनिः ।
प्रणिपत्य तदा मूर्ध्ना तुष्टावाथ सरस्वतीम् ॥

त्वं देवि सर्वँलोकानां माता वेदारणिः शुभा ।
सदसदेवि यत्किञ्चन्मोक्षबोधाय यत्पदम् ॥

यथा जलं सागरे हि तथा तत्त्वपि संस्थितम् ।
अक्षरं परम ब्रह्म विश्वं चैतत्क्षरात्मकम् ॥

दारुण्यवस्थितो वह्निर्भूमौ गन्धो यथा ध्रुवम् ।
तथा त्वयि स्थितं ब्रह्म जगच्चेदमशेषतः ॥

ॐकाराक्षरसंस्थानं यत्र देवि स्थिरास्थिरम् ।
तत्र मात्रात्रयं सर्वमस्ति यददेवि नास्ति च ॥

त्रयो लोकास्त्रयो वेदास्त्रैविधं पावकत्रयम् ।
त्रीणि ज्योतींषि वर्गाँस्च त्रयो धर्मादयस्तथा ॥

त्रयो गुणास्त्रयो वर्णास्त्रयो देवास्तथा क्रमात् ।
त्रिधातवस्तथाऽवस्थाः पितरश्चाणिमादयः ॥

एतन्मात्रात्रयं देवि तव रुपं सरस्वति ।
विभिन्नदर्शना आद्या ब्रह्मणो हि सनातना ॥

वामनपुराण - सरस्वती स्तोत्र : ३ - १२ / पृ. ३३० - ३३१ ॥

૩૪. वामनपुराण, स्थाणुलिंगमाहात्म्य, पृ. ४२१ - ४२३ ॥

૩૫. ततमत्वापूर्य्येदेहमोङ्कारेण समाहितः ।
अथोङ्कारमयो योगी न क्षरेत्त्वक्षरी भवेत ॥
वायुपुराण - पूर्वाद्ध - अ. १९ / ६० ॥

૩૬. अत उर्ध्वं प्रवक्ष्यामि ओङ्कारप्राप्तिलक्षणम् ।
एष त्रिमात्रो विज्ञेयो व्यञ्जनञ्चात्र सस्वरम् ॥
वायुपुराण - पूर्वाद्ध - अ. २० / १ ॥

૩૭. वायुपुराण - पूर्वाद्ध - अ. २० / १ - १४ ॥

૩૮. वायुपुराण - पूर्वाद्ध - अ. २० / १५ - २९ ॥

૩૯. वायुपुराण - पूर्वाद्ध - अ. २० / ३० - ३५ ॥

૪૦. जयाखिलज्ञानमयं लय स्थूलमयाव्यय ।
जयानन्ते जयाव्यक्तं जय व्यक्तमय प्रभो ॥
परापरात्मान्विश्वात्मञ्जय यज्ञपतेऽनध ।
त्वं यज्ञस्त्व वषट्कारस्त्वमोंकारस्त्वमग्नयः ॥
त्वं वेदास्त्वं तदङ्गानि त्वं यज्ञपुरुषोत्तम ।
सूर्यादियो ग्राहास्तारा नक्षत्राप्यखल जगत् ॥
मूर्तोमूतमदृश्यं च दृश्यं च पुरुषोत्तम् ।
यच्चोक्तं यच्च नैवाक्त मयात्र परमेश्वरः ।
तत्सर्व त्वं नमस्तुभ्यं भूयो भूय नमो नमः ॥
एवं स तूपमानस्यु पृथिव्या धरणीधरः ।
साभस्वरध्वनिः श्योडाञ्जगर्ग परिघघरन् ॥
ततः समुत्क्षिप्य धरां स्वदष्ट्या महावराहः स्फुटपद्मलोचनः ।
रसातलादुत्वलपत्रसन्निभः समुत्थित नील ईवाचोलो महान् ॥
उत्तिष्ठता तेन मुखानिलाहत तत्सभाम्भो जन लोकसंश्रयान् ।
प्रक्षालयामासन्तित्न्महाद्यु तोन्सनदनादोनपकल्भषान्मुनीना ॥

विष्णुपुराण, प्रथमअंश - अध्याय - ४ / २१ - २७ ॥

૪૧. उषा रात्रिः समाख्याता प्युतुष्टश्चाप्युच्यते दिनम् ।
प्रोच्यते च तथा सन्ध्या उषाव्युष्टयोर्यदन्तरम् ॥

सन्ध्याकाले च सम्प्राप्ते रौदे परमदारुणे ।
सन्देहा राक्षसा घोराः सूर्यमिच्छान्नि खादितुम् ॥

प्रजापतिकृतः शापस्तेषां मैत्रेय राक्षसाम् ।
अक्षयत्व शरीराणां मरणं च दिने-दिने ॥

ततः सूर्यस्य तैयुद्धं भवत्यत्यन्तदारुणम् ।
ततो दिवजोत्तममारस्तोमं सगि्क्षपन्ति महामुने ॥

ॐकारब्रह्मसंयुक्तं गायत्र्या चाभिमन्त्रतम् ।
तेन दह्यन्ति ते पापा वज्रीभूतेन वारिणा ॥

अग्निहोत्रे हयते या समन्त्रा प्रथमाहुतिः ।
सूर्यो ज्योतिः सहस्त्राशुस्तया दीप्यति भास्करः ॥

औङ्कारो भगवान्विष्णुस्त्रधामा वचताँ पतिः ।
तदुच्चारणतस्ते तु विनाश यान्ति राक्षसाः ॥

वैष्णंवोऽशः परः सूर्यो योऽन्तज्योतिरसम्प्लवम् ।
अभिधायक ॐकारस्तस्य तत्प्रेरकः परः ॥

तेन सम्प्रेरित्त योतिरोङ्कारेनाथ दीप्तिमत् ।
दहत्य शेषरक्षाँसि मन्देहाख्यानितान् वै ॥

तस्मान्नोभ्लंगनं कार्य सन्ध्योपासनकर्मणिः ।
स हन्ति सूर्य सन्ध्यातानोपास्ते कुरुते तु यः ॥

ततः प्रयाति भगवान्ब्रह्मणैरभिक्षितः ।
बालखिल्यादिभश्चैव जगतः पालनोद्यतः ॥

विष्णुपुराण, द्वितीयअंश - अध्याय - ८ / ४९ - ५९ ॥

૪૨. काश्यां तु यत्कृतं पापं तत्पैशाचपदप्रदम ।
प्रमादात्पातक कृत्वा शम्भोरानन्दकानने ॥

दृष्ट्वा त्रिविष्टपं लिंग तत्पापमपि हास्यति ।
सर्वस्मिन्नपि भूपृष्ठे श्रेष्ठमानन्दकाननम् ॥

तत्रापि सर्वतीर्थानि ततोऽप्योङ्कारभूतिका ।
ॐकारादपि संल्लिगान्मोक्षवर्त्मँ प्रकाशकात् ॥

स्कन्दपुराण : २२ - २४ / पृ. १५० - १५१ ॥

૪૩. शिवमहापुराण, शतरुद्रसंहिता, ॐकार प्रणवमंत्र - पृ. २८२ ॥

૪૪. शिवमहापुराण, विद्येश्वरसंहिता, श्री विश्वेश्वरमहादेव - पृ. ३३-३८ ॥

૪૫. પ્રાચીન ભૃગુસંહિતા, ભગવાન શંકરની પૂજાવિધિ; પૃ. ૫૮.

૪૬. शिवमहापुराण, कैलाससंहिता, शिवपार्वतीसंवाद - पृ. ६२८-६३० ॥

૪૭. શિવતત્ત્વ, ઈન્દ્રવદન રાવલ; પૃ. ૨૫.

૪૮. शिवमहापुराण, शतरुद्रसंहिता - ॐकार प्रणवमंत्र - पृ. २८३ ॥

૪૯. शिवमहापुराण, शतरुद्रसंहिता - पृ. २८४-२८५ ॥

૫૦. ॐकार् बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः ।
कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः ॥ शिवषडक्षरस्तोत्र ॥

૫૧. ॐ नमो देवदेवाय शिवाय परमात्मने ।
अप्रमेयस्वरुपाय व्यक्ताव्यक्तस्वरुपिणे ॥
त्वं पतियोर्गिनामीश त्वयि सर्वं प्रतिष्ठितम् ।
त्वं यज्ञस्त्वं वषट्कारस्त्वमोङ्कारः प्रजापतिः ॥
कल्याण - १९५१, वर्ष : २५, अप्रैल, भगवान शिवको नमस्कार ॥

૫૨. प्रणवपञ्चाक्षर मंत्रनुं महत्त्व, शिवपुराण, द्वितीयखण्ड, पृ. १२०-१२१ ॥

# પ્રકરણ : ૧–૩ : ઈતિહાસ ગ્રંથોમાં ઓમ્

## પ્રકરણ : ૧–૩–૪ : અન્ય પુરાણો

કેટલાક અન્ય પુરાણો

(૧) આત્મપુરાણ.

(૨) ગણેશપુરાણ.

(૩) દેવી ભાગવત.

(૪) નર્મદાપુરાણ.

(૫) વિશ્વકર્માપુરાણ.

# પ્રકરણ : ૧–૩–૪ : અન્ય પુરાણો

## (૧) આત્મપુરાણ :–

નચિકેતા કહે છે કે યમરાજ ! જે વસ્તુ ધર્મ–અધર્મથી રહિત છે, કાર્ય–કારણભાવથી રહિત છે, ભૂત–ભવિષ્ય – વર્તમાનથી રહિત છે, સુખ–દુઃખથી રહિત છે, એવી વસ્તુને તમે સારી રીતે જાણો છો. આથી જ તમે તે વસ્તુનો ઉપદેશ મને નચિકેતાને શિષ્ય માનીને આપો.

યમરાજ કહે છે હે નચિકેતા ! જેના ઉપર બ્રહ્મનો અધિકારી પુરુષ બ્રહ્મચર્ય આદિ સાધનોથી સાક્ષાત્કાર કરે છે જે બ્રહ્મને ઋગ્ આદિ ચારે વેદ કથન કરે છે જે બ્રહ્મને અનેક પ્રકારના તપ કરીને મેળવવામાં આવે છે, તે પરબ્રહ્મને તું પ્રણવના રૂપમાં જાણ. નચિકેતા દ્વારા શંકા કરવામાં આવે છે કે, હે ભગવન્ ઋગ્વેદ આદિ તે બ્રહ્મનું પ્રતિપાદન કરે છે આ વાત તો સંભવ છે, પણ ચાંદ્રાયણ આદિ વ્રતોથી તેનું જ્ઞાન થઈ શકે છે, આ સંભવ જણાતું નથી ?

સમાધાન કરતા યમરાજા કહે છે કે હે નચિકેતા ! અશુદ્ધ અંતઃકરણમાં પરબ્રહ્મનું સાક્ષાત્ થતું નથી. પણ ચાંન્દ્રાયણ વ્રત કરતા–કરતા અંતઃકરણ શુદ્ધ થઈ જાય છે, ત્યારે તેમાં પણ પરબ્રહ્મનો સાક્ષાત્કાર થવા લાગે છે. હે નચિકેતા ! જે પરબ્રહ્મને અધિકારી પુરુષ બ્રહ્મચર્ય આદિ સાધનો દ્વારા જાણી શકે છે તે પરબ્રહ્મ 'પ્રણવ' રૂપવાળા છે. એટલા માટે તમે તેનું પ્રણવથી અભિન્ન માનીને ધ્યાન કરો. જે કોઈ વસ્તુ અન્યવસ્તુનું આરોપણ કરીને ધ્યાન કરવામાં આવે છે, તેને 'પ્રતીક' કહે છે. જેવી રીતે પાષાણરૂપ શાલગ્રામમાં વિષ્ણુનું આરોપણ કરીને ધ્યાન કરવામાં આવે છે, એનાથી શાલગ્રામ વિષ્ણુનું પ્રતીક છે. હે નચિકેતા ! અધિકારી પુરુષોનું આ પ્રણવરૂપ અક્ષર (ॐ) જ હિરણ્યગર્ભ અને પરબ્રહ્મનું ધ્યાન કરવાનું પ્રતીક છે. હે નચિકેતા ! આ લોકમાં જે પદાર્થ સત્યરૂપ હોય છે તેનો કયારેય પણ નાશ થતો નથી. આ આત્મા પણ સત્ય છે એનાથી અસત દેહ વગેરેથી જે આ નષ્ટ ન થઈ શકે. કેટલાય ન્યાયદર્શન–વાળા તો પૃથિવી, જળ, તેજ, વાયુ આ ચારે તત્ત્વોના પરમાણુઓ અને મનનો પણ નાશ થવો માનતા નથી. પછી આત્મા તો પાંચભૂતો અને મનના પરમાણુઓ પણ અત્યંત સૂક્ષ્મ છે, એનો નાશ કેવી રીતે શકય બને ? આવી રીતે નૈયાયિકોએ આકાશ, કાળ, દિશાનો પણ નાશ માન્યો નથી. પરંતુ આત્મા આ બધાથી અધિક સૂક્ષ્મ છે, એટલા માટે એનો નાશ કોઈપણ પ્રકારે થઈ શકે નહીં.[૧]

તાત્પર્ય એ છે કે, પ્રણવનું મહત્ત્વ રજૂ થયું છે.

## (૨) ગણેશપુરાણ :–

આ પુરાણમાં પણ ઓમ્‌નું નિરૂપણ પ્રાપ્ત થાય છે. જેમ કે, સૂત કહે છે, "બ્રહ્માજીના મુખથી ભગવાન ગણેશની ઉપાસનાનું મહત્ત્વ સાંભળી વેદવ્યાસને ખૂબ જ આનંદ થયો. તેઓએ કહ્યું, "પિતામહ ! આપના વચનોથી મહિમા તો સાંભળ્યો. પરંતુ ગણેશમંત્રનો પૂર્વ કોણે જપ કર્યો હતો ? અને એને કેવી સિદ્ધિ મળી હતી તે કહો.

ભૃગુઋષિએ રાજા સોમકાન્તને કહ્યું, "મહર્ષિ વેદવ્યાસનાં વચન સાંભળીને બ્રહ્માજી બોલ્યાં, ૐકાર સ્વરૂપ ભગવાન ગણેશનું સર્વ કાર્યોના આરંભ વખતે પ્રથમ પૂજન કરવામાં આવે તો સર્વે વિઘ્નો નાશ પામે છે. તેથી જ દેવથી માંડીને મનુષ્ય સુધીના બધા જ લોકો ભગવાન ગણેશની ઉપાસના કરે છે. આ એકાક્ષરમંત્રથી કોને અને કેવી રીતે પ્રસન્ન થયાં તેની કથા કહું છું. તો હે વ્યાસ ! તમે સાંભળો. એમ કહી કથા કહેવાની શરૂઆત કરી. આ બ્રહ્માંડમાં જ્યારે પ્રલય આવે છે ત્યારે ભગવાન ગણેશ સૂક્ષ્મરૂપ ધારણ કરીને કયાંક નિવાસ કરતા હોય છે. વિશ્વ જ્યારે અંધકારમય સ્થિતિમાંથી પસાર થતું હોય છે ત્યારે ઘણા લાંબા સમય પછી ૐકાર સ્વરૂપ ભગવાન ગણેશ નાદબ્રહ્મ માયાથી યુકત થઈને ફરીવાર સૃષ્ટિનું નિર્માણ કરે છે. એ જ ભગવાન ગણેશ પરબ્રહ્મ પરમાત્મા છે. એમના દ્વારા જ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની ઉત્પત્તિ થાય છે. પ્રલય પછી ભગવાન ગણેશે પોતાની માયા શકિતથી બ્રહ્માદિ દેવોનું સર્જન કર્યું. આ દેવો જન્મતાં જ વિચારવા લાગ્યાં કે, આપણે કેવી રીતે ઉત્પન્ન થયા. તેમને ઉત્પત્તિનું રહસ્ય મળ્યું જ નહિ પછી તેમણે હજારો વર્ષો સુધી તપ કર્યું. ઓચિંતા જ એમને આકાશમાં અવર્ણનીય તેજ દેખાયું. એ તેજથી એમના નેત્રો અંજાઈ ગયાં. એ તેજનો પાર પામવા તેઓ ત્રણે દેવો સમગ્ર આકાશમાં ફરવા લાગ્યા છતાં પણ કંઈ જ પામ્યા નહીં, અંતે થાકીને નિરાશ થઈને બેસી ગયા. એમની આ દીન અવસ્થા જોઈ ભગવાન ગણેશને એમના ઉપર કરુણા પ્રકટ થઈ અને તેમને પોતાનું મનોહર રૂપ દેખાડયું. એમના ચરણોના આરકત નખોથી રકતવર્ણનાં કમળો પણ લજ્જિત થતાં હતાં. એમના શરીરના રકતરંગે સાયંકાળના સૂર્યને પણ ઝાંખો પાડી દીધો હતો. તેમનું કાશ્ચનવર્ણ કટિસૂત્ર મેરુપર્વતના સુવર્ણને પણ લજ્જિત કરતું હતું. તેઓ ચતુર્ભુજ સ્વરૂપ હતા. પ્રત્યેક હાથમાં તેમણે ખડ્ગ, પાશ, ધનુષ્ય અને શકિત ધારણ કરી હતી. તેમની નાસિકા ગજરાજની સૂંઢ જેવી અત્યંત સુંદર હતી અને એમના મુખમંડલની પ્રભા પૂર્ણિમાના ચંદ્ર કરતાં પણ અધિક હતા. વરાહની દાઢને પણ લજ્જિત કરે એવો એમનો એક દાંત એમના મુખમાંથી બહાર આવ્યો હતો. સૂંઢનો અગ્રભાગ ઐરાવત વગેરે આઠ દિગ્ગજોને પણ ભય ઉપજાવતો હતો. એમના મસ્તક પર અનેક સૂર્યના તેજના સમૂહ જેવો એક તેજસ્વી મુકુટ હતો. એમના અંગ પરનાં આભૂષણો અને વસ્ત્રો અત્યંત જાજવલ્યમાન હતાં. ભગવાન ગણેશનું આવું મહિમામય અને મનોરમ્ય સ્વરૂપ જોઈને ત્રણે દેવો એમની સ્તુતિ કરવા લાગ્યાં.[૨]

ગણેશપુરાણમાં જે બાબત વર્ણવાયેલી છે તેને સમર્થન આપતાં શિવાનંદ સ્વામી પણ કહે છે કે, 'કોઈપણ કાર્યના શુભારંભ વખતે સૌપ્રથમ ૐકાર સ્વરૂપ ગણેશની પ્રાર્થના કરવામાં આવે છે, જેથી કાર્ય નિર્વિઘ્ન પૂર્ણ થાય.[૩] માટે જ કોઈપણ પ્રાર્થનાની શરૂઆત ૐકારથી થાય છે.'

જયા મહેતા પણ કહે છે કે, ભગવાન ગણેશની પ્રાર્થના દેવથી માંડીને મનુષ્ય સુધીના બધા જ કરે છે.[૪]

પંડિત રઘુનંદન શર્મા પણ કહે છે કે, ગણેશ આરંભના દેવતા છે અને તેની ઉત્પત્તિ ઓમ્‌થી થઈ છે. કારણ કે, આરંભમાં મંગલાચરણ માટે જ આ લખવામાં આવે છે. આ શીઘ્રતાથી લખતા–લખતા ગજાનન બની ગયેલ છે. ओ३म નું રૂપ આ પ્રમાણે બની ગયું છે. એમાં अकार મસ્તક અને શરીર છે, ओं ( ों ) નો 'ा' આ ભાગ સૂંઢ છે, ओं નો (ॆ) આ ભાગ એક દન્ત છે. અને ओं નો 'ं' આ ભાગ લાડુ છે. પ્લુતનો '३' આ ચિહ્ન મૂષક વાહન છે. આ રીતે મોદકરૂપી મૂષકારોહી અને એકદન્તધારી ગજાનનની ઉત્પત્તિ થઈ છે.[૫] (જુઓ : પ્રકરણ : ૧–૧ : ઓમ્‌ના વિભિન્ન અર્થો : ગણેશ.)

નાદબિન્દૂપનિષદ્‌માં પણ કહ્યું છે કે, પ્રારબ્ધ કર્મો સમાપ્ત થયેથી 'ૐકાર' સ્વરૂપ બ્રહ્મની આત્માની સાથે એકતાના ચિંતનથી, નાદરૂપમાં સ્વયં પ્રકાશવાન શિવના કલ્યાણકારી સ્વરૂપ પરબ્રહ્મનો પ્રાદુર્ભાવ એવી રીતે થઈ જાય છે કે, જે રીતે વાદળો દૂર થઈ જવાથી ભગવાન ભાસ્કર પ્રકાશિત થઈ જાય છે.[૬]

ઉપર્યુકત દરેક બાબતને જોતાં આપણને લાગે છે કે, ભગવાન ગણેશ પણ ૐકાર સ્વરૂપ હશે તેમ જણાય છે. ભગવાન ગણેશ પણ પરબ્રહ્મ પરમાત્માનું પ્રતીક છે. જે ૐકારનું જ સ્વરૂપ છે. અને તેથી ૐકાર બ્રહ્મનું સર્વશ્રેષ્ઠ પ્રતીક છે તેથી તેની ઉપાસના જ યોગ્ય છે.

## (૩) દેવી ભાગવત :–

આ પુરાણમાં ઓમ્‌નું વિસ્તૃત વર્ણન પ્રાપ્ત થાય છે, જેમ કે...,

વ્યાસજી કહે છે : 'હે જનમેજય ! બ્રહ્મા, દેવતાઓ, માનવો, વગેરે ભગવતી જગદંબાની ઉપાસના, સ્તુતિ, ધ્યાન, જપ, પ્રાર્થના કરે છે. ભગવાન શંકર કહે છે :

ॐ नमो भगवते महापुरुषाय सर्वगुण
संख्यानायानन्तायाव्यक्ताय नमः ।

ૐ માં બધા ગુણોની અભિવ્યકિત છે. ૐ પદ છે. ૐ આલંબન છે. આત્માનું ૐ રૂપે ધ્યાન કરો. 'ૐ ઈતિ બ્રહ્મા' ૐકાર જ આ સર્વ છે.

સંપૂર્ણ વાગવિલાસ ૐકાર છે. ૐકાર આત્માનો નિર્દેશ કરે છે, તેથી ૐકાર આત્મારૂપ છે.

પ્રજાપતિ યાને વિરાટ પુરુષે લોકોના લાભ માટે તપ, ધ્યાન, વગેરે વિશે વિચાર કર્યો તો ત્રણ અક્ષરો સ્ફૂર્યા : 'ભૂઃ, ભવઃ સ્વઃ' આ ત્રણ ક્ષરોમાંથી ૐકાર ઉત્પન્ન થયો. આ ૐકાર જ બ્રહ્મ છે.

પરમાત્મા, બ્રહ્મ, ઈશ્વરના પ્રતીક તરીકે ૐકાર સંપૂર્ણ વાણી, શબ્દસમૂહ છે. અક્ષર એ જ ૐકાર. અક્ષર એ જ વાણીનો વિકાર. જેટલાં નામો છે તે સર્વ પરમાત્માના વિકારો, સ્વરૂપો યાને ૐકાર જ છે.

પરમાત્મા, બ્રહ્મ, ઈશ્વર, ભવાની ભુવનેશ્વરી યાને મા જગદંબા એક અર્થમાં છે. એક જ છે; અને ૐકાર ઈશ્વરનું પ્રતીક છે. બ્રહ્મ અને ૐકારનો સંબંધ વાચ્ય છે. વાચકનો છે. ઈષ્ટદેવ કે દેવી ભગવતીનો સાક્ષાત્કાર કરવા માટે એક આધાર કે અવલંબન તરીકે પ્રતીકરૂપે ૐકારને શાસ્ત્રોએ સ્વીકારેલ છે અને ૐકારની ઉપાસના બ્રહ્મના સાક્ષાત્કારનું સાધન કર્યું છે.

ૐ બ્રહ્મ છે. બ્રહ્મ ૐ છે. ઈશ્વરની કે આદ્યશકિતની પ્રાપ્તિ માટે પ્રતીક ૐકારના જય અને ૐકારના અર્થની ભાવના ઉપદેશે છે. ચિત્ત એકાગ્રતા મેળવે છે.

વાગ્ બરાબર વાણી. પરા, પશ્યન્તિ, મધ્યમા અને વૈખરી એમ તે ચાર પ્રકારની છે. જીવના દેહમાં પણ ચાર પ્રકારની વાણી છે. નાભિ, હૃદય, કંઠ અને મુખમાં ભગવાનની ઈચ્છાથી ચાર પ્રકારની વાણી ઉદ્ભવે છે. તેમાં મનુષ્યો તો માત્ર વૈખરી વાણીને જાણે છે. જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, પરબ્રહ્મના ભેદ કરી આપે તે વાણી પરા વાણી છે. માયિક પદાર્થો તેમજ વિષયને યથાર્થપણે વિવેકથી કહી દેખાડે તે વૈખરી વાણી, વિષય, પદાર્થ, વગેરેને અયથાર્થપણે કહે તે મધ્યમા વાણી અને વિષય, પદાર્થ, વગેરે કંઈ સમજમાં ન આવે તે પશ્યન્તિ વાણી.

હૃદયમાં રહેલ ૐકારનો જે અર્થ છે તે જ સર્વ વેદોનો અર્થ છે. પરા, પશ્યન્તિ અને મધ્યમા એ શબ્દ બ્રહ્મનું સૂક્ષ્મ સ્વરૂપ છે.

ગાયત્રી, વૃષ્ણિક, અનુષ્ટુપ, બૃહતિ, પંકિત, ત્રિષ્ટુભ, જગતિ, અતિ જગતિ, શકવરી, અતિ શકવરી,, અષ્ટિ, અત્યષ્ટિ, વિરાટ, અતિ વિરાટ આ પ્રમાણે પ્રત્યેક છંદો ઉત્તરોત્તર ચાર ચાર અક્ષરનો

ગાયત્રી છંદ છે. તેમ અડતાલીસ અક્ષરનો વૃષ્ણિક છંદ થાય છે. આ સર્વનું સ્વરૂપ વૈખરી વાણીથી સ્પષ્ટ થાય છે.

ૐ એટલે અક્ષર, આ બધું અક્ષર જ છે, ભૂત, ભવત્, ભવિષ્યત્, ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય ત્રણ કાળમાં જે વહેંચાયેલું છે તે અને ત્રણ કાળથી અતીત અવ્યાકૃત જે કાંઈ છે તે ૐકાર જ છે.

આ બધું બ્રહ્મ છે. આ આત્મા બ્રહ્મ છે. આ જે સર્વ દષ્ટિગોચર થાય છે તે ૐકાર બ્રહ્મ અને આત્મા છે. ૐકાર, બ્રહ્મ અને આત્મા એક જ અર્થવાચક શબ્દો છે. પર્યાય શબ્દો છે. 'આ' શબ્દ પ્રત્યેક વસ્તુને દર્શાવે છે. શ્રયમ્ એટલે આ દશ્ય જગત બ્રહ્મ છે.

આ આત્મા ચાર પાદવાળો છે. જાગૃત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીયપાદ છે. ૐકાર ચાર માત્રાવાળો છે. અકાર, ઉકાર, મકાર અને અમાત્રા અક્ષરનો આશ્રય લઈને તેનું નામ બોલાય છે તે અધ્યક્ષર. આ અધ્યક્ષર આત્મા છે, ૐકાર છે. ૐકાર માત્રાઓનો આશ્રય લઈને રહે છે.

ૐકારની પહેલી માત્રા 'અ' એટલે સ્થૂળ શરીર. ૐકારની બીજી માત્રા 'ઉ' એટલે સૂક્ષ્મ શરીર. ૐકારની ત્રીજી માત્રા 'મ' એટલે કારણ શરીર.

જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ – આ ત્રણ અવસ્થાઓથી જુદી યાને વિલક્ષણ એવી ચોથી અવસ્થા તુરીય છે. આ પરમર્થ અવસ્થા છે. આ અવસ્થા ૐકારનું ચોથું પાદ છે. ૐકાર ખરેખર પર અને અપરબ્રહ્મ છે. પરબ્રહ્મની માફક અપરબ્રહ્મ પણ ઉપાસક ઉપર પ્રસન્ન થાય છે.

'અ' માત્રની ઉપાસનાથી જ્ઞાન મેળવીને મનુષ્ય જન્મ મેળવે છે અને આગળ બ્રહ્મપ્રાપ્તિ માટે પુરુષાર્થ કરે છે.

અ, ઉ, મ – આ ત્રણ માત્રાવાળા ૐકારની ઉપાસના કરનાર ઉપાસક તેજોમય સૂર્યલોકને પામે છે. સાપ કાંચળીમાંથી છૂટે છે તેમ જીવ બધાં પાપોમાંથી છૂટે છે.

ઉપનિષદ્દો ૐકારની ઉપાસના એટલે ૐકારના જપ અને બ્રહ્મની ભાવના ઉપદેશે છે. સર્વ વેદોમાં હું (ભગવાન) પ્રણવ છું. પ્રણવ એટલે ૐકાર. પ્રણવરૂપમાં સર્વ વેદો ઓતપ્રોત છે. હું વેદોનો સાર છું, પરમેશ્વર છું. આ સૂક્ષ્મ અમૂર્ત નિરાકાર ઈશ્વરનું મૂર્તરૂપ પ્રતીક ૐકાર છે.

સર્વ વેદો બ્રહ્મ યાને આભાનો ઉપદેશ કરે છે. સર્વ વેદો બ્રહ્મરૂપ છે. બ્રહ્મનું પ્રતીક ૐકાર છે. ૐકારનો જપ અને ૐકારા અર્થની ભાવના એટલે ઈશ્વરની ભાવના. કહેવાનું તાત્પર્ય એ છે કે, નિરંતન ચિંતન કરવાથી બ્રહ્મપ્રાપ્તિ થાય છે.

એક અક્ષર બ્રહ્મ ૐનું ઉચ્ચારણ અને મારું (ભગવાનનું) સ્મરણ કરતાં કરતાં જે દેહ છોડીને જાય છે તે પરાગતિ – ઉત્તમ ગતિને પામે છે. પરાગતિ એટલે ભગવાનની કે પરાશકિતની પ્રાપ્તિ. તેનું ફળ પુનર્જન્મ નહિ, પણ મોક્ષપ્રાપ્તિ.

ओमित्येकाक्षरं ब्रह्म व्याहरण मामनुस्मरन ।
यः प्रयाति त्यजन्देहं स याति परमाम् गति ॥

અર્થાત્, ૐનો જપ કરતો અને મારું ચિંતન કરતો જે દેહ અંત સુધી જીવન વ્યતીત કરે છે તે દેહ છોડતી વેળા પરમ ગતિને પામે છે.

જે 'ૐ' નો જપ કરે છે તે શ્રેષ્ઠ ગતિને પામે છે એ વાત તો નિર્વિવાદ છે જ. કારણ કે, ૐ જ બ્રહ્મનું નિર્ગુણ–નિરાકાર મૂર્તિમંત પ્રતીક છે. જેમ સગુણ–સાકારનું પ્રતીક શાલીગ્રામ છે, તેવી જ રીતે પરબ્રહ્મનું નિર્ગુણનું પ્રતીક ૐ છે.

આ પ્રતીકોપાસના એટલે શુદ્ધ બ્રહ્મની ઉપાસના. યોગદર્શનકાર ભગવાન પતંજલિ કહે છે કે, 'જેને આ લોક પરલોકનો અવિચ્છિન્ન વૈરાગ્ય આવી ગયો હોય, સ્વર્ગનું સુખ સામે આવે તો લાત મારવાની તૈયારી થઈ ગઈ હોય, તે જ માણસ શુદ્ધ પરબ્રહ્મનો ૐ જપ કરવા અધિકારી થાય.'

ૐ શબ્દ સંસ્કૃતમાં અતિ રમણીય છે અને તે વ્યાપક છે. 'ૐ' એટલે 'હા' જ છે. જગતમાં 'ના' છે જ નહિ. વેદોએ 'નેતિ–નેતિ' નું દર્શન કરી હાથ ખંખેર્યા અને 'ઓમ્' બોલીને ભાવ તત્ત્વ સમજાવ્યું. 'ૐ' આધ્યાત્મિક અર્થથી સભર છે. આ અક્ષર ઉચ્ચારતાં ઉચ્ચારતાં મૃત્યુ પામે છે તેને પરમ ગતિ પ્રાપ્ત થાય છે. 'ૐ' એ આશાનું પ્રતીક છે. નિર્ગુણ નિરાકારનું પ્રતીક છે. 'મામ્' સગુણ–સાકારનું પ્રતીક છે.

ૐમાં ત્રણ બાબતોનો સમાવેશ કરવામાં આવેલો છે : 'અ' કાર, 'ઉ' કાર અને 'મ' કાર. 'અ' કાર એટલે વાણી, 'ઉ' કાર એટલે મન અને 'મ' કાર એટલે પ્રાણ. આમ છતાં વાણી, મન અને પ્રાણ કરતાં આત્મા સાવ જુદો છે, એમ જે સમજે છે તે જ 'ૐ' ને ખરેખર સમજી શકયો છે તેમ માની શકાય.

ૐકારના પરમ ઉપાસક કહે છે કે, 'ઓ ભગવન્ ! આ દેહ તારો છે. માટે જ આ વાણી, મન અને પ્રાણ એ બધાં તને જ સમર્પણ કર્યા છે. જગતમાં મારું કહી શકાય એવું તારા સિવાય કોઈને રહેવા જ દીધું નથી. હું તો તારા 'ૐ' નામના પ્રતીક સાથે જ જીવન જીવું છું. વિશ્વમાં બીજા કોઈની મને શી જરૂર છે ?

આ રીતે જોતાં 'ॐ' ની ઉપાસનામાં જ્ઞાન, કર્મ અને ભકિત ત્રણેયનો સમાવેશ થઈ જાય છે, ॐની ઉપાસના જેણે જીવનમાં ઉતારી હોય છે એવો સમદર્શી અને સમર્થ બની જાય છે કે પોતાના ઈષ્ટ દેવતા કે દેવીના નિર્ગુણ – નિરાકાર સ્વરૂપને પોતાના વ્યકિતત્ત્વમાં સાકાર બનાવી આપે છે. માટે જ ॐને સર્વ વેદોનો સાર ગણવામાં આવ્યો છે.

'ॐ' શબ્દની શકિત અનેરી, અનોખી અને અદ્વિતીય છે. ઘણા ભકતો ॐ શબ્દ પહેલાં 'હરિ' શબ્દ વાપરે છે, અને 'હરિ ॐ' નો ઉચ્ચાર કરે છે. અ–ઉ–મના સંયોગથી બનેલા આ શબ્દમાં – 'અ' ની અંદર વિરાટ, અગ્નિ અને વિશ્વનો ઉલ્લેખ છે. હિરણ્યગર્ભ–વાયુ, તેજસ્, વગેરે 'ઉ' ની અંદર રહેલ છે. 'મ'ની અંદર ઈશ્વર, આદિત્ય વગેરે નામનો સમાવેશ થાય છે. વેદ જેવા શાસ્ત્રમાં પરમાત્માનું ધ્યાન કરવા ॐ દર્શાવવામાં આવેલો છે. કારણ કે તે પ્રભુનું સર્વોત્તમ નામ છે.

ॐ શબ્દ યુદ્ધમાં પણ સહાય આપે છે. એક વખત એવું બન્યું કે અસુરોએ ઈન્દ્રપુરીને ઘેરી લીધી. ઈન્દ્રને ભય લાગ્યો કે મારી ઈન્દ્રપુરી આ અસુરો આંચકી લેશે. માટે કોઈ દૈવી શકિતનો સહારો લેવો જોઈએ.

ભાવઠ ભાંગનારી ભવાની ભુવનેશ્વરીએ ઈન્દ્રને પ્રેરણા કરી કે, 'હે ઈન્દ્ર ! તું ॐનો ઉચ્ચાર કર. કારણ કે તે શકિતરૂપ છે.'

ઈન્દ્રે કહ્યું કે, 'હે ઈન્દ્ર ! તું ॐનો ઉચ્ચાર કર. કારણ કે તે શકિતરૂપ છે.

ઈન્દ્રે કહ્યું કે, 'હે શકિતરૂપ ! અમે તમારા શબ્દનો ઉચ્ચાર કરી અસુરો પર વિજય પ્રાપ્ત કરવા ઈચ્છીએ છીએ. હે દેવી ! તમે ઈશ્વરશકિત અને સામર્થ્યરૂપ છો તેથી અમને આપની સહાયથી નવી શકિત અને અસુરોને જીતવાની તાકાત મળે એવી કૃપા કરો. હે દૈવી શકિત ! અમારી રક્ષા કરો.'

દેવી ભગવતીની પ્રેરણાથી દેવતાઓ ॐ....ॐ....ના ધ્વનિ સાથે યુદ્ધ માટે સજ્જ થયા અને ॐ શબ્દનો ઉચ્ચાર કે જે અંતઃકરણના અતળ ઊંડાણમાંથી અને આદ્યશકિતને નજર સમક્ષ રાખીને કર્યો હતો તેથી તેમનામાં નવી શકિતનો સંચાર થયો. તેમનામાં નવી તાકાત ઉત્પન્ન થઈ અને અસુરોનો ॐ શકિતની તાકાતથી પરાજય થયો.

આદ્યશકિતએ આ રીતે ॐ શબ્દને સદાને માટે અમર કર્યો. આજે પણ આ પરમ પવિત્ર ઓમ્ શબ્દોચ્ચાર થાકેલા, હારેલા, જીવનમાં નિરાશ થયેલા, આપત્તિથી ઘેરાયેલા અને ઉત્સાહ વગરના માનવીઓને નવું જીવન, નવી પ્રેરણા અને નવી શકિત આપવા ઘણો જ પ્રચાર અને પ્રસાર પામી પ્રચલિત બન્યો છે.

શરીર સ્થૂળ છે. આ સ્થૂળ વસ્તુઓને પંચમહાભૂત કહેવામાં આવે છે. આ પાંચ ભૂત એટલે પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ વગેરે.

સૂર્ય–ચંદ્રમાં સમાવિષ્ટ થયેલી આ પરમાણુ શકિતને આ પાંચ ભૂત–પદાર્થો ધારણ કરે છે ને એને અન્ન–વનસ્પતિમાં મૂકે છે. અન્ન કે શાકભાજી ખાવાથી શરીરમાં ધાતુ જળવાઈ રહે છે. શરીરમાં રહેલી ધાતુ સૂક્ષ્મરૂપે છે જ્યારે પૃથ્વીમાં રહેલી ધાતુ સ્થૂળરૂપે છે.

સૂર્ય–ચંદ્રમાં રહેલી પરમાણુશકિત જેમ સૂક્ષ્મ અને તેજસ્વી છે તેમ પંચભૂતમાં પણ એ પરમાણુશકિતને ઝીલવા અને જીરવવાની સૂક્ષ્મતા અને તેજસ્વિતા છે.

જેમ કે, પૃથ્વી કરતાં જળ મહાન છે; જળ કરતાં પ્રકાશ મહાન છે; પ્રકાશ કરતાં વાયુ મહાન છે અને વાયુ કરતાં આકાશ યાને અવકાશ મહાન છે.

આ અવકાશ અન્ય ચારેયને સમાવી લે છે, તે સર્વથી મોટું અને વિશાળ છે, સૌને જન્મ આપનાર, ઉત્પન્ન કરનાર છે. માટે એને પ્રથમ લઈએ તો અવકાશનું સૂક્ષ્મરૂપ શબ્દ અવાજ છે. માટે જ વિશ્વની ઉત્પત્તિમાં સૌથી પ્રથમ શબ્દ–નાદ છે અને એનું નામ 'ૐકાર' છે. શબ્દના ધ્વનિમાંયે એક પ્રકારની શકિત હોય છે, તો તેના અર્થમાં કેટલી શકિત હશે ?

સાત્ત્વિકતાથી આકાશ, સાત્ત્વિક અને રાજસના મિશ્રણથી વાયુ, રાજસથી અગ્નિ, રાજસ અને તામસના મિશ્રણથી જળ, અને તામસની પૃથ્વી થઈ, ગુણમાંથી પંચતત્ત્વ બન્યા. છંદો, આકારો, રંગો ચક્રોનાં બીજક, પંચમકાર તથા પંચ પર્વ–વદ આઠમ, ચૌદશ, અમાસ, સંક્રાન્તિ અને પૂર્ણિમા છે. પંચ પ્રકારોમાં તેના પેટા વિભાગો પાંચ છે.

પંચ તત્ત્વોમાં

ગણપતિ, ગૌરી, ભકત, હરિહર મળી પંચદેવ ।
અધિક ન્યૂન ગણશો રખે, પાંચે એક ગણી સેવ ॥

પ્રથમ શૂન્યમાંથી અવ્યાકૃત માયા, તેમાંથી 'ૐ', તેમાંથી પરમ કારણ દેહ, મહાકારણ દેહ અને કારણદેહ એ જ વીર્ય તે મૂળ પુરુષનું છઠ્ઠું રૂપાન્તર તે નરજાતિમાં વ્યાપેલી નારાયણ દેવી છે.

માનવ દેહમાં રહેલા સર્વ દેવોનું દૈવતરૂપ કરણોનું તેજ એક થાય છે ત્યારે તેનો પ્રાદુર્ભાવ થાય છે અને મહિષાસુરને મારે છે.

શંભુથી મુખ, યમથી કેશ, વિષ્ણુથી બાહુ, ચંદ્રથી સ્તનો, ઈન્દ્રથી કમર, વરુણથી જાંઘ, પૃથ્વીથી નિતંબ, બ્રહ્માથી પગ, સૂર્યથી આંગળીઓ, કુબેરથી નાસિકા, દક્ષ પ્રજાપતિથી દાંતો, અગ્નિથી નેત્રો, સંધ્યાથી ભ્રૂકુટિ, વાયુથી કાન થયા છે. આ સત્ત્વ સર્વે આદ્યશકિતમાં જગદંબામાં આવિર્ભાવ પામેલા છે. મા જગદંબા નર–નારીરૂપે સર્વત્ર વ્યાપેલાં છે.

આદ્યશકિત ઈન્દ્રને પ્રેરણા આપે છે કે તમારે જો અસુરો પર વિજય પ્રાપ્ત કરવો હોય તો ૐની ઉપાસના કરવી જોઈએ. 'ૐ' શબ્દ એ અમોઘ શસ્ત્ર છે, એની શકિત અપરંપાર છે. આ શબ્દના ઉચ્ચાર માત્રથી મનુષ્યમાં શુદ્ધ, સાત્ત્વિક દૈવીભાવ ઉત્પન્ન થાય છે. માટે જ ૐ શબ્દ અતિ પ્રચલિત બન્યો છે.

न मामनोरयित्वा ब्राह्मणा ब्रह्म् वदेयुः ।
यदि वदेयुः अब्रह्म तत्स्यादिति ॥

અર્થાત્, ૐનો પહેલો ઉચ્ચાર કર્યા વિના બ્રાહ્મણોએ વેદ ઉચ્ચાર કરવો જોઈએ નહિ. મારા નામનો ઉચ્ચાર સૌથી પહેલાં કરવો જોઈએ. છતાં જો કોઈ બ્રાહ્મણ મારું નામ લીધા વિના વેદપાઠ કરે તો તે દેવતાઓ સ્વીકારતાં નથી.

કહેવાનું તાત્પર્ય એ છે કે, મા જગદંબા જ કુંડલિની શકિત છે. મા જ ૐકાર છે. 'મા' જ આત્મા છે. 'મા' જ સ્વયંભૂ નાદ છે ! આ નામ અમૃતરૂપ છે, અને તે પતિત, દીન, પાપી, મતિહીન વગેરેનું એકમાત્ર અવલંબન છે, તે સંસારસાગર તરવા માટે નિઃશંક નૌકા જ છે. 'ૐ' એ મંત્ર છે. મંત્ર ગમે તેટલો સારો હોય, પણ જ્યાં સુધી ગુરુની કે મા જગદંબાની કૃપા ન ઊતરે ત્યાં સુધી પૂર્ણ ફળ મળતું નથી. દેવી ભકતે જીવનમાં વરસો ઉમેરવાં તે મોટી વાત નથી, પરંતુ પોતાનાં વરસોમાં જીવન ઉમેરવું તે મોટી વાત છે. માટે 'મા' જ ૐકાર છે, 'મા' જ જીવન છે.

સર્વ ચરાચર સૃષ્ટિમાં ઈશ્વરી સૌન્દર્યનું દર્શન કરવું. અખિલ વસ્તુ માત્રમાં રમતા રહેલા તે દિવ્ય સૌન્દર્ય ઉપર પ્રેમ કરવો. અને તે સૌન્દર્યમાં અને પ્રેમમાં રહેલા નિરાગસ આનંદનો રસાસ્વાદ લેવો એ જ માનવ જાતિ માટે મા જગદંબા પ્રતિ જવા માટે નક્કી થયેલો માર્ગ છે.

શિવજીએ એમ કહ્યું કે, 'મારા મસ્તક ઉપરથી જે ગંગા વહી એ અમુક પ્રદેશોને જ પાવન કરી શકે, પરંતુ ૐકાર એ તો 'સકલ લોક જગપાવની ગંગા' છે, જે સર્વ માનવ સમાજને પવિત્ર કરનારી ગંગા છે. ૐમાં અનેકવિધ ગુણોની અભિવ્યકિત છે. એ અનંત અને ૐકાર સ્વરૂપમાં જગદંબાને લાખ

લાખ નમસ્કાર. હે મા ! અમે ક્રોધને નથી જીતી શકયા, અમારી દષ્ટિ દૂષિત છે, તે પાપમાં લપસી છે. અસત્ય સમાન કોઈ મહાન પાપ નથી. સર્વ સત્કર્મોનો આધાર માત્ર સત્ય ઉપર જ રહેલો છે.'

વ્યાસજી કહે છે : 'મહામાનવ માનવી માત્ર મંદિરોમાં જ નથી. જે રીતે વૃક્ષનું પાંદડું સમય થતાં પીળું થઈ ખરી પડે છે તેમ આ મનુષ્ય દેહ પણ આયુષ્ય પૂર્ણ થયે પડી જાય છે. માટે હે જનમેજય ! ક્ષણમાત્રને માટે પણ પ્રમાદ ન કરવો જોઈએ. મનુષ્યનું આયુષ્ય ડાભ (દર્ભ)ની અણી ઉપર રહેલા ઝાકળના બિંદુ જેવું છે. જેમ તે બિંદુને પડતાં વાર નથી લાગતી, તેમ આ મનુષ્ય આયુ જતાં વાર નથી લાગતી.

કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર એમ છ શત્રુઓ આપણી ભીતર વસે છે. બહારના શત્રુઓ સાથે લડે એ વીર અને અંદરના શત્રુઓનો નાશ કરે એ મહાવીર કહેવાય છે.

શ્રીમદ્ દેવી ભાગવત કે અન્ય ધાર્મિક ગ્રંથો 'કંઠસ્થ' કરનારો ભકત કયારેક એને 'જીવનસ્થ' કરવાનું ચૂકી જાય છે. ધર્મગ્રંથોનું કે મંત્રોનું યાંત્રિક રટણ કર્યા કરવું એ પોતાની જાતને પોપટ ગણવા બરાબર છે. સદીઓથી ધર્મગુરુઓ માણસને પોપટનો દરજ્જો આપતા રહ્યા છે. આદ્યશકિતની રચેલી માયાને સમજવી અતિ મુશ્કેલ છે.

'ॐ नमो भगवते धर्मायात्म विशोधनाय नमः ।'

ચિત્તને વિશુદ્ધ કરનાર ૐકાર સ્વરૂપ ભગવાન ધર્મને નમસ્કાર.

પ્રહલાદજી કહે છે,

'ॐ नमो भगवते न नरसिंहाय नमस्तेजस्तेजसे आविरावीर्भव वज्रद्रष्ट कर्माशायान रन्धय तमोग्रस ॐ स्वाहा अभयं परमात्मनि भूयिष्ठाः ।'

ૐકાર સ્વરૂપ ભગવાન નૃસિંહને નમસ્કાર છે. તમે અગ્નિ આદિ તેજના પણ તેજ છો. હે વજનખ ! હે વજદષ્ટ્ર ! તમે મારી સમક્ષ પ્રગટ થાઓ. મારી કર્મવાસનાઓને ભસ્મ કરો. મારા અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરો, મારા ચિત્તને પ્રકાશિત કરો. હે પ્રભુ ! સમગ્ર વિશ્વનું કલ્યાણ કરો.

દુષ્ટજનોની મતિમાં શુભભાવ ઉત્પન્ન કરો. હે પ્રભો ! અમારી આસકિતનો નાશ કરો. અમને માયાથી મુકત કરો. તૃષ્ણા, રાગ, વિવાદ, ક્રોધ, અહંકાર, ઈચ્છા, આકાંક્ષા, ભય, સંતાપ, જન્મ–મરણરૂપ ચક્ર વગેરેના બંધનમાંથી અમને મુકત કરો.' આ પ્રકારે પ્રહલાદજી ભગવાન નૃસિંહને સ્તુતિ કરે છે.

કેતુમાલ વર્ષમાં ભગવાન વિષ્ણુ કામદેવના સ્વરૂપે વિરાજે છે. આ વર્ષની અધિષ્ઠાત્રી દેવી ભગવતી લક્ષ્મીજી છે. લક્ષ્મીજી ભગવાન કામદેવની ઉપાસના કરે છે.

લક્ષ્મીજી કહે છે :

'ओम ह्यां ह्रीं हूं ॐ नमो भगवते
हृषिकेशाय सर्वगुण विशेषैर्विलक्षीतात्मने
आकृतीनां चित्तीनां चेतसां विशेषाणां
आधिपतये षोडशकलायच्छन्दो मयायान्नमयाया
मृतमयाय सर्वमयाय महसे ओजसे बलाय
कान्ताय कामाय नमस्ते ऊभयत्र भूताय ।'

જે ઈન્દ્રિયોના સ્વામી, સકલ ગુણોનાં આશ્રય, જ્ઞાન, ક્રિયા, સંકલ્પશકિત તથા વિષયોના વ્યવસ્થાપક સોળ કળાઓથી યુકત વેદોકત કર્મોથી પ્રાપ્ત થનારા અન્નમય, અમૃતમય, સર્વમય હોવાની યોગ્યતાથી સંપન્ન છે એ મન, ઈન્દ્રિય અને શરીરના પરમ કમનીય કાણદેવને.

'ॐ ह्यां ह्रीं हं' આ બીજમંત્રો સાથે નમસ્કાર હો. હે ભગવન્ ! હું સદૈવ આપની જ ઉપાસના કરું છું.

રમ્યક વર્ષમાં ભગવાન વિષ્ણુ મત્સ્યરૂપ ધારણ કરી વિરાજમાન છે. કલ્પના અંતે નૈમિત્તિક પ્રલય થયો અને બ્રહ્માનો નિંદ્રાકાળ એટલે કે રાત્રિ આવી ત્યારે હયગ્રીવ નામના એક અસુરે બ્રહ્માના મુખમાંથી નીકળેલાં વેદોનું હરણ કર્યું હતું. મત્સ્ય ભગવાનની કૃપાથી સત્યવ્રત રાજા જ્ઞાન અને વિજ્ઞાનથી યુકત થઈ વૈવસ્વત નામે મનુ થયો હતો. મનુજી નિરંતર મત્સ્ય ભગવાનનું સ્તવન કરે છે.

મનુ કહે છે :

સત્ત્વપ્રધાન મુખ્ય પ્રાણ સૂત્રાત્મા તથા મનોબલ, ઈન્દ્રિયબલ અને શરીરબલ ૐકારના અર્થ સર્વશ્રેષ્ઠ ભગવાન મહામ્ત્સ્યને નમસ્કાર હો.

આ પ્રકારે મનુ શ્રીહરિની, કે જે મત્સ્યરૂપમાં અવતાર ધારણ કરેલો હતો તેમની સ્તુતિ કરે છે.[૭]

તાત્પર્ય એ છે કે, અહીં પણ ૐનું સવિશેષ મહત્ત્વ દર્શાવવામાં આવ્યું છે.

## (૪) નર્મદાપુરાણ :–

આ પુરાણમાં અધ્યાય–૪૭ માં યુધિષ્ઠિરને માર્કંડેયજી ૐકારની ઉત્પત્તિ અને લક્ષણ વર્ણવે છે. ૐ એ એક અક્ષરબ્રહ્મનું નામ છે એને કહેતાં અને સાંભળતા જે પ્રાણ છોડે છે, તે પરમગતિને પ્રાપ્ત થાય છે. વેદોની માતા ગાયત્રી ૐકારમાંથી ઉત્પન્ન થયાં. ૐકાર જ વેદનું મૂળ છે. અને વેદ એની શાખાઓ છે. સ્મૃતિ અને શાસ્ત્રો એ બધા ફળ, ફૂલ અને પાંદડા છે. જેમ બધી વિદ્યાઓની શરૂઆતમાં ૐકાર બોલાય છે, તેમ બધા દેવોની આદિમાં મહાદેવજી છે. ત્રણે સંધ્યા અને ત્રણે કાળ ૐકારજીમાં છે. ત્રણ અગ્નિ, ત્રણ લોક અને ત્રણ વર્ગ, એ ૐકારમાં જ રહે છે. શિવજીએ બ્રહ્માને અડસઠ તીર્થ કહ્યાં છે અને એકસો ને એક રુદ્રો કહ્યાં છે. કેદારનાથમાં સો રુદ્ર અને ૐકારનાથમાં એકસો ને એક રુદ્ર છે. પાંચ વેદ જેમાંથી નીકળે છે, એવું પાંચ મુખવાળું ઉત્તમ ૐકારજીનું લિંગ છે. ચારે સમુદ્રો સુધી પૃથ્વીમાં જેટલાં લિંગ છે. તેમાં ૐકારનાથ સિવાય બીજા કોઈ લિંગના પાંચ મુખ નથી.

હે યુધિષ્ઠિર ! સ્વયંત્ન મન્વંતરમાં આદિ કલ્પના સત્યયુગમાં નર્મદાના કિનારે રહેનારા દેવોને કહ્યું, કાલીકેય અને કાલક નામના દેવોને જીતીને ભગાડી મૂકયા હતા. બ્રહ્મા સહિત સર્વદેવો ઈશ્વરને શરણે ગયા હતા. ત્યાં બૃહસ્પતિ બ્રહ્માજી પ્રત્યે બોલ્યાં, ‘આપ દાનવોનો નાશ કરનારો ભયાનક યજ્ઞ કરો.’ ત્યારે બ્રહ્માજીએ બૃહસ્પતિને કહ્યું, ‘દાનવોના ભયથી અમો મંત્રો ભૂલી ગયા છીએ.’ એટલામાં જ સાતે પાતાળને ફાડીને ૐકાર ભૂ, ર્ભુવઃ, સ્વઃ આ ત્રણેય આકૃતિઓ કરેલું મહાપ્રલયમાં સળગતું અગ્નિ સમાન લિંગ નીકળ્યું. કરોડ સૂર્યના તેજવાળું, હજારો લપેટોવાળું જેનો આદિ અને અંત જણાતો નથી. તેનું આવું શ્રેષ્ઠ લિંગ કદી જોયું નહોતું. એટલે એ જ લિંગરૂપ શિવજી ધર્મ, અર્થ, કામ, મોક્ષ, વેદ, વેદાંત અને શાસ્ત્રો સહિત બ્રહ્માજી પ્રત્યે વચન બોલ્યાં, ‘હે બ્રહ્મન્ ! લોકોની શાંતિ કરનારો ક્ષૌમ્ય યજ્ઞ તમે સ્વેચ્છાપૂર્વક કરો. મેં તમને વેદ આપ્યા છે.’ ત્યાર પછી બ્રહ્માએ પ્રથમ તો દૈત્યોનો નાશ કરનારો ભયાનક યજ્ઞ કર્યો. ત્યારે દૈત્ય ભયંકર યજ્ઞને જોઈને બ્રહ્માના શાપના ભયથી દશે–દિશામાં ભાગી ગયાં. ૐકારના પ્રભાવથી બધા દેવતાઓ નિર્ભય થયા. અને શિવપૂજન કરી સ્વર્ગે ગયા.[૮] આ પુરાણમાં આગળ પણ શિવજીનું ૐકારરૂપે વર્ણન કરવામાં આવ્યું છે. મનમાન્યું રૂપ ધારણ કરનારા ૐકારનાથ મહાદેવ શિવાય સમુદ્ર સુધી પાંચ કલાવાળા કોઈ રુદ્ર નથી. પાંચ વેદ, પાંચે જેનાં મુખ છે, એવા નવ શકિતઓ–વાળા નર્મદાના કિનારે વિદ્યમાન એવા ૐકારજીને જ શિવજીએ પૂર્વકાળમાં કહ્યાં છે. એટલે આ પુણ્યવાળા લોકમાં ત્રણે લોકોમાં ૐકારજીને પૂજાયેલાં છે. એમનું પશ્ચિમ તરફનું મુખ સંધ્યોજાનનું છે. જે શંખ અને ચંદ્ર સમાન સફેદ છે. એમાંથી ૠગ્વેદ નીકળ્યો છે. એના દેવતા બ્રહ્માજી છે. વામદેવ નામનું એમનું ઉત્તર તરફનું મુખ પીળા રંગનું અને મનોહારી છે. એમાંથી યજુર્વેદની ઉત્પત્તિ થયેલી છે. એના

દેવતા વિષ્ણુજી છે. દક્ષિણ દિશામાં આવેલું અઘોર નામનું મુખ, મેઘસમાન રંગવાળું છે. એમાંથી સામવેદ ઉત્પન્ન થયેલો છે. સૂર્યકાળ અને અગ્નિ એમના દેવતા છે. કેસર સમાન લાલ અને પીળું તત્પુરુષ નામનું મુખ પૂર્વ દિશા તરફ આવેલું છે. એમાંથી ચોથો અથર્વવેદ નીકળેલો છે. જેના દેવતા જળ છે. અને પાંચ રંગનું મુખ ભારે ઈશાન નામનું મુખ છે. વેદના સિદ્ધાંત એ મુખથી ગવાયા છે. છઠ્ઠું સદાશિવ નામનું મુખ છે. જેના ભાગ થઈ શકતા નથી. જે દોષરહિત છે. એમાં કોઈ નિશાની નથી. અને કોઈને દેખાતું નથી. એને જાણવાથી મુકત થઈ જવાય છે, એમાં હે રાજન્ ! ૐકારનું વર્ણન કહ્યું. હજાર મુખવાળાની પણ એનું વર્ણન કરવાની શકિત નથી. તો એક મુખવાળાની તો વાત જ શી ? જળથી સ્નાન કરાવીને બિલ્લીપત્રથી એની પૂજા કરનાર ચાર હજાર વર્ષ સુધી રુદ્રલોકમાં રહે છે. દક્ષિણામૂર્તિમાં જે ૐકારજી છે. ત્યાં મરનાર કરોડ હજાર વર્ષ સુધી શિવપુરમાં રહે છે. જો કોઈ ચુના કે ઈંટથી બનેલો મહેલ કે મઠની પતાકા અને ધજાઓથી શોભિત દિવાલોમાં ચિત્રો દોરાવે છે. અથવા જેની ઝાલરમાં રુદ્ર ઘંટીકાઓ ચોડેલી છે. અને સરસ કપડું અને ઉત્તમ વાસ લાગેલા છે. એવો ચંદરવો જ લગાડાવે છે. પણ પાંચ રંગોની શોભાથી યુકત કરે છે. અથવા પંચામૃતથી સ્નાન કરાવીને ચંદન અગર કેસરથી લેપન કરે છે. અનેક જાતના ઉત્તમ કપડાંથી મૂર્તિ લપેટીને સોનું, મોતી અને રત્નોથી પૂજન કરીને ઘી સહિત ગુગળ, ધૂપ કરે છે. ઘંટીલી, દીવો અને ધૂમાડા વગરની આરતી કરે છે. મૃદંગ, પટ, બેંડ, સીતાર વગાડે છે જેને ગાય છે. કાહલી, શંખ, મંજ, મંજિરા, તાર વગેરે વગાડે છે. બેના, ગડુવા, છત્રી, ચામર, ધ્વજ, લાઠી, સોનું, અન્ન, પૃથ્વી, મકાન, ગામ અને શહેર વગેરે જે પદાર્થો જે અર્પણ કરે છે એ દાનનું ફળ અગણિત ગણાય છે. ચંદ્ર કે સૂર્યગ્રહણમાં સિદ્ધેશ્વર અને ૐકારને ધજાઓથી ચારે તરફ ઘેરે તો એનાં પુણ્યફળને ધજાના કપડાંમાં જેટલાં સૂતરનાં તાંતણા છે એટલાં હજાર વર્ષ સુધી શિવલોકમાં રહે છે.[૯] અહીં ૐકાર શિવસ્વરૂપ હોય તેમ જણાય છે.

## (૫) વિશ્વકર્માપુરાણ :–

આ પુરાણમાં પણ ઓમ્‌નું નિરૂપણ વિરાટ વિશ્વકર્માના નિરૂપણમાં કરાયું છે. સૂત કહે છે કે, પ્રભુશ્રી વિરાટ વિશ્વકર્માએ જ પરબ્રહ્મ છે. સમસ્ત નાદબ્રહ્મની ઉત્પત્તિ સ્વરૂપ, સઘળી વાણીની ઉત્પત્તિ વિશ્વકર્માથી જ થઈ છે, તે પણ કહે છે કે, પ્રભુના સદ્યોજાત નામના મુખથી તારકની ઉત્પત્તિ થઈ, વાસુદેવ નામના મુખથી દંડક તત્પુરુષથી કુંડળ, ઈશાનથી અર્ધચંદ્ર તેમજ પ્રભુના અઘોરમુખથી બિંદુની આમ વેદના અને નાદબ્રહ્મના મૂળ સ્વરૂપ પ્રણવની ઉત્પત્તિ શ્રી વિરાટ વિશ્વકર્માના મુખથી થઈ અને પ્રણવમાંથી વેદ અને દેવેદમાંથી સઘળાં પ્રકારના જ્ઞાન–વિજ્ઞાન અને વાણી ઉત્પન્ન થયાં છે.[૧૦] અહીં પ્રણવમાંથી જ બધું ઉત્પન્ન થયું છે તે બાબત વર્ણવાયેલી છે.

નિષ્કર્ષ એ છે કે, કેટલાંક અન્ય પુરાણોમાં પણ ૐકારનું નિરૂપણ કોઈને કોઈ રૂપે જોવાં મળે છે.

આત્મપુરાણમાં પ્રણવનું મહત્ત્વ છે. ગણેશપુરાણમાં ભગવાન ગણેશ પણ ૐકારસ્વરૂપ હોય તેમ જણાય છે. દેવી ભાગવતમાં ૐકારનું વિસ્તૃત નિરૂપણ છે. નર્મદાપુરાણમાં ૐકારનું શિવસ્વરૂપે વર્ણન કરવામાં આવ્યું છે. વિશ્વકર્મા પુરાણમાં વિરાટ વિશ્વકર્માના મુખમાંથી નાદબ્રહ્મરૂપ પ્રણવની ઉત્પત્તિ વર્ણવી છે.

આમ, શિવ, ગણેશ, પ્રણવ, નાદબ્રહ્મ, સરસ્વતી આ બધા જ સ્વરૂપો ૐકારના જ સ્વરૂપો હોય તેમ જણાય છે. અને ૐકાર સાથે કોઈને કોઈરૂપે સંબંધિત પણ છે. તેથી ઉપર્યુકત બાબતોને જોતાં જણાય છે કે, ૐકારની ઉપાસના સર્વશ્રેષ્ઠ માનવામાં આવે છે. કારણ કે, ૐકાર જ પરબ્રહ્મ પરમાત્માનું સર્વશ્રેષ્ઠ પ્રતીક છે.

## સંદર્ભ પ્રકરણ : ૧ – ૩ – ૪ : અન્ય પુરાણો :


૧. आत्मपुराण, नवम अध्याय, पृ. ३०६ - ३०९ ॥

૨. गणेशपुराण - अ. ११ ॥

૩. યોગના પાઠ (૩); પૃ. ૧૬ થી ૧૯.

૪. ॐ શ્રી ગણેશાય નમઃ; પૃ. ૧૧ થી ૧૪.

૫. वैदिकसम्पत्तिः पृ. ४३१-४३२ ॥

૬. ब्रह्मप्रणवं संधानं नादो ज्योर्तिमयः शिवः ॥
स्वयमार्विभवेदात्मामेघायायेऽशुमानिव ॥
नादबिन्दूपनिषद - ३० ॥

૭. देवी भागवत, पृ. ४९७ - ५०५ ॥

૮. नर्मदापुराण - अ. ४७ - पृ. १९४-१९६ ॥

૯. नर्मदापुराण - अ. ४७ - पृ. १९४-१९६ ॥

૧૦. विश्वकर्मापुराण - अ. २२ - पृ. १७४ ॥

# પ્રકરણ : ૧–૪ : મનુસ્મૃતિમાં ઓમ્

ભારતીય સાહિત્યમાં મનુપ્રોકત સ્મૃતિને 'મનુસ્મૃતિ', 'મનુસંહિતા', 'માનવધર્મશાસ્ત્ર', 'માનવશાસ્ત્ર' આદિ અનેક નામોનો ઉલ્લેખ આવે છે. મનુસ્મૃતિ ભારતીય સાહિત્યમાં સર્વાધિક રીતે ચર્ચિત ધર્મશાસ્ત્ર છે. કારણ કે, પોતાના રચનાકાળથી જ આ સર્વાધિક પ્રામાણિક, માન્ય તેમજ લોકપ્રિય ગ્રન્થ રહ્યો છે. સ્મૃતિઓમાં તેનું સ્થાન સૌથી ઊંચું છે.

મનુની દઢ માન્યતા છે કે,

वेदोऽखिलो धर्ममूलम् (मनु० २/६)

અર્થાત્, વેદ જ ધર્મનો મૂળ આધાર છે.

મનુની વેદો પ્રતિ ગહન શ્રદ્ધા છે.

મનુએ પણ મનુસ્મૃતિમાં વર્ણો તેમજ આશ્રમ ધર્મોના રૂપમાં વ્યકિત તેમજ સમાજના માટે હિતકારી ધર્મો–કર્તવ્યો વિધાનોનું વર્ણન વેદના આધાર પર જ કર્યું છે. અને ધર્મ જિજ્ઞાસામાં વેદને જ પરમ પ્રમાણ માન્યા છે.

धर्मजिज्ञासमानानां प्रमाणं परमं श्रुतिः (मनु० २/१३)

અર્થાત્, ધર્મની જિજ્ઞાસા રાખનારા માટે વેદ જ પરમ પ્રમાણ છે. તેનાથી જ ધર્મ–અધર્મનો નિશ્ચય કરવો.

श्रुतिस्तु वेदो विज्ञेयो धर्मशास्त्रे तु वै स्मृति ।

અર્થાત્, શ્રુતિ એટલે વેદ અને ધર્મશાસ્ત્ર એટલે સ્મૃતિ.

સમસ્ત ભારતીય સાહિત્યમાં મનુના વચનોને આદરની દૃષ્ટિથી જોવામાં આવે છે અને પ્રામાણિક માન્યા છે.

તેની જ બ્રાહ્મણગ્રંથોમાં કહ્યું છે કે...,

"मनुर्वै यत्किञ्चावदत् तद् भैषजम् ।"[1]

અર્થાત્, મનુએ જે કંઈ કહ્યું છે તે મનુષ્યો માટે ઔષધની સમાન કલ્યાણકારી તેમજ ગુણકારી છે.

મનુસ્મૃતિમાં ઓમ્નું પ્રણવરૂપે નિરૂપણ કરવામાં આવ્યું છે. જેમ કે, હંમેશા અધ્યયનના આદિ અને અંતમાં ઓમ્નું ઉચ્ચારણ કરે, આરંભમાં ઓંકારનું ઉચ્ચારણ ન કરવાથી અધ્યયન કરેલું ભૂલાય

જાય છે અને અંતમાં ઓમ્નું ઉચ્ચારણ ન કરવાથી અધ્યયન કરેલું સ્થિર થતું નથી.[૨]

તાત્પર્ય એ છે કે, આ પ્રણવ અર્થાત્ ઓમ્ શબ્દ તે અનાદિ – અનન્ત, સર્વવ્યાપક સૃષ્ટિ રચયિતા પરમાત્માનું સૌથી મોટું મુખ્ય નામ છે તેનું પ્રતીક છે. તેનું સ્મરણ આદિ અને અંતમાં કરવાથી તેનામાં સર્વજ્ઞતાના ગુણોની અને પ્રવૃત્તિ થઈને બહુજ્ઞ થવાની ભાવના આવી જાય છે.

તેથી જ રામચંદ્ર દત્તાત્રેય રાનાડે કહે છે કે, ૐ આધ્યાત્મિક જીવનનું સાધન અને સાધ્યનું પ્રતીક છે. ૐકાર ધ્યાનનું પરમસાધન જ નહિં પરંતુ ધ્યાનનું પરમ સાધ્ય છે. ૐકાર કેવળ વ્યકિતગત શ્રેય જ નથી રાખતું, પરંતુ વિશ્વશ્રેયનું સમ્પાદક છે. તે ધ્યાનનું કેવળ વ્યકિતગત સાધન નથી પરંતુ અમને બતાવ્યું છે કે, સ્વયં સૂર્ય પણ પ્રણવગાન કરતો વિશ્વની પ્રદિક્ષણા કરે છે.[૩]

આ ઉપરાંત ઓમ્ તેમજ ગાયત્રીની ઉત્પત્તિ વર્ણવતાં કહ્યું છે કે, પરમાત્માએ ઓમ્ શબ્દના અ, ઉ અને મ અક્ષરોનો અને ભૂઃ, ભુવઃ, સ્વઃ ગાયત્રીમન્ત્રની આ ત્રણ વ્યાહૃતિઓને ત્રણે વેદોથી દોહીને સારરૂપમાં ઉત્પન્ન કરી છે.[૪] યાસ્કાચાર્યે પણ વિભિન્ન આચાર્યોના મતોના ઉલ્લેખ કરતાં ઓમ્ અક્ષર અને ત્રણ વ્યાહૃતિઓને મનુની જેમ જ મહત્ત્વ આપ્યું છે જેમ કે, ‘નિરતિશય, અધિષ્ઠાન, પ્રણવરૂપ, અવિનાશી શબ્દતત્ત્વમાં, ઋચાસંપૂર્ણ ઋગુપલક્ષિત મંત્ર વિદ્યમાન છે, તથા જે ઋચાઓ અથવા પ્રણવમાં બધા દેવ અવસ્થિત છે. જે પ્રણવાક્ષર તેમજ તે મંત્રોના ઉપર્યુકત તત્ત્વને જાણે છે, તે આ દેવોની સાથે તાદાત્મ્ય લાભ કરે છે.[૫]

ઓમ્ના જપનું વિશેષ મહત્ત્વ વર્ણવતાં કહ્યું છે કે, આ ઓમ્ અક્ષર અને ભૂઃ, ભુવઃ, સ્વઃ આ વ્યાહૃતિઓ સહિત આ ગાયત્રી ઋચાની વેદપાઠી બ્રાહ્મણ પ્રાતઃ, સાયંકાળમાં જપતાં વેદાધ્યયન પુણ્યથી યુકત થાય છે.[૬]

તાત્પર્ય એ છે કે, ઓમ્ના સ્મરણનું મહત્ત્વ અને ઓમ્ની તેમજ ત્રણ વ્યાહૃતિઓની ઉત્પત્તિ વર્ણવાય છે.

## સંદર્ભ પ્રકરણ : ૧ – ૪ : મનુસ્મૃતિમાં ઓમ્ :

૧. तांड्यब्राह्मण, २३ / १६ / ७ ॥

२. ब्रह्मणः प्रणवं कुर्यादादावन्ते च सर्वदा ।
स्त्रपत्यानोङ्कृतं पूर्वं, पुरस्ताच्च विशीर्यते ॥
मनुस्मृति - २-४९ ॥

૩. उपनिषद्दर्शनका रचनात्मक सर्वेक्षण; पृ. २१६ - २१८ ॥

૪. अकारं चाप्युकारं च मकारं च प्रजापतिः ।
वेदत्रयान्निरदुहद् भूर्भुवः स्वरितीति च ॥
मनुस्मृति - २-५१ ॥

૫. ऋचां अक्षरं परमे व्यवने । यस्मिन् देवाः अधिनिषण्णाः
सर्वे यस्तन्न वेद किं ऋचा करिष्यति । य इत्तद्विदुः ।
त इमे समासते इति विदुषः उपदिशति । कतमत्तदेतदक्षरं
ओमित्येषा वागिति शाकपूणिः ऋचश्च ह्यक्षरे परमे
व्यवने धीयन्ते नाना देवतेषु च मन्त्रेषु ॥

निरुक्त - १३ / ७ ॥

૬. एतदक्षरमेतां च जयन्व्याहृति पूर्विकाम् ।
संध्ययोवेर्दविद्विषो वेदपुण्येन युज्यते ॥
मनुस्मृति - २ / ५३ ॥

# પ્રકરણ : ૧–૫ : યોગદર્શનમાં ઓમ્

યોગદર્શનના આચાર્ય પતંજલિ છે.

યોગદર્શનમાં પણ ઓમ્નું નિરૂપણ થયેલું જોવા મળે છે. જેમ કે, ઈશ્વરરૂપ વાચ્યનો અભિધાશકિત વડે બોધક શબ્દ પ્રણવ એટલે ૐકાર છે, અર્થાત્ મનુષ્યની દેવતાદિ સંજ્ઞાની જેમ પ્રણવ એટલે ૐકાર છે. પતંજલિ કહે છે કે, 'તેનો વાચક પ્રણવ છે.[૧] ૐકાર એ ઈશ્વરનું સર્વોત્તમ નામ છે અને તેના વડે સ્મરણ કરવાથી તે શીઘ્ર પ્રસન્ન થાય છે. તેથી પતંજલિ વિશેષ મહત્ત્વ દર્શાવતાં કહે છે કે, 'તેના અર્થનું યથાવત ઉચ્ચારણ અને તેના અર્થનું ધ્યાન.'[૨] કારણ કે, તે પ્રણવના વાચ્યરૂપ ઈશ્વરમાં પુનઃ પુનઃ ચિત્તને સ્થાપન કરવાથી ચિત્ત એકાગ્ર થાય છે, ને તેથી પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે. આ બાબતને સમર્થન આપતાં શ્રીયોગધ્યાનીજી આહૂજા કહે છે કે, પ્રણવજપની સાથે તેના અર્થના અનુભવ પર પણ સમાનરૂપથી ભાર દે છે. નામ–નામીનું જ પ્રતીક છે અને નામીનું જ પ્રતિનિધિ છે નામ અને નામીમાં અવિચ્છેદ્ય સંબંધ હોવાના કારણે નામના ઉચ્ચારણથી નામીના ગુણો અથવા શકિતઓની સાથે સીધો સંપર્ક સ્થાપિત થઈ જાય છે.[૩] આ બાબતને પુષ્ટ કરતાં સંત યોગભિક્ષુ કહે છે કે, પ્રણવ – ઓમ્ = ૐ, ઓમ્ શબ્દ ઈશ્વરનો વાચક છે, બોધક છે, દ્યોતક છે. ઓમ્ એટલે ઈશ્વર. ઈશ્વર એટલે એવા પ્રકારનું વિશેષ ચેતન કે જેમનામાં કલેશો, કર્મો, કર્મફળો અને વાસનાઓ ત્રિકાળમાં પણ નથી, કિંચિતમાત્ર પણ નથી અને તેમનામાં સંપૂર્ણ સર્વજ્ઞપણું ઉપરાંત તેઓ ત્રણેકાળમાં ગુરુઓના પણ ગુરુ છે અને તેમને કાળના કોઈપણ નિયમો બાધ કરી શકતાં નથી. ઓમ્.... ઓમ્... ઓમ્... બોલતી વખતે ઉપરોકત અર્થબોધ લેવાનો છે.[૪]

તાત્પર્ય એ છે કે, ઓમ્ અર્થાત્ પ્રણવ જે ઈશ્વરનું વાચક છે અને તેનું વારંવારનું ઉચ્ચારણ પરમાત્માને પ્રાપ્ત કરાવે છે.

## સંદર્ભ પ્રકરણ : ૧ – ૫ : યોગદર્શનમાં ઓમ્ :


૧. तस्य वाचकः प्रणवः ।

पार्तंजलयोगदर्शन - समाधिपाद - २७ ।

૨. पार्तंजलयोगदर्शन - समाधिपाद - २८ ।

૩. कल्याण, १९५३, सितम्बर, वर्ष - २७, पृ. १२८३ ।

૪. ઈશ્વરની ઓળખ; પૃ. ૩૩–૩૪.

# પ્રકરણ : ૧–૬ : બ્રહ્મસૂત્ર શાંકરભાષ્યમાં ઓમ્

શંકરાચાર્ય રચિત બ્રહ્મસૂત્ર પરનું ભાષ્ય છે. જેને 'વેદાંત દર્શન' તરીકે પણ ઓળખવામાં આવે છે. શંકરાચાર્યે શ્રુતિ અને સ્મૃતિના આધારે આ ભાષ્યગ્રંથની રચના કરી છે. તેનાં ચાર અધ્યાય છે. (૧) સમન્વય અધ્યાય, (૨) અવિરોધ અધ્યાય, (૩) સાધન અધ્યાય અને (૪) ફલાધ્યાય. ૫૫૫ જેટલાં સૂત્ર છે. ૧૯૧ અધિકરણ છે. સૂત્રો અને અધિકરણોની સંખ્યા બાબતે અનેક મતભેદો છે. 'શારીરિક ભાષ્ય' પણ કહેવામાં આવે છે. શંકરાચાર્ય માટે કહેવાયું છે કે...,

"अष्टावर्षे चतुर्वेदी द्वादशे सर्वशास्त्रवित् ।

षोडशे कृतवान्भाष्यं द्वात्रिंशे मुनिरम्यगात् ॥"

આમ, ખૂબ નાની વયે શંકરાચાર્યે આ ગ્રંથની રચના કરી છે.

ઓમ્‌નું નિરૂપણ આ પ્રમાણે છે. જેમ કે, આકાશપર્યંતના ધારણથી શ્રુતિમાં કહેલું અક્ષરબ્રહ્મ જ છે.

'ॐकार एवेदं सर्वम् ।'

અર્થાત્ ૐકાર જ આ સર્વ છે એ શ્રુતિ તો બ્રહ્મજ્ઞાનના સાધનપણાથી સ્તુતિ માટે છે, ૐકારનું પ્રપંચધારકપણું દર્શાવવા માટે નથી, તેમજ નિત્યપણું અને વ્યાપીપણું એવા બે અર્થ અક્ષરના થાય છે, તે પણ પરમાત્માનાં જ સંભવે છે માટે, અક્ષર પરમાત્મા છે.[૧] આગળ એક સૂત્રમાં અક્ષરની વધુ સ્પષ્ટતા કરતાં કહ્યું છે કે, અક્ષર શબ્દનું વાચ્ય બ્રહ્મ જ છે. પ્રશ્નોપનિષદ્‌માં પિપ્લાદઋષિએ સત્યકામને ૐકાર દ્વારા બ્રહ્મનું ધ્યાન કહ્યું છે. જેમ કે,

'एतद्वै सत्यकाम परमापरं च ब्रह्म यदोंकारः ।'

ત્યાં સંશય થાય છે કે, ૐકાર દ્વારા નિર્ગુણબ્રહ્મ ધ્યાનને યોગ્ય છે ? અથવા સગુણબ્રહ્મ ધ્યાનને યોગ્ય છે.[૨] વિસ્તૃત ચર્ચા કરતાં ભગવાન સૂત્રકાર નિર્ગુણબ્રહ્મ ૐકાર દ્વારા ધ્યાનને યોગ્ય છે એમ સિદ્ધ કરે છે.[૩]

નિર્ગુણોપાસના નિષ્કામ અને સકામ એમ બે પ્રકારની છે. નિષ્કામવૃત્તિથી ઉપાસના કરનારને મુક્તિ મળે છે. અને સકામવૃત્તિથી ઉપાસના કરનારને બ્રહ્મલોકની પ્રાપ્તિ થાય છે. ત્યાં સર્વજીવોના સમષ્ટિરૂપ લિંગ દેહાભિમાની બ્રહ્મા પાસેથી તત્ત્વજ્ઞાન પામીને નિરૂપાધિક ચૈતન્યનો સાક્ષાત્કાર કરે છે. બ્રહ્મલોકમાં જઈને નિર્ગુણોપાસનાના બળથી તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરે છે અને ફરીથી જન્મ પ્રાપ્ત નહિ થતાં

કલ્પને અંતે બ્રહ્માની સાથે મુકત થાય છે; ત્યાં સુધી બ્રહ્મલોકનું સુખ ભોગવે છે.[૪]

વિદ્યારણ્યને મતે નિર્ગુણ અને સગુણ ભેદથી પ્રણવોપાસના બે પ્રકારની છે.[૫] નચિકેતાએ જ્યારે યમને પૂછયું ત્યારે યમે પણ તેને એમ જ કહ્યું કે, જો ઓમ્કારને નિર્ગુણ માને તો નિર્ગુણોપાસના કહેવાય અને સગુણ માને તો સગુણોપાસના કહેવાય અર્થાત્ જે જેવું ધારીને ઉપાસના કરે તેને તેવું ફળ મળે.[૬]

તાત્પર્ય એ છે કે, ઓંકારના સગુણ અને નિર્ગુણ ઉપાસ્યપણા વિશે શંકરાચાર્ય અને વિદ્યારણ્યનો મત શ્રુત્યનુસારી છે. વાર્તિકકાર સુરેશ્વરને અનુસરીને સંત નિશ્ચલદાસ કહે છે કે, પ્રણવોપાસના જ એકમાત્ર નિર્ગુણ ધ્યાન અને અહંનાશ માટે ઉપયોગી સાધન છે. પ્રથમ 'ઓંકારને બ્રહ્મરૂપ' અને પછી 'ઓંકારરૂપ બ્રહ્મ હું છું.' એમ દ્વિવિધભાવના ક્રમશઃ વિચારપૂર્વક કરવી જોઈએ.[૭]

**સંદર્ભ પ્રકરણ : ૧ – ૬ : બ્રહ્મસૂત્ર શાંકરભાષ્યમાં ઓમ્ :**

૧. अक्षरमम्बरान्तधृतेः ॥

ब्रह्मसूत्रशाङ्करभाष्य - १ - ३ - १० ॥

૨. अन्यभावव्यावृत्तेश्च ॥

ब्रह्मसूत्रशाङ्करभाष्य - १ - ३ - १२ ॥

૩. त्रिमात्रप्रणवे ध्येयमपरं ब्रह्म वा परम् ।
ब्रह्मलोकफलोक्त्यादेरपरं ब्रह्म गम्यते ॥

ईक्षितव्यो जीवधनात्परस्तत्प्रत्यभिज्ञया ।
भवेद्ध्येयं परं ब्रह्म क्रममुक्तिः फलिष्यति ॥

ईक्षितकर्मव्यपदेशात् सः ।

ब्रह्मसूत्रशाङ्करभाष्य - १-३-१३ - १,२ ॥

૪. निष्कामोपासनान्मुक्तिस्तापनीये समीरिता ।
ब्रह्मलोकः सकामस्य शैष्य-प्रश्ने समीरितः ॥१४३॥

य उपास्ते त्रिमात्रेण ब्रह्मलोके स नीयते ।
स एतस्माज्जीवधनात् परं पुरुषमीक्षते ॥१४४॥

अप्रतीकाधिकरणे तत्क्रतुर्न्याय ईरितः ।
ब्रह्मलोकफलं तस्मात् सकामस्येति वर्णितम् ॥१४५॥

निर्गुणोपास्तिसामर्थ्यात् तत्र तत्त्वमवेक्षते ।
पुनरावर्त्तते नाऽयं कल्पान्ते च विमुच्यते ॥१४६

पंचदशीः, त. ९ - १४३ - १४६ ॥

૫. प्रणवोपास्तयः प्रायो निर्गुण एव वेदगाः ।
क्वचित् सगुणताऽप्युक्ता प्रणवोपासनस्य हि ॥१४७॥

परापरब्रह्मरूप ॐकार उपवर्णितः ।
पिप्पलादेन मुनिना सत्यकामाय पृच्छते ॥१४८॥

एतदालम्बनं ज्ञात्वा यो यदिच्छति तस्य तत् ।
इति प्रोक्तं यमेनाऽपि पृच्छते नाचिकेतसे ॥१४९॥

पंचदशीः, त. ९ - १४७ - १४९ ॥

૬. एतद्ध्येवाक्षरं ज्ञात्वा यो यदिच्छति तस्य तत् ।
कठोपनिषद् - १ - २ - १६ ॥

૭. ध्यान अहंग्रह प्रनवरूप को कह्यो सुरेश्वर श्रुति अनुसार ।
अच्छर प्रनव ब्रह्म भ्रमरूप सु यं अनुलव निजमति गति धार ॥
विचारसागर, पृ. १६४ ॥

# પ્રકરણ : ૧–૭ : સામાજિક, ધાર્મિક અને આધુનિક દષ્ટિએ ઓમ્

## (૧) સામાજિક અને ધાર્મિક દષ્ટિએ ઓમ્ :

ઓમ્ ઈશ્વરનો વાચક શબ્દ છે. ઓમ્ જ પરબ્રહ્મનું પ્રતીક છે. પરબ્રહ્મનું સર્વશ્રેષ્ઠ આલંબન છે. ભારતીય સંસ્કૃતિમાં ઓમ્‌નું વિશેષ મહત્ત્વ રહેલું છે. આજથી ૨૦૦૦ વર્ષ પહેલા પણ ઓમ્‌નું મહત્ત્વ હતું જે વેદમાં જોવા મળે છે. સામાજિક–ધાર્મિક અને આધુનિક દષ્ટિએ પણ ઓમ્ મહત્વનું સ્થાન ધરાવે છે. ઓમ્‌નો મહિમા ખૂબ જ છે, તેથી તો સંત યોગભિક્ષુ કહે છે કે...,

> "प्रणव से पढ़ो, प्रणव से बढ़ो, प्रणव से चढ़ो, स्वर्ग-आसमान;
> प्रणव से तोड़ो, भ्रमजालों को; प्रणव है कल्पवृक्ष समान ॥"[१]

ઓમ્ સામાજિક–ધાર્મિક દષ્ટિએ પણ ખૂબ જ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. એ બાબતને વર્ણવતાં દયાનંદ સરસ્વતી કહે છે કે, બાળક જન્મે કે તુરત જ બાળકના કાનમાં 'ઓમ્' મંત્ર બોલવામાં આવે છે. બાળકને પિતાએ ઘી અને મધ જીભ પર ઓરૂમ્, લખી સોનાની સળીથી ચટાડવા.[૨] બાળકના જન્મતાંની સાથે જ ઓરૂમ્ શબ્દનું મહત્ત્વ દર્શાવવામાં આવે છે.

સ્વામી અચલારામજી કહે છે કે, જે દિવસે બાળકના ઉપનયન સંસ્કાર કરવામાં આવે તે દિવસ બાળકનો જ્ઞાનનો દિવસ હોવાથી બાળકને કાનમાં ૐ મંત્ર સંભળાવવો જોઈએ. જેથી બાળકના જ્ઞાનની ઉન્નતિ થઈ શકે.[૩]

આ જ બાબતને વધુ વિસ્તૃત રીતે વર્ણવતાં ડૉ. શિવદાસ કહે છે કે, જીવનની શરૂઆત અને અંત ઓમ્ છે. જાતકર્મ સંસ્કારમાં બાળકના ઉત્પન્ન થયા પછી તેની જીભ ઉપર ઓમ્ લખવાનું વિધાન છે અને મનુષ્યના મૃત્યુના સમયે પણ તેના કાનમાં ઓમ્‌નું ઉચ્ચારણ કરવાનો આદેશ વેદમાં છે. આ રીતે ભારતીય ધર્મ અને સંસ્કૃતિ અનુસાર મનુષ્યનું પોતાનું જીવન ઓમ્‌થી શરૂ કરીને ઓમ્‌ના સ્મરણથી જ પૂરું થવું જોઈએ.[૪] શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં પણ આ જ બાબતનું નિરૂપણ છે કે, મૃત્યુ સમયે ઓમ્‌નું ઉચ્ચારણ પરમગતિને પ્રાપ્ત કરાવે છે. (જુઓ : પ્રકરણ : ૧–૩–૨ : શ્રીમદ્ ભગવદ્‌ગીતા) ૐકાર જ અંત સમયનો સાથી છે. તેનું ઉચ્ચારણ, સ્મરણ અને અર્થચિંતન મનુષ્યની ગતિ સુધારે છે એમ પંચનમુક્કારફથુત્તંમાં પણ કહેવામાં આવ્યું છે.[૫] ભારતીય ધર્મ અને સંસ્કૃતિમાં યજ્ઞોપવીત ધારણ કરવાનું મહત્ત્વ છે. ૐકાર યજ્ઞોપવીતમાં નવતન્તુઓમાં નવદેવતાઓનું અનુષ્ઠાન હોય છે. તેમાં એક સૌપ્રથમ દેવતા ૐકાર ગુણ બ્રહ્મજ્ઞાન છે.[૬] તેમાં પણ ૐકારનું અનુષ્ઠાન છે. હિંદુ સંસ્કૃતિમાં સર્વવૈદિક અને લૌકિક ધર્મકાર્યોમાં

મંત્રોચ્ચારની સાથે સાથે ઓમ્‌નું ઉચ્ચારણ કરવામાં આવે છે.[૭] આ જ વાતને સમર્થન અપાયું છે કે, ૐ એ ઈશ્વરનો વાચક છે, પ્રત્યેક વૈદિકમંત્રના આરંભમાં તેનો ઉચ્ચાર કરવાની આવશ્યકતા છે.[૮] બ્રાહ્મણો માટે કહેવાયું છે કે, ૐનો પહેલો ઉચ્ચાર કર્યા વિના બ્રાહ્મણોએ વેદ ઉચ્ચાર કરવો જોઈએ નહીં. મારા નામનો ઉચ્ચાર સૌથી પહેલાં કરવો જોઈએ છતાં, જો કોઈ બ્રાહ્મણ મારું નામ લીધા વિના વેદપાઠ કરે તો તે દેવતાઓ પણ સ્વીકારતાં નથી.[૯] ઓમ્‌ના ઉચ્ચારણનું ખૂબ મહત્ત્વ છે. વેદમંત્રનો પ્રારંભ ૐકારથી થાય છે.[૧૦] કારણ કે, વેદકાળથી જ ૐની સાધના થતી આવી છે. તેથી જ સર્વ મંત્રોમાં ઓમ્‌નું સ્થાન અગ્રતાક્રમે છે.[૧૧] ૐને આદિ અને અંતમાં ભણવા સર્વ શાસ્ત્રવિદ્ આચાર્ય નિર્દેશ કરે છે.[૧૨] તેથી જ ભારતના કેટલાંક પ્રદેશોમાં બાળકને પ્રથમ ગણેશ મંત્રથી દીક્ષિત કરી, પછી જ મૂળાક્ષરો શીખડાવવામાં આવે છે કારણ કે, ભગવાન ગણેશ ૐનું આલેખન ધરાવે છે.[૧૩] શિવાનંદ સ્વામી તો ત્યાં સુધી કહે છે કે, અભ્યાસની શરૂઆત કરતાં પહેલાં તેમજ પુસ્તક વાંચતા પહેલાં ગણેશ મંત્ર 'ૐ શ્રી ગણેશાય નમઃ' નું પઠન કરવું જેથી પાઠ સમજવામાં સરળતા રહેશે. ૐ એ ગણેશનું આલેખન છે.[૧૪] માટે જ એમ કહી શકાય કે, ૐના ઉચ્ચારણથી અભ્યાસ કરવામાં સરળતા રહે છે. એટલું જ નહિ, પરંતુ ૐકારથી અનેક લાભો થાય છે. પરમવિદ્યાનો પાઠ કરતો મનુષ્ય સ્વર્ગ અથવા મોક્ષપદને પામે છે. આ ૐકાર જ શ્રેષ્ઠ ફળ આપનારી વિદ્યા છે. આ ૐકારવિદ્યા અજ્ઞાની મનુષ્યને વિદ્વાન બનાવે છે અને માન વગરનાને માનવાળો કરે છે. પંચસુગુઓના પ્રથમાક્ષરોથી નિષ્પન્ન થયેલી આ વિદ્યા અદ્વિતીય અને પરમસુખદાયક છે.[૧૫] દુનિયાના દુઃખો પણ સતાવી શકતાં નથી. કારણ કે, મનુષ્ય જીવનમાં દુઃખો તો કયારેકને કયારેક આવવાના છે જ પરંતુ આવા દુઃખો પણ આ મંત્રના લીધે મનુષ્યને દુઃખી કરી શકતાં નથી.

## (૨) આધુનિક દષ્ટિએ ઓમ્ :

આધુનિકનો અર્થ થાય છે 'નવીન.' બદલાવ.

વર્તમાન સમયમાં પણ ઓમ્‌નું મહત્ત્વ છે. વીસમી સદીમાં પણ ઓમ્‌નું મહત્ત્વ છે.

સામાજિક અને ધાર્મિક દષ્ટિએ તો ઓમ્ મહત્વનું સ્થાન ધરાવે છે જ. પરંતુ આધુનિક દષ્ટિએ પણ ઓમ્‌નો ખૂબ મહિમા છે. શૃંગાર અને સૌદર્ય પ્રસાધનોમાં પણ ઓમ્ મહત્વનું સ્થાન ધરાવે છે.

'ઓમ્' અક્ષરને જાણીતા આર્ટિસ્ટ દિવાકર શેટ્ટીએ સૌ પ્રથમ કાગળ ઉપર, કાષ્ટમેટલ ઉપર અને બીજા માધ્યમ પર જીવિત કર્યો હતો. હવે એમણે જ્વેલરીમાં પણ સ્થાન આપ્યું છે. ઈન્ટરગોલ્ડના સ્વયંભૂ સર્વમ્ કલેકશનમાં ઓમ્‌ના ૨૭ રૂપો છે. તેમાંના કેટલાંક રૂપો બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, લક્ષ્મી, સરસ્વતી, પાર્વતી આ બધા દેવી–દેવતાને આર્ટિસ્ટે ઓમ્ સાથે ગૂંથી લીધા છે. સ્પિરિચ્યુઅલ ગણાતી આ જ્વેલરીની

દુનિયામાં એક નજર જોઈએ તો ઓમ્ વિશે માહિતી મળે છે.[૧૬] (જુઓ : પરિશિષ્ટ ક્ર. નં. ૨) ભારતીયો ઓમ્ યુકત આભૂષણો પહેરે છે, તો બાળકના અને વૃદ્ધના ગળામાં સોનાના ૐકાર પહેરેલા જોવાં મળે છે. બાળકનો જન્મ થાય ત્યારે પણ ભેટના રૂપમાં સુવર્ણનો 'ઓમ્' આપવાની પ્રથા કયાંક–કયાંક જોવા મળે છે. ભારતમાં છૂંદણાઓનું વિશેષ મહત્વ રહ્યું છે.

કનુ નાયક કહે છે કે, પ્રાચીન સમયથી નારીનો અક્ષય શૃંગાર છૂંદણાઓ બની રહ્યા છે. ધાર્મિક વૃત્તિનો માણસ 'ઓમ્' અથવા 'રામનામ' કોતરાવી સંતોષ માને છે કારણ કે, 'ઓમ્' અથવા 'રામનામ' દિવસમાં જેટલીવાર વંચાય એટલું પુણ્ય ! આ ઉપરાંત એક બિંદુ, ચાર બિંદુ, બિંદુની હાર, ફૂદડી, બીજચંદ્ર, ચાર બીજચંદ્રમાંથી બનતી વર્તુળભાત વગેરે હાથ કે મુખ પર કોતરાવવામાં આવે છે જેથી સૌદર્ય ખીલી ઉઠે. આધુનિકતાની દૃષ્ટિએ પણ જિસસનો ક્રોસ, ઓમ્ વગેરે કોતરાવવામાં આવે છે. રામ નામ પણ કોતરાવવામાં આવે છે. જેથી આખો દિવસ તે નામ અથવા પ્રતીકને સ્મરણમાં રાખી શકાય.[૧૭] બિંદુ પણ ઓમ્નું જ સ્વરૂપ છે. ઓમ્ આજે પણ છૂંદણાઓમાં સ્થાન ધરાવે છે અને આજે પણ ભારતીયમાં ખાસ કરીને ગુજરાતની ગ્રામ્ય પ્રજાના હાથ પર ઓમ્ કોઈકવાર છૂંદણાઓ રૂપે જોવા મળે છે.

સંત આશારામ બાપુએ ઓમ્નું મહત્ત્વ ઓડિયો કેસેટમાં પણ વર્ણવ્યું છે. જેમ કે, ''બાળક જન્મે છે ત્યારે રડે છે, તેનો રડવાનો અવાજ ઓમ્ જેવો જ હોય છે. ઓમ્ ચૈતન્યનો વાસ્તવિક ધ્વનિ છે વગેરે બાબતો વર્ણવી છે.[૧૮] આમ ઓડિયો કેસેટમાં પણ ઓમ્નો મહિમા જોવાં મળે છે. આ ઉપરાંત ભારતીય ફિલ્મોમાં પણ ઓમ્નું મહત્વ વર્ણવવામાં આવ્યું છે.

'ધડકન' ફિલ્મમાં અક્ષયકુમાર પતિનો અભિનય કરે છે, પત્નીનો અભિનય શિલ્પા શેટ્ટી કરે છે. પત્ની ખૂબ જ ગુસ્સે થાય છે ત્યારે પતિ તેને સમજાવતાં કહે છે કે, ''ખૂબ ગુસ્સો આવી જાય તો ત્રણવાર 'ૐ' બોલી લેવું, જેથી ગુસ્સો આપોઆપ શાંત થઈ જશે.''[૧૯]

આ બાબતને સંત યોગભિક્ષુ પણ સમર્થન આપતાં કહે છે કે, કોઈપણ કાર્યના પ્રારંભમાં અને અંતમાં ત્રણ વખત પ્રણવોચ્ચાર કરવો. એક ઓમ્ મારા (બોલનારના) કલ્યાણ માટે, બીજો ઓમ્ તમારા (સાંભળ નારના) કલ્યાણ માટે અને ત્રીજો ઓમ્ અન્યો બોલનાર અને સાંભળનાર સિવાયના કલ્યાણ માટે બોલવાનો છે. ઓમ્... ઓમ્... ઓમ્...[૨૦]

ભારતીય ધર્મ અને સંસ્કૃતિમાં ઓમ્નું ખૂબ જ મહત્ત્વ છે.

નિષ્કર્ષ એ છે કે, સામાજિક–ધાર્મિક અને આધુનિક દૃષ્ટિએ ઓમ્ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ભારતમાં બાળકના જન્મથી મૃત્યુ સુધીની દરેક ધાર્મિક ક્રિયાઓમાં ઓમ્ મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

**સામાજિક દૃષ્ટિએ પણ અધ્યયન વગેરે કાર્યોમાં ઓમ્‌નું સ્થાન છે. આધુનિક દૃષ્ટિએ વિચારીએ તો સૌંદર્ય પ્રસાધનો એટલે કે, છૂંદણાઓ, જ્વેલરી, પેઈન્ટીંગ વગેરેમાં તેમજ ભારતીય ફિલ્મોમાં પણ ઓમ્‌નું સ્થાન રહેલું છે. સામાજિક–ધાર્મિક અને આધુનિક દૃષ્ટિએ પણ ઓમ્ પરબ્રહ્મના પ્રતીકરૂપે જ સ્થાન ધરાવે છે. ભારતીય ધર્મ અને સંસ્કૃતિમાં ઓમ્‌નું વિશેષ મહત્ત્વ છે.**

**સંદર્ભ પ્રકરણ : ૧–૭ : સામાજિક, ધાર્મિક અને આધુનિક દષ્ટિએ ઓમ્ :**


૧. ઈશ્વરની ઓળખ, ઈશ્વર નામ મહિમા; પૃ. ૧ ની પહેલા પ્રણવાષ્ટક.

૨. સત્યાર્થપ્રકાશ; પૃ. ૭૯.

૩. हिन्दु धर्म रहस्य; पृ. ८० ।

૪. भारतीय सांस्कृतिक मूलतत्त्व, मांडूक्योपनिषद्, टिप्पणी; पृ. १०२ ।

૫. संविग्गेणं मणसा अखिलयफुडमणहरेण य सरेण ।
पउमासणिओ करणद्धजोगमुद्दो य कारणं ॥
सम्मं संपुन्नं चियं समुच्चरिज्जा सयनमुक्कारं ।
उस्सगगेणेस विही अह बल गलणा तदा न पहू ॥
तन्नागाणुग असिआउस त्ति पंचकरवरे तहति सग्गं ।
निहुयं पि पयत्तिज्ज कह वि अह तत्थ ति असतो ॥
ता झाएज्जा ओमिति संगहिया जं इमेण अरहंतो ।
असरीश आयरिया उवज्झाया गुणितय सब्वे ॥
एयन्नामाइनिपन्नवन्नसन्धिप्यओगओ जम्हा ।
सव्यनुणहि एसो ओंकारो किर विणिद्दिट्ठो ॥

નમસ્કારમંત્રસિદ્ધિ; પૃ. ૨૮૫.

૬. ॐकारः प्रथमे तन्तौ । कल्याण, १९५२, वर्ष-२६, अप्रैलः पृ. ९७९ ॥

૭. ૐકાર ઉપાસના અને સિદ્ધિ; પૃ. ૧૩૫.

૮. ઋગ્વેદીય આહ્નિક પ્રકાશ, ટિપ્પણી; પૃ. ૩૪.

૯. न मामनोरियित्वा ब्राह्मणा ब्रह्म वदेयुः ।
यदि वदेयुः अब्रह्म तस्यादिति ॥ देवी भागवत । पृ. ५०३ ॥

૧૦. कल्याण, १९६४, वर्ष-४८, अगस्तः पृ. १०८४ ।

૧૧. ગુજરાત સમાચાર, ધર્મલોક, માર્ચ–૨૦૦૨, એકાક્ષરી શબ્દ એ જ બ્રહ્મ.

૧૨. ચિદાનંદ્મયી મા ગાયત્રી; પૃ. ૧૪૭.

૧૩. યોગના પાઠ (૧૩); પૃ. ૧૮.

૧૪. યોગના પાઠ (૩); પૃ. ૧૬–૧૯.

૧૫. નમસ્કાર મંત્રસિદ્ધિ; પૃ. ૨૮૫, શ્લોક – ૧૧, ૧૨.

૧૬. ચિત્રલેખા, ફેશન ફેર, ૨૦૦1, (૨૪–૧૧–૦૧), દિપાત્સવી–૧, પૃ. ૪૬.

૧૭. નવનીત સમર્પણ, ઓકટોબર–૨૦૦૨; પૃ. ૧૬–૩૩.

૧૮. ૐકાર માહાત્મ્ય ઓડિયો કેસેટ, આશારામ બાપુ.

૧૯. ધડકન ફિલ્મ (હિન્દી).

૨૦. ઈશ્વરની ઓળખ; પૃ. ૩૫.

# પ્રકરણ : ૧–૮ : વૈજ્ઞાનિક દષ્ટિએ ઓમ્

ભાષાવિજ્ઞાન, ભાષાઓ– લિપિઓની ઉત્પત્તિ, ધ્વનિ–વિજ્ઞાન, તરંગો, આંદોલનો, આવર્તનો... વગેરેની દષ્ટિએ પણ ઓમ્નું મહત્ત્વ રહેલું છે. ઘંટ, શંખનાદ, ઝાલર, આરતી.... વગેરેમાં અવાજથી ઉત્પન્ન થતાં આંદોલનો સમગ્ર શરીર પર અસર ઉત્પન્ન કરે છે. માત્ર ધર્મ સાથે જ ઓમ્નો સંબંધ નથી પરંતુ વિજ્ઞાનની સાથે પણ સંબંધ રહેલો છે અહીં એવી કેટલીક વિગતોના આધારે અભ્યાસ પ્રસ્તુત છે.

ઐતરેયોપનિષદ્માં કહ્યું છે કે, પ્રસિદ્ધ આ જગત્ની ઉત્પત્તિ પૂર્વે એક આત્મા જ હતું. અન્ય કાંઈપણ વ્યાપારવાળું નહોતું તે અવલોકન કરવા લાગ્યા, હું લોકોને રચું.[1]

પ્રસિદ્ધ આ નામ, રૂપને ક્રિયા વડે ભેદ પામેલું જગત્ તેની ઉત્પત્તિની પૂર્વે સજાતીય, વિજાતીયને સ્વગતભેદથી રહિત એક પરમાત્મા જ હતું તે સમયમાં બીજું કાંઈપણ વ્યાપારવાળું અથવા વ્યાપારરહિત નહોતું. અર્થાત્, પરમાત્માથી ભિન્ન સ્વતંત્ર પ્રકૃતિ કે પરમાણુ તે કાલે નહોતાં, પરંતુ એક પરમાત્મા જ હતા. તે સર્વવ્યાપક પરમાત્મા જીવોનાં કર્મો ફળ દેવોને તત્પર થયા ત્યારે પ્રાણીઓના કર્મફળના ઉપભોગના સ્થાનરૂપ સાધક આદિક લોકોને હું રચું એમ પોતાની માયાશકિત વડે વિચાર કરવા લાગ્યા. મૂળમાં જે આત્મા શબ્દ છે તેનો અર્થ પરમાત્મા થાય છે.

બૃહદારણ્યકોપનિષદ્માં કહ્યું છે કે, ‘‘જેમ કરોળિયો તંતુ વડે ઉપર જાય છે, જેમ અગ્નિથી તણખાઓ વિવિધ રીતે ઊડે છે તેમ જ આ આત્માથી સર્વે ઈન્દ્રિયો, સર્વે લોકો, સર્વે દેવો, સર્વે પ્રાણીઓ ઉત્પન્ન થાય છે. તે આત્માની સત્યનું સત્ય આ ઉપનિષદ્ છે.[2]

ભાષાની ઉત્પત્તિ વિશે કોઈ જ જાણી શકયું નથી. ભાષાની ઉત્પત્તિ વિશે શિવાનંદ સ્વામી કહે છે કે, ‘‘ૐ જ બધી ભાષાઓનો ઉદ્ભવ કરનાર છે.’’ (જુઓ : પ્રકરણ – ૨ : ૧૪ – શિવાનંદ સ્વામી) પંડિત રઘુનંદન શર્મા કહે છે કે, આદિમભાષા મનુષ્ય જાતિના આદિમકાળમાં પરમાત્માની તરફથી તેના હૃદયમાં તે પ્રકારે પ્રકાશિત થઈ જે રીતે જ્ઞાન પ્રકાશિત થયું એક જ સ્થાનમાં ઉત્પન્ન થનારા મૂળપુરુષોનું જ્ઞાન અને ભાષા એક જ હોવી જોઈએ.[3] તેમણે પ્રો. મેકસમ્યૂલરના મતે કહ્યું છે કે, ‘‘નિઃસન્દેહ મનુષ્યની ભાષા એક જ હતી.’’[4] તેઓ કહે છે કે, ભાષાઓની ભિન્નતાનું સામાન્ય કારણ છે કે, મૂર્ખ અને વિદ્વાનોના ઉચ્ચારણોના અન્તર નવીન ભાષા બનાવે છે.[5] લિપિમાં અક્ષરોના ઓછા અને વધુપણાને લીધે શબ્દોનું રૂપ બગડે છે.[6] વૈદિક ભાષા જ મૂળ ભાષા છે. તેઓ કહે છે કે, સંસારમાં જેટલી ભાષાઓ છે તેમાં સૌથી વિસ્તૃત, પૂર્ણ અને કિલષ્ટ ઉચ્ચારણ વેદભાષામાં જ છે. સૌથી વધારે ઉચ્ચારણ વૈદિકભાષાની વર્ણમાલામાં

જ છે જેમાં ૧૦૦૦ અવાજની સંખ્યા છે. સંસ્કૃત વેદભાષાથી ઉત્પન્ન થઈ છે અને વેદભાષાથી ભિન્ન છે.[૭] લિપિઓની ઉત્પત્તિ બાબતે તેઓ જણાવે છે કે, વેદના પ્રત્યેક અક્ષરનો અર્થ તેની બનાવટથી જ્ઞાત થાય છે. અક્ષરોની બનાવટ બે પ્રકારની છે. એક મુખના ઉચ્ચારણ સમયે થાય છે અને બીજી તે છે જે લખવાના સમયે કલમથી રેખારૂપ થઈને કાગળ પર ચિત્રિત થાય છે. પહેલી મુખ્ય છે અને બીજી તેની સાક્ષી છે. મુખના ઉચ્ચારણ સમયે જે અક્ષર પોતાનો જે જે ભાવ, બનાવટ, ધ્વનિ, અસર અને ક્રિયા કરે છે અને તેનાથી તેનો અર્થ નિશ્ચિત થાય છે. આ રીતે તેના અક્ષરના ચિત્ર, રેખા, બનાવટ અને પ્રભાવથી જે ભાવ ઉત્પન્ન થાય છે તે પ્રથમ કહેલા અર્થનો પોષક થાય છે.[૮] (જુઓ : પરિશિષ્ટ – ૧ દેવનાગરી લિપિની પરિણામદર્શક સંપૂર્ણ વર્ણમાલા) આ બધી જ બાબતો દર્શાવે છે કે, મૂળમાં વૈદિકભાષા રહેલી છે અને તેનાં મૂળમાં ઓમ્ રહેલો છે. મનુષ્યની ભાષા પણ એક જ હતી અને કાળક્રમે તેમાં પરિવર્તન થતું રહ્યું છે.

સંતશ્રી શાન્તવનજી કહે છે કે, આજના ભૌતિક વૈજ્ઞાનિકો પણ પ્રયોગો કરી નિષ્કર્ષ પર આવ્યા છે કે શબ્દ એક શકિત છે, ચેતના છે.

ડૉ. જેનીએ ઓમ્ પર સંશોધન કર્યું છે. પ્રયોગાત્મક રીતે ઉચ્ચારણ કરીને આકૃતિઓને ઉપજાવી છે અને એમાં રહેલી સંવાદિતા જોઈને આશ્ચર્ય પામ્યા છે. ભૌતિક વિજ્ઞાનનું સંશોધન અધ્યાત્મ વિજ્ઞાનના સમન્વય વિના અપૂર્ણ છે.

વિયેનાના ડૉ. લેસર લેસરિયા શબ્દ ઉચ્ચારણથી ગ્રંથિઓ પર થતી અસરોની વૈજ્ઞાનિક રીતે ચકાસણી કરી છે. આશ્ચર્યકારક પરિણામો જોઈ મુગ્ધ બન્યા છે. પચ્ચીસ વર્ષ સુધી જીવન સમર્પિત કરી પ્રયોગો કર્યા છે. શબ્દના ધ્વનિપ્રભાવે અનેક દર્દીઓને નૂતન શકિત અને આરોગ્ય આપ્યું છે. 'ઓમ્' પ્રણવ મંત્ર છે. સ્વયંભૂ અને દિવ્ય ચેતના છે. એનું તાલબદ્ધ રીતે ઉચ્ચારણ કરતાં શરીરમાં ઈલેકટ્રો–મેગ્નેટિક તરંગો ઉત્પન્ન થાય છે. અને સ્થૂલ–સૂક્ષ્મ શરીરમાં પ્રવાહિત બની દિવ્યતા પ્રગટાવે છે. રેલાતાં તરંગો ક્ષીણ ન થતાં શકિત સંપન્ન બને છે અને બાહ્ય આકાશમાં રેલાય પ્રતિઘોષમાં તેવાં જ શકિત સંપન્ન તરંગોને આકર્ષી લાવે છે. આનાથી બિમાર પુદ્ગલો નાશ પામે છે, ગ્રંથિઓ છેદાય છે અને એક પ્રકારની નૂતન શકિત અને ચેતના જાગ્રત થાય છે. શબ્દમાં, એટલે કે ધ્વનિમાં અપરિમેય પરમશકિત છે. તાલબદ્ધ સૈનિકની કૂચથી પુલ તૂટયાના પ્રસંગો નોંધાયા છે. શબ્દના દિવ્ય સંગીતથી દુ:ખ દારિદ્રયની દિવાલો થોથરી બનીને તૂટે છે યા પ્રાણ પૂરાય છે અને સુખ–શાંતિનું સર્જન થાય છે.[૯] આમ શબ્દની શકિત પરમ વૈજ્ઞાનિક છે જેને ભૌતિક વિજ્ઞાને પણ સ્વીકારી છે.

સંત શાન્તવનજી શબ્દોના ઉચ્ચારણની અસરો વર્ણવતાં કહે છે કે, મંત્રોના ભિન્ન–ભિન્ન શબ્દોનું ઉચ્ચારણ સુષુપ્ત ગ્રંથિઓ પર, શકિત કેન્દ્રો પર ઝણ–ઝણાટી અને સ્પંદન ઉત્પન્ન કરે છે અને એને જાગૃત કરી સાધકને શકિત સંપન્ન કરે છે. શબ્દો કંઠથી તાલુ પર્યંતના ક્ષેત્રમાં ઉચ્ચારાય છે. અને સૂક્ષ્મ જ્ઞાનતંતુઓ પર પોતાનો પ્રભાવ ઉત્પન્ન કરે છે. જ્ઞાન તંતુઓ કેવળ મસ્તક સુધી સીમિત નથી, પરંતુ અપાદમસ્તક વ્યાપ્ત છે. મંત્રના શબ્દોનો પ્રભાવ, મસ્તકની નસ–નાડીઓ અને સૂક્ષ્મ ગ્રંથિઓ પર અચૂક પડે છે.[૧૦] શબ્દોના ઉચ્ચારણની અસર સમગ્ર શરીર પર થાય છે. આ જ બાબતને પુષ્ટ કરતાં શિવાનંદ સ્વામી પણ કહે છે કે,

અમેરિકન સંશોધક રોલેન્ડ હંટે સંગીતના વિશિષ્ટ સ્વરનો વિશિષ્ટ, રંગ, મનોભાવ અને સુવાસ સાથે સીધો સંબંધ શોધ્યો છે. સંગીત અને આકાર વચ્ચે સંબંધ હોય છે. અંગ્રેજી મહિલા મિસિસ વોટ્સ હગેએ અવાજ પરના વર્ષોના પ્રયોગો પછી સાચે જ વિસ્મિત કરે તેવાં વૈજ્ઞાનિક સંશોધન કર્યા છે. તેણે ઈડયોફોન નામના સાધનનો ઉપયોગ કરી જણાવ્યું છે કે, એક વિશિષ્ટ પડદા પર મૂકેલા નાના દાણા અવાજની હાજરીમાં કંપન અનુભવે છે અને જુદા–જુદા અવાજો પડદા ઉપર દાણાની વિવિધ ભાતો ઉપસાવે છે. આ ભાતોના નિશ્ચિત આકાર હોય છે. અમૂક સાધનો દ્વારા ઉત્પન્ન થયેલો નાદ રેતીના સ્તરમાં ચોક્કસ ભૌમિતિક આકૃતિઓ સર્જે છે. આ બાબત ચોક્કસપણે સાબિત કરે છે કે, મંત્રયોગ એક વિજ્ઞાન છે. મંત્રનું પુનરાવર્તન મનમાં દેવતાની આકૃતિ ઉત્પન્ન કરે છે. આ રૂપ જ્યારે આપણે સીધો સાક્ષાત્કાર કરીએ છીએ ત્યારે જ્ઞાનનું કેન્દ્ર બને છે.[૧૧] અવાજની શકિત જ ભિન્ન–ભિન્ન આકૃતિઓ સર્જે છે કારણ કે, 'બધા અવાજોના મૂળમાં ગૂઢ ૐ રહેલો છે.'[૧૨] આ જ વાત વિજ્ઞાન પણ સ્વીકારે છે તે બાબત દર્શાવતાં દેવેશ મહેતા કહે છે કે,

ટોનોસ્કોપ નામના એક સાધનમાં 'ઓમ્' ઉચ્ચાર કરતાં ઓમ્‌ની આકૃતિ આપોઆપ રચાય જાય છે. ઈલેકટ્રોનિક વાઈબ્રેશન ફિલ્ડમાં ઉચ્ચારાયેલાં શ્રીસૂકતના મંત્રોનો ધ્વનિ આપોઆપ શ્રીયંત્રની આકૃતિરૂપે ફેરવાય જાય છે. રોમાલ્ડ નામેથે આ પ્રયોગનું સળંગ રંગીન મૂવી પણ ઉતાર્યું છે. આ રીતે ધ્વનિના રૂપાંતરણથી ચિત્ર ઉપસે છે તે જ યંત્ર છે જે એક વૈજ્ઞાનિક આકૃતિ છે.[૧૩] ધ્વનિમાં પ્રચંડ શકિત હોય છે જલજ ભાંદુડી કહે છે કે,

એ બાબતને ચિકિત્સા વૈજ્ઞાનિક ડૉ. એ. જબ્બરખાન પણ સ્વીકારે છે. તેઓએ અલીગઢના એક અધિવેશનમાં કહ્યું છે કે, હિન્દુસ્તાની માર્ગ સંગીત માનવ દેહના સંવહન ચક્રના સુસંચાલનમાં સહાયતા કરે છે હકીકતમાં તો પરમેશ્વરની ઈચ્છા, વિધાનથી જ સમગ્ર સૃષ્ટિ પ્રવાહ એક અખંડ તથા અનાદિ સ્વર–લહેરી સાથે જોડાય છે. તે અનાદિ સ્વર છે – 'ૐ' જેની ઉત્પત્તિ શિવના ધનુષ્યના ટંકારમાંથી થઈ

છે. દર્શન શાસ્ત્ર અને મનોવિજ્ઞાનના પરસ્પર સંપર્ક હંમેશાથી સંતુલિત તાલમેલનો વિષય રહ્યો છે એટલે આપણા વેદ–પુરાણોમાં કીર્તન, ભજન, ઓમ્કાર–ધ્વનિ વગેરેની અનિવાર્યતા દર્શાવવા પાછળ મન અને શરીરનો વિકાસ જ મુખ્ય લક્ષ્ય છે. તેમણે એક અંગ્રેજ ચિંતક ઓમ્ વિશે શું કહે છે તે બાબત રજૂ કરી છે. –

"In the begining, there was the word 'Aum' (Om). The Primal Sound of vibratory engrgy is the Comos. The word gave rise to the seven quint essentlal musical notes, sa, re, ga, ma, pa, dha, nee, seven deriva tice of the one omnipresent vibration. Seven notes establishing the laws of the alliance of sound between nature and Man. A Symbiotic relationship that give man control over all natural manifestations. It is a Symbiotic that began in the depths of time born of the eternal trinity of Brahma, Vishnu and Shiva gave shape to the infinite modes of rhythm in his Primal dance of creation. Brahma gave voice to the time beat of the entire cosmos and Vishnu along with his incarnation. Krishna infused the humansoul with the music of his etherial flute, holding in thrall all those lost in the delusion of Maya. Thus it that each note of the musical scale has a nature correspondence with the colour emittel by that note as well as a season of the year, an hour of the day, the natural cry of bird or a beast a controlling Planet, a Particular gem stone and a presiding deity that bestows a special Potency for man himself is an expression of the creative energy 'Aum' and sound on him, conjuring up memories of his divine origin. It is this divine origin that has made indian tin to a subjective, spiritual and individualistic yogic art aimed not at creating symphonic brilliance but in perfecting a personal harmoney between man and maker."

હવે એ સ્પષ્ટ છે કે, સૃષ્ટિમાં ધ્વનિ એક પ્રાણહીન પદાર્થ નથી અને એ કારણે 'ઓમ્' ધ્વનિથી ઉત્પન્ન થયેલાં સપ્તસ્વર 'સા રે ગ મ પ ધ નિ' પણ સંપૂર્ણ સ્વરૂપે ચર જગતમાં નિર્જીવ નથી, પરંતુ સંપૂર્ણ સ્વરૂપે પ્રાણ–વાહક અસ્તિત્ત્વ ધરાવતા તત્ત્વો છે.[૧૪] આ બાબત દર્શાવે છે કે, ઓમ્ વિજ્ઞાન છે, માત્ર ધર્મ નથી.

સંતશ્રી શાન્તવનજી ધ્વનિ તરંગો વિશે કહે છે કે, પરમાણુ એ દ્રવ્ય નહિ, પરંતુ પરમશકિત છે, સાથોસાથ માનસ તત્ત્વ છે, ચેતના છે. શબ્દ એક શકિત છે, ધ્વનિની અપરિમેય શકિતને જ આજનું ભૌતિક વિજ્ઞાન પણ સ્વીકારે છે. ધ્વનિ તરંગોનું ક્ષેત્ર નિ:સીમ છે. વિશાળ અંતરિક્ષના ક્ષેત્રમાં વિવિધ પ્રકારના ધ્વનિ તરંગો સતત રેલાતા પ્રસરતા રહે છે. ધ્વનિ વિજ્ઞાનના સંશોધનથી માનવના હિતાર્થે અનેક કાર્યો સરળ બન્યાં છે. ધ્વનિ તરંગોની શકિત ક્ષમતાને યોગ્ય રીતે વૈજ્ઞાનિક ઢબે ઉપયોગમાં લેવાતાં રેડિયો, ટેલિવિઝન, ટેલીફોન, સંદેશવાહકતા આદિ શોધો અતિ ઉપયોગી સિદ્ધ થઈ છે. અંતરાલમાં ઉઠતા ભિન્ન–ભિન્ન તરંગોને વૈજ્ઞાનિક રીતે પકડતાં ભૂકંપ, વાવાઝોડાં, વર્ષાની પૂર્વે આગાહીઓ સાંપડે છે. આંદોલનના ગૂઢનિયમ અનુસાર રચાયેલાં વેદમંત્રો દ્વારા પ્રયોગાત્મકરૂપે, નિર્ધારિત હુતદ્રવ્યની યજ્ઞકુંડમાં આહુતિ આપતાં, આકાશ તત્ત્વની પરિશુદ્ધતાની સાથોસાથ માનવ કલ્યાણરૂપ સત્પરિણામ સર્જાય છે. અગ્નિ તત્ત્વ અને શબ્દ તરંગ શકિતનો અન્યોન્ય સંબંધ એક–બીજાનાં પૂરક અને પોષક બની આંતર–બાહ્ય ક્ષેત્રમાં અલૌકિક પરિવર્તન લાવે છે. અધ્યાત્મ જ્ઞાન વિશારદ ભારતીય ઋષિઓની એક–એક શોધ પ્રમાણભૂત અને વૈજ્ઞાનિક સાબિત થાય છે.[૧૫] ધ્વનિ અને તરંગોનું વિસ્તૃત નિરૂપણ કરતાં સંત શાન્તવનજી કહે છે કે, મંત્ર ધ્વનિ સ્વરૂપ છે. ક્રમબદ્ધ, લયબદ્ધ અને વર્તુળાકાર એક ક્રમથી મંત્રનું ઉચ્ચારણ કરતાં ધ્વનિનું એક ગતિચક્ર ઉત્પન્ન થાય છે. શબ્દના તરંગો વર્તુળાકાર બની ભ્રમણ કરે છે, અને એ જ મંત્રોને સસ્વર, તાલબદ્ધ રીતે સ્વાહાકારરૂપે અગ્નિમાં હુતદ્રવ્યોથી આહુતિ આપવામાં આવે છે ત્યારે એની સૂક્ષ્મતા, પ્રચંડતા અને વિદ્યુતગતિ તીવ્રતર અને ક્રમે કરીને તીવ્રતમ બની જાય છે. એ મંત્રોના તરંગોનું ભ્રમણ અંતરમાં (સૂક્ષ્મ શરીરમાં) અને બહિરંગમાં (બ્રહ્માંડમાં) અસાધારણ શકિતપ્રવાહ ઉત્પન્ન થઈ, કાર્યસાધકતા, સૂક્ષ્મતા સર્જી, અલૌકિક પરિવર્તન લાવે છે. આકાશના પરમાણુઓ અત્યંત સૂક્ષ્મ અને સંવેદનશીલ હોય છે અને એક સેકન્ડમાં ૩૪ અબજ કંપનોનું સર્જન કરે છે, આ કંપનો અંતિમસ્થાને પહોંચતાં એમાંથી પ્રકાશનાં કિરણો ઉત્પન્ન થઈ રેલાય છે. આ કિરણોમાં અદ્‌ભૂત ગતિશીલતા હોય છે. સેકન્ડમાં એની ગતિ કરોડો માઈલની ગણવામાં આવે છે. 'ઈથર'ના કંપનો, તરંગો અવિનાશી અને અખંડિત હોય છે, એ કંપનોમાં અપારશકિત અને સામર્થ્ય હોય તે સજાતીય કંપનોને લોહચુંબકની જેમ પોતાની તરફ આકર્ષી લાવી, સબળ અને સઘન બનાવે છે. આ સૂક્ષ્મ પ્રભાવવંતા આંદોલનો બાહ્ય અને આંતરભૂમિકામાં નરી આંખે ન દેખાતાં હોવા છતાં કંઈને કંઈ પરિવર્તન અવશ્ય લાવે છે. અનિષ્ટ, નિર્બળ અસ્વસ્થ આંદોલનોને નિવારી પોતાનું આધિપત્ય જમાવે છે. સાત્ત્વિક વિચારો, સાત્ત્વિક આહાર–વિહાર, સાત્ત્વિક ક્રિયાશીલતા, ઉત્સાહ, શાંતિ, આનંદ, પ્રસન્નતા, પુલકિતતાનો સ્વયંને પ્રાથમિક અનુભવ થાય છે અને જે સ્થૂલ ભૂમિકા પર એ તરંગો રેલાય છે ત્યાં જવાથી, બેસવાથી, રહેવાથી, જાણ્યે–અજાણ્યે કંઈક શાંતિ, આનંદ, પ્રસન્નતા અને સાત્ત્વિકતાના વાતાવરણની અસર થાય છે.[૧૬] શબ્દની શકિતની અસર સમગ્ર વાતાવરણ પર થાય છે. શબ્દશકિતની

અદ્‌ભૂત અસર હોય છે તે માટે મશહુર સૂફીસંત મનસૂરનું ઉદાહરણ ખૂબ જ પ્રસિદ્ધ છે. તેની રાખ પણ અનલહક્ક–અનલહક્ક્ મંત્રનો જાપ કરતી હતી. (જુઓ : પ્રકરણ : ૨–૧૧, ઈસ્લામ ધર્મ)

ભારતીય ધર્મ અને સંસ્કૃતિમાં નાદનું મહત્ત્વ ખૂબ જ રહ્યું છે. ઘંટ, શંખનાદ, ઝાલર, આરતી વગેરેમાં... અવાજથી ઉત્પન્ન થતાં આંદોલનો સમગ્ર શરીર પર, વાતાવરણ પર અસર ઉત્પન્ન કરે છે. નાદ એ પણ ઓમ્ જ છે. ભારતીય સંસ્કૃતિમાં ઘંટાનાદ વિશેષ મહત્ત્વ ધરાવે છે. દુર્ગાદત્તજી ત્રિપાઠી કહે છે કે, જ્યાં ઘંટી રહે છે ત્યાં સર્પ, વિજળી અને અગ્નિનો ભય રહેતો નથી. પૂજન સિવાય હાથીઓના ગળામાં ઘંટ બાંધવાની પ્રથાનો ઉલ્લેખ બધા જ પ્રાચીન–ગ્રંથોમાં જોવાં મળે છે. ગાયો, વાછરડાંઓ વગેરેને ગળામાં ઘંટ બાંધવાનું વિધાન છે. એનાથી તેનાં ચરવાનું સ્થાન જ્ઞાત થશે. અને વન્ય પશુઓ તે ધ્વનિથી ડરીને ભાગી જશે. ગિર્જાઘરોમાં પ્રાર્થનાના સમયની સૂચના ઘંટ વગાડીને આપવામાં આવતી. ઘંટની ધ્વનિથી આંધી, બિમારી, અગ્નિ, ભય વગેરે દૂર રહે છે સંવત્ ૧૯૦૯ વિક્રમમાં માલ્ટામાં ભયંકર આંધી આવી, ત્યારે ત્યાંના બિશપે સમસ્ત ગિર્જાઘરોમાં ઘંટ વગાડવાનો આદેશ આપ્યો હતો. આંધી બંધ કરવા માટે બધા ઘંટ કેટલાંક કલાકો એકધારા વાગતા રહ્યાં. આ બાબત જ દર્શાવે છે કે, ઘંટનો ધ્વનિ કુદરતી આફતો, બિમારીઓ, ભય વગેરે બાબતોથી રક્ષણ કરે છે.[૧૭] નાદનો એક પ્રકાર શંખનાદ પણ છે.

શંખનાદ વિશે સંત આશારામબાપુ કહે છે કે, ભારતના મહાન વૈજ્ઞાનિક શ્રી જગદીશચંદ્ર બસુએ સિદ્ધ કરી બતાવ્યું છે કે, શંખ વગાડવાથી જ્યાં સુધી એનો ધ્વનિ પહોંચે ત્યાં સુધી રોગ ઉત્પન્ન કરનારા હાનિકારક જીવાણું નષ્ટ થઈ જાય છે. આથી જ અનાદિકાળથી પ્રાતઃકાળે અને સંધ્યા સમયે મંદિરોમાં શંખ વગાડવાનો રિવાજ ચાલ્યો આવ્યો છે. સંધ્યા સમયે શંખ વગાડવાથી ભૂત–પ્રેત, રાક્ષસ ભાગી જાય છે. સંધ્યા સમયે હાનિકારક જીવાણુઓ પ્રગટ થઈને રોગ ઉત્પન્ન કરે છે. આથી એ સમયે શંખ વગાડવો આરોગ્ય માટે ફાયદાકારક છે.[૧૮] શંખધ્વનિથી અનેક રોગો દૂર થાય છે. આ બાબતને પુષ્ટ કરતાં લેખક દુર્ગાદત્તજી ત્રિપાઠી કહે છે કે, શંખધ્વનિથી સંક્રામક રોગોના જીવાણુ નષ્ટ થઈ જાય છે, એ કેટલાંક વર્તમાન ચિકિત્સકોનો મત છે.[૧૯] નાદના આરતી, ઝાલર વગેરે પ્રકારો છે. (જુઓ : પ્રકરણ : ૨–૧૦ : ભારતીય પ્રતીકો – નાદ.)

નિષ્કર્ષ એ છે કે, ભાષા વિજ્ઞાન સાથે ઓમ્ જોડાયેલા છે. કારણ કે, ભાષાની ઉત્પત્તિ જ ઓમ્‌માંથી થઈ હશે, સૌપ્રથમ વેદભાષા જ હશે. ભૌતિક વિજ્ઞાન અને ઓમ્ પણ સંબંધ ધરાવે છે. શબ્દની શકિત પરમ વૈજ્ઞાનિક છે. ચિકિત્સા વિજ્ઞાન પણ ઓમ્‌ના ધ્વનિને સ્વીકારે છે.

પ્રેસ્બીટેરીઅન હાર્ટ ઈન્સ્ટીટયુટ કોલંબિયા (અમેરિકા) માં ડૉ. મેહમન ઓઝ કાર્ડિયોવેઝકયુલર સર્જન – હૃદય ઉપર સર્જરી કરવામાં નિષ્ણાંત ગણાય છે. તેઓ કહે છે કે, મારી તાલીમ પશ્ચિમના મેડીકલ

**વિજ્ઞાન પર આધારિત છે, છતાં હું મારા અનુભવથી પૂર્વની પ્રાચીન માન્યતાઓમાં શ્રદ્ધા ધરાવું છું. એટલે મારા દર્દીઓને હું ઓપરેશન પહેલાં ૐ નું રટણ કે ધ્યાન કરવા કહું છું અથવા તેમને શ્રદ્ધા હોય તો મંત્ર જપવા કહું છું. તે પછી કરેલા ઓપરેશનમાં કેટલાંક ગંભીર કેઈસમાં પૂરતી શકયતા હોવા છતાંયે દર્દીઓને ઓપરેશન બાદ કોઈ કોમ્પલીકેશન – તકલીફો થઈ નહોતી ![૨૦] આમ ઓમ્‌ના ધ્વનિને વિજ્ઞાન પણ સ્વીકારતું જણાય છે.**

**ઓમ્‌નું ઉચ્ચારણ મન, શરીર પર અસર કરે છે. ઘંટાનાદ, શંખધ્વનિ, નાદબ્રહ્મ એટલે કે, ઓમ્‌ના જ પ્રતીક છે. તે પણ શરીર અને વાતાવરણ પર અસર ઉપજાવે છે. તેથી કહી શકાય કે, ઓમ્‌કાર એ માત્ર ધર્મ નથી, પરંતુ વિજ્ઞાન છે.**

**આ બાબતને પુષ્ટ કરતાં રાજાભાઈ લાદીવાળા કહે છે કે, મંત્રોમાં સૂક્ષ્મ આંદોલનો ઉત્પન્ન કરવાની શકિત હોય છે. એવો મહાન એકાક્ષરી પ્રણવ મંત્ર છે. હિંદુશાસ્ત્રોમાં તેના ૧૭૦ પ્રકારના ઉચ્ચારણ વિશે કહેવાયું છે. જેની દરેકની અસર ભિન્ન હોય છે.[૨૧] આમ, ઓમ્ એ વિજ્ઞાન પણ છે.**

## સંદર્ભ પ્રકરણ : ૧ – ૮ : વૈજ્ઞાનિક દષ્ટિએ ઓમ્ :


૧. ॐ आत्मा वा इदमेक एवाग्र आसीत् । नान्यक्किञ्चन भिषत् ।
स इक्षत लोकान्नु सृजा इति ॥

ऐतरेयोपनिषद् - १ / १ ॥

૨. स यथोर्णनाभिस्तन्तुनोच्चरेद्यथाऽग्नेः क्षुद्रा विस्फुलिङ्गा व्युच्चरन्त्येवमेवास्मादात्मनः सर्वे प्राणाः सर्वे लोकाः सर्वे देवाः सर्वाणि भूतानि व्युच्चरन्ति तस्योपनिषत्सत्यस्य सत्यमिति प्राणा वै सत्यं ॥

बृहदारण्योकपनिषद् - २ / १ / २० ॥

૩. वैदिक सम्पत्तिः पृ. २४० ॥

૪. वैदिक सम्पत्तिः पृ. २५७ ॥

૫. वैदिक सम्पत्तिः पृ. २६० ॥

૬. वैदिक सम्पत्तिः पृ. २६१ ॥

૭. वैदिक सम्पत्तिः पृ. २६४-२६५ ॥

૮. वैदिक सम्पत्तिः पृ. ३०० ॥

૯. ચિદાનંદ્મયીનો ચિદ્વિલાસ; પૃ. ૧૯૫–૧૯૮.

૧૦. ચિદાનંદ્મયી મા ગાયત્રી; પૃ. ૧૦–૧૧.

૧૧. યોગના પાઠ (૧૪); પૃ. ૨૩, ૨૪.

૧૨. યોગના પાઠ (૧૪); પૃ. ૨૭.

૧૩. પરમાણુથી પરમાત્મા સુધી; પૃ. ૨૧૪–૨૧૬,
શ્રી માતાનું નિકેતન શ્રીયંત્ર, ડૉ. હર્ષદા જાની; પૃ. ૬–૭.

૧૪. સંદર્ભ પુસ્તક પસંદગી વિશેષાંક, માર્ચ–૨૦૦૩; પૃ. ૧૭–૧૯.

૧૫. ચિદાનંદ્મયી મા ગાયત્રી; પૃ. ૧૨૦–૧૨૧.

૧૬. ચિદાનંદ્મયી મા ગાયત્રી; પૃ. ૧૨૨–૧૨૭.

૧૭. कल्याण, १९५०, वर्ष-२४, फरवरी; पृ. ९४९-९५० ॥

૧૮. બાળસંસ્કાર; પૃ. ૩૨.

૧૯. कल्याण, १९५०, वर्ष-२४, फरवरी; पृ. ९४९ ॥

૨૦. જનકલ્યાણ, જાન્યુ.–૨૦૦૪, મનસુમન – ૯, પુષ્કરભાઈ ગોકાણી; પૃ. ૩૦–૩૨.

૨૧. પુરાતન, જાન્યુ.–૭૪, રાજાભાઈ લાદીવાળા.

# પ્રકરણ : ૧–૯ : માનસિક–શારીરિક સ્વાસ્થ્યની દષ્ટિએ ઓમ્

મનુષ્યના જીવનમાં મનનું સૌથી વધુ મહત્ત્વ છે. મનની શકિત તો છે પણ તે પાર વિનાની અગાધ છે. મનુષ્યને દોરવણી આપનાર કોણ છે ? તો તેનો જવાબ છે મન. આ મન તો શકિતનો અખૂટ ભંડાર છે. જેમ શરીરને તેમ મનને પણ કેળવવું પડે છે. જો તેને કેળવીએ તો કદાચ અદ્ભૂત પરિવર્તન આવે. જીવનનો અર્થ જ બદલાઈ જાય.

મનને નાથવાનું મુશ્કેલ છે. જો તેને નાથી શકાય તો અણધારી પ્રગતિ કરી શકીએ .

મનને એકાગ્ર કરવાથી માનસિક તાકાત વધારી શકાય છે. 'મનની અગાધ શકિત'માં કહ્યું છે કે ''મનને કાબૂમાં રાખવા માટેનું પહેલું પગથિયું છે દિવસનો કોઈક ચોક્કસ સમય નક્કી કરવો. સામાન્ય રીતે સવારનો સમય પસંદ કરવો. શરૂઆતમાં દસ મિનિટ પૂરતી થઈ પડશે. પાછળથી આ સમય વીસ મિનિટનો કરી શકાય. અઠવાડિયા પછી અડધો કલાકનો પણ કરી શકાય. આ રીતે મનને એકાગ્ર કરી શકાય અને માનસિક તાકાત વધારી શકાય. બીજું પગથિયું છે કોઈપણ એક શબ્દ કેવો પસંદ કરવો અને તેના ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું પણ શબ્દ પસંદ કરવો જોઈએ ? એ શબ્દ ઉચ્ચ પ્રકારનો હોવો જોઈએ; મનને આધ્યાત્મિક રીતે ઉંચે લઈ જાય તેવો હોવો જોઈએ. એ શબ્દનો કેવો પ્રભાવ છે અને જીવનને કેટલી અસર કરી શકે છે તે અંગે વિચારો. જ્યાં સુધી એ શબ્દની ખૂબી તમને ન સમજાય. ત્યાં સુધી એને છોડશો નહીં શબ્દમાંથી ધીમે ધીમે સિદ્ધાંતો ઉપર આવી શકાય. થોડા જ સમયમાં તમને આ તમારી સવારની, મનને નિયંત્રણમાં રાખવાની વિધિની અસર જણાય આવશે. આ અસર તમારી જાણ બહાર જ થશે. એટલું યાદ રાખવું જોઈએ કે, આપણે જેવું વિચારીએ, તેવા થઈએ છીએ.

"As a man thinketh in his heart so is he".

જેમ્સ એલને તેથી કહ્યું છે : ''માણસો ઉચ્ચ કે મધ્યમ પ્રકારનું જીવન જીવે છે અને તેનો આધાર તેમના વિચારો ઉપર રહે છે. તેમનું જગત તેઓ જેવો વિચાર કરે છે, તેવું જ હોય છે. મોટે ભાગે તે અંધકારમય હોય છે. પણ તેઓ ઉચ્ચ આદર્શો સેવે તો તે જ જગત તેમને માટે ગૌરવયુકત અને આશાઓથી હર્યું–ભર્યું હોય છે. તેમની આસપાસ જગત તેમના વિચારોના રંગથી રંગાયેલું હોય છે.''[૧]

તેથી જ જેમ્સ એલન કહે છે કે,

''જ્યારે તમારું મન ભટકવા માંડે ત્યારે તેને ઉચ્ચ બાબતોના વિચારમાં રોકો.''[૨]

કઠોપનિષદ્‌માં પણ મન વિશે કહ્યું છે કે,

आत्मानं रथिनं विद्धि शरीरं रथमेव तु ।
बुद्धिं तु सारथिं विद्धि मनः प्रगहमेव च ॥

ईन्द्रियाणि ह्यान्याहुर्विषयाँस्तेषुगोचरान् ।
आत्मेन्द्रियमनोयुक्तं भोक्तेत्याहुर्मनीषिणः ॥

यस्त्वविज्ञानवान् भवत्ययुक्तेन मनसा सदा ।
तस्येन्द्रियाण्यवश्यानि दुष्टाश्वा ईव सारथेः ॥

यस्तु विज्ञानवान् भवति युक्तेन मनसा सदा ।
तस्येन्द्रियाणि वश्यानि सदश्वा ईव सारथेः ॥

यस्त्वविज्ञानवान् भवत्यमनस्कः सदाऽशुचिः ।
न स तत्पदमाप्नोति संसारं चाधिगच्छति ॥

અર્થાત્, આત્માને તું રથી અર્થાત્ રથનો સ્વામી જાણ. શરીરને રથ જાણ. બુદ્ધિને સારથિ જાણ. અને મનને લગામ જાણ.

બુદ્ધિશાળી લોકો ઈન્દ્રિયોને અશ્વો, વિષયોને તેનો માર્ગ કહે છે. ઈન્દ્રિયો અને મનથી યુકત આત્માને ભોકતા કહે છે.

જે હંમેશા અવ્યવસ્થિત મનને કારણે અજ્ઞાની બને છે. તેની ઈન્દ્રિયો દુષ્ટ અશ્વો સારથિને વશ નથી રહેતા તેમ વશમાં રહેતી નથી.

પરંતુ જે મનુષ્ય સદા મનરૂપી લગામથી યુકત અને જ્ઞાની હોય છે. તેની ઈન્દ્રિયો સારા અશ્વો સારથિને વશ રહે તેમ વશમાં રહે છે.

પરંતુ જે સદા જ્ઞાનરહિત, અસંયમી અને અપવિત્ર હોય છે. તે, તે પરમપદને પામતો નથી અને સંસારને પામે છે.[૩]

તેથી મન પર નિયંત્રણ ખૂબ જરૂરી છે મન દ્વારા જ સારા કે ખરાબ પરિણામને પામી શકાય છે.

બેકન કહે છે કે,

''મન એ શરીરરૂપી વહાણનો કપ્તાન છે.'' દરિયાની વિશાળ જલરાશિમાં આમથી તેમ અફળાતા વહાણની કલ્પના કરો. આવું વહાણ કદાચ ગોળ–ગોળ ફર્યા કરશે. આ વસ્તુ તેનો કપ્તાન જુએ છે. અને કેવો ફેર પડી જાય છે ? તે તરત જ સ્ટીયરિંગ વ્હીલ હાથમાં લે છે અને વહાણને કાબૂમાં લઈ લે છે. પછી તે ચોક્કસ આગળ વધવા માંડે છે.

શરીરરૂપી વહાણનું સંચાલન મન કરે છે. મન બધા નિર્ણયો લે છે. અને એ રીતે શરીરને કાર્ય કરવું પડે છે. જો મન કાર્ય ન કરે તો લાંબે ગાળે શરીર નાશ પામે. મનની અગત્યતા આ દષ્ટિએ ઘણી છે. મન પ્રફુલ્લિત હોય તો શરીરની તંદુરસ્તી જળવાય છે. જો મન ચિંતારૂપી જાળમાં ફસાઈ જાય, તો શરીર પોતાની સમતુલા ગુમાવે છે. મનને સમગ્ર સંચાલન કરવાનું હોય છે, તેથી તેની બને તેટલી સંભાળ રાખો.[૪]

જેમ્સ એલને કહ્યું છે કે જીવનમાં ધ્યાનની પણ જરૂર છે. ધ્યાન એ કોઈ મોટી ધાર્મિક ક્રિયા નથી. ધ્યાન એટલે કોઈપણ સુંદર વસ્તુ પર વધુમાં વધુ વિચાર કરવો. ધ્યાનની અસર તમારા મન પર થાય છે.[૫]

જેમ્સ એલન કહે છે કે,

''તમારા મનનું રક્ષણ કરો, કારણ કે મન જો મજબૂત હશે તો કોઈ બાબત તમને નુકશાન કરી શકશે નહીં, તમને વિહ્‌વળ કરી શકશે નહીં. તમારા દુશ્મન તમારા મનમાંથી જ ઉત્પન્ન થાય છે અને મિત્રો પણ મનમાંથી ઉત્પન્ન થાય છે. જો તમને મુકિતનો અનુભવ થશે તો તે પણ મન દ્વારા જ થશે.''[૬]

મન મનુષ્યના શરીરમાં ખૂબ મહત્ત્વ ધરાવે છે અને તેથી મનુષ્યના મનના વિચારો મનુષ્યના શરીર પર પણ અસર કરે છે. શરીરના વિવિધ અંગો અને જીવન પર પણ અસર કરે છે. મનને ધ્યાન દ્વારા જ નિયંત્રણમાં લાવી શકાય છે. મનોવૈજ્ઞાનિકો પણ આ બાબતને સ્વીકારે છે.

ઈલા વ્હીલર વીલકોકસ કહે છે કે,

''આપણા એકએક વિચારથી આપણું ભવિષ્ય નિર્મિત થાય છે. સારા વિચારો ઉજ્જવલ ભવિષ્ય નિર્મિત કરે છે; જ્યારે કુવિચારો માનવીનું પતન.''[૭]

જપ એ પણ ધ્યાન જ છે. અને ધ્યાનનું મહત્ત્વ ખૂબ જ છે.

તેથી જ યોગ શાસ્ત્રના આઠમાં પ્રકાશમાં કહ્યું છે કે

तथा हृत्पद्ममध्यस्थं शब्दब्रह्मैककारणम् ।
स्वरव्यञ्जनसंवीतं वाचकं परमेष्ठिनः ॥
मूर्द्धसंस्थितशीतांशु कलामृतरसप्लुतम् ।
कुम्भकेन महामन्त्रं प्रणवं परिचिन्तयेत् ॥

''તથા હૃદય કમળમાં રહેલો સમગ્ર શબ્દબ્રહ્મની ઉત્પત્તિનું એક કારણ, સ્વરવ્યંજનસહિત પંચ પરમેષ્ઠિપદવાચક તથા મસ્તકમાં રહેલા ચંદ્રકલામાંથી ઝરતા અમૃતના રસે કરી ભીંજાતા મહમંત્ર પ્રણવને કુંભક કરીને અર્થાત્ શ્વાસોચ્છ્વાસ રોકીને ચિંતવવો.''

'પ્રેરણાનું ઝરણું' માં પ્રાર્થનાનું મહત્ત્વ સમજાવતા કહ્યું છે કે,

દરેક ધર્મમાં પ્રાર્થના જુદી–જુદી હોય છે. પ્રાર્થના એટલે પ્રભુની નજીક જવું. કાંઈક સારું કરવા માટે પ્રભુ પાસેથી શકિત મેળવવી. આપણે જ્યારે પ્રાર્થના કરીએ છીએ ત્યારે આલ્ફા સ્ટેટની નજીક હોઈએ છીએ અને બધી હકારાત્મક લાગણીઓ આપણા શરીરમાં તાલ સાથે તાલ મિલાવે છે. આ પ્રાર્થનાના સમયે આપણે જે કલ્પનાચિત્ર ખડું કરીએ છીએ તે અર્ધજાગ્રત મનમાં એકદમ સરસ રીતે અંકિત થઈ જાય છે અને અર્ધજાગ્રત મન તેને હકીકત બનાવવા કામે લાગી જાય છે. આપણે પ્રાર્થના એકાંતમાં અથવા સમૂહમાં કરીએ છીએ. એકાંતની પ્રાર્થના દરમ્યાન આપણે આપણી આત્મચેતનાને જગાડીએ છીએ. એટલે કે અર્ધજાગ્રત મનને કાર્યશીલ કરીએ છીએ ત્યારે વિશ્વચેતનામાંથી શકિતનો સંચાર થાય છે. જ્યારે સમૂહમાં પ્રાર્થના કરીએ ત્યારે આપણા બધાની આત્મચેતનામાંથી એક સમૂહ ચેતના ઉત્પન્ન થાય છે. જેને નેપોલિયન હિલે 'લો ઓફ સકસેસ' પુસ્તકમાં 'માસ્ટર માઈન્ડ પ્રિન્સિપલ' તરીકે વર્ણવી છે. આ સમૂહ ચેતના વિશ્વચેતના સાથે જોડાયને ધારેલું ફળ આપે છે. એટલાં માટે એકાંત પ્રાર્થના કરતાં સમૂહ પ્રાર્થના વધારે ફાયદો આપે છે.[૮]

ધ્યાનું મહત્ત્વ સમજાવતાં 'પ્રેરણાનું ઝરણું' માં કહ્યું છે કે, દરેક ધ્યાન વખતે આપણે આલ્ફા અને થીટા અવસ્થામાં જઈએ છીએ. વારંવાર ધ્યાનની પ્રેકટીસ કરવાને કારણે ગમે તે સમયે અને ગમે તે સ્થળે આલ્ફા અવસ્થામાં જવાની આપણામાં શકિત આવી જાય છે. જેથી આપણે માટે આલ્ફા અવસ્થામાં જવું ઝડપી અને સરળ બની જાય છે. આ રીતે ધ્યાન એ ઉદ્દીપકનું કામ કરે છે. આ રીતે અર્ધજાગ્રત મન ખૂબ જ સક્રિય બની જાય છે.[૯]

લેખક કહે છે કે, મનની ચાર અવસ્થા છે. તેને અંગ્રેજીમાં ડેલ્ટા, થીટા, આલ્ફા અને બીટા અવસ્થા કહેવામાં આવે છે.

(૧) ડેલ્ટા : આ અવસ્થા દરમ્યાન આપણે બેહોશ હોઈએ છીએ.

(૨) થીટા : આ અવસ્થા દરમ્યાન આપણે નિદ્રામાં હોઈએ છીએ.

(૩) આલ્ફા : આ અવસ્થામાં આપણે સજાગ્રત અને જાગ્રતની વચ્ચેની અવસ્થામાં એટલે કે, તંદ્રા અવસ્થામાં હોઈએ છીએ. તેને અંગ્રેજીમાં ટ્રાન્સ કહેવાય છે.

(૪) બીટા : આ આપણી જાગ્રત અવસ્થા છે.

ડૉકટર ઓસે સિલ્વાએ આ ચારે અવસ્થાના જ્યારે E.E.G. કાઢયા અને તેનો રિપોર્ટ તપાસ્યો ત્યારે એમને એક ચોક્કસ જાણ થઈ અને તે એ કે, જ્યારે આપણે ડેલ્ટા અવસ્થામાં હોઈએ, એટલે કે ગાઢ નિદ્રામાં હોઈએ ત્યારે આપણાં મગજમાંથી નીકળતાં ઈલેકટ્રિકલ તરંગોની સંખ્યા દર સેકન્ડે ૧ થી ૪ હોય છે. આપણે જ્યારે છીછરી નિદ્રામાં એટલે કે, થીટા સ્ટેજમાં હોઈએ ત્યારે આ તરંગોની સંખ્યા દર સેકન્ડે ૪ થી ૭ હોય છે. તંદ્રા અવસ્થા એટલે કે આલ્ફા સ્ટેટ દરમ્યાન આ તરંગીની સંખ્યા પ્રતિ સેકન્ડ ૭ થી ૧૪ ની હોય છે. અને જાગ્રત અવસ્થા એટલે કે બીટા સ્ટેજ દરમિયાન આ તરંગોની સંખ્યા ૧૪ કરતા વધારે હોય છે. લગભગ ૨૦ પ્રતિ સેકન્ડની હોય છે.

આ ચારેય અવસ્થામાં આલ્ફા સ્ટેટ સમજવું ખૂબ જરૂરી છે, કારણ કે આલ્ફા અવસ્થા ખૂબ જ અગત્યની છે. આલ્ફા અવસ્થામાં આપણે જાગ્રત કે અજાગ્રત નથી હોતા પણ અર્ધજાગ્રત હોઈએ છીએ. તેથી આ અવસ્થા દરમ્યાન આપણે જે કાંઈ સૂચન અર્ધજાગ્રત મનને કરીએ તે બરાબર તેમાં અંકિત થઈ જાય છે. અને પછી અર્ધજાગ્રત મન તેને બહારની દુનિયામાં હકીકત બનાવી દે છે. આપણે અર્ધજાગ્રત મનને સૂચન કરવા માટે આલ્ફા અવસ્થામાં જવું જરૂરી છે. કારણ કે અજાગ્રત અવસ્થામાં આપણે સૂચન કરી શકતા જ નથી અને જ્યારે જાગ્રત હોઈએ ત્યારે સૂચન કરીએ તો ઘણી વખત જાગ્રત મન એની દલીલ શકિત અને શંકાઓ એ સૂચનને અર્ધજાગ્રત મનને આલ્ફા અવસ્થા દરમ્યાન જ કરવાની ટેવ પાડવી જોઈએ.

લેખક કહે છે કે, તમને કદાચ થશે કે વળી આલ્ફા અવસ્થામાં કંઈ રીતે જઈ શકાય ? આલ્ફા અવસ્થામાં બે રીતે જઈ શકાય. એક તો કુદરતી રીતે ઉંઘી જવું. આપણી ઈચ્છા મુજબ ટેક્નિક દ્વારા આલ્ફા અવસ્થામાં જઈ શકાય (૧) રીલેકસેશન દ્વારા, (૨) સંગીત દ્વારા.[૧૦]

મનના બે પ્રકાર છે :

(૧) જાગ્રત મન.

(૨) અર્ધજાગ્રત મન.

આપણે જાગ્રત અવસ્થામાં હોઈએ ત્યારે જાગ્રત મન કાર્યરત હોય છે. આપણે જ્યારે સૂઈ જઈએ કે બેભાન અવસ્થામાં હોઈએ ત્યારે જાગ્રત મન કામ કરતું નથી. જ્યારે અર્ધજાગ્રત મન તો ૨૪ કલાક કાર્યરત હોય છે. આ અર્ધજાગ્રત મન વિશે મોટાભાગના લોકો અજ્ઞાન છે. આ અર્ધજાગ્રત મન જ જીવનમાં સુખ, સમૃદ્ધિ અને ઈચ્છિત વસ્તુ આપણને અપાવવા માટે શકિતમાન છે.[૧૧]

મનની અસર જ શરીર ઉપર થાય છે. તેથી એક ઉદાહરણ આપણાં 'પ્રેરણાનું ઝરણું' માં કહ્યું છે કે,

આપણા શરીરના નિભાવ માટે ઘણી બધી પ્રક્રિયાઓ સ્વયંમેવ ચાલતી હોય છે, જેવી કે, પાચનતંત્ર, રુધિરાભિસરણતંત્ર, શ્વસનતંત્ર, ઉત્સર્ગતંત્ર, સ્ત્રાવતંત્ર, પ્રજનનતંત્ર વગેરે. આ બધાં તંત્રોને સારી રીતે ચલાવવાની શકિત અને તેના પરનો કાબૂ અર્ધજાગ્રત મન પાસે છે. આમાંથી જો કોઈપણ તંત્રમાં ગરબડ થાય તો એ બિમારીરૂપે બહાર આવે છે. એટલે કે, બિમારી અને તંદુરસ્તી એ બન્ને ઉપર અર્ધજાગ્રત મનનો કાબૂ છે. આ વાત નીચેના ઉદાહરણ દ્વારા બરાબર સમજાશે.

લેખક કહે છે કે, એક એવાં બહેનને હું ઓળખું છું જેને કેન્સરની બિમારીનો ખૂબ ડર રહેતો અને દિવસ–રાત બસ કેન્સરના જ વિચારો આવતાં. એના જ સપના આવતાં. એમાંય જ્યારે કોઈને કેન્સર થયાના સમાચાર કે કેન્સરથી મૃત્યુ થયાના સમાચાર સાંભળે એટલે આ બહેનના દિલની ધડકન વધી જાય અને વિચારે કે મારી પણ આવી હાલત થશે તો ! એમાંય જ્યારે બ્લડ કેન્સરની વાત આવે ત્યારે તો આવા વિચારોની ગતિ ખૂબ વધી જતી. એને એક જ ભય સતાવે કે, મને બ્લડ કેન્સર તો નહિ થાય ને ? ભય એ એક નકારાત્મક લાગણી છે. આ નકારાત્મક લાગણી આપણા અર્ધજાગ્રત મનને અજાણતાં નકારાત્મક હુકમ કરે છે. અર્ધજાગ્રત મન એ હુકમનો તરત અમલ કરે છે અને પોતાની સ્વયં સંચાલિત ચેતાતંત્ર ઉપરના કાબૂની શકિતને કારણે તે ચેતાતંત્રને એ પ્રમાણે કામ કરવા હુકમ કરે છે.

આપણું લોહી પ્રવાહી તથા ત્રણ જાતના કણોથી બનેલું છે. રકતકણ, શ્વેતકણ અને ત્રાકકણો (પ્લેટ્લેટસ) નું બનેલું છે. આ ત્રણે કણોનું ઉત્પાદન અને લોહીમાં તેનું લેવલ જાળવી રાખવાનું કામ સ્વયંસંચાલિત ચેતાતંત્ર કરતું હોય છે. જ્યારે જરૂર કરતાં ખૂબ વધારે શ્વેતકણો વધવા માંડે તેને બ્લડ કેન્સર કહેવાય છે.

આ બહેનના વારંવાર નકારાત્મક હુકમોને કારણે તેના અર્ધજાગ્રત મને ત્રણેય જાતના કણોનું બેકાબૂ ઉત્પાદન શરૂ કરી દીધું. તેને કારણે તેના શરીરમાં ઘણી સમસ્યાઓ ઊભી થઈ અને મુંબઈના મોટા કેન્સર સ્પેશ્યાલિસ્ટે સ્પષ્ટ કહી દીધું કે, આ એક અસામાન્ય રોગ છે. એલોપથી અથવા વૈદકીય વિજ્ઞાનમાં આની કોઈ અસરકારક દવા નથી. જે પણ દવા અત્યારે ઉપલબ્ધ છે તે ખૂબ મોંઘી અને ભયંકર આડઅસર વાળી છે. અને આ દવાઓ લેવા છતાં પણ આ બહેનને સારું થવાની શકયતા નહિંવત છે. આ સાંભળ્યા પછી આ બહેન તથા તેમના કુટુંબીજનોએ મળીને એક નિશ્ચય કર્યો કે જો એલોપથીમાં આનો સચોટ ઈલાજ ના હોય તો ખૂબ આડઅસરવાળી મોંઘી દવાઓ શું કામ વાપરવી ? તેથી બધાએ સાથે મળીને એવો હિંમતભર્યો નિર્ણય લીધો કે મનની શકિતથી જે ચમત્કારિક ઈલાજ થાય એ ઈલાજ કરવો. એમ કરીને એમણે મનની શકિત દ્વારા થતા હીલિંગના પોતાના પર પ્રયોગો શરૂ કર્યા. આ વાતને આજે પાંચ વર્ષ થઈ ગયા છે અને આ બહેન સંપૂર્ણ સ્વસ્થ થઈ ગયા છે. તેમનાં લોહીના કણો નોર્મલ સંખ્યામાં થઈ ગયા છે અને તે એકદમ તંદુરસ્ત થઈને પોતાના જીવનમાં વ્યસ્ત થઈ ગયાં છે. ડૉકટરને પણ આ ચમત્કારથી નવાઈ લાગે છે.

આ બહેનનો કિસ્સો મારી નજર સમક્ષ બન્યો, તેથી આ શકિત વિશે જાણવામાં મને રસ પડયો. પછી મેં આ વિશેનાં ઘણાં બધાં પુસ્તકો વાંચ્યા. હું પોતે ડૉકટર હોવા છતાં, મને ખાતરી થઈ ગયેલ કે ઘણાં અસાધ્ય રોગોમાં મનની શકિતઓનો ઉપયોગ સારું પરિણામ લાવી શકે છે.

આ દાખલો એ વાત સાબિત કરે છે કે, આપણા અર્ધજાગ્રત મન પાસે બિમારી ઉત્પન્ન કરવાની શકિત છે અને એ જ મનનો હકારાત્મક ઉપયોગ કરવાથી રોગને દૂર કરવાની શકિત પણ છે.[૧૨]

'પ્રેરણાનું ઝરણું' માં આગળ કહ્યું છે કે,

અર્ધજાગ્રત મન ફકત ચિત્રોની ભાષા જ સમજે છે અને ચિત્રોને જ પોતાના યાદશકિતના ભંડારમાં ગોઠવે છે. આ સત્ય હકીકત સમજી લેવી જરૂરી છે. અર્ધજાગ્રત મન શબ્દોને નહિ પણ ફકત ચિત્રોની ભાષા જ સમજે છે અને ઓળખે છે. માટે આપણે રોજ જાગ્રત મનને શાંત કરી, એક ચોક્કસ સમયે, સવાર–સાંજ, આપણા ધ્યેય મુજબના ચિત્રો આપણા માનસપટ ઉપર અર્ધજાગ્રત મનને દેખાડવા જોઈએ. એટલે કે, રોજ ૨૦ મિનિટ સુધી રીલેકસેશનમાં બેસી ધ્યેયનું મનોચિત્રણ (વિઝયુલાઈઝેશન) કરવું. આપણે આંખ બંધ કરી રીલેકસેશનમાં બેસીએ ત્યારે કપાળમાં ચાદલો કરવાની જગ્યાની પાછળ એક સફેદ પડદો બનાવવાનો અને તેના ઉપર આપણા ધ્યેયને હાલતાં–ચાલતાં ચિત્રોરૂપે સ્પષ્ટ જોવાનાં. એમાં રંગો ભરવાના, એમાં એનિમેશન ઈફેકટ ભેળવવાની. જેમ આ ચિત્ર અર્ધજાગ્રત મનમાં વધુને વધુ

સારી રીતે અંકિત થઈ જશે એમ અર્ધજાગ્રત મન એને બહારની દુનિયામાં સાચું બનાવવાં, હકીકતમાં ફેરવી દેવા માટે પૂરી શકિતથી કામે લાગી જશે. આપણા શરીરમાં છ ચક્રો છે, એમાંનું એક ચક્ર કપાળમાં છે. એને આજ્ઞાચક્ર કહે છે. આપણે આજ્ઞાચક્રમાં અર્ધજાગ્રત મનને આજ્ઞા કરીએ છીએ કે આપણા ધ્યેયને સિદ્ધ કરી આપે.

તમારા ધ્યેયના ચિત્રના, તમારા મનોચિત્રણમાં, તમારે રોજ નવા રંગો ભરવાના. આ મનોચિત્રણ તમારે રોજ એટલે કે જ્યાં સુધી ધ્યેય સિદ્ધ ન થાય ત્યાં સુધી સતત ચાલુ રાખવું. જો કે એક જ વખતનું સ્પષ્ટ મનોચિત્રણ જીવનમાં હકીકત બની જાય છે. અને તે ઘણાં લાંબા સમય પછી હકીકત બને છે. જ્યારે રોજ–રોજ મનોચિત્રણ કરવાથી આપણે અર્ધજાગ્રત મનને સતત યાદ અપાવીએ છીએ, તેનાથી ધ્યેયસિદ્ધિ જલ્દી શકય બને છે.[૧૩]

પરાપૂર્વકાળથી ભારતીય સંસ્કૃતિમાં જપનું ખૂબ જ મહત્ત્વ રહ્યું છે. જપ અર્થાત્ કોઈપણ નામ કે મંત્રના માનસિક રીતે કે ઉચ્ચારીને વારંવાર આવર્તન કરવામાં આવે તે જપ.[૧૪] ભારતીય સંસ્કૃતિ ઓમ્‌ને ઈશ્વરવાચક અવિનાશી પરબ્રહ્મનું પ્રતીક માને છે. તેથી તો સંત યોગભિક્ષુ કહે છે કે...,

“ईश्वर की इस पहचान का, नित्य करे जो पाठ;
रटे प्रणव को प्रेम से भर, सत्य समझ के साथ;
वह समाधान पा जायेगा, निश्चित है यह बात ।”[१५]

આ ઓમ્‌ના જપની અસર શરીરના જુદા–જુદા ભાગો પર થાય છે. તેમજ સામુહિક જપની અસર પણ થાય છે. શરીર, મન, હૃદય અને આત્મા પર પણ થાય છે ધ્યાન, ધર્મ અને ઉપાસનાના સાધન તરીકે અનેક સાધુ–સંતો અને બુદ્ધપુરુષોએ માનસિક અને શારીરિક સ્વાસ્થ્યની દૃષ્ટિએ જે કાંઈ સ્વાનુભવો દર્શાવ્યા છે તે અહીં પ્રસ્તુત છે.

સૌપ્રથમ તો મંત્ર એટલે શું ? તે જાણીએ.

મંત્ર મૂળ શબ્દ છે. मं એટલે મન અને त्र એટલે ત્રાણ. સંરક્ષણ કરવું. મનનું સંરક્ષણ કરવાની શકિત જેમાં છે તે મંત્ર. મનનું રક્ષણ એટલે મનની ચંચળતા, મનમાં સ્ફુરતાં જાત–જાતના તરંગોને એક જ કેન્દ્રમાં સ્થિર કરે તે મંત્ર. આ રીતે વિવિધ વિષયોમાં ભટકતા મનને સ્થિર કરવાની શકિત તે મંત્ર. મંત્ર સ્વયં એક અદ્‌ભૂત શકિત છે.[૧૬] શિવાનંદ સ્વામી કહે છે કે, મનન વડે જે બહાર આવે છે તે મંત્ર.[૧૭] સંતશ્રી શાન્તવનજી કહે છે કે, बन्धनात् त्रायते इति मंत्रः । અર્થાત્ કાયા અને માયાના બંધનમાંથી

મુકત કરાવે એ જ મંત્ર. અધઃપાતથી ઉર્ધ્વતા પ્રતિ લઈ જાય, અસદ્ વિચારથી સદ્વિચાર પ્રતિ લઈ જાય, અંધકારમાંથી પ્રકાશ પ્રતિ લઈ જાય એનું નામ જ મંત્ર.!!![૧૮] મનન અને ત્રાણ એ મંત્રના બે ધર્મ છે. પરનાદ અથવા પરસ્ફુરણાનો પરામર્શ જ મનન છે. મનન, પરાશકિતના મહાન્ વૈભવની અનુભૂતિ છે – તેના પારમૈશ્વર્યનો ઉપભોગ છે. અપૂર્ણતા અથવા સંકોચમય ભેદાત્મક સંસારનું પ્રશમનને રક્ષા અથવા ત્રાણ કહે છે. આ રીતે શકિતના વૈભવ અથવા વિકાસ દશામાં મનનયુકત અને સંકોચ અથવા સાંસારિક અવસ્થામાં ત્રાણમયી વિશ્વરૂપ વિકલ્પને કવલિત કરનારી અનુભૂતિ મંત્ર છે.[૧૯] ભૂપેન્દ્ર ત્રિવેદી કહે છે કે, આત્માના અતલ ઉંડાણમાંથી કોઈ શબ્દ સરી પડે છે ત્યારે તે શબ્દ શકિત અમોઘ હોય છે. કોઈપણ શબ્દમાં તમે તમારી આંતરિક શ્રદ્ધાને જોડો એટલે એ શબ્દ મંત્ર બની જાય. પણ આ મંત્રને કામ કરવા એને યોગ્ય સાધન મળે છે ત્યારે જ એ મંત્ર એક જીવંતશકિત બનીને તેના કાર્યો કરતો થાય છે.[૨૦] મંત્ર માનવ મનના વિવિધભાવો પર અસર કરવાની શકિત ધરાવે છે. મંત્રના અનેક પ્રકારો હોય છે, તેની વિવિધ જાતિઓ છે. સૌથી પહેલા બે પ્રકાર છે. મૂલમંત્ર અથવા મહામંત્ર. અન્ય મંત્ર આના ગર્ભમાંથી જન્મ લે છે. આ પ્રમાણે મંત્રના બીજા પ્રકારો છે. જેમ કે,

(૧) પું. મંત્ર, સ્ત્રી–મંત્ર, નપુસંકમંત્ર.
(૨) સિદ્ધ, સાધ્ય, સુસિદ્ધ, અરિમન્ત્ર.
(૩) પિંડ, કર્તરી, બીજ, માલામન્ત્ર.
(૪) સાત્ત્વિક, રાજસ, તામસ.
(૫) સાબર, ડામર.

ત્રીજા પ્રકારના મંત્રોની વ્યાખ્યા જોઈએ તો ખ્યાલ આવશે કે, જે મંત્રોમાં એક જ અક્ષર હોય છે તે પિંડમંત્ર કહેવાય છે, બે અક્ષરોવાળો કર્તરી કહેવાય છે. ત્રણ વર્ણોથી લઈને નવ વર્ણો સુધી બીજમંત્ર; અને દસથી વીસ વર્ણ સુધી મંત્રના નામથી કહેવામાં આવે છે. આનાથી ઉપરની સંખ્યાવાળાને માલામંત્ર કહે છે જે અપરિમિત છે તેના પ્રકારોની ગણના કરી શકાતી નથી.[૨૧]

તાત્પર્ય એ છે કે, (ઓમ્) ૐ એક અક્ષર છે તેથી પિંડમંત્ર કહી શકાય. આ વાતને સમર્થન આપતાં શિવ શંકર અવસ્થી કહે છે કે, પ્રણવની કલાઓ સમ્પૂર્ણ શરીરમાં વિભકત રહે છે. આથી તેને પિંડમન્ત્ર પણ કહેવામાં આવે છે. સારા પિંડમાં વ્યાપ્ત રહેવાથી હૃદયદેશમાં વિશેષરૂપથી ઓંકાર ધ્વનિત થાય છે.[૨૨] ઓમ્ એ બીજમંત્ર છે. આ વાતને સમર્થન આપતાં આચાર્ય મહાપ્રજ્ઞ કહે છે કે, ઐં, ૐ – આ મંગલમય બીજમંત્ર છે.[૨૩]

માત્ર ઓમ્ શબ્દની અસર શરીર અને મન પર કેટલી થાય છે તે બાબતને સમજાવતા કહ્યું છે કે, ઘણીવાર સ્વસ્તિક અને સફેદ ગોળ ચિહ્ન પણ મનને એકાગ્ર કરવા ઉપયોગી બને છે તે દૃષ્ટિ સમક્ષ રાખવામાં આવે છે.[૨૪]તો ઉચ્ચારણની તો કેટલી વિશેષ અસર થાય તે બાબત સમજી શકાય છે. શ્રીમન્નથુરામ શર્મા જણાવે છે કે, એક ઓસ્ટ્રીયન સાયન્ટીસ્ટે અક્ષરોના ઉચ્ચારણની શરીરના ભાગો પર જે અસર થાય છે તે સ્વાનુભવને આધારે વર્ણવી છે. ચમત્કારિક બીજમંત્રમાં જે શકિત રહેલી છે તે શરીરના બધા જ ભાગો પર અસર કરનારી છે તેનાથી શરીરની બિમારી દૂર થઈ શકે છે.[૨૫] આ બાબત દર્શાવે છે કે, ભારત સિવાયના દેશના વિદ્વાનો પણ ઓમ્‌ની અસરોને સ્વીકારે છે. આ ૐ બીજથી દમ, ખાંસી અને આંતરડાના ક્ષયની શરૂઆત હોય તો મટી જાય છે.

બધા જ બીજમંત્રોની અસર થાય છે. હૃદય, પેડુ, કંઠ, તાળવું, શ્વાસનળી અને મગજ વગેરે ઉત્તેજિત થાય છે, કંપે છે અને લોહી શુદ્ધ કરે છે, તેથી તે ભાગનાં દરદો દૂર થાય છે, રોગો દૂર થાય છે અને નવી શકિતનો સંચાર થાય છે.[૨૬] આમ, અનેક રોગો મટી શકે છે. તેથી પૂજ્યશ્રી મોટા જણાવે છે કે તેમના જીવનની મહત્ત્વની તવારીખ – ૧૯૨૨માં ફેફરુંના રોગથી કંટાળીને ગરૂડેશ્વર ભેખડ પરથી આત્મહત્યાનો પ્રયત્ન કર્યો હતો. ત્યારે તેમનો દૈવી બચાવ થયો હતો. ‘હરિ ૐ’ ના જપથી તેમનો રોગ મટ્યો હતો.[૨૭] આમ ‘હરિ’ સાથે ‘ૐ’ ના ઉચ્ચારણથી જ તેમને ભયંકર ફેફસાના રોગથી છૂટકારો મળ્યો હતો. આ બાબત સૂચવે છે કે, ભંયકર રોગો પણ ૐના જપથી દૂર થઈ શકે છે. તેથી જ શ્રીમન્નથુરામ શર્મા કહે છે કે, ૐકારથી હૃદયની ક્રિયા યથાસાંગ ચાલે છે, મગજને જીવન આપે છે અને ઉદરને ગતિ આપે છે.[૨૮] આમ, હૃદય, મગજ, અને પેટ પર ૐકારની અસર થાય છે.

બ્રહ્મ વૈવસ્તપુરાણમાં કહ્યું છે કે, ૐકાર મારી બન્ને આંખોનું રક્ષણ કરે, મારા મસ્તકનું રક્ષણ કરે.[૨૯] આમ, મસ્તક અને આંખનો પણ રક્ષણ કરનાર ઓમ્ છે. શિવાનંદ સ્વામી જણાવે છે કે, ઓમ્ એ ખૂબ જ શકિતશાળી મંત્ર છે. તેની મન ઉપર પ્રબળ અસર થાય છે. ત્રણથી છ વાર બોલવાથી ભૌતિક વિચારો અને વિક્ષેપ દૂર થાય છે, મનની એકાગ્રતા પ્રાપ્ત થાય છે.[૩૦] આ જ બાબતને દર્શાવતા જગદીશભાઈ દવે કહે છે કે, ૐકાર લખવાથી મનુષ્યને એકાગ્રતા પ્રાપ્ત થાય છે.[૩૧] આ જ વાતને સમર્થન આપતાં મનુસ્મૃતિના એક શ્લોક પરના વિવેચનમાં કહ્યું છે કે, ૐકાર ઈશ્વરનું નામ છે તે પિતા–પુત્રના સંબંધ જેવું છે. આ નામનું સ્મરણ કરવાથી ઉપાસક મનની એકાગ્રતા, પ્રસન્નતા અને યથાવત્ જ્ઞાનને પ્રાપ્ત કરીને સ્થિર થાય છે.[૩૨]

તેથી મનુસ્મૃતિમાં કહ્યું છે કે, અધ્યયનની શરૂઆત કરતી વખતે અને અધ્યયન કર્યા પછી પણ ૐનું ઉચ્ચારણ કરવું જોઈએ.[૩૩] આના પરથી સિદ્ધ થાય છે કે, વિદ્યાર્થી મનને એકાગ્ર કરીને અધ્યયન

કરે નહીં તો પૂર્ણ જ્ઞાન ગ્રહણ થતું નથી, થોડુંક જ ગ્રહણ થાય છે. એવી જ રીતે અધ્યયન કર્યા પછી પણ એકાગ્રતા ન રાખવાથી અધ્યયન કરેલું સ્થિર થતું નથી. માટે જ શ્રીમન્નથુરામ શર્મા કહે છે કે, પ્રત્યેક વૈદિકમંત્રના આરંભમાં ઓમ્‌નું ઉચ્ચારણ કરવું જરૂરી છે.[૩૪]

આમ, મનની એકાગ્રતા માટે ઓમ્‌નો ઉચ્ચાર જરૂરી છે. તેથી જ યોગાચાર્ય કિશોરાનંદજી કહે છે કે, ૐકારનો વિધિપૂર્વક નાદ કરવાથી માનસિક જગત ઉપર સીધી અસર થાય છે. મનને પ્રથમ વિચારોના વમળમાંથી મુકત કરે છે અને શાંતિ પ્રાપ્ત થાય છે.[૩૫] તેથી તો ભાણદેવે કહ્યું છે કે, જપથી ચિત્તશુદ્ધિ થાય છે.[૩૬] તેથી પૂજ્યશ્રી મોટા કહે છે કે, નામ સ્મરણથી જ બુદ્ધિ કેળવાય છે કર્મોને ઉત્તમ રીતે કરવા માટે લાયકાતવાળી બુદ્ધિ કેળવવી તે શબ્દથી જ થાય તે તાજગી આપે છે તે તાજગી દવાથી પણ મળતી નથી.[૩૭] આજના યુગમાં આપણે જોઈએ છીએ કે, મનુષ્ય અનેક રોગોથી પીડાય છે. તેથી જ સંત શાન્તવનજી કહે છે કે,

'प्रज्ञापराधोमूलं सर्वरोगोणाम् ।'

અર્થાત્ સર્વરોગનું મૂળ કારણ દુર્બુદ્ધિ જ છે.[૩૮] તેથી જ પૂજ્યશ્રી મોટા કહે છે કે, શબ્દની ઉપાસના એ બોલવા કરવાની પદ્ધતિ નથી પરંતુ હૃદયને વિશુદ્ધ કરવાની અમૃત સંજીવની છે અને કલેશ પામેલા જીવને શાંતિ પ્રગટાવવા તે ઉત્તમોત્તમ દવા છે.[૩૯] આ જ બાબતને પુષ્ટ કરતાં શિવાનંદ સ્વામી પણ કહે છે કે, ૐનો નાદ નવી શકિત અને નવું બળ આપે છે. ૐ શકિતદાયક મંત્ર છે, શકિતદાયક ટોનિક છે. આ દિવ્યટોનિક માટે ખર્ચ કરવાની જરૂર પડતી નથી.[૪૦] તેથી જ સંત શાન્તવનજી જણાવે છે કે, 'सुविचारो महा-औषधम् ।'[૪૧] તેથી જ પૂજ્યશ્રી મોટા કહે છે કે, નામસ્મરણથી જ મનની શુદ્ધિ થાય છે.[૪૨] પૂજ્યશ્રી મોટા આ બાબતને વિસ્તૃત વર્ણવતાં કહે છે કે, શબ્દની સાધનાથી ભાવનાઓ ઉચ્ચત્તર થતી જણાય છે અને હળવાશ પ્રગટે છે શબ્દમાં જો સાતત્ય પ્રગટે તો શાંતિ પ્રાપ્ત થાય છે.[૪૩] પ્રણવના ઉચ્ચારણનું મહત્વ સંત શાન્તવનજી દર્શાવે છે કે, પ્રણવનું પાંચ વાર ઉચ્ચારણ હૃદય, છાતી અને મન પર અસર કરે છે. જેનાથી એકાગ્રતા, તન્મયતા પ્રાપ્ત થાય છે અને અલૌકિક અનુભૂતિઓ થાય છે, શાંતિ અને આનંદની પ્રાપ્તિ થાય છે, નિરુત્સાહ અને નિરાશાઓ દૂર થાય છે.[૪૪] સોઽહમ્‌મંત્ર પણ ઓમ્‌નું જ એક સ્વરૂપ છે. પરમ પૂજ્ય અધ્યાત્મ યોગિની મહાસતીજી ચૈતન્યદેવીજી સમસ્ત માનસિક રોગોની મંત્રને મહાઔષધી માને છે. સોઽહમ્‌ના જપથી મન તુરત જ સ્થિર થઈ જાય છે. મનનો શ્વાસ–પ્રશ્વાસ સાથે પ્રગાઢ સંબંધ છે. મનની ઉદ્વેગતા દૂર થાય છે.[૪૫] સંતશ્રી વિરાનંદજી મહારાજ પણ જણાવે છે કે ૐકાર શબ્દનો ઉચ્ચાર કરવાથી મનની બધી જ શંકાઓ દૂર થાય છે.[૪૬] સંત શિવાનંદ સ્વામી અવાજ અને મન પર થતી અસર

વર્ણવતાં કહે છે કે, જે લોકો ૐનો નાદ કરે છે તેનો અવાજ શકિતશાળી અને મધુર હોય છે. તેમને સરળ તાથી મનની એકાગ્રતા પ્રાપ્ત થાય છે.[૪૭] પૂજ્યશ્રી મોટા કહે છે કે ૐકાર મુંજવણ દૂર કરનાર છે. કારણ કે, ૐકાર અખંડ બ્રહ્માંડમાં સમાયેલું છે. શબ્દમાં ગૂઢ રહસ્ય રહેલું છે. જીવનમાં ચેતનના અનુભવને માટે શબ્દની ઉપાસના જરૂરી છે. પ્રયોગ માટે પણ કરી જુઓ અને શબ્દને નાભિમાંથી ઉઠાવો અને જુઓ કે, તમારા મનની સ્થિતિ કેવી થાય છે. એનો બુલંદ અવાજ–રણકાર તમારામાં ઉન્મીલન કરી દેશે, એકાગ્ર કરી દેશે. ગમે તેવી મુંજવણમાં આવો અવાજ જ મદદરૂપ થશે.[૪૮] સંત શિવાનંદ સ્વામી આ જ વાતને પુષ્ટ કરે છે કે, તમારા અચેતન મનમાં રહેલા ખરાબ, કાળા વિચારોનો પણ તમારા ઉપર હુમલો થઈ શકે, તેમને જીતી લો. વિજયી બનીને બહાર આવો. હે રામ ! શાંતિનો હાર પહેરી સ્થળ અને કાળથી પર, અમર આનંદના સ્વપ્રકાશિત અનંતરાજ્યમાં પ્રવેશો. થોડાં ૐના ઉચ્ચારો તેમને દૂર ફેંકી દેશે.[૪૯] આમ, મનમાં સદ્‌વિચારોનું સિંચન કરવા ૐકાર જ ઉપયોગી બને છે. સંત વિરાનંદજી કહે છે કે, ૐકારનો ઉચ્ચાર કરવાથી નબળા મનના વિચારો દૂર થાય છે.[૫૦] આજના યુગમાં અનિદ્રાનો રોગ પણ જોવાં મળે છે. મહાસતીજી ચૈતન્યદેવીજી કહે છે કે, સોઽહમ્‌ના જપથી અનિદ્રા પણ દૂર થાય છે, અનિદ્રાની અપૂર્વ ઔષધી છે.[૫૧] વિરાનંદજી મહારાજ ૐકારનું મહત્ત્વ વિસ્તૃત રીતે સમજાવતાં કહે છે કે, ૐકારનો નાદ શ્વોચ્છોશ્વાસથી અર્બદ્વાર સુધી પહોંચે છે, હૃદય પુલકિત બને છે. ૐકાર શબ્દના નામના ઉચ્ચારણથી મસ્તકમાં જ્ઞાનના ઝરણાં છૂટતા હોય એવો ભાસ થાય છે. યોગ ક્રિયામાં પણ ૐકાર દ્વારા એકાગ્રતા આવે છે. શ્રદ્ધાના અંકુર ફૂટે છે. કલ્પના એ મગજનો સામાન્ય ગુણ છે પરંતુ શ્રદ્ધા તો અંતઃકરણના ઉંડાણમાં હોય છે. એના મૂળ અચેતનની પેલે પાર સુપર ચેતનમાં હોય છે. તેના માટે ૐકાર માધ્યમ છે કારણ કે, મગજ અગોચર શકિતઓનો ભંડાર છે.[૫૨] આમ, ૐના ઉચ્ચારણની અસર મગજ પર થાય છે. આ બાબતને પુષ્ટ કરતાં સંત શાન્તવનજી જણાવે છે કે, ૐના ગુંજનથી, ૐના ગાન પછી એ દિવ્ય ધ્વનિ–તરંગોનું શાંતચિત્તે શ્રવણ કરો. એ દિવ્ય ધ્વનિ–તરંગોના સુમધુર શ્રવણમાં તલ્લીન બની વાંરવાર અભ્યાસ કરવાથી મસ્તકના તરંગોને બીટા–ના પ્રભાવે ભૌતિક સંપદા, ધન, ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે. અશકય લાગતા કાર્યો સરળતાથી ઉકલે છે, ધીરે–ધીરે બધા પ્રશ્નોનો ઉકેલ મળે છે. ૐની ઉપાસનાના પ્રભાવથી એક એક સોપાન પાર કરી શકાય છે. પ્રગતિ થાય છે.[૫૩] તેઓ આ બાબતને વિસ્તૃત રીતે વર્ણવતાં કહે છે કે, મંત્રના ભિન્ન–ભિન્ન શબ્દોનું ઉચ્ચારણ સુષુપ્તગ્રંથિઓ પર, શકિત કેન્દ્રો પર ઝણઝણાટી અને સ્પંદન ઉત્પન્ન કરે છે અને એને જાગૃત કરી સાધકને શકિત સંપન્ન બનાવે છે. શબ્દો કંઠથી તાલુપર્યંતના ક્ષેત્રમાં ઉચ્ચારાય છે અને સૂક્ષ્મ જ્ઞાનતંતુઓ પર પોતાનો પ્રભાવ ઉત્પન્ન કરે છે. જ્ઞાનતંતુઓ માત્ર મસ્તક સુધી સીમિત ન રહેતા, અપાદ મસ્તક વ્યાપ્ત છે. કોઈપણ દુઃખ કે વેદનાની અસર મસ્તક પર થાય છે. ચિત્કાર કરાવનારી નસો હૃદયમાં હોય છે. શબ્દાર્થને લક્ષ્યાર્થ કર્યા વિના પણ ઉચ્ચારતાં મંત્રનો પ્રભાવ અવશ્ય પડે છે. શબ્દોના ઉદ્‌ગમસ્થાનથી

આજુબાજુ એની અસર થાય છે અને તેના સંસ્કાર રચાય છે. મંત્રના અર્થાનુસંધાન પૂર્વક જપ કરવાથી એ મંત્રના શબ્દોનો પ્રભાવ, મસ્તકની નસ–નાડીઓ અને સૂક્ષ્મગ્રંથિઓ પર અચૂક પ્રભાવ પડે છે.[૫૪] સ્વામી શિવાનંદ પણ આવું જ કહે છે કે, ધ્યાનના પરિણામે મન તેના જૂના વિચારોમાં વિચરવાનો માર્ગ છોડીને નવા ચીલ્લામાંથી પસાર થઈ રહ્યું છે. ધ્યાનના પરિણામે નવાં ચીલ્લાં ઉત્પન્ન થાય છે અને નવાં વિચાર પ્રવાહો સર્જાય છે અને મગજમાં નવા કોષો ઉત્પન્ન થાય છે. મનનાં દ્રવ્ય–વિષયમાં ફેરફાર થઈ જાય છે. સાધકને નવું હૃદય, નવું મગજ, નવી લાગણીઓ, નવી ઊર્મિઓ અને નવી સંવેદનાઓ પ્રાપ્ત થાય છે.[૫૫] તેથી કહ્યું છે કે, ૐકારનું ઉચ્ચારણ કરવાથી દુઃખો સતાવી શકતા નથી.[૫૬]

ગોડપાદાચાર્ય પણ કહે છે કે, ૐકારમાં ચિત્તને જોડનારને કોઈપણ જાતનો ભય રહેતો નથી અને નિર્ભયતાની પ્રાપ્તિ થાય છે.[૫૭] તેઓ વિશેષ મહત્ત્વ સમજાવતાં કહે છે કે, ૐકારને જાણનાર શોકરહિત બને છે.૫[૫૮]

નિષ્કર્ષએ છે કે, ઓમ્‌ના જપની અસર મન, શરીર, હૃદય અને આત્મા પર થાય છે. માનસિક–શારીરિક સ્વાસ્થ્યની દષ્ટિએ પણ ઓમ્ મહત્વ ધરાવે છે. માનસિક–શારીરિક સ્વાસ્થ્યમાં ઓમ્‌ના જપથી ફાયદાઓ થાય છે. ઓમ્‌ના જપથી સારું સ્વાસ્થ્ય પ્રાપ્ત થઈ શકે છે. આ બાબતને ડૉ. જબ્બરખાન ચિકિત્સા વૈજ્ઞાનિકે પણ સ્વીકારી છે. તેઓ કહે છે કે, ‘ઓમ્‌કાર ધ્વનિથી મન અને શરીરનો વિકાસ થઈ શકે છે દર્શનશાસ્ત્ર અને મનોવિજ્ઞાનનો પરસ્પરનો તાલ–મેલનો સંબંધ છે. ૐકારથી માનવ દેહના સંવહનચક્રના સુસંચાલનમાં મદદરૂપ બને છે.’[૫૯] આ જ બાબતને સમર્થન આપતાં સંત શાન્તવનજી કહે છે કે, વિયેનાના ડૉ. લેસર લેસેરિયાએ શબ્દ ઉચ્ચારણથી ગ્રંથિઓ પર થતી અસરોની વૈજ્ઞાનિક રીતે ચકાસણી કરી છે. શબ્દના ધ્વનિપ્રભાવે અનેક દર્દીઓને નૂતનશકિત અને આરોગ્ય આપ્યું છે. ૐ દિવ્ય ચેતના છે તેનું તાલબદ્ધ રીતે ઉચ્ચારણ કરતાં શરીરમાં ઈલેકટ્રો–મેગ્નેટિક તરંગો ઉત્પન્ન થાય છે અને સ્થૂલ, સૂક્ષ્મ શરીરમાં પ્રવાહિત બની દિવ્ય શકિત પ્રગટાવે છે રેલાતા તરંગો ક્ષીણ ન થતાં શકિત સંપન્ન બને છે અને બાહ્ય આકાશમાં રેલાઈ, પ્રતિઘોષમાં તેવા જ શકિત સંપન્ન તરંગોને આકર્ષી લાવે છે. આનાથી બિમાર પુદ્‌ગલો નાશ પામે છે, ગ્રંથિઓ છેદાય છે અને નૂતન શકિત અને ચેતના જાગ્રત થાય છે. ડૉ. જેનીએ ૐ પર સંશોધન કર્યું છે. મંત્રના જપથી માનવ નૂતન જીવન પામી શકે છે. જે ધારે તે પ્રાપ્ત કરી શકે છે.[૬૦] ડૉ. હોલ્ગર હાઈડનના સંશોધન પરથી આપણે જાણી શકયા છીએ કે, દ્રઢ વિચાર કે ભાવથી ન્યૂરોન્સમાં રાસાયણિક પદાર્થની માત્રા વધારી શકાય છે. એટલે ધ્યાન અને યોગ દ્વારા સાધારણ પરિવર્તન આવી શકે તે સંભવ છે.[૬૧]

તાત્પર્ય એ છે કે, ઓમ્‌ના જપની અસર માનસિક–શારીરિક સ્વાસ્થ્ય પર થાય છે.

## સંદર્ભ પ્રકરણ : ૧ – ૯ : શારીરિક–માનસિક સ્વાસ્થ્યની દષ્ટિએ ઓમ્ :


૧. મનની અગાધશકિત, લીલી જેમ્સ એલન, પૃ. ૩–૭.

૨. મનની અગાધશકિત, લીલી જેમ્સ એલન, પૃ. ૧.

૩. कठोपनिषद्, १/३/३-७ ।

૪. મનની અગાધશકિત, લીલી જેમ્સ એલન, પૃ. ૮૦.

૫. મનની અગાધશકિત, લીલી જેમ્સ એલન, પૃ. ૭૯.

૬. મનની અગાધશકિત, લીલી જેમ્સ એલન, પૃ. ૭૦.

૭. મનની અગાધશકિત, લીલી જેમ્સ એલન, પૃ. પ્રસ્તાવના.

૮. પ્રેરણાનું ઝરણું, ડૉ. જીતેન્દ્ર અઢિયા, પૃ. ૭૦.

૯. પ્રેરણાનું ઝરણું, ડૉ. જીતેન્દ્ર અઢિયા, પૃ. ૭૨.

૧૦. પ્રેરણાનું ઝરણું, ડૉ. જીતેન્દ્ર અઢિયા, પૃ. ૫૫–૫૬.

૧૧. પ્રેરણાનું ઝરણું, ડૉ. જીતેન્દ્ર અઢિયા, પૃ. ૯.

૧૨. પ્રેરણાનું ઝરણું, ડૉ. જીતેન્દ્ર અઢિયા, એમ.ડી; પૃ. ૨૩–૨૫.

૧૩. પ્રેરણાનું ઝરણું, ડૉ. જીતેન્દ્ર અઢિયા, પૃ. ૬૫–૬૭.

૧૪. ભકિતપદારથ, ભાણદેવ, ૧૫, જપસાધન; પૃ. ૧૭૨.

૧૫. ઈશ્વરની ઓળખ, ઈશ્વરનામ મહિમા; પૃ. ૧ ની આગળ.

૧૬. સાધના અને સાક્ષાત્કાર, પૃ. ૬૩–૬૭.

૧૭. મંત્રોપાસના. પૃ. ૧૪–૧૫.

૧૮. ચિદાનંદ્મયી મા ગાયત્રી.

૧૯. 'मननत्राणधर्माणो मन्त्राः इति ह्याम्नायः तत्र मन्त्रानुसन्धातुः स्वेच्छामात्रेणोपाधिना

'विभवः' 'सङ्कोच' इति उपाधिद्वमस्ति, तयोर्विभवो नाम विश्वतदुत्तरोभयसामरस्यरहस्ययुक्त्या अहम्भावभावनात्माविकासः - यत्परमैश्वर्यमुच्यते । सङ्कोचश्च तद्विपर्ययात् अपूर्णत्वाभिमननं तत्पाशवमित्याख्यायते । एवं स्थिते तादृगात्मनि विकासे समुल्लसति तस्य च यन्मननं उपर्युपरि- यथापरामर्शानुस्यूति स्वभावश्चमत्कारः, तत्प्रकृतं यस्याः तदुक्तरूपे संङ्कोचे प्रस्तुते त्राणं - 'संङ्कोचोऽपि' विचार्यमाणश्चिदात्मैक्येन प्रथमान्त्वात् चिन्मय एव अन्यथा तु न किञ्चित् इति, श्रीप्रत्यभिज्ञाहृदंयमर्यादया तस्यापि सङ्कोचस्य वैश्वात्म्यप्रथानुप्रविष्टतानुसन्धानोत्यादनद्वारास्वस्वभावभङ्गरूपचाकित्य व्यपोहनलक्षणं रक्षणं तन्मयी, हेतुद्वयेन वेधविक्षोभसर्वग्रासविश्रृङ्खलोल्लासायानुभूतिः स्वहृदयैकसंवेद्या विमर्शशक्तिः सैव मन्त्रः ।

महार्थमञ्जरी, पृ. १०२, मंत्र और मातृकाओका रहस्य - पृ. १८८-१९० ।

२०. સહજ સત્સંગ, પૃ. ૪૧.

२१. तदुक्तं नित्यातन्त्रे -

मन्त्रा एकाक्षराः पिण्डाः कर्तयो द्व्यक्षरा मताः ।<br>
वर्णत्रयं समारभ्य नववर्णावधि बीजकाः ॥<br>
ततो दशार्णमारभ्य यावद्विंशतिमन्त्रकाः ।<br>
तत उर्ध्वं गता मालास्तासु भेदो न विद्यते ॥

सौभाग्यभास्कर, पृ. ९, मंत्र और मातृकाओंका रहस्य, पृ. १८८-१९० ।

२२. पिण्डमन्त्रस्य सर्वस्य स्थूलवर्णक्रमेण तु ।<br>
अध्र्देन्दुबिन्दुनादान्तः शून्योत्मायद्भवच्छित ॥

विज्ञानभैरवतन्त्र, मन्त्र और मातृकाओंका रहस्य, पृ. ६० ॥

२३. સમ્બોધિ, આચાર્ય મહાપ્રજ્ઞ, પૃ. ૨૯.

२४. સૂર્યનમસ્કાર, પ્રકરણ–૭; પૃ. ૧૨–૧૩.

२५. સૂર્યનમસ્કાર, પ્રકરણ–૯; પૃ. ૧૭–૨૩.

२६. સૂર્યનમસ્કાર, પ્રકરણ–૮; પૃ. ૧૩–૧૭.

२७. મૌનમંદિરમાં પ્રભુ, પૂજ્યશ્રી મોટાના જીવનની મહત્ત્વની તવારીખમાંથી ઉદ્ધૃત.

૨૮. સૂર્યનમસ્કાર, પ્રકરણ–૮; પૃ. ૧૪.

૨૯. प्रणवो शिरः पातु नमो रासेश्वराय च ।
भालं पयान्नेत्रयुग्मे नमो राधेश्वराय च ॥
संक्षिप्त ब्रह्मवैवर्त्तपुराणाङ्क - २६ ।
कल्याण, वर्ष : ३७, १९६३, जनवरीः पृ. ६०

૩૦. યોગના પાઠ (૧૩) જપયોગ, ૐનો નાદ; પૃ. ૧૮.

૩૧. ૐ તત્ત્વપ્રકાશ; પૃ. ૧૦૯.

૩૨. विशुद्ध मनुस्मृति, २ - ५३, टिप्पणी ।

૩૩. ब्रह्मणः प्रणवं कुर्यादादावन्ते च सर्वदा ।
स्त्रवत्यनाङ्कृतं पूर्वं, पुरस्ताच्च विशीर्यते ॥
मनुस्मृति - २ / ४९ ।

૩૪. ઋગ્વેદીય આહ્નિકપ્રકાશ, ટિપ્પણી; પૃ. ૨૨.

૩૫. સંદેશ, ઓકટોબર–૨૦૦૧, જીવનજ્યોત, ઓમ્કાર; પૃ. ૧૨.

૩૬. ભકિતપદારથ, પૃ. ૧૮૭.

૩૭. મૌનમંદિરનું હરિદ્વાર; પૃ. ૩૩–૩૭.

૩૮. ચિદાનંદ્મયી મા ગાયત્રી; પૃ. ૧૬૨.

૩૯. મૌનમંદિરનો મર્મ, શબ્દનું આધ્યાત્મિક વિજ્ઞાન; પૃ. ૧૦૪–૧૧૩.

૪૦. યોગના પાઠ (૧૩), જપયોગ; પૃ. ૧૮

૪૧. ચિદાનંદ્મયી મા ગાયત્રી; પૃ. ૧૬૨.

૪૨. મૌન એકાંતની કેડીએ, જપ એ જ યજ્ઞ; પૃ. ૬૬–૬૯.

૪૩. મૌનમંદિરમાં હરિદ્વાર; પૃ. ૧૦૨–૧૦૬.

૪૪. ચિદાનંદ્મયી મા ગાયત્રી; પૃ. ૧૭૧–૧૭૩.

૪૫. મંત્રવિજ્ઞાન અને સાધના રહસ્ય; પૃ. ૭૮–૮૮.

૪૬. ૐકાર ઉપાસના અને સિદ્ધિ; પૃ. ૧૦૨.

૪૭. યોગના પાઠ (૧૩); પૃ. ૧૮.

૪૮. મૌનમંદિરમાં પ્રભુ; પૃ. ૨૯–૩૮.

૪૯. યોગના પાઠ (૨૩); પૃ. ૧૫.

૫૦. ૐકાર ઉપાસના અને સિદ્ધિ; પૃ. ૧૦૨.

૫૧. મંત્રવિજ્ઞાન અને સાધના રહસ્ય; પૃ. ૭૮–૮૮

૫૨. ૐકાર ઉપાસના અને સિદ્ધિ; પૃ. ૨૮–૨૯.

૫૩. ચિદાનંદ્‌મયી મા ગાયત્રી; પૃ. ૧૬૯–૧૭૦.

૫૪. ચિદાનંદ્‌મયી મા ગાયત્રી; પૃ. ૧૦–૧૧.

૫૫. યોગના પાઠ (૨૩); પૃ. ૧૩.

૫૬. નમસ્કાર મંત્ર સિદ્ધિ, ૐકાર અથવા પ્રણવ મંત્ર; પૃ. ૨૮૫.

૫૭. युञ्जीत प्रणवे चेतः प्रणवो ब्रह्म निर्भयम् ।
प्रणवे नित्यनियुक्तस्य न भयं विद्यते क्वचित् ॥
गौडपादकारिका - २६ ॥

૫૮. प्रणवं हीश्वरं विद्यात्सर्वस्य हृदि संस्थितम् ।
सर्वव्यापिनमोङ्कारं धीरो न शोचति ॥
गौडपादकारिका - २८ ॥

૫૯. સંદર્ભ, પુસ્તક પસંદગી વિશેષાંક, માર્ચ–૨૦૦૩; પૃ. ૧૭–૧૯.

૬૦. ચિદાનંદ્‌મયીનો ચિદ્‌વિલાસ, મંત્ર જપ અને પ્રાણાયામ; પૃ. ૧૯૫–૧૯૮.

૬૧. અગોચર વિશ્વ, દેવેશ મહેતા, મગજના જુદા–જુદા ક્ષેત્રો પર વીજ ઉપકરણોથી જેવાં યંત્રથી કે ધ્યાનયોગથી કાબૂ મેળવી શકાય છે. ! રવિવાર પૂર્તિ તા. ૬–૧૦–૨૦૦૨.

# વિભાગ : ૨

# ઓમ્ એક વૈશ્વિક પ્રતીક

# પ્રકરણ : ૨–૧૦ : ભારતીય પ્રતીકો અને ઓમ્

(૧) કમળ.

(૨) સ્વસ્તિક.

(૩) ડમરૂ.

(૪) ત્રિશૂળ.

(૫) બિંદુ.

(૬) શંખ.

(૭) ઘંટાનાદ.

(૮) દીપક.

(૯) માળા.

(૧૦) બંસી.

(૧૧) કળશ (કુંભ).

(૧૨) નાદ.

# પ્રકરણ : ૨–૧૦ : ભારતીય પ્રતીકો અને ઓમ્

ભારતીય ધર્મ અને સંસ્કૃતિની શ્રેષ્ઠ વિચારધારા અને અનુપમ જીવનશ્રેણીનો સુભગ સમન્વય પ્રતીકોમાં થયેલો જોવા મળે છે. ભારતીય સંસ્કૃતિમાં પ્રતીકોનું ખૂબ જ મહત્ત્વ રહ્યું છે. ભારતીય સંસ્કૃતિમાં અનેક પ્રતીકો જોવા મળે છે. તેમાંથી અહીં કેટલાંક પ્રતીકોનો અભ્યાસ પ્રસ્તુત છે.

## (૧) કમળ :–

ભારતીય ધર્મ અને સંસ્કૃતિની દરેક પ્રણાલી અને પ્રતીક પાછળ કોઈને કોઈ રહસ્ય છુપાયેલું છે. ભારતીય ધર્મ અને સંસ્કૃતિના ભિન્ન–ભિન્ન પ્રતીકોમાં કમળનું સ્થાન મહત્ત્વનું રહ્યું છે. કમળ કાદવમાં ખીલે છે તેથી મનુષ્યનો જન્મ કદાચ કોઈપણ કુળમાં થયો હોય પરંતુ તે પોતાનું જીવન ઉન્નત કમળ ની જેમ બનાવી શકે છે. ભગવાન શ્રીકૃષ્ણ પણ કહે છે કે..., ''જે આસકિત રહિત તેમજ બ્રહ્માર્પણવૃત્તિથી કર્મો કરે છે. તે પાણીથી અલિપ્ત રહેતા કમળની જેમ પાપથી અલિપ્ત રહે છે.''[૧] તેથી અનાસકિતનો આદર્શ એટલે કમળ. કમળ એ સૌંદર્યનું પ્રતીક છે. તેથી જ કાલિદાસ, જગન્નાથ, ભર્તૃહરિ વગેરેએ પોતાની કૃતિમાં કમળને મહત્ત્વનું સ્થાન આપ્યું છે. બ્રહ્મા, વિષ્ણુ અને લક્ષ્મી સાથે કમળનું પ્રતીક જોડાયેલું છે. કમળને સૂર્ય સાથે સંબંધ રહેલો છે. ''જેની નાળ જળમાં હોવા છતાં કોશો દૂર જેની સુવાસ પ્રસરી છે, જેનો દંડ મૃદુ નથી પણ મુખ અતિકોમળ છે, મિત્રોમાં જેનો વિશ્વાસ છે; પહેલેથી જ જેને ગુણસંગ્રહનું વ્યસન છે અને દોષો માટે જેને દ્વેષ છે એવા પાણીમાં જન્મેલાં કમળમાં લક્ષ્મીનો વાસ છે, તે યુકત જ છે.''[૨]

તાત્પર્ય એ છે કે, કમળ પણ ૐ ની જ એક સંજ્ઞા છે એમ માનવામાં આવે છે. આ જ વાતને પુષ્ટ કરતાં એક સ્તોત્રમાં કહ્યું છે કે, ''ૐકારમંત્ર તેજસ, ભકિત, વિનય, પ્રણવ, બ્રહ્મ, પ્રદીપ, વામ, વેદ, કમલ, અગ્નિ, ધ્રુવ આદિ અને ધ્રુઃ સંજ્ઞાથી પ્રસિદ્ધ છે.[૩] તેથી કમળ પણ ઓમ્‌ની જ એક સંજ્ઞા હોય તેમ જણાય છે.

## (૨) સ્વસ્તિક :–

આ પ્રતીક પણ ભારતીય ધર્મ અને સંસ્કૃતિનું પ્રતીક છે. સમગ્ર વિશ્વમાં સર્વત્ર આ પ્રતીક જોવા મળે છે. પરંતુ વસ્તુતઃ આ પ્રતીક ભારતીય પ્રતીક જ છે. સ્વસ્તિક મંગલચિહ્ન છે. ભગવાનના ચરણતલમાં ધ્યાન કરે છે. સ્વસ્તિક શબ્દ મૂળભુત સુ + અસ્ ધાતુમાંથી બનેલો છે. સારું, કલ્યાણમય, મંગલમય. વિભિન્ન સંપ્રદાયોમાં વિભિન્ન પ્રકારોથી અંકિત થાય છે. મૂળનીતિ એક જ છે. સંભવ છે કે આ સૂર્યની

ગતિનું નિર્ધારણ કરનાર છે. આ દશ્યમાન જગતમાં વિરાટ, જ્યોતિ, સત્ય, મંગલ અને સુંદરની ધારણા કરનાર અવલંબન સૂર્ય અને ચંદ્ર સિવાય બીજું કોણ કરશે ? સ્વસ્તિ વાચન વગર ભારતીય વૈદિક ધર્મનું કોઈપણ કર્મ અનુષ્ઠિત થતું નથી. સૌથી પહેલા સ્વસ્તિ વાચન આવશ્યક છે. ગૃહદ્વાર, મંગલઘટ – ત્યાં સુધી કે લોખંડની તિજોરીઓ પણ સ્વસ્તિ ચિહ્નથી અંકિત હોય છે. માટે તો કોઈપણ કાર્યની શરૂઆત કરતાં પહેલાં મંગલ શ્લોક દ્વારા પૂજન કરવામાં આવે છે. જેમ કે... "મહાન કીર્તિવાળા ઈન્દ્ર અમારું કલ્યાણ કરો. વિશ્વના જ્ઞાનસ્વરૂપ પૂષાદેવ અમારું કલ્યાણ કરો. જેમનું હથિયાર અતૂટ છે એવા ગરૂડ ભગવાન સૌનું કલ્યાણ કરો. બૃહસ્પતિ અમારું મંગલ કરો."[૪] સ્વસ્તિક એ ભારતીય સંસ્કૃતિનું અનુપમ પ્રતીક છે. સ્વસ્તિક બધી રીતે કલ્યાણકારી છે.

સ્વસ્તિક એ માનવે નિર્માણ કરેલું સર્વપ્રથમ ધર્મપ્રતીક છે એવું માનવામાં આવે છે. પ્રાચીન માનવ વડે પૂજાતા અનેક દેવોનો સ્વસ્તિકમાં સમાવેશ થયો છે. દેવોની શકિત અને માનવીની શુભકામના એ બન્નેના સમ્મિલીત સામર્થ્યનું પ્રતીક એટલે સ્વસ્તિક. એક ઉભી રેખા અને તેના પર તેટલી જ લાંબી બીજી આડી રેખા એ સ્વસ્તિકની મૂળ આકૃતિ હતી. ઊભી લીટી એ જ્યોર્તિલિંગનું સૂચન કરે છે. જ્યોર્તિલિંગ એ વિશ્વની ઉત્પત્તિનું મૂળ કારણ છે. આડી રેખા એ વિશ્વનો વિસ્તાર બતાવે છે. ઈશ્વરે જ આ વિશ્વ નિર્માણ કર્યું અને દેવોએ પોતાની શકિત ખર્ચી તેનો વિસ્તાર કર્યો, એવો મૂળ સ્વસ્તિકનો ભાવાર્થ છે. એકમેવ અને અદ્વિતીયબ્રહ્મ વિશ્વરૂપે વિસ્તર્યું એ વાત સ્વસ્તિકની ઊભી અને આડી લીટી સ્પષ્ટ રીતે સમજાવે છે. સ્વસ્તિકની ચાર ભુજાઓ એટલે વિષ્ણુના ચાર હાથ. વિષ્ણુ પોતાના ચાર હાથથી ચારે દિશાનું પાલન કરે છે. ભગવાનના ચાર હાથ મને સહાય કરનારા છે. તેમજ ચારેય દિશાઓ મને મારા કાર્યક્ષેત્રનું સૂચન કરે છે. સ્વસ્તિકનું મધ્યબિંદુ એ વિષ્ણુ ભગવાનનું નાભિકમળ બ્રહ્માનું સ્થાન. એ ઉપરથી એવું પણ અનુમાન થઈ શકે કે સ્વસ્તિક એ સર્જનનું પણ પ્રતીક છે. અમરકોશમાં લખ્યું છે કે, "स्वस्तिकः सर्वतो भद्र ।" સ્વસ્તિક એટલે બધી બાજુથી બધી રીતે કલ્યાણ.

સ્વસ્તિકની પાછળ એક અથવા બીજી રીતે મંગલમય સદ્‌ભાવના છુપાયેલી છે વિવાહ પ્રસંગે પણ સાથિયાનું ખૂબ જ મહત્ત્વ છે. પરણનાર વરવધૂનું આજીવન સખ્ય રહે તે માટે બન્નેએ પોતાની દષ્ટિ તે મંગલ ક્ષણે સ્વસ્તિક પર સ્થિર કરવી જોઈએ. નવજાત શિશુને પણ છટ્ઠીના દિવસે સ્વસ્તિક કાઢેલા વસ્ત્ર પર સુવડાવવામાં આવે છે. તેનો હેતુ એ બાળકને જીવનમાં સ્વસ્તિકક્ષેમ પ્રાપ્ત થાય એ જ છે. વિખૂટાં પડેલાં પ્રિયજનોને ફરી સંયોગ થાય તે માટે પણ સ્વસ્તિકની પૂજા કરવાની પ્રથા કેટલેક ઠેકાણે પ્રચલિત છે. દિવાળીના દિવસે ચોપડા પૂજન કરી તેમાં કુમકુમના સાથિયા કાઢવાની પાછળ પણ નવું વર્ષ સૌભાગ્ય સંપન્ન – સમૃદ્ધ અને માંગલિક બને એ જ ભાવ રહેલો છે. સ્વસ્તિક એ શાંતિ,

સમૃદ્ધિ અને માંગલ્યનું પ્રતીક હોવાથી કેટલીક સૌભાગ્યવતી સ્ત્રીઓ ચાર્તુમાસમાં સ્વસ્તિક વ્રત કરે છે. આ વ્રતમાં રોજ સ્વસ્તિક કાઢી તેની પૂજા કરવાની હોય છે. ચાર્તુમાસમાં મંદિરમાં ભગવાનની પાસે સાથિયો અને અષ્ટદળની રંગોળી કાઢનાર સ્ત્રીને વૈધવ્યનો ભય રહેતો નથી, એવું પદ્મપુરાણમાં કહ્યું છે. ઘરના બારણા પાસે બહેનો સાથિયા કરે છે. તેની પાછળ પણ આ જ ભાવ છે. બારણા પર સ્વસ્તિકનું ચિત્ર ચિતરીને બહેનો ભાવનાપૂર્વક ઈશ્વર પાસે માંગે છે કે..., ''પ્રભુ ! મારા ઘરમાં જે કંઈ અન્ન–વસ્ત્ર ઈત્યાદિ વૈભવ આવે તે પવિત્ર રહેવા દો. અનર્થથી મેળવેલો વૈભવ જીવનમાં પણ અનર્થ સર્જે છે. બહારથી હસતું પણ અંદરથી રડતું જીવન મને માન્ય નથી.'' ભારતીય નારીની આ મંગલભાવનાનું મૂર્તિમંત પ્રતીક એટલે સ્વસ્તિક.

આ જ બાબતને કાવ્યરૂપે રજૂ કરતાં કહ્યું છે કે, 'જ્યારે કોઈપણ જીવ પ્રત્યે હૃદયમાં કશો પણ કુભાવ નથી રહેતો ત્યારે જીવનની બધી જ દિશાઓ મંગળમય બની જાય છે.' જેમ કે...,

''સહુનું ચાહે સદા શુભ સાથિયો !
સહનું ચાહે સદા શુભ સાથિયો !
દિલમાં મંગલતાને વધારતો,
કરતો માનવ કેરું કલ્યાણ, પૂરે સૌમાં પ્રાણ;
હૃદય અજવાળતો... સહુનું...
ચહુ–દિશ પાવનતાને પ્રસારતો,
સ્વસ્તિમંત્રતણું ચિહ્ન જાણ, પવિત્ર પ્રમાણ;
જીવન શણગારતો.... સહુનું...
દેવશકિત સદા દિલ ધારતો,
કરતો માનવને શુભકામ, અંતરમાં આરામ;
સુયોગને સાધતો... સહુનું...
જીવનસંપત્ સદા જે વધારતો,
પ્રેરકશકિત છે એની અમાપ, હરે જગતાપ;
પ્રભુને ઉર સ્થાપતો... સહુનું...[૫]

સ્વસ્તિક કલ્યાણકારી છે. ભારતીયો અને બીજી જાતિના સાંસ્કૃતિક, ધાર્મિક, રાજનૈતિક, સામાજિક જીવનમાં સ્વસ્તિકનો ઉપયોગ જોવા મળે છે. શ્રી રામલાલજી શ્રીવાસ્તવ કહે છે કે, ''સ્વસ્તિક આર્યોનું આદિ માંગલિક પ્રતીક છે. સ્વસ્તિક વાયુ, પ્રકાશ, સૂર્ય અને આકાશનું મૂર્ત વાઙ્મય છે. સ્વસ્તિક હઠયોગનું

એક આસન છે. આ એક પ્રકારના યંત્રનું નામ છે, જે શરીરમાં ખૂંચેલા શલ્ય (શૂળ) વગેરેને બહાર કાઢે છે. ચતુષ્પથ અથવા 'ચોરા' (ચાર રસ્તા) ને માટે પણ આનો પ્રયોગ થાય છે. સામૂદ્રિક શાસ્ત્ર અનુસાર આ એક મંગલ ચિહ્નનું નામ છે, જે ખૂબ શુભ મનાય છે અને ગણેશ પૂજનથી પહેલાં માંગલિક દ્રવ્યોથી વિશેષ ઉત્સવો અને શુભ અવસરો ઉપર અંકિત કરવામાં આવે છે. સ્વસ્તિક પ્રાચીનકાળથી એક પ્રકારની નાવનું પણ નામ હતું, જે રાજાઓની સવારીના કામમાં આવતી હતી. સ્વસ્તિકની ઐતિહાસિકતાના સંબંધમાં માત્ર એટલું જ કહીને મૌન થઈ જવું પડે છે કે આ એટલું જ પ્રાચીન છે જેટલા પ્રાચીન વેદ છે. વેદોમાં પ્રકાશ, કલ્યાણ, દીર્ઘાયુના અર્થમાં વિશેષ સ્થળો પર "स्वस्ति" નો પ્રયોગ મળે છે. કેટલાંક વિચારકોના મતે આ કયાંક–કયાંક ભ્રમણશીલ ચક્રના આકારમાં એટલા માટે દેખાડવામાં આવે છે કે એનાથી સૂર્યનો પ્રતીક હોવાનો બોધ થાય છે. કેટલાંક વિદ્વાનોના મતે સ્વસ્તિ બે અરણિઓનું પ્રતીક છે, જેનાથી યજ્ઞની અગ્નિ ઉત્પન્ન થાય છે. માટે સ્વસ્તિ પ્રકાશનું પ્રતીક છે. દક્ષિણ ભારતમાં પ્રાચીન–કાળના બનેલા કેટલાંક માટીના વાસણ મળે છે, જેના ઉપર સ્વસ્તિક અંકિત છે. "स्वस्तिक" પુસ્તકના લેખક શ્રી વિલહેજે લખ્યું છે કે આ સાધિકાર ન કહી શકાય કે પહેલામાં પહેલા કયાં દેશે સ્વસ્તિકનો પ્રયોગ કર્યો. એટલું તો છે કે આ વિશ્વજનીન પ્રતીક છે. અને ગૌતમ બુદ્ધથી પહેલાં પણ ભારતમાં તેનો પ્રચાર હતો. હેજનો મત સ્તુત્ય છે; પરંતુ આ સંબંધમાં એટલું ઉમેરી શકાય કે સ્વસ્તિકનું જન્મસ્થાન ભારત દેશ છે અને પુરાતત્ત્વવિદોના પ્રયત્નથી અને પ્રાચીન સાહિત્ય–શાસ્ત્રોથી આ વાત સ્પષ્ટ થઈ ગઈ છે કે ભારતીયોએ જ વિશ્વના અનેક ભાગોના અને ઉપનિવેશોમાં આનો પ્રચાર કર્યો છે.[૬]

સંત આશારામબાપુ કહે છે કે, જર્મનીના હિટલરની નાજી પાર્ટીનું નિશાન સ્વસ્તિક હતું.[૭]

આમ, સ્વસ્તિક એટલે કલ્યાણનું કાવ્ય, સર્વદિશાઓની સૌરભ, માનવીના પુરુષાર્થનું પ્રેરકબળ, સર્જનહારની સહાયનું સૂચન, દેશ અને કાળનું સુભગ સંમિલન ! શાંતિનો સ્થાપક તેમજ સમૃદ્ધિનો સંવર્ધક.

તાત્પર્ય એ છે કે, સ્વસ્તિક એ ૐનું જ સ્વરૂપ હોય તેમ જણાય છે. આ બાબતને સમર્થન આપતાં રામલાલજી શ્રીવાસ્તવ કહે છે કે, "ૐ શબ્દની બનાવટ અને વૈજ્ઞાનિક આકારની સમીક્ષા કરવાથી એમ કહેવાનું સાહસ થાય છે કે, આ પણ એક પ્રકારનું સ્વસ્તિક જ છે. ૐ અખંડ ચિદાનંદની સત્તાનું પ્રતીક છે, ભગવાનનું અક્ષરરૂપ છે. નિઃસંદેહ સ્વસ્તિક જ ૐ રૂપમાં પરમાત્માનું પ્રતીકગત બોધ છે. સ્વસ્તિક સનાતન શાસ્ત્રીય દષ્ટિથી પ્રણવનું સ્વરૂપ છે.[૮]" આ જ વાતને પુષ્ટ કરતાં પં. રઘુનંદન શર્મા કહે છે કે, ૐ જ સ્વસ્તિક થઈ ગયું છે.

તિલક મહોદયે C. Reginald Enock ના The secret of the Pacific નામના ગ્રંથના

પૃ. ૨૪૮–૨૫૨ ના આધારે લખ્યું છે કે ‘‘ગીતા રહસ્ય’’ પૃ. ૫૯૦ માં લખ્યું છે કે પ્રાચીન શોધકોએ નિશ્ચય કર્યો છે કે, મિશ્ર વગેરે પૃથ્વીના પુરાતન ખંડોના દેશોમાં જ નહીં, પરંતુ કોલંબસના કેટલાંક શતક પહેલા અમેરિકાના પેરુ અને મેકિસકો દેશમાં પણ સ્વસ્તિક ચિહ્ન શુભદાયક માનવામાં આવતો હતો. આ સ્વસ્તિક ૐ નું જ અપભ્રંશ છે. અહીં પણ ૐકાર જ સ્વસ્તિક થઈ ગયું છે.[૯] (જુઓ : પરિશિષ્ટ – ૨ ચિત્રો)

## (૩) ડમરૂ :–

ડમરૂ એ શિવના ડાબા હાથમાં રહેલું પ્રતીક છે. શિવ નૃત્ય અને સંગીત વિદ્યાના આદ્યપ્રવર્તક છે. નૃત્ય અને સંગીત બન્નેમાં લય છે. એ સૂરમાં વ્યકત થતાં સંગીત બને, જ્યારે આકૃતિરૂપે વ્યકત થતાં નૃત્ય બને. શિવ તાંડવનૃત્ય કરતી વખતે વગાડે છે. વાસ્તવમાં પરબ્રહ્મની શકિતમાં ક્રિયા છે. તાંડવ નૃત્ય એટલે શિવ અને શકિતનું આનંદ મિલન. શિવના એ મહાનૃત્ય થકી સૃષ્ટિ ચાલે છે. નૃત્યમાં ગતિ ને વ્યવસ્થા લાવવાનું શ્રેય આ ડમરૂને છે. ડમરૂ એટલે શબ્દ સંગીત. શબ્દજ્યોતિનો આવિર્ભાવ એટલે વ્યાકરણશાસ્ત્ર. આ શાસ્ત્રના પરમ ઉપાસક ભગવાન પાણિનિની કથા જાણીતી છે. અક્ષરબ્રહ્મની ઉપાસનાથી પ્રસન્ન થયેલા શિવે પાણિનિ સમક્ષ પ્રગટ થઈ નૃત્ય કર્યું અને ૧૪ વાર પોતાનું ડમરૂ વગાડયું. એમાં સંભળાયેલા ૧૪ ધ્વનિસમૂહો એ જ अ इ उ વગેરે અક્ષરો કે વર્ણમાલા ભાષાના મૂળાક્ષરોના એ ધ્વનિઓ શિવની પ્રસાદી હોવાથી માહેશ્વર સૂત્રો કહેવાય છે. પ્રણવની ઉપાસનામાં ૐકારને શબ્દબ્રહ્મનું રૂપ માનવામાં આવ્યું છે. ડમરૂની વિશેષતા એ છે કે બન્ને તરફ સરખો રણકો આપે છે, જે સંસાર અને મોક્ષ બન્ને તરફ સમભાવ સૂચવે છે. શિવજ્ઞાનમૂર્તિ છે. જ્ઞાન વિના સમભાવ શકય નથી. ડમરૂ જ્ઞાનનું વાજિંત્ર છે. ડમરૂના ડમ ડમ નાદે જ્ઞાનને જાગૃત કરી વાસનાઓને ભગાડવાની છે.[૧૦] સંસ્કૃત ભાષામાં મૂળાક્ષરો ભગવાન શંકરના ડમરૂમાંથી ઉત્પન્ન થયેલા છે માટે શંકર ભગવાનનું ડમરૂ ‘નાદ બ્રહ્મ’ તરીકે ઓળખાય છે.[૧૧]

તાત્પર્ય એ છે કે ડમરૂ એ પણ ઓમ્ જેવું જ એક પ્રતીક જણાય છે. આ બાબતને સમર્થન આપતાં સંત શિવાનંદ સ્વામી કહે છે કે, શિવના ડાબા હાથમાંનું ડમરૂ દિવ્યનાદ કે શબ્દબ્રહ્મનું પ્રતિનિધિત્વ કરે છે. સર્વભાષાઓની ઉત્પત્તિ જેમાંથી થઈ છે તે ૐનું જ પ્રતીક છે. તેમણે ડમરૂમાંથી સંસ્કૃત ભાષાની રચના કરી છે.[૧૨] આ વાતને પુષ્ટ કરતાં સ્વામી સુદર્શનાનંદ જણાવે છે કે, ડમરૂ ૐકારનું પ્રતીક છે. બે ૐકારને જોડીને આકાર બને; તે ડમરૂ થાય છે, તેને મહાદેવ એક હાથમાં ધારણ કરે છે અને તેમાંથી બ્રહ્માંડનો નાદ જાગે છે.[૧૩] તેથી અવધૂત પણ કહે છે કે,

"ડમરૂ બાજે હૃદય મેં, સોહં સોહં નાદ."[૧૪]

## (૪) ત્રિશૂળ :–

ત્રિશૂળ સત્વ:, રજ:, તમ્ આ ત્રણ ગુણોનું પ્રતીક છે. સૃષ્ટિની અભિવ્યકિત, વિશ્વ બ્રહ્માંડની રચનાના મૂળમાં જ આ ત્રણ ગુણોનો હાથ છે. ભગવાન શ્રીકૃષ્ણે તેને 'મહદબ્રહ્મા' નામ આપીને કહ્યું છે, 'તે મારી યોનિ છે. અને તેમાં હું ગર્ભસ્થાપિત કરું છું ત્યારે તેમાંથી ભૂત ઉત્પન્ન થાય છે.'[૧૫] ત્રિશૂળ આ ત્રિગુણાત્મક પ્રકૃતિની પ્રસવની શકિતનું દ્યોતક છે. એટલા માટે ત્રિશૂળના મધ્યમાં માતૃચિન્હનો આકાર છે. આ ત્રિશૂળ ભગવાન શિવનું એક આયુધ છે.

તાત્પર્ય એ છે કે, ત્રિશૂળ પણ ૐ નું જ એક પ્રતીક હોય તેમ જણાય છે. આ બાબતને પુષ્ટ કરતાં સંત યોગભિક્ષુ કહે છે કે, 'માતાજીના હાથમાં પણ ત્રિશૂળ રહેલું હોય છે. શિવના હાથમાં પણ ત્રિશૂળ હોય છે. ત્રિશૂળ પણ ઓમ્‌ની આકૃતિનું થોડું પરિવર્તિત સ્વરૂપ છે. ઓમ્‌ના વચ્ચેના વળેલાં પાંખડાંને સીધું કરી નાંખીએ તો ત્રિશૂળની આકૃતિ થઈ જાય છે. આ પ્રમાણે : ૐ ઉ – ω ત્રિશૂળ. ત્રિ + શૂળ = ત્રિશૂળ. ઓમ્‌માં પણ 'અ', 'ઉ' અને 'મ્' એમ ત્રિ–ત્રણ છે. ત્રિ+શૂળ એટલે ત્રણ શૂળોને દૂર કરવાવાળું. આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક આમ ત્રણ પ્રકારની શૂળો–કાંટાઓ છે એ ત્રણે પ્રકારના કાંટાઓમાંથી જેની સહાયતા દ્વારા મુકત થવાનું છે તેનું નામ ત્રિશૂળ. તેથી ત્રિશૂળ એ પણ ઓમ્‌નું જ સ્વરૂપ છે.[૧૬] માટે તો અવધૂત કહે છે કે...

'એક હાથ ત્રિશૂલ હૈ, નાશ કરે અજ્ઞાન.'[૧૭]

## (૫) બિંદુ :–

ભારતીય સંસ્કૃતિમાં બિંદુ પણ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. લલાટ પર બે ભ્રમરોની વચ્ચે વિચારશકિતનું કેન્દ્ર છે. યોગીઓ તેને 'આજ્ઞાશકિતનું કેન્દ્ર' પણ કહે છે. ઋષિઓએ ભાવપ્રધાન, શ્રદ્ધાપ્રધાન કેન્દ્રોમાં રહેતી સ્ત્રીઓની સમજણ વધારવાના ઉદ્દેશથી તિલક કે બિંદુની પરંપરા શરૂ કરી.[૧૮] ચાંદલો બુદ્ધિપૂજાનું પ્રતીક છે. સૂર્ય એ જ્ઞાન અને બુદ્ધિનું પ્રતીક છે જ્યારે ચંદ્ર ભાવ અને મનના દેવતા છે. જીવનમાં ભાવ અને જ્ઞાનનો સમન્વય હોવો જોઈએ. બુદ્ધિ અને મન બન્ને યોગ્ય રીતે વિકસવા જોઈએ. કપાળમાં આજ્ઞાચક્ર આવેલું છે. મસ્તિષ્કના અંદરના ભાગમાં આવેલાં વિચારકેન્દ્રો ઉપર તિલકની અસર થાય છે તે ખરાબ પ્રભાવોથી દૂર રાખે છે તે રીતે વૈજ્ઞાનિક મહત્ત્વ પણ છે.[૧૯] યોગની ભાષામાં જેને આજ્ઞાચક્ર કહે છે એવી જે ત્રિકૂટી (બે નેણો જ્યાં ભેગાં તેની વચ્ચેનો જે મધ્યભાગ તેને ત્રિકૂટી કહેવામાં આવે છે, જ્યાં ઈડા, પિંગળા અને સુષુમ્ણા ત્રણ નાડીઓ ભેગી થાય છે – ત્રણ નાડીઓનો સંગમ થાય

છે.) ત્યાં પ્રાણને પહોંચાડવાની ઘણી મહત્તા કહેવામાં આવી છે. સાચો સંગમ તે આ ત્રણ નાડીઓનો આજ્ઞાચક્રમાં.[૨૦] સંત યોગભિક્ષુ કહે છે કે સૌભાગ્યચિહ્ન તરીકે બહેનો કપાળમાં ચાલ્લો કરે છે તે પણ બિંદુ જ છે. અમુક સંપ્રદાયોમાં પણ સાંકેતિક ચિહ્ન તરીકે બિંદુને કપાળમાં ધારણ કરવાનો રિવાજ છે. સૂર્ય, ચંદ્ર, તારા, પૃથ્વી વગેરેની આકૃતિઓ પણ ગોળ બિંદુ સ્વરૂપની છે. કાંઈપણ લખવાની શરૂઆત કરતી વખતે જે ઘડીએ કલમ કાગળ પર મૂકાય છે ત્યારે પ્રથમ બિંદુ જ ઉપસે છે – બિંદુ જ સ્થપાય છે. અને એવા અનંત બિંદુઓનું સુચારુ સ્વરૂપ તે જ અક્ષર ને શબ્દસમૂહો.[૨૧] બિંદુનું વધુ વર્ણન કરતા યોગભિક્ષુ કહે છે કે, બિંદુ છે તેનો અંદરનો ભાગ ભરેલો છે. તેથી બ્રહ્મનો વાચક છે. બ્રહ્મ ખાલી નથી, સર્વત્ર ભરેલું છે. ઓમ્ પર બિંદુ મૂકવામાં આવે ત્યારે જ તેને ઓમ્ કહેવામાં આવે છે, ત્યારે જ તે ઈશ્વરનો વાચક થઈ શકે છે.[૨૨]

તાત્પર્ય એ છે કે, બિંદુ એ પણ ઓમ્‌નું જ સ્વરૂપ હોય તેમ જણાય છે. આ વાતને પુષ્ટ કરતાં સંત યોગભિક્ષુ પણ કહે છે કે, બિંદુ ઓમ્‌ની આકૃતિનું સંક્ષિપ્ત સ્વરૂપ છે. ઓમ્‌ની આકૃતિને અતિ સંક્ષિપ્ત ચીતરવી હોય તો ફકત બિંદુ ચીતરીશું તો પણ ચાલશે. બિંદુ તે ઓમ્‌ની આકૃતિનું ટૂંકું–સંક્ષિપ્ત સ્વરૂપ થયું. તે તેની લઘુલિપિ થઈ. કેળવ જ જ્યારે બિંદુ કરીએ ત્યારે તે ઓમ્‌ની આકૃતિનું સંક્ષિપ્ત સ્વરૂપ થયું. જે બિંદુ આપણે કપાળમાં ચાલ્લા રૂપે કરીએ છીએ તે બિંદુને હવે આપણે આ રીતે ઓમ્‌ના સંક્ષિપ્ત સ્વરૂપને અપનાવી લેવામાં આવ્યું છે. એ સંક્ષિપ્ત સ્વરૂપથી, એ સંક્ષિપ્ત સ્વરૂપના માધ્યમથી ઓમ્‌ને આ રીતે સર્વમાન્ય કરી લેવામાં આવ્યો છે. બિંદુરૂપે ઓમ્‌ને કપાળમાં મૂકવામાં આવે છે. બિંદુને કપાળ માં મૂકવામાં આવે છે તે બિંદુ શું છે ? ઓમ્‌ની આકૃતિનું સંક્ષિપ્ત સ્વરૂપ.[૨૩]

## (૬) શંખ :–

ભારતીય સંસ્કૃતિનું પાવનતમ પ્રતીક મનાય છે. બધા જ મંગલકાર્યોમાં શંખધ્વનિ પરમ મંગલમયી સમજવામાં આવે છે. ભારતવર્ષ અનાદિકાળથી શંખથી પરિચિત છે. शंखनति जनयति, અર્થાત્ જે કલ્યાણને ઉત્પન્ન કરે છે અને લક્ષ્મીનું સમન કરે છે તેને શંખ કહેવામાં આવે છે. સંત આશારામબાપુ કહે છે કે, શંખના બે પ્રકાર છે. દક્ષિણાવર્ત અને વામાવર્ત. દક્ષિણાવર્ત શંખ દૈવયોગે જ મળે છે. એ જેની પાસે હોય છે એની પાસે લક્ષ્મી નિવાસ કરે છે.[૨૪] દુર્ગાદત્તજી ત્રિપાઠી કહે છે કે, ભગવાન વિષ્ણુની પૂજા શંખ વગર શકય નથી. પુરાણો, વેદ, શાસ્ત્રગ્રંથોમાં શંખનું વિશેષ મહત્ત્વ રહ્યું છે. દેવપૂજાની પૂર્વ શંખપૂજાનું વિધાન કરવામાં આવ્યું છે.

पाञ्चजन्याय विद्महे पावमानाय धीमहि ।
तन्नः शङ्खः प्रचोदयात् ॥

શંખ ગાયત્રી છે. સૂર્ય મહાગણપતિ, કાર્તવીર્ય, મહાકાળી, મહાલક્ષ્મી, મહાસરસ્વતીમાંથી ઉત્પન્ન થયેલા બધી જ શકિતઓના વિગ્રહનું નિજાયુધ છે. શંખનું દર્શન અને યાત્રાના સમયે શંખધ્વનિ મંગલસૂચક મનાય છે. શંખ જેવા બીજા કેટલાંક વાદ્યોનો પ્રયોગ ઓસ્ટ્રેલીયા અને પોલીનેશીયા દ્વીપના નિવાસી શંખના બદલે 'ટિટનટોનિસ' નામના એક પ્રકારના શંબૂકને કાપીને શંખની જેમ વગાડે છે.[૨૫] પ્રાચીન શિલાલેખોમાં પણ શંખ જોવા મળે છે.

તાત્પર્ય એ છે કે, શંખ પણ ઓમ્ જેવું જ પ્રતીક જણાય છે. આ બાબતને પુષ્ટ કરતા સ્વામી શિવાનંદ પણ કહે છે કે, 'ભગવાન વિષ્ણુના ચાર હાથ છે તેમાંથી એક હાથમાં શંખ છે તેમાંથી અવાજ નીકળે છે ૐ બધા અવાજોનું મૂળ છે. ૐ ના અવાજમાંથી વિશ્વ ઉત્પન્ન થયું છે.[૨૬] તેથી અવધૂત પણ કહે છે કે...

'શંખ રટે ૐકાર.'[૨૭]

## (૭) ઘંટાનાદ :–

ઘંટાનાદ પણ ભારતીય સંસ્કૃતિનું મંગલ પ્રતીક છે. દુર્ગાદત્તજી ત્રિપાઠી કહે છે કે, પ્રાતઃકાળમાં મંદિરોમાં થનારી દીર્ઘ પ્રણવનાદથી સુમધુર ઘંટાધ્વનિ ભારતીયો માટે અનાદિકાળથી પરિચિત એમ જ પ્રિય છે. દેવપૂજામાં ઘંટ અથવા નાની ઘંટીનો નાદ જરૂરી મનાય છે. ભગવાનની આગળ પૂજા સમયે ઘંટ વગાડવાથી ઉત્તમ ફળની પ્રાપ્તિ થાય છે. આ શાસ્ત્રનો આદેશ છે. ઘંટના કાસ્યતાલ, મઝીરા, ઘડિયાળ, વિજયઘંટ, પૂજાની ઘંટી અને ક્રમ (લટકનાર ઘંટ) જે ઘંટના પ્રકાર છે અને તેમાંથી પ્રાયઃ બધાનો મંદિરોમાં ઉપયોગ થાય છે. પૂજાની ઘંટીને પકડીને વગાડવા માટે ઉપરની તરફ ધાતુમય દંડ હોય છે. તેમાં ઉપરની તરફ ગરુડ, હનુમાન, ચક્ર અથવા પાંચ ફેણના સર્પની આકૃતિ હોય છે. આ મૂર્તિયોમાંથી કોઈપણ એકનું ઘંટાદંડ પર રાખવાનું વિધાન છે અને તેનું મહત્ત્વ પણ છે. લટકવાવાળા ઘંટ ઉપર દેવતાઓના નામ–મન્ત્ર અંકિત કરવાનું વિધાન છે. ભગવાનની મૂર્તિની આગળ શંખની સાથે નાની ઘંટી રાખવાનું જરૂરી બતાવવામાં આવ્યું છે. આ ઘંટીની પૂજાનું પણ વિધાન છે. ગરુડની મૂર્તિથી યુકત ઘંટીનું વિશેષ મહત્ત્વ બતાવવામાં આવ્યું છે. જ્યાં આ ઘંટી રહે છે ત્યાં સર્પ, વિજળી અને અગ્નિનો ભય રહેતો નથી. દેવમંદિરમાં ઘંટાનાદ કરવો અત્યંત પુણ્યપ્રદ બતાવવામાં આવ્યો છે. 'મૃત્યુ વખતે ચક્રયુકત ઘંટાનાદ સાંભળે છે તેની પાસે યમદૂત આવતા નથી.' આ સ્કન્દપુરાણનું વચન છે. આ રીતે પુરાણોમાં ઘંટાનાદનું વ્યાપક મહાત્મ્ય વર્ણવાયેલું છે. 'દેવમંદિરને દુન્દુભિનાદ અથવા શંખનાદ કરીને જ ખોલવા જોઈએ. વગર દુન્દુભિનાદ, શંખનાદ વગેરેને મંદિર ખોલવું અપરાધ બતાવ્યું છે,' પરંતુ જો આ વાદ્ય ન હોય તો માત્ર ઘંટાનાદ કરીને અથવા ઘંટી વગાડીને દ્વાર ખોલવા જોઈએ.[૨૮]

ઘંટ સર્વવાદ્યમય તેમજ સમસ્ત દેવતાઓને પ્રિય છે. આમ, ઘંટાનાદ ભારત સિવાયના કેટલાંક દેશોમાં પણ પ્રસિદ્ધ થયેલ જોવાં મળે છે.

તાત્પર્ય એ છે કે, ઘંટ પ્રણવ જેવી મધુર ધ્વનિ કરનાર પ્રતીક છે. તે પણ નાદનો જ એક પ્રકાર છે. તેથી પ્રણવનું જ કે ઓમ્‌નું એક સ્વરૂપ હોય એમ જણાય છે. આ બાબતને પુષ્ટ કરતાં શિવાનંદ સ્વામી કહે છે કે...

'ૐ બધા અવાજોનું મૂળ છે.'[૨૯]

## (૮) દીપક :–

અજ્ઞાન અને અંધકારને દૂર કરનાર પ્રતીક દીપક છે. ભારતીય સંસ્કૃતિમાં માટીના કોડિયામાં પ્રજવલ્લિત દીવાનું ખૂબ જ મહત્ત્વ છે. સંતશ્રી આશારામબાપુ કહે છે કે, માટીનો દીવો માટીથી બનેલા મનુષ્યના શરીરનું પ્રતીક છે. એમાં રહેલું તેલ આપણી જીવન શકિતનું પ્રતીક છે. મનુષ્ય પોતાની જીવન શકિતથી મહેનત દ્વારા સંસારમાંથી અંધકાર દૂર કરી જ્ઞાનનો પ્રકાશ ફેલાવે એવો સંદેશ દીપક આપણને આપે છે. મંદિરમાં આરતી કરતી વખતે દીપક પ્રગટાવવા પાછળ આ જ ભાવ રહેલો છે કે, ભગવાન અમારા મનમાંથી અજ્ઞાનરૂપી અંધકારને હટાવીને જ્ઞાનરૂપી પ્રકાશ ફેલાવે.[૩૦] દીવાની જ્યોતિ માનવને આત્મ જ્યોતિનો ખ્યાલ આપે છે. મંદિરમાં રહેલો દીવો સતત માનવીને ઈશ્વરાભિમુખ કરે છે. માનવીને પ્રેમ, પ્રકાશ અને શાંતિ આપનાર છે. તેથી દીપક માટે કહ્યું છે કે, 'હે દીપજ્યોતિ ! તું અમારું શુભ કરનાર, કલ્યાણ કરનાર, આરોગ્ય ને ધનસંપદા આપનાર, શત્રુબુદ્ધિનો વિનાશ કરનાર છે. દીપજ્યોતિ તને નમસ્કાર ! હે દીપજ્યોતિ તું પરબ્રહ્મ છે, તું જનાર્દન છે, તું અમારા પાપ હરે છે, તને નમસ્કાર !'[૩૧] સંત યોગભિક્ષુ કહે છે કે, પ્રગટેલાં દીપકનો પણ એક વિશિષ્ટ ધ્વનિ હોય છે તેમ (પ્રગટેલાં) આત્માનો, ચૈતન્યના અસ્તિત્ત્વનો પણ એક દિવ્ય, અલૌકિક મસ્તાન ડોલાયમાન ધ્વનિ છે.[૩૨]

તાત્પર્ય એ છે કે, દીપક પણ ઓમ્‌નું જ પ્રતીક હોય તેમ જણાય છે. કારણ કે, તે પરબ્રહ્મનો સંકેત કરે છે. આ બાબતને પુષ્ટ કરતા કહી શકાય કે, 'ૐકાર મંત્ર તેજસ, ભકિત, વિનય, પ્રણવ, બ્રહ્મ, પ્રદીપ, વામ, વેદ, કમલ, અગ્નિ, ધ્રુવ આદિ અને દ્યુઃ સંજ્ઞાથી પ્રસિદ્ધ છે.[૩૩]

## (૯) માળા :–

માળા એ ભગવદ્ ભકિતનું પ્રતીક છે. કંઠી એટલે સર્વોચ્ચ ભકિતનું પ્રતીક. તુલસીની કંઠીએ ભગવદ્ ભકિતનું, ભગવદ્ સમર્પિત દેહનું સર્વોચ્ચ પ્રતીક છે. કબીરજીએ કહ્યું છે કે,

माला तो कर में फिरे बीजा फिरे मुखमांही ।
मनुवा तो चहु दिश फिरे यह तो सुमिरन नाहीं ॥

'હે માળા ! તું સર્વદા દેવોને પ્રીતિ, તેમજ શુભ આપનારી છે; મને તું યશ અને બળ આપ તેમજ સર્વદા મારું કલ્યાણ કર.'[૩૪] સતત ઈશ્વરની ઝંખના – ચિંતન કરતા રહેવું તેમજ પ્રીત્યર્થે સતત કાર્ય કરતા રહેવું એ ભાવ કંઠી વ્યકત કરે છે. (જુઓ : પ્રકરણ : ૧–૨–૫ : અક્ષમાલિકોપનિષદ્.)

તાત્પર્ય એ છે કે, જપ કરવા માટે અથવા ઈશ્વરના સતત સ્મરણ માટે માળા જ ઉપયોગી બને છે. જેમાં પણ ૐ અથવા દેવોની જ ભાવના કરવામાં આવે છે.

## (૧૦) બંસી :–

શિવાનંદ સ્વામી કહે છે કે, બંસી એ આદિકાળના નાદ ૐ નું પ્રતીક છે. આ તે જ બંસી છે જેણે વ્રજની ગોપીઓને પવિત્ર યમુના નદીના કાંઠા પર પોતાના વ્હાલાં ભગવાનને મળવા માટે આકર્ષિત કરી હતી. આ દિવ્ય બંસીના નાદે તેમનાં હૃદયને અતિ આનંદિત કરી હર્ષ દર્શાવી નવા જીવન અને આનંદથી ભરી દીધાં હતાં. તે નાદે બધા જ પ્રાણીઓમાં ઈશ્વરનો ઉન્માદ પ્રગટાવ્યો હતો અને જડ પદાર્થોમાં પણ જીવનનો સંચાર કર્યો હતો. નાદનું માધુર્ય વર્ણનાતીત હતું. જેણે એકવાર શ્રીકૃષ્ણની બંસીનું સંગીત સાંભળ્યું હતું તેણે સ્વર્ગના અમૃતની કે મુકિતના પરમસુખની પરવાહ કરી ન હતી. ભગવાનની બંસી અને તેમાંથી રેલાતા સ્વર્ગીય સંગીતે ગોપીઓના આત્માને હલાવી નાખ્યા હતા. તેમણે પોતાની જાત ઉપરનો કાબૂ પૂર્ણપણે ગુમાવ્યો હતો. તેમને મન સંસારની કંઈ કિંમત ન હતી. તેઓ બળજબરાઈથી ભગવાન કૃષ્ણ તરફ ખેંચાતી હોય તેમ તેમને લાગતું હતું. તેમને તેમના ઘર ત્યજવામાં કંઈ શરમ કે ભય ન હતો. શ્રીકૃષ્ણે પોતાની બંસી દ્વારા દિવ્ય પ્રેમનો ઉપદેશ આપ્યો. રાધાએ તેમને પૂછયુ : ''હે મારા પ્રભુ ! મારાં કરતા પણ બંસીને તમે કેમ વધુ ચાહો છો ? તેણે એવાં કયાં પુણ્યો કર્યા છે કે તેને તમારા હોઠના ગાઢ સંપર્કમાં રહેવાનું મળે છે ? હે પ્રભુ ! મહેરબાની કરી મને આ વાતનું તથ્ય સમજાવો. હું તેને સાંભળવા આતુર છું.'' ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું : ''આ બંસી મને ખૂબ વ્હાલી છે. તેનામાં કેટલાંક દિવ્ય ગુણો છે તેણે અહંને દૂર કરીને પોતાની જાતને ખાલી કરી નાખી છે તે સંપૂર્ણ પોલી–ખાલી હોવાથી મને પસંદ પડે કે ગમે તે રાગ તેના પર હું ગાઈ શકું છું. જો તમે પણ આ બંસીની માફક મારા તરફ વર્તી શકો, જો તમે તમારા અહંનો પૂરેપૂરો નાશ કરો અને મારી શરણાગતિ સ્વીકારો તો તમને પણ આ બંસીને ચાહું છું તેવી રીતે ચાહીશ.''[૩૫]

તાત્પર્ય એ છે કે બંસી પણ ૐનું જ એક સ્વરૂપ જણાય છે.

## (૧૧) કળશ (કુંભ) :–

કળશ એ ભારતીય સંસ્કૃતિનું પ્રતીક છે. સંતશ્રી આશારામબાપુ કહે છે કે, લગ્ન જેવા શુભ પ્રસંગો પર, ઉત્સવોમાં ઘરમાં કળશ રાખવામાં આવે છે. કળશ આપણી સંસ્કૃતિનું મહત્ત્વનું પ્રતીક છે. આપણું શરીર પણ માટીના કળશ અથવા ઘડા સમાન જ છે. આમાં 'જીવન' હોય છે. જીવનનો અર્થ 'જળ' થાય છે. જો શરીરમાં જીવ ન હોય તો મૃત શરીર અશુભ ગણાય છે. ભરેલો ઘડો માંગલિકતાનું પ્રતીક છે.[૩૬]

એક શ્લોકમાં કહ્યું છે કે, ઋષિઓએ નાના એવા પાણીના લોટામાં જ બધા દેવો, વેદો, સમુદ્ર, નદીઓ, ગાયત્રી, સાવિત્રી વગેરેની પ્રસ્થાપના કરી છે.[૩૭] કળશને મોટો કરતા કુંભ થાય છે. ગૃહ પ્રવેશ વખતે, શ્રેષ્ઠાગમને પણ આ મંગલ પ્રતીકનો પ્રયોગ થાય છે. ગુજરાતમાં નવરાત્રી સમયનો 'ગરબો' પણ કળશનું (કુંભનું) જ પ્રતીક છે. બધા દેવોની ભાવના કરવાથી આ કળશ સામાન્ય રહેતો નથી.

તાત્પર્ય એ છે કે, વેદ, ગાયત્રી, સાવિત્રી, દેવો વગેરેની ભાવના કરવામાં આવે છે. આ બધું ૐમાંથી જ ઉત્પન્ન થયેલું છે તેમ કળશ પણ ૐ જેવું જ મંગલ પ્રતીક જણાય છે. કારણ કે તેમાં ૐ ની જ ભાવના કરવામાં કરવામાં આવે છે.

## (૧૨) નાદ :–

વિચાર કરવાનું માધ્યમ સ્થૂલ રૂપમાં વાકય છે. જુદા–જુદા વાકયો મળીને કોઈપણ વસ્તુને રૂપ આપે છે. અને ત્યારે તે રૂપની એકરૂપતા દ્વારા વૃત્તિ વિષયને પ્રાપ્ત કરે છે. જેનો રસ જીવને પ્રાપ્ત થાય છે. વાકયોનો આધાર  શબ્દ છે, જેના દ્વારા વાકયના માળખાનું નિર્માણ થાય છે. શબ્દોના સ્વતંત્ર અર્થોના લીધે વાકયોના વિસ્તૃત અર્થને જન્મ આપે છે. શબ્દનો આધાર વર્ણ લે છે. જુદા–જુદા વર્ણ પોતાના અર્થને આત્મસાત્ કરીને શબ્દરૂપી અર્થનું નિર્માણ કરે છે; વર્ણનું માધ્યમ ધ્વન્યાત્મક નાદ છે. ધ્વન્યાત્મક નાદ સગુણ છે. જેનું કારણ નિર્ગુણ નાદ છે.

બધી જ કલાઓ અને સાધનાઓનું આદ્યકેન્દ્ર અથવા બિન્દુ નાદ છે. તે અતિશયોકિત નથી. નાદ જ વેદોકત સ્વરનો આધાર છે. અને તે સ્વર, અક્ષર અને બીજનું ઓજ છે. નાદશકિતનું કેન્દ્રથી પરિધિની તરફ અને પરિધિથી કેન્દ્રની તરફ થવું જ ત્રયીસંસ્થાનને નિર્મિત કરે છે, જેનું પરિણામ સમસ્ત પિંડ અથવા ભૂત ભૌતિક પદાર્થ છે, ત્રણ લોક, ત્રણ શરીર, ત્રણ કાળ, ત્રણ અવસ્થાઓ, ત્રણ દેવ, ત્રણ ગ્રામ, ત્રણ સ્વર, ત્રણ સપ્તક, ત્રણ રંગ, ત્રણ વેદ, ત્રણ ગુણ, ત્રણ વર્ણ, ત્રણ લય અને ત્રયીખંડ વગેરે... બ્રહ્મવિદ્યોપનિષદમાં કહ્યું છે કે...

ૐકારમાં ત્રણ દેવતા, ત્રણ વેદ અને ત્રણ અગ્નિઓ છે. શિવસ્વરૂપ આ ત્રણ અક્ષરની ત્રણ અને અડધી માત્રાઓ છે.[૩૮] ભાગવતમાં નાદનું વર્ણન કરતાં કહ્યું છે કે, "નાદનો આદિ નથી કે અંત નથી એટલા માટે જન્મ અને મૃત્યુથી પર છે. જ્ઞાન અને અજ્ઞાનનો પણ સાક્ષી નાદ છે. આ લોક અને પરલોકનો એક જ આધાર છે. હું જ અનંત શકિત અને સ્વયં અનન્ત બ્રહ્મ છું, મેં જ વેદવાણીનો વિસ્તાર કર્યો છે, જેવી રીતે કમળની નાળમાં પાતળો દોરો હોય છે તેમ, જ આ વેદવાણી પ્રાણીઓના અંતઃકરણમાં અનાહતનાદના રૂપમાં ઉદ્‌ઘાટિત થાય છે.[૩૯] મતંગ ઋષિએ નાદના બે પ્રકાર કહ્યા છે, જેમ કે...,

नादरूपः स्मृतो ब्रह्मा नादरूपो जनार्दनः ।
नादरूपा पराशक्तिर्नादरूपो महेश्वरः ॥

નાદના બે પ્રકાર છે. આહત અને અનાહત. આહત અર્થાત્ જે નાદ આપણને કાનમાં સંભળાય છે તે. આહતનાદનું કારણ જ અનાહતનાદ છે. આહતનાદમાં મનને એકાગ્ર કરવાની અને જીવને આનંદ પ્રદાન કરવાની અપૂર્વ ક્ષમતા છે. અલૌકિક શકિતવાળું આહતનાદ લોકરંજક છે.[૪૦] અનાહતનાદ લોકરંજક નથી. અનાહતનાદનો અનુભવ કરી શકાય છે જે મુકિતદાયક છે. અનાહત અર્થાત્ અન + આહત. અર્થાત્ જે શબ્દ આઘાત વગર અથવા ધક્કા વગર સ્વયં ઉત્પન્ન થયો હોય, જે નાદ કાનમાં સંભળાતો નથી. ૐકાર ધ્વનિ અથવા સોઽહમ્‌નો ધ્વનિ અનાહત નાદ કહેવાય છે. તન્ત્ર શાસ્ત્રમાં કહ્યું છે કે... तन्त्रशास्त्रेऽपि प्रसिध्धे हृदयस्थिति सुषुम्णामध्यस्थे द्वादशपद्मे शब्दो ब्रह्ममयः, शब्दोऽनाहतो यत्र दृश्यते अनाहताख्यं तत् पद्मं मुनिभिः परिकीर्तितमित्युक्तलक्षणे । (વાચ. પૃ. ૧૬૧) અર્થાત્ હૃદયસ્થિત સુષુમ્નાની વચ્ચે દ્વાદશદડ કમળમાં પણ શબ્દ બ્રહ્મમય છે ને અનાહત છે.[૪૧] શિવાનંદ સ્વામીએ પણ નાદનું વર્ણન કરતાં કહ્યું છે કે, ધ્યાનાભ્યાસની શરૂઆતમાં યોગીને સંભળાતા રહસ્યમય ધ્વનિઓને અનાહતનાદો કહેવાય છે. ૐકાર એ વિશિષ્ટ અનાહતનાદ છે. તેમણે નાદના દશ પ્રકારો આપ્યા છે. (૧) ચીની શબ્દ જેવો ધ્વનિ, (૨) 'ચીની ચીની' શબ્દ જેવો ધ્વનિ, (૩) ઘંટારવ, (૪) શંખધ્વનિ, (૫) સિતાર જેવો તંતુવાદ્યનો ધ્વનિ, (૬) કરતાલનો ધ્વનિ, (૭) બંસી–વાદનનો ધ્વનિ, (૮) ઢોલ કે પડઘમ જેવો ધ્વનિ, (૯) ઢોલ કે નગારાં એક સાથે વાગતા હોય તેવો ધ્વનિ અને (૧૦) મેઘગર્જના જેવો ધ્વનિ.[૪૨] શબ્દભેદથી નાદ આઠ રૂપોમાં વ્યકત થાય છે. જેમ કે... (૧) ઘોષ, (૨) રાવ, (૩) સ્વન, (૪) શબ્દ, (૫) સ્ફોટ, (૬) ધ્વનિ, (૭) ઝંકાર અને (૮) ધ્વંકૃત અને નવમો મહાનાદ જે બધામાં વ્યાપીને રહે છે. ક્ષેમરાજે પોતાની ટીકામાં આઠ રૂપોની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે, કાનમાં આંગળી નાખવાથી અગ્નિની સમાન જે શબ્દ સંભળાય છે, તે ઘોષ. તે ઘોષની અંતે કાંસાના શબ્દની જેમ રુખો શબ્દ સંભળાય છે તે રવ, વાંસની ધ્વનિની જેમ જે નાદ સંભળાય છે તે

સ્વન, જે સમસ્ત શબ્દોનો આધાર છે તે શબ્દ, જેના દ્વારા વાકય, પદ અને વર્ણ જુદા–જુદા રૂપમાં સ્ફુરિત થઈને પ્રતીત થાય છે તે સ્ફોટ, વીણામાં પાંચમા તારને છેડવાથી જે સુખપ્રદ નાદ ઉત્પન્ન થાય છે, તેના સમાન ધ્વનિ થાય છે. વીણાના બધા તારો એક સાથે ઝંકૃત કરવાથી જે નાદ પ્રકાશિત થાય છે, તેની સમાન ઝંકાર થાય છે. ધ્વંકૃત ઘંટના નાદની સમાન થાય છે. ઉપર્યુકત બધા જ નાદ સાર્થક છે.[૪૩]

તાત્પર્ય એ છે કે, નાદ પણ ૐકારનું જ સ્વરૂપ જણાય છે. આ બાબતને પુષ્ટ કરતાં કહ્યું છે કે... 'પ્રણવ જ નાદરૂપ બ્રહ્મ છે. ૐકારની નાદસાધનાને જ પ્રણવસંધાન કહે છે.'[૪૪]

## ✧ અન્ય પ્રતીકો :–

ભારતીય સંસ્કૃતિમાં અનેક પ્રતીકો જોવાં મળે છે. ભારતીય સંસ્કૃતિની દરેક પ્રણાલી અને પ્રતીક પાછળ કોઈને કોઈ રહસ્ય છુપાયેલું છે. જે મનુષ્ય જીવન માટે લાભદાયી છે. નમસ્કાર એ પણ શ્રેષ્ઠ સંસ્કાર છે. જેના દ્વારા સમર્પણનો ભાવ સૂચવવામાં આવે છે. આપણો રાષ્ટ્રીયધ્વજ – તિરંગો રાષ્ટ્રીય એકતા, અખંડતા અને ગૌરવનું પ્રતીક છે. શ્રીફળ આપણા ઉત્કૃષ્ટ મનોવૈભવનું પ્રતીક છે. ગાયના પ્રતીક દ્વારા ભારતીય સંસ્કૃતિ માનવીને સમગ્ર સૃષ્ટિ પર આત્મૌપમ્ય દષ્ટિથી પ્રેમ કરવાનું શીખવે છે. આમ, ભારતીય સંસ્કૃતિમાં અનુપમ પ્રતીકોનો સુભગ સમન્વય થયેલો જોવાં મળે છે.

નિષ્કર્ષ એ છે કે, ભારતીય સંસ્કૃતિનું ઓમ્ એક સર્વશ્રેષ્ઠ પ્રતીક છે. આ પ્રતીક સિવાય પણ ભારતીય સંસ્કૃતિમાં ઉપર્યુકત વર્ણવેલા કેટલાંક પ્રતીકોનો સમાવેશ થયેલો છે. કમળ, સ્વસ્તિક, ડમરૂ, ત્રિશૂલ, બિંદુ, શંખ, ઘંટાનાદ, દીપક, માળા, બેડી, બંસી, કળશ, નાદ તેમજ અન્ય પ્રતીકો છે. જે ઓમ્‌ની સાથે સામ્ય ધરાવે છે. જે બાબતના આધારે જણાય છે કે, ઓમ્ ભારતીય પ્રતીકોમાં પણ કોઈને કોઈ રૂપે રહેલો છે. આકૃતિ કે સ્વરૂપ ભેદે ભલે અલગ જણાય, પરંતુ તાત્ત્વિક દષ્ટિએ તો બધા એકરૂપ જણાય છે. ૐ પૂર્ણ પ્રતીક છે, જ્યારે અન્ય પ્રતીકો ન્યૂન છે. ૐમાંથી જ ઉત્પન્ન થયેલા જણાય છે અને ૐથી જ પૂર્ણ જણાય છે. તે ૐની ભાવનાથી પૂર્ણ થાય છે.

## સંદર્ભ પ્રકરણ : ૨ – ૧૦ : ભારતીય પ્રતીકો :


૧. ब्रह्मण्याधाय कर्माणि संगं त्यक्त्वा करोति यः ।
लिप्यते न स पापेन पद्मपत्रमिवांभसा ॥
श्रीमद्भगवद्गीता, ५ - १० ।

૨. नालस्य प्रसरो जलेस्वपि कृतावासस्य कोशेरुचि-
दण्डे कर्कशता मुखऽतिमृदुता मित्रे महान्प्रश्रयः ।
आमूलं गुणसंग्रहव्यसनिता द्वेषश्च दोषाकरे
यस्यैषा स्थितिरम्बुजस्य वसतिर्युक्तैव तत्र श्रियः ॥
संस्कृतिपूजन, पृ. १९१ ।

૩. तेजोभक्तिर्विनयप्रणवब्रह्मदीपवामाश्रय ।
वेदोऽज्जदहनध्रुवमादिर्धुर्भिरोमिति स्यात् ॥
नमस्कारमंत्रसिद्धि, पृ. २८१-२८९ ।

૪. स्वस्ति नः इंद्रो वृद्धश्रवाः स्वस्ति नः पूषा विश्ववेदाः ।
स्वस्ति नस्ताक्ष्यो अरिष्टनेमिः स्वस्ति नो बृहस्पतिर्दधातु ॥
सामवेद, २२-३ ।

૫. જનકલ્યાણ, ૨૦૦૨, નવે. અંક – ૮, પ્રતીકોપાસના; પૃ. ૮.

૬. कल्याण - १९५०, वर्ष - २४, फरवरी, पृ. ९४१ - ९४४ ।

૭. બાળસંસ્કાર; પૃ. ૩૧–૩૨.

૮. कल्याण - १९५०, वर्ष - २४, फरवरी, पृ. ९४१ - ९४४ ।

૯. વૈદિક સમ્પત્તિ; પૃ. ૪૩૧ – ૪૩૨.

૧૦. શિવતત્ત્વ, પ્રા. ઈન્દ્રવદન રાવલ; પૃ. ૨૭–૨૮.

૧૧. શિવમહાપુરાણ – ૧–૨; પૃ. ૧૧

૧૨. યોગના પાઠ (૧૯); પૃ. ૩૯.

૧૩. વિશ્વકલ્યાણ, ૧૯૫૩, વર્ષ–૨, નવેમ્બર; પૃ. ૩૨૭–૩૩૦.

૧૪. અવધૂતીમસ્તી – ૧; પૃ. ૩૮–૪૨.

૧૫. मम योनिर्महद् तस्मिन्गर्भं दधाम्यहम् ।
संभवः सर्वभूतानां ततो भवति भारत ॥
श्रीमद्भगवद्गीता: १४ - ३ ।

૧૬. ઈશ્વરની ઓળખ; પૃ. ૨૩.

૧૭. અવધૂતીમસ્તી – ૧; પૃ. ૩૮–૪૨.

૧૮. બાળસંસ્કાર, સંત આશારામબાપુ; પૃ. ૩૦.

૧૯. સ્વામિનારાયણ સત્સંગ, ૧૯૯૬, વર્ષ–૨૦, અંક–૩; પૃ. ૧૪–૧૫.

૨૦. ઈશ્વરની ઓળખ, સંત યોગભિક્ષુ; પૃ. ૨૭.

૨૧. ઈશ્વરની ઓળખ; પૃ. ૪૧.

૨૨. ઈશ્વરની ઓળખ; પૃ. ૨૨.

૨૩. ઈશ્વરની ઓળખ; પૃ. ૨૩.

૨૪. બાળસંસ્કાર; પૃ. ૩૨.

૨૫. कल्याण - १९५०, वर्ष - २४, फरवरी, पृ. ९४७ - ९४९ ।

૨૬. યોગના પાઠ, (૩); પૃ. ૨૯.

૨૭. અવધૂત મસ્તી – ૧; પૃ. ૩૮ – ૪૨.

૨૮. कल्याण - १९५०, वर्ष - २४, फरवरी, पृ. ९४९ - ९५० ।

૨૯. યોગના પાઠ, (૩); પૃ. ૨૯.

૩૦. બાળસંસ્કાર; પૃ. ૩૦.

૩૧. शुभं करोतु कल्याणमारोग्यं धनसंपदः ।
शत्रुबुद्धिविनाशाय दीपज्योतिर्नमोऽस्तु ते ॥
दीपज्योतिः परब्रह्म दीपज्योतिजनार्दनः ।
दीपो हरतु मे पापं दीपज्योतिर्नमोऽस्तु ते ॥
संस्कृतिपूजन, दीपदर्शन, पृ. २७० ।

૩૨. ઈશ્વરની ઓળખ; પૃ. ૩૯.

૩૩. નમસ્કાર મંત્ર સિદ્ધિ, પૃ. ૨૮૧–૨૮૯.

૩૪. त्वं माले सर्व देवानां प्रीतिदा शुभदा भव ।
शिवं कुरुष्व मे भद्रे यशोवीर्यं च सर्वदा ॥
संस्कृतिपूजन, पृ. २६५ ।

૩૫. યોગના પાઠ, (૧૧), ૮, બંસીનો નાદ; પૃ. ૫૬.

૩૬. सामवेदः २२-३ ।

૩૭. कलशस्य मुखे विष्णुः कण्ठे रुद्रः समाश्रितः ।
मूले तत्र स्थितो ब्रह्मा मध्ये मातृगणाः स्मृताः ॥
कुक्षौ तु सागराः सर्वे सप्तद्वीपा वसुंधरा ।
ऋग्वेदोऽथ यजुर्वेदः सामवेदो ह्यथवर्णः ॥
अंगेश्च सहिताः सर्वे कलशं तु समाश्रिता ।
अत्र गायत्री सावित्री शांति पुष्टिकरी तथाः ।
आयांतु मम शांत्यर्थं दुरितक्षयकारकाः ॥
सर्वे समुद्राः सरितस्तीर्थानि जलदा नदाः ।
आयांतु मम शांत्यर्थं दुरितकक्षयकारकाः ॥
સંસ્કૃતિપૂજન; પૃ. ૧૯૯.

૩૮. तत्र देवास्त्रयः प्रोक्ता लोका वेदास्त्रयोग्नयः ।
त्रिस्त्रो मात्रार्धमात्रा च त्र्यक्षरस्य शिवस्य तु ॥
ब्रह्मविद्योपनिषद् - ३ ।

૩૯. मयोपबृहितं भूम्ना ब्रह्मणानन्तंशक्तिना ।
भूतेषु घोषरूपेण बिसेपूर्णेव लक्ष्यते ॥
श्रीमद् भागवत । ११ - २१ - ३७ ।

૪૦. कल्याण - १९६२, वर्ष - ३५, जुलाई, पृ. १०४२ - १०४५ ।

૪૧. कल्याण - १९६२, वर्ष - ३५, जुलाई, पृ. १०४२ - १०४५ ।

૪૨. યોગના પાઠ (૨૩); પૃ. ૧૩.

૪૩. कल्याण - १९६२, वर्ष - ३५, जुलाई, पृ. १०४२ - १०४५ ।

૪૪. ब्रह्मप्रणवं संधानं नादो ज्योतिर्मयः शिवः ।
स्वयमार्विभवेदात्मामेघायायेऽशुमानिव ॥
नादबिन्दूपनिषद् - ३० ।

# પ્રકરણ : ૨-૧૧ : વિશ્વના પ્રમુખ ધર્મ-સંપ્રદાયો અને ઓમ્

(૧) ભારતનો વૈદિક ધર્મ.

— શાકત સંપ્રદાય.

(૨) બૌદ્ધધર્મ.

(૩) જૈનધર્મ.

(૪) શીખધર્મ.

(૫) પારસીધર્મ.

(૬) યહૂદીધર્મ.

(૭) શિન્તોધર્મ.

(૮) તાઓધર્મ.

(૯) ઈસાઈધર્મ.

(૧૦) કનફ્યુસીયસધર્મ.

(૧૧) ઈસ્લામધર્મ.

# પ્રકરણ : ૨–૧૧ : વિશ્વના પ્રમુખ ધર્મ–સંપ્રદાયો અને ઓમ્

## ✧ ધર્મ :–

વ્યાકરણની દૃષ્ટિએ 'ધૃઞ્-ધારણે' ધાતુથી 'अर्तिस्तु सुहुसृधृ०' (उणादि ૧/૧૪૦) સૂત્રથી પ્રાપ્ત મન્ પ્રત્યયના યોગથી 'ધર્મ' શબ્દ સિદ્ધ થાય છે. 'धारणात् धर्म इत्याहुः', 'ध्रियते अनेन लोकः' આદિ વ્યુત્પત્તિઓ અનુસાર 'જેને આત્મોન્નતિ અને ઉત્તમસુખ માટે ધારણ કરવામાં આવે' અથવા 'જેના દ્વારા લોકને ધારણ કરવામાં આવે અર્થાત્ વ્યવસ્થા અથવા મર્યાદામાં રાખવામાં આવે' તેને ધર્મ કહે છે. આ પ્રમાણે આત્માની ઉન્નતિ કરનાર, મોક્ષ અથવા ઉત્તમ વ્યાવહારિક સુખ આપનાર સદાચરણ, કર્તવ્ય અથવા શ્રેષ્ઠ વિધાન (કાનૂન), નિયમ, ધર્મ છે.[૧]

દર્શન શાસ્ત્રોમાં ધર્મના સ્વરૂપને સ્પષ્ટ કરવામાં આવેલું છે.

## ✧ વૈશેષિક દર્શન :–

"જેના આચરણથી મનુષ્યની ત્રિવિધ : આધ્યાત્મિક, માનસિક વ શારીરિક ઉન્નતિ અને વ્યાવહારિક ઉત્તમ સુખની પ્રાપ્તિ તેમજ વૃદ્ધિ થાય અને મોક્ષસુખની સિદ્ધિ થાય તેવું આચરણ યા કર્તવ્ય 'ધર્મ' છે."[૨]

## ✧ પૂર્વમીમાંસા :–

"વેદોમાં મનુષ્યોને કરવા માટે જે કર્તવ્ય જણાવવામાં આવ્યા છે, તે ધર્મ છે."[૩]

## ✧ મનુસ્મૃતિ :–

વેદ, સ્મૃતિ, સત્પુરુષોનું આચરણ અને પોતાના આત્માના જ્ઞાનથી અવિરુદ્ધ પ્રિયાચરણ એ ચાર ધર્મના લક્ષણ છે. અર્થાત્, આનાથી ધર્મ લક્ષિત થાય છે.[૪]

દયાનંદ સરસ્વતી પણ વૈશેષિક દર્શનની વ્યાખ્યાને સ્વીકારે છે.[૫]

સંપૂર્ણ વેદ, મનુસ્મૃતિ અને ઋષિપ્રણીત શાસ્ત્ર, સત્પુરુષોનો આચાર અને જે–જે કર્મમાં પોતાનો આત્મા પ્રસન્ન રહે અર્થાત્, ભય, શંકા, લજ્જા જેનામાં ઉત્પન્ન ન થાય અને સાત્ત્વિક પ્રસન્નતાનો અનુભવ થાય, જે ચાર ધર્મના મૂળસ્ત્રોત – ઉત્પત્તિ સ્થાન અને આધાર છે.[૬] "સત્ત્વ ધર્મનું લક્ષણ છે."[૭]

આ શ્લોક મનુસ્મૃતિના પ્રમુખ આધારભૂત શ્લોકોમાંથી એક છે. અહીં મનુ દ્વારા વર્ણવેલા ધર્મના ચાર લક્ષણો પર મનુએ કહેલી માન્યતાઓના પરિપ્રેક્ષ્યમાં વિચાર કરી શકાય અને તેના સ્વરૂપને સ્પષ્ટ કરી શકાય.

## (૧) વેદ :

ધર્મના ચાર મૂલસ્ત્રોતો યા સાક્ષાત્ લક્ષણોમાં સર્વપ્રથમ સ્થાન વેદનું છે. [૧/૧૨૫ (૨/૬)] ચારે વેદ ધર્મનિર્ણયમાં પરમપ્રમાણ છે. [૧/૧૩૨ (૨/૧૩)] તેને શ્રુતિ પણ કહેવામાં આવે છે. [૧/૧૩૨ (૨/૧૩)] વેદ અપૌરુષેય અર્થાત્ ઈશ્વર રચિત છે. [૧/૨૩ ॥ ૧૨/૯૯] અને તેના જ દ્વારા સંસારની વસ્તુઓ, ધર્મોનું પ્રથમ જ્ઞાન પ્રાપ્ત થાય છે. [૧/૨૬] વેદ બધી જ સત્યવિદ્યાઓનો ભંડાર છે, આથી તેનો કુતર્ક વગેરેની મદદ લઈને ખંડન ન કરવું જોઈએ. [૧/૨૯ (૨/૧૦), ૧/૧૩૦ (૨/૧૧)] અને આ પ્રકારે જે વેદોની અવમાનના કરે છે તે નાસ્તિક છે તથા સમાજથી બહિષ્કાર્ય છે. [૧/૧૩૦ (૨/૧૧)] ત્રયી વિદ્યારૂપ ચારે વેદ – ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ 'અખિલવેદ' કહેવામાં આવે છે. [૧/૨૩ ॥ ૧૧/૨૬૪ ॥ ૧૨/૧૧૨]

## (૨) સ્મૃતિ અને શીલ :

ચારે વેદોના જ્ઞાતા વિદ્વાનો દ્વારા રચિત સ્મૃતિઓ અને તેના શ્રેષ્ઠ ગુણ સમ્પન્ન સ્વભાવ ધર્મનો બીજો મૂલસ્ત્રોત છે. એને ધર્મશાસ્ત્ર પણ કહે છે. [૧/૧૨૯ (૨/૧૦)] જે વિદ્વાનોએ પૂર્ણ બ્રહ્મચર્ય અને ધર્મપાલનપૂર્વક સાંગોપાંગ વેદોનું અધ્યયન–મનન કર્યું છે, તે પ્રામાણિક ધર્મશાસ્ત્રના પ્રણેતા થઈ શકે છે. તથા તે ધર્મવિષયક સંશયમાં પ્રમાણ છે, બીજું નહીં.

> अनाम्नातेषु धर्मेषु कथं स्यादिति चेद् भवेत् ।
> यं शिष्टा ब्राह्मणाः ब्रूयुः स धर्मः स्यादशंकितः ॥ १२ । १०८ ॥
> धर्मेणाधिगतो यैस्तु वेदः सपरिबृंहणः ।
> ते शिष्टा ब्राह्मणाः ज्ञेयाः श्रुतिप्रत्यक्षहेतवः ॥ १२ । १०९ ॥

સ્મૃતિઓ વેદાનુકૂલ હોવાથી જ પ્રામાણિક છે, આ પ્રકારે સ્વભાવ પણ. વેદ વિરુદ્ધ સ્મૃતિઓ અમાન્ય છે. [૧૨/૧૦૬ ॥ ૧૨/૯૪]

## (૩) સદાચાર :

ધર્મનું ત્રીજું મૂલસ્ત્રોત 'સદાચાર' છે. શ્લોકના પૂર્વ પદોમાં ઉકતભાવના અધ્યાહાર અને નિમ્નલિખિત પ્રમાણોથી તે સિદ્ધ છે કે, 'વેદવેત્તા વિદ્વાનોનું 'શ્રેષ્ઠ–આચરણ' જ 'સદાચાર' છે. કેમ કે, ધર્મના બીજા લક્ષણમાં વેદવેત્તાઓના સ્વભાવને જ ધર્મનો સ્ત્રોત માનવામાં આવે છે. સ્વભાવાનુસારી

આચરણ હોય છે. આ પ્રકારે આ પણ વેદવેત્તાઓમાં હોવું જોઈએ. તેની પુષ્ટિ સ્વયં મનુએ કરી છે. [૧/૧૩૬ (૨/૧૭)] માં દિવ્યગુણોથી યુકત વિદ્વાનો દ્વારા સુશોભિત દેશને 'બ્રહ્માવર્ત' કહે છે. તે દેશમાં રહેનારા તે વિદ્વાનોના આચરણને જ 'સદાચાર' માને છે. [૧/૧૩૭ (૨/૧૮)] તેનાથી જ સમસ્ત શિક્ષાઓ ગ્રહણ કરવાનું કથન છે. [૧/૩૯ (૨/૨૦)] ૧/૧૨૦ માં પણ રાગદ્વેષથી રહિત સદાચારી વિદ્વાનો દ્વારા સેવિત અને તેના દ્વારા હૃદયથી માન્ય આચરણને ધર્મ માનવામાં આવે છે. વેદોમાં અપારંગત વિદ્વાનોના આચરણને 'સદાચાર' નથી કહેવામાં આવતો.

## (૪) 'આત્મનઃ તુષ્ટિ' અને 'સ્વસ્ય–આત્મનઃ પ્રિયમ્' નું સ્પષ્ટીકરણ :

ધર્મનો ચોથો મૂલસ્ત્રોત 'આત્માની સંતુષ્ટિ' અને 'પોતાના આત્માનું પ્રિય' કાર્ય છે. આ સ્ત્રોતની સ્પષ્ટ પરિભાષા વિચારણીય છે. અહીંયા પ્રશ્ન ઊઠે છે કે, બધી વ્યકિતઓના આત્માનું પ્રિય કાર્ય ધર્મ છે. અથવા એકસ્તર વિશેષની સીમા સુધીના વ્યકિતઓના આત્માનું પ્રિય કાર્ય ? ઉત્તરમાં નિર્વિવાદ રૂપથી કહી શકાય છે કે, દરેકના આત્માનું પ્રિયકાર્ય ધર્મ નહીં પરંતુ વેદાનુકૂલ આચરણવાળા સદ્ગુણસંપન્ન, ધાર્મિક પવિત્રાત્મા વિદ્વાનોની તેની પોતાના આત્માની સંતુષ્ટિ, પ્રસન્નતા અને પ્રિયતાને અનુકૂળ જે કાર્ય છે તે ધર્મ છે. હર કોઈના પ્રિયને ધર્મ માનવામાં નિમ્ન આપત્તિઓ આવે છે.

ચારે ધર્મના સ્ત્રોતોની ઉચ્ચતા, ગંભીરતાનું સ્તર સમાનપ્રાયઃ હોવું જોઈએ. એમ નહીં કે એક અતિ ઉન્નત સ્તરનું હોય અને એક નિમ્નતમ. એક તરફ વેદ ધર્મનો સ્ત્રોત છે અને બીજી તરફ હર કોઈની આત્મા જ પ્રમાણ છે. આ પ્રકારે તો વ્યકિતઓની સંખ્યા અનુસાર આત્માના પ્રિયકાર્ય પણ પૃથક્– પૃથક્ થઈ જશે. યાજ્ઞવલ્કય સ્મૃતિ વ્યવહારાધ્યાયના સંપાદક પ્રા. ડૉ. દશરથભાઈ વેદિયા સાહેબ જણાવે છે કે,

તૈત્તિરીયોપનિષદ્, ગીતા, મનુસ્મૃતિ અને યાજ્ઞવકયસ્મૃતિમાં અને બીજા પાછળના સ્મૃતિગ્રંથોમાં પણ–

''માનવ ખાસ અધિકારો, ફરજો અને જવાબદારીઓ; આર્યજાતિના સભ્ય તરીકે, વર્ણો પૈકી એક વર્ણના સભ્ય તરીકે. જીવનના અમુકસ્તરના માણસ તરીકે વ્યવહારનું ધોરણ.'' એવો ધર્મનો અર્થ થાય છે.

### ડૉ. પી.વી. કાણે :

The privileges, duties, and obligations of man, his standard of conduct as a member of the Aryan community, as a member of one of the castes, as a person in a particular stage of life."

**મેદિનીકોશ :**

धर्मोऽस्त्री पुण्य आचारे स्वभावोपमयोः क्रतो ।
अहिंसोपनिषन्न्याये ना धनुर्यमसोमपे ॥ १०९-१६ ॥

અહીં ધર્મ (પુલ્લિંગ અને નપુંસક લિંગમાં) પુણ્ય, આચાર, સ્વભાવ, ઉપમા, યજ્ઞ, અહિંસા, ઉપનિષદ્, ન્યાય અને (પુલ્લિંગમાં) ધનુ, યમ અને સોમનું પાન કરનાર એ બધા અર્થોનો સમાવેશ થાય છે.[૮]

**ડૉ. રાધાકૃષ્ણન્ :**

"ધર્મના વિષયમાં તેમ કહેવામાં આવે છે કે, કોઈપણ ધર્મ નથી તો અંતિમ અથવા નથી સંપૂર્ણ. ધર્મ તો વિકાસશીલ વટવૃક્ષ છે. તેનો ઉત્તરોત્તર ક્રમશઃ વિકાસ થતો જ જાય છે. અન્યથા તે સંકુચિત બને તથા તે નષ્ટપ્રાય બની જાય. સાથોસાથ તે વાત પણ જાણવા મળે છે કે, ધર્મના કોઈપણ સ્વરૂપમાં નથી તો સર્વાંગ સુંદરતા કે નથી દોષમુકતતા."[૯]

**યાજ્ઞવલ્કય :**

देश काले उपायेन द्रव्यं श्रद्धासमन्वितम् ।
पात्रे प्रदीयते यत्तत्सकलं धर्मलक्षणम् ॥

आचार अध्याय

અર્થાત્ દેશકાળ અનુસાર શ્રદ્ધાપૂર્વક અને શાસ્ત્રમાં નિર્દિષ્ટ વિધિ પ્રમાણે સુમાગતે તે આપવામાં આવે તે જ સફળ ધર્મ નું લક્ષણ છે.

**ડૉ. રાધાકૃષ્ણન્ :**

"સદ્વર્તનનો નિયમ એટલે ધર્મ."[૧૦]

**જૈમિની ઋષિ :**

"ભૌતિક અને આધ્યાત્મિક આનંદ આપનાર બાબત તે ધર્મ."[૧૧]

**મહર્ષિ અરવિંદ :**

આધ્યાત્મિક બાબતો સત્ય છે તે જેટલું સાચું છે તેટલું જ સાચું એ પણ છે કે, ભૌતિક બાબતો પણ કંઈક છે, અને આથી ધર્મે સમગ્ર જનતાના દરેક તત્ત્વને આવરી લેવું જોઈએ.

**શ્રી આનંદશંકર ધ્રુવ :**

"સમગ્ર જગતના સત્ય સ્વરૂપને સમગ્ર આત્મા (તન, મન અને આત્મા) થી અનુકૂળ થવું એનું જ નામ ધર્મ."[૧૨]

સમગ્ર વિશ્વમાં અનેક ધર્મ–સંપ્રદાયો જોવાં મળે છે. દરેક ધર્મ–સંપ્રદાયોમાં પરમતત્ત્વની માન્યતાઓ જોવાં મળે છે. પરમતત્ત્વ તો એક જ છે, પરંતુ પરમતત્ત્વને જુદા–જુદા ધર્મ–સંપ્રદાયો જુદા–જુદા નામે ઓળખાવે છે. પરમ સત્ય તો એક જ છે જે સર્વત્ર રહેલુ છે અને ચારેય યુગમાં રહેલું છે. દરેક ધર્મનો આશય આધ્યાત્મિક તેમજ નૈતિક દષ્ટિએ માનવીના જીવનને ઉત્તમ બનાવવાનો છે અને દરેક ધર્મે પરમસત્ય સાથે એકતા સધાય એ માટેના માર્ગો ચીંધ્યા છે. બધા ધર્મોમાં રહેલી ધર્મભાવના અને ધાર્મિકતા એક જ છે. કેટલાંક ધર્મ–સંપ્રદાયો પ્રતીકો સ્વીકારે છે. જ્યારે કેટલાંક ધર્મ–સંપ્રદાયો પ્રતીકો સ્વીકારતાં નથી. મોટાભાગના ધર્મ–સંપ્રદાયોમાં ॐ ના પ્રતીક સાથેની સામ્યતા જોવાં મળે છે જે બાબત દર્શાવે છે કે, ઈશ્વર એક જ છે. તેથી તો કોઈ સૂફી સંતે કહ્યું છે કે :,

फक्त तफावत हैं नाम ही का,
दर असल सब एक ही हैं, यारों ।
जो आबे साफी किं मौज़ में हैं,
उसीका जलवा हुवाब में हैं ॥

આ જ વાતને સ્વામી મુકતાનંદ સ્વીકારતા કહે છે કે..., "બધી માન્યતાઓ, સંપ્રદાયો અને દેશો માટે ઈશ્વર એક જ છે. વેદો, ઉપનિષદો, કુરાન શરીફ અને બાઈબલમાં કહેલા ઈશ્વર એક જ છે."[૧૩]

રહીમે તેમની દોહાવલીમાં પ્રત્યેક ભારતીય માન્યતાને પૂર્ણ દઢતા અને શ્રદ્ધાથી સ્વીકારતાં કહ્યું છે કે, તે પરબ્રહ્મ હરિ અસીમ છે, તે અનેક પ્રકારના નામોથી ઓળખાય છે. જેમ કે...,

"खुदा रहीम प्रभु, केशव कृष्ण करीम ।
अल्लाह अमां ओम् हरि है जिण नाम असीम ॥"[૧૪]

અહીં વૈદિક ધર્મ, બૌદ્ધ ધર્મ, જૈન ધર્મ, શીખ ધર્મ, પારસી ધર્મ, યહૂદી ધર્મ, શિન્તો ધર્મ, તાઓ ધર્મ, ઈસાઈ ધર્મ, કનફ્યુસીયસ ધર્મ, ઈસ્લામ ધર્મનો અભ્યાસ પ્રસ્તુત છે. મારી દષ્ટિએ બધા જ ધર્મો સમાન છે. અહીં માત્ર સામ્યતા અથવા તો સરખાપણું દર્શાવવાનો જ નમ્ર પ્રયાસ કર્યો છે.

## (૧) ભારતનો વૈદિક ધર્મ :–

સનાતન ધર્મ તરીકે પાંચ–દશ હજાર કે તેથીય વધુ પ્રાચીનકાળથી અસ્તિત્ત્વ ધરાવતા ભારતની મોટા ભાગની વસ્તીના ધર્મને હિન્દુ ધર્મ તરીકે ઓળખવામાં આવે છે. હિંદુ એ અર્વાચીન નામ છે. હિંદુ મૂળભૂત સ્વરૂપે ભૌગોલિક સ્થળનો વાચક શબ્દ છે. હિંદુ ધર્મ એ વેદ પર આધારિત ધર્મ છે. આ હિંદુ ધર્મને સનાતન ધર્મ અથવા વૈદિક ધર્મ તરીકે ઓળખવામાં આવે છે. આ ધર્મના વૈષ્ણવ સંપ્રદાય, શૈવ સંપ્રદાય, શાકત સંપ્રદાય તેમજ અન્ય અનેક સંપ્રદાયો છે. આ ધર્મમાં પરમતત્ત્વ ઈશ્વરને સત્ય તરીકે સ્વીકારે છે.

सत्यमेव जयते नानृतम् । અર્થાત્ 'સત્ય જ જય પામે છે, અસત્ય નહિ.'

ડૉ. રાધાકૃષ્ણન્ કહે છે કે, ''હિંદુ માટે ધર્મનો હેતુ વ્યકિતત્ત્વનું સુગ્રથન છે. એને લીધે વ્યકિત પોતાની પ્રકૃતિ સાથે, પોતાના બાંધવો સાથે અને પરમતત્ત્વ સાથે સમાયોજન સાધે છે.''[૧૫] હિંદુ ધર્મમાં પવિત્રતા, આત્મસંયમ, અનાસકિત, સત્ય અને અહિંસાના ગુણોને સ્વીકારવામાં આવ્યા છે. અહિંસાનુ આચરણ એ ઉચ્ચકક્ષાનું શૌર્ય જ છે.

ભારતીય સંસ્કૃતિના મૂલ્યવાન વારસામાં વેદનો સમાવેશ થાય છે. ભારતીય પરંપરા અનુસાર વેદો અનાદિ છે. તેના રચનારા કોઈ નથી એ અપૌરુષેય છે. ઈશ્વરની પ્રેરણાથી તપ કરતા ઋષિઓના હૃદયમાં સૃષ્ટિના આંરભે આ સ્વયં સ્ફૂર્યા છે. મનુ પણ કહે છે...,

वेदोऽखिलो धर्मभूलं स्मृतिशीले च तद्विदाम्
आचारश्चैव साधूनामात्मनस्तुष्टिरेव च ॥ १ -१२५ ॥

એટલા માટે સંપૂર્ણ વેદ, મનુસ્મૃતિ અને ઋષિ પ્રણીત શાસ્ત્ર, સત્પુરુષોનો આચાર અને જે–જે કર્મમાં પોતાનો આત્મા પ્રસન્ન રહે. અર્થાત્, ભય, શંકા, લજજા જેમાં ન હોય તેવા કર્મોનું જ સેવન કરવું જોઈએ.

ભારતીય ધર્મ અને સંસ્કૃતિમાં વેદોનું ખૂબ જ મહત્ત્વ રહ્યું છે. સમગ્ર વેદોનો અભ્યાસ કરતાં જણાય છે કે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદમાં કયાંય ભારત કે હિન્દ એવા મર્યાદા સૂચક શબ્દો પ્રયોજાયા નથી. વેદમાત્ર ભારત દેશ પૂરતા સીમિત નથી. પરંતુ વેદ તો વિશ્વના સમગ્ર માનવોના છે. તેથી તો વેદમાં કહ્યું છે કે...,

''शृणवन्तु विश्वे अमृतस्य पुत्राः''

આ બાબત દર્શાવે છે કે આપણી ભારતીય ધર્મ અને સંસ્કૃતિ, વૈદિકસંસ્કૃતિ સીમિત નથી પરંતુ વ્યાપક છે. વિશાળ છે. વેદના ઉત્તમ વિચારો માત્ર ભારત પૂરતા મર્યાદિત નથી પરંતુ સમગ્ર માનવો માટે વ્યકત થયા હોય તેમ જણાય છે. વેદના વિચારો સનાતન છે. શાશ્વત છે. નિત્ય છે. નૂતન છે. તેથી જ વૈદિક વાઙ્મયને પરમેશ્વરનો નિઃશ્વાસ કહેવામાં આવ્યો છે. વેદ દેશ, કાળ અને સાંપ્રદાયિક કે જાતિગત પરિધિઓથી સર્વથા પર છે. વેદ વિશ્વની એકતાના આદિમ પ્રવર્તક છે. વૈદિક પ્રાર્થનાઓમાં સમષ્ટિ ભાવનાનું પૂર્ણ સામ્રાજય જોવા મળે છે. જેમ કે,

"सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिदद्‌दुःखभागमभवेत् ॥"

આમ, વેદોની વિશ્વશાંતિ, વિશ્વબંધુત્વ અને વિશ્વકલ્યાણની ભાવના માનવમાત્રને માટે પરસ્પર સ્નેહમિત્રતાની ભાવના પ્રગટ કરે છે.

ઋગ્વેદના એક મંત્રમાં મનુષ્યની સમાનતા વિશે ઋષિએ વર્ણવ્યું છે કે,

"સૌ મનુષ્યો સમાન છે. તેમાં કોઈ મોટો નથી, કોઈ નાનો નથી કે કોઈ મધ્યમ નથી તેઓ પોતાની શકિત વડે પ્રગતિ કરે છે. તેઓ મહાત્વાકાંક્ષા વડે આગળ વધે છે તેઓ જન્મથી કુલીન, દિવ્યમર્ત્ય છે.[૧૬]

ઋગ્વેદના દસમા કાંડના અંતિમસૂકત ૧૯૧માં સમતાનું અલૌકિક વર્ણન કરાયું છે જેમકે...,

હે પરમેશ્વર ! તું બધા પદાર્થોને એકઠાં કરી સંમિલિત કરે છે. તું વિશ્વમાં પ્રકાશિત થા. તું અમને ઐશ્વર્ય આપ. હે મનુષ્યો ! તમે એકતાથી આગળ વધો. ઉત્તમ સંવાદો કરો. તમારા મન ઉત્તમસંસ્કારોથી યુકત થાઓ. જેવી રીતે તમારા પૂર્વજો ઉત્તમ જ્ઞાની લોકો કર્તવ્યપાલન કરતા આવ્યા છે તેવી રીતે તમે પણ કરો. તમારો મંત્ર, વિચાર કે નિશ્ચય એક હોય. એક સમાન મંત્ર ઉદ્દેશ્યમાં હું તમને નિયુકત કરું છું હું તમને સમાન યથોચિત અન્નાદિ સામગ્રી અર્પણ કરું છું. તમારું સામૂહિક લક્ષ્ય એક હોય. તમારા હૃદય, તમારી ભાવનાઓ અવિરોધી હોય. તમારા સંકલ્પ એક જ હોય. જેનાથી તમારી શકિત વધશે. અને સંપૂર્ણ ઉન્નતિ થશે. સમાનતાનો ભાવ વ્યકત થયો છે તેમાં બધા જ લોકોની ક્રિયાઓ, ગતિ, વિચાર અને મનબુદ્ધિના પૂર્ણ સામંજસ્યની પ્રેરણા પ્રગટ થઈ છે. એકતા જ ઉન્નતિનું પ્રથમ પગથિયું છે.[૧૭]

વૈદિક સંસ્કૃતિ વેદને અનુસરનારી છે. વેદમાં વિશાળતા રહેલી છે. તેથી તો ઈશાવાસ્યોપનિષદ્‌માં કહ્યું છે કે...,

ईशावास्यमिदं सर्वं यत्किञ्चजगत्यां जगत् ।
तेन त्यक्तेन भुञ्जीथा मा गृधः कस्यस्विद्धनम् ॥१॥

અર્થાત્ સકલ વિશ્વમાં જે કંઈ પણ આ ચરાચર જગત તમારા જોવામાં સાંભળવામાં આવી રહ્યું છે તે બધું જ પરમેશ્વરથી વ્યાપ્ત છે, હંમેશા તેનાથી પરિપૂર્ણ છે, એનો કોઈ અંશ પરમેશ્વરથી રહિત નથી. આમ સમજીને એ ઈશ્વરને નિરંતર પોતાની સાથે રાખીને અર્થાત્ હમેશાં તેનું સ્મરણ કરતા રહીને જ તમે આ જગતમાં ત્યાગભાવથી કેવળ કર્તવ્યપાલનને માટે જ વિષયોનો વિધિપૂર્વક ઉપભોગ કરો, અર્થાત્ વિશ્વરૂપ ઈશ્વરની પૂજાને માટે જ કર્મોનું આચરણ કરો, વિષયોમાં આસકત થશો નહીં, એમાં તમારું નિશ્ચિત કલ્યાણ છે. વસ્તુતઃ આ ધનરૂપી ભોગ્ય પદાર્થ કોઈના પણ નથી. મનુષ્ય અજ્ઞાનથી જ એ ભોગ્ય પદાર્થોમાં મમત્વને આસકિત રાખે છે. એ સર્વ પદાર્થો પરમેશ્વરના છે ને તેના માટે જ તેમનો ઉપયોગ થવો જોઈએ.

આ મંત્રમાં સમગ્ર સંસારને એક જ પરમાત્માના સંતાનના રૂપમાં પ્રતિપાદિત કરી સમગ્ર સંસારને એક જ પરિવાર અને બંધુના રૂપમાં વર્ણિત કર્યો છે.

તપ, દાન, આર્જવ, અહિંસા અને સત્યવાદિતાને એ યજ્ઞની દક્ષિણા માનવામાં આવે છે.[૧૮]

તૈત્તરીય ઉપનિષદ્‌માં પણ કહ્યું છે કે ..., सत्यं वद । धर्मं चर । स्वाध्यायान्मा प्रमदः । मातृदेवो भव । पितृदेवो भव । आचार्य देवो भव । વગેરે. સાચુ બોલો, ધર્મનું આચરણ કરો, સ્વાધ્યાયમાં પ્રમાદ ન કરો. માતાને દેવ માનો. પિતાને દેવ માનો. અતિથિને દેવ માનો. વગેરે. વૈદિકસંસ્કૃતિમાં સદાચરણનું ખૂબ મહત્ત્વ રહ્યું છે. તેથી વસિષ્ઠ ધર્મસૂત્રમાં સદાચરણને સૌથી વધુ મહત્ત્વ આપવામાં આવ્યું છે જેમ કે...,

"બધા માટે સદાચરણ શ્રેષ્ઠ ધર્મ છે, ખરાબ આચરણયુકત વ્યકિત આ લોક તથા પરલોકમાં નાશ પામે છે."[૧૯]

આ રીતે સમસ્ત વૈદિક વાઙ્‌મયમાં ધર્મની વ્યાપકતા નૈતિકમૂલ્યોનાં વિકાસની સાથે જોડાયેલી છે.

વેદમાં મનુષ્યનું મન "શિવ સંકલ્પ કર" એની પ્રાર્થના કરતાં મંત્રો પણ નોંધપાત્ર છે. માનવીનું મન અસાધારણ શકિતઓવાળું છે. તે મન જો અશુભ વિચારો કરે તો જગત્ આખું નાશ પામે અથવા અસહ્ય બની જાય. પણ જો મન શિવસંકલ્પ, શુભ નિર્ણય કે શુભ વિચારો જ કરે તો તેનાથી સુખ, શાંતિ ઉપરાંત અમૃતતત્ત્વની પ્રાપ્તિ થઈ શકે છે. જેમ કે...,

"જે દિવ્ય (મન) જાગતાનું દૂર ઉડે છે, તે સૂતેલાનું પણ તેમ જ જાય છે. જ્યોતિઓનું દૂર જનારું એક જ્યોતિ ! તે તમારું મન શિવસંકલ્પવાળું થાઓ. જેના વડે કર્મશીલ મનીષીઓ – વિદથોમાં ધીર યજ્ઞમાં કર્મો કરે છે, જે પ્રજાઓના અંતરમાં અપૂર્વ યક્ષ છે; તે મારું મન શિવસંકલ્પવાળું થાઓ."

જે મન પ્રજ્ઞાન છે અને વળી જે ચેતન અને ધૈર્ય છે, જે પ્રજાઓની અંદર અમર જ્યોતિ છે, જેના શિવાય કંઈપણ કર્મ કરાતું નથી જે અમૃત વડે આ ભૂત, વર્તમાન અને ભવિષ્ય બધું બરાબર ગ્રહણ કરાય છે, જેના વડે આ સાત હોતાઓવાળો યજ્ઞ કરાય છે. જેમાં ઋચાઓ, સામ, જેમાં યજુષો રથની નાભિમાં આરાઓની જેમ રહેલા છે. જેમાં પ્રજાનું સર્વ ચિત્ત ઓતપ્રોત છે, સારો સારથિ જેમ ઘોડાઓને દોરે છે, તેમ જે માણસોને દોરે છે, જેમ લગામોથી ઘોડાને (કાબુમાં રાખે છે તેમ જે માણસોને કાબુમાં રાખે છે) હૃદયમાં રહેલું જે ચંચળ અતિશય વેગવાળું છે તે મારું મન શિવસંકલ્પવાળું થાઓ.[૨૦] અહીં શુભ વિચારો માત્ર પ્રાપ્ત થાય તેમ જણાવ્યું છે.

વેદમાં જીવનના આદર્શો અને ઉદાત્ત ભાવનાઓનો ભંડાર છે. વાસ્તવમાં એકતાના આદિમ પ્રવર્તક વેદ છે.

ભિન્નતા જ અધર્મ, અકલ્યાણ અને અશાંતિની જનની છે. ઉદારતા વિના એકતા અપૂર્ણ છે. જ્યારે વૈદિકસંસ્કૃતિની વિશેષતા તો એ છે કે વિવિધતામાં એકતાની ભાવના છે.

યજુર્વેદમાં પણ બે પગવાળા મનુષ્યો, પક્ષીઓ અને ચાર પગવાળા પશુઓની કલ્યાણની કામના કરી છે.[૨૧]

અથર્વવેદમાં પણ જગતના સર્વ પ્રાણી તેમજ મનુષ્યમાત્રની કલ્યાણની કામના કરવામાં આવી છે. જેમ કે...,

स्वस्ति गोभ्यो जगते पुरुषेभ्यः ।

એમ પણ કહ્યું છે કે... ''હે પ્રભુ ! એવી કૃપા કરો જેથી હું પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે પ્રાણીમાત્ર પ્રતિ સદ્ભાવના રાખી શકું''[૨૨]

અથર્વવેદના ભૂમિસૂકતમાં (૧૨.૧) ઉંચનીચનો ભેદ અને જાતિગત ભેદો ન માની એકસમાન લોકો સમાનભાવે અભ્યુદય પ્રાપ્ત કરે એવી ઉચ્ચ ભાવના રજૂ થઈ છે. આ સૂકતના ઋષિ જણાવે છે કે, પૃથ્વી પરના લોકો સત્યપ્રિય હોય તો એ નૈતિકતા વિશ્વને કુટુંબ બનાવી શકે. રાષ્ટ્રોના પરસ્પરના સંઘર્ષનું કારણ ન રહે. સત્યનિષ્ઠા નૈતિકતા આપણને વૈશ્વિક સમ્માનના અધિકારી બનાવે છે. તેથી જ ઋષિએ કહ્યુ છે કે... ,

'મહાન સત્ય, ઉગ્ર ઋત, દીક્ષા, તપ, જ્ઞાન અને યજ્ઞ પૃથ્વીને ધારણ કરે છે. અમારા ભૂતકાળ ની પાલક તે પૃથ્વી અમારા માટે વિશાળ લોકનું સર્જન કરો.'[૨૩]

અહીં સત્ય, દીક્ષા, તપ, જ્ઞાન અને યજ્ઞનું મહત્ત્વ રજૂ થયું છે. આ બધામાં સત્ય એ સર્વોપરિ છે.

વૈદિક વાઙ્‌મયમાં લોકજીવનના મંગલમય સત્કર્મની પ્રેરણાના રૂપમાં ધર્મભાવના અભિવ્યકત થઈ છે. એટલા માટે દેશકાળની સીમાથી ખૂબ ઉપર ઉઠીને વૈદિક ધર્મભાવના વિશ્વના સમસ્ત ધર્મોથી સમન્વય કરવામાં સર્વથા સમર્થ છે. ધર્મને રાજનીતિથી મિલાવી એટલી સર્વવ્યાપી મહત્તા આપવામાં આવી છે કે ન્યાય અને પ્રશાસનની આદર્શમયી પૂર્ણતા જાતે જ સહજ સુલભ થઈ જાય છે. લોકહિત સાધક કર્મને ધર્મ શબ્દથી જોડવામાં આવે છે. એટલા માટે વિશ્વજીવનની પ્રતિષ્ઠાનો આધાર ધર્મ જ છે.

સત્યની અનન્ત મહિમાનો વૈદિક વાઙ્‌મયમાં વિશદ ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. કારણ કે નૈતિક જીવનનો આધારસ્તંભ ઋત્, સત્ય, વ્રત, આદિ સિદ્ધાંતોનો પૂર્ણ પ્રકર્ષ અહીં પ્રાપ્ત થાય છે. સત્યને માનવની અન્તદૃષ્ટિના રૂપમાં ઋષિએ માન્યતા આપી છે. ''વૈદિક ઋષિની દષ્ટિમાં સત્ય જ ચક્ષુ છે. આથી જો આવા સમયે પરસ્પર વિવાદ કરતા બે મનુષ્યો આવે, એક કહેવા લાગે કે મેં જોયું છે, બીજો બોલે કે મેં સાંભળ્યું છે તો તે બન્નેમાંથી જે કહેશે મેં જોયું છે તેના પ્રત્યે અમે શ્રદ્ધા રાખશું કારણ કે તે આંખથી નિશ્ચય પોતાના કથનની પૃષ્ટિ કરે છે.''[૨૪] ''સમજદાર મનુષ્યે આ જાણવું સરળ છે કે સત્ય અને અસત્ય બન્ને વચન પરસ્પર સ્પર્ધા કરે છે. એ બન્નેમાં જે સત્ય છે, તે વધુ સરળ છે, તેની નિશ્ચિતરૂપથી ઈશ્વર રક્ષા કરે છે અને જે અસત્ય છે, તેનો. સર્વનાશ કરે છે.''[૨૫]

વેદમાં ઓમ્‌નું વિશેષ મહત્ત્વ છે. જે વેદ, ઉપનિષદ્દોની ચર્ચામાં રજૂ કરેલ છે.

## ✧ શાકત સંપ્રદાય :–

યજનીય પરમેશ્વર સાથે ક્રિયાયોગ વડે સંબંધ કરાવનારી કર્મ અને જ્ઞાનની સાંકળની કડીને વૈદિક વિચારકો ઉપાસના કહે છે. આ ઉપાસનાકાંડ સાથે શકિતવાદનો મૂળસંબંધ છે. શ્રૌત, સ્માર્ત અથવા લૌકિક ક્રિયા કર્યા પછી યજનીય પરમેશ્વર નામ, રૂપ, ગુણ અને પરાક્રમનું ભાન કરાવવા ઉપાસનાનો પ્રયોગ હોય છે. ઉપાસ્ય પરમેશ્વર અને ઉપાસક સાધક જીવને પરસ્પર સંયોજન કરાવનારા દૈવી સામર્થ્યને શકિત કહે છે.

શકિત શબ્દ शक् ધાતુમાંથી વ્યુત્પન્ન થયેલો છે. ઈષ્ટકાર્ય સધાવી શકે તેવા સામર્થ્ય અથવા બળ ને શકિત કહે છે તેથી યજુર્વેદના અગ્નિરહસ્યકાંડના યજ્ઞવેદીની ઈંટોના ગોઠવવાનાં મંત્રોમાં એક મંત્રમાં કહ્યું છે કે,

"હું આ જગતની પ્રસૂતિ કરાવનાર સવિતાની પ્રાર્થનીય અને પવિત્ર ચિચ્છકિતને વિશ્વજન્યા સુમતિરૂપે બોલાવું છું. આ ચિચ્છકિતરૂપ ગાયને કણ્વમુનિએ સારી રીતે દોહી હતી અને તેની સહસ્ત્રધારા વડે પૃથ્વીરૂપી ગાય બલવાળી થઈ છે."[૨૬]

"જ્યારે સર્વત્ર અજ્ઞાનનું અંધારું હતું, અને જ્યારે અહોરાત્રના ભેદ ન હતા; જ્યારે જગતકારણ સત્ એટલે વ્યકત ન હતું, તેમ અસત્ એટલે અવ્યકત પણ ન હતું; જ્યારે કેવલ બ્રહ્મ શાન્ત એટલે શિવરૂપે શમેલું હતું, ત્યારે જગત્‌નો પ્રસવ કરનાર સવિતાનું પ્રાર્થનીય અક્ષર તેજ ઉન્મુખ થયું, અને તેમાંથી પ્રાચીન કલ્પની પુરાણી–પ્રજ્ઞા અથવા સ્ફુરણા પ્રકટ થઈ."[૨૭]

શાકત સંપ્રદાયમાં કહ્યું છે કે, સંહિતાકાળમાં એક સત્ બ્રહ્મની વ્યાપક દેવતામયી શકિતનું સ્પષ્ટ ઉપાસ્યરૂપ બ્રાહ્મણોમાં અને આરણ્યકગ્રંથોમાં પ્રકટ થયું છે. તેમાં વેદત્રયીનાં બ્રાહ્મણ અને આરણ્યકગ્રંથોમાં પ્રકટ થયું છે. બ્રહ્મ ચૈતન્યની શુદ્ધ શકિતને ગાયત્રી, સાવિત્રી, સરસ્વતી વગેરે નામથી વ્યવહરવામાં આવે છે. તેમાં સદ્‌બ્રહ્મના સ્વરૂપને ગાયત્રીમંત્રના ગાન વડે ત્રાણ એટલે રક્ષણ કરનારી શકિતનું નામ ગાયત્રી આપવામાં આવ્યું છે. તેના અધ્યાત્મ તેજને ભર્ગ સંજ્ઞા આપવામાં આવી છે. તે તેજ આ વિશ્વને ભરે છે, વિશ્વમાં તે રમે છે અને વિશ્વનો છેવટે તેમાં લય અથવા ગતિ થાય છે, તેથી ગાયત્રી દેવી ભરણ, રમણ અને ગમન કરનાર હોવાથી ભર્ગમયી, તેજોમયી, જ્યોર્તિમય વગેરે નામથી વ્યવહરવામાં આવે છે. તેમાંથી વિશ્વનો પ્રસવ થાય છે. તેથી તેનું નામ સાવિત્રી કહેવાય છે. તેમાંથી બ્રહ્મવસ્તુનો આનંદરૂપ પ્રવાહ સરઃ વહે છે; તેથી તેનું નામ સરસ્વતી આપવામાં આવે છે. બ્રહ્મશકિત, પ્રાણમયી, જીવનમયી, આનંદમયી હોવાથી બ્રહ્મના સ્વભાવધર્મોને પ્રકટ કરનારી હોવાથી સચ્ચિદાનંદમયી ગણાય છે, અને તે સ્વભાવ ધર્મોને વ્યકત અથવા પ્રકટ કરવાનું અંતર્બલ જે ધર્મીમાં રહ્યું છે તે પરબ્રહ્મ ઈત્યાદિ નામથી વ્યવહરવામાં આવે છે.[૨૮] આ ગાયત્રી નામની બ્રહ્મશકિત ત્રિલોકીને ઘડે છે, અને ત્રિલોકીથી પર પણ છે. વળી તે વેદત્રયીનાં સારરૂપ છે, માટે વેદત્રયીના રહસ્યને જણાવનારી છે. આ ચોવીસ અક્ષર વડે ઘડાયેલી ત્રણ પાદમાં રચાયેલી ત્રણ વ્યાહૃતિમાં બીજભાવે રહેલી અને પ્રણવની ત્રણ માત્રામાંથી પ્રસૂતિબલ મેળવનારી શકિત દ્વિજોનું પરમદૈવત છે.[૨૯] આ શકિત પ્રણવમાંથી ઉત્પન્ન થયેલી છે.

બ્રહ્મની આદ્યાશકિતના ત્રણ વિભાગને પ્રાચીન ઉપનિષદોમાં અનેક નામથી વ્યવહરે છે. અંદરની ઈચ્છાશકિત કેન્દ્રીયભાવ તેને परबिंदु તંત્રશાસ્ત્રમાં કહે છે. બ્રહ્મવસ્તુની परबिंदु અવસ્થામાંથી જે આદ્ય ક્ષોભ થઈ પ્રાણતત્ત્વનો ઉદય થવો તેને તંત્રશાસ્ત્રમાં अपरबिंदु કહે છે, અને વ્યાકરણાગમમાં અને મંત્રશાસ્ત્રમાં शाब्दब्रह्म કહે છે. બ્રહ્મવસ્તુની આ ક્રિયાશકિતને તંત્રશાસ્ત્રમાં नाद કહે છે. અને જે દ્રવ્યમાં નાદની લહરી જાગે છે તેને બીજ કહે છે. વ્યાકરણાગમનો શબ્દ બ્રહ્મવાદ તે શાકતવાદનું પ્રાથમિકરૂપ

છે. બ્રહ્મવસ્તુ સભર ભરાય વિશ્વાકાર થવાને એક કેન્દ્રમાં આવે તેનું નામ પરબિંદુ અને તેમાંથી બ્રહ્મનો પ્રકાશ આંતર સ્વરૂપનો પરામર્શ કરનારો વિમર્શરૂપે જાગે છે. તેમાંથી દ્રવ્યક્ષોભ થવાથી જે અવ્યકત બિંદુ જાગે છે તેનું નામ અપરબિંદુ અથવા શબ્દબ્રહ્મચૈતન્ય તે અપરબિંદુ નો ભેદ થતાં જડ અંશમાંથી બીજ, અજડ અંશમાંથી બિન્દુ અથવા અણુ અને જડાજડ અંશમાંથી નાદ જાગે છે. આ ત્રણ ભૂમિકાને શકિતવાદમાં ઈચ્છા, જ્ઞાન, ક્રિયા નામની અધ્યાત્મ શકિત પરબ્રહ્મ અથવા પરશિવની સ્વભાવિકી ગણવામાં આવે છે. શકિતના સ્ફુરણવાળા બ્રહ્મચૈતન્યનું નામ શિવ આપવામાં આવે છે, અને તે શકિતમાન કહેવાય છે. બ્રહ્મવસ્તુના પરબિંદુ – અપરબિંદુ, તેના ત્રણ વિભાગ બિંદુ, બીજ, નાદની ટૂંકામાં સમજણ આપવા માટે વેદવાદીઓએ એક પ્રતીક રચ્યું છે, તેને ત્રૈપુરધામ કહે છે. જેમ શિવનું પ્રતીક અથવા પૂજ્ય આકૃતિ લિંગાત્મક છે; જેમ વિષ્ણુનું પ્રતીક અથવા પૂજન ચિહ્ન શાલિગ્રામની શિલા છે; તેમ શકિતનાં પ્રતીક અથવા પૂજ્ય આકૃતિ ◬ સબિંદુ ત્રિકોણ છે. તેમાં મધ્યબિંદુ સૂચક છે, અને ત્રણ કોણનાં ટપકાં તે અપરબિંદુના બિંદુ (ચિદંશ), બીજ (અચિદંશ) અને નાદ (ચિદચિદંશ)ના સૂચક છે. આ સમગ્ર આકૃતિની અધિષ્ઠાત્રી દેવતાને અથવા દેવીને ત્રિપુરા નામ આપવામાં આવે છે. આ મૂલપ્રતીકનું સર્વાંશ વિવરણ અથવા પ્રસ્તાર શ્રીચક્ર અને તેની સમજણ આપનારી વિદ્યા તે શ્રી વિદ્યા. આ ત્રિપુરધામની અધિષ્ઠાત્રી દેવીને ત્રિપુરા નામ ઉપરાંત બીજું નામ સુભગા, સુંદરી, અમ્બિકા વગેરે આરણ્યક ગ્રંથોમાં આપવામાં આવે છે.[૩૦] ત્રિપુરા વિશે ત્રિપુરામહોપનિષદ્માં પણ વર્ણવાયેલ છે.[૩૧]

ગાયત્રી પ્રણવમાંથી ઉત્પન્ન થયેલી છે. રત્નત્રયીમાં પણ કહ્યું છે કે, 'ગાયત્રીનું બીજું અંગ છે : ભૂર્, ભુવઃ, સ્વઃ આ ત્રણને વ્યાહૃતિઓ કહે છે. આ ત્રણેય વ્યાહૃતિઓનો સાર એટલે ૐકાર છે.[૩૨] મનુએ પણ આ વાતને સમર્થન આપતાં કહ્યું છે કે, 'ૐકાર, ત્રણ મહાવ્યાહૃતિઓ અને ત્રણ ચરણોવાળી ગાયત્રીઃ આ ત્રણ પરબ્રહ્મ પરમાત્માના મુખ છે. અર્થાત્ શ્રેષ્ઠ પ્રજાપતિએ બ્રહ્માએ તત્ પદથી શરૂ થતી ગાયત્રીના ત્રણ પાદ ત્રણ વેદોમાંથી સારરૂપે દોહ્યાં.[૩૩]

ગાયત્રી મંત્ર અને ૐકારનું ઐકય વર્ણવતાં શ્રી ડાહ્યાભાઈ મોતીભાઈ પટેલ જણાવે છે કે, 'ગાયત્રી મંત્રના પ્રારંભમાં ત્રણ મહાવ્યાહૃતિઓનો મહિમા પ્રગટ કરવામાં આવે છે. ગાયત્રી મંત્ર ૐકારની જ વ્યાખ્યા છે. આ મંત્રની શરૂઆતમાં ૐ આવે છે. ગાયત્રીને કામદુગ્ધા ગાય કહી છે. ગાયત્રીના ત્રણ ચરણોમાં સૂર્યદેવની શકિત માની છે.[૩૪] વિશ્વામિત્રની તપસ્યાને લીધે તેના ક્ષત્રિય સહજ રજોગુણ બળી ગયો અને વિશુદ્ધ બનેલા અંતઃકરણમાં આ ગાયત્રી મંત્રના દર્શન થયા. આ દર્શનથી વિશ્વામિત્રમાં બ્રહ્મવર્ચસ્ પ્રગટ થયું અને તેઓ બ્રહ્મર્ષિ થયા. વિશ્વામિત્રથી દષ્ટ આ મંત્ર અર્થાત્ બ્રહ્મબલ અર્થાત્ ગાયત્રી ભારતીય જનતાની રક્ષા કરે છે.[૩૫] માટે જ રવિન્દ્રનાથ ટાગોરે પણ ગાયત્રી મંત્રને આપણો રાષ્ટ્રીય

મંત્ર કહ્યો છે.[૩૬] પંડિત રામ શર્મા આચાર્ય જણાવે છે કે, ગાયત્રી સદ્‌બુદ્ધિની દેવી છે તેનાથી વિવેકબુદ્ધિ, સદ્‌બુદ્ધિ પ્રાપ્ત થાય છે. તેનું છેલ્લુ લક્ષ્ય 'वसुधैव कुटुम्बकम्' ની ભાવના લાવવાનું છે. आत्मवत् सर्वभूतेषु ની ભાવના જાગે છે. તેનાથી વ્યકિતગત અને સામાજિક ક્ષેત્રનું કલ્યાણ થાય છે.[૩૭] બાલાશંકર મગનલાલ વ્યાસ પણ જણાવે છે કે, શબ્દમાં બળ હોય છે અને ગાયત્રી મંત્રનું મૂળ વેદ છે. તેનાથી આધ્યાત્મિક ઉન્નતિ કરી શકાય છે.[૩૮] અરવિંદ કહે છે કે, 'ગાયત્રી મંત્ર આપણા સમગ્ર અસ્તિત્ત્વમાં સત્યની જ્યોતિને પ્રકટાવવાનો મંત્ર છે અને ગાયત્રી મંત્રની શકિત એ દિવ્ય સત્યની જ્યોતિ છે. એ જ્ઞાનનો મંત્ર છે.'[૩૯] ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્‌ના શબ્દો છે : 'માનવને નૂતન જીવન પ્રદાત્રી ગાયત્રી અલૌકિક પ્રાર્થના છે.'[૪૦] સંતશ્રી શાન્તવનજી કહે છે કે, 'ૐ પ્રણવ છે સર્વ મંત્ર–તંત્ર સ્વરૂપ છે. સર્વોત્તમ મંત્ર ગણાય છે. ગાયત્રીનું ઉદ્‌ગમસ્થાન છે. ગાયત્રીનું સૂક્ષ્મ સ્વરૂપ છે. ગાયત્રીનુ સૂક્ષ્મ રહસ્ય છે.[૪૧] મનુએ પણ કહ્યું છે કે, પરમાત્માએ ओउम् શબ્દના अ, उ, म અક્ષરોના અને भूः, भुवः स्वः ગાયત્રી મંત્રની ત્રણ વ્યાહૃતિઓને ત્રણ વેદોમાંથી દોહીને સારરૂપે કાઢી છે.[૪૨] સંત યોગભિક્ષુ ગાયત્રી મંત્ર અને ઓમ્‌ની એકતા દર્શાવતાં કહે છે કે, "ત્રિપદા ગાયત્રી ચારે વેદોનું સંક્ષિપ્ત સ્વરૂપ થયું. મનુષ્ય વિચારવા લાગ્યો આનાથી પણ સંક્ષિપ્ત સ્વરૂપ ખરું ! કૃપાળુ સંતોએ સંક્ષિપ્ત સ્વરૂપ બનાવી આપ્યું. જે થઈ ત્રણ મહાવ્યાહૃતિઓ જે ગાયત્રી મંત્રની આગળ મૂકવામાં આવે છે. ભૂઃ ભુવઃ સ્વઃ હજી પણ ટૂંકુ સ્વરૂપ જાણવાની ઈચ્છા થઈ તો તેનું ટુંકુ સ્વરૂપ કરી આપ્યું. તે થયું અ, ઉ અને મ્. આ રીતે સમસ્ત વિશ્વનું જે સત્ સાહિત્ય છેલ્લામાં છેલ્લું અતિ સંક્ષિપ્ત સ્વરૂપ તેનું નામ અ, ઉ અને મ્ આથી પણ સંક્ષિપ્ત સ્વરૂપ તો ઓમ્.[૪૩]

તાત્પર્ય એ છે કે, શાકત સંપ્રદાયમાં શકિત ઉપાસના વર્ણવાયેલી છે. જેમાં ગાયત્રી, સરસ્વતી, ત્રિપુરા, સાવિત્રી, સુભગા, સુંદરી, અંબિકા, સૂર્યનારાયણની સ્તુતિ આ બધું જ ઓમ્ સાથે સંબંધ ધરાવે છે. △ પણ તેનું જ પ્રતીક છે. આ બધા ઓમ્‌ના જ સ્વરૂપો જણાય છે.

## (૨) બૌદ્ધ ધર્મ :–

"शून्यताबोधितो बीजं बीजात् बिम्बं प्रजायते ।"

અર્થાત્, "જેમાં આત્મા સ્વયં તિરોહિત થઈ જાય છે."[૪૪]

બૌદ્ધ ધર્મના બે સંપ્રદાયો છે. હીનયાન અને મહાયાન. ઈ.સ. છટ્ઠા સૈકામાં બૌદ્ધ ધર્મનો ઉદ્‌ભવ ભારતમાં થયો હતો. આ ધર્મમાં આત્માનું અસ્તિત્ત્વ નથી. બૌદ્ધ તત્ત્વજ્ઞાની નાગાર્જુન અનાત્મવાદના ખ્યાલને વધુ આગળ લઈ જઈ એમ કહે છે કે, જગતમાં કશું જ નથી; પણ જગત એ શૂન્ય છે. આ

વિશે કહે છે કે જગત માત્ર વિચારોનું જ બનેલું છે. એટલે કે આપણી સામે જે વસ્તુ છે તે જોનારના મનમાં છે. આમ જગતની બધી વસ્તુઓ જોનારના મનમાં હોવાથી તેનું અસ્તિત્ત્વ નથી જ. આત્માના અસ્તિત્ત્વનો તો બૌદ્ધ ધર્મ અસ્વીકાર કરે જ છે; અને તેથી વ્યકિતના મનનું પણ – તે અનિત્ય કે ક્ષણિક હોવાથી – અસ્તિત્ત્વ રહેતું નથી. આમ સમગ્ર જગત એ માત્ર શૂન્ય છે. આવા મતને શૂન્યવાદ કહેવામાં આવે છે. બૌદ્ધ ધર્મના કર્મ, પુનર્જન્મ, આત્મા અને જગત વિશેની માન્યતાઓ એ ધર્મના એક કથનમાં વ્યકત થાય છે.

સર્વમ્ દુઃખમ્ દુઃખમ્
સર્વમ્ ક્ષણિકમ્ ક્ષણિકમ્
સર્વમ્ શૂન્યમ્ શૂન્યમ્

તે જ બાબત બ્રહ્મવિદ્યોપનિષદ્‌માં પ્રાપ્ત થાય છે. જેમ કે...,

अदृश्योऽहम वर्णोऽहम खण्डोऽस्म्यहमद्भुतः ।
अश्रुतोऽहमदृष्टोऽहमन्वयेष्टव्योऽमरोऽस्म्यहम् ॥ (૮૫)

"પરબ્રહ્મને શૂન્યરૂપ જ વર્ણવ્યો છે."

આવા દુઃખદ, ક્ષણિક અને શૂન્ય વિશ્વમાંથી મુકિત મેળવવી એટલે નિર્વાણ પામવું. ધર્મચક્ર, નિયમચક્ર, શાસનચક્ર કે વિધાનચક્ર એ બૌદ્ધ ધર્મનું સૌથી વધારે મહત્ત્વનું પ્રતીક છે. ધર્મચક્રના આ આઠ આધાર છે. જો ચક્રમાં આઠ આધાર ન હોય તો ચક્ર ટકી શકતું નથી. આ જ પ્રમાણે આઠ સદ્‌ગુણ વિના ધર્મ ટકી શકતો નથી. આ આઠ સત્ય કે સદ્‌ગુણ આ પ્રમાણે છે. સમ્યક્ દૃષ્ટિ, સમ્યક્ સંકલ્પ, સમ્યક્ વાચા, સમ્યક્ કર્મ, સમ્યક્ જીવન, સમ્યક્ પ્રયાસ, સમ્યક્ સ્મૃતિ અને સમ્યક્ સમાધિ. ધર્મચક્ર આપણને જીવનના આઠ આધારની સતત યાદ અપાવતું રહે છે.[૪૫] આ ઉપરાંત બૌદ્ધ ધર્મમાં સ્વસ્તિકનું ખૂબ જ મહત્ત્વ રહ્યું છે તે બાબતને શ્રી રામલાલજી શ્રીવાસ્તવ વર્ણવે છે કે, આ ચિહ્નને અત્યંત પૂજ્ય માનવામાં આવે છે. બુદ્ધ ભગવાનના ચરણના લક્ષણોમાં સ્વસ્તિકની પરિગણના થાય છે. અમરાવતીના સ્તૂપમાં જે બુદ્ધપદ ચિત્રિત છે, તેમાં સ્વસ્તિક અંકિત છે. જાપાન, ચીન વગેરેમાં બુદ્ધ ભગવાનના ચરણોની પૂજા થવાથી વિદેશોમાં સ્વસ્તિકનો પ્રચાર સુગમતાપૂર્વક થઈ શકયો. વિદેશોમાં સ્વસ્તિક પ્રચારના અન્ય સાધનોમાં ભગવાન બુદ્ધનું સ્વસ્તિક અંકિત ચરણપૂજન એક અત્યંત મહત્ત્વપૂર્ણ અને વિશેષ સાધન રહ્યું હશે. બૌદ્ધ સ્વસ્તિકને બુદ્ધ ભગવાનના વક્ષઃનું પણ એક શુભ લક્ષણ માને છે. સ્વસ્તિકનું પ્રાચીન બૌદ્ધ ધર્મમાં એક જુદું રૂપ મળે છે.[૪૬]

તાત્પર્ય એ છે કે, બૌદ્ધ ધર્મમાં સ્વસ્તિક, શૂન્યવાદ પ્રાપ્ત થાય છે જે ૐ ના જ અર્થો આપે છે. તેથી બૌદ્ધ ધર્મમાં પણ ૐ સાથેની સામ્યતા જોવા મળે છે. ગુણવંત શાહ શૂન્યને ઓમ્‌નું જ સ્વરૂપ ગણાવે છે. (જુઓ : પ્રકરણ – ૧ – ૧ : ઓમ્‌ના વિભિન્ન અર્થો – શૂન્ય) સ્વસ્તિક પણ ઓમ્‌નું જ સ્વરૂપ છે. (જુઓ : પ્રકરણ – ૧ – ૧ : ઓમ્‌ના વિભિન્ન અર્થો – સ્વસ્તિક) આ બાબતને સમર્થન આપતા માતાજી કહે છે કે, ''બૌદ્ધ ધર્મ સંપ્રદાયમાં ૐનું પ્રચલન છે.''[૪૭] દયાનંદ સરસ્વતી પણ આ વાતને પુષ્ટ કરતાં કહે છે કે, ''બૌદ્ધમાં પણ ઓમ્ નામનો મહિમા છે.''[૪૮]

## (૩) જૈન ધર્મ :–

મહાવીર સ્વામી ઈ.સ. પૂર્વેની છઠ્ઠી સદીમાં થઈ ગયા. જૈન શબ્દ મૂળ સંસ્કૃત ભાષાના जि ધાતુ પરથી ઉતરી આવેલો છે. जि નો અર્થ થાય છે. જીતવું; અર્થાત્ ઈન્દ્રિયોને જીતનાર કે ઈન્દ્રિયો પર કાબૂ મેળવનાર 'જિન' કહેવાય છે. તેમના અનુયાયીને જૈન કહેવાય છે. જૈનોમાં ચોવીસ તીર્થંકરોને ઓળખવા માટે ચિહ્નો અપાય છે. [૧] શ્રી ૠષભદેવ (વૃષભ – બળદ.) [૨] શ્રી અજિતનાથ (હાથી) [૩] શ્રી સંભવનાથ (અશ્વ) [૪] શ્રી અભિનેદ સ્વામી (મરકટ) [૫] શ્રી સુમતિનાથ (ક્રૌંચ) [૬] શ્રી પદ્મપ્રભુ (કમળ) [૭] શ્રી સુપાર્શ્વનાથ (સ્વસ્તિક) [૮] શ્રી ચંદ્રપ્રભુ (ચંદ્ર) [૯] શ્રી સુવિધિનાથ [૧૦] શ્રી શિતલનાથ (શ્રી વત્સ) [૧૧] શ્રી શ્રેયાંસનાથ (ગેંડો) [૧૨] શ્રી વાસુદેવ પૂજ્ય (પાડો) [૧૩] શ્રી વિમલનાથ (ભૂંડ) [૧૪] શ્રી અનંતનાથ (બાજ) [૧૫] શ્રી ધર્મનાથ (વજ્ર) [૧૬] શ્રી શાંતિનાથ (હરણ) [૧૭] શ્રી કુંથુનાથ (બકરો) [૧૮] શ્રી અરનાથ (નન્દ્યાવર્ત) [૧૯] શ્રી મલ્લિનાથ (ઘડો) [૨૦] શ્રી મુનિસુવ્રતસ્વામી (કાચબો) [૨૧] શ્રી નમિનાથ (નીલકમલ) [૨૨] શ્રી નેમિનાથ (શંખ) [૨૩] શ્રી પાર્શ્વનાથ (સર્પ) અને [૨૪] શ્રી મહાવીર સ્વામી (સિંહ). મુખ્ય બે સંપ્રદાય છે. કુલ તેના ત્રણ સંપ્રદાય છે. (૧) શ્વેતામ્બર (૨) દિગમ્બર (૩) સ્થાનકવાસી (દિગમ્બરનો પેટા પ્રકાર છે.) જૈનો દેરાસરોમાં અક્ષતઃ (ચોખા) વડે સ્વસ્તિકનું પ્રતીક પાટલા ઉપર દોરે છે.[૪૯] જૈન ધર્મમાં સોઽહમ્ પણ જોવાં મળે છે. આચાર્ય મહાપ્રજ્ઞ કહે છે કે, સોઽહમ્‌નું થોડુંક પરિવર્તન થયું "सकार" ને દૂર કર્યો, "हकार" ને દૂર કર્યો અને ओम् બની ગયો. सोऽहम् નું પરિવર્તન પામેલું રૂપ તે ओम्, જે ભાષા શાસ્ત્રીય દષ્ટિ અને ધ્વનિ વિશ્લેષણ અનુસાર "सोऽहं" ની ઘણું નજીક છે. "स" અને "ह" ચાલ્યા જાય છે. અને "ओम्" શેષ રહી જાય છે. ઓમ્ આપણો પ્રાણગત ધ્વનિ છે. પ્રાણની સાથે કુદરતી રીતે તેનું ઉચ્ચારણ થાય છે. તેથી તેનું બહું જ મૂલ્ય છે. 'ઓમ્' નો પર્યાય શબ્દ છે 'પ્રણવ.' જૈન પરંપરામાં પણ તેનું મહત્ત્વ છે. જૈન પરંપરામાં 'ઓમ્' પંચ પરમેષ્ઠીના પાંચ વર્ણનથી નિષ્પન્ન થાય છે. अरहन्त, अशरीर, आचार्य, उपाध्याय અને मुनि. – આ પાંચ પરમેષ્ઠીઓના પહેલા અક્ષરોનો પ્રયોગ કરવામાં

આવતા 'ઓમ્' બને છે. अ+अ+आ+उ+म् = ओम्. આખો નમસ્કાર મહામંત્ર ઓંકારમાં ગર્ભિત છે. જૈન વ્યકિત "ओंकार" નો જાપ કરતી વખતે પ્રાણશકિતનો લાભ મેળવે છે, પોતાના શરીરના કણેકણમાં પાંચેય પરમેષ્ઠીની અવસ્થાઓનો અનુભવ કરે છે.

જૈન આચાર્યોએ "ओम्" ની નિષ્પત્તિનું બીજું એક સ્વરૂપ પણ પ્રસ્તુત કર્યું છે. अ – જ્ઞાન, उ – દર્શન અને म् – ચરિત્રનું પણ પ્રતીક છે. આ ત્રણ વર્ણોથી સિદ્ધ થયેલ (अ+उ+म्) ૐકાર ત્રણ રત્નોનું પ્રતીક છે ૐકારની ઉપાસના કરનાર મોક્ષ માર્ગની ઉપાસના કરે છે, જ્ઞાન, દર્શન, ચરિત્રની એમ ત્રણેયની ઉપાસના કરે છે. આ ભાવનાત્મક સંબંધ છે. ओम् સમગ્ર વર્ણમાળા અને માંત્રિક અક્ષરોમાં મૂર્ધન્ય અક્ષર બની ગયો છે.[૫૦] આ ઉપરાંત સ્વસ્તિક પણ જૈન ધર્મમાં જોવા મળે છે. શ્રી રામલાલજી શ્રીવાસ્તવ કહે છે કે, જૈનોએ સ્વસ્તિક ચિહ્નને વિશેષ મહત્ત્વ આપ્યું છે. જૈન લેખોથી સંબંધિત પ્રાચીન ગુફાઓમાં પણ સ્વસ્તિકનું ચિત્રણ મળે છે. જૈનિયોના સમસ્ત કર્મવિજ્ઞાનનો આધાર સ્વસ્તિક છે. જૈન દર્શન અનુસાર એક–બીજાને પરસ્પર કાપનારી સ્વસ્તિક રેખાઓ આત્મા અને પુદ્‌ગલની પ્રતીક છે. બન્ને રેખાઓના એકબીજાને પરસ્પર કાપવાથી ચાર ભાગ થઈ જાય છે. જે પ્રાકૃત જગત્‌ના ચાર ક્રમ – પૂર્વવર્તીસર્ગ, વનસ્પતિસર્ગ, મનુષ્યસર્ગ અને દેવસર્ગના દ્યોતક છે. મંદિરમાં પૂજા કરતી વખતે જૈન સ્વસ્તિક ચિહ્નનો ઉપયોગ કરે છે. આશીર્વાદ અથવા સ્વસ્તિ દાનમાં પણ તે સ્વસ્તિક ચિહ્નથી કામ લે છે. જૈન અક્ષતઃ પૂજાના સમયે સ્વસ્તિક બનાવી તેના ઉપર ત્રણ બિન્દુ બનાવે છે. જે સ્વસ્તિકની રેખાઓને ચારે ગતિ દેવ, નરક, તિર્યક તેમજ મનુષ્યનું પ્રતીક માને છે. અને બિંદુઓનો રત્નત્રય (સમ્યક્ દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ ચરિત્રનું) મધ્યસ્થાને તે મુકિતનું સ્થાન 'સદ્ધશિલા' કહે છે. સ્વસ્તિક જ નિઃસંદેહ ૐ ના રૂપમાં પરમાત્માનો પ્રતીકગત બોધ છે.[૫૧]

જૈન ધર્મની વિશેષતા એ છે કે, તેમાં ઉદારતા રહેલી છે. ઉદારતાનો પરિચાયક છે.

एको भावः सर्वथा येन दृष्टः,
सर्वेभावाः सर्वथा तेन दृष्टाः ।
सर्वेभावाः सर्वथा येन दृष्टाः,
एकोभावः सर्वथा तेन दृष्टः ॥

- षड्दर्शन - समुच्चयटीका ॥

આ રીતે જૈન મતમાં કોઈ એક ભાવના શરણે જવું સંકીર્ણતા છે; એનાથી વિપરીત બીજા ધર્મોનો સમન્વય કરવો, વિશાળ દષ્ટિ તથા ઉદાર વિચારનો પરિચાયક છે.

જૈન મુનિવરે "પંચનમુક્કારફલથુત્તં" માં કહ્યું છે કે :

संविग्गेणं मणसा अखिलयकुडमणहरेण च सरेण ।
पउमासणिओ करबद्धजोगमुद्दो य काएणं ॥
सम्मं संपुन्नं चिय समुच्चरिज्जा सय नमुक्कारं ।
उस्सगगेणेस विही अह बलगलणा तदा न पहू ॥
तन्नामाणुम असिआउस ति पंचक्खरे तहति सम्मं ।
निहुयं पि परावतिज्ज कह वि अह तत्थ वि असतो ॥
ता झाएज्जा ओमिति संमहिया जं इमेण अरहंतो ।
असरीरा आयरिया उवज्झाया मुणिवरा सव्वे ॥
एयन्नामाहनिपन्नवन्नसन्धिप्पओमओ जम्हा ।
सव्वन्नुएहि एसो ओंकारो किर विणिदिट्ठो ॥

તાત્પર્ય એ છે કે, 'અંત સમયે સંવિગ્ન મન વડે, અસ્ખલિત કાયા વડે સમ્યક્ પ્રકારે સંપૂર્ણ નમસ્કારનું સ્વયં ઉચ્ચારણ કરવું એ ઉત્સર્ગવિધિ છે. અથવા બળ ઘટવાથી તેમ કરવા સમર્થ ન હોય, તો પરમેષ્ઠિઓના નામને અનુસરનારા એવા પાંચ અક્ષરોનું સમ્યક્ પ્રકારે મૌનપણે પરાવર્તન કરવું, કારણ કે, એ અક્ષર વડે અરિહંત, અશરીરી (સિદ્ધ), આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ મુનિવરો સંગ્રહિત થયેલા છે. એ પાંચેય નામોની આદિમાં રહેલા અક્ષરોની સંધિના યોગથી જ ૐકાર બનેલો છે, એમ સર્વજ્ઞ પરમાત્માએ ફરમાવેલું છે.[૫૨]

શ્રીસિંહતિલકસૂરિજીએ 'મંત્રરાજરહસ્ય' માં કહ્યું છે કે,

अर्हददेहाचार्योपध्यायमुनीन्द्रपूर्ववर्णोत्थः ।
प्रणवः सर्वत्रादौ ज्ञेयः परमेष्ठि संस्मृत्यै ॥ (ગાથા ૩૧૪)

અર્થાત્, અર્હત્, અદેહ (સિદ્ધ), આચાર્ય, ઉપાધ્યાય અને મુનીન્દ્રના પૂર્વે વર્ણોથી બનેલા પ્રણવ પરમેષ્ઠીના સ્મરણ અર્થે સર્વત્ર આદિમાં ભણવો.

સંમતભદ્રાચાર્ય વિરચિત ૐકાર સ્તોત્ર પણ પ્રાપ્ત થાય છે. (જુઓ પરિશિષ્ટ ક્રમાંક નં. ૩)

તાત્પર્ય એ છે કે, જૈન ધર્મમાં સ્વસ્તિક, સોऽહમ્, ઓમ્, વગેરે પ્રતીકો છે. ઓમ્‌નું ખૂબ જ મહત્ત્વ રહેલું છે. આ બાબતને સમર્થન આપતાં સંત શાન્તવનજી કહે છે કે, "જૈન સંપ્રદાયના ગ્રંથોમાં સ્તુતિ,

પાઠ, જપ, મંત્રનો ઉચ્ચાર વગેરેની પૂર્વે 'ૐ' થી પ્રારંભ કરવાનું સ્પષ્ટ વિધાન છે.''[૫૩] આ વાતને પુષ્ટ કરતાં દયાનંદ સરસ્વતી કહે છે કે, ''જૈન ધર્મમાં પણ ઓમ્ છે.''[૫૪] માતાજી પણ એમ જ કહે છે કે, ''જૈનોમાં પણ ૐ રહેલો છે.''[૫૫]

## (૪) શીખ ધર્મ :

'શીખ' અર્થાત્ 'શિષ્ય' પ્રત્યેક અનુયાયીએ નમ્ર શિષ્ય બનીને 'સતનામ્' અર્થાત્ પરમતત્ત્વની ઉપાસના કરવી જોઈએ. તેના સ્થાપક ગુરૂનાનક છે. ગુરૂનાનકે એકેશ્વરવાદનો સિદ્ધાંત પ્રચલિત કર્યો. તેમણે જપજીમાં કહ્યું છે કે, ''ઈશ્વર એક જ છે, તેનું નામ 'સત્ય' છે, તે જ જગતનો કર્તા છે, તે નિર્ભય છે, અને નિર્વૈર છે. તેનું સ્વરૂપ કાલાતીત છે અને તે અજન્મા છે, તે સ્વયંભૂ છે, અને તે જ ગુરુ છે. વિશ્વના આદિમાં તે હતો, અને આજે પણ તે છે તથા ભવિષ્યમાં પણ તે રહેશે.'' સત્ય એ જ પરમેશ્વર છે, એ જ જીવનો ગુરુ છે અને પ્રસાદ સાધકને ધન્ય કરે છે. શીખ ધર્મે એક જ ઈશ્વરનું પ્રતિપાદન કરી અનેક દેવ–દેવીઓની પૂજા પર પ્રહાર કર્યો. ઈશ્વર નિરંજન, નિરાકાર, શુદ્ધ, બુદ્ધ, મુકત, સર્વજ્ઞ, સર્વવ્યાપી અને સર્વશકિતમાન છે એમ શીખો માને છે. તેઓ 'વાહ ગુરુ' કે 'ૐ સત્ શ્રી અકાલ' કહીને ઈશ્વરને સંબોધે છે. વાહ ગુરુના અક્ષરો અનુક્રમે વિષ્ણુ, હરિ, ગોવિંદ અને રામના પ્રથમ અક્ષરોમાંથી લેવામાં આવ્યા છે.[૫૬] શીખ ધર્મ ચિહ્નમાં સમાયેલી તલવારો, ઢાલ અને ધારિયું એ ક્રાંતિદર્શક છે. તેવી ઈશ્વર વિષયક સામ્યતા બ્રહ્મવિદ્યોપનિષદ્‌માં પણ પ્રાપ્ત થાય છે.

બ્રહ્મવદ્યોપનષિદ્‌માં કહ્યું છે કે, જેમ કે,

હું અચ્યુત છું, હું અચિંત્ય છું, હું તર્કની સીમાથી બહાર છું, હું આજન્મા છું, વ્રણરહિત છું, હું કાયાથી વિહીન છું, હું અનંગ અને ભયરહિત છું, હું શબ્દરહિત છું, રૂપરહિત, સ્પર્શથી પર અને અદ્વય છું, હું રસથી વિહીન છું, ગંધરહિત તથા અનાદિ અમૃતનું રૂપ છું, હું અક્ષય છું, લિંગરહિત છું, અજર અને નિષ્કલ અર્થાત્ કલારહિત છું, હું અમૂક અને પ્રાણરહિત છું, અચિંત્ય તથા હું જ ક્રિયારહિત છું, હું અંતર્યામી છું, અગ્રાહય અર્થાત્ ગ્રહણ ન કરી શકાય તેવો, હું નિર્દેશરહિત અને લક્ષણરહિત છું, હું કુળ, ગોત્ર અને શરીરરહિત છું, હું નેત્રેન્દ્રિયરહિત છું, તથા વાગિન્દ્રિય રહિત પણ છું, હું અદશ્ય છું, અવર્ણ છું, અખંડ અને અદ્‌ભૂત છું, હું અશ્રુત છું, અદષ્ટ છું, અન્વેષણ યોગ્ય અને અમર છું. હું વાયુરહિત, આકાશતત્વથી રહિત, તેજોવિહીન, વ્યભિચારોથી રહિત, અજ્ઞેય, અજન્મા, સૂક્ષ્માતિસૂક્ષ્મ, અને અવિકારી છું. હું સત્વગુણ, રજોગુણ અને તમોગુણથી રહિત છું. ગુણોથી અતીત છું, માયારહિત, અનુભવ સ્વરૂપ છું. અનન્ય તથા અવિષય અર્થાત્ વિષયરહિત છું. હું અદ્વૈત છું, પૂર્ણ છું હું ન તો બહાર છું અને ન

તો અંદર છું, હું ક્ષેત્રરહિત છું, અહીં છું, અવ્યકત છું અને હું વ્યાધિરહિત પણ છું હું અદ્વય, આનંદરૂપ, વિજ્ઞાનઘન અને વિકારરહિત છું. હું ઈચ્છારહિત છું, અલેપ છું, હું જ અકર્તા તથા અદ્વૈતપણ હું જ છું, હું અવિદ્યાયુકત કાર્યથી રહિત છું, હું મન અને વાણીથી અગોચર છું. હું અનલ્પ છું, શોકરહિત છું, હું વિકલ્પરહિત અને વિશિષ્ટ અગ્નિથીરહિત છું. હું આદિ, મધ્ય અને અંતથી વિહીન છું, હું આકાશ સમાન છું, હું આત્મચૈતન્યરૂપ છું, તથા આનંદચેતનમય જેવો છું. હું આનંદરૂપ, અમૃતસ્વરૂપ, છું, હું આત્મ સંસ્થિત છું, અંતર પણ હું જ છું, આત્મકામ છું તથા આકાશથી વધારે વ્યાપક પરમાત્મા સ્વરૂપ પરમેશ્વર હું જ છું. હું ઈશાન છું, પૂજનીય છું, ઉત્તમ પુરુષ છું, હું ઉત્કૃષ્ટ છું, ઉપદેષ્ટા છું તથા પરથી પર છું, હું કેવલ છું, કવિ છું, કર્માધ્યક્ષ છું. હું જ કારણોનું કારણ છું, હું ગુપ્ત આશા છું, ગુપ્ત રાખનાર છું અને હું જ નેત્રોનું પણ નેત્ર છું, હું ચિદાનંદ છું, ચેતના પ્રદાન કરનાર છું, ચિદ્‌ઘન અને ચિન્મય સ્વરૂપ છું. હું જ્યોતિર્મય છું અને જ્યોતિયોમાં સર્વશ્રેષ્ઠ જ્યોતિરૂપ હું જ છું. હું અંધકારમાં સાક્ષ્ય સ્વરૂપ છું, તુર્યનો પણ તુર્ય છું, અંધકારથી પર છું, હું દિવ્ય દેવસ્વરૂપ છું. દુર્દર્શ અને દષ્ટિનો આધાર ધ્રુવ છું. હું નિત્ય છું, નિર્દોષ છું, ક્રિયારહિત તથા નિરંજન છું હું નિર્મલ, નિર્વિકલ્પ, નિરાખ્યાત અને નિશ્ચલ છું, હું નિર્વિકાર, નિત્યપૂત, નિર્ગુણ, નિસ્પૃહ છું. હું ઈન્દ્રિયોરહિત, નિયંતા, નિરપેક્ષ અને નિષ્કલ છું. હું પરમાત્માપુરુષ, પરમપુરાણ છું, હું પરાવર છું, પ્રાજ્ઞપ્રપંચનું શમન કરનારો પણ છું. હું પરામૃત તથા પુરાતન પૂર્ણ પ્રભુ છું. હું પૂર્ણાનંદ, એક બોધરૂપ છું તથા અંતરાત્મા અને એકરસ પણ હું જ છું. હું પ્રજ્ઞાતા છું, હું પ્રશાંત છું તથા હું જ પ્રકાશસ્વરૂપ પરમેશ્વર છું. દ્વૈત અને અદ્વૈતનાં લક્ષણોથી ભિન્ન હું જ એક ચિંતન–મનન કરવા યોગ્ય છું.[૫૭]

તાત્પર્ય એ છે કે, શીખ ધર્મમાં પણ ૐ જોવા મળે છે. આ બાબતને માતાજી પણ સમર્થન આપતાં કહે છે કે, 'શીખ ધર્મ સંપ્રદાયમાં ૐ અથવા ૐકારનું પ્રચલન છે.''[૫૮] આ બાબતને પુષ્ટ કરતાં દયાનંદ સરસ્વતી કહે છે કે ''શીખ સુદ્ધાં 'ઓમ્'નો મહિમા જાણે છે''[૫૯]

## (૫) પારસી ધર્મ :

આ ધર્મના સ્થાપક જરથુસ્ત્ર છે, જરથોસ્ત ધર્મ અથવા પારસી ધર્મ તરીકે ઓળખવામાં આવે છે. ધર્મગ્રંથોમાં અવેસ્તા અને ઋગ્વેદ બન્નેની ભાષાઓમાં પણ નોંધપાત્ર સમાનતાઓ છે. અહુરમઝદ્ – સર્જનહાર અને સર્વજ્ઞ માટે ઉપયોગમાં આવતો હતો. જરથોસ્ત ધર્મના બે પંથ છે. (૧) શહેનશાહી (૨) કદમી. જરથોસ્ત ધર્મમાં અગ્નિપૂજા એ ઈશ્વરના પ્રતીક તરીકે સૌથી વધુ મહત્ત્વ પ્રાપ્ત કર્યું. જરથોસ્ત ધર્મમાં અગ્નિની પૂજા થતી નથી, પણ અગ્નિ અથવા આતશમાત્ર અહુરમઝદ્‌નું પ્રતીક છે. કેટલીક જગ્યાએ આતશનો ઉલ્લેખ અહુરમઝદ્‌ના પુત્ર તરીકે પણ થયો છે. પારસી અગિયારીમાં આવતા આતશની પૂજા

કરવામાં આવતી નથી, પણ આતશ દ્વારા અકુરમઝદ્‌ને પામી શકાય છે. આમ પારસીઓ આતશની પૂજા કરતા નથી, પણ તેના પ્રત્યે માત્ર અહોભાવ રાખે છે. અગિયારીનો આતશ અત્યંત પવિત્ર હોય એ માટે ખૂબ કાળજી લેવામાં આવે છે. આતશમાં જુદી–જુદી વિધિઓથી શુદ્ધ બનાવેલી સોળ પ્રકારની અગ્નિને રાખવામાં આવે છે. આતશને ધર્મસ્થાનમાં એક ઓરડામાં રખાય છે. આ ઓરડાને કેબ્લો કહેવાય છે. કેબ્લામાં માત્ર ત્રણ ધર્મગુરુઓ જ જઈ શકે છે, પણ તેમના શ્વાસોચ્છવાસથી આતશની પવિત્રતા ન જોખમાય એ માટે તેમના મોં ઢાંકેલા રાખવામાં આવે છે. ધર્મગુરુઓ આતશમાં સુખડના ટુકડાઓ ઉમેરતા રહી તેને સતત પ્રજ્જ્વલ્લિત રાખે છે. પારસીઓમાં સ્ત્રી, પુ, ને કસ્તી પહેરવી ફરજિયાત છે. કસ્તીમાં ૭૨(બોત્તેર) તારથી વણવામાં આવેલી ત્રણ આંટીઓ રખાય છે. જે સુવિચાર, સુવાણી અને સુકર્મના પ્રતીકો બને છે.[૬૦] સ્વસ્તિકનું ચિહ્ન પણ પારસી ધર્મમાં જોવા મળે છે. શ્રી રામલાલજી શ્રીવાસ્તવના લેખમાંથી ઉદ્‌ધૃત... ડૉ. જીવનજી જમશેદજી મોદીનું કહેવું છે કે સૂર્યની ગતિથી સ્વસ્તિકનો સંબંધ છે. સૂર્યની વિભિન્ન ગતિયોને સૂચિત કરનારું આ ચિહ્ન છે. આદિત્ય, અગ્નિ, આરોગ્ય અને આબાદીનું મૂળ સ્વસ્તિક છે, આ પારસી ધારણા છે. શ્રી મેકેંજીએ સ્વસ્તિકને અનેક ભાવનાઓનો સૂચક માન્યો છે. તેમાં ચર્તુવર્ણ, અગ્નિનો ભાવ પણ માનવામાં આવેલો છે. ચાર વર્ણ, ચાર આશ્રમ, ચાર વેદ, યજ્ઞ તેમજ યજ્ઞના ચાર હોતા, ઉદ્‌ગાતા વગેરે કર્તા અને ચાર અગ્નિ તેનાથી સૂચિત થાય છે. પારસી પવિત્ર અગ્નિ સંબંધી "બૂઈ" કૃત્યનું તેને પ્રતીક માને છે; કેમ કે તેમાં અધ્વર્યુ આ આકારમાં અગ્નિના ચારે તરફ ફરે છે. એને પારસી ચાર દિશા તેમજ ચાર સમયની પ્રાર્થનાનું પણ પ્રતીક છે. આકારમાં સામાન્ય અન્તરથી સ્વસ્તિક, શ્રીવત્સ અને નન્દાવર્ત – જે હિંદુ શાસ્ત્રોના પ્રકાર થાય છે. આ ચિહ્નમાં પારસી આને જે રૂપમાં અંકિત કરે છે, તે અપસ્તિક કહેવામાં આવે છે. પારસીયોના એક પ્રાચીન મંદિરના દ્વાર પર સૂર્ય, ચન્દ્ર અને સ્વસ્તિકના ચિહ્ન બનેલા મળે છે. આ કથનથી પણ સ્વસ્તિકની પ્રાચીનતાની પુષ્ટિ થઈ જાય છે.[૬૧]

તાત્પર્ય એ છે કે, અગ્નિ, સ્વસ્તિક તેમજ કસ્તી વગેરે ભારતીય ધર્મ અને સંસ્કૃતિ સાથે સામ્ય ધરાવે છે. જે અગ્નિ અને સ્વસ્તિક ઓમ્‌નું સ્વરૂપ જણાય છે. ઈશાવાસ્યોપનિષદ્‌માં 'હે અગ્નિ સ્વરૂપ ૐ નું સ્મરણ કર.'[૬૨] કહ્યું છે. સ્વસ્તિક એ ઓમ્‌નો જ અર્થ છે. (જુઓ : પ્રકરણ ૧ – ૧ – ૧ ઓમ્‌ના વિભિન્ન અર્થો – સ્વસ્તિક) કસ્તી યજ્ઞોપવીત જેવો જ સંસ્કાર છે. આ બધી જ બાબતને પુષ્ટ કરતાં શ્રી રામલાલજી શ્રીવાસ્તવ કહે છે કે, સ્વસ્તિક જ ૐ રૂપમાં પરમાત્માનો પ્રતીકગત બોધ કરાવે છે.[૬૩]

## (૬) યહૂદી ધર્મ :

યહૂદી લોકો ઈશ્વરને યાહોવાહ કહે છે. ઈ. સ. પૂર્વે ૩૦૦૦ માં આદ્ય પયગંબર અબ્રાહમે એકેશ્વરવાદનો ઉપદેશ આપ્યો છે. મૂર્તિ પૂજા અને આકૃતિનો વિરોધ કરવામાં આવ્યો છે. ચાર સંપ્રદાય

છે. (૧) ફારિસી (૨) સિડયુસી (૩) ઈસી અને (૪) થેરાપ્યુટી. યાહોવાહ અર્થાત્ 'હું જે છું તે છું.' યહૂદી ધર્મનું ધર્મ ચિહ્ન મેનોરહ પ્રાપ્ત થાય છે. આમાં સાત અંગ છે. અને આ સાત અંગો ઉપર મીણબત્તી સળગાવવામાં આવે છે. આ ઉપરાંત ''મેગન ડેવીડ'' (ડેવીડ નામનો આકાશનો તારો) જેને છ ખૂણા છે અને જેમાંથી છ એ દિશામાં પ્રકાશ કિરણો પ્રસરી રહે છે. તે પણ ઈઝરાયેલની છ માનવ જાતિઓનું પ્રતિનિધિત્વ કરતાં યહૂદીઓનું ધર્મ ચિહ્ન ગણાય છે. પરંતુ તે બહુ જાણીતું નથી. ભગવાને સૃષ્ટિનું સર્જન કર્યું છે. તેવું આ ચિહ્નથી સૂચિત થાય છે.[૬૪] યહૂદીઓ મૂળધર્મમાં કોઈ પ્રતીક સ્વીકારતાં નથી.

તાત્પર્ય એ છે કે તારા, પ્રકાશ વગેરે ઓમ્ સાથે સામ્ય ધરાવે છે. પુરાણમાં કહ્યું છે કે, ૐ માંથી અગ્નિ થયો છે.[૬૫] આ વાતને પુષ્ટ કરતાં સંત યોગભિક્ષુ કહે છે કે તારા પણ ૐ જેવું જ સ્વરૂપ છે. (જુઓ : પરિશિષ્ટ – ૧ આકૃતિઓ.)

## (૭) શિન્તો ધર્મ :

શિન્તોધર્મ જાપાનની પ્રજાનો અતિ પ્રાચીન ધર્મ છે. 'શિન્તો' – દેવતાઈ માર્ગ. શિન્તો ધર્મમાં આઠ વિવિધ તબક્કાઓ છે. (૧) પ્રકૃતિ પૂજા (૨) પ્રતીક પૂજા (૩) પ્રેત પૂજા (૪) પિતૃ પૂજા (૫) પ્રાણી પૂજા (૬) પ્રાથમિક કક્ષાની એક દેવ પૂજા (સાદો એકેશ્વરવાદ) (૭) અનેકેશ્વરવાદ અને (૮) એકદેવ પ્રાધાન્યવાદ. જેમાં સૂર્યદેવની સર્વોપરિતા માન્ય રખાય છે. પ્રકૃતિના વિવિધ તત્ત્વોમાં, શકિતઓમાં દૈવત્ત્વનું આરોપણ કરી, તેમને દૈવસ્વરૂપ કલ્પીને તેમની પૂજા કરવામાં આવે છે. સૂર્યદેવી અમતેરસુ જાપાનીઝ દેવતાઓમાં સર્વોચ્ચ સ્થાન ભોગવે છે. અમતેરસુ અર્થાત્ આકાશમાં પ્રકાશતો દિવ્ય પદાર્થ. અમતેરસુનો પુત્ર મિકોડા જાપાનનો આદ્યઃરાજા ગણાય છે. જે સૂર્યદેવીમાંથી ઉતરી આવ્યો છે. સૂર્યદેવીના આ મંદિરમાં એક અષ્ટભુજ એટલે કે આઠ ખૂણાવાળું દર્પણ એ સૂર્યદેવીનું પ્રતીક છે. આ દર્પણ સૂર્યદેવીએ પ્રથમ મિકોડાને આપ્યું છે. શિન્તો ધર્મમાં ત્રણ પંથો છે. (૧) કુરોઝુમિયો (૨) કેન્કોકયો અને (૩) તેન્રીકયો.[૬૬]

તાત્પર્ય એ છે કે, સૂર્ય પણ પ્રકાશનું પ્રતીક છે જે ૐકારનું જ એક સ્વરૂપ જણાય છે. તેથી તો ૐકારને સૂર્ય પણ કહ્યો છે.[૬૭]

## (૮) તાઓ ધર્મ :

'તાઓ' એટલે દિવ્ય માર્ગ – મોક્ષ માર્ગ સૂચવે છે. ધર્મનું પરમતત્ત્વ. આ ધર્મના સ્થાપક લાઓત્ઝે છે. 'તાઓ' એ પરમ ગૂઢતત્ત્વ છે. આ પરમતત્ત્વની શોધ કરી તેનો અનુભવ કરવો તેઓ તાઓ ધર્મનો

પ્રધાન આદેશ છે. તાઓ ધર્મના મુખ્ય ધર્મ ગ્રંથો બે છે. તાઓ–તે–કિંગ અને તાઈ–શાંગ–કાંગયિંગ–પિયેન તાઓ ધર્મ પરમતત્ત્વની પ્રાપ્તિને માનવ જીવનનું સાધ્ય માને છે અને નિવૃત્તિપરાયણતા, નમ્રતા, ત્યાગ, કરકસર, આત્મશાસન, પ્રેમ, સાદાઈ વગેરે સદ્ગુણોને તે પ્રાપ્ત કરવાના સાધન તરીકે સ્વીકારે છે.[૬૮]

## (૯) ઈસાઈ ધર્મ :

ખ્રિસ્તી ધર્મના સ્થાપક ઈસુ ખ્રિસ્ત છે. ઈસુના નામ સાથે 'ખ્રિસ્ત' એ શબ્દ માનાર્થે જોડવામાં આવે છે. 'ખ્રિસ્ત' 'ક્રાઈસ્ટ' શબ્દ પરથી ઉતરી આવ્યો છે. 'ક્રાઈસ્ટ' એટલે ઉદ્ધારક ઈસુએ વધસ્તંભ પર પોતાનું બલિદાન આપી જગતના લોકોનો ઉદ્ધાર કર્યો છે. આત્મત્રયીના સિદ્ધાંતમાં માને છે. મૂર્તિ પૂજામાં માનતા નથી. તેના પણ (૧) કેથોલિક સંપ્રદાય (૨) પ્રોટેસ્ટન્ટ સંપ્રદાય (૩) કેલ્વિન સંપ્રદાય (૪) પ્યુરિટન સંપ્રદાય (૫) કવેકર સંપ્રદાય. ખ્રિસ્તી ધર્મમાં ક્રોસનું ચિહ્ન જોવાં મળે છે. પ્રભુ ઈસુ ખ્રિસ્તના ક્રોસ ઉપર થયેલા જીવન સમર્પણ પછી તો ખ્રિસ્તી ધર્મનું આ સંપૂર્ણ ધર્મ ચિહ્ન બની રહ્યું છે. ઈસુ ખ્રિસ્તને દેશદ્રોહી તરીકે મૃત્યુદંડની સજા કરવામાં આવી હતી. અને એક ભયંકર ગુનેગાર સાથે જેવું વર્તન કરવામાં આવતું, તેવું જ વર્તન તેમની સાથે પણ કરવામાં આવ્યું હતું. જેની ઉપર ખીલાથી જડવાના હતા તે જ ભારે વજનવાળો ક્રોસ તેમની પાસે ઉંચકાવવામાં આવ્યો હતો. તેમની આ અંતિમયાત્રામાં તેમને અત્યંત પીડા આપવામાં આવી હતી. આ ક્રોસ એ સ્વાર્પણની ભાવના વ્યકત કરે છે અને ઈસુ પોતાને ચાહે છે એવી લાગણી પણ આ ક્રોસ ધારણ કરતાં કે તેનું દર્શન કરતાં થાય છે. આ ક્રોસના ધર્મ ચિહ્ન પણ જુદી–જુદી રીતે દર્શાવવામાં આવે છે. આમાં ગ્રીક ક્રોસ, લેટીન ક્રોસ અને કેવલરી ક્રોસ ઘણીવાર ઉપયોગમાં લેવાયેલા જોવાં મળે છે. ગ્રીક ક્રોસમાં આડા સ્તંભ સરખી લંબાઈના હોય છે અને આ ચિહ્ન ખ્રિસ્તી ધર્મ પ્રત્યેની આસ્થા કરતાં ખ્રિસ્તના દેવળનું સૂચન ભારપૂર્વક કરે છે. લેટિન ક્રોસમાં ઊભો સ્તંભ વધારે લાંબો હોય છે. અને નાના સ્તંભ એવી રીતે જોડાયેલા રાખવામાં આવે છે. ઊભા અને આડા સ્તંભોના જોડાણની જગ્યાએ ઉપરની દિશાએ જતો સ્તંભ બે આડા સ્તંભ જેટલી જ લંબાઈનો થાય. આમાં નીચે તરફ જતો સ્તંભ પ્રમાણમાં વધારે લાંબો રાખવામાં આવે છે. આ ક્રોસ ઈસુ ખ્રિસ્ત પ્રત્યેની તીવ્ર આસ્થાનું સૂચન કરે છે. ઘણીવાર આ ક્રોસ ઉપર પ્રભુ ઈસુને જડાયેલાં પણ બતાવવામાં આવે છે. આવા ચિહ્નને કુસીફીકસ કહેવામાં આવે છે. કેવલરી ક્રોસ ત્રણ ટેકા ઉપર બનાવેલો હોય છે. અને આ ત્રણ ટેકા વિશ્વાસ, આશા અને પ્રેમનું સૂચન કરે છે. આ ક્રોસથી ઈસુનું પુનરુત્થાન પણ સૂચવાય છે. તેઓ મૃત્યુ પછી સજીવન થયા અને સ્વર્ગના સિંહાસનેથી આપણા ઉપર અત્યારે રાજ્ય કરે છે. એવો ભાવ વ્યકત થાય છે. ખ્રિસ્તીઓ માને છે કે ખ્રિસ્તના વધસ્તંભના આકારમાં જો કોઈ વૃક્ષને કાપવામાં આવે તો તેથી વૃક્ષનો નાશ થતો નથી. આ વધસ્તંભ પરની શ્રદ્ધાથી વિશ્વના પ્રત્યેક માનવ દુઃખ મુકત થઈ શકે છે.[૬૯]

વિવેક શુકલ 'ભારદ્વાજ' ઈસાઈ ધર્મ વિશે કહે છે કે, ''ઈસાઈયોના મૂળ પરંપરાવાદી સંપ્રદાય યાની 'કૈથોલિક ઈશ' (ગોડ) ના અભિવાદનને માટે પોતાની પ્રાર્થનાઓના અંતમાં 'આમીન' યા 'આમેન' શબ્દનો પ્રયોગ કરે છે. કેટલાંક કૈથોલિક ધર્મશાસ્ત્રીઓના મતે તે શબ્દ છે, જેનો બાઈબલમાં ઉલ્લેખ છે તે "आमेन" સૃષ્ટિના આરંભમાં હતો. ઈશ્વર ગોડની સાથે ઈશ્વર હતો.'' (યોહન ૧:૧) કેટલાંક કૈથોલિકો અનુસાર 'આમેન'ને બાઈબલમાં 'આલ્ફા' અને 'ઓમેગા' યાની (આદિ અને અંત) ના નામથી પણ નિરૂપિત કરવામાં આવ્યો છે. પાલટિલિક સમાન ધર્મશાસ્ત્રીઓએ બાઈબલના તે સંદર્ભ વિશેષને ઉદ્ધૃત કર્યું છે, જેમાં ઈસામસીહને સંતયોહનથીએ કહ્યું હતું ''હું જ 'આમેન' છું'' કૈથોલિક કર્મકાંડના લેટિન ભાષાના અનેક શબ્દોનો પ્રયોગ થયો છે, જેમાં "ओम्" નું જ અપભ્રંશિત રૂપ વિદ્યમાન છે. સમય જતાં લેટિનના આ શબ્દો અંગ્રેજીએ પણ આત્મસાત કરી લીધા છે. લેટિન ભાષાના આ કેટલાંક શબ્દ છે. – ઓમની પ્રેજેન્ટ – અર્થાત્ સર્વવ્યાપક, 'ઓમની પોટેંટ' અર્થાત્ સર્વશકિતમાન, 'ઓમની રિએંટ' અને 'પેર ઓમનીયા સેકુલા સેકુલોરૂમ' વગેરે. આ સંદર્ભે ભારતના એક ચર્ચને જોઈએ તો સંત મેરી કોલેજ કુર્સિયાંગ, દાર્જિલિંગના ચર્ચની વાચનપીઠિકા ઉપર 'સલીબ'ની વચ્ચોવચ્ચ ॐને ચિત્રિત કરેલ છે. જોઈ શકીએ છીએ કે ॐનું ચિત્રાત્મક સ્વરૂપ ॐ જ છે.[૭૦] શ્રી રામલાલજી શ્રીવાસ્તવ હેજનું કથન આપતાં કહે છે કે, આદિમ ઈસાઈયોમાં સ્વસ્તિક વિશેષ અને અત્યંત પવિત્ર પ્રતીકની જેમ અવશ્ય પ્રચલિત હતું. ઈસાઈયોનો ક્રોસ સ્વસ્તિકનું જ રૂપાંતર છે.[૭૧] માતાજી કહે છે કે, ઈસાઈ સંપ્રદાયમાં ઓમ્નું ઉચ્ચારણ ''એમિન'' થઈ ગયું છે.[૭૨] દયાનંદ સરસ્વતી કહે છે કે, બાઈબલમાં ઓમ્ને આઈ એ એમ તરીકે વર્ણવ્યું છે. જે ઓમ્નું રૂપાન્તર છે.[૭૩]

તાત્પર્યએ છે કે ક્રોસ, સ્વસ્તિક પરમતત્ત્વના જ પ્રતીક છે. જે ઓમ્ની જેવાં જ પ્રતીક છે. રૂપાંતર ન કહેતાં એમ ચોક્કસ કહી શકાય કે ॐ જેવાં જ પ્રતીકો છે અને ઓમ્ સાથે ઉપર્યુકત સામ્ય ધરાવે છે. કારણ કે, પરમતત્ત્વ એક જ છે અને તેનાં સ્વરૂપો જ જુદા–જુદા છે.

## (૧૦) કનફયુસીયસ ધર્મ :

આ ધર્મના સ્થાપક મહાત્મા કોન્ફયુસીયસ છે અને તેથી કોન્ફયુસીયસ તરીકે ઓળખવામાં આવે છે. કોન્ફયુસીયસને 'ચીની સંસ્કૃતિના પિતા' તરીકે ઓળખવામાં આવે છે. આ ધર્મમાં જીવનની વાસ્તવિકતામાં નૈતિકતા અને સદાચાર પર ભાર મૂકયો છે. તેમણે પોતાના ઉપદેશમાં Li–લી એટલે સદાચાર અને Jen–જેન એટલે માનવતા પર અસાધારણ ભાર મૂકયો છે. દરેક બાબતમાં અતિરેકનો ત્યાગ કરવો જોઈએ. આચાર એ મુખ્ય ધર્મ છે. કોન્ફયુઈસયસ કહેતાં, 'બીજા માણસ તરફથી તમે જેવું વર્તન ઈચ્છો

તેવું વર્તન તમે તેમના તરફ રાખો.' 'શાંગ–તિ' નામના તત્ત્વનો ઈશ્વર તરીકે સ્વીકાર કર્યો હતો. 'તિએન' એટલે આકાશને તેમણે દેવ તરીકે સ્વકાર્યાં હતાં. હજુ પણ ચીનમાં ડિસેમ્બરની ૨૨ મી તારીખે આકાશદેવની પૂજા કરવામાં આવે છે.[૭૪]

તાત્પર્ય એ છે કે, આકાશ ઉપનિષદોમાં – વેદમાં ૐમાંથી જ ઉત્પન્ન થયેલ દર્શાવેલું છે. આ બાબતને સમર્થન આપતાં યજુર્વેદમાં કહ્યું છે કે, "ओ३म्" નું સ્મરણ કરવા કહ્યું છે. મનુષ્યોને ઈશ્વર ઉપદેશ આપતાં કહે છે કે "હે મનુષ્યો ! જે હું અહીં છું તે બીજે સૂર્યાદિલોકમાં જે અન્યસ્થાન સૂર્યાદિલોકમાં છે જે અહીંયા છે. સર્વત્ર પરિપૂર્ણ આકાશની સમાન વ્યાપકમાં હું થી મોટું કોઈ નથી."[૭૫]

## (૧૧) ઈસ્લામ ધર્મ :

'ઈસ્લામ' એ શબ્દનો અર્થ 'ઈશ્વરનું શરણ સ્વીકારવું' એવો થાય છે. ઈશ્વરનું શરણ સ્વીકારવાથી શાંતિ મળે છે. એ સંદર્ભમાં બીજો અર્થ 'શાંતિ' થાય છે. જેણે ઈશ્વરનું શરણ સ્વકાર્યું છે એને 'મુસ્લીમ' કહેવામાં આવે છે. ઈ. સ. ૬૧૦ માં મહંમદ સાહેબે ઈસ્લામની ઘોષણા કરી. જગતના હર્તાકર્તા ઈશ્વરને ઈસ્લામમાં અલ્લાહના નામે ઓળખવામાં આવે છે. અલ્લાહ સિવાય અન્ય કોઈપણ દેવ કે દેવી નથી. અદ્વિતીય અલ્લાહના સર્વશકિતમાન હોવા ઉપર કોઈ જાતના નિયમનો અંકુશ ઈસ્લામમાં સ્વીકારવામાં આવતો નથી. "ઈશ્વર એક છે તે કશામાંથી નિષ્પન્ન થતો નથી, તેની અંદરથી કશું નિષ્પન્ન થતું નથી, તેના સરખું અન્ય કંઈ જ નથી." એમ કુરઆન શરીફમાં કહેવામાં આવ્યું છે. ઈશ્વરના સ્વરૂપ વિશે કુરઆન શરીફમાં કહ્યું છે કે,

"અલ્લાહ પૃથ્વી અને આકાશનો પ્રકાશ છે તે રૂપક દ્વારા એ રીતે સમજાય છે કે, તેનો પ્રકાશ એક ગોખ છે, જેમાં એક દીવો છે. દીવો કાચમાં છે. અને કાચ જાણે કે એક તારો છે, દીવો એક પવિત્ર ઝાડથી સળગે છે, પૂર્વ કે પશ્ચિમનું ન હોય તેવું ઓલિવનું, જેનું તેલ અગ્નિ ન અડવાં છતાં પ્રકાશે છે; પ્રકાશ ઉપર પ્રકાશ છે." ઈસ્લામમાં એમ માનવામાં આવે છે કે સર્વેએ એક જ ધર્મનો પ્રચાર કર્યો છે, પણ સમય જતાં તેમાં વિકૃતિઓ પેસી ગઈ અને આથી નવા ધર્મની જરૂર પડી. 'પયગંબરો વચ્ચે કોઈ ભેદ નથી.' ઈસ્લામના મુખ્ય બે સંપ્રદાય છે. (૧) સુન્ની – જે કુરઆન શરીફ અને હદીસને અનુસરનારા છે. અને (૨) શિયા – જે ઈમામને અનુસરનારા છે. આમાંથી જ (૩) સૂફી સંપ્રદાય – અસ્તિત્ત્વમાં આવ્યો છે. કેટલાંક તેને ઈસ્લામનો સંપ્રદાય માને છે. પરંતુ સૂફી સંપ્રદાય ઈસ્લામનો સંપ્રદાય નથી. ઈસ્લામમાં કોઈ પ્રતીક સ્વીકારવામાં આવતું નથી. કોઈપણ ચિહ્નની વિધિસર પૂજા કરવામાં આવતી નથી. અલ્લાહનાં પ્રતીકરૂપે કોઈપણ ચિહ્ન પ્રાપ્ત થતું નથી.[૭૬] હિંદુ ધર્મ અને ઈસ્લામ ધર્મમાં સંસ્કૃતિમાં કેટલીક

સામ્યતાઓ જોવા મળે છે. મુસ્લીમ સંસ્કૃતિએ કેટલાંક ચિહ્ન પાછળથી સ્વીકાર્યા હોય તેવું લાગે છે. તેમાંય કેટલાંક ભારતીય મુસ્લીમો અને ખાસ કરીને કેટલાંક ગુજરાતી મુસ્લીમો મક્કા–મદીનાનું ચિત્ર રાખતા થયા છે. બીજ ચંદ્રતારકયુકત ચિહ્ન પણ મુસ્લીમ સંસ્કૃતિનું ચિહ્ન બની રહ્યું છે. બીજ ચંદ્ર અને તારકયુકત ચિહ્ન મૂળ તો ઈ.સ. ૯૩૫ થી ૧૪૫૩ માં બાઈન્ઝટીયમમાં ચંદ્રની પૂજા સાથે સંકળાયેલ ચિહ્ન હતું. આ યુદ્ધચિહ્ન તરીકે ઉપયોગમાં આવતું. ધીરે–ધીરે તે મુસ્લીમ સંસ્કૃતિનું ચિહ્ન બની ગયું છે. વિવેક શુકલ 'ભારદ્વાજ' કહે છે કે, ''કદાચ બીજચંદ્રતારક કુરઆન શરીફમાંથી લીધેલ પવિત્ર આકાશદર્શનની આકાંક્ષામાંથી આવ્યું હોય. બીજચંદ્ર તારક ૐની અર્ધમાત્રા જેવું છે. ૐનું અપભ્રંશ છે. અરબી ભાષાનો 'આમીન' શબ્દ છે. તે પણ 'ઓમ્' ના અર્થ જેવો અર્થ આપે છે. तथास्तु, एवमस्तु.[૭૭] માતાજી પણ આ બાબતને સમર્થન આપતાં કહે છે કે, 'ઈસ્લામમાં 'આમીન' ઓમ્નું પ્રચલન છે.'[૭૮] તેથી દયાનંદ સરસ્વતી કહે છે કે, 'કુર્આન શરીફમાં અલીફ–લામ–મીમ વગેરે અક્ષરો બોલાય છે. અને સંસ્કૃતમાં અ–ઉ–મ્ છે. આ શબ્દમાં ઈશ્વરીય ગુપ્ત અનિર્વચનીય રહસ્ય છે.[૭૯] હિન્દુ સંસ્કૃતિમાં ધનપ્રાપ્તિ માટે તેમજ અમૂક કાર્ય માટે આંકડાઓનું વિશેષ મહત્ત્વ રહ્યું છે. હિન્દુમાં ૩૩૩ અને ૩૩૩૩૩ નું તેમજ ગુજરાતી મુસ્લીમમાં ૭૮૬ નું વિશેષ મહત્ત્વ છે. આ વાતને સમર્થન આપતાં વિરાનંદજી મહારાજે ધનપ્રાપ્તિ માટે આંકનું મહત્ત્વ દર્શાવતાં કહ્યું છે કે, ''ઓમકારની ત્રણ પાંખો છે અને તેનાં ૩૩૩ અને ૩૩૩૩૩ આંક લેવા. આજ રીતે ૭૮૬ લેવા.[૮૦] આ જ રીતે બન્ને આંક સમાન દર્શાવ્યાં છે.

સૂફી સંપ્રદાય ઈલ્લામનો સંપ્રદાય નથી. તેમ માનવામાં આવે છે. કારણ કે તેઓ હદીસ, કુર્આન શરીફને અનુસરતાં નથી. શિવાનંદ સ્વામી કહે છે કે, મંસૂર વિખ્યાત સૂફી સંત હતા. લગભગ ચારસો વર્ષ પહેલાં તે પંજાબમાં થઈ ગયા. તે હંમેશા સોઽહમ્ જેવો એકમંત્ર 'અનલહક્ક્' જપ્યા કરતા હતા. તેનો અર્થ 'હું તે (બ્રહ્મ) છું' એવો થાય. આ મંત્ર વેદાંતીઓ બોલાવે છે. લોકોએ બાદશાહને ફરિયાદ કરી કે : મંસૂર નાસ્તિક છે અને હંમેશા 'અનલહક્ક્' જપ્યા કરે છે. ગુસ્સે થયેલા બાદશાહના હુકમથી મંસૂરના શરીરના કાપીને ટૂકડા કરી નાખવામાં આવ્યાં. ત્યારપછી પણ તેના માંસના ટૂકડાંઓમાંથી અવાજ આવતો હતો. અનલહક્ક્... અનલહક્ક્... મંસૂર પૂર્ણ જ્ઞાની હતો તેથી તેને કોઈ દુઃખ થયું ન હતું. તે દેહાધ્યાસથી પર હતો. જ્યારે તેના માંસ અને હાડકાં સળગાવી નાખ્યાં ત્યારે તેની રાખ જપવા લાગી 'અનલહક્ક્.. અનલહક્ક્...'[૮૧] સૂફી સંપ્રદાયમાં અનલહક્ક્ પણ ૐ જેવો જ મંત્ર છે.

શ્રીમદ્ ભગવદ્ગીતાના બારમાં અધ્યાયના શ્લોકોમાં ઉત્તમ ભકતના લક્ષણો વર્ણવાયા છે. સાચો ભકત કોઈ પ્રાણી પ્રત્યે દ્વેષ કરતો નથી, તે સર્વ તરફ મિત્રતા રાખે છે. તે દયાળુ, મમત્વવિનાનો, અહંકારરહિત, સુખ–દુઃખને સરખાં માનનારો, ક્ષમાશીલ, સંતોષી, યોગી, પોતાની જાતને વશમાં રાખનાર,

દઢ નિશ્ચયવાળો, મારામાં અર્પણ કરેલાં મન અને બુદ્ધિવાળો હોય છે. આવા સાચા ભકતથી લોકો ઉદ્વેગથી મુકત હોય છે. સાચો ભકત ઉદાસીન, ભયરહિત અને સર્વ આરંભો છોડનારો છે. તે હર્ષ, શોક, દ્વેષ અને આકાંક્ષાથી પર છે. તે શુભ–અશુભનો ત્યાગ કરનાર છે. હંમેશ શત્રુ–મિત્ર, માન–અપમાન, શીત–ઉષ્ણ અને સુખ–દુઃખમાં સમતા રાખનારો, સંગરહિત નિંદા અને સ્તુતિને સરખાં માનનારો, મૌન રાખનાર, સ્થિર બુદ્ધિવાળો હોય છે. તેથી ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે, જેઓ શ્રદ્ધાવાળા છે અને મારા પરાયણ બની આ ધર્મરૂપી અમૃતને બરાબર સેવે છે તે ભકતો મને અત્યંત પ્રિય છે. માટે ભગવાનને તો આવા ઉત્તમ લક્ષણવાળો ભકત પ્રિય છે. તેથી શ્રીમદ્ ભગવદ્ગીતામાં કહ્યું છે કે, 'मे भक्तः स मे प्रियः ।' અર્થાત્ આવો 'ભકત મને પ્રિય છે.'[૮૨]

કુર્આન શરીફમાં પણ ભકતના લક્ષણો આ પ્રમાણે છે. શરણાગત, શ્રદ્ધાવાન, આજ્ઞાપાલક, સત્યભાષી, ધીર, વિનીત, દાતા, ઉપવાસી, શીલ રક્ષક તથા ઈશ સ્મરણશીલ – લક્ષણો ધરાવનાર માટે ઈશ્વરે ક્ષમા અને મહાન પુણ્યફળ તૈયાર કરી રાખ્યું છે. (૩૩.૩૫)[૮૩]

કુર્આન શરીફમાં પણ કંપિત હૃદય અર્થાત્ દયાળુ, સહનશીલ, સુખદુઃખમાં સમતા ધારણ કરનાર, ધૈર્યવાન, વિનયી, નિષ્ઠાવાન, અહિંસક, સત્કર્મો કરનાર છે તેવો મનુષ્ય જ ઈશ્વરનો ભકત છે અને તેવો મનુષ્ય જ ઈશ્વરને વધુ પ્રિય છે. આમ, તાત્પર્ય એ છે કે બન્નેમાં ઘણી જ સમાનતા રહેલી છે.

તાત્પર્ય એ છે કે, મૂળ ઈસ્લામ ધર્મ કોઈ પરમતત્ત્વનું પ્રતીક સ્વીકારતો નથી. મુસ્લીમ સંસ્કૃતિમાં બીજ ચંદ્રતારક પાછળથી આવેલું પ્રતીક છે જે પરમતત્ત્વનું પ્રતીક નથી. વિવેક શુકલ 'ભારદ્વાજ' બીજ ચંદ્રતારકને ૐનું અપભ્રંશ કહે છે. માતાજી ૐનું પ્રચલન કહે છે. પરંતુ અપભ્રંશ અને પ્રચલન ન કહેતાં સામ્ય ચોક્કસ જોવાં મળે છે એમ કહી શકાય. કારણ કે, ઓમ્ પરમતત્ત્વનું પ્રતીક છે. બીજ ચંદ્રતારક પરમતત્ત્વનું પ્રતીક નથી પરંતુ મુસ્લીમમાં પાછળથી આવેલું સંસ્કૃતિનું પ્રતીક છે. ભાષામાં પણ સામ્ય જોવાં મળે છે. સૂફી સંપ્રદાયમાં 'અનલહક્ક્' જેવા મંત્રો ૐ સમાન મંત્રો છે. ઉપરાંત અલ્લોપનિષદ્ પણ પ્રાપ્ત થાય છે. (જુઓ : પરિશિષ્ટ–૩ : અલ્લોપનિષદ્.) અલ્લોપનિષદ્ અકબરબાદશાહના સમયમાં રચાયેલું છે. તેનો સમય લગભગ આશરે પંદરમી સદી છે. જે મૂળ ઈસ્લામમાં સમાવેશ પામતું નથી. આ બધી જ બાબતો દર્શાવે છે કે પરમતત્ત્વ એક જ છે. તેથી તો મીર રસીદએ ગઝલમાં કહ્યું છે કે,

''મારી નમાઝમાં યે' હતા એવા આસનો,
ત્રણ વાર ઓમ્ જેમ નમી લીધું જા હવે.''[૮૪]

નિષ્કર્ષ એ છે કે, વૈદિક ધર્મનો ઓમ્ પરમતત્ત્વનું સર્વશ્રેષ્ઠ પ્રતીક છે. મોટાભાગના ધર્મ–સંપ્રદાયોમાં ૐનું સ્વરૂપ જોવાં મળે છે. મોટા ભાગના ધર્મોમાં સામ્યતા જોવાં મળે છે. જૈન, બૌદ્ધ, શીખ ધર્મમાં તો ૐનું સ્પષ્ટ સ્વરૂપ પ્રાપ્ત થાય છે. મૂળ ઈસ્લામ ધર્મ પ્રતીક સ્વીકારતો નથી પણ તેમાં હિંદુ ધર્મ સાથેનું સામ્ય જોવાં મળે છે. ઈસ્લામનો જ કેટલાંક લોકો સૂફી સંપ્રદાય માને છે, જ્યારે કેટલાંક માનતા નથી. સૂફી સંપ્રદાયમાં અનલહક્ક્ જેવો મંત્ર ૐની જ જેવો અર્થ આપે છે. તેથી તો કબીર હિંદુ–મુસ્લીમ બન્નેને કહે છે કે,

दिल महिं खोजि दिलै दिलि खोजहु इहईं रहीमां रामां ।[૮૫]

ઈસાઈ ધર્મ, યહૂદી ધર્મ અને પારસી ધર્મમાં પણ સામ્ય જોવાં મળે છે. તાઓ ધર્મ અને કનફ્યુસીયસ ધર્મ પણ પરમતત્ત્વની માન્યતા સ્વીકારે છે. આમ, મોટાભાગના ધર્મ–સંપ્રદાયોમાં ઓમ્નું કોઈને કોઈ સ્વરૂપ જોવાં મળે છે. જે તાત્ત્વિક દૃષ્ટિએ તો એક જ જણાય છે.

## સંદર્ભ પ્રકરણ : ૨ – ૧૧ : વિશ્વના પ્રમુખ ધર્મ–સંપ્રદાયો અને ઓમ્ :

१. विशुद्ध मनुस्मृति, पृ. २ ॥

२. यतोऽभ्युदयनिःश्रेयससिद्धिः स धर्म ।
वैशेषिक - १ / १ / २ ॥

३. चोदनालक्षणो धर्मः ।
पूर्वमीमांसा - १ / १ / २ ॥

४. वेदः स्मृति सदाचारः स्वस्य च प्रियमात्मनः ।
एतच्चतुर्विधं प्राहुः साक्षाद्धर्मस्य लक्षणम् ॥ १३१ ॥ (२ / १२) ॥

५. मनुस्मृति । टिप्पणी - १३१ (२ / १२), पृ. ७२ ॥

६. वेदोऽखिलो धर्ममूलं स्मृतिशीले च तद्विदाम् ।
आचारश्चैव साधूनामात्मनस्तुष्टिरेव च ॥
मनुस्मृति - १२५ ॥ (२ / ६) (६३) ॥

७. "सत्त्वस्य लक्षणं धर्मः" ॥
मनुस्मृति - १२ / ३८ ॥

૮. યાજ્ઞવલ્કયસ્મૃતિ; પૃ. ૧૨.

૯. યાજ્ઞવલ્કયસ્મૃતિ; પૃ. ૨૮.

૧૦. માનવીના ધર્મો; પૃ. ૭.

૧૧. માનવીના ધર્મો; પૃ. ૬.

૧૨. માનવીના ધર્મો; પૃ. ૮.

૧૩. યોગના પાઠ (૧૦); પૃ. ૬૪.

१४. रहीम दोहावली; पृ. १२ ।

૧૫. માનવીના ધર્મો; પૃ. ૩૦–૮૬.

૧૬. ते अज्येष्ठा अकनिष्ठास उद्भिदोऽमध्यमासो महसा वि वावृधुः ।
सुजातासो जनुषा पृश्निमातरो दिवो मर्या आनो अच्छा जिगातन ॥
ऋग्वेद - ५ / ५९ / ६ ॥

૧૭. संसमिद्युवसे वृषन्निग्ने विश्वान्यर्य आ ।
ईळस्पदे समिध्यसे स नो वसून्या भर ॥
सं गच्छध्वं सं वदध्वं सं वो मनांसि जानताम् ।
देवा भागं यथा पूर्वे संजानाना उपासते ॥२॥
समानो मन्त्रः समितिः समानी समानं मनः सह चित्तमेषाम् ।
समानं मन्त्रमभि मन्त्रये वः समानेन वो हविषा जुहोमि ॥३॥
समानी व आकूतिः समाना हृदयानि वः ।
समानमस्तु वो मनो यथा वः सुसहासति ॥४॥
ऋग्वेद - १० / १९१ ॥

૧૮. अथ यत्तपो दानमार्जवमहिंसा सत्यवचनमिति वा अस्य दक्षिणाः ।
छो. ३ / १७ / ४ ॥

૧૯. आचारः परमो धर्मः सर्वेषामिति निश्चयः ।
हीनाचारः पहीतात्मा प्रेत्य चेह नश्यति ॥
वशिष्ठ धर्मसूत्र - ६ / १ ॥

૨૦. यज्जाग्रतो दूरमुपैति दैवन्तदु सुप्तस्य तथैवेति ।
दुरङ्गमज्ज्योतिषा ज्ज्योतिरेकन्तन्मे मनः शिवसङ्कल्पमस्तु ॥१॥

येन कर्माण्यपसो मनीषिणो यज्ञे कृण्वन्ति विदथेषु धीराः ।
यदपूर्वं यक्षमन्तः प्रजानान्तन्मे मनः शिवसङ्कल्पमस्तु ॥२॥

यत्प्रज्ञानमुत चेतो धृतिश्च यज्जयोतिरन्तरमृतम्प्रजासु ।
यस्मान्न ऋते किञ्चन कर्म क्रियते तन्मे मनः शिवसङ्कल्पमस्तु ॥३॥

येनेदम् भूतम्भुवनम्भविष्यत्परिगृहीतममृतेन सर्वम् ।
येन यज्ञस्तायते सप्त होता तन्मे मनः शिवसङ्कल्पमस्तु ॥४॥

यस्मिन्नृचः साम यजूंषि यस्मिन्प्रतिष्ठिता रथना भाविवाराः ।
यस्मिँश्चितं सर्वमोतम्यजानान्तन्मे मनः शिवसङ्कल्पमस्तु ॥५॥

सुषारथिरश्वानिव यन्मनुष्यान्नेनीयतेऽभीशुभिर्वाजिन ईव ।
हृत्प्रतिष्ठँ यदजिरञ्जविष्ठन्तन्मे मनः शिवसङ्कल्पमस्तु ॥ ६ ॥

यजुर्वेद - ३४ / १ / ६ ॥

२१. शन्नो अस्तु द्विपदे शं चतुष्पदे ।
यजुर्वेद - ३६ / ८ ॥

२२. यांश्च पश्यामि यांश्च न तेषु, मा सुमतिं कृधि ।
अथर्ववेद - १७ / १ / ७ ॥

२३. सत्यं बृहदृतमुग्रं दीक्षा तपो ब्रह्म यज्ञः पृथिवीं धारयन्ति ।
सा नो भूतस्य भव्यस्य पत्न्युरुं लोकं पृथिवीं नः कृणोतु ॥
अथर्ववेद - १२ / १ / १ ॥

२४. सत्यं वै चक्षुः । तस्माद् यद् ईदानीं द्वौ विवदमानौ
एयाताम् अहम् अदर्शनम्, अहम् अश्रौषम् ईतिः । यः एवं
ब्रूयात् अहम् अदर्शनम् ईति, तस्मै एव श्रद्धयाम् । तत्
एव एतत् समर्धयति ॥
(शत. - १ / ३ / ४ / २७)

२५. सुविज्ञानं चिकितुषे जनाय, सत् चासत् च वचसी पस्पृधाते ।
तयोः यत् सत्यं यतरद्ऋजीयः, तद् ईत् सोमो अवति हन्ति आसत् ।
ऋ. ७ / १०४ / १२ ॥

२૬. यजुर्वेद - १७ / ७४ ॥

२७. श्वेताश्वेतरोपनिषद् - ४ / १८ ।

૨૮. શાકત સંપ્રદાય; પ્રકરણ – ૨; પૃ. ૧૧.

૨૯. गोपथब्राह्मण - १ / ३० / ३८,
गायत्री उपनिषद्, छान्दोव्योपनिषद् - ३ / १२,
बृहदारण्यकोपनिषद् - ७ / १४, मैत्रायणी प्रपाठक - ५ ॥

૩૦. શાકત સંપ્રદાય; પ્રકરણ – ૨; પૃ. ૧૧–૧૭.

૩૧. त्रिपुरामहोपनिषद् - १ ॥

૩૨. રત્નત્રયી, ગાયત્રી; પૃ. ૧૭.

૩૩. ॐकारपूर्विकास्त्रिस्त्रो महाव्याहृतयः स्मृताः ।
त्रिपदा चैव गायत्री विज्ञेयं ब्रह्मणो मुखम् ॥
मनुस्मृति - २ / ८१ ॥

त्रिभ्य एव तु वैदभ्यः पादं पादमदूदुहत् ।
तदित्पृचोऽस्याः सावित्र्याः परमेष्ठी प्रजापतिः ॥
मनुस्मृति - २ / ७७ ॥

૩૪. कल्याण, १९६४, वर्ष - ३८, अगस्त, १०८२ - १०८४ ॥

૩૫. ऋग्वेद - ३ - ५२ - १२ ॥

૩૬. રત્નત્રયી; પૃ. ૨૧.

૩૭. યુગશકિત ગાયત્રી, ૧૯૯૫, જૂન, અંક–૬; પૃ. ૧૪–૧૬.

૩૮. कल्याण, उपासनापरिशिष्टाङ्क - पृ. ७५३ - ७५७ ॥

૩૯. સહજ સત્સંગ; પૃ. ૧૧.

૪૦. ચિદાનંદ્મયી મા ગાયત્રી; પૃ. ૧૪૨.

૪૧. ચિદાનંદ્મયી મા ગાયત્રી; પૃ. ૧૪૩.

૪૨. अकारं वाप्युकारं च मकारं च प्रजापतिः ।
वेदत्रयान्निरदुहद् भूर्भुवः स्वरित्तीति त ॥
मनुस्मृति - २ / ७६ ॥

૪૩. ઈશ્વરની ઓળખ; પૃ. ૧૭ – ૧૮.

૪૪. પ્રાચીન ભારતીય મૂર્તિવિજ્ઞાન; પૃ. ૧૪૯.

૪૫. માનવીના ધર્મો; પૃ. ૩૬ – ૫૩.

૪૬. कल्याण, १९५०, वर्ष - २४, फरवरी, पृ. ९४१ - ९४४ ॥

૪૭. भारतीय सांस्कृतिक मूलतत्त्व, पृ. १०२ ॥

૪૮. સત્યાર્થપ્રકાશ; પૃ. ૧૧.

૪૯. માનવીના ધર્મો; પૃ. ૨ – ૩૪.

૫૦. એસો પંચણમોકકારો; પૃ. ૧૦૯ – ૧૫૨.

૫૧. कल्याण, १९५०, वर्ष - २४, फरवरी, पृ. ९४१ - ९४४ ॥

૫૨. નમસ્કારમંત્રસિદ્ધિ, લેખક : શતાવધની પંડિત શ્રી ધીરજલાલ શાહ; પૃ. ૨૮૪ – ૨૮૫.

૫૩. ચિદ્દાનંદ્મયી મા ગાયત્રી; પૃ. ૧૪૭.

૫૪. સત્યાર્થપ્રકાશ; પૃ. ૧૧.

૫૫. भारतीय सांस्कृतिक मूलतत्त्व, (टिप्पणी), पृ. १०२ ॥

૫૬. માનવીના ધર્મો; પૃ. ૧૧૯ – ૧૩૯.

૫૭. अच्युतोऽहमचिन्तयोऽहमतर्क्योऽहमजोऽस्म्यहम् ।
अव्रणोऽहमकायोऽहमनङ्गोऽस्म्यभयोऽस्म्यहम् ॥

अशब्दोऽहमरुपोऽहमस्पर्शोऽस्म्यहमद्वयः ।
अरसोऽहमगन्धोऽहमनादिरमृतोऽस्म्यहम् ॥

अक्षयोऽहमलिङ्गोऽहमजरोऽस्म्यकलोऽस्म्यहम् ।
अप्राणोऽहममूकोऽहमचिन्त्योऽस्म्यकृतोऽस्म्यहम् ॥

अन्तर्याम्यहमग्राह्योऽनिर्देश्योऽहमलक्षणः ।
अगोत्रोऽहमगात्रोऽहमचक्षुष्कोऽस्म्यवागहम् ॥

अदृश्योऽहमवर्णोऽहमखण्डोऽस्म्यहमद्भुतः ।
अश्रुतोऽहमदृष्टोऽहमन्वेष्टव्योऽमरोऽस्म्यहम् ॥

अवायुरप्यनाकाशोऽतेजस्कोऽव्यभिचार्यहम् ।
अमतोऽहमजातोऽहमजातोऽहमतिसूक्ष्मोऽविकार्यहम् ॥

अरजस्कोऽतमस्कोऽहमसत्त्वोऽस्म्यगुणोऽस्म्यहम् ।
अमायोऽनुभवात्माहमनन्योऽविषयोऽस्म्यहम् ॥

अद्वैतोऽहमपूर्णोऽहमबाह्योऽहमनन्तरः ।
अश्रोत्रऽहमदीर्घोऽहमव्यक्तोऽहमनामयः ॥

अद्वयानन्दविज्ञानघनोऽस्म्यहमविक्रियः ।
अनिच्छोऽहमलेपोऽहमकर्तास्म्यहमद्वयः ॥

अविद्याकार्यहीनोऽहमवाङ्मनसगोचरः ।
अनल्पोऽहमशोकोऽहमविकल्पोऽस्म्यविज्वलन् ॥

आदिमध्यान्तहीनोऽहमाकाशसदृशोऽस्म्यहम् ।
आत्मचैतन्यरुपोऽहमहमानन्दचिद्घनः ॥

आनन्दामृतरुपोऽहमात्मसंस्थोऽहमन्तरः ।
आत्मकामोऽहमकाशात्परमात्मेश्वरोऽस्म्यहम् ॥

ईशानोऽस्म्यमीड्योऽहमहमुत्तमपूरुषः ।
उत्कृष्टोऽहमुपद्रष्टाऽहमुत्तरत्तरोऽस्म्यहम् ॥

केवलोऽहं कविः कर्माध्यक्षोऽहं करणाधिपः ।
गुहाशयोऽहं गोप्ताहं चक्षुषश्चक्षुरस्म्यहम् ॥

चिदानन्दोऽस्म्यहं चेता चिद्घनश्चिन्मयोऽस्म्यहम् ।
ज्योतिर्मयोऽस्म्यहं ज्यायाञ्ज्योतिषां ज्योतिरस्म्यहम् ॥

तमसः साक्ष्यहं तुर्यतुर्योऽहं तमसः परः ।
दिव्यो देवोऽस्मि दुर्दर्शो दृष्टाध्यायो ध्रुवोऽस्म्यहम् ॥

नित्योऽहं निरवद्योऽहं निष्क्रियोऽस्मि निरञ्जनः ।
निर्मलो निर्विकल्पोऽहं निराख्यातोऽस्मि निश्चलः ॥

निर्विकारो नित्यपूतो निर्गुणो निस्पृहोऽस्म्यहम् ।
निरिन्द्रियो नियन्ताहं निरपेक्षोऽस्मि निष्कलः ॥

पुरुषः परमात्माहं पुराणः परमोऽस्म्यहम् ।
परावरोऽस्म्यहं प्राज्ञः प्रपञ्चोपशमोऽस्म्यहम् ॥

परामृतोऽस्म्यहं पूर्णः प्रभुरस्मि पुरातनः ।
पूर्णानन्दैकबोधोऽहं प्रत्यगेकरसोऽस्म्यहम् ॥

प्रज्ञातोऽस्म्यहं प्रशान्तोऽहं प्रकाशः परमेश्वरः ।
एकधा चिन्त्यमानोऽहं द्वैताद्वैतविलक्षणः ॥

ब्रह्मविद्योपनिषद् : ८१ - १०१ ॥

૫૮. भारतीय सांस्कृतिक मूलतत्त्व, (टिप्पणी); पृ. १०२ ॥

૫૯. સત્યાર્થપ્રકાશ; પૃ. ૧૧,

૬૦. માનવીના ધર્મો; પૃ. ૫૫–૬૭.

૬૧. कल्याण - १९५०, वर्ष - २४, फरवरी, पृ. ९४१ - ९४४ ॥

૬૨. ॐ क्रतो स्मर कृत ॥

ईशावास्योपनिषद् - १७ ॥

૬૩. कल्याण - १९५०, वर्ष - २४, फरवरी, पृ. ९४१ - ९४४ ॥

૬૪. માનવીના ધર્મો, યહુદી ધર્મ; પૃ. ૬૯–૭૯.

૬૫. अग्निपुराण - १२४ - १ - २३ ॥

૬૬. માનવીના ધર્મો, શિન્તો ધર્મ; પૃ. ૧૫૯–૧૭૨.

૬૭. ब्रह्मा विष्णुः शिवो देवो गणेशो वासवस्तथा ।
सूर्यचन्द्रस्त्वमेवातः ॐकाराय नमोनमः ॥
नमस्कारमंत्रसिद्धि - ९ । पृ. २८८ - २८९ ॥

૬૮. માનવીના ધર્મો, તાઓ ધર્મ; પૃ. ૧૪૧–૧૪૮.

૬૯. માનવીના ધર્મો, ખ્રિસ્તી ધર્મ; પૃ. ૮૧–૯૬.

૭૦. કાદમ્બિની; પૃ. ૧૧૬.

૭૧. कल्याण - १९५०, वर्ष - २४, फरवरी, पृ. ९४१ - ९४४ ॥

૭૨. भारतीय सांस्कृतिक मूलतत्त्व, डॉ. शिवदास, (टिप्पणी); पृ. १०२ ॥

૭૩. સત્યાર્થપ્રકાશ; પૃ. ૧૧.

૭૪. માનવીના ધર્મો, કનફ્યુસીયસ ધર્મ; પૃ. ૧૪૯–૧૫૮.

૭૫. ओ३म् क्रतो स्मर क्लिबे स्मर कृतळं स्मर ।
यजुर्वेद - ४० - १५ ॥

૭૬. માનવીના ધર્મો, ઈસ્લામ ધર્મ; પૃ. ૯૭–૧૧૮.

૭૭. कादम्बिनी, ओम् का अनाहतनादः पृ. ११५-११६ ॥

૭૮. भारतीय सांस्कृतिक मूलतत्त्व, डॉ. शिवदास, (टिप्पणी); पृ. १०२ ॥

૭૯. સત્યાર્થપ્રકાશ; પૃ. ૧૧–૧૨.

૮૦. ॐકાર ઉપાસના અને સિદ્ધિ, ॐકાર દ્વારા ધનપ્રાપ્તિ; પૃ. ૭૬.

૮૧. યોગના પાઠ (૨૩); પૃ. ૫૧–૫૨.

૮૨. अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च ।
निर्ममो निरहङ्कारः समदुःखसुखः क्षमी ॥
संतुष्टः सततं योगी यतात्मा दृढनिश्चयः ।
मय्यर्पितमनोबुद्धिर्यो मे भक्तः स मे प्रिय : ॥
यस्मानोद्विजते लोको लोकान्नोद्विजते च यः ।
हर्षामर्षभयोद्वेगैर्मुक्तो यः स च मे प्रियः ॥
अनपेक्षः शुचिर्दक्षः उदासीनो मतव्यथः ।
सर्वारंभपरित्यागी यो मद्भक्तः स मे प्रियः ॥
यो न हृष्यति न द्वेष्टि न शोचति न कांक्षति ।
शुभाशुभपरित्यागी भक्तिमान्यः स मे प्रियः ॥
समः शत्रौ च मित्रे च तथा मानापमानयोः ।
शीतोष्णसुखदुःखेषु समः संगविवर्जितः ॥
तुल्यनिन्दास्तुतिर्मौनी संतुष्टो येनकेनचित् ।
अनिकेतः स्थिरमतिर्भक्तिमान्मे प्रियो नरः ॥
ये तु धर्म्यामृतमिदं यथोक्तं पर्युपासते ।
श्रद्धाना मत्परमा भक्तास्तेऽतीव मे प्रियाः ॥
श्रीमद् भगवद्गीता : १२ / १३ - २० ॥

૮૩. કુર્આનસાર, વિનોબા.

૮૪. તમન્ના (૨૦૦૨), જાન્યુ. ''ગઝલમાં ઓતપ્રોત થયેલું વ્યકિતત્ત્વ'', ડૉ. મીર રસીદ, ગઝલલોક, ડૉ. એસ. એસ. રાહી.

૮૫. कबीरवाणी; पृ. ५९ ।

# પ્રકરણ : ૨–૧૨ : વિશ્વના દેશો અને ઓમ્

(૧) મલાયાપ્રાયદ્વીપ.
(૨) ફિલિપાઈન.
(૩) કમ્બોડીયા.
(૪) થાઈલૈંડ
(૫) મલ્લકા.
(૬) ચીન.
(૭) જાપાન.
(૮) અમેરિકા.
(૯) બાલિદ્વીપ.
(૧૦) શ્યામ.
(૧૧) ચમ્પા.
(૧૧) અન્ય દેશો.

# પ્રકરણ : ૨–૧૨ : વિશ્વના દેશો અને ઓમ્

વિશ્વના અનેક દેશોમાં પરમતત્ત્વની માન્યતાઓ તો જોવાં મળે છે. પરમતત્ત્વ અથવા ઈશ્વર તો કોઈને કોઈ સ્વરૂપે રહેલો છે જ. સમગ્ર વિશ્વમાં આ પરમતત્ત્વની માન્યતાઓમાં પણ સામ્ય જોવાં મળે છે. તેથી કોઈ સૂફીએ કહ્યું છે કે ....,

खुदा को पाया तो क्या न पाया,
सभी मिला जो मिला खुदा हैं ।
जरा तो सोचे कभी भी ख़ालिक़
से उसकी खिलक़त हुई जुदा हैं ।
सभी तो मैं हूँ, सभी तो मेरा,
हंमेशा आती यही निदा हैं,
तु ही हैं ख़ालिक़, तुझी में खिलक़त
ख़याले ख़याल तुं ही खुदा हैं ।

આ સૃષ્ટિકર્તા વિશે બધા જ ધર્મ–સંપ્રદાયો જુદા–જુદાં નામોનો ઉપયોગ કરે છે. અહીં પ્રશાંત મહાસાગરોના દેશોમાં પણ ૐનું સ્વરૂપ કોઈને કોઈ રૂપે જેમ કે, રામ, શિવ, વિષ્ણુ, દુર્ગા, ગણેશ, ઘંટાનાદ.... વગેરે રૂપે મળે છે તે બાબતની વિગતો અહીં પ્રસ્તુત છે.

## ✧ મલાયા પ્રાયદ્વીપ :–

આ પાતળો એવો પ્રાયદ્વીપ એશિયાનો સૌથી દક્ષિણી ભાગ છે જે મહાસાગરમાં અંદર રહેલો છે. કેડ઼ાહ નામની પહાડી છે જેમાં તૂટેલ મંદિર જોવા મળે છે. જેમાં દુર્ગા, ગણેશ અને નંદીની મૂર્તિઓ મળે છે.[૧] તાત્પર્ય એ છે કે, ગણેશ ઓમ્‌ના જ વાચ્યાર્થ છે. (જુઓ : પ્રકરણ – ૧ – ૧ : ઓમ્‌ના વિભિન્ન અર્થો – ગણેશ.)

## ✧ ફિલિપાઈન :–

બોર્નિયોથી ઉત્તર તરફ જવાથી ફિલિપાઈન દ્વીપસમૂહ મળે છે. અહીં પણ ઘણાં દેવ–દેવીઓની મૂર્તિઓ મળી છે.[૨] તાત્પર્ય એ છે કે, દેવ–દેવીઓ ઓમ્‌ના જ અર્થ આપે છે.

(જુઓ : પ્રકરણ – ૧ – ૧ : ઓમ્‌ના વિભિન્ન અર્થો.)

### ✧ કમ્બોડિયા :–

દક્ષિણ પૂર્વમાં આધુનિક કમ્બોડિયા દેશ છે. કમ્બુજ અર્થાત્ સૂર્યવંશ અને ચંદ્રવંશમાં સંબંધ ઉત્પન્ન કરીને સંપૂર્ણ શાસ્ત્રોના અંધકારને દૂર કરે છે. શૈવ અને વૈષ્ણવમતનો પ્રચાર થયેલો છે.[૩] તાત્પર્ય એ છે કે, શૈવ અને વૈષ્ણવ સંપ્રદાય ઓમ્‌નો સ્વીકાર કરે છે.

### ✧ થાઈલૈંડ :–

આ દેશ જે કમ્બોડીયાની પશ્ચિમમાં છે, કેટલાંક દિવસ પહેલાં 'શ્યામ' ના નામથી પ્રસિદ્ધ હતો. તેનું પ્રાચીન નામ દ્વારાવતી છે. અહીંના રાજા રામચંદ્રનો અવતાર મનાય છે. તેનું નામ પણ પ્રાયઃ રામ પર હોય છે. રાજા છઠ્ઠા રામે 'અયુથિયા' નામના નગરને રાજધાની બનાવી. ઉત્તરી શ્યામમાં લવપુરી પ્રસિદ્ધ નગર છે, જેના એક મંદિરમાં વિષ્ણુ, લક્ષ્મી અને કેટલાક ઋષિઓની મૂર્તિઓ છે. સુખોદય અને સ્વર્ગલોક નામના નગરોમાં પણ કેટલાંક મંદિર છે. અહીંની રાજધાની 'બૈંકાક' માં જે મુખ્ય બૌદ્ધવિહાર છે, તેના ચાંદીના ફાટક પર રામાયણના દશ્ય અંકિત છે.[૪]

તાત્પર્ય એ છે કે, રામ પણ ઓમ્‌ના વાચક છે. તેથી સંત યોગભિક્ષુ કહે છે કે...,

રામ શબ્દ અને ઓમ્ વચ્ચે સામ્ય રહેલું છે. રામ શબ્દના અક્ષરોને છૂટાં પાડીએ તો તે અક્ષરોમાં શું આવે છે ? 'ર' 'અ' અને 'મ્' ઓમ્‌માં 'અ', 'ઉ' અને 'મ્' એ જે ત્રણ અક્ષરો છે તેમાંના જ 'અ' અને 'મ્' આ રામમાં છે. પરંતુ ઓમ્‌માંથી 'ઉ' ને હટાવીને તેની જગ્યાએ 'ર' મૂકી દીધો એટલે થયું રામ. જાણકારોએ આ રીતે સામાન્ય મનુષ્યોને ઓમ્ આપી દીધો. (ઈશ્વરની ઓળખ, પૃ. ૨૫–૨૭)

### ✧ મલ્લકા :–

આ મલય પ્રાયદ્વીપનો દક્ષિણીભાગ છે. વિન્સેંટની અનુસાર જોહોર, તેરાકના રિયાસતોના સુલ્તાન પોતાના નામની આગળ 'શ્રી' લખતા હતાં.[૫]

તાત્પર્ય એ છે કે, શ્રી પરમશકિતનું પ્રતીક છે. (જુઓ : પ્રકરણ–૧–૧ : ઓમ્‌ના વિભિન્ન અર્થો : શ્રી)

### ✧ ચીન :–

ચીનની ચર્ચા ઈતિહાસ પુરાણોમાં મળે છે. હજાર વર્ષોથી પહેલાં પણ ચીની સ્વસ્તિકનું અંકન વૃત્તિમાં કરતા હતા અને તે સૂર્યનું પ્રતીક સ્વીકારી ઉપાસના કરતા હતા. ટૈંગ શાસક બૂકાનો આદેશ હતો

કે આખા ચીનમાં સ્વસ્તિકની પ્રતીકોપાસના થાય. ટૈંગ સમયની પ્રજા પ્રયત્ન કરતી હતી કે લાકડાના સામાનો અને દૈનિક ઉપયોગની બીજી વસ્તુઓ ઉપર કરોળિયો પોતાના વૃત્તાકાર જાળામાં સ્વસ્તિક બનાવે. આવું થવું પણ સૌભાગ્ય માનવામાં આવતું હતું. ચીનીઓની માન્યતા છે કે, આકાશમાં વિશેષ તારાના પરસ્પર મળવાથી સ્વસ્તિકના આકાર પ્રકારનું એક ચિત્ર નિત્ય બનતું રહેતું હતું.[૬] ચીનમાં સ્વસ્તિક અસંખ્યતાનું બોધક છે, અધિકતાનું પ્રતીક છે. ચીની પણ ભારતીયોની જેમ આને કલ્યાણ, દીર્ઘાયુ અને પ્રકાશનું પ્રતીક માને છે.

તાત્પર્ય એ છે કે, સ્વસ્તિક પણ ઓમ્‌નો અર્થ જણાય છે. (જુઓ : પ્રકરણ–૧–૧ : ઓમ્‌ના વિભિન્ન અર્થો. : સ્વસ્તિક)

## ✧ જાપાન :–

આ 'સૂર્યોદયનો દેશ' છે. અહીં સૂર્યની ઉપાસના મુખ્ય છે, પરંતુ સૂર્યને એક દેવી માનવામાં આવે છે. અહીં 'ઈસી મંદિર' માં 'અરણી' દ્વારા અગ્નિ ઉત્પન્ન કરવામાં આવે છે. અગ્નિનું બરાબર પૂજન થાય છે.[૭] જાપાનમાં સ્વસ્તિક 'મનજી' તરીકે ઓળખાય છે. બુદ્ધની પ્રતિમાઓમાં જાપાની આનું અંકન વિશેષરૂપથી કરે છે. જાપાનના પરમ પવિત્ર પહાડ પયુજીમાના શ્રૃંગ પર જ્યારે તીર્થયાત્રી પહોંચે છે, ત્યારે તેને આવા ઘડાનું પાણી પીવાને માટે આપવામાં આવે છે, જેનાં પર સ્વસ્તિકના ચિહ્ન બનાવેલા હોય. આ જળ દીર્ઘાયુ બક્ષે છે.[૮]

તાત્પર્ય એ છે કે, અગ્નિ અને સ્વસ્તિક ભારતીય પ્રતીક છે. સ્વસ્તિક ૐ નું જ સ્વરૂપ જણાય છે. (જુઓ : પ્રકરણ–૧–૧ : ઓમ્‌ના વિભિન્ન અર્થો. : સ્વસ્તિક)

## ✧ અમેરિકા :–

પ્રશાંત સાગરની પૂર્વી સીમા પર ઉત્તર અને દક્ષિણ અમેરિકા છે. અહીં સર્વત્ર સૂર્યની ઉપાસના થાય છે. દક્ષિણ અમેરિકામાં કેટલીક જગ્યાએ શિવલિંગ જોવાં મળે છે. ગણેશપૂજન અને નાગપૂજન કરવામાં આવે છે. અમેરિકામાં સ્થાન–સ્થાન પર દેવમંદિર હતા. સૌથી ધ્યાનાકર્ષક વાત એ છે કે અમેરિકામાં 'વિજ્યા દશમી' નો 'રામ–સીતવ' મહોત્સવ. આ લેખના મૂળ લેખક શ્રી ચમનલાલજી કહે છે કે એમણે આ ઉત્સવ પોતે પેરૂના 'ચિલિપન–સિનકો' નામના સ્થાનમાં જોયો છે. એ દિવસોમાં મેકિસકોના લોકો રંગમંચ પર રામ–રાવણ યુદ્ધનો અભિનય કરે છે. અમેરિકાના અન્વેષક કોલમ્બસે લખ્યું છે કે, હિંદુ દેવતા ગણેશ–ઈન્દ્ર વગેરેનું પૂજન કરે છે.[૯] અમેરિકામાં યુરોપિયનોના પ્રવેશ પહેલાંથી

જ સ્વસ્તિકનો પ્રયોગ હતો. કેટલાંક કિલ્લાઓમાં ખોદકામમાં એવો સામાન પ્રાપ્ત થયો છે, જેના ઉપર સ્વસ્તિક અંકિત છે. તેનાથી કેટલાંક વિદ્વાનોની ધારણા છે કે કોલમ્બસથી સો વર્ષ પહેલાં બૌદ્ધધર્મ–પ્રચારકોની સાથે અમેરિકામાં સ્વસ્તિકનો પણ પ્રવેશ થયો છે. અમેરિકામાં ભગવાન બુદ્ધની એક પ્રતિમા મળી છે, જે સ્વસ્તિક – આસનમાં પ્રતિષ્ઠિત છે. અત્યાર સુધી એ નિશ્ચિત કરી શકાયું નથી કે આ પ્રતિમા કોઈ હિંદુ દેવતાની હોય. હઠયોગમાં સ્વસ્તિક એક વિશેષ પ્રકારનું આસન છે, આથી જ સ્વસ્તિક આસનમાં દેવપ્રતિમાની પ્રતિષ્ઠા આશ્ચર્યની વાત નથી. સમાજિક જીવનના વિભિન્ન ક્ષેત્રોમાં અમેરિકાના મૂળ નિવાસી સ્વસ્તિકનો ઉપયોગ આજ સુધી કરે છે.[૧૦]

તાત્પર્ય એ છે કે, ગણેશ, રામ, સ્વસ્તિક વગેરે ઓમ્‌ના જ અર્થો છે.

(જુઓ : પ્રકરણ–૧–૧ : ઓમ્‌ના વિભિન્ન અર્થો. : ગણેશ, સ્વસ્તિક)

## ✧ બાલિદ્વીપ :–

બાલિમાં પૂજાવિધિને 'પૂજા–પરિક્રમ' કહેવામાં આવે છે. દૈનિક પૂજાવિધિ કરવામાં આવે છે. વસ્ત્ર ધારણ કરતી વખતે "ॐ तं महादेवाय नमः ।" કહેવામાં આવે છે. તેના પછી "ॐ अं शिव स्थितिकाय नमः ।" નું ઉચ્ચારણ કરીને મેખલા ધારણ કરે છે. ત્યાર પછી "ॐ अं विष्णुसदाशिवाय नमः ।" નું ઉચ્ચારણ કરીને ઉત્તરીય વસ્ત્ર પહેરવામાં આવે છે. "ॐ मं ईश्वरपरमशिवाय नमः ।" નો પાઠ કરતાં કરતાં વક્ષઃસ્થલ પર વસ્ત્ર નાખે છે. વસ્ત્ર ધારણ કર્યા પછી "ॐ अं कं क ईश्वराय नमः ।" કહેતા પાદક્ષાલન, "ॐ हः उं फट् अस्त्राय नमः ।" કહેતા હાથ ધોવામાં આવે છે. વસ્ત્ર ધારણ અને ક્ષાલન સમાપ્ત કર્યા પછી "ॐ ॐ पद्मासनाय नमः ।" મન્ત્રનો જાપ કરતા ઉપાસક પદ્માસન વાળે છે. આના પછી શરીર શુદ્ધિનો મંત્ર આવે છે, જેને બાલીભાષામાં "मंत्राणि शरीर" કહેવામાં આવે છે. – "ॐ प्रसादस्थितिशरीरशिवशुचिनिमलाय नमः ।" ઉપાસકની સામે ઢાંકેલી પૂજાની થાળી રાખવામાં આવે છે. તેને અનાવૃત્ત કરવા માટે ઈશ્વરને "ॐ इं ईश्वरप्रतिष्ठां जनलीलाय नमः स्वाहा ।" થી નમસ્કાર કરવામાં આવે છે. કેટલાંક બીજોનું પણ ઉચ્ચારણ કરવામાં આવે છે. –

"स ब त इ न म शि व य अं उं म"

પૂજાની થાળીમાંથી ઉપાસક "ॐ उं ब्रह्मा अमृतदीपाय नमः ।" નું ઉચ્ચારણ કરી "अमृतदीप" ઉઠાવે છે. ત્યારપછી "ॐ उं रः फट् अस्त्राय नमः । आत्मतत्त्वाय नमः..." મંત્રના ઉચ્ચારણથી હાથમાં ફૂલોને ધારણ કરે છે.

પૂજાનો બીજો ક્રમ તર્જનીને શુદ્ધ કરવાના આરંભથી થાય છે. તેને બાલીભાષામાં 'કરશુદ્ધિ ચતુરંગુણ' કહે છે. તેનો મંત્ર "ॐ शोधाय मां.... ॐ अग्निरुद्राय नमः ।" છે. અંગ – પ્રત્યંગ ન્યાસ વિશિષ્ટ મંત્રોની સાથે કરવામાં આવે છે. અર્ધ્યપાત્રની ઉપર કમળ રાખવું, ત્રિપાદ ઉઠાવવો, હાથ જોડવા, ત્રિપાદ નીચે રાખવા, ગંધ અક્ષતઃ નાખવા, પ્રદીપની તરફ મુખ રાખવું, ધૂપપાત્રની સાથે અર્ધ્યથી સાત વાર આરતી કરવી, ધૂપના ધૂમાડાને ગ્રહણ કરવો, પૂજાના પાત્રને ઢાંકવો, ઢાંકેલું ખોલવું, પાત્રમાં જળ ભરવું, ગંધ અને અક્ષતઃ પ્રદાન કરવું, પછી "ॐ अं नमः कुम्भक । ॐ अं नमः पूरक । ॐ मं नमः रेचक ।" મંત્રોનું ઉચ્ચારણ કરીને કુમ્ભક, પૂરક, રેચક કરવામાં આવે છે. પ્રાણાયામ નિશ્ચિત વિધિ અનુસાર કરવામાં આવે છે. ત્યારપછી શ્રી આત્માને શિવદ્વાર સુધી લાવવામાં આવે છે ત્યારપછી –

"ॐ शरीरं कुण्डमित्युक्तमन्तःकरणमिन्धनम् ।..." મંત્રોચ્ચારણ કરીને દગ્ધીકરણ કરવામાં આવે છે. આની પાછળ કેટલાંક શ્લોક આવે છે. જેને 'અમૃતકરણી' કહે છે. સ્પષ્ટ રીતે આ તાન્ત્રિક અને શૈવ ક્રિયાઓ છે. નવશકિતઓની પણ પૂજા થાય છે. બાલીનો ઉપાસક સપ્તતીર્થ પણ જાણે છે – "ॐ अं गङ्गायै नमः । ॐ अं सरस्वत्यै नमः । ॐ अं सिन्धवे नमः । ॐ अं विपाशायै नमः । ॐ अं कौशिक्यै नमः । ॐ अं यमुनायै नमः । ॐ अं शरयवे नमः ।"

ગંગા, સિન્ધુ, બીજી નદીઓ અને સમૂદ્ર માટે પણ તેના દસબાર સ્તોત્ર છે.[૧૧]

તાત્પર્ય એ છે કે, ૐ નું બાલિદ્વીપમાં ખૂબ જ મહત્ત્વ રહેલું છે. સ્પષ્ટ સ્વરૂપ પ્રાપ્ત થાય છે.

## ✧ શ્યામ :–

આ શ્યામ અથવા થાઈ દેશ ભારતને મળતો દેશ છે. અહીં પ્રત્યેક સ્ત્રી–પુરુષ એક–બીજાને મળે ત્યારે નમ્રભાવથી બન્ને હાથ જોડી 'સ્વસ્તિ' શબ્દનું ઉચ્ચારણ કરે છે, અને આ પ્રથાને છોડીને આ દેશમાં સ્વસ્તિ શબ્દને બદલે બીજો કોઈપણ શબ્દ વ્યવહારમાં આવતો જ નથી. નાના–મોટાને નમીને પગે લાગે છે ત્યારે તેના જવાબમાં 'સ્વસ્તિ' જ કહેવામાં આવે છે. અહીંયાના શિલ્પ વિભાગનું ચિહ્ન ગણેશજીની મૂર્તિ જ છે. બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ, નારાયણ, ઈશ્વર, લક્ષ્મી, ઉમા, સરસ્વતી, ગણેશ, શેષનાગ, નંદીગણ, કુબેર, કાર્તિકેય વગેરે દેવતા આ નામોથી જ અહીંયા સંબોધિત કરાયેલાં છે. રામાયણ–મહાભારત, ખાસ કરીને રામાયણથી અહીંયાના લોકો એટલાં જ પરિચિત છે, જેટલા ભારતીય લોકો. રામાયણને અહીંયા રામકીર્તિ કહેવામાં આવે છે. તેના પાત્ર શ્રીરામ, લક્ષ્મણ, સીતા, અંગદ,

હનુમાન, વાલી, સુગ્રીવ, જામવન્ત, નલ, નીલ, દસકન્ધર, કુમ્ભકર્ણ, મેઘનાદ વગેરે નામોથી બોલાવવામાં આવે છે. અહીંયા રામાયણનો ખૂબ જ પ્રચાર છે. રામલીલાનો અહીંયા ખૂબ જ પ્રસાર છે. સામાન્ય રીતે દરેક પ્રસંગે અહીં રામાયણનો ખેલ ભજવવામાં આવે છે. જો 'રામલીલા જ આ દેશનો અભિનય અને નાટયકલાનો આધાર છે.' એમ કહેવામાં કોઈ અતિશયોકિત નથી. સાથે જ રામલીલા અહીં જેટલી લોકપ્રિય છે એટલી ભારતમાં નથી. અહીં આબાલ–વૃદ્ધ દરેક રામાયણ જાણે છે.[૧૨]

તાત્પર્ય એ છે કે, રામ, સીતા, ઉમા, ગણેશ, નારાયણ, સરસ્વતી, સ્વસ્તિ વગેરે ઓમ્‌ના જ સ્વરૂપો છે. (જુઓ : પ્રકરણ–૧–૧ : ઓમ્‌ના વિભિન્ન અર્થો.)

### ✧ ચમ્પા :–

પૂર્વના દ્વીપોમાં ચમ્પા અથવા અનામનું વર્ણન પણ વિશેષ ઉલ્લેખનીય છે. અન્ય દ્વીપોની જેમ અહીંયા પણ ભારતીય ધર્મનો પ્રચાર થયેલો છે. શૈવ ધર્મની પ્રધાનતા આજ સુધી મળી આવે છે. જે શિલાલેખ મળે છે, તેમાં શિવ, વિષ્ણુ, બ્રહ્મા અને બુદ્ધનું વર્ણન મળે છે. પરંતુ તેમાં શિવનું અધિક વર્ણન છે. મંદિર અને શિલાલેખોમાં મહેશ્વર, મહાદેવ, પશુપતિ વગેરે અનેક નામો મળે છે. શિવલિંગોના નામ પણ દેવલિંગેશ્વર, ધર્મલિંગેશ્વર વગેરે મળે છે. શિવ સિવાય 'શકિત' ની પણ ઉપાસના થતી હતી. શકિતના ઉમા, ગૌરી વગેરે નામ હતા. શિવ અને શકિત સિવાય ગણેશની પણ પૂજા થતી હતી. અહીંયા વૈષ્ણવ ધર્મ અને બૌદ્ધ ધર્મનો પણ પ્રચાર થયો હતો. શિવની જેમ વિષ્ણુની પણ પૂજા થતી હતી. શિલાલેખોમાં ભગવાન વિષ્ણુના કેટલાંક નામો મળે છે. ભારત વર્ષની જેમ ત્યાં પણ રામ, કૃષ્ણની લીલાઓનો પ્રચાર હતો. શિલાલેખોમાં લીલાઓનું વર્ણન મળે છે. ગરુડ અને વાસુકીનું પણ વર્ણન મળે છે. કેટલાક પ્રતાપી રાજાઓ તો પોતાને વિષ્ણુનો અવતાર માનતા હતા. વિષ્ણુની સાથે જ લક્ષ્મીની પણ પૂજા થતી હતી. સ્ત્રીઓ લક્ષ્મીની પૂજાને વિશેષ મહત્ત્વ આપતી હતી. લક્ષ્મીજીની ઉત્પત્તિના વિષયમાં ચમ્પા નિવાસીઓની ધારણા, ભારતીય ધારણાથી કંઈક જુદી હતી. આવી રીતે બ્રહ્માનું વર્ણન મળે છે. ચારમુખવાળી મૂર્તિઓ પણ મળે છે. આ બધી મૂર્તિઓને જોઈને એવું પ્રતીત થાય છે કે ચમ્પાની મૂર્તિકલા ભારતીય મૂર્તિકલા જેવી જ હતી. આ ત્રણ દેવો સિવાય બીજા દેવતાઓની પણ પૂજા થતી હતી. એમાં સૂર્ય, ચન્દ્ર, વરુણ, અગ્નિ, કુબેર તેમજ યમરાજ વગેરે દેવતા પ્રમુખ હતા. નાગો અને રાક્ષસોની પણ પૂજા થતી હતી. આ બધી મૂર્તિઓ બનતી હતી અને તે મૂર્તિઓની વિધિપૂર્વક પૂજા થતી હતી. રામાયણ, મહાભારત અને ધર્મશાસ્ત્રોથી ચમ્પા નિવાસી ખૂબ સારી રીતે પરિચિત હતા.[૧૩]

તાત્પર્ય એ છે કે, રામ, શિવ, લક્ષ્મી, સૂર્ય, ચન્દ્ર, ઉમા, કૃષ્ણ વગેરે ઓમ્‌ના સ્વરૂપો જ છે. (જુઓ : પ્રકરણ–૧–૧ : ઓમ્‌ના વિભિન્ન અર્થો.)

## ✧ અન્ય દેશો :–

ઓસ્ટ્રેલીયા અને ન્યુઝીલૈંડમાં માબરી જાતિના લોકો સ્વસ્તિકને પોતાના જીવનના શુભ પ્રતીકોમાં એક માને છે. તિબ્બતમાં લોકો પોતાના શરીરમાં સ્વસ્તિક આકારના છૂંદણા કરાવે છે. સ્વસ્તિકનું પ્રચલન ફારસમાં પણ છે. પુરોહિતોના ચોંગો પર સ્વસ્તિકનું ચિહ્ન બનાવવામાં આવે છે. કૈકય દેશમાં સ્વસ્તિકને પરમ પવિત્રતાનું પ્રતીક માને છે. અલજીરીયા અને મિસ્રમાં પણ તેનું બહુવિધપણું છે. મિસ્રનિવાસિયોનો વિશ્વાસ કહે છે કે, સ્વસ્તિક તેના દેશમાં યૂનાનથી આવ્યું. યૂનાનમાં માટી, પીતળ અને સોનાના વાસણ પર સ્વસ્તિક વધુ હતા. આ તેના પ્રાચીનકાળના ઈતિહાસથી એવું લાગે છે. સાઈપ્રેસ દ્વીપમાં દેવતાઓની મૂર્તિઓ પર સ્વસ્તિકના ચિહ્ન મળે છે. ક્રીટના એક રજત સિક્કામાં સ્વસ્તિક અંકિત છે. આનાથી યુરોપમાં સ્વસ્તિકની પ્રાચીનતાનો સંકેત મળે છે. ઈટાલીમાં સ્વસ્તિકનું પ્રચલન સંકેત કરે છે કે, અહીંયાથી યુરોપના અન્ય દેશોમાં તેનો પ્રચાર થયો. સ્કોટલૈંડમાં એબરડીન શાયરમાં ચાલીસ અક્ષરોનો એક શિલાલેખ મળે છે. અક્ષરોના મધ્યભાગમાં સ્વસ્તિક છે. અત્યાર સુધી લિપિ જાણી શકાય નથી; સમ્ભવ છે કે, આ શિલાલેખોમાં સ્વસ્તિક કોઈ વર્ણ અથવા સંખ્યાનો પૂરક હોય. આ શિલાલેખના આધારે કહી શકાય કે પ્રાચીન સમયમાં યુરોપએ પ્રતીકની સાથે–સાથે સ્વસ્તિકનો વર્ણ અથવા સંખ્યાના રૂપમાં સ્વીકાર કર્યો હતો.[૧૪]

ઘંટાનાદ એ પણ પ્રણવનું જ સ્વરૂપ છે. ભારત સિવાયના અન્ય દેશોમાં પણ ઘંટનો ઉપયોગ થાય છે. બૌદ્ધ, જૈન, ઈસાઈઓ પણ ઘંટનો ઉપયોગ કરે છે. ભારત સિવાય બર્મા, ચીન, જાપાન, મિસ્ર, યૂનાન, રોમ, ફ્રાંસ, રુસ, ઈંગ્લેન્ડ વગેરેમાં પણ ઘંટનો વ્યવહાર પ્રાચીનકાળથી છે. જૈન – બૌદ્ધ મંદિરોમાં પણ ઘંટ લટકાવવામાં આવે છે. જેને લોકો આવતાં–જતાં વગાડયાં કરે છે. બર્માના ઘંટમાં લટકન નથી હોતી. તે હરણના શિંગડા અથવા હથૌડીથી વગાડવામાં આવે છે. બર્મા વગેરેમાં ખૂબ મોટા ઘંટનો પ્રચાર છે. રંગૂનના 'શૂયેદાગુન' મંદિરમાં ૧૧૫૪ મણ ૧૫ શેરનો ઘંટ છે. મેંગૂનનો ઘંટ ૧૮ ફુટ ઉંચો અને લગભગ ૨૫૦૦ મણનો છે. ચીનની પ્રાચીન રાજધાની પેકીંગના એક નાના મઠમાં ૧૪૪૭ મણ, ૨૨ શેરનો ઘંટ છે. અને તેના પર ચીની ભાષામાં બૌદ્ધ ધર્મનો ઉપદેશ કોતરેલા છે. આ નગરમાં સાત ઘંટ છે, જેમાંથી પ્રત્યેકનો બોજ ૧૩૬૫ મણનો લગભગ છે.

મિસ્ર અને યૂનાનમાં પણ પ્રાચીનકાળમાં ઘંટનો પ્રચાર હતો. મિસ્રમાં 'ઓરસિસ ભોજ' નામના ઉત્સવની સૂચના ઘંટ વગાડીને આપવામાં આવતી હતી. યહુદીયોના પ્રધાન યાજક 'આરત' પોતાના કુર્તામાં નાની–નાની ઘંટીઓ શીવડાવતા હતા. યૂનાનના સૈનિક–શિબિરોમાં ઘંટ વાગતો હતો. રોમમાં ઘંટ વગાડીને સ્નાન વગેરેની સૂચના આપવાની પ્રથા હતી. કૈમ્પાનિયામાં પહેલાં–પહેલાં મોટો ઘંટ બન્યો અને તેને

કૈમ્પના નામ આપવામાં આવ્યું હતું. આનાથી ગિર્જાઘરોના તે બુર્જોનો, જેમાં મોટા ઘંટ લટકાવેલ રહે છે, 'કેમ્પેનાઈલ' કહે છે. ગિર્જાઘરોમાં પ્રાર્થનાના સમયની સૂચના ઘંટ વગાડીને આપવામાં આવતી. ગિર્જાઘરોમાં કેટલાંક ઘંટ વિશાળતા માટે વિશ્વમાં પ્રસિદ્ધ છે. એમાંથી રુસના માસ્કોનગરમાં ૧૭૦૬ ઘંટ હતા. તેમાં એક ૩૬૦૦ મણનો હતો. તેની લટકન હલાવવા માટે ૨૪ માણસો થતાં હતા. એક વખત પડીને ટૂટી ગયો ત્યારે સન્ ૧૭૯૧ માં ૮ લાખ, ૭૧ હજાર રૂા. લગાવીને ફરી બનાવવામાં આવ્યો. આ વખતે ૬૦ ફૂટ ૯ ઈંચના ઘેરાવાવાળો, ૨ ફૂટ મોટો અને ૪૨૮૬ મણ વજનનો બન્યો. ત્યારથી આનું નામ 'ઘંટારાજ' પડી ગયું. આનો એકભાગ કેટલોક ટૂટી ગયો છે, જેથી તેમાં દરવાજા જેવું બની ગયું છે. આ ઘંટ આજે 'છોટાગિર્જા' કહેવામાં આવે છે. આનો ટૂટેલ અંશ ૪ મણનો છે. ઈસાઈ પ્રાચીન સમયથી ઘંટને પવિત્ર માનતા રહ્યા છે. ઈંગ્લેન્ડ, ફ્રાન્સ વગેરેમાં આવા ઘંટ છે.[૧૫]

તાત્પર્ય એ છે કે, સ્વસ્તિક, ઘંટાનાદ વગેરે ઓમ્‌ના જ જેવા સ્વરૂપો છે.

નિષ્કર્ષ એ છે કે, વિશ્વના મોટાભાગના દેશોમાં ઓમ્‌નું કોઈને કોઈ સ્વરૂપ પ્રાપ્ત થાય છે. મલાયાપ્રાયદ્વીપમાં ગણેશ, દુર્ગા, નંદી, ફિલિપાઈનમાં વિવિધ દેવ–દેવીઓ, જાપાનમાં અગ્નિ, સૂર્ય, કમ્બોડિયામાં શિવ, વિષ્ણુ, થાઈલેંડમાં રામ, ચીનમાં સ્વસ્તિક, અમેરિકામાં સ્વસ્તિક, ગણેશ, રામ, બાલિદ્વીપમાં ૐ, શ્યામમાં સ્વસ્તિક, ચમ્પામાં શિવ, વિષ્ણુ તેમજ અન્ય દેશોમાં ઘંટાનાદ, તેમજ સ્વસ્તિકનો પ્રયોગ થયેલો છે. નાદ એટલે અવાજ. શિવાનંદ સ્વામી આ બાબતને સમર્થન આપતા કહે છે કે...,

"ૐ બધા અવાજોનું મૂળ છે."[૧૬]

ચન્દ્રકાન્ત બક્ષી આ વાતને પુષ્ટ કરતાં કહે છે કે, "ૐ એક અવિનાશી અક્ષર છે. મેંગોલીયા, થાઈલેંડ, ઈન્ડોનેશીયા, તિબેટ, કમ્બોડિયા, બર્મા, ચીન, જાપાન સર્વત્ર ઓમ્‌ની સંજ્ઞા ભિન્ન–ભિન્ન સ્વરૂપે પહોંચી ગઈ છે. કદાચ ૐ અક્ષર અને સંજ્ઞા બન્ને છે.[૧૭]" આમ, ઓમ્‌ના સ્વરૂપો જુદા–જુદા છે તાત્ત્વિક દૃષ્ટિએ તો એક જ જણાય છે.

## સંદર્ભ પ્રકરણ : ૨ – ૧૨ : વિશ્વના દેશો અને ઓમ્ :


૧. कल्याण - १९५०, वर्ष - २४, फरवरी, पृ. ९२५ ।

૨. कल्याण - १९५०, वर्ष - २४, फरवरी, पृ. ९२६ ।

૩. कल्याण - १९५०, वर्ष - २४, फरवरी, पृ. ९२४ ।

૪. कल्याण - १९५०, वर्ष - २४, फरवरी, पृ. ९२४ ।

૫. कल्याण - १९५०, वर्ष - २४, फरवरी, पृ. ९२२ - ९२३ ।

૬. कल्याण - १९५०, वर्ष - २४, फरवरी, पृ. ९४१ - ९४४ ।

૭. कल्याण - १९५०, वर्ष - २४, फरवरी, पृ. ९२६ ।

૮. कल्याण - १९५०, वर्ष - २४, फरवरी, पृ. ९४१ - ९४४ ।

૯. कल्याण - १९५०, वर्ष - २४, फरवरी, पृ. ९२६ - ९२९ ।

૧૦. कल्याण - १९५०, वर्ष - २४, फरवरी, पृ. ९४१ - ९४४ ।

૧૧. कल्याण - १९५०, वर्ष - २४, फरवरी, पृ. ९३० ।

૧૨. कल्याण - १९५०, वर्ष - २४, फरवरी, पृ. ९३१ - ९३२ ।

૧૩. कल्याण - १९५०, वर्ष - २४, फरवरी, पृ. ९३३ - ९३४ ।

૧૪. कल्याण - १९५०, वर्ष - २४, फरवरी, पृ. ९४१ - ९४४ ।

૧૫. कल्याण - १९५०, वर्ष - २४, फरवरी, पृ. ९४९ - ९५० ।

૧૬. યોગના પાઠ (૩); પૃ. ૨૯.

૧૭. શબ્દ અને સાહિત્ય; પૃ. ૧૨૮.

# પ્રકરણ : ૨–૧૩ : અભિલેખો અને સિક્કાઓમાં ઓમ્

કોઈપણ વસ્તુ પર ઉત્કીર્ણ લેખને અભિલેખ તરીકે ઓળખવામાં આવે છે. ભારતમાં અભિલેખો સામાન્ય રીતે શિલાઓ પત્થરો, ધાતુ, માટી, થાંભલાઓ, પટ્ટીઓ, વાસણો, તકતીઓ, ઈંટો, શંખ, હાંથીદાંત, બીજી વસ્તુઓ અને સિક્કાઓ ઉપર જોવાં મળે છે. અભિલેખોમાં પ્રતીકોનું મહત્ત્વનું સ્થાન રહ્યું છે. પ્રતીકોનું અત્યંત સુંદર અને સાર્થક દર્શન ભારતીય અભિલેખોની વિશેષતા છે. ભારતમાં માંગલિક પ્રતીકો દ્વારા રચના નિર્વિઘ્ન પૂર્ણ થાય અને સુરક્ષિત રહે એવી ભાવના વ્યકત કરવામાં આવતી હતી. ૐકાર એ ઈશ્વરનું સર્વોત્તમ નામ છે. ૐકાર માટે તેથી જ શાસ્ત્રમાં પણ કહ્યું છે કે...,

'सर्वेषां मङ्गलानां च बीजं प्रणव एव हि ।'

મધ્યકાલીન અભિલેખોની શરૂઆતમાં પ્રતીક ओं, ओम्, ओ३म् જણાય આવે છે.

અલબરુની અભિલેખોની શરૂઆતમાં માંગલિક પ્રતીકને 'પ્રણવ' અથવા 'ઓમ્' ના ધ્વનિનો સૂચક માન્યો છે. કયારેક–કયારેક પ્રતીક 'ओम-सिद्धिः' ઘણા બધા અભિલેખો અને તામ્રપટ્ટ, અનુદાનોની શરૂઆતમાં મળે છે. કેટલાંક મધ્યકાલીન રક્ષામંત્ર, રાજકીય અધિકારપત્રોની જેમ બનાવેલા છે. તેના પ્રારંભમાં 'ओम-सिद्धिः' મળે છે. આ પ્રત્યક્ષરૂપથી પ્રતીકનું ઉચ્ચારિતરૂપ છે. ભોજવર્મનની બેલ્વ પટ્ટિઓના પ્રારંભમાં પ્રતીકની આગળ 'ओम-सिद्धिः' મળે છે. સામાન્ય રીતે આ પ્રતીક બંગાળના પૂર્વીક્ષેત્રોમાં હજી પાછળના સમય સુધી પ્રયોગમાં લેવાતો હતો. આ પ્રતીક ત્રણ ભુજાઓ વાળા ક્રોસના અંક ૭ ઉપર લગાવવામાં આવતા અથવા અનુસ્વાર બંગાલના મધ્યકાલીન અભિલેખોમાં પ્રાપ્ત ૪ અંકની જેમ છે. તમિલમાં આ ચિહ્ન 'પિલ્લયર્શૂલિ' (ગણેશની ઘૂંઘરાલી લટ) તરીકે ઓળખવામાં આવે છે.[1] શિવાનંદ સ્વામી પણ કહે છે કે, ગણેશ જ ઓમ્નું આલેખન ધરાવે છે.[2] (વધુ વિગત માટે જુઓ : પ્રકરણ : ૧ – ૧ : ઓમ્ના વિભિન્ન અર્થો : ગણેશ)

ઘણાં બધા પ્રારંભિક પુરાલેખોમાં માંગલિક શબ્દ 'सिद्धम्' પ્રાપ્ત થાય છે. સામાન્ય રીતે પરવર્તીકાળમાં આ શબ્દ એક ભિન્ન આકૃતિના પ્રતીક દ્વારા સૂચિત કરવામાં આવતો હતો. આ પ્રતીક પછી સામાન્યતયા માંગલિક શબ્દ 'स्वस्ति' નો પ્રયોગ થવા લાગ્યો. સ્વસ્તિ આર્યોનું આદિમાંગલિક પ્રતીક છે. સ્વસ્તિ કેટલાંક પુરાલેખોના પ્રારંભમાં એકલો જ પ્રયોજાયેલા છે. કયારેક મંગલવાચક 'सिद्ध-अस्तु' આ મંગલ જે 'सिद्धम्' ને સમાન થતું હતું. પ્રલેખોના અંતે પ્રાપ્ત થાય છે. આવી રીતે પ્રલેખના અંતમાં અપેક્ષાકૃત વધુ મોટા 'स्वस्त्य-अस्तु' થી પ્રારંભ થતાં મંગલવાકયો પ્રાપ્ત થાય છે. કેટલાંક

સ્થળે ફરી એક પ્રતીક, જે **'सिद्धम्'** ના ચિહ્નનું પ્રત્યક્ષતઃ એક પ્રકાર છે, પ્રલેખોના અંતે જોવા મળે છે. અહીં ત્યાં આ પ્રતીક પાઠની વચ્ચમાં વિશેષતયા કોઈ ખંડના સમાપ્ત થતાં પ્રાપ્ત થાય છે. પ્રણવને એન. કે. ભટ્ટસલીએ અલરુબનીનું ખંડન કર્યું છે અને પ્રતીકને **'सिद्धम्'** અથવા **'सिद्धिरस्तु-अस्तु'** ને સૂચિત કરનાર જણાવ્યો છે. સ્વસ્તિક અને નન્દિપદ પ્રતીક અશોકના જોગડના જુદા–જુદા ધર્માપદેશોમાં મળે છે. ત્રણ ભુજાઓ વાળું પ્રતીક, સ્વસ્તિકનું જ પરિસ્કૃતરૂપ છે. જે અશોકના એર્રામુડિ અને રાજુલ ભંડગિરિ એમ. આર. ધર્માદેશોના પ્રારંભમાં મળે છે. સામાન્ય રીતે ત્રીજી સદી ઈ.સ. પહેલાના યુગની સંબંધિત તિથિઓના અનેક પ્રલેખોના આદિ અને અંતમાં પણ આ પ્રતીક સ્વસ્તિક પ્રાપ્ત થાય છે. કોઈ પ્રલ્લેખના આરંભમાં હોવાથી આ પ્રતીક સૌથી પહેલાં પ્રાપ્ત થાય છે. અને કયાંક **'सिद्धम्'** શબ્દ અથવા તો सिध, सिधम् વગેરે પ્રાકૃતરૂપ અને કોઈકવાર स्ध અથવા स्धि ની પછી પણ પ્રાપ્ત થાય છે.

હાથીગુમ્ફા અભિલેખની શરૂઆતમાં સ્વસ્તિક પ્રતીક 'શ્રીવત્સ' તરીકે ઓળખાતા મુકુટ સમાન પ્રતીકની નીચે પ્રાપ્ત થાય છે.

કેટલાંક ઉદાહરણોમાં સ્વસ્તિકની ઉપર બીજા પ્રતીક ત્રિશૂળ ધર્મચક્રની ઉપર ત્રિરત્ન, પદ્મ, વેદિકાવૃક્ષ, અને કેટલાંક અન્ય પ્રતીક પ્રારંભિક અભિલેખોમાં જોવા મળે છે.[૩] આમ જેટલા પ્રાચીન વેદ છે એટલો જ પ્રાચીન **'स्वस्ति'** છે. અથર્વવેદમાં પણ સ્વસ્તિનો ઉલ્લેખ છે. આર્યોએ આવા સ્વસ્તિવચનોના બળથી જ સમસ્ત વિશ્વ માટે સુખ અને શાંતિના સામ્રાજ્ય સ્થાપનની ઉદ્ઘોષણા કરી જનકલ્યાણની સિદ્ધિ કરી હતી.[૪]

મોટા ભાગના મધ્યકાલીન દક્ષિણ અને પશ્ચિમ ભારતીય પ્રલેખ 'मंगलम्महाश्रीः' ની સાથે સમાપ્ત થાય છે. કયારેક **'शुभम् भवतु'** મળે છે. આનો આરંભ **'स्वस्ति जयश्च - अभ्युदयश्च'** થી થાય છે. શ્રી શબ્દ પણ પરાશકિતનો વાચક છે. (જુઓ : પ્રકરણ : ૧ – ૧ : ઓમ્‌ના વિભિન્ન અર્થો : શ્રી) તેથી જ ઈશ્વરના વાચકરૂપે જ 'શ્રી' શબ્દનો પ્રયોગ થતો હશે.

ગુપ્તકાલીન અભિલેખોના માંગલિક શબ્દ **'सिद्धम्'** ને પુરાલેખોના આરંભમાં સામાન્યતયા ડાબી બાજુ ખુલવા વાળા અર્ધચન્દ્રની સમાન આકૃતિની રેખા દ્વારા પ્રસ્તુત કરવામાં આવતો હતો. આ પ્રતીક અથવા અંતઃબિંદુ વિરામચિહ્નને અશોકના કલસી ધર્માદેશોના અંતમાં અનેકવાર મળનાર ચિહ્નની સાથે સમાનતા ધરાવે છે. એમ કહેવામાં આવ્યું છે કે, અનેક વિદ્વાન અને પ્રણવ અર્થાત્ ઓમ્‌નું સૂચક માને છે. આ ચિહ્ન વિશિષ્ટ અને બૌદ્ધપુરાલેખોમાં મળે છે. એવા ઘણાં પ્રમાણ છે જેનાથી આ પ્રતીકને **'सिद्धम्'** અથવા **'सिद्ध अस्तु'** ના રૂપમાં વાંચવાની પુષ્ટિ થાય છે.[૫] તેથી વિરાનંદજી મહારાજ પણ કહે છે

કે, બૌદ્ધદર્શનોમાં શૂન્યમાંથી પ્રણવ અને તેમાંથી વિશ્વની ઉત્પત્તિ થયાનું જણાવ્યું છે.[૬] આમ અંતઃબિન્દુ પણ ઓમ્ અથવા પ્રણવનું વાચક જ જણાય છે. (જુઓ : પ્રકરણ : ૧ – ૧ : ઓમ્‌ના વિભિન્ન અર્થો : શૂન્ય)

કેટલાંક મધ્યકાલીન અભિલેખોના આરંભમાં આ પ્રતીકના સાહચર્યમાં કોઈ 'નમસ્કાર' અવતરણ જેવી રીતે **'ओम् नमः'**, **'ओम् नमः शिवाय'**, **'ओम् नमो नारायणाय'**, **'ओम् नमः श्री विश्वेश्वराय'**, વગેરેથી મળે છે.[૭] 'ओम् नमः शिवाय' માં **'ओम्'** એ સૂક્ષ્મ પ્રણવ છે, **'नमः शिवाय'** એ સ્થૂલ પંચાક્ષર પ્રણવ છે. (જુઓ : પ્રકરણ : ૧ – ૧ : ઓમ્‌ના વિભિન્ન અર્થો) એવી જ રીતે **'ओम् नमो नारायणाय'** આઠ અક્ષરના મંત્રનું વિવેચન કરતાં નારાયણ અને પ્રણવ એક જ બાબત જણાય છે.[૮] આ ઉપરાંત **'ओम स्वस्ति'** મંગલ દ્વારા પણ અભિલેખનો પ્રારંભ પ્રાપ્ત થાય છે. ધીરે–ધીરે પ્રતીકનો પરિષ્કાર થતો ગયો. જે નીચેની તરફ ડાબી બાજુ વળેલો રહેતો અને તેનો ઉપરી ભાગ ડાબી બાજુ અંદરની તરફ ઘુમાવદાર રહેતો હતો. અથવા નીચેની જમણી તરફ વળેલો રહેતો અને તેનો ઉપરનો ભાગ જમણી તરફ અંદરની બાજુ ગોળાકાર રહેતો હતો. કયારેક–કયારેક પ્રતીકનો નીચેનો ભાગ નીચેની તરફ અથવા ઉપરનો અલંકૃત રીતિથી ઝૂકેલો પ્રદર્શિત કરવામાં આવતો હતો. પ્રલેખોમાં એક જ દેશકાળની અન્તર્ગત વામાવર્ત અને દક્ષિણાવર્ત બન્ને પ્રકારના પ્રતીકોનો પ્રયોગ મળે છે. પૂર્વભારતના મધ્યકાલીન અભિલેખોમાં આ પ્રતીક બંગાળના અંક ૭ થી મળતો આવે છે. બંગાળના અંદરના ભાગોમાં આ પ્રતીકનો નીચલો ભાગ ડાબી બાજુ ખૂબ ગોળાકાર પ્રચલિત હતો. અને તેને **'आन्जी'** તરીકે ઓળખવામાં આવતો હતો. બંગાળની વર્ણમાળામાંના ઉપરના ભાગ પર આ પ્રતીક 'આંજી – ક – ખ' કહેવામાં આવતો હતો. આ ઉપરાંત પશ્ચિમી ભારતના મધ્યકાલીન અભિલેખોમાં આ પ્રતીક એક અંક અથવા સંખ્યા જેવી આકૃતિનો દષ્ટિગોચર થાય છે. અને બહુધા તેના ઉપરાંત એક શૂન્ય જેવો ગોળાકાર ચિહ્નનો પ્રયોગ પણ જોવા મળે છે. દક્ષિણ ભારતના પ્રારંભિક અને મધ્યકાલીન પ્રલેખોમાં પ્રાપ્ત થનાર પ્રતીક મોટા ભાગે વામાવર્ત્ત વર્તુળ છે. શૂન્ય એ પણ ઓમ્‌નું જ સ્વરૂપ છે. કોઈક–કોઈકવાર શૂન્યનું સ્વરૂપ શંખની જેવું જણાય છે જેને **'पिल्लैयारश्शूलि'** અથવા ગણેશની લટ કહેવામાં આવે છે. અને બાળકોના અક્ષરારંભના પહેલા એને શીખવવામાં આવે છે.[૯] શંખ પણ ૐકારનું જ સ્વરૂપ છે. (જુઓ : પ્રકરણ : ૨ – ૧૦ : ભારતીય પ્રતીકો અને ઓમ્ : શંખ.) જુનાગઢના गिरिनगरे रुद्रदाम्नः प्रस्तराऽभिलेखः માં अन्धाॐ શબ્દ મળે છે.[૧૦] અહીં પણ ૐ જેવો ઉલ્લેખ હોય તેમ જણાય છે. શાલિહુંડમ્‌થી પ્રાપ્ત અભિલિખિત શંખદલ પ્રાગ્જ્યૌતિષ ધર્મપાલની અનુદાનની કાંસ્યમુહર (જુઓ : પરિશિષ્ટ – ૨)

પ્રાચીન અને મધ્યકાલીન ભારતના કેટલાંક સિક્કઓમાં 'ओम्' પ્રતીકનું કોઈને કોઈ સ્વરૂપ પ્રાપ્ત થાય છે.

દિમિત્રિયસ – ૧૮ – પાછળના ભાગમાં વચ્ચે પાંખયુકત વજ, જેની નીચે જમણી બાજુ એકાક્ષર ચિહ્ન જોવા મળે છે.

તક્ષિલા; ૫૬ – પાછળની બાજુ ઉપર સ્વસ્તિકનું ચિહ્ન છે. આગળ જમણી બાજુ મુખ કરેલો હાથી છે.

માસ – ૨૯ – આગળ જમણી તરફ મુખ કરેલા હાથીનું મસ્તક જેના ગળામાં ઘંટ લટકી રહ્યો છે, પાછળ ડાબી તરફ એકાક્ષર ચિહ્ન છે.

વહી – આગળ ડાબા હાથમાં ત્રિશૂળ લીધેલું અને પાછળ જમણી તરફ એકાક્ષર ચિહ્ન છે.

વોનોનસ અને સ્પલગદમ – ૩૦ – પાછળ નીચે ડાબી તરફ એકાક્ષર ચિહ્ન રહેલું છે.

વિમ કડફાઈસિસ – ૭૧ – પાછળ સામે મુખ કરેલો અને જમણા હાથમાં ત્રિશૂલ અને ડાબામાં મૃગચર્મ લીધેલા શિવ છે.

યૂથીદિમસ – ૧૮–૨૮ – પાછળ નીચે જમણી તરફ એકાક્ષર ચિહ્ન છે.

વાસુદેવ – ૭૨, ૭૪ – પાછળ સામે મુખ કરેલા અને ડાબા હાથમાં ત્રિશૂલ અને જમણામાં પાશ લીધેલા શિવ; તેની પાછળ ડાબી તરફ મુખ કરેલા વૃષભ છે.

પછીના મહાન કુષાણ – ૭૪ – આગળ જમણી તરફ हुं છે.

શકસસેનિયન : વરહ્ત્રન ૫, ૪૨૨–૪૪૦ ઈ. (ક) – ૭૫ પાછળ વાસુદેવના સિક્કાથી ગ્રહણ કરેલા શિવ અને વૃષભ છે.

સુરાષ્ટ્રના ક્ષત્રપ : ચષ્ટન – ૮૦ – પાછળ ડાબી તરફ બાલચન્દ્રમા અને જમણી તરફ તારા છે.

દામનેસ, તિથિયુકત સિક્કા – ૮૩ – પાછળ જમણી તરફ તારા; ડાબી તરફ બાલચન્દ્રમા છે.

અંધ્રગૌતમીપુત, વિલિવાયકુર – ૮૬ – આગળ ઉપર સ્વસ્તિક છે.

ઓદુમ્બર : ઘરઘોષ – ૪૩ – આગળ શિવ, પાછળ ડાબી તરફ ત્રિશૂલ કુઠાર છે.

કુણિન્દ – અમોઘમૂર્તિ – ૫૦ – પાછળ ઉપર ત્રિશૂળ ડાબી તરફ નીચે સ્વસ્તિક છે.

વહી ચિત્રેશ્વર (?) આગળ જમણા હાથમાં ત્રિશૂલ કુઠાર અને ડાબા હાથમાં મૃગચર્મ લીધેલાં શિવ છે.

વહી ઢાળેલ સિક્કા – પાછળ ડાબી તરફ ધર્મચક્ર અને ત્રિશૂળ; જમણી તરફ સ્વસ્તિક છે.

યૌધય – ૬૦ – આગળ જમણી તરફ મુખ કરેલ હાથી છે.

વહી ? બ્રહ્મણયદેવ – આગળ ડાબી તરફ ત્રિશૂલ છે.

મથુરા : હિન્દૂ રાજા, રામદત્ત – ૫૨ આગળ સામે મુખ કરેલો હાથી છે.

મથુરા – ૫૨ – આગળ ઉપર સ્વસ્તિક છે.

અયોધ્યા : ઢાળેલ સિક્કા – ૪૪ – આગળ ઉપર સ્વસ્તિક છે પાછળ ઉપર બાલચન્દ્રમા છે.

વલભી – ૯૮ – પાછળ ત્રિશૂળ છે.

શશાઙ્ક – ૯૩ – આગળ વૃષભ પર સામે મુખ કરીને બેઠેલા શિવ છે.

વહી : હર્ષદેવ, જેનો કોઙ્ગુદેશ (જુઓ–૧૨૫) આગળ જમણી તરફ મુખ કરેલો હાથી છે.

પદ્માવતીના નાગ : ગણપતિનાગ – ૧૦૧ – પાછળ શ્રીગણપત્યુ છે.

હૂણ – ફીરુજનો શાસનકાળ (૪૭૧–૪૮૬ ઈ.) ના ઉત્તરાર્ધમાં સસેનિયન મુદ્રાશૈલીથી અનુકૃત – ૧૦૫ – પાછળ ડાબી તરફ બાલચન્દ્રમા; ઉપર જમણી તરફ તારો છે.

કનૌજ : શ્રીમદ્ અધ્વિરાહ, ભોજદેવ – ૧૧૦ – આગળ જમણી તરફ મુખ કરેલા વરાહાવતારમાં વિષ્ણુ છે.[૧૧] (સિક્કાઓના ચિત્રો માટે જુઓ : પરિશિષ્ટ ક્રમાંક : ૨)

આ બધા જ સિક્કાઓમાં સ્વસ્તિક, શિવ, એકાક્ષરચિહ્ન, ત્રિશૂળ, હાથી, બાલચન્દ્રમા, વિષ્ણુ, તારા વગેરે ઓમ્‌ના સ્વરૂપો જ જોવા મળે છે. (જુઓ : પ્રકરણ : ૧ – ૧ : ઓમ્‌ના વિભિન્ન અર્થો,

પ્રકરણ : ૨ – ૧૦ : ભારતીય પ્રતીકો અને ઓમ્.) આ બાબતને સંત યોગભિક્ષુ પણ સમર્થન આપે છે. (જુઓ : પરિશિષ્ટ ક્રમાંક – ૧ : સર્વાકૃતિ દર્શક પ્રણવટ્ટ અને પ્રણવ વિસ્તાર પટ્ટ – શ્રીમન્નથુરામ શર્મા.)

આ બાબતને પુષ્ટ કરતાં જૈનઆચાર્યવિરચિત 'મંત્રવ્યાકરણ' ના એક સ્તોત્રમાં કહ્યું છે કે,

ब्रह्मा विष्णुः शिवो देवो गणेशो वासवस्तथा ।
सूर्यचन्द्रस्त्वमेवातः ॐकाराय नमो नमः ।।[१२]

(વધુ વિગત માટે જુઓ : પરિશિષ્ટ – ૩ : ॐकार स्तोत्रम् ।)

નિષ્કર્ષ એ છે કે, ૐકાર શિલાલેખો અને સિક્કાઓમાં કોઈને કોઈ રૂપે પ્રાપ્ત થાય છે.

## સંદર્ભ પ્રકરણ : ૨ – ૧૩ : અભિલેખો અને સિક્કાઓમાં ઓમ્ :


૧. भारतीय पुरालिपिविद्या; पृ. ९५ - १०१ ॥

૨. યોગના પાઠ – (૧૩), પૃ. ૧૮.

૩. भारतीय पुरालिपिविद्या; पृ. ९५ - १०१ ॥

૪. स्वस्ति मात्र उत पित्रे नो अस्तु
स्वस्ति गोभ्यो जगते पुरुषेभ्यः ।
विश्वं सुभूतं सुविदित्रं
नो अस्तु ज्योगेव दृशेम सूर्यम् ॥
अथर्ववेद - १ - ३१ - ४ ।त्र

૫. भारतीय पुरालिपिविद्या; पृ. ९५ - १०१ ॥

૬. ૐકાર ઉપાસના અને સિદ્ધિ, પૃ. ૧૩૫.

૭. भारतीय पुरालिपिविद्या; पृ. ९५ - १०१ ॥

૮. नारायणोपनिषद् । (જુઓ : પ્રકરણ : ૧–૨–૫.)

૯. भारतीयपुरालिपिविद्या; पृ. ९५ - १०१ ॥

૧૦. अभिलेखमाला, पृ. ७ ।

૧૧. भारतीय इतिहासकेस्तोत्रसिक्के, अनुवादक - डो. रामकुमारराय, पृ. ८३-९४ ।

૧૨. નમસ્કાર મંત્ર સિદ્ધિ, પંડિત ધીરજલાલ શતાવધની, ૐકાર અથવા પ્રણવ મંત્ર, પૃ. ૨૮૮–૨૮૯.

# પ્રકરણ : ૨–૧૪ : આધુનિક વિદ્વાનો, સંતો, સાધકો અને લેખકોની દૃષ્ટિએ ઓમ્

(૧) શિવાનંદ સ્વામી
(૨) પૂજ્યશ્રી મોટા
(૩) સંત આશારામબાપુ
(૪) સંતશ્રી શાન્તવનજી
(૫) સંત મિખાઈલ મીરદાદ
(૬) સ્વામી વિવેકાનંદ
(૭) માતાજી
(૮) વિનોબા
(૯) સ્વામી નિત્યાંનદ અને
સ્વામી પ્રકાશાનંદ
(૧૦) દયાનંદ સરસ્વતી
(૧૧) અવધૂત
(૧૨) રામકૃષ્ણ પરમહંસ
(૧૩) પ્રવીણ
(૧૪) અનવર આગેવાન
(૧૫) ભાણદેવ
(૧૬) સ્વામી સુદર્શનાનંદ
(૧૭) બ્રહ્મચારી શીતલપ્રસાદજી
(૧૮) ડાહ્યાભાઈ મોતીભાઈ પટેલ
(૧૯) શ્રીમન્નથુરામશર્મા
(૨૦) બ્રહ્મલીન સ્વામી શ્રી આત્માનંદગિરિ
(૨૧) અન્ય

# પ્રકરણ : ૨–૧૪ : આધુનિક વિદ્વાનો, સંતો, સાધકો અને લેખકોની દષ્ટિએ ઓમ્

'ઓમ્' અવિનાશી પરમાત્મા છે, અક્ષરબ્રહ્મ છે, પરમ અક્ષર છે. બધા જ વેદ જે પદનો નિર્દેશ કરે છે, જેને લક્ષ્ય માનીને સમગ્ર તપસ્યા અને બ્રહ્મચર્ય અનુષ્ઠિત થાય છે, તે પરમતત્ત્વ ૐકાર છે. અનિર્વચનીય બ્રહ્મનો વાચક અક્ષર ૐકાર પ્રત્યેક વેદમન્ત્રની આદિ અને અંતમાં ઉચ્ચારણ પામેલો અને અંકિત થયેલો વૈદિક ઋષિઓને બ્રહ્માનુભવ અને બ્રહ્મદર્શનમાં સહાયક બન્યો છે. સૃષ્ટિના કોઈ અજ્ઞાત શુભારંભના દિવસે સૃષ્ટાબ્રહ્માના કંઠથી, અનંતની પ્રેરણાથી આ પ્રણવધ્વનિ ઉદ્ગીથ થઈ છે. તે અજ્ઞાત–અતીત કાળથી વેદમાં અને ધર્મમાં નાદબ્રહ્મની રુપાભિવ્યકિત પ્રણવ સમાહત થતી આવી રહી છે. કહ્યું છે કે,

ॐकारश्चाथ शब्दश्च द्वावेतौ ब्रह्मणः पुरा ।
कण्ठं भित्वा विनिर्यातो तस्मान्माङ्गलिकावुभौ ॥

'ૐકાર' અને 'અથ' શબ્દ મંગલવાચક છે. જે બન્ને શબ્દસૃષ્ટિના પ્રારંભમાં બ્રહ્માના કંઠથી વિનિર્ગત થયા હતા. આમ પરાપૂર્વકાળથી ભારતમાં ઓમ્નું ખૂબ જ મહત્ત્વ રહ્યું છે. મૂળગ્રંથોમાં તો ઓમ્નું મહત્ત્વ છે જ, પરંતુ આધુનિક વિદ્વાનો, સંતો, સાધકો અને લેખકોએ પણ ઓમ્નો મહિમા પોતાના ગ્રંથોમાં ખૂબ ગાયો છે. કેટલાંક સંતો, સાધનો, લેખકો, કવિઓએ પણ ઓમ્ વિશે પોતાના વિચારો વ્યકત કર્યા છે. તે બાબતોને સંકલિત કરી અહીં મૌલિક પરામર્શ રજૂ કરવાનો સર્વાંગીણ નમ્ર પ્રયત્ન છે.

## (૧) સ્વામી શિવાનંદ :

શિવાનંદ સ્વામીએ ઓમ્નો મહિમા ખૂબ જ ગાયો છે. ઓમ્ના અનેક અર્થો તેમણે આપ્યા છે. ૐ પવિત્ર એકાક્ષર, ગૂઢ અક્ષર, અમર અક્ષર, જગતનું અસ્તિત્ત્વ, આપણું હાલવું–ચાલવું, રહેવું તેમજ આરામ કરવું, આપણી શોધનું ગંતવ્ય, બ્રહ્મનું ચિહ્ન, શકિતદર્શક શબ્દ, બધા જીવનોનું જીવન, બધા આત્માઓનો આત્મા, બ્રહ્મ જ, સત્–ચિદાનંદ, અનંત, શાશ્વત, અમરતા, બધી વસ્તુનું ઉદ્ગમસ્થાન, બધા વેદોનું ઉત્પત્તિસ્થાન, બધી ભાષાઓનો આધાર, બધી ત્રિપુટીઓનો લય, બધા અવાજોનું ઉદ્ભવ સ્થાન, મહામંત્ર, સોડહમ્, તત્, સત્, 'તાસ' રાહનાં પગલાં પર પથરાતો પ્રકાશ, નાદબ્રહ્મ, નાદ અવાજ, અવાજ સ્પંદન, અવાજનું પહેલું સ્પંદન, અવાજ પરમોચ્ચ તત્ત્વનું પહેલું પ્રગટીકરણ, બધા સર્જન માટે બુદ્ધિગ્રાહ્ય, વાસ્તવિક રીતનો આધાર નાદ, બધા અવાજોનો લય, બધી વાણી કે શબ્દ સમૂહોનો લય, ભ્રમરોનું ગુંજન, નાઈટિંગેલની મધુર સુરાવલિ, સંગીતના સત્યસૂર, મૃંદગનો ઘોષ, નગારાનો નાદ, બંસી અને વીણાનું સુરીલું સંગીત, સિંહની ગર્જના, પ્રેમીનું ગાન, ઘોડાનો હણહણાટ, નાગનો ફૂંફાડો, અપંગના હુ–હુ અવાજ,

બાળકનું રુદન, પ્રેક્ષકોનો તાળીનો ગડગડાટ, વહેતી ગંગાનો ખળખળ અવાજ, બજારની ભીડમાંથી આગળ વધતો અને દૂર અંતર પર સંભળાતો ઘૂઘવાટ, એન્જિનના ફલાઈવ્હીલનો સૂસવાટ, વરસાદનો કરકરાટ... વગેરે અવાજો, બધા અવાજોનો મૂળ આધાર, બધી ભાષાઓનો ઉદ્ભવ, સર્વે સર્વા, તમારું ખરું નામ, ઈન્દ્રિયજગતને ઉત્પન્ન કરનાર, મનુષ્યના ત્રણ પ્રકારના બધા અનુભવોને આવરી લેનાર, તમારા જીવન, વિચાર અને બુદ્ધિનો પાયો,

બ્રહ્મા-વિષ્ણુ-શિવ, ભૂત-વર્તમાન-ભવિષ્ય, જન્મ-જીવન-મૃત્યુ, સર્જન-પાલન-વિનાશ, જાગ્રત-સ્વપ્ન- સુષુપ્તિ, અસ્તિત્ત્વ-અનસ્તિત્ત્વ-અસ્તિત્ત્વમાં આવવું વગેરે બધા પ્રકારની ત્રિપુટીઓનું નિરૂપણ કરનાર, સરસ્વતી- લક્ષ્મી-દુર્ગા, પિતા-પુત્ર-પરમપિતા, રજસ્-તમસ્-સત્ત્વ, શરીર-મન-આત્મા, સત્-ચિત્-આનંદ, સર્વજ્ઞતા- સર્વશકિતમત્તા-સર્વવિદ્યમાનતા, સ્થૂળ -સૂક્ષ્મ-કારણ-જેવી બધી ત્રિપુટીઓનો નિર્દેશ કરનાર, 'તત્ ત્વમ્ અસિ' મહાવાકયને નિરૂપનાર, 'અ' જીવ છે, 'મ' ઈશ્વર છે અને 'ૐ' જીવ-ઈશ્વરનાં યોગઐકય અથવા બ્રહ્મનું સૂચક, મહાનમંત્ર, બધા મંત્રોની શરૂઆત, બધા મંત્રોનું જીવન અને પ્રાણ, બધા ઉપનિષદની શરૂઆત, ગાયત્રીમંત્રનો આરંભ, દેવતાઓનાં અર્ઘ્યની શરૂઆત છે.

આ ઉપરાંત ઓમ્ના જપની અસર શરીર, મન, હૃદય પર થાય છે, આત્મતત્ત્વ પર થાય છે. સામૂહિક જપની અસરો પણ ખૂબ થાય છે. વગેરે બાબતોનું વિસ્તૃત નિરૂપણ કરાયું છે.[1]

તેમણે સ્તોત્ર પણ રચ્યું છે, જેમ કે...,

ॐकार स्मरण स्तोत्रम् ।

ॐ स्मरणात् कीर्तनाद्वापिश्रवणाच्च जपादपि ।
ब्रह्म तत्प्राप्यते नित्यमोमित्येतत्पराज्यणम् ॥१॥

ॐ इति स्मरणेनैव ब्रह्मज्ञानं परावरम् ।
तदेकमोक्षसिद्धिं च तद्देवामृतमश्नुते ॥२॥

तैलधारामिवाच्छिन्नं दीर्घघंटानिनादवत् ।
उपास्यं प्रणवस्याग्रं यस्तं वेद स वेदवित् ॥३॥

बुद्धितत्त्वेन धीदोषशून्यमेकान्तवासिना ।
दीर्घः प्रणवमुच्चार्य मनोराज्यं विजीयते ॥४॥

नासाग्रे बुद्धिमारोप्यं हस्तापादौ च संयमेत् ।
मनः सर्वत्र संगृह्य ॐकारं तत्र चिन्तयेत् ॥५॥

ॐ इत्येकाक्षरध्यानात् विष्णुर्विष्णुत्वमाप्तवान् ।
ब्रह्मा ब्रह्मत्वमापन्नः शिवतामभवत् शिवः ॥६॥

(– પ્રણવરહસ્ય, (સ્વામી શિવાનંદ), પૃ. ૧૨–૧૩, ૧૯૪૦.)

તાત્પર્ય એ છે કે, શિવાનંદ સ્વામી ૐને જ પરબ્રહ્મનું સર્વશ્રેષ્ઠ પ્રતીક માને છે સૃષ્ટિની ઉત્પત્તિ તેનાથી જ થઈ છે. ઓમ્ જ સર્વત્ર છે. ઓમ્‌ના જપનું વિશેષ મહત્ત્વ છે.

## (૨) પૂજ્યશ્રી મોટા :

હરિઃ ૐ આશ્રમ, નડિયાદના સ્થાપક પૂજ્યશ્રી મોટાએ ઓમ્‌નું શબ્દરૂપે વર્ણન કર્યું છે. તેથી તો તેમણે કહ્યું છે કે..,

"શબ્દમાં શબ્દથી ઉંડુ, જ્ઞાન જે શબ્દનું જ છે;
શબ્દની સાધના વિના, કોઈથી ના પમાતું છે."[૨]

તેમણે ભારતીયનો મૂળ શબ્દ ૐકાર કહ્યો છે. શબ્દનું અધ્યાત્મિક વિજ્ઞાન રજૂ કર્યું છે. શબ્દના ઉચ્ચારણથી અહમ્ મોળું પડે છે અને બીજા કરણોની શુદ્ધિ થાય છે.[૩] શબ્દ એ બ્રહ્મ છે સાકાર અને નિરાકાર એવાં ચેતનનાં બે સ્વરૂપ છે. આ બન્નેમાં કોઈ વત્તુ – ઓછું નથી. બન્ને માર્ગમાં પ્રત્યક્ષ લક્ષણ સરખાં છે અને તે શબ્દ છે. શબ્દમાં કોઈ શકિત રહેલી છે એનાથી ક્રોધ, દયા, પરોપકારની લાગણી ઉપજે છે. શબ્દમાં આવી શકિત નિર્વિવાદ છે. આત્માના તત્ત્વને અનુભવવા માટે સરળમાં સરળ સાધન છે. શબ્દની શકિતને વિકસાવવાથી ચેતનનો અનુભવ થઈ શકે છે. શબ્દની સફળ સાધનાને દરેક ધર્મમાં સ્થાન આપવામાં આવ્યું છે. ઉત્તમ બુદ્ધિ કેળવવા શબ્દ જ ઉપયોગી બને છે. શબ્દશકિત વેડફવાથી જ અનેક રોગો થાય છે.[૪] શબ્દની સાધનાથી સાક્ષાત્કાર થઈ શકે. શબ્દમાં સાતત્ય પ્રગટે તો હજાર વર્ષ તપ કરતાંય વૃત્તિઓનો લય ન પમાડી શકાય એ આ એક જીંદગીમાં જ લય પમાડી શકાય છે, એ સ્પષ્ટ દીવા જેવું છે. નામ સ્મરણથી જીવન ઉન્નત કરી શકાય.[૫] નામ સ્મરણથી એકાગ્રતા પ્રાપ્ત થાય છે. ગુણ, શકિત, સળંગતા, નિરવતા, પ્રગટે છે. ભાવનાથી ધારણા અતૂટપણે આપણામાં પ્રગટે ત્યારે જીવનનો પ્રવાહ બદલાય જાય છે. નામ સ્મરણ કરવું. એ જ પ્રથમ પગલું છે.[૬] તેમણે કહ્યું છે કે, સૃષ્ટિમાં મૂળ શબ્દ ૐ છે. ૐમાં જ અખંડ બ્રહ્માંડ સમાયેલું છે. ૐ માં अ, उ, म् ત્રણ અક્ષર છતાં ખરી રીતે એમાં એકેય અક્ષર નથી.

ચેતનમાં જેમ બે પાસાં છે સાકાર અને નિરાકાર. એ જ પ્રમાણે ૐકારમાં 'અક્ષર હોવા છતાં અક્ષર નથી' ૐ બોલવાથી માત્ર આપણામાં ભાવના પ્રગટતી નથી, પણ જે જીવ ભાવના પ્રગટાવવાને માટે એનો સાધન તરીકે ઉપયોગ કરે છે, તેને એ એમાં મદદરૂપ થાય છે. ઘણો લાંબો વખત ૐનો ઉચ્ચાર સતત કરે છે તો ઉચ્ચારથી કરોડરજ્જુમાં જે આંદોલનો ફેલાય છે તેથી ચક્રો ખીલે છે અને એનાથી સમતા પ્રગટે, ત્યારે સંસાર વ્યવહારમાં સરળતા રહે છે. ઘર્ષણ ઘટે છે. ૐકારનું ઉચ્ચારણ માત્ર સંન્યાસીઓ માટે નથી. શબ્દની પહેલાંની સ્થિતિ તે શૂન્યાવસ્થા કે જે ભાવાત્મક છે ત્યાં ૐનું અસ્તિત્ત્વ છે પણ સૂક્ષ્મરૂપે છે. શબ્દ પ્રગટે ત્યારે તે સાકારરૂપે પ્રગટે છે. જીવવું હોય તો શબ્દની ઉપાસના જરૂરી છે. જેનાથી ચેતનનો અનુભવ થાય છે. તેનો અનુભવ કરવા જણાવ્યું છે.[૭]

તાત્પર્ય એ છે કે, ભારતીય સંસ્કૃતિનો મૂળ શબ્દ ૐકાર છે. ૐકાર વ્યવહારિક જીવનમાં દરેક મનુષ્યને જરૂરી છે, જીવન જીવવા માટે પણ ઉપયોગી છે, તેનો અનુભવ કરી શકાય છે. ઉત્તમ જીવન બનાવી શકાય છે. શબ્દની ઉપાસનાનું ખૂબ મહત્ત્વ છે.

## (૩) સંત આશારામબાપુ :

તેમણે પણ ૐનો મહિમા રજૂ કરતાં કહ્યું છે કે, ૐ = અ + ઉ + મ્ (ँ) અર્ધતન્માત્રા. ૐનો 'અ' કાર સ્થૂળ જગતનો દ્યોતક છે 'ૐ' કાર સૂક્ષ્મ જગતનો દ્યોતક છે. (ँ) અર્ધતન્માત્રા કે ત્રણેય જગતથી પ્રભાવિત નથી થતી પરંતુ ત્રણે જગત જેનાથી સત્તા–સ્ફૂર્તિ પામે છે છતાં પણ જેમાં તલ જેટલો પણ ફરક નથી પડતો એ પરમાત્માની દ્યોતક છે. ૐના ઉચ્ચારણનું મહત્ત્વ દર્શાવતા કહ્યું છે કે, 'ૐ'નું ઉચ્ચારણ આત્મિક બળ આપે છે. 'ૐ'ના ઉચ્ચારણથી જીવનશકિત ઉર્ધ્વગામી બને છે. એના સાત વખતના ઉચ્ચારણથી શરીરમાં રહેલા રોગનાં કીટાણુઓનો નાશ થવા લાગે છે અને ચિત્તમાંથી હતાશા–નિરાશા પણ દૂર થાય છે. શાસ્ત્રોમાં ૐ નો મહિમા છે. ૐ ના રહસ્યને જાણવા કેટલાંક વૈજ્ઞાનિકોએ પ્રયોગ કર્યા છે તે બાબતો પણ વર્ણવી છે. મોટા ભાગના ધર્મ–સંપ્રદાયોમાં ૐ નું સ્થાન છે.[૮] આશારામબાપુએ એક દૃષ્ટાંત દ્વારા ઓમ્‌નું મહત્ત્વ દર્શાવ્યું છે. આ દૃષ્ટાંત મુજબ બદ્રીનાથની યાત્રાએ સાધુઓ સાથે શિષ્યો જઈ રહ્યા હતા, તેના પહાડી વિસ્તારમાં એક ઉત્સવમાં લોકો આનંદથી ભજન ગાઈ રહ્યા હતા. તેના ગાનમાં મીઠાશ હતી, પરંતુ ભાષા સમજાતી નહોતી. તેથી અનુભવી સંતને બધા શિષ્યોએ પૂછયું : આ શું ગાઈ રહ્યા છે ? ત્યારે સંતે કહ્યું ''બધા એક ને જ ગાય છે અને એક દ્વારા જ ગાય છે.'' જેમ કે...,

''મુઝમેં રામ, તુઝમેં રામ, સબમેં રામ, સમાયા હૈ,
તુઝમેં ૐ, મુઝમેં ૐ, સબમેં ૐ સમાયા હૈ.''

તેઓ કહે છે કે, આપણા ચૈતન્યનો વાસ્તવિક ધ્વનિ ૐકારને મળતો આવે છે. બાળક જ્યારે જન્મે છે ત્યારે તેનું રુદન ૐકારની રિધમથી જ હોય છે, 'ઊંવાં...ઊંવાં...' જ હોય છે. બાળક ગમે તે દેશ કે ગમે તે ધર્મનું હોય, તેનો ધ્વનિ ૐકારથી જ જોડાયેલો છે. તે જ બાળક જ્યારે વૃદ્ધ થાય કે દરદી થઈ હોસ્પીટલમાં પડયો હોય ત્યારે પણ તેનો અવાજ ૐકારથી મળતો હોય છે. પછી તે ગમે તે જાતિનો કેમ ન હોય ?[૯] તેમણે કહ્યું છે કે, સંસારને સત્ય માનવાને કારણે, ઈન્દ્રિયોમાં પોતાનું જીવન નષ્ટ થવાને કારણે, ભોગોમાં પોતાની બરબાદીને કારણે એ અંદરનો અનાહતનાદ સંભળાતો નથી, 'સોऽહમ્'નો નાદ સંભળાતો નથી. સહજમાં આત્માનો આનંદ પ્રગટતો નથી.[૧૦]

તાત્પર્ય એ છે કે, આપણા ચૈતન્યનો વાસ્તવિક ધ્વનિ ૐકાર છે. વૈજ્ઞાનિકો પણ ૐ ના રહસ્યને સ્વીકારે છે. ૐ કારનો નાદ સર્વત્ર જોવાં મળે છે. સોऽહમ્ અને અનાહતનાદ પણ ૐકાર જેવાં જ છે.

## (૪) સંતશ્રી શાન્તવનજી :

તેમણે ઓમ્‌ના અનેક વાચ્યાર્થો આપ્યા છે. વૈદિક મંત્રનો આરંભ, સમગ્ર બ્રહ્માંડ અને બ્રહ્માંડો સર્જનાર, વર્તમાનની ઉત્પત્તિ, સ્થિતિ અને લય, પરબ્રહ્મ પરમાત્માનું વિરાટમાં વિરાટ અને નાનામાં નાનું સ્વરૂપ, પ્રભુનું પ્યારામાં પ્યારું અને નમણું, સોહામણું, મધુરું, કલ્યાણપ્રદ, નાનામાં નાનું નામ, પ્રણવ, સર્વ મંત્ર–તંત્રરૂપ, સર્વોત્તમ મંત્ર, ગાયત્રીનું ઉદ્‌ગમસ્થાન, સૂક્ષ્મ સ્વરૂપ, સૂક્ષ્મ રહસ્ય, અકથ્ય, અકલ્પ્ય, અદ્વિતીય, અપાર મહિમાવાન, પરબ્રહ્મવાચક, શાસ્ત્રોના પાને–પાને અંકિત, જીવ, જગત અને ઈશ્વરનો જ્ઞાનબોધક, યોગીઓનું પ્યારું ધ્યાન, તત્ત્વચિંતક મહાપુરુષોનું ચિંતન, જ્ઞાનીઓનો જ્ઞાનપ્રકાશ, અંતર્યામીની દિવ્યચેતના, સર્જન, પોષક અને સંહારક પરમશકિત, સંતપ્તહૃદયનું આશ્રયસ્થાન, ચૈતન્યસિન્ધુમાંથી સ્પંદન પામેલા તરંગો, ચિરંતન બ્રહ્મનો સંદેશ, કવિવરોનું વિશ્રામસ્થાન, માનવમાત્રનું કલ્પતરૂ, ચિંતામણિ, પારસમણિ, અણુ–અણુનો અંતર્યામી, ભૌતિક અને આધ્યાત્મિક જ્ઞાન–વિજ્ઞાનનું પરમશસ્ત્ર, ગીતાગાયકનો એકેશ્વરનાદ, બ્રહ્મનું મૂર્તિમંત સ્વરૂપ, સૂફીઓનું પ્રેમસ્વરૂપ, ગુરૂનાનકનો સત્‌નામ, બ્રહ્માંડ અને બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનું આદિકારણ, આત્મશ્રેયસની સંસિદ્ધિ સ્વરૂપ, આત્મ ચિકિત્સકોનું પરમ ઔષધ, જન્મો–જન્મના સૂક્ષ્માતિ સૂક્ષ્મ મળ–વિક્ષેપ–આવરણરૂપ દોષોનું પરમ નિવારણ–પ્રેરકબળ, જેની આરાધનાના પગલે પગલે પ્રેરણા, પ્રકાશ અને ઉન્નતિ મળતાં રહે, મંત્ર રાજ, મંત્ર શિરોમણિ, અમરમંત્ર, સર્વસમર્થ, પરમપાવન, જ્યોતિર્મય, સર્વરિદ્ધિપ્રદાતા, સર્વકષ્ટહર્તા, તે જ ૐ છે.[૧૧] વગેરે અર્થો આપ્યા છે. (જુઓ : પ્રકરણ : ૧–૧ : ઓમ્‌ના વિભિન્ન અર્થો.) તેમણે ૐકાર ઉપાસનાના અનુભૂત પ્રયોગોનું પણ વર્ણન કર્યું છે.[૧૨]

તેમણે કહ્યું છે કે, ૐકારનો અતુલિત મહિમા છે. ભારતીય વૈદિક સંસ્કૃતિમાં સર્વોપરીસ્થાન છે. ૐના અદ્વિતીય અને અપૂર્વ મહિમાને ભારતના ઋષિઓએ સ્વાનુભવ દ્વારા સુવર્ણ અક્ષરે સદ્ગ્રંથોના પાને પાને ગાયો છે. ચૈતન્ય સિન્ધુમાંથી રેલાતાં તરંગોમાં ૐનું દિવ્ય સંગીત સંભળાય છે.[૧૩] પ્રણવમંત્ર છાસઠમાત્રાથી અભેદ્ય છે તેવા ૐકારનો અતુલિત મહિમા વર્ણવ્યો છે.[૧૪]

તાત્પર્ય એ છે કે, ઓમ્ના અનેક અર્થો છે. ભારતીય સંસ્કૃતિમાં મહત્ત્વનું સ્થાન છે. ઓમ્ પરમઉત્કર્ષના બધાં જ દ્વાર ખોલનાર છે.

## (૫) સંત મિખાઈલ મીરદાદ :

સંત મિખાઈલ મીરદાદે ઓમ્નો મહિમા વર્ણવતાં અનેક વ્યાખ્યાઓ કરી છે. અજ્ઞાનરૂપી પાટા અને જકડાંયેલા તાળા તોડવાની ચાવી એક 'શબ્દ' છે. આ એક એવો શબ્દ છે જે તમારા હોઠ પર હંમેશા જ રહે છે. સંત મિખાઈલ મીરદાદ આ શબ્દને 'સર્જનાત્મક શબ્દ' અથવા શબ્દબ્રહ્મ કહે છે.[૧૫] ૐ એ ઈશ્વરનો શાશ્વત શબ્દ – એકમાત્ર શબ્દ છે. આ શબ્દનો ઉપયોગ કરીને નિરાકારે અસંખ્ય સાકારરૂપ બનાવ્યા છે. આ ૐ માં જ્યારે પ્રાણીમાત્રનું 'હું' ફરી પાછું ભળી જશે ત્યારે કર્તા બધાને ફરી નિરાકાર બનાવી પોતાનામય કરી દેશે. જ્યારે જ્યારે હું શબ્દ ઉપયોગમાં લ્યો ત્યારે વિચાર કરજો કે ઈશ્વર તમને અહંમાંથી બચાવી, ૐના પરમાનંદમાં લઈ જાય છે. આ નાના દેખાતા શબ્દમાં જ બીજા બધા શબ્દોનું મૂળ છે. એ શબ્દનો ખરો અર્થ સમજશો તો તમારા મુખમાંથી ચારે તરફ સુંગધ ફેલાશે, અને જીભમાંથી જીવનામૃત ઝરશે; પણ ભૂલેચૂકે એ શબ્દને જડતાથી જકડી લેશો તો તમારું મુખ ગંધાય ઉઠી શબ્દે–શબ્દે મૃત્યુરૂપી વિષ બનશે.

'હું' શબ્દના વિચાર માત્રથી તમારા મગજમાં લાખ્ખો વિચારોનો એક મહાસાગર ઉત્પન્ન થાય છે. તમે પોતે જ વિચાર કરનાર અને વિચાર એમ બન્ને હોઈ તમારા પોતાના હું માંથી જ આ મહાસાગર ઉત્પન્ન થયો હોય છે. 'હું' શબ્દના વિચાર માત્રથી તમારા હૃદયમાં અસંખ્ય લાગણીઓ ઉભરાય છે. આ લાગણીઓ ઉત્પન્ન કરનાર અને અનુભવનાર બન્ને તમારું પોતાનું 'હું' છે. માત્ર હું શબ્દનો ઉપયોગ કરી તમે અસંખ્ય શબ્દો ઉત્પન્ન કરો છો; અને પ્રત્યેક શબ્દ જુદી–જુદી વસ્તુઓના સંજ્ઞારૂપ હોય છે. આ દરેક વસ્તુની દુનિયા ઉત્પન્ન થાય છે ને આવી અસંખ્ય દુનિયા સમગ્ર બ્રહ્માંડનું અંગ બની જાય છે. આ તમારા 'હું' માંથી ઉત્પન્ન થયેલા બ્રહ્માંડનો કર્તા અને કારણ તમે પોતે જ છો. હું એ તમારા જીવનનું મધ્યબિંદુ છે. એમાંથી જ તમારી દુનિયા રચાય છે, તે પછી એમાં જ સમાય છે. જો તમારું હું સ્થિર હશે તો દુનિયાની નાની કે મોટી કોઈપણ વસ્તુની તાકાત નથી કે તમને ડાબેથી જમણે અને જમણેથી ડાબે

ખસેડી શકે, તેઓ કહે છે કે, તમારી દુનિયામાં પારણાં બંધાય છે, ને કબરો ખોદાય છે; ને વળી પારણા બંધાય છે. તમારે ત્યાં રાત દિવસને અને દિવસ રાતને ગળી જવાની સ્પર્ધા ચાલ્યા કરે છે. શાંતિ લડાઈને આમંત્રણ આપે છે. અને લડાઈ શાંતિ મેળવવા મથે છે. હાસ્ય રૂદન કરે છે, ને રૂદન હાસ્યની હાંસી કરે છે તમારે ત્યાં સતત પ્રસૂતિ વેદના હોય છે, ને મૃત્યુ દાયણનું કામ કરે છે. તમારું 'હું' મારા–તારાના વાડાવાળું હોવાથી કોઈને તમે મિત્ર માની અંદર રાખો છો, તો કોઈકને શત્રુ માની બહાર રાખો છો; પરંતુ આ બન્ને તમારા 'હું' ના જ બાળકો હોવાથી વિયોગ સહન કરી શકતા નથી. એમને છૂટાં પાડવા તનતોડ મહેનત કરો છો. સંત મીરદાદ કહે છે કે ઓ સંતો, તમારા 'હું' માં પડેલી ફાટ સાંધતાં મીરદાદ તમને શીખવશે. તમારા 'હું' માં રહેલું વિષ મીરદાદ ખેંચી કાઢશે, ત્યારે પૂર્ણ–જ્ઞાનમાં રહેલી મીઠાશનો અનુભવ તમને થશે.[૧૬] હું નું મહત્ત્વ રજૂ કર્યું છે જે ૐ જેવો જ શબ્દ છે. પ્રાર્થનામાં પણ સર્જનાત્મક શબ્દનું મહત્ત્વ છે. જેમ કે..., "જીવનની ચાવી એ જ સર્જનાત્મક શબ્દ ૐ છે આ સર્જનાત્મક શબ્દની ચાવી પ્રેમ છે. પ્રેમની ચાવી પૂર્ણજ્ઞાન છે. તમારા હૃદયમાં આ જ્ઞાન ભરી દો પછી ઘણા શબ્દો વાળી જાત–જાતની પ્રાર્થના કરવાની જરૂર રહેશે નહિ."[૧૭]

તાત્પર્ય એ છે કે, જીવનની ચાવી એ જ સર્જનાત્મક શબ્દ ૐ છે, ૐ અને હું સમાન છે, ૐ જ સર્વશ્રેષ્ઠ છે.

## (૬) સ્વામી વિવેકાનંદ :

ઈશ્વર પોતાને સ્ફોટરૂપે પરિણત કરે છે અને પછી તે પોતાને વધારે સ્થૂળ ઈન્દ્રિયગ્રાહ્ય જગતરૂપે અભિવ્યકત કરે છે. આ સ્ફોટનો વાચક એકમાત્ર શબ્દ છે, ૐ સૌથી પવિત્ર શબ્દ છે. બધાં નામ અને રૂપોનો તે જનક છે. આ અનાદિ ૐમાંથી જ સમસ્ત બ્રહ્માંડ ઉત્પન્ન થયું. ૐકાર જ સર્વભાવસૂચક પ્રતીક છે. આ સ્ફોટ નાદબ્રહ્મ છે. અ,ઉ,મ્ આ ત્રણે અક્ષરો જ્યારે સાથે ઉચ્ચારાય છે ત્યારે "ૐ" બને છે. આ અક્ષર જ બીજા બધા શકય ઉચ્ચારોનું સર્વ સામાન્ય પ્રતીક થઈ શકે. ૐ અને સ્ફોટ બન્ને એક જ છે સ્ફોટ એ વ્યકત જગતનું સૂક્ષ્મ સ્વરૂપ હોવાથી વધારે નજીક છે અને વાસ્તવિક રીતે ઈશ્વરીયજ્ઞાનની પ્રથમ અભિવ્યકિત છે, એટલા માટે "ૐ" પણ ઈશ્વરનો સાચો સંજ્ઞાવાચક શબ્દ છે. જેવી રીતે ઓછામાં ઓછું વિભકત અને સૌથી વધુ વ્યાપક પ્રતીક જે ૐ એ અખંડ બ્રહ્મનો સૂચક શબ્દ છે.[૧૮] ૐ એ જ એકાક્ષર બ્રહ્મ છે; ૐ એ જ એકાક્ષર સર્વોચ્ચ સત્ય છે; જે આ ૐકારનું રહસ્ય જાણે છે તેને જે જોઈએ તે મળે છે તેથી પ્રથમ આ ૐનું રહસ્ય સમજવા જણાવે છે. તમે તે ૐ છો. આનું રહસ્ય સમજવા કહે છે કે, જ્યારે આ સમજશો ત્યારે તમે જે ઈચ્છશો તે તમને મળશે.[૧૯]

તાત્પર્ય એ છે કે, ૐ સ્ફોટવાચક છે, સૌથી પવિત્ર છે, સર્વભાવસૂચક પ્રતીક છે, ઈશ્વરીયજ્ઞાનની પ્રથમ અભિવ્યકિત છે.

## (૭) માતાજી :

અરવિંદ આશ્રમના ઉપાસક માતાજી કહે છે કે, જપનો મૂળ સિદ્ધાંત ધ્વનિનો જાદુ છે. આ એક અનુભવેલું સત્ય છે. ૐનો ધ્વનિ એક વિશિષ્ટ પ્રકારના આંદોલનો જગાડે છે.[૨૦] ૐની મદદથી પરમાત્માનો સાક્ષાત્કાર પામી શકાય છે. જેમણે ૐનો અખંડ જપ કર્યો છે તેવા મહાયોગીઓના શરીરમાંથી પણ ૐનો ગુંજારવ થતો રહેતો હોય છે. તે પૂરેપૂરા સ્વરૂપને બદલી નાખવાની અમોઘશકિત ધરાવે છે. ૐની અનુભૂતિ વર્ણવતાં તેમણે સુંદર દષ્ટાંત આપ્યું છે, તેઓ કહે છે કે, હું લગભગ ૬૦ વર્ષ પહેલાં ફ્રાંસમાં હતી હિમાલયમાં થોડો વખત રહીને કોઈ ફ્રેન્ચ માણસ પાછો ફર્યા હતો. તેણે તેના પ્રવચનમાં કહ્યું હતું કે, હું હિમાલયમાં બહુ દૂર હતો ત્યારે તદ્દન અજાણ્યો સંન્યાસી એમને મળવા આવ્યો અને એણે માત્ર એક જ શબ્દ મને કહ્યો 'ઓ...મ્' અને એનાથી જ સાવ બદલાય ગયો હતો. એણે ૐ 'ઓ...મ્' શબ્દનો અખંડ ઉચ્ચાર કર્યા કર્યો. મારામાં પણ એવો જ ફેરફાર થતો અનુભવાયો છે... જાણે કે, પ્રભુ સ્વયં મારી અંદર પ્રવેશવા લાગ્યા 'ઓ....મ્' ૐ બરાબર, તું પુનઃ પુનઃ યાદ કરે છેઃ 'ઓ...મ્' 'ઓ....મ્' બસ એટલું જ ૐ નો આવિર્ભાવ થવો જોઈએ. કાંઈપણ ખોટે પાટે ચઢયું હોય તો 'ૐ' નો જાપ કરવો. બધું બરાબર થઈ જશે. મંત્ર એક વિદ્યુત ડાયનેમો છે તમે ચાંપ દબાવો ને શકિતનો સંચાર તમારી અંદર થવા લાગે છે.[૨૧] તેઓ કહે છે કે, પ્રલયોત્તર સૃષ્ટિની શરૂઆતમાં ૐના ઉચ્ચારણથી સાધકોને સ્પષ્ટ અનુભવ થાય છે કે આ મંત્રના ઉચ્ચારણથી વાયુમંડલમાં ચમત્કારિક સ્પન્દન પ્રવાહિત થાય છે. પ્રાચીનકાલથી ઓમ્ વિશ્વના પ્રમુખ ધર્મ–સંપ્રદાયોમાં વિવિધ રૂપોમાં પ્રચલિત છે.[૨૨]

તાત્પર્ય એ છે કે, ઓમ્ના જપની અનુભૂતિ થઈ શકે છે, શકિતનો સંચાર થઈ શકે છે, ૐ ભગવાનના હસ્તાક્ષર છે, પ્રમુખ ધર્મ–સંપ્રદાયોમાં વિવિધરૂપે છે.

## (૮) વિનોબા :

રાષ્ટ્રવાદી નેતા વિનાયક નરસિંહરાવ ભાવે જેને વ્હાલથી વિનોબા તરીકે ઓળખવામાં આવે છે તેમણે પ્રભુના ગુણ અનંત છે, તેથી એનાં નામ પણ અનંત ગણાવ્યાં છે. તેમણે કહ્યું છે કે, પહેલું નામ છે ૐ આ સંસ્કૃતમાં એક શબ્દ છે, નકરો અક્ષર નહીં. અક્ષર તો છે જ, તે ઉપરાંત શબ્દ પણ છે. મરાઠી–ગુજરાતીમાં તેનો અર્થ થાય છે 'હા જી.' આ જે 'હા જી' છે, તેને સંસ્કૃતમાં ૐ કહે છે.

તેમણે ૐ શબ્દને પોતાના જીવનની દિનચર્યામાં કંઈ રીતે મહત્ત્વ આપ્યું તે બાબતને પણ જણાવી છે. તેમણે કહ્યું છે કે, પહેલાં હું જ્યારે સાબરમતી આશ્રમમાં હતો ત્યારે ત્યાં પ્રાર્થનામાં અમારી હાજરી લેવાતી. એક–એકનું નામ બોલાય અને તે કહે, હાજર છું. ત્યારે મારું નામ આવતાં હું 'હાજર છું' ને બદલે, કહેતો ૐ, તેઓ કહે છે તમે પણ આમ કરી શકો છો, જેથી ૐ દ્વારા હાજરી પણ પૂરાય અને ભગવાનનું નામ પણ લેવાય. વળી, બીજી રીતે ૐનો અર્થ કરતાં કહ્યું છે કે, ૐ એટલે અનુકૂળ હોવું. કોઈ પૂછે, જમવા આવશો ? તો તુરત કહી દેવું ૐ અર્થાત્ મને અનુકૂળ છે. પણ કોઈ પૂછે, અમૂક કામ માટે આવશો ? તો શું ના કહેવી ? ત્યારે પણ અનુકૂળ થવું જોઈએ. – ૐ – હાજી, કહેવું જોઈએ. નહીં તો જમવામાં હા અને કામમાં ના. ગમે તે વાતમાં અનુકૂળ જ.[૨૩] વિનોબાએ ૐ જેવા તત્ત્વજ્ઞાનના વિષયને સામાન્ય જીવનમાં વણી લીધું છે.

તાત્પર્ય એ છે કે, ૐ નો દિનચર્યામાં પણ ઉપયોગ થઈ શકે છે, ૐ ના અર્થ છે હા, અનુકૂળ થવું.

## (૯) સ્વામી નિત્યાનંદ અને સ્વામી પ્રકાશાનંદ :

પરમાત્મામાં વૃત્તિ જોડવાનું ૐકારરૂપી સર્વોત્તમ સાધન છે. ૐ બ્રહ્મનો વાચક છે. પરમાત્માનું ધ્યાન કરવા માટે ૐકાર સાથે વૃત્તિ પરમાત્મામાં જોડવી, તેના માટે તેમણે ગાડીનું ખૂબ સુંદર દષ્ટાંત આપ્યું છે. જ્યારે બાળક ચાલતા શીખે છે ત્યારે પહેલા ત્રણ પૈડાંની ગાડીનો આધાર લઈને પોતાના પગ ઉપર ભાર દઈ ઉભું થાય છે અને ગાડીને ધકેલે છે અને ગાડી સાથે ચાલવા પ્રયાસ કરે છે અને પાછળથી ગાડી ઉપરથી હાથ ખસેડી પોતે થોડીવાર ઉભું રહી થોડું થોડું ચાલવા માંડે છે. એમ કરતાં કરતાં બાળક ચાલતા શીખે છે. આ દષ્ટાંત દ્વારા એમ સમજાવ્યું છે કે, જ્યારે જ્યારે સાધક આત્માનુસંધાન કરતા શીખે છે ત્યારે ત્યારે અકાર, ઉકાર અને મકારવાળી ત્રણ પૈડાંની ૐરૂપી ગાડીનું અવલંબન કરી ભકિત અને વૈરાગ્યરૂપ બે પગ ઉપર ભાર દઈને ઉભો થાય છે. ૐ શબ્દની સાથે વૃત્તિનું ઉત્થાન થવાથી સાધક આત્માનું ધ્યાન કરી શકે છે, ગાડી હાથમાંથી છૂટી જાય છતાં બાળક જરાવાર ઉભું રહી પડી જાય તેમ ૐ શબ્દ શાંત થઈ જાય તો પણ વૃત્તિ થોડીવાર ટકી પછી શાંત થઈ જાય છે. ફરીવાર બાળક પ્રયત્ન કરે છે તેમ સાધક ૐ દ્વારા ઉત્થાન કરી આત્માનું ધ્યાન ધરે છે. તેમણે શબ્દાનુવિધ અને શબ્દાનનુવિધ સવિકલ્પ સમાધિ સમજાવી છે. ૐકાર સહિત વૃત્તિ છે ત્યાં સુધી શબ્દાનુવિધ સવિકલ્પ સમાધિ છે. ક્રમે ક્રમે અવલંબન છૂટી જાય છે. શબ્દાનુવિદ્ધ સવિકલ્પ સમાધિમાં દશરથ રાજાનું સુંદર દષ્ટાંત આપ્યું છે. શિકાર અર્થે ગયેલાં. દશરથ રાજાએ શ્રવણ તુંબડું લઈને પાણી ભરતાં જે બુડ બુડ અવાજ સાંભળ્યો અને હાથી સૂંઢ વડે પાણી પીએ છે એમ માની બાણ છોડયું. આ દષ્ટાંતમાં બુડ બુડ શબ્દની સાથે શ્રોત્રઈન્દ્રિયોનો

સંબંધ થયો અને શબ્દવાળી વ્યકિત સાથે વૃત્તિનો સંબંધ થયો. સિદ્ધાંતનો પ્રણવરૂપ શબ્દની સાથે શ્રોત્રઈન્દ્રિયનો સંબંધ છે અને બ્રહ્મ સાથે વૃત્તિનો સંબંધ છે. પ્રણવરૂપ શબ્દથી અનુવિદ્ધ બ્રહ્મરૂપ લક્ષ્યનો વેધ કરવા શ્રુતિ ભગવતી આજ્ઞા કરે છે. જ્યાં સુધી શબ્દાનુવિદ્ધવૃત્તિ હોય ત્યાં સુધી શબ્દવેધ કહેવાય. ૐ શબ્દ બંધ પડી જવાથી એકલી વૃત્તિ માત્ર રહે છે. તેને શબ્દાનનુવિદ્ધ કહે છે. શબ્દાનુવિદ્ધવૃત્તિ જેમ જેમ સત્ત્વપ્રધાન થતી જાય છે તેમ તેમ સૂક્ષ્મતાને પામે છે. જ્યારે વૃત્તિ અતિસૂક્ષ્મ થઈને શુદ્ધ સાત્ત્વિક થાય છે ત્યારે આવરણનો ભંગ કરે છે. ૐકાર આ પ્રકારનો, આ અક્ષર, આ બધું છે. પ્રત્યક્ષ પ્રમાણના વિષયભૂત આ બધું જગત ૐકારરૂપ છે.[૨૪]

તાત્પર્ય એ છે કે, ૐ જ સર્વશ્રેષ્ઠ આલંબન છે જેના દ્વારા જ મોક્ષ પ્રાપ્તિ થઈ શકે છે.

## (૧૦) દયાનંદ સરસ્વતી :

દયાનંદના ભકત મહારાણી શંકરે કહ્યું છે કે,

"બજાવ્યો વેદનો ડંકો ભુવનમાં શ્રી દયાનંદે,
ઉડાવ્યો ઓમ્‌નો ઝંડો ગગનમાં શ્રી દયાનંદે."

ૐ અવિનાશી એવું અવ્યય નિત્ય સદ્રૂપ બ્રહ્મ છે, તેની જ ઉપાસના કરવા કહ્યું છે. કારણ કે, ઈશ્વરના અનેક નામો છે, તેમાંથી એક નામ ઓમ્ પણ છે. ઈશ્વર એક જ છે. વગેરે બાબતોનું વિસ્તૃત નિરૂપણ કર્યું છે.[૨૫] ઈશ્વર અને પ્રણવનો વાચ્યવાચક સંબંધ સાંકેતિક છે. કલ્પિત નથી, પરંતુ અનાદિ છે. કારણ કે, સંકેત પણ ઈશ્વરમાં જે વાચ્યભાવ છે તે તેના સંબંધને જ દેખાડે છે. જેમ પિતા–પુત્રનો સંબંધ સંકેતથી જ બતાવી શકાય છે કે, આ એનો પિતા છે, અથવા પુત્ર છે. બીજા સર્ગોમાં પણ આવી જ રીતે વાચ્ય–વાચકનો સંકેત કરવામાં આવે છે. કારણ કે, સંપ્રતિપત્તિ નિત્ય હોવાથી શબ્દાર્થ સંબંધ પણ નિત્ય છે એમ શબ્દશાસ્ત્રીઓ સારી રીતે જાણે છે અને યોગીઓ પણ વાચ્ય અને વાચકનો સંબંધ નિત્ય છે એમ અનુભવે છે. આમ, વાચક પ્રણવ અને વાચ્ય ઈશ્વર છે.[૨૬]

તાત્પર્ય એ છે કે, ૐ અવિનાશી છે. પ્રણવ વાચક અને ઈશ્વરવાચ્ય છે. ૐ સર્વત્ર કોઈને કોઈ રૂપે છે.

## (૧૧) અવધૂત :

દત્ત ભગવાનના આયુધોનો વિચાર કરી શ્રી અવધૂત કહે છે કે,

'એક હાથ ત્રિશુલ હૈ, નાશ કરે અજ્ઞાન;
ડમરું બાજે હૃદયમેં, સોહં સોહં નાદ.
ગદા દાન કર જ્ઞાનકા, કમલ હૃદય બિકાસ;
ચક્રનાશ ભવચક્ર કા, શંખ રહે ઓંકાર.'

શ્રી દત્ત ભગવાનના બીજા હાથમાં ડમરું છે. ડમરું એ નાદનું પ્રતીક છે. ડમરું વાગે છે એટલે શબ્દ થાય છે. એ શબ્દનો 'સોહં સોહં' ધ્વનિ છે. શ્વાસે–શ્વાસે એ 'સોહં સોહં' ના અનાહતનાદનો અહીં સંકેત કરવામાં આવ્યો છે. એ નાદ સાથે અનુસંધાન કરીને સાધક પરમપદની પ્રાપ્તિ કરી શકે છે. તેથી ડમરુંના નાદને અહીં 'સોહં–તે હું છું' એ રીતે શ્રી અવધૂતે વર્ણવ્યો છે. પ્રભુના હાથમાંનું ડમરું સાધકને મૂકભાવે 'સોહં' નો સનાતન મંત્ર ઉપદેશે છે.

શ્રી દત્ત પ્રભુના એક હાથમાં શંખ પણ છે. શંખમાંથી જે નાદ નીકળે છે તે પ્રણવનાદ એટલે જ ૐકાર. પરમતત્ત્વની સર્વશ્રેષ્ઠ વૈદિક ઓળખ એ છે. એ ૐકારનો ઉપાસક તે દ્વારા આત્મોપલબ્ધિ કરી શકે છે. એ પ્રણવોપાસનામાં પણ નાદબ્રહ્મની જ ઉપાસના છે. શ્રી અવધૂતે શંખનાદને પ્રણવનાદ તરીકે ઓળખાવ્યો છે. પરમાત્મ પ્રાપ્તિના સાધન તરીકે ઉપનિષદુકત 'સોઽહમ્' ના અનુસંધાનપૂર્વક પ્રણવોપાસનાનું સૂચન કર્યું છે.[૨૭] અવધૂતે જણાવ્યું છે કે, ભિક્ષા શબ્દ અવધૂતના શબ્દકોશમાં નથી. શાસ્ત્રોમાં ભિક્ષાનું અતિ મહત્ત્વ ગાયું છે. એ ભિક્ષાનો ટૂંકો મંત્ર પણ રહસ્યપૂર્ણ છે.

"ॐ भगवति भिक्षां देहिं ।"

અર્થાત્ ભગવતિ ! જગદ્વંદ્ય પાર્વતીસ્વરૂપ ગૃહલક્ષ્મી ! મને "ૐ" રૂપી બ્રહ્મવિદ્યાના પ્રતીક પ્રણવના રહસ્યરૂપ ભિક્ષા આપ. એકલા રોટલાથી મનુષ્ય જીવતો નથી. એના સાચા જીવન માટે એથી વધારે કંઈકની જરૂર છે. "ૐ" ની ભિક્ષાથી ભૌતિક ભૂખની સાથે આધ્યાત્મિક ભૂખની શાંતિનો પણ ગૂઢ–ગૂઢ નિર્દેશ છે. વળી, ભિક્ષા આપતી પ્રત્યેક સ્ત્રીમાં વૈરાગ્યમૂર્તિ પતિવ્રતા જગજનની મા પાર્વતીની ભાવના કરવાની છે. ૐ કોઈ બ્રહ્મ નથી, એ તો બ્રહ્મનું પ્રતીક છે. ૐ દ્વારા બ્રહ્મનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. તેથી શ્રી અવધૂતે "ૐ" ની ભિક્ષા માગી. બ્રહ્મ તો નિરાકાર છે, પણ સાધનકાળમાં સાકારનું અવલંબન આવશ્યક છે, એવા સાકાર બ્રહ્મનું "ૐ" એ વેદ અને ઉપનિષદ્ પ્રતિપાદિત પ્રતીક છે.[૨૮]

તાત્પર્ય એ છે કે, ૐ નાદબ્રહ્મ છે, શંખ, ડમરું વગેરે પણ ૐના જ પ્રતીક છે. ૐ ને ભિક્ષા સાથે પણ વર્ણવાયેલું છે.

## (૧૨) રામકૃષ્ણ પરમહંસ :

અનાહત શબ્દ નિરંતર એની જાતે જ થયા  કરે છે. એ છે પ્રણવનો ધ્વનિ, પરબ્રહ્મ થકી આવે છે. યોગીઓ તેને સાંભળી શકે, વિષયાસકત જીવ સાંભળી શકે નહિ. યોગી જાણી શકે કે, એ ધ્વનિ એક બાજુએ નાભિમાંથી ઉઠે છે અને બીજી બાજુએ એ ક્ષીરસાગરશાયી નારાયણ પરબ્રહ્મમાંથી ઉઠે.[૨૯]

તાત્પર્ય એ છે કે, અનાહત શબ્દ જ પ્રણવધ્વનિ છે. યોગીઓ જ તેને સાંભળી શકે છે અથવા તેની અનુભૂતિ કરી શકે છે.

## (૧૩) પ્રવીણ :

સ્વ. રાજકુમાર મહેરામણજી પ્રવીણના નામથી પ્રસિદ્ધ છે. 'નમઃ શિવાય' એ રીતે શિવના પંચાક્ષર મંત્રનો ઉપદેશ કરીને કહ્યું કે, પ્રથમ ૐકાર જોડીને એ મંત્ર હંમેશા જપજો.[૩૦] પ્રણવનું વર્ણન કરતાં કહ્યું છે કે, રસના–જીભને વિષે જે નિવાસ કરીને રહેલાં છે. જે વૃત્તછંદના માપથી ગ્રથિત–ગુંથાયેલાં છે, અને જેણે શબ્દો પ્રકાશ્યા છે, એવામાં હે શારદા દેવી ! તમને નમસ્કાર હો. ૐકાર જેનો પ્રાણ છે, અક્ષરો જેનું શરીર છે, અને જે સર્વભૂત પ્રાણીમાત્રમાં વ્યાપક છે, એવા હે શબ્દરૂપ બ્રહ્મ ! તમને નમસ્કાર હો. ૐકાર વિસ્તાર પામીને એક ૐકાર, સોળ સ્વર તથા ક થી ક્ષ સુધીના પાંત્રીશ એ રીતે બાવન અક્ષરરૂપ નામવાળો થયો. તેમાંથી લોક વ્યવહારમાં હ્રસ્વ અને દીર્ઘ સ્વરો મળીને બારાખડીના બાર ઉચ્ચાર થયા. તે વર્ણમાત્રિકા જે ૐકારમાં વિવિધ રૂપથી જોડાઈ, તેમાં જે પ્રેમરૂપી ૐકારનું રૂપ વ્યાપે છે, તેથી જ આ સર્વ જગત્ વ્યાપી રહેલું છે.[૩૧]

તાત્પર્ય એ છે કે, ૐ નું મહત્ત્વ દર્શાવ્યું છે. ૐકાર જ આ સર્વ જગતનું કારણ છે તેમ વર્ણવ્યું છે.

## (૧૪) અનવર આગેવાન :

તેઓ કહે છે કે, આપણે આપણી સમગ્ર ચેતના શકિતને એકાગ્ર કરીને તે બિંદુ પર લાવી શકીએ તો આપણી જ અંદર એ નાદને સાંભળી શકીએ છીએ. એ નાદ 'ૐ' છે. જ્યારે ૐ નું ઉચ્ચારણ કરવામાં આવે છે ત્યારે કંઠમાંથી આ નાદનો આરંભ થાય છે. 'અ' વળી આ નાદની તરફ આગળ વધવા મૌન ભરી દે છે. 'ઓમ્' ત્યારે હોઠો પર આવીને વિરામ લે છે. 'મ્' આ નાદ ચતુરક્ષર સમૂહરૂપે જ ઓળખાય છે. એનું ચોથું પદ છે – 'ઓમ્' માં પરિવ્યાપ્ત અને એને આશ્રય આપનારી નીરવતા, જેનાથી અ ઉ મ્ ઉત્પન્ન થાય છે, અને એમાં વિલીન થઈ જાય છે. અ–ઉ–મ્ ની વ્યાખ્યા આ પ્રમાણે છે.

'અ' જાગૃત થતી ચેતનાનું પ્રતિનિધિત્ત્વ કરે છે. 'ઓ' સ્વપ્ન ચેતનાનું પ્રતીક છે. છેલ્લે 'મ્' ની સાથે નિઃસ્વપ્નનિદ્રાની અવસ્થા પ્રાપ્ત થાય છે, 'ઓમ્' નું ચતુર્થપાદ પરિપૂર્ણ શાંતિ, નીરવતા છે. એવું કોઈ નામ નથી જેનાથી એનું નામકરણ થઈ શકે. સ્વયં નીરવતા શબ્દ પણ એના માટે ઉપયુકત નથી. જે એને પામી લે છે, એની પાસે આ અનુભૂતિને વ્યકત કરવા માટે વાણી નથી હોતી. પોતાની નિઃશબ્દતા સાથે 'ઓમ્' એક એવો નાદ છે કે, જે એક અંતર્યામી સાંનિધ્યની પ્રતીતિ કરાવે છે અને એની અનુભૂતિ ત્યારે જ થાય છે જ્યારે ઉર્ધ્વયાત્રી કુંડલિની હૃદયકમળ સુધી પહોંચી ચૂકી હોય છે. આ સ્થિતિમાં વ્યકિત કોઈ માધ્યમથી નહીં પણ સીધી અનુભૂતિ દ્વારા એને પામવાનો પ્રયત્ન કરે છે આંતરચેતના યા સાંસારિકતાનું જે આવરણ પડેલું છે એને દૂર કરીને આ રીતે એ નાદોથી પર મહાનાદની સાથે પૂર્ણરૂપે પ્રત્યક્ષતઃ સંપર્ક સ્થાપે છે. તપોમય જીવન, ધર્મની સાધના, ધ્યાની પ્રાર્થના વગેરેનું આ પ્રયોજન છે.[૩૨]

તાત્પર્ય એ છે કે, ૐ એ નાદ છે, ૐ ની અનુભૂતિને વાણીથી વર્ણવી શકાતી નથી, તેની અનુભૂતિ સાંસારિક બંધનોથી પર થતાં થઈ શકે છે.

## (૧૫) ભાણદેવ :

ભકિત પદારથમાં ભાણદેવ ઓમ્કારને બ્રહ્મનું પ્રતીક ગણાવે છે. ૐકારનો નાદ–આકૃતિ બન્નેમાં કોઈક એવું તત્ત્વ છે કે, જે એને પરબ્રહ્મનું પ્રતીક બનાવે છે.[૩૩] નામ કે મંત્ર એક ધ્વનિ પણ જપ સાધનના માર્ગે ધ્વનિરૂપી તંતુ દ્વારા સાધકની ચેતનામાં ઉત્ક્રાંતિ થાય છે. ધ્વનિ એ વાક્નું સ્વરૂપ છે. વાક્ની ચાર ભૂમિકાઓ છે. પરા, પશ્યન્તિ, મધ્યમા અને વૈખરી. વૈખરી એ પ્રથમ ભૂમિકા છે, અને તેનું સ્થાન જીભ છે. જપની આ પ્રારંભની અવસ્થા છે. બીજી ભૂમિકા મધ્યમા છે. તેનું સ્થાન કંઠ છે. આ અવસ્થામાં જપ થોડા ઉંડા થવા માંડે છે. તૃતીયાવસ્થાને પશ્યન્તિ કહે છે. આ અવસ્થાનું સ્થાન હૃદય છે અને પશ્યન્તિ અવસ્થામાં થયેલા જપ હૃદયકેન્દ્રમાંથી થાય છે. જેમ જેમ જપ ઉંડા ઉતરતા જાય છે તેમ તેમ સાધકની ચેતના ઉર્ધ્વગામી બનતી જાય છે. ચતુર્થાવસ્થાએ પરાવસ્થા છે. તેનું સ્થાન નાભિ છે. આ જપાજપની અવસ્થા છે. આ અવસ્થામાં સાધકની સમગ્ર ચેતનાથી જપ થવા માંડે છે, જપ કરવા પડતા નથી પરંતુ અંદરથી સ્ફુરે છે. આ સમગ્ર માર્ગ વાક્ દ્વારા ચેતનાના વિકાસનો માર્ગ છે. વાક્ અને ચેતના વચ્ચે પ્રગાઢ સંબંધ છે. જપ–સાધનામાં વાક્ની સીડીથી સાધકની ચેતના ઉત્તરોત્તર ઉર્ધ્વગામી બને છે. જપથી ચિત્તશુદ્ધિ થાય છે. જપ વડે સાધક ઉચ્ચત્તર ભૂમિકાએ પહોંચી શકે. ઈશ્વરે કૃપા કરીને જપરૂપી કલ્પવૃક્ષની આ પૃથ્વીના મનુષ્યોને ભેટ આપી છે. તેની છાયામાં બેસનારનું હંમેશા કલ્યાણ જ થાય છે. નામ જપ સર્વશ્રેષ્ઠ છે.[૩૪]

તાત્પર્ય એ છે કે, ૐકાર પરબ્રહ્મનું પ્રતીક છે, નામ–જપ દ્વારા જ ઉચ્ચત્તર સ્થિતિને પ્રાપ્ત કરી શકાય છે.

## (૧૬) સ્વામી સુદર્શનાનંદ :

તેઓ ૐકારને પરમાત્માની આદિ પ્રતિમા કહે છે. કારણ કે, તેણે પોત–પોતાના શરીરમાંથી આ જગતનું સર્જન કર્યું. ત્યાર પછી જગતના બધા જ પદાર્થોમાં તેણે પોતે પ્રવેશ કરીને, જગતના એક–એક પદાર્થમાં તેણે પોતાના સ્વરૂપને પ્રગટ કર્યું. પરમાત્મા પરમેશ્વર પોતે જોઈ જાણી શકાતો નથી; પણ તે પરમાત્માની એક પ્રતિમા છે, વ્યકત મૂર્તિ છે; તે દ્વારા આપણે તેને જોઈ–જાણી શકીએ છીએ. જગતના એક–એક પદાર્થમાં તેની મૂર્તિનાં દર્શન થાય છે. વેદ અને પુરાણોમાં પરમેશ્વરે તે મૂર્તિનું નામ આપ્યું છે ૐકાર. ૐકાર એ કોઈ શબ્દ નથી પણ શબ્દનું મૂળ છે, બધા સ્વરો અને વ્યંજનો તેમાંથી પ્રગટ થયા છે. એક પાંદડામાં પણ ૐકારના દર્શન આપણને થાય છે. અહીં પણ સ્વામી અશ્વત્થ પાંદડાને ૐકાર તરીકે વર્ણવે છે. દસ ૐકારના બનેલા કમળ પર આદિ લક્ષ્મી બિરાજે છે. એ ૐકારના આરાઓમાંથી સુદર્શન ચક્ર બન્યું છે. બે ૐકારને જોડીને એક આકાર બને; તે ડમરુ થાય છે, તેને મહાત્મા એક હાથમાં ધારણ કરે છે અને તેમાંથી બ્રહ્માંડનો નાદ ઉત્પન્ન થાય છે. ગજાનન ગણપતિના બેકાન અને સૂંઢમાંથી ૐકાર બને છે. મનુષ્યની બે ભ્રુકૂટી અને નાકનો આકાર જોડો. તે ૐકાર બને છે. તેની રેખા નાભિ સુધી પહોંચે છે. બે ૐકાર જોડાય, તેમાંથી માનવ આકૃતિ બને છે. આ રીતે જગતના સર્વ પદાર્થો, પશુઓ, પક્ષીઓ, વૃક્ષ–વેલીઓ, સમુદ્ર–સરિતાઓ, નક્ષત્ર, તારાઓ, દેવ–દેવીઓ, વેદ–વેદાંગો જે કાંઈ આ દશ્યમાન જગત છે, તેમાં પરબ્રહ્મ પરમાત્માની પ્રતિકૃતિનાં દર્શન થાય છે અને તે પ્રતિકૃતિ છે ૐકાર. ૐકાર તે પરમેશ્વરની આદિપ્રતિમા છે અને સર્વોત્તમ પ્રતિમા છે.

એક ૐકાર જ આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક સ્વરૂપે સર્વ જગતમાં પ્રસાર પામે છે પુરુષસૂકતમાં વર્ણવેલાં પુરુષ, ગીતામાં વર્ણવેલાં પુરુષોત્તમ, નારાયણ સૂકતમાં વર્ણવેલાં નારાયણ, તેમ જ ગણેશ અથર્વશીર્ષમાં વર્ણવેલા ગણપતિ ગજાનન એક જ, ૐકાર જ છે. તે ૐકાર જ સ્વયંભૂ છે. તે પોતે પોતામાંથી પોતાનારૂપે જન્મ પામ્યો છે; માટે સ્વયંજાત છે. તે પોતે પોતાને ધારણ કરે છે, માટે સ્વયંધૃત છે. ગણિતની પરિભાષામાં બોલતાં નારદ પરિવ્રાજકોપનિષદ્‌માં જણાવે છે કે, 'અકાર અયુતાવયવ–દશ હજાર યોજનના વિસ્તારમાં છે, ઉકાર સહસ્ત્રાવયવ હજાર યોજનના વિસ્તારમાં છે તેમજ મકાર શતાવયવ સો યોજનના વિસ્તારમાં છે. અર્થાત્ પ્રકૃત્તિમંડલ વિસ્તારમાંથી ૐકારનો પ્રસાર થયો છે, તેનો મહિમા યોગીજનો ગાય છે :

સ્થૂલ – સૂક્ષ્મ ભેદ સે બ્રહ્મ – ૐકાર કે દો રૂપ હૈં,
ક્ષર – અક્ષર ભેદ સે ભી બ્રહ્મ – ૐકાર કે દો રૂપ હૈં...૧
સ્થૂલ સે બનતે નાદ બિન્દુ કલાકે આકાર હૈં,
ઔર સૂક્ષ્મ રહતા નાદ બિંદુ કલાકે પાર હૈં...૨
એક સે બનતા વિશ્વ હૈં, એક બનતા વિશ્વ સે,
દોનોં સે બનતા ૐકાર, વિરાટ જિસકો કહતે હૈં...૩
સૂક્ષ્મ રહતા ઉસ પાર, સ્થૂલ બનતા ઈસ પાર હૈં,
એક કરાતા વ્યાપાર કો, એક કરતા વ્યાપાર હૈં...૪
ૐ હે સબ, સબ ૐમય દીખતા પ્રત્યક્ષ હૈં,
પર દેખતે જ્ઞાની ઉસે હૃદય જિનકા સ્વચ્છ હૈં...૫[૩૫]

તાત્પર્ય એ છે કે, ૐ અર્થાત્ અશ્વત્થનું પાંદડું, કમળ, સુદર્શનચક્ર, ડમરુ, મનુષ્ય આકૃતિ, સર્વને ઉત્પન્ન કરનાર છે, ૐકાર જ સર્વશ્રેષ્ઠ પ્રતીક છે. જે આદિ પ્રતિમા છે.

## (૧૭) બ્રહ્મચારી શીતલપ્રસાદજી :

તેઓ કહે છે કે, વિચાર કરવાના અનેક પ્રકાર છે. એક પ્રકાર એ પણ છે કે, જે આત્માદેવ આપણા શરીરમાં વ્યાપક છે તેને અત્યંત નિર્મલ સ્ફટિકની મૂર્તિસમાન જેવડું મોટું આપણું શરીર છે. તેટલો મોટો આકાર મનમાં કલ્પવાથી તે જ્ઞાનાનંદમય વિચારવું જોઈએ. નિશ્ચલ બેઠેલા નેત્રોથી અને બહાર જોવાનું બંધ કરીને અને તે નેત્રોની અંદર પોતાના આત્માને ઉપર રાખી પ્રમાણ જોવું જોઈએ અને ચિત્તમાં અખંડ જ્ઞાનપિંડ કયારેક પરમ આનંદમય એવી રીતે વિચાર કરવો જોઈએ. શબ્દના આશ્રયની જરૂર પડે તો ૐ, सोऽहम्, म, अर्हं, सिद्ध, परमात्मन्, निरंजन... વગેરે આત્મવાચક શબ્દોને ધીરે–ધીરે બોલતા રહેવા જોઈએ. આવી રીતે વિચારતાં–વિચારતાં કોઈ સમય એવો આવશે જ્યારે વિચાર બંધ થઈને પોતાના આત્માના સ્વરૂપમાં એવી એકાગ્રતા આવશે કે તે સમયે કોઈપણ વિકલ્પ ન હોવાથી અદ્ભૂત સુખ અને શાંતિ અનુભવમાં આવશે. આવી અનુભવની સ્થિતિ માત્ર એક સેંકડ પણ કેમ ન હોય તે સમય પોતાના સિવાય કોઈના અનુભવમાં નહીં આવે. આવી રીતે વારંવાર અભ્યાસ કરવાથી સુખ–શાંતિ જે આપણી જ પાસે છે તેનો સ્વાદ આવવા લાગે છે.[૩૬]

તાત્પર્ય એ છે કે, વિચારોમાં ૐ ને સ્થાન આપવાથી અદ્ભૂત સુખ–શાંતિની પ્રાપ્તિ થઈ શકે છે.

## (૧૮) શ્રી ડાહ્યાભાઈ મોતીભાઈ પટેલ :

તેમણે કહ્યું છે કે, ગાયત્રી મંત્રના પ્રારંભમાં ત્રણ મહાવ્યાહૃતિઓ દ્વારા ૐ નો મહિમા પ્રગટ થયો છે. ગાયત્રી જ અમારી કામદુગ્ધા ગાય છે. ગાયત્રી મંત્ર સૂર્યદેવના તેજનો મહિમા છે. જો સૂર્યનો પ્રકાશ ન હોય તો બધું જ અંધકારમય બની જાય. સૂર્યદેવના તેજમાં એક અનન્ય આનંદ ચૈતન્ય છે જે વાતને વિજ્ઞાન પણ સ્વીકારે છે. આ ગાયત્રી મંત્રનો સારતત્ત્વ ૐ છે. ઓમ્‌નો એક બીજો અભિપ્રાય નીકળે છે. ૐકારના જ રૂપ 'ऑं-ऑं' અને 'ૐ–ૐ' છે. બાળક જન્મ લેતી વખતે જ્યારે માતૃયોનિથી બહાર નીકળે છે, ત્યારે રુદન કરે છે અને સહજ રીતે જ તેના કંઠમાંથી 'ૐ–ૐ' નીકળે છે. તેને 'ૐ–ૐ' કોઈ શીખવતું નથી. આ 'ૐ–ૐ' ની ધ્વનિના સાથે જ માતાને કેટલો આનંદ પ્રાપ્ત થાય છે. અને તે બાળ ક કેટલું રૂદન કરે છે. નવજીવનની પ્રાપ્તિમાં માતા આનંદિત થાય છે. અને વિગત જીવનના વિછોહમાં બાળક રૂદન કરે છે. ૐકારની ધ્વનિ જીવન–મૃત્યુના રહસ્યનું સ્મારક છે. જ્યાં સુધી બાળક માતાના ગર્ભમાં રહે છે, તે સુષપ્ત અવસ્થામાં રહે છે. ગાઢ નિદ્રાની સમાન સુષુપ્તાવસ્થામાં સુખ–દુઃખનું કોઈ ભાન હોતું નથી. નવો જન્મ ધારણ કરવાથી નવા વાતાવરણમાં અત્યંત અસહાય અવસ્થામાં પોતાને જોઈને બાળ ક રુદન કરે છે. તે અસહાય અવસ્થામાં પરબ્રહ્મને યાદ કરે છે. અને તેના મુખમાંથી 'ૐ–ૐ' ની દર્દભરી પુકાર ઉઠે છે. લેખક કહે છે કે, મારા વિચારથી તે 'ૐ–ૐ' માં જન્મ લેવાની વ્યથાનો કરુણામયી ધ્વનિ પણ છે. કરુણામય ધ્વનિમાં જન્મ–જન્માંતરનું રહસ્ય છુપાયેલું છે, જીવની વેદના છુપાયેલી છે. સંક્રમણકાળમાં બાળકને જે વિગત જન્મની સ્મૃતિ થાય છે, તેને નવજીવનમાં વધવાની સાથે–સાથે તે વિસ્મૃત થઈ જાય છે. આથી જ જીવને તેનું જ્ઞાન થતું નથી. પરબ્રહ્મને બધું જ જ્ઞાન હોય છે.

ૐકારના ત્રણ અક્ષર અકાર, ઉકાર અને મકાર સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લયના હેતુ બ્રહ્મા, વિષ્ણુ અને શિવસ્વરૂપ છે. ૐ ના ઉચ્ચારણથી આ ત્રણેયનું આવાહ્‌ન થાય છે. જે ઉચ્ચ સ્વરથી આ મંત્રને પવિત્ર વાણી, પવિત્ર મન અને પવિત્ર હૃદયથી હૃદયગમ કરે છે, ભાવપૂર્વક ગાન કરે છે તે જીવનની ગૂઢતાને જાણીને પ્રકૃતિ–માતાના ખોળામાં આનંદથી વિચરણ કરે છે અને અમૃત તત્ત્વને પ્રાપ્ત કરે છે.[૩૮]

તાત્પર્ય એ છે કે, ગાયત્રી અર્થાત્ સૂર્યની સ્તુતિ અને ગાયત્રી અર્થાત્ ૐ. ૐ સાથે બાળકના રુદનને સાંકળી નવો જ અભિપ્રાય દર્શાવ્યો છે, ૐ થી જ અમૃતતત્ત્વની પ્રાપ્તિ થઈ શકે છે.

## (૧૯) શ્રીમન્નથુરામ શર્મા :

જપનું મહત્ત્વ દર્શાવતાં કહ્યું છે કે, જપથી શરીર ઈન્દ્રિયો, પ્રાણ અને મન સ્થિર થાય છે, હૃદયમાં શુદ્ધ સત્ત્વ ગુણનો પ્રકાશ પ્રાદુર્ભાવ પામવાથી જપ કરનારના ચિત્તમાં પ્રસન્નતા અનુભવાય છે.

શ્વાચ્છો-શ્વાસમાં ચાલતાં 'ૐ' અને 'સોડહમ્' આ બે મંત્રના જપને અજપાસ્મરણ કહે છે. સ્વાભાવિક રીતે જે જપ જપાયા કરે તે અજપાસ્મરણ કહેવાય છે. અંતરનો પવન નાક અને મુખ વડે બહાર નીકળતા 'હં' નો ને બહારના વાયુનું અંતર આવતાં 'સઃ' નો સ્વાભાવિક રીતે ધ્વનિ થયા કરે છે, તેથી જ પ્રાણને 'હંસ'નું નામ આપવામાં આવ્યું છે. હંસઃ ને ઉલટાવવાથી તે હંસઃ નું વિપરીત સ્વરૂપ સોહં થઈ જાય છે. સોડહમ્ માંના સ પછીનો ઓ અને હ પછીનો અનુસ્વાર મળીને ઓં (ૐ) થાય છે, અથવા ૐ એ આત્માનું સંકેતરૂપ નામ છે, ને સોહં એ પ્રાણનું સંકેતરૂપ નામ છે. જ્ઞાન, યોગ, પરાભકિત સંપાદન કરવા ઈચ્છનારા લોકો 'સોડહમ્', 'શિવોડહં', 'રં' 'રામ', 'સચ્ચિદાનંદોડહં', 'શુદ્ધદોડહં', 'નિર્વિકારોહં', 'બ્રહ્મૈવાહં', 'અહં', 'બ્રહ્માસ્મિ', 'ૐ નમઃ શિવાય', 'ૐ નમો ભગવતે વાસુદેવાય', 'ૐ નમો નારાયણાય', 'શ્રીકૃષ્ણઃ શરણં મમ્' અને 'ૐ નમો ગુરુદેવાય ગોવિંદાય', વગેરે દેવી, સૂર્ય, ગણપતિ, હનુમાન આદિના મંત્રનો જપ કરે છે. સૃષ્ટિમાં સર્વ બીજમંત્રોમાં શ્રેષ્ઠ બીજ મંત્રરૂપ ૐકાર મુખ્ય છે.[૩૮]

તાત્પર્ય એ છે કે, ઓમ્ સર્વશ્રેષ્ઠ મંત્ર છે, સોહમ્, હંસઃ અને ૐ સમાન જ છે, ૐ એ આત્માનું સંકેતરૂપ નામ છે.

## (૨૦) બ્રહ્મલીન સ્વામી આત્માનંદગિરિ :

ઓંકારનું સ્વરૂપ વર્ણવતાં સ્તોત્રમાં કહ્યું છે, જેમ કે...,

ओमिति ब्रह्म । ओमितीदं सर्वम् ॥

यश्छन्दसाम् ऋषभो विश्वरूपः । छन्दोभ्योऽध्यमृतात् सम्बभूव ।
(ओङ्कारस्वरूपः) स मेन्द्रो मेधया स्पृणोतु ॥

तस्य वाचकः प्रणवः । तज्जपस्तदर्थभावनम् । प्रणवात्मकं ब्रह्म ॥

प्रणवात् प्रभवो ब्रह्मा, प्रणवात् प्रभवो हरिः ।
प्रणवात् प्रभवो रुद्रः प्रणवो हि परो भवेत् ॥

ॐकारश्चाथशब्दश्च द्वावेतौ ब्रह्मणः पुरा ।
कण्ठं भित्त्वा विनिर्यातौ तस्मान् माङ्गलिकावुभौ ॥

ॐकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः ।
कामदं मोक्षदं चैवं ओङ्काराय नमो नमः ॥

जाग्रदादित्रयोन्मुक्तं जाग्रदादिमंय तथा ।
ओंकारैकं सुसंवेद्यं यत्पदं तन्नमाम्यहम् ॥

ओमित्येतदक्षरम् इदं सर्वं तस्योपव्याख्यानं भूतं भवद् भविष्यद्
इति सर्वमोङ्कार एव । यच्चान्यत् त्रिकालातीतं तद्प्योङ्कार एव ॥

सर्वे वेदा यत् पदम् आमनन्ति, तपांसि सर्वाणि च यद् वदन्ति
यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति, तत्ते पदं संग्रहेण ब्रवीम्योमित्येतत् ॥

एतद्ध्येवाक्षरं ब्रह्म, एतद्ध्येवाक्षरं परम् ।
एतद्ध्येवाक्षरं ज्ञात्वा, या यदिच्छति तस्य तत् ॥

एतदालम्बनं श्रेष्ठम्, एतदालम्बनं परम् ।
एतदालम्बनं ज्ञात्वा ब्रह्मलोके महीयते ॥

एतद्वै सत्यकाम ! परं चापरं च ब्रह्म यदोंकारः ।
तस्माद् विद्वान एतेनैवायतनेनैकतरम् अन्वेति ॥

वह्नेर्यथा योनिगतस्य मूर्तिर्, न दृश्यते नैव चि लिङ्गनाशः ।
स भूय एवेन्धनयोनिगृह्यस्, तदोमयं वै प्रणवेन देहे ॥

स्वदेहम् अरणिं कृत्वा, प्रणवं चोत्तरारणिम् ।
ध्याननिर्मथनाभ्यासाद्, देवं पश्येन्निगूढवत् ॥

प्रणवो धनुः शरो ह्यात्मा, ब्रह्म तल्लक्ष्यमुच्यते ।
अप्रमत्तेन वेद्धव्यं शरवत् तन्मयो भवेत् ॥

ओङ्कारध्वनिनादेन, वायोः संहरणान्तिकम् ।
निरालम्बं समुद्दिश्य यत्र नादो लयं गतः ॥

अनाहतस्य (ॐकार) शब्दस्य, तस्य शब्दस्य यो ध्वनिः ।
ध्वनिर्-अन्तर्गतं ज्योतिर्, ज्योतिर्-अन्तर्गतं मनः ।
तन्मनो विलयं याति यद् विष्णोः परमं पदम् ॥

युञ्जीत प्रणवे चेतः प्रणवो ब्रह्म निर्भयम् ।
प्रणवे नित्ययुक्तस्य न भयं विद्यते क्वचित् ॥

प्रणवो ह्यपरं ब्रह्म प्रणवश्च परः स्मृतः ।
अपूर्वोऽनन्तरोऽबाह्योऽनपरः प्रणवोऽव्ययः ॥

सर्वस्वं प्रणवो ह्यादिर्मध्यमन्तस्तथैव च ।
एवं हि प्रणवं ज्ञात्वा व्यश्नुते तदनन्तरम् ॥

प्रणवं हीश्वरं विद्यात्, सर्वस्य हृदि संस्थितम् ।
सर्वव्यापिनम् ओंकारं मत्वा धीरो न शोचति ॥

अमात्रोऽनन्तमात्रश्च, द्वैतस्योपशमः शिवः ।
ओंकारो विदितो येन, स मुनिर्नेतरो जनः ॥

ओमित्येकाक्षरं ब्रह्म, व्याहरन् मानुस्मरन् ।
यः प्रयाति त्यजन् देहं, स याति परमां गतिम् ॥

ध्यायेच्च मनसा मन्त्रं जिह्वोष्ठौ न विचालयेत् ।
न कम्पयेच्छिरोग्रीवं, दन्तान्नैव प्रकाशयेत् ॥

बद्धपद्मासनो योगी, नमस्मकृत्यं गुरुं शिवम् ।
नासाग्रदृष्टिरेकान्ते, जपेद् ओङ्कारमव्ययम् ॥

हृत्पद्मकर्णिकामध्ये, स्थिरदीपनिभाकृतिम् ।
अङ्गुष्ठमात्रमचलं, ध्यायेदोङ्कारमीश्वरम् ॥

अकारः कथितो ब्रह्मा, उकारो विष्णुरुच्यते ।
मकारश्च स्मृतो रुद्रस् त्रयश्चैते गुणाः स्मृताः ।
अर्धमात्रा च या मूर्ध्नि परमः स सदाशिवः ॥

ओम् इतीदम् अक्षरम् परमात्मनोऽभिधानं नेदिष्ठम्,
तस्मिन् हि प्रयुज्यमाने स प्रसीदति प्रियनामग्रहणं इव लोकः,
एवं नामत्वेन प्रतीकत्वेन च परमात्मोपासनसाधनं श्रेष्ठम्,
इति सर्व वेदान्तेष्ववगतम् ॥

ओंकार स्वरुप - १ - २८ ॥

તાત્પર્ય એ છે કે, ઓમ્નું સ્વરૂપ વર્ણતા કહ્યું છે કે...,

ઓમ્ એ જ બ્રહ્મ છે; ઓમ્ એ જ આ બધું છે. જે છંદોમાં ઉત્તમ અને સર્વરૂપ છે, જે છંદોમાંથી તથા અમૃતમાંથી પ્રકટ થયો છે, તે પ્રકાશસ્વરૂપ મને મેધા અર્પણ કરો. પ્રણવ (ઓંકાર) તે પરમાત્માનો વાચક છે. તેનો જપ એટલે તેના અર્થની મનમાં ભાવના કરવી–તે બ્રહ્મ પ્રણવસ્વરૂપ છે. પ્રણવમાંથી બ્રહ્મા પ્રકટ થયા છે, પ્રણવમાંથી વિષ્ણુ પ્રકટ થયા છે, પ્રણવમાંથી રુદ્ર પ્રકટ થયા છે, પ્રણવ જ પરમતત્ત્વ છે. ઓંકાર અને 'અથ' શબ્દ પહેલાં બ્રહ્માના કંઠને ભેદીને બહાર પ્રકટ થયા, માટે તે બંને શબ્દો મંગલવાચક છે. કામ અને મોક્ષને આપનાર બિન્દુ સહિત ઓંકારનું ધ્યાન યોગીઓ હંમેશાં કરે છે. ઓંકારને નમસ્કાર હો. જાગ્રત સ્વપ્ન અને સુષુપ્તિ–ત્રણેથી પર–જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિના સર્વ અનુભવરૂપ, એક ઓંકારથી જ માત્ર સારી રીતે જાણી શકાય તેવું જે પદ છે, તેને હું નમસ્કાર કરું છું. ઓં એ જ અક્ષર પદ છે, આ સર્વ છે; તેની આ વ્યાખ્યા છે કે ભૂત, વર્તમાન અને ભવિષ્ય– સર્વ ઓંકાર જ છે. જે બીજું આ ત્રિકાલથી પર છે, તે પણ ઓંકાર જ છે. સર્વ વેદો જે પદનું મનન કરે છે, સર્વ પ્રકારનાં તપ જેને વદી રહ્યાં છે, જેની ઈચ્છા કરનારાઓ બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરે છે, તે પદ હું તને ટૂંકામાં કહું છું; તે ઓં છે. આ ઓંકાર જ અક્ષર બ્રહ્મ છે એ જ પર અક્ષર છે. આ અક્ષર (અવિનાશી) ને જ જાણીને, પુરુષ જેની ઈચ્છા કરે છે, તે તેનું બને છે. આ ઓંકાર શ્રેષ્ઠ આલંબન (ધ્યાનમાં ટેકારૂપ) છે, આ પર આલંબન છે, આ આલંબનને જાણીને પુરુષ, બ્રહ્મલોકમાં મહાન બને છે. હે સત્યકામ ! આ જે ઓંકાર છે તે જ પર અને અપર બ્રહ્મ છે. તેથી આ આયતન (ધ્યાનના ટેકા) વડે જ વિદ્વાન બેમાંથી એક બ્રહ્મને પ્રાપ્ત કરે છે. જેવી રીતે ઈન્ધનરૂપી યોનિમાં–મૂળ કારણમાં રહેલા અગ્નિની મૂર્તિ દેખાતી નથી, અને તેના અનુમાપક ચિહ્નનો નાશ પણ થતો નથી, તે ફરીથી ઈન્ધનરૂપી યોનિમાં પકડાય છે, તેવી રીતે દેહમાં પ્રણવથી તે બન્ને અનુભવાય છે. પોતાના દેહને નીચલું અરણિનું કાષ્ઠ કરીને અને પ્રણવને ઉપરનું અરણિનું કાષ્ઠ કરીને, ધ્યાનરૂપી પરસ્પર ઘસવાના અભ્યાસથી પુરુષે ગુપ્ત રહેલા પ્રકાશમાન આત્માને જોવો. ઓંકાર ધનુષ છે. અંતઃકરણ બાણ છે. બ્રહ્મ તેનું લક્ષ્ય કહેવાય છે. પ્રમાદ રહિત પુરુષે તેનો વેધ કરવો યોગ્ય છે; પછી બાણ જેમ

વીંધવાની વસ્તુમાં ખૂંપી જાય છે. તેમ પુરુષે તન્મય બની જવું. ઓંકારના ધ્વનિના નાદને અનુસરીને, વાયુનો જ્યાં સંહાર થાય છે (વાયુ જ્યાં લય પામે છે) ત્યાં આલંબન રહિત પદમાં, જ્યાં નાદ લયને પ્રાપ્ત થાય છે–સંભળાતો બંધ થાય છે, ત્યાં મનને જોડવું. અનાહત ઓંકાર શબ્દનો જે ધ્વનિ છે તે ધ્વનિમાં પ્રકાશ અંતર્ગત છે. તે જ્યોતિમાં મન અંતર્ગત કરવું. તે મન વિલય પામે છે, જે વિષ્ણુનું પરમ પદ છે. પ્રણવમાં ચિત્તને જોડવું, પ્રણવ નિર્ભય બ્રહ્મતત્ત્વ છે, જેનું ચિત્ત હંમેશાં પ્રણવમાં જોડાયેલું છે, તેને કયાંયે ભય નથી. પ્રણવ જ અપર બ્રહ્મ છે, અને પ્રણવને શાસ્ત્રોમાં પરબ્રહ્મ પણ કહ્યો છે. તેને પૂર્વ નથી, બહાર નથી, અપર નથી, પ્રણવ અવિનાશી છે. પ્રણવ સર્વનો આદિ છે, મધ્ય છે તથા અંત છે; પ્રણવને આવો જાણીને પુરુષ પરમ પદને પ્રાપ્ત થાય છે. પ્રણવને જ સર્વના હૃદયમાં બિરાજેલો ઈશ્વર જાણવો. પ્રણવને સર્વવ્યાપક જાણીને વિદ્વાન શોક કરતો નથી. માત્રારહિત અને અનંત માત્રાઓવાળો, જ્યાં દ્વૈત શાન્ત થઈ જાય છે, તે કલ્યાણકારી ઓંકાર જેના વડે જાણવામાં આવ્યો છે, તે જ મુનિ છે, બીજા માણસ નહિ. ઓં એક અક્ષરવાળું બ્રહ્મ છે. તેનો ઉચ્ચાર કરતાં કરતાં અને મારું સતત સ્મરણ કરતાં કરતાં જે પુષ દેહ ત્યજીને પ્રયાણ કરે છે તે પરમ ગતિને પામે છે. મન વડે મંત્રનું ધ્યાન કરવું, જીભ અને હોઠ હલાવવાં નહિ, માથું અને ડોક કંપાવવા નહિ, દાંત દેખાય તેમ ન કરવું. પદ્માસન બાંધીને, શંકર ગુરુને નમસ્કાર કરીને, નાકની અણી પર દૃષ્ટિ સ્થિર કરીને, એકાંતમાં અવિનાશી ઓંકારનો જપ કરવો. હૃદયકમળની કર્ણિકાની મધ્યમાં, ન હાલતા દીવાના જેવી આકૃતિવાળા, અંગૂઠા જેટલા માપવાળા, અચલ, ઈશ્વરરૂપ ઓંકારનું ધ્યાન કરવું. અકાર બ્રહ્મા કહેવાયો છે, ઉકાર વિષ્ણુ કહેવાય છે, મકાર રુદ્ર કહેવાયો છે; આ ત્રણ માત્રાઓ–ગુણો શાસ્ત્રમાં કહેવાયા છે. જે મસ્તકમાં અર્ધમાત્રા છે, તે પરમ સદાશિવ છે. ૐ આ અક્ષર પરમાત્માનું નજીકમાંનું નજીક નામ છે. તેનો પ્રયોગ થતાં પરમાત્મા પ્રસન્ન થાય છે; જેમ સામાન્ય લોક પોતાના પ્રિય નામના ગ્રહણથી પ્રસન્ન થાય છે તેમ; આ પ્રમાણે તેમનું નામ હોવાના કારણે અને પ્રતીક હોવાના કારણે 'ઓં' પરમાત્માની ઉપાસનામાં શ્રેષ્ઠ સાધન છે, એમ સર્વ વેદાંત ગ્રંથોમાં જણાવાયું છે.

તેમણે ઓંકારનું માહાત્મ્ય વર્ણવ્યું છે, જેમ કે...,

प्रमेकारुण्ययोर्धाम, तत्त्वं विश्वनियामकम् ।
यत् तेन निर्मितामेतां तेनैवान्दोलितां तथा ॥

श्वासप्रश्वासयोर्दोलम्, आरूढो मोदनिर्भरम् ।
गायाम्योंकारसंगीतं मधुरं मधुराक्षरम् ॥

यासौ सर्वजगन्माता, सर्वदेवनमस्कृता ।
ऋषिभिर्मुनिभिर्गीता, सर्वशास्त्रोपवर्णिता ॥

नानासंतापसंत्रस्तस्तस्या आह्वानमुत्तमम् ।
ओङ्कारमाश्रये नित्यं भक्तिप्रवणमानसः ॥

योगिनामपि दुर्गम्यं, भक्तानामपि दुर्लभम् ।
ज्ञानिनामपि दुश्चिन्त्यं जगतः प्रभवाप्ययम् ॥

कूटस्थं शाश्वतं दिव्यं, विष्णोर्यत्परमं पदम् ।
ओमित्युद्गीथिनः प्राहुस्तस्य सोपानमद्भुतम् ॥

आन्तराणामरातीनां विजयव्रतधारिणाम् ।
भवबन्धविनाशार्थं मुनीनां धर्मचारिणाम् ॥

ओङ्कारं परमं प्राहुराश्रयं तद्विदो बुधाः ।
तमेनं सुदृढं मन्ये ब्रह्मवर्म ममान्तरम् ॥

ज्ञानविज्ञानवृक्षस्य सुगन्धि कुसुमं शुभम् ।
ज्योतिषामपि यज्ज्योतिर् आत्मनो भोज्यममृतम् ॥

नानासंतापतप्तानां यच्चाप्यौषधमुत्तमम् ।
पापौधं भस्मसात् कर्तुं ब्रह्मास्त्रं ब्रह्मवादिनाम् ॥

सर्वदेवात्मकं शान्तं तत्त्वमेकरसायनम् ।
अथवा वहुनोक्तेन कोऽर्थ एवं विचिन्त्यताम् ॥

त्रिलोक्यामपि यत् किंचित् तदादाय समन्ततः ।
तिष्ठन्तं प्रणवं ध्यायन्, ब्रह्मभूयाय कल्पते ॥

एतदोंकारमाहात्म्यं प्रातः प्रातः पठन्नरः ।
सावधानेन मनसा शान्त एकान्तसंस्थितः ॥

गुरूपदिष्टमार्गेण प्रव्रजन् ब्रह्मणोऽध्वनिः ।
प्रणवस्य जपेनार्थभावनेन च नित्यशः ॥

उत्तरोत्तरमुत्कृष्टं स्थानं प्राप्यं परं पदम् ।
अभयममृतं दिव्यं लब्ध्वा तिष्ठत्यनामयम् ॥

स एष सरलो मार्गः सर्वकण्टकवर्जितः ।
अत एव सदा सद्भिः, सम्प्रदायैः समर्हितः ॥

ओंकारमाहात्म्य - १ - १६ ॥

તાત્પર્ય એ છે કે...,

પ્રેમ અને દયાળુતાનું સ્થાન, વિશ્વને નિયમમાં રાખનાર જો કોઈ (ઓંકાર નામનું) તત્ત્વ છે, તે તત્ત્વે જ બનાવેલી અને તેણે જ હલાવેલી (ઝુલાવેલી) આ શ્વાસોચ્છ્વાસ(રૂપી)ની બનેલી દોલામાં (ઝુલામાં) બેઠેલો હું આનંદપૂર્ણ (થઈને) મધુર અને મધુર અક્ષરવાળા આ ઓંકાર–સંગીતને ગાઉં છું. જે આ સર્વ દેવોથી નમસ્કાર કરાયેલી, ઋષિઓએ અને મુનિઓએ ગાયેલી, સર્વ શાસ્ત્રો દ્વારા વર્ણવાયેલી સર્વ જગતની માતા (ચૈતન્યશકિત) તેના ઉત્તમ આહ્વાન (આમંત્રણ) રૂપ ઓંકારનો, ભિન્ન દુઃખથી ત્રાસી ગયેલો (છતાં) ભકિતમાં જ સ્થિર મનવાળો હું નિત્ય આશ્રય કરું છું. ઓંકાર, યોગીઓને પણ પ્રાપ્ત કરવામાં કઠિન, ભકતોને પણ દુર્લભ, જ્ઞાનીઓને પણ દુઃખપૂર્વક ચિન્તન યોગ્ય, તથા જગતની ઉત્પત્તિ અને પ્રલય સ્વરૂપ છે. ઓંકાર, કૂટસ્થ, શાશ્વત, દિવ્ય એવું વિષ્ણુનું જે પરમ પદ છે તેને પ્રાપ્ત કરવા માટે આશ્ચર્યકારક પગથિયાં રૂપ છે, એમ વેદને ગાનારાઓ કહે છે. અન્તરના શત્રુઓ– અર્થાત્ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર આ શત્રુઓના વિજયનું વ્રત ધારણ કરનારા અને સંસારરૂપ બંધના નાશને માટે ધર્મ આચરણ કરનારા મુનિઓનો પરમ આધાર ઓંકાર છે, એમ તેને જાણનારા વિદ્વાનો કહે છે. તે ઓંકારને હું મારા અંતરનું અત્યંત દઢ બ્રહ્મરૂપ કવચ માનું છું. જે ઓંકાર જ્ઞાન અને વિજ્ઞાનરૂપી વૃક્ષનું શુભકારક અને સુગંધીવાળું ફૂલ છે. નક્ષત્રોમાં પણ શ્રેષ્ઠ નક્ષત્ર અને આત્માનું અમૃતમય ભોજન છે. ભિન્ન–ભિન્ન સંતાપોથી દુઃખી થયેલાનું જે ઓંકાર ઉત્તમ ઔષધ છે અને બ્રહ્મવાદીઓના પાપસમૂહને ભસ્મ કરવા (બાળવા) માટે બ્રહ્માસ્ત્ર છે. જે ઓંકાર સર્વદેવ સ્વરૂપ છે, રસાયનના એક તત્ત્વ (સ્વરૂપ) રૂપ છે, વધારે કહેવાથી શું ? એમ વિચારો કે :– ત્રણે લોકમાં જે કંઈ છે તેને ચારે તરફથી આવરી લઈને (ઢાંકી) રહેનારા પ્રણવ (ઓંકાર) નું ધ્યાન કરતાં મનુષ્ય બ્રહ્મભાવને પ્રાપ્ત કરે છે–બ્રહ્મ સ્વરૂપ બને છે. શાંતચિત્તયુકત એકાંતમાં રહેલો મનુષ્ય સાવધાન ચિત્તથી પ્રાતઃકાળમાં આ ઓંકારના માહાત્મ્યને ભણે અને ગુરુના બતાવેલા માર્ગ વડે બ્રહ્મના માર્ગે જતાં અર્થાનુસંધાનપૂર્વક પ્રણવ (ઓંકાર)નો જપ હમેશાં કરે, તો ઉત્તરોત્તર (ક્રમશઃ) ઊંચામાં ઊંચું સ્થાન પામીને શ્રેષ્ઠ અક્ષર, અમૃતમય અને દિવ્ય પદને મેળવીને આનંદમય રહે છે. ઓંકારની ઉપાસના માટે આ કોઈપણ પ્રકારના કાંટા–વિઘ્ન વગરનો સરલ માર્ગ છે; એટલા જ માટે બધા સારા સંપ્રદાયોએ તેનો આદર કર્યો છે. મહાપુરુષો તેનો આદર કરે છે.[૩૯]

## (૨૧) અન્ય :

લેખક જગદીશભાઈ દવેએ 'ૐ તત્ત્વ પ્રકાશ' નામના પુસ્તકમાં અનાદિકાળથી વિશ્વવ્યાપી અનાહતનાદના પ્રતીકરૂપે રહેલ 'પ્રણવ' નું અવલંબન લઈને જીવનમુકત થવાના સરળ માર્ગોનું નિરૂપણ કર્યું છે.[૪૦]

શ્રી અચલારામજી મહારાજ નિર્ગુણ બ્રહ્મોપાસના વર્ણવતાં બ્રહ્મનું ૐકાર મુખ્ય નામ છે, બધું જ ૐકારમય છે, ૐકારની ચાર માત્રાથી, ૐકારના ચિંતનથી થતી ફળપ્રાપ્તિ વગેરે બાબતોનું નિરૂપણ કર્યું છે.[૪૧]

લેખક શ્રી જયદયાલજી ગોયન્દકાએ નામનું માહાત્મ્ય વર્ણવતાં ઈશ્વરના અનેક નામો છે. પરંતુ અંતે તો તે એક જ પરમતત્ત્વની ઉપાસના છે. એ બાબત વર્ણવી વિશેષરૂપે ઓમ્‌નું મહત્ત્વ શાસ્ત્રોના ઉદાહરણ દ્વારા દર્શાવ્યું છે.[૪૨] ભજનાનંદે પણ ઓમ્‌નું મહત્ત્વ દર્શાવ્યું છે. (જુઓ : પરિશિષ્ટ – ૩) આ ઉપરાંત અનેક સાધુ–સંતો, બુદ્ધપુરુષ લેખક–કવિઓએ ઓમ્‌નો મહિમા ગાયો છે.

નિષ્કર્ષ એ છે કે, અનેક આધુનિક વિદ્વાનો, સંતો, સાધકો અને લેખકોએ ઓમ્‌નો મહિમા ગાયો છે. તે જોતાં જણાય છે કે, ઓમ્ પરબ્રહ્મનું સર્વશ્રેષ્ઠ પ્રતીક છે. ઓમ્ જ સર્વત્ર રહેલો છે. ભારતીય સંસ્કૃતિનો મૂળ શબ્દ છે, વ્યાવહારિક જીવનને પણ તેનાથી ઉત્તમ બનાવી શકાય છે, અનાહતનાદ ઓમ્ જેવો જ છે. આપણા વાસ્તવિક ચૈતન્યનો ધ્વનિ છે. ઓમ્‌ના અનેક અર્થો છે. તે અમરમંત્ર છે, સર્જનાત્મક શબ્દ છે, જીવનની ચાવી છે, સ્ફોટવાચક છે, સૌથી પવિત્ર છે, સર્વભાવ સૂચક પ્રતીક છે, ઓમ્ સર્વ–શકિતનો સંચાર છે, ભગવાનના હસ્તાક્ષર છે, દિનચર્યામાં પણ તેનું મહત્ત્વ છે, સર્વશ્રેષ્ઠ આલંબન છે, પ્રણવવાચક છે અને સૃષ્ટિમાં સર્વત્ર રહેલો છે. અનાહતશબ્દ જ પ્રણવધ્વનિ છે, સર્વ જગતનું કારણ છે, ૐ જ નાદ છે જેની અનુભૂતિ થતાં વાણીથી વર્ણવી શકાતી નથી, ૐકાર જ અશ્વત્થનું પાંદડું, કમળ, સુદર્શન ચક્ર, ડમરુ, મનુષ્ય આકૃતિ, પરબ્રહ્મની આદિ પ્રતિમા છે, ઓમ્‌થી જ અદ્‌ભૂત સુખ–શાંતિ પ્રાપ્ત કરી શકાય છે, ગાયત્રી મંત્રનો સાર ઓંકાર છે, બાળકનું રુદન ૐ છે, ૐ સોઽહમ્, હંસઃ સમાન મંત્ર છે, ૐ એ આત્માનું સંકેતરૂપ નામ છે, આ ૐકારનું ચિંતન કરવાથી જ અમરત્વ પ્રાપ્ત કરી શકાય છે, ૐકાર જ સર્વશ્રેષ્ઠ પ્રતીક છે, તેથી જ યાજ્ઞવલ્કયે ૐકારનું શ્રેષ્ઠત્ત્વ દર્શાવતાં કહ્યું છે કે,

"अद्रष्टाविग्रहो देवो भावग्राह्यो मनोमयः ।
तस्योंकार स्मृतो नाम तेनाहूतः प्रसीदति ।।"

## સંદર્ભ પ્રકરણ : ૨ – ૧૪ : આધુનિક વિદ્વાનો, સંતો, સાધકો અને લેખકોની દષ્ટિએ ઓમ્ :


૧. સાધનાના સોપાન પગથી (૧૨); પૃ. ૧–૧૧.

૨. શ્રી સદગુરૂ, શબ્દ સાધના, ખંડ–૧૨; પૃ. ૧૭૩–૧૮૦.

૩. મૌનમંદિરનો મર્મ; પૃ. ૧૦૪–૧૧૩.

૪. મૌનમંદિરનું હરિદ્વાર, શબ્દની શકિત; પૃ. ૩૦–૩૭.

૫. મૌનમંદિરનું હરિદ્વાર; પૃ. ૧૦૨–૧૦૫.

૬. મૌન એકાંતની કેડીએ, જપ એ જ યજ્ઞ; પૃ. ૬૬–૬૯.

૭. મૌનમંદિરમાં પ્રભુ, સંસ્કારની શકિત; પૃ. ૨૯–૩૮.

૮. બાળસંસ્કાર, ૐકારનું રહસ્ય; પૃ. ૩૩.

૯. શીઘ્ર ઈશ્વરપ્રાપ્તિ, વાહ ફકીરી; પૃ. ૪૯.

૧૦. साधना में सफलताः પૃ. ૧૮.

૧૧. ચિદાનંદ્મયી મા ગાયત્રી, હસ્તિપાદ સમાન ૐમાં સર્વ સમાયું; પૃ. ૧૬૬–૧૬૮.

૧૨. ચિદાનંદ્મયી મા ગાયત્રી, ૐકાર ઉપાસનાના અનુભૂત પ્રયોગો; પૃ. ૧૬૯–૧૭૪.

૧૩. ચિદાનંદ્મયીનો ચિદ્વિલાસ, પ્રણવમંત્રનો પ્રકાશ; પૃ. ૧૯૯–૨૧૪.

૧૪. ચિદાનંદ્મયીનો ચિદ્વિલાસ, ૐકારના અતુલિત મહિમા પર પ્રકાશ; પૃ. ૨૭૭–૨૮૦.

૧૫. એક ઉપનિષદ લેબનોનનું, સં. રજનીકાંત મારૂ; પૃ. ૧૪.

૧૬. એક ઉપનિષદ લેબનોનનું, સર્જનાત્મક શબ્દ; પૃ. ૧૫–૧૬.

૧૭. એક ઉપનિષદ લેબનોનનું, પ્રાર્થના; પૃ. ૨૭.

૧૮. ભકિતયોગ, શબ્દ અને જ્ઞાન, ૐ; પૃ. ૩૦–૩૩.

૧૯. શ્રી રામકૃષ્ણ પરમજ્યોત, એપ્રિલ–૨૦૦૩; પૃ. ૧૯.

૨૦. સહજ સત્સંગ, અંક–૧૪૩, નવેમ્બર–૨૦૦૦, ધ્યાનમંત્ર; પૃ. ૨૯.

૨૧. સહજ સત્સંગ, અંક–૧૪૩, નવેમ્બર–૨૦૦૦, ધ્યાનમંત્ર; પૃ. ૩૧–૩૩.

૨૨. भारतीय सांस्कृतिक मूलतत्त्व, डॉ. शिवदास टिप्पणी; पृ. १०२.

૨૩. નામમાળા – ૧, ૐ; પૃ. ૧૦.

૨૪. વાર્તાલાપ; પૃ. ૧૮૦–૧૮૩.

૨૫. સત્યાર્થ પ્રકાશ, પ્રથમ ઉલ્લાસ; પૃ. ૧–૧૮.

૨૬. ઋગ્વેદાદિભાષ્ય ભૂમિકા; પૃ. ૧૨૨.

૨૭. અવધૂત મસ્તી–૧; પૃ. ૩૮–૪૨.

૨૮. અવધૂત મસ્તી–૨; પૃ. ૩૨–૪૦.

૨૯. ફૂલછાબ, તા. ૧૮–૮–૨૦૦૩, આજનું ચિંતન; પૃ. ૪.

૩૦. પ્રવીણ સાગર, લહેર ૮૦ મી; પૃ. ૮૩૬–૮૩૭.

૩૧. रसनायां तु यासीना, वृत्त मानेन ग्रंथिता ।
यया प्रकाशिताः शब्दाः, शारदायै नमोस्तुते ॥
प्रणवो यस्य प्राणः स्याद्वर्णा यस्य च विग्रहाः ।
व्यापितः सर्वभूतेषु, शब्द ब्रह्मनमोस्तुते ॥
प्रणवो विस्तरः प्रायो, द्विपंचाशत्समाह्वयः ।
द्वादशास्तस्य चोच्चारा, ह्रस्वदीर्घस्वरान्विताः ॥
सा वर्णमात्रिका यत्र, भिन्ना भिन्ना च योजिता ।
यद्रूपं तत्र व्याप्नोति, तेनेदे व्यापितं जगत् ॥

પ્રવીણ સાગર, ૧૭–૨૦; પૃ. ૭૧૮.

૩૨. સાધના અને સાક્ષાત્કાર, ષડચક્રભેદન; પૃ. ૧૦૦–૧૦૯.

૩૩. ભક્તિ પદારથ, પૂજા એક રહસ્યપૂર્ણ સાધન; પૃ. ૧૫૯–૧૭૧

૩૪. ભક્તિ પદારથ, જપ સાધન; પૃ. ૧૭૨–૧૮૯.

૩૫. વિશ્વ કલ્યાણ, દ્વિતીય વર્ષ, નવેમ્બર–૧૯૫૩, અંક : ૧૨; પૃ. ૩૨૭–૩૩૦.

૩૬. आत्मधर्म; पृ. ४९-५५.

૩૭. कल्याण, १९६४, वर्ष-३८, अगस्त, ॐ क्या हैं ? पृ. १०८२-१०८४ ।

૩૮. શ્રી યોગ કૌસ્તુભ, જપ; પૃ. ૧૫૮–૧૬૧, ૨૩૫.

૩૯. स्वाध्याय सुधा, पृ. १०८-११० ।

૪૦. ૐ તત્ત્વપ્રકાશ, જગદીશભાઈ દવે.

૪૧. હિન્દૂ ધર્મ રહસ્ય; પૃ. ૭૯–૮૦, પૃ. ૧૪૦–૧૪૩.

૪૨. कल्याण, १९५४, वर्ष-२८, अप्रैल; पृ. ९३७-९३८ ।

# પ્રકરણ : ૨–૧૫ : ઓમ્ એક વૈશ્વિક પ્રતીક

ઓમ્ ભારતીય સંસ્કૃતિનું સર્વશ્રેષ્ઠ પ્રતીક છે, પરબ્રહ્મનું વાચક છે, ઓમ્ શબ્દબ્રહ્મ છે, સર્વ વિચારોનું સ્ફૂરિકરણ અને શબ્દ પ્રગટીકરણ ઓમ્માંથી જ ઉદ્ભવિત થાય છે, ઓમ્ એ જ શાશ્વત પરબ્રહ્મ છે, વિશ્વની સકળ અને ચેતનામયી લીલા – આકાર એ સ્વરૂપોનું પ્રાગટય થાય છે, તે સર્વમાં ઓમ્ આગવું વ્યકિતત્ત્વ ધરાવે છે. પ્રત્યેક વસ્તુના નામ રૂપ, ગુણ અને વિચાર વગેરેના હાર્દનું મૂળ બીજ ઓમ્ છે. તેથી જ ઓમ્કારના ઉચ્ચારણનું મહત્ત્વ પણ રહેલું છે. વિવેચક સ્વ. જમિયતરામ નરભેરામ અધ્વર્યુ કહે છે કે, 'ૐ એ કાંઈ બ્રહ્મ નથી પણ બ્રહ્મનું પ્રતીક છે. દયાનંદ સરસ્વતી કહે છે કે, ओ३म् આ ઓંકાર શબ્દ પરમેશ્વરનું સર્વોત્તમ નામ છે. ઓમ્ના અનેક અર્થો પ્રાપ્ત થાય છે. જેમ કે, પ્રણવ, ઉદ્ગીથ, રામ, શિવ, શૂન્ય, ગણેશ, સ્વસ્તિક, ત્રિશૂળ, બિંદુ, ત્રિપુંડ્ર, સીતા, ઉમા, નારાયણ, ગાયત્રી, હું, સોડહમ્, નમસ્કાર મહામંત્ર, બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ, હાજી, અનુકૂળ થવું, અજપા સ્મરણ, સત્, ચિત્ અને આનંદ, ગાયત્રી, સરસ્વતી, સાવિત્રી, એકાક્ષરબ્રહ્મ, ઓમ્કાર, સંસ્કૃતિનો મૂળશબ્દ, હસ્તાક્ષર, બધા અવાજોનું મૂળ, શ્રી, સર્વભાવ સૂચક. વિવિધ સંજ્ઞાઓ જેમ કે, કમલ, તેજસ, ભકિત, વિનય પ્રણવ, બ્રહ્મ, પ્રદીપ, વેદ, અગ્નિ, ધ્રુવ, ધ્રુઃ વગેરે. વિવિધ દેવો જેમ કે, બ્રહ્મા, વિષ્ણુ, શિવ, દેવ, ગણેશ, ઈન્દ્ર, સૂર્ય, ચન્દ્ર, તારક. વિવિધ અર્થો, શબ્દબ્રહ્મ, નાદબ્રહ્મ, અમરતા, સ્પંદન, અવાજ, મહામંત્ર, અક્ષરબ્રહ્મ, અમરઅક્ષર, ગૂઢઅક્ષર વગેરે પ્રાપ્ત થાય છે. ઓમ્ ઈશ્વરનું પ્રતીક છે. ઈશ્વરને અથવા પરબ્રહ્મને જે નામથી બોલવવામાં આવે છે તે નામથી જવાબ આપે છે. તેથી તો કહ્યું છે કે,

"બનામે આં કિ ઉ નામે નદારદ
બહર નામે કિ ખ઼્વાની સર બર આરદ."

અર્થાત્ તેનું કોઈ નામ છે નહીં, પરંતુ તેને જે નામથી પણ બોલાવો તે મસ્તક ઉંચું કરીને જવાબ આપે છે. ઓમ્ પણ પરબ્રહ્મનું પ્રતીક છે અને ઓમ્ના પણ અનેક અર્થો પ્રાપ્ત થાય છે.

પરબ્રહ્મને કોઈપણ નામથી બોલાવી શકાય છે. સાધક જ્યારે ગુપ્ત અને અવ્યકતને કોઈપણ નામથી સંબોધે છે ત્યારે એ અવ્યકત પ્રકટ થઈને વ્યકતબની જાય છે. તેથી જ રામચરિત માનસમાં કહ્યું છે કે :

"समुझत सरिस नाम अरु नामी ।
प्रीती परस्पर प्रभु अनुगामी ।।

नामरुप दुइ ईस उपाधी ।
अकथ अनादि सुसमुझि साधी ॥
को बड़ छोट कहत अपराधू ।
सुनि गुन भेद समुझिहहिं साधू ॥
देखिअहिं रामनाम आधीना ।
रुप ज्ञान नहिं नाम विहीना ॥
रुप विशेष नाम बिनु जाने ।
करतलगत न परहिं पहेचाने ॥
नाम रुप गति अकथ कहानी ।
समुझत सुखद न परति बखानी ॥
अगुन सगुन बिच नाम सुसाखी ।
उभय प्रबोधक चतुर दुभाखी ॥

વેદમાં અક્ષરબ્રહ્મની ચમત્કૃતિ છે, જેનાથી સૃષ્ટિ ઉત્પન્ન થઈ છે. ઈશ્વર સૌથી મોટો છે અને તેનું નિજીનામ ઓમ્ છે. ઓમ્‌નો ખૂબ મહિમા છે, તેને જાણનાર જ મોક્ષને પામે છે, બ્રહ્માએ સૌપ્રથમ જ ૐકારાત્મક વેદનું ધ્યાન કર્યું છે, વાણી પણ પ્રણવ સ્વરૂપ જ છે.

વેદમાં સ્વસ્તિ, અક્ષરબ્રહ્મ, વાણી વગેરે દ્વારા ઓમ્‌નો મહિમા સ્પષ્ટ થાય છે.

બ્રાહ્મણગ્રંથોમાં ઓમ્‌નું સ્પષ્ટ નિરૂપણ કરવામાં આવ્યું છે. ઐતરેયબ્રાહ્મણમાં પ્રણવરૂપ ઓંકારનું વર્ણન છે; શતપથબ્રાહ્મણમાં ઓંકારની ઉપાસનાનું મહત્ત્વ રજૂ થયું છે; તૈત્તિરીયબ્રાહ્મણમાં ઓંકારનું વર્ણન છે; તાંડયબ્રાહ્મણમાં ઓંકારના સાકાર અને નિરાકાર બન્ને રૂપો વર્ણવાયા છે; ષડ્‌વિંશબ્રાહ્મણમાં ઓમ્‌નું મહત્ત્વ રજૂ થયું છે; સામવિધાનબ્રાહ્મણમાં ઓમ્ અને સ્વસ્તિનું મહત્ત્વ રજૂ થયું છે; આર્ષેયબ્રાહ્મણમાં ત્રય દ્વારા ઓમ્‌નો ઉલ્લેખ થયેલો જણાય છે; દેવતાધ્યાયબ્રાહ્મણમાં વામદેવ, ઉદ્‌ગીથ, ગાયત્રી, વેદ, સ્વસ્તિ અને સત્યનો ઉલ્લેખ થયેલો છે; જૈમિનીયોપનિષદ્‌બ્રાહ્મણમાં ઓમ્‌નું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે; સંહિતોપનિષદ્‌બ્રાહ્મણમાં ગાનવિદ્યામાં ઓમ્‌નું મહત્ત્વ રજૂ થયું છે; વંશબ્રાહ્મણમાં સ્વસ્તિ, ઓંકાર વગેરેનો ઉલ્લેખ છે; જૈમિનીયાર્ષેયબ્રાહ્મણમાં ઓમ્‌નો ઉલ્લેખ થયેલો છે; ગોપથબ્રાહ્મણમાં ઓમ્‌નું વિસ્તૃત વર્ણન પ્રાપ્ત થાય છે.

આરણ્યકોમાં પણ ઓમ્‌નું વિસ્તૃત નિરૂપણ પ્રાપ્ત થાય છે. ઓમ્‌નો વિશેષ મહિમા રજૂ થયો છે.

પ્રાતિશાખ્યોમાં પણ ઓમ્‌નું સ્પષ્ટ સ્વરૂપ પ્રાપ્ત થાય છે.

મુખ્ય ઉપનિષદ્દોમાં પણ ઓંકારનું વિશેષ મહત્ત્વ દર્શાવાયું છે; ઐતરેયોપનિષદ્‌માં વામ, સત્યનો ઉલ્લેખ થયેલો છે; ઈશોપનિષદ્‌માં ઓમ્‌ના ઉચ્ચારણનું મહત્ત્વ રજૂ થયું છે તેમજ પૂર્ણતાનું મહત્ત્વ પણ રજૂ થયું છ; બૃહદારણ્યકોપનિષદ્‌માં ઉદ્‌ગીથરૂપ ઓમ્‌નું વર્ણન છે; કઠોપનિષદ્‌માં ઓમ્ ધ્યાનના સાધન અને સાધ્યને એકરૂપ બનાવે છે, ઓમ્ આધ્યાત્મિક જીવનનું સાધન અને પ્રતીક છે. ઓમ્‌ને સર્વશ્રેષ્ઠ આલંબન કહ્યું છે; તૈત્તિરીયોપનિષદ્‌માં ૐકારને જ બ્રહ્મનો વાચક કહ્યો છે; શ્વેતાશ્વેતરોપનિષદ્‌માં પ્રણવરૂપ ૐકારનું વર્ણન છે; કૈવલ્યોપનિષદ્‌માં પણ ૐનું વર્ણન કરાયું છે; કેનોપનિષદ્‌માં પણ ઓમ્‌નું વર્ણન પ્રાપ્ત થાય છે; છાંદોગ્યોપનિષદ્‌માં ઓમ્‌નું વિસ્તૃત વર્ણન છે, ઉદ્‌ગીથરૂપ ઓમ્‌નું વર્ણન છે, ઓમ્‌ની ઉપાસના દ્વારા થતી ફળપ્રાપ્તિ વર્ણવી છે; પ્રશ્નોપનિષદ્‌માં ૐકાર વડે જ પરબ્રહ્મની પ્રાપ્તિ વર્ણવી છે; મુંડકોપનિષદ્‌માં પણ પ્રણવરૂપ ૐકાર વડે જ પરબ્રહ્મને પ્રાપ્ત કરી શકાય છે તે બાબત વર્ણવી છે; માંડૂકયોપનિષદ્‌માં ઓંકારનું ખૂબ જ વિસ્તૃત વર્ણન છે, આત્મા અને ઓંકારને એકરૂપ વર્ણવ્યાં છે.

આમ, ઉપનિષદ્દોમાં ૐકાર દ્વારા ધ્યાનના પ્રભાવનું મહત્ત્વ દર્શાવવામાં આવ્યું છે. મુખ્ય ઉપનિષદ્દોમાં ઓમ્‌નું ખૂબ જ મહત્ત્વનું સ્થાન રહ્યું છે.

મુખ્ય ઉપનિષદોની જેમ અન્ય ગૌણ ઉપનિષદોમાં પણ ઓમ્‌નું મહત્ત્વ રજૂ થયું છે. અક્ષમાલિકોપનિષદ્‌માં ઓમ્‌ના ઉચ્ચારણનું મહત્ત્વ રજૂ થયું છે; ત્રિપુરોપનિષદ્‌માં ઓમ્‌નો ચૈતન્ય શકિતરૂપે ઉલ્લેખ છે; બહવૃચોપનિષદ્‌માં વાણીને પ્રણવવાચી કહી છે; આત્મબોધોપનિષદ્‌માં પ્રણવરૂપ ૐકાર સ્વરૂપ છે, નારાયણ પણ ૐકાર સ્વરૂપ જણાય છે; નાદબિંદૂપનિષદ્‌માં ૐકારનું સ્વરૂપ, ૐકારની માત્રાઓ, નાદ અને નાદના પ્રકારો, નાદાનુસંધાન વગેરે બાબતો વર્ણવી છે, પરબ્રહ્મનું સ્વરૂપ ૐકાર છે – નાદ છે; અદ્વયતારકોપનિષદ્‌માં તારક સ્વરૂપ ઓંકારનું મહત્ત્વ વર્ણવાયું છે, તારક વડે બ્રહ્મ–પ્રાપ્તિ વર્ણવી છે; તુરીયાતીતોપનિષદ્‌માં પ્રણવની ઉપાસના કરનાર પરબ્રહ્મને પામી શકે છે, તેથી પ્રણવ જ પરબ્રહ્મનું સર્વશ્રેષ્ઠ પ્રતીક છે; યાજ્ઞવલ્કયોપનિષદ્‌માં ૐકારની કમળ સાથે સરખામણી કરવામાં આવી છે તેમજ ૐકારના જપનું મહત્ત્વ રજૂ થયું છે; શાટયાયનીયોપનિષદ્‌માં ૐકારને જ્ઞાનયજ્ઞ કહેવામાં આવેલું છે; મંડલબ્રાહ્મણોપનિષદ્‌માં પણ ૐકારનું વર્ણન છે; હંસોપનિષદ્‌માં ૐકાર દ્વારા પરબ્રહ્મને પામી શકાય છે, હંસ, સોડહમ્ પણ ૐકારના જ સ્વરૂપો છે, નાદ પણ ૐકારનું જ સ્વરૂપ છે, ૐકાર વડે જ પરબ્રહ્મને પ્રાપ્ત કરી શકાય છે; અક્ષ્યુપનિષદ્‌માં વાસુદેવ પ્રણવ ૐકાર છે; સમગ્ર વિશ્વ ૐકાર સ્વરૂપ છે તેથી

સાધકે ઓમનું સતત ચિંતન કરવું જોઈએ; કાલાગ્નિરુદ્રોપનિષદ્માં ત્રિપુંડ્ર એ પણ ઓમ્નું જ સ્વરૂપ જણાય છે. કારણ કે, તેમાં પણ ઓમ્ની ત્રણેય માત્રાઓનું ક્રમશઃ વર્ણન પ્રાપ્ત થાય છે; દક્ષિણામૂર્ત્યુપનિષદ્માં તાર અર્થાત્ ઓમ્ છે. ઓમ્ના ઉચ્ચારણથી અપાર આનંદની અનુભૂતિ થાય છે, તેથી વેદના આદિ અને અંતમાં ઓમ્નો ઉચ્ચાર કરવા જણાવ્યું છે, ઓમ્ના ઉચ્ચારણનું મહત્ત્વ રજૂ કરાયું છે; ધ્યાનબિંદૂપનિષદ્માં ૐકારનું સ્વરૂપ, તેની માત્રાઓ, યોગીઓને ૐકારના ધ્યાનથી થતી ફળ–પ્રાપ્તિ, નાદ વગેરે બાબતોનું ખૂબ વિસ્તારથી વર્ણન કરાયું છે, ૐ જ એકાક્ષર બ્રહ્મ છે અને તેની ઉપાસનાથી પરમપદની પ્રાપ્તિ થાય છે; નારાયણોપનિષદ્માં પ્રણવ સ્વરૂપ ૐકાર અને નારાયણનું ઐકય તેમજ તેની ઉપાસનાથી થતી ફળ–પ્રાપ્તિ વર્ણવી છે, બ્રહ્મપુરુષ નારાયણને જ પ્રણવરૂપ કહ્યા છે; પ્રાણાગ્નિહોત્રોપનિષદ્ યજ્ઞ, બ્રહ્મા, રુદ્ર, વિષ્ણુ, વષટ્કાર, આપ, જયોતિ, રસ, અમૃત, બ્રહ્મ, ત્રણ વ્યાહૃતિઓ, ૐકાર જ પરબ્રહ્મ છે; રુદ્રહૃદયોપનિષદ્માં પ્રણવથી જ મોક્ષ પ્રાપ્તિ થઈ શકે છે, સાધક પ્રણવ વડે જ બ્રહ્મને પામી શકે છે; સરસ્વતીરહસ્યોપનિષદ્માં પ્રણવનું મહત્ત્વ અને વાણીના પ્રકારો રજૂ થયા છે; ક્ષુરિકોપનિષદ્માં યોગીઓ માટે ૐકાર શ્રેષ્ઠ પ્રતીક છે, જેના દ્વારાં જ મોક્ષ પ્રાપ્ત થાય છે; બ્રહ્મબિંદૂપનિષદ્માં શબ્દ બ્રહ્મનું મહત્ત્વ રજૂ થયું છે, શબ્દ બ્રહ્મ અર્થાત્ ૐકારને જાણવાથી જ પરબ્રહ્મની પ્રાપ્તિ થઈ શકે છે; બ્રહ્મવિદ્યોપનિષદ્માં ૐકારનું સ્વરૂપ, માત્રાઓ, ૐકારની સાધના, હંસ, સોઽહંના જપનું મહત્ત્વ વગેરે બાબતો વિસ્તારથી વર્ણવાયેલી છે, ઓમ્ને સાંભળવવાથી મન તેમાં જ લીન થઈ જાય છે તેમ કહ્યું છે; યોગતત્ત્વોપનિષદ્માં ૐકારનું વર્ણન છે; અમૃતનાદોપનિષદ્માં પ્રણવ એ શ્રેષ્ઠ અક્ષર છે અને પ્રણવના સતત અભ્યાસથી પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે; એકાક્ષરોપનિષદ્માં અક્ષર, એકાક્ષર, પરબ્રહ્મનું જ સ્વરૂપ છે જે ઓમ્નું પણ સ્વરૂપ જ કહી શકાય; મહોપનિષદ્માં ૐકાર પરમ પ્રકાશરૂપ છે, પ્રણવના જપ અને પ્રાણાયામમાં તેનું વિશેષ મહત્ત્વ છે; યોગચૂડામણિપનિષદ્માં ૐકારનું વર્ણન છે; રુદ્રજાબાલોપનિષદ્માં ૐને સત્યરૂપે વર્ણવ્યું છે; આરણ્યુપનિષદ્માં ૐના ઉચ્ચારણનું મહત્ત્વ અને ૐના અધ્યયનથી જગતના બંધનોથી મુકિત મળે છે; જાબાલદર્શનોપનિષદ્માં પ્રણવ જપનું મહત્ત્વ અને તેના ફાયદાઓ વર્ણવાયાં છે; જાબાલ્યુપનિષદ્માં ત્રિપુંડ્ર પણ ઓંકાર સ્વરૂપ જણાય છે, કેમ કે, ત્રિપુંડ્રમાં પણ ૐકારની ત્રણ માત્રાઓ રહેલી છે; મૈત્રય્યુપનિષદ્માં 'હું' સ્વરૂપે ઓમ્નું વર્ણન છે; સંન્યાસોપનિષદ્માં ૐકારના જપનું મહત્ત્વ દર્શાવ્યું છે; મૈત્રાણ્યુપનિષદ્માં ૐકારનું વર્ણન છે; ગણપત્યુપનિષદ્માં ઓંકાર જ પાંચ ભૂતોરૂપ, ચાર વાણીરૂપ, ત્રણ કાળરૂપ, ત્રણ શરીરરૂપ, ત્રણ શકિતરૂપ, બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર, અગ્નિ, વાયુ, સૂર્ય, ચંદ્રમા, ત્રણ વ્યાહૃતિઓરૂપ સ્વયં પરબ્રહ્મવાચક છે; ગરુડોપનિષદ્માં યોગીને માટે પ્રણવરૂપ ઓંકારનું મહત્ત્વ દર્શાવાયું છે; ગોપાલપૂર્વતાપિન્યુપનિષદ્માં ઓમ્ના જપનું મહત્ત્વ વર્ણવાયું છે. કારણ કે, તેના વડે જ આત્મ–જ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે, તેના વડે જ મોક્ષ પ્રાપ્ત કરી શકાય છે, ૐ ને જ સત્ય કહ્યું છે; દેવ્યુપનિષદ્માં

એકાક્ષર મંત્રનું યોગીઓ માટેનું મહત્ત્વ વર્ણવાયું છે; નૃસિંહપૂર્વતાપિન્યુપનિષદ્‌માં પ્રણવનું સ્વરૂપ, ચાર માત્રાઓનું વર્ણન, તેનાથી થતી ફળ–પ્રાપ્તિ વર્ણવી છે, મંત્રરાજ ગાયત્રીનું પણ અંગ કહેવામાં આવ્યું છે, સ્ત્રી–શૂદ્ર અનધિકારીને ઉપદેશ ન આપવા જણાવ્યું છે. અહીં સ્ત્રી–શૂદ્રનો અર્થ અમુક મર્યાદિત અનધિકારી લોકો માટે હશે તેમ જણાય છે; પાશુપતબ્રહ્મોપનિષદ્‌માં ‘હંસ સોઽહમ્’ પ્રણવ સ્વરૂપ છે, હંસ એજ રુદ્ર અને પશુપતિ પ્રણવ સ્વરૂપ છે; રામપૂર્વતાપિન્યુપનિષદ્‌માં ૐકારરૂપ શ્રીરામને નમસ્કાર કરવામાં આવ્યા છે, આમ, ૐકારરૂપ શ્રીરામ છે; સીતોપનિષદ્‌માં સીતાજીમાંથી ઓંકાર ઉત્પન્ન થયો છે, તેથી સીતાજીનું સ્વરૂપ ઓંકારરૂપ જણાય છે; સૂર્યોપનિષદ્‌માં પરબ્રહ્મ, ૐકાર, પ્રણવ, તારક, રુદ્ર, ઈશાન, શિવ, મહેશ્વર, વગેરે એક જ જણાય છે, ઓમ્‌ની ચાર માત્રાઓ અને તેની ઉપાસનાથી થતી ફળ–પ્રાપ્તિ વર્ણવાયેલી છે; અથર્વશિરોપનિષદ્‌માં ૐકારનું વર્ણન છે; નારદપરિવ્રાજકોપનિષદ્‌માં યોગીઓ માટે ૐકારના ઉચ્ચારણનું મહત્ત્વ વર્ણવાયું છે; પરબ્રહ્મોપનિષદ્‌માં યોગીઓ માટે ૐકારના ઉચ્ચારણનું મહત્ત્વ વર્ણવાયું છે; પરબ્રહ્મોપનિષદ્‌માં યજ્ઞોપવીતને ૐકારસ્વરૂપ વર્ણવ્યું છે; પરમહંસપરિવ્રાજકોપનિષદ્‌માં બ્રહ્મ પ્રણવ ષોડશમાત્રાત્મક છે અને પ્રણવની ઉપાસનાથી જ પરમપદની પ્રાપ્તિ થાય છે; શાંડિલ્યોપનિષદ્‌માં સંપૂર્ણનું કારણ એકાક્ષર સ્વરૂપ પરમ જ્યોતિ ઓમ્ છે, જે ધ્યાનમાં પણ ૐકારનું ખૂબ મહત્ત્વ છે એ બાબત રજૂ કરાયેલી છે; ગાયત્રીરહસ્યોપનિષદ્‌માં પૌરાણિક કથા દ્વારા ઓંકારની ઉત્પત્તિ વર્ણવાયેલી છે; દ્વયોપનિષદ્‌માં બ્રહ્મની પ્રથમ અભિવ્યકિત અક્ષર અને નારાયણ છે, અક્ષરબ્રહ્મ ૐકાર જ છે; પ્રણવોપનિષદ્‌માં ૐકારનું સ્વરૂપ, ૐકારની માત્રાઓ, ૐકારથી થતી ફળ–પ્રાપ્તિ વિસ્તૃત વર્ણવાયેલી છે, ઓમ્ જ સર્વશ્રેષ્ઠ પ્રતીક છે, જેનાથી અમરત્વ પામી શકાય છે.

આમ અન્ય ગૌણ ઉપનિષદોમાં ૐકાર સર્વશ્રેષ્ઠ પ્રતીક છે.

શ્રૌતસૂત્રોમાં પણ પ્રણવનું મહત્ત્વ રજૂ થયું છે. પ્રાતિશાખ્યોમાં ૐકારનું વર્ણન પ્રાપ્ત થાય છે.

